ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# અષ્ટપાહુડ પ્રવચન

## (ભાગ-૭)

( પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
લિંગપાહુડ તથા શીલપાહુડ ઉપરના ધારાવાહી પ્રવચનો )

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૭ | ૨૫૪૩ | ૨૦૭૩ | ૨૦૧૭ |

પ્રકાશન
તા. ૯-૮-૨૦૧૭, શ્રાવણ વદ-૨
પૂજ્ય બહેનશ્રીની ૧૦૪મી જન્મ જયંતિ


- શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ. ફોન : ૦૨૮૪૬/૨૪૪૩૫૮
- શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
  ૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
  વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬
  ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦
- શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
  યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
  નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭.
  ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૯
- શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ
  વિમલાંચલ, હરિનગર, અલીગઢ (યુ.પી.)
  ફોન : (૦૫૭૧) ૨૪૧૦૦૧૦/૧૧/૧૨


લેસર ટાઈપ સેટિંગ :-
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :-
અજય ઓફસેટ
અમદાવાદ
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રસ્તાવના

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીર પરમાત્માનું વર્તમાન શાસન પ્રવર્તી રહ્યું છે. તેઓશ્રીની દિવ્યધ્વનિ દ્વારા પ્રકાશિત મોક્ષમાર્ગ, પરંપરામાં થયેલા અનેક આચાર્ય ભગવંતો દ્વારા આજે પણ વિદ્યમાન છે. શ્રી ગૌતમ ગણધર બાદ અનેક આચાર્યો થયા તેમાં શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવનું સ્થાન શ્રી મહાવીરસ્વામી પછી ત્રીજા સ્થાને આવે છે તે જગતવિદિત છે.

શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્ય વિક્રમ સંવત ૪૯માં લગભગ થયા છે. તેઓશ્રીએ સ્વયંની ઋદ્ધિ દ્વારા વર્તમાન વિદેહક્ષેત્રે પ્રત્યક્ષ બિરાજમાન શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં આઠ દિવસ રહી દિવ્યદેશના ગ્રહણ કરી, ત્યાંથી આવીને તેમણે અનેક મહાન પરમાગમોની રચના કરી. તેમાં અષ્ટ પ્રાભૃત ગ્રંથનો પણ સમાવેશ થાય છે. આચાર્ય ભગવંતની પવિત્ર પરિણતિના દર્શન તેઓશ્રીની પ્રત્યેક કૃતિઓમાં થાય છે. ભવ્યજીવો ઉપર નિષ્કારણ કરુણા કરી તેમણે મોક્ષમાર્ગનું અંતર-બાહ્ય સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. આચાર્ય ભગવંતે મોક્ષમાર્ગને થંભાવી રાખ્યો છે એ કથન ખરેખર સત્ય પ્રતીત થાય છે.

ચતુર્થ ગુણસ્થાનથી ચૌદ ગુણસ્થાન પર્યંત અંતરંગ મોક્ષમાર્ગ સાથે વર્તતા વિકલ્પની મર્યાદા કેટલી અને કેવી હોય તે તેઓશ્રીએ સ્પષ્ટ કર્યું છે. આમ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ સ્પષ્ટ કરી અનેક પ્રકારના વિપરીત અભિપ્રાયોમાંથી મુમુક્ષુજીવોને તાર્યા છે. અષ્ટ પ્રાભૃત ગ્રંથમાં મુખ્યત્વે નિર્ગ્રંથ મુનિદશા કેવી હોય અને સાથે કેટલી મર્યાદામાં એ ગુણસ્થાનમાં વિકલ્પની સ્થિતિ હોય છે તે સ્પષ્ટ કર્યું છે.

વર્તમાનમાં દિગંબર સાહિત્ય તો હતું જ પરંતુ સાહિત્યમાં નિહિત મોક્ષમાર્ગનું સ્વરૂપ જો આ કાળમાં કોઈ દિવ્ય શક્તિધારક મહાપુરુષે પ્રકાશિત કર્યું હોય તો તે છે-કાનજીસ્વામી. પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રમાં નિહિત મોક્ષમાર્ગને સ્વયંની દિવ્ય શ્રુતની લબ્ધિ દ્વારા સમાજમાં નિર્ભિકતાથી ઉદ્‌ઘાટન કર્યો. શાસ્ત્રમાં મોક્ષમાર્ગનું રહસ્ય તો પ્રરૂપિત હતું જ પરંતુ આ કાળના અચંબા સમાન પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય ભગવતી પ્રજ્ઞાએ તે રહસ્યને ખુલ્લું કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીનો અસિમ ઉપકાર આજે તો ગવાય છે પરંતુ પંચમકાળના અંત સુધી ગવાશે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા અનેક પરમાગમો ઉપર વિસ્તૃત પ્રવચનો થયા છે. તેમાં અષ્ટ પ્રાભૃતનો પણ સમાવેશ થાય છે. પ્રસ્તુત પ્રવચનો પ્રકાશિત થાય તેવી ભાવના મુમુક્ષુ સમાજમાંથી વ્યક્ત થતાં શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા આ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનો સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો. તદ્નુસાર આ પ્રવચનો સાત ભાગમાં પ્રકાશિત થશે. સાતમા ભાગમાં લિંગપાહુડની ૨૨ ગાથા તથા શિલપાહુડની ૪૦ ગાથા ઉપરના પ્રવચનો છે.

લિંગપાહુડમાં જે જીવ મુનિનું બાહ્યલિંગ ધારણ કરીને અતિ ભ્રષ્ટાચારથી આચરણ કરે છે તેનું અત્યંત નિકૃષ્ટપણું અને નિંદ્યપણું આ પ્રાભૃતમાં દર્શાવવામાં આવ્યું છે.

શીલપ્રાભૃતમાં સમ્યગ્જ્ઞાન વિના જે ક્યાર નથી હોતું એવા શીલના તત્ત્વજ્ઞાન ગંભીર સુમધુર ગુણગાન આ પ્રાભૃતમાં જિનવચન અનુસાર ગાવામાં આવ્યા છે.

ઉપરોક્ત વિષયોની સંપૂર્ણ છણાવટ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક પડખાઓથી પ્રસ્તુત પ્રવચનોમાં કરેલ છે. આચાર્ય ભગવાનના હૃદયમાં પેસીને તેમના ભાવોને ખોલવાના અલૌકિક સામર્થ્યના દર્શન પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં થાય છે. સમ્યક્ત્વ સહિત ચારિત્રનું સ્વરૂપ કેવું હોય તેનું વિશદ્ વર્ણન પ્રસ્તુત પ્રવચનોમાં થયું છે.

આ પ્રવચનોને સી.ડી.માંથી સાંભળીને શબ્દશઃ તૈયાર કરવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારબાદ આ પ્રવચનોને ફરીવાર શ્રી મણીભાઈ ગાલા, દેવલાલી દ્વારા તપાસી જવામાં આવ્યા છે. ત્યારબાદ વાંચીને સંપૂર્ણ રીતે ચેક શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા કરવામાં આવ્યા છે. ઘણા પ્રવચનો બેટરીવાળા હોવાથી જ્યાં અવાજ બરાબર નથી સંભળાતો ત્યાં ડોટ કરીને છોડી દેવામાં આવ્યું છે. વાક્યરચના પૂર્ણ કરવા અર્થે કૌંસ પણ ભરવામાં આવેલ છે. પ્રવચનોને પુસ્તકારૂઢ કરવામાં જાગિતૃપૂર્વક ચીવટ રાખવામાં આવેલ છે તેમ છતાં ક્યાંય ક્ષતિ રહી જવા પામી હોય તો વાચકવર્ગને વિનંતી કે તેઓ જાણ કરે. જિનવાણીનું કાર્ય અતિ ગંભીર છે. તેથી ક્યાંય પ્રમાદવશ ક્ષતિ રહી હોય તો દેવ-શાસ્ત્ર-ગુરુની વિનમ્રતાપૂર્વક ક્ષમાયાચના કરીએ છીએ. પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં તથા પ્રશમમૂર્તિ ભગવતીમાતાના ચરણોમાં કોટિ કોટિ વંદના! તેઓશ્રીની સાતિશય દેશના જયવંત વર્તો! જયવંત વર્તો!

પ્રસ્તુત પુસ્તક **www.vitragvani.com** ઉપર મુકવામાં આવેલ છે.

અંતતઃ પ્રસ્તુત પ્રવચનોના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુજીવ આત્મહિત સાધે તેવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

લિ. ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
મુંબઈ

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણુ, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી. તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતા સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે :

'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની

હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદગાર નીકળે છે 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભુલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-

પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી

રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યેજ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫ મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા

અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષદેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યા, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ

પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો ! તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો ! સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો !

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧૭૫ | ૧૫-૦૧-૧૯૭૧ | ૬૧-૬૨, ૧-૨ | ૦૦૧ |
| ૧૭૬ | ૧૬-૦૧-૧૯૭૧ | ૨ થી ૬ | ૦૧૫ |
| ૧૭૭ | ૧૭-૦૧-૧૯૭૧ | ૭ થી ૯ | ૦૩૧ |
| ૧૭૮ | ૧૮-૦૧-૧૯૭૧ | ૧૦ થી ૧૪ | ૦૪૫ |
| ૧૭૯ | ૨૦-૦૧-૧૯૭૧ | ૧૫ થી ૨૨ | ૦૬૩ |
| ૧૮૦ | ૨૧-૦૧-૧૯૭૧ | ૧ - ૨ | ૦૮૪ |
| ૧૮૧ | ૨૨-૦૧-૧૯૭૧ | ૨ થી ૪ | ૦૯૭ |
| ૧૮૨ | ૨૩-૦૧-૧૯૭૧ | ૪ થી ૬ | ૧૧૦ |
| ૧૮૩ | ૨૪-૦૧-૧૯૭૧ | ૭ થી ૧૦ | ૧૨૪ |
| ૧૮૪ | ૨૫-૦૧-૧૯૭૧ | ૧૦ થી ૧૩ | ૧૩૭ |
| ૧૮૫ | ૨૭-૦૧-૧૯૭૧ | ૧૩ - ૧૪ | ૧૫૧ |
| ૧૮૬ | ૨૮-૦૧-૧૯૭૧ | ૧૫ થી ૧૮ | ૧૬૪ |
| ૧૮૭ | ૨૯-૦૧-૧૯૭૧ | ૧૯ - ૨૦ | ૧૭૮ |
| ૧૮૮ | ૩૦-૦૧-૧૯૭૧ | ૨૦ - ૨૧ | ૧૮૯ |
| ૧૮૯ | ૦૧-૦૨-૧૯૭૧ | ૨૨ થી ૨૪ | ૨૦૨ |
| ૧૯૦ | ૦૨-૦૨-૧૯૭૧ | ૨૪ થી ૨૬ | ૨૧૫ |
| ૧૯૧ | ૨૦-૦૨-૧૯૭૧ | ૨૭ થી ૨૯ | ૨૨૮ |
| ૧૯૨ | ૨૧-૦૨-૧૯૭૧ | ૨૯ થી ૩૧ | ૨૪૨ |
| ૧૯૩ | ૨૨-૦૨-૧૯૭૧ | ૩૨ - ૩૩ | ૨૪૯ |
| ૧૯૪ | ૨૩-૦૨-૧૯૭૧ | ૩૩ થી ૩૭ | ૨૬૧ |
| ૧૯૫ | ૨૪-૦૨-૧૯૭૧ | ૩૭ - ૩૮ | ૨૭૫ |
| ૧૯૬ | ૨૬-૦૨-૧૯૭૧ | ૩૮ થી ૪૦ | ૨૮૭ |

# શ્રી સદ્ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુકહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

ૐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી અષ્ટપાહુડ

# અષ્ટપાહુડ પ્રવચન

અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના

શ્રી 'અષ્ટપાહુડ' ઉપરના પ્રવચન)

(ભાગ-૭)

## પ્રવચન નં. ૧૭૫, ગાથા-૬૧-૬૨,૧-૨, શુક્રવાર, પોષ વદ ૪, તા.૧૫-૦૧-૭૧

'બોધપાહુડ'ની ૬૧મી ગાથા. **'આગે આચાર્ય ઈસ બોધપાહુડકા વર્ણન અપની બુદ્ધિકલ્પિત નહીં હૈ, કિંતુ પૂર્વાચાર્યોંકે અનુસાર કહા હૈ ઈસપ્રકાર કહતે હૈં :-'**

**सद्दवियारो हूओ भासासुत्तेसु जं जिणे कहियं।**

**सो तह कहियं णायं सीसेण य भद्दबाहुस्स।।६१।।**

કહે છે કે વાણી **'શબ્દકે વિકારસે ઉત્પન્ન હુએ...'** ભાષા જે છે એ શબ્દનો વિકાર છે. **'અક્ષરરૂપ પરિણમે ભાષાસૂત્રોંમેં...'** પરમાણુ છે ને જડ આ? એ શબ્દનો વિકાર છે. એનાથી ઉપજ્યા અક્ષર. અક્ષરરૂપ પરિણમી ભાષા. જડની અવસ્થા, હોં! ભાષા. ભાષાસૂત્રને વિષે એવા ભાષાસૂત્રમાં **'જિનદેવને કહા,...'** જિનદેવનું નિમિત્ત હતું. એ વાણીમાં જિનદેવે કહ્યુંનો અર્થ નિમિત્ત હતું. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં ત્રિકાળ જ્ઞાન, એવા જિનેશ્વરદેવની વાણીમાં એ પોતે જિનેશ્વરદેવ નિમિત્ત હતા. **'વહી શ્રવણમેં અક્ષરરૂપ આયા...'** સાંભળવામાં અક્ષરરૂપ આવ્યું છે.

**'ઔર જૈસા જિનદેવને કહા વૈસા હી પરંપરાસે ભદ્રબાહુનામક પંચમ શ્રુતકેવલીને જાના...'** 'ભદ્રબાહુ' પાંચમા (શ્રુત) કેવળી થઈ ગયા છે. શ્રુતકેવળી, હોં! કેવળી નહિ. એ શ્રુતકેવળીએ એમ જાણ્યું. 'મહાવીર' ભગવાનથી પરંપરાએ આવ્યું એ ભગવાન 'ભદ્રબાહુસ્વામી' એ જાણ્યું. **'અપને શિષ્ય વિશાખાચાર્ય આદિકો કહા.'** એમના શિષ્ય

'વિશાખાચાર્ય' છે એમને કહ્યું. **'વહ ઉન્હોંને જાના વહી અર્થરૂપ વિશાખાચાર્યકી પરંપરાસે ચલા આયા.'** પરંપરાથી આ ભાવ ચાલ્યો આવે છે. જુઓ! નિશ્ચયપ્રતિમા આત્મા, નિશ્ચયદેવ આત્મા, નિશ્ચયતીર્થ આત્મા એ વાત કહે છે, ઠેઠ ભગવાનની વાણીમાં આવ્યું, 'વિશાખાચાર્ય' સુધી પરંપરાએ આવ્યું. એનાથી અમને પરંપરા આવી છે, 'કુંદકુંદાચાર્ય' કહે છે. સમજાણું કાંઈ?

**'વિશાખાચાર્યકી પરંપરાસે ચલા આયા. વહી અર્થ આચાર્ય કહતે હૈં, હમને કહા હૈ, વહ હમારી બુદ્ધિસે કલ્પિત કરકે નહીં કહા ગયા હૈ,...'** અમે જે આ કહ્યું છે કે આત્મા એ આયતન-ધર્મનું સ્થાન છે. આનંદમૂર્તિ જ્ઞાયકભાવ એ જ આયતન-ધર્મનું સ્થાન છે. આ ધર્મનું સ્થાન આ છે એ તો બાહ્ય છે. આત્મા અખંડ આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એ જ જિનપ્રતિમા છે. એ જ જિનમુદ્રા છે. એવો પરંપરાનો માર્ગ ભગવાનની વાણીમાં આવ્યો હતો એ 'ભદ્રબાહુસ્વામી'એ પોતાના શિષ્યને આપ્યું. પરંપરાએ અમને મળ્યું. 'કુંદાકુંદાચાર્ય' કહે છે. અમારા ઘરની આ વાત નથી.

**'ઈસપ્રકાર અભિપ્રાય હૈ.'** લ્યો! એવો અભિપ્રાય છે આમાં. કેટલાકને આ નિશ્ચય છે એ વાત બરાબર લાગે પણ પાછો ઓલો વ્યવહાર છે એ ઉડાવે. એમ નથી. નિશ્ચયથી જિનપ્રતિમા આત્મા છે. નિર્વિકારી શુદ્ધ ભગવાન આત્મા. મુનિપદની દશાને અહીં જિનપ્રતિમા કહે છે. જિનમુદ્રા એને કહે છે. આયતન એને કહે છે. વગેરે મુનિ અને અરિહંતના અગિયાર બોલ છે, અંતરના. પણ વ્યવહારમાં એનો ભાવ શુભભાવ હોય છે ત્યારે અરિહંતની પ્રતિમા આદિ પૂજનિક ગણવામાં આવે છે. જુઓ! આચાર્ય 'ભદ્રબાહુસ્વામી'ની વાત લઈને અમને પરમ શ્રુતકેવળીથી પરંપરાએ મળેલું છે. એ અમે કહ્યું છે. ઘરનું અમે કાંઈ કહ્યું નથી.

**'આગે ભદ્રાબાહુ સ્વામીકી સ્તુતિરૂપ વચન કહતે હૈં :-'** છેલ્લો શ્લોક.

**बारसअंगवियाणं चउदसपुव्वंगविउलवित्थरणं।**

**सुयणाणि भद्दबाहु गमयगुरु भयवओ जयउ।।६२।।**

**અર્થ :- 'ભદ્રબાહુ નામ આચાર્ય જયવંત હોવેં, કૈસે હૈં? જિનકો બારહ અંગોકા વિશેષ જ્ઞાન હૈ,...'** બાર અંગના જાણનારા હતા. ઓહો..હો...! અગાધ જ્ઞાન. લબ્ધિરૂપે પ્રગટે એવું. બાર અંગના જાણનાર. આચારાંગ, સૂયગડાંગ (વગેરે). એક આચારાંગમાં અઢાર હજાર પદ, એક પદના એકાવન કરોડ ઝાઝેરા શ્લોક. એવા એવા એક આચારાંગ, ડબલ સૂયગડાંગ.. ડબલ.. એમ. બાર અંગ એ તો અપૂર્વ લબ્ધિ. લખી લખાય નહિ, સીધી ભણી ભણાય નહિ. એવી અંદર લબ્ધિ બાર અંગની પ્રગટેલી. ઘણું જ્ઞાન. પૂર્વનું સહિત વિશેષ જ્ઞાન. વળી કેવા છે?

**'ચૌદહ પૂર્વોંકા વિપુલ વિસ્તાર હૈ ઈસલિયે શ્રુતજ્ઞાની હૈં,...'** એ બાર અંગમાં ચૌદ પૂર્વ આવી ગયા. પણ વિશેષ ખાસ ઈ નાખ્યું. એક એક પૂર્વનું જ્ઞાન એટલું છે કે હાથી ઊંચો ઊભો રાખે અને એટલી રુષનાઈ કરે અને વનની કલમું કરે તો લખ્યું પૂરું પડે નહિ. એટલું એ

પૂર્વનું જ્ઞાન છે. શ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન એટલું છે. એ ચૌદ પૂર્વનું જેને વિપુલ વિસ્તાર જ્ઞાન હતું. એવા જે શ્રુતજ્ઞાની '**પૂર્ણ ભાવજ્ઞાનસહિત...**' ભાવશ્રુતજ્ઞાન તો પૂર્ણ હતું. ઉપયોગમાં રાગ રહિત આત્માને પર્યાયમાં જાણતાં આવું ભાવશ્રુતજ્ઞાનરૂપ પરિણમન એ 'ભદ્રબાહુસ્વામી'ને હતું. કેવળજ્ઞાનની તો વાત શું કરવી, પણ આ બાર અંગની વાત શું કરવી! એટલું જ્ઞાન. એવો આત્મા જ્ઞાનનો દરિયો છે. ચૈતન્યસ્વભાવનો સમુદ્ર છે એ તો. એમાંથી દશામાં ભરતી આવે. દરિયાને કાંઠે (જ્યારે ભરતી આવે) ત્યારે ભલે વરસાદમાં ૨૫-૨૫ ઇંચ હો, અને એમાં નદીઓ પડતી હોય, પણ ઓટને ટાણે એ પાણી ભરતી ન લાવી શકે. ભરતી તો દરિયો મધ્યમાંથી ઉછળીને જ્યારે કાંઠે આવે ત્યારે દરિયામાં ભરતી આવે. એમ આ બાર અંગનું જ્ઞાન કાંઈ ભણ્યે, અક્ષરે અને ઇન્દ્રિયોથી અંદર ન જાણી શકાય. મધ્યબિંદુ દ્રવ્ય સ્વભાવ ભગવાન આત્માનો, એમાં અનંત અનંત બેહદ જ્ઞાનસ્વભાવ એનું સત્ત્વ-તત્ત્વ એનો ભાવ છે. એમાંથી પ્રવાહ થઈને બાર અંગનું જ્ઞાન પર્યાયપણે પરિણમે. કહે છે કે શ્રુતજ્ઞાનથી પૂર્ણ ભાવજ્ઞાનવાળા હતા. કેવળજ્ઞાની જ્ઞાનથી-પર્યાયથી પૂર્ણ, આ શ્રુતજ્ઞાનથી પૂર્ણ. છદ્મસ્થ છે ને?

'**અક્ષરાત્મક શ્રુતજ્ઞાન ઉનકે થા,...**' એવા ભાવશ્રુતજ્ઞાનનું અક્ષરસ્વરૂપ પણ શ્રુતજ્ઞાન એને હતું. અક્ષર. એમ કહ્યું ને? '**પૂર્ણ ભાવજ્ઞાનસહિત અક્ષરાત્મક શ્રુતજ્ઞાન ઉનકે થા,...**' દ્રવ્યશ્રુત. ''**ગમક ગુરુ' હૈં, જો સૂત્રકે અર્થો પ્રાપ્ત કર...**' સૂત્રના સિદ્ધાંતના ભાવને પામીને '**ઉસીપ્રકાર વાક્યાર્થ કરે...**' જેવું સર્વજ્ઞને કહેવું છે, શ્રુતકેવળીઓને કહેવું છે એવો જે શબ્દનો અર્થ અને વાક્યાર્થ કરે '**ઉનકો 'ગમક' કહતે હૈં,...**' સમજાણું? '**સૂત્રકે અર્થકો પ્રાપ્ત કર...**' જેવો અર્થ છે તેવો કરે તેને ગમક કહીએ કે આ શબ્દનો આવો જ અર્થ થાય, આ વાક્યનો આવો જ ભાવ હોય. એવું જે સમજાવે એને અહીંયાં ગમક ગુરુ કહેવામાં આવે છે.

'**ઉનકે ભી ગુરુઓંમેં પ્રધાન હૈં,...**' એવા અર્થના બોધ દેનારા સંતોમાં પણ આ 'ભદ્રબાહુસ્વામી' પ્રધાન નામ મુખ્ય હતા. પ્રધાન એટલે અહીંયાં ઓલા ગુરુ, રાજા ને પ્રધાન એમ નહિ. પ્રધાન એટલે મુખ્ય. બધા આવા સંતોમાં 'ભદ્રબાહુસ્વામી' મુખ્ય હતા. વળી કેવા છે ભગવાન? 'ભદ્રબાહુસ્વામી' શ્રુતકેવળી '**ભગવાન હૈં - સુરાસુરોંસે પૂજ્ય હૈં,...**' દેવથી પૂજ્ય હતા. દેવતાઓ જેની સેવા-પૂજા કરતા. એવા શ્રુતકેવળી.

આત્મા ચૈતન્યદરિયો, શક્તિમાં તો કેવળજ્ઞાન એકલું જ્ઞાન છે પરિપૂર્ણ વસ્તુ. જેમ પીપરના દાણામાં ચોસઠ પહોરી તિખાશ છે શક્તિ. ચોસઠ પહોરી તિખાશ ભરી છે. ભલે દાણો નાનો. કદે નાનો, રંગે કાળો પણ ચોસઠ પહોર એટલે રૂપિયે રૂપિયો તીખો. શક્તિનું સત્ત્વ પડ્યું છે અંદર એ બહાર આવે છે. ઘૂંટતા બહાર આવે છે.

એમ આ વસ્તુમાં-ભગવાન આત્મામાં શક્તિરૂપ સત્વરૂપ ભાવરૂપ કેવળજ્ઞાન પડ્યું છે. કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાન. એમ. આહાહા..! આવો આત્મા બેસે કેવી રીતે? પામર તરીકે માન્યો, એને આવી પ્રભુતા છે છતી તેને અણછતો કર્યો છે. સમજાય છે કાંઈ? એવું સ્વરૂપ ભગવાન આત્માનું જેને અંદર શ્રુતજ્ઞાનમાં પ્રગટ થયું છે, એ બધા શ્રુતજ્ઞાનીઓમાં પણ મુખ્ય હતા.

**'સુરાસુરોંસે પૂજ્ય હૈં, વે જયવંત હોવેં.'** આચાર્ય મહારાજ પોતે 'કુંદકુંદાચાર્ય' (કહે છે). મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાચાર્ય. ત્રીજે નામે આવ્યા. એ 'ભદ્રબાહુસ્વામી'ને કહે છે, અહો! પ્રભુ! આપ જયવંત રહો! આપનું ભાવશ્રુતજ્ઞાન, અક્ષરાત્મક જ્ઞાન જયવંત રહો! વાત એવી છે કે આ આત્મા શું ચીજ છે એ વાત જ લોકોને ખ્યાલમાં નથી આવતી. આ બધુ તો જડ છે. માટી ઓ તો કો'કની ચીજ છે, કાંઈ એની નથી. કર્મ અંદર છે એ માટી છે, જડ છે. એના પાક કાળે આ બધા બહારના સંયોગ-વિયોગ, સંયોગ-વિયોગ થાય. પુણ્ય-પાપના ભાવ થાય છે એ વિકાર છે. એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- કાલે તમે આત્માનું સ્વરૂપ કીધું.

ઉત્તર :- એ તો બીજી વાત. પર્યાયમાં એની પર્યાય છે એ અપેક્ષાએ. તેનો જ પર્યાય છે. એ જડનો નથી. પરનો નથી એમ બતાવવા. બાકી એના સ્વભાવમાં ત્રિકાળમાં એ વિકાર નથી. ત્રિકાળ વસ્તુ તો વિકારથી રહિત છે. પર્યાયમાં વિકાર સહિત છે. સમજાણું કાંઈ? કઠણ ભારે.

અરે..! એ આત્મા પોતે ભગવાન સ્વરૂપ જ છે. કેમ બેસે? ઈન્દ્રિયોથી કામ લેવું. જેની દશા-અવસ્થા આમ ઈન્દ્રિયોથી કામ લે. હવે એને અતીન્દ્રિય આવો આત્મા (કેમ બેસે?) જ્ઞાન અતીન્દ્રિય સ્વભાવથી ભરેલું સ્વરૂપ છે. એને ઈન્દ્રિયની જરૂર નથી, મનની જરૂર નથી. રાગના વિકલ્પની જરૂર નથી. એવો ચૈતન્ય સ્વભાવ જેનો સ્વભાવ, જેનું સ્વસ્વરૂપ સત્ત્વ, એને મર્યાદા શી? અનંત... અનંત... અનંત... દર્શન, જ્ઞાન, આનંદથી ભરેલું છે. એમાંથી આ જ્ઞાન આવેલું છે, એમ કહે છે.

**'ઈસપ્રકાર કહનેમેં ઉનકો સ્તુતિરૂપ નમસ્કાર સૂચિત હૈ.'** સ્તુતિરૂપ નમસ્કાર કર્યો 'ભદ્રબાહુસ્વામી'ને. **''જયતિ' ધાતુ સર્વોત્કૃષ્ટ અર્થ મેં હૈ...'** જય થાઓ એ બધા સર્વોત્કૃષ્ટમાં છે. જય થાઓ. એટલે જે સ્વરૂપ શુદ્ધ છે તે તેમ ટકી રહો, નભી રહો. પૂર્ણાનંદની દશા આપને જે પ્રગટ થઈ અથવા શ્રુતજ્ઞાનાદિ થયું, (એ) જયવંત રહો. એમનેમ જીવતું એ જ્ઞાન રહો. પ્રકાશ જે અંદરનો આવ્યો છે એ એમનેમ જીવતો ટકતો રહો. પંડિતજી! અરે..! અંતરની વાતું આખી દુનિયાએ બહુ ફેરવી નાખી. ખબર ન મળે ચીજની અને કોઈકે કંઈક કલ્પ્યું... કોઈકે કંઈક કલ્પ્યું અને કલ્પીને કાંઈક કરી નાખ્યું.

આહા...! આવો મીઠો મહેરામણ. ભગવાન અંતર સ્વભાવ જેનો. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ મીઠો મહેરામણ છે. એમાં એકાકાર થાય તો અંદર શક્તિ જે મહેરામણ મહા પડ્યો છે પ્રભુ, એ પ્રગટ થાય. એવી શ્રુતજ્ઞાનની દશા પ્રગટ થઈ એને જયવંત રહો, એમ કહે છે. એમ કરી સ્તુતિ કરે છે. સમજાણું કાંઈ? **'સર્વોત્કૃષ્ટ કહનેસે નમસ્કાર હી આતા હૈ.'** સર્વોત્કૃષ્ટ કહ્યું. જય હો એનો અર્થ કે આપને નમું છું. આવી સ્થિતિ ટકી રહો એમ કહીને પણ એવા ભાવવંતને નમે અને વિનય કરે છે. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'ભદ્રબાહુસ્વામી પંચમ શ્રુતકેવલી હુએ.'** કેવળજ્ઞાની 'મહાવીર' ભગવાન પછી 'ગૌતમસ્વામી' પછી 'સુધર્મસ્વામી', પછી 'જંબુસ્વામી' (થયા). ત્યાં સુધી તો

કેવળજ્ઞાન-ત્રણ કાળનું જ્ઞાન હતું. પછીથી 'પ્રભવસ્વામી'થી માંડીને 'ભદ્રબાહુસ્વામી' સુધી પાંચ શ્રુતકેવળી થયા. શ્રુતજ્ઞાનમાં પૂરા. ઓલા પૂર્ણ જ્ઞાનમાં પૂરા હતા. આ શ્રુતજ્ઞાનમાં પૂરા. ભાવશ્રુતજ્ઞાન. '**ઉનકી પરંપરાસે શાસ્ત્રકા અર્થ જાનકર...**' તેની પરંપરાથી આ શાસ્ત્રનો અર્થ જાણવામાં આવ્યો. '**યહ બોધપાહુડ ગ્રંથ રચા ગયા હૈ, ઈસલિયે ઉનકો અંતિમ મંગલકે લિયે આચાર્યને સ્તુતિરૂપ નમસ્કાર કિયા હૈ. ઈસપ્રકાર બોધપાહુડ સમાપ્ત કિયા હૈ.**' લ્યો. એ નામ (કહે છે). પહેલો અધિકાર આવી ગયો છે.

**प्थम आयतन[१] दुतिय चैत्यगृह[२] तीजी प्रतिमा[३] ।**
**दर्शन[४] अर जिनबिंब[५] छठो जिनमुद्रा[६] यतिमा ।।**
**ज्ञान[७] सातमूं देव[८] आठमू नवमूं तीरथ[९] ।**
**दसमूं है अरहन्त[१०] ग्यारमूं दीक्षा[११] श्रीपथ ।।**
**इम परमारथ मुनिरूप सति अन्यभेष सब निंद्य है।**
**व्यवहार धातुपाषाणमय आकृति इनिकी वंद्य है।।१।।**

હવે ફરીને અર્થ. આ તો નામ શબ્દ બોલાઈ ગયા. પ્રથમ '**આયતન...**' આત્મા જેને અતીન્દ્રિય પ્રગટ થયો છે અને ઇન્દ્રિયનું આધીનપણું જેને ટળી ગયું છે. પાંચ ઇન્દ્રિયો છે આ તો જડ (છે), એને આધીનની દશા જેની ટળી છે અને અતીન્દ્રિય ભગવાનઆત્મા એનું આધીનપણું જેને પ્રગટ્યું છે, એવા આત્માને આયતન-ધર્મના સ્થાન કહીએ. સમજાણું કાંઈ? આ દેરાસર ને આ અપાશ્રય ને આ સમ્મેદશિખરને ધર્મસ્થાન કહેવાય છે ને? એ બધા વ્યવહાર છે. નિશ્ચય ધર્મસ્થાન આ ભગવાન છે. પોતાનો સ્વભાવ અતીન્દ્રિય છે. જેને ઇન્દ્રિયોને આધીનપણું અનાદિથી વર્તે છે એ અનાયતન છે. પાંચ ઇન્દ્રિયો આ માટી-જડ, એનું આધીનપણું ટળીને અતીન્દ્રિય આનંદને આધીન જેની દશા પ્રગટ થઈ છે, એવા મુનિને ધર્મના સ્થાનક કહેવામાં આવે છે. જેમાંથી ધર્મ પ્રગટ્યો અને ઊપજ્યો. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મના સ્થાનક આ.

બીજું, '**ચૈત્યગૃહ...**' પ્રતિમાનું ઘર. ચૈત્યનું ઘર એ આ આત્મા. સંયમી મુનિ. જેની અંતર દશા તદ્દન નિર્વિકલ્પ આનંદના વેદનમાં વધી ગઈ છે, એવા આત્માને ચૈત્યગૃહ એ જ્ઞાનનું ઘર એને કહેવામાં આવે છે. ચૈતાલય કહેવાય છે ને તમારે? એ ચૈતાલય નહિ, કહે છે, આ ચૈતાલય છે. સમજાણું કાંઈ? ત્રીજી '**પ્રતિમા...**' પ્રતિમા પણ આત્મા વીતરાગ મુદ્રાપણે પરિણમે એ જિનપ્રતિમા. વિકલ્પ જે રાગાદિ છે એનાથી રહિત નિર્વિકલ્પપણે આત્મા બિંબ ચૈતન્ય આત્મા થઈ જાય, એ મુનિપણાની અતીન્દ્રિય દશારૂપ પરિણમન છે, એને સાચી પ્રતિમા કહેવામાં આવે છે. આ પ્રતિમા અને આ દેરાસર એ બધો વ્યવહાર છે. નિશ્ચય તો આ છે.

'**દર્શન...**' દર્શન પણ મુનિપણાની વીતરાગ દશા અને બાહ્યમાં નગ્નપણું. અંતરમાં આનંદની છોળ વર્તતી હોય છે. જેવો સચ્ચિદાનંદ પ્રભુ, સત્ શાશ્વત આનંદની ખાણ છે,

એવી આનંદની દશા ઘણી જેને વધી ગઈ છે અને જેની નગ્ન દશા છે, એને અહીં દર્શન કહેવામાં આવે છે. એ જૈનદર્શન છે. સમજાણું કાંઈ? '**જિનબિંબ...**' જિનનું બિંબ-મૂર્તિ. એ પણ આત્મા સંયમી મુનિ, અતીન્દ્રિય સ્વભાવ સ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિયપણે ઠરી ગયો છે અંદર. વિકલ્પ ને વિષયની વાસના જેનો નાશ થઈ ગયો છે. એવું જિનબિંબ. આત્મા પોતે જિનબિંબ છે. કહો, સમજાણું કાંઈ? આ જિનબિંબ આદિ વ્યવહાર છે.

છઠ્ઠો. '**જિનમુદ્રા...**' દેખાવ. અંતર વીતરાગતા અને બાહ્ય માતાએ જન્મ્યો એવી મુદ્રા. અંતરમાં નિર્વિકલ્પ રાગ વિનાની શાંતિ જેને પ્રગટ થઈ છે, એને અહીંયાં જિનમુદ્રા કહેવામાં આવે છે. '**यतिमा**' કીધું ને? '**यति**' ને જિનમુદ્રા કીધી છે. '**यति**' એટલે આ બવા ને યતિ થાય એવા નહિ, હોં! આત્મા આનંદસ્વરૂપની યતના, યતના, જતના કરે અને રાગની રક્ષા છોડી દે, એને અહીંયાં યતિ આત્માને કહેવામાં આવે છે. આ જતિ તો ઘણા થાય છે. એ તો જતડા કહેવાય. આ તો આત્મા અનાદિથી જે પુણ્ય-પાપના વિકલ્પની રક્ષા કરતો એ અયતિ હતો. સંસારી મૂઢ જીવ (હતો). એને આત્માના આનંદ અને વસ્તુના સ્વભાવની જતણા-જયના-છે તેમ રાખ્યું નહિ. અને વિકારને જેણે ટાળ્યો છે એવા આત્માને યતિ-જિનમુદ્રા કહેવામાં આવે છે. ભારે! જુઓ! આ બધું અમને પરંપરાએ મળેલું કહીએ છીએ, એમ કહે છે.

'**જ્ઞાન સાતમું...**' જ્ઞાન કાંઈ શાસ્ત્રમાં નથી, પાનામાં નથી. આ પાના તો જડ, માટી, અજીવ છે. આ તો શબ્દના વિકાર કૃત છે. અહીંયાં અંદર ચૈતન્યપ્રકાશનું પૂર, કિરણ અંદરમાંથી આવ્યા. શું કહેવાય તમારા ઓલા? હજાર વોલ્ટના. સર્ચ લાઈટ. સર્ચ લાઈટ બે હતી ને ત્યાં? બાહુબલી. હજાર-હજારની બે. એમ આ જ્ઞાનની સર્ચ લાઈટ છે અંદર. અનંતા અનંત કિરણો ફાટે એવી. ઓલા હજાર ને બે હજાર... શું કહેવાય એ? વોલ્ટ. જે કહેતા હોય એ. આ ભગવાન ચૈતન્ય તો અનંત ચૈતન્યના કિરણથી પ્રગટ થાય એવો એ આત્મા છે. એવા અનંતા ચૈતન્ય કિરણો જેને પ્રગટ્યા છે, એને અહીંયાં જ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞાન વાણીમાં નહિ, જ્ઞાન કંઠમાં નહિ, બોલે એ જ્ઞાન નહિ, ભાષા એ જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? બધું નિશ્ચયથી વર્ણવ્યું છે. નિશ્ચય એટલે સત્ય.

'**જ્ઞાન સાતમું...**' એને જ્ઞાન કહીએ. જે જ્ઞાન જ્ઞાનરૂપે થઈને રહે એ જ્ઞાન કહીએ. જે જ્ઞાનસ્વભાવ રાગ થઈને રહે તે જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? અનંત અનંત જ્ઞાન છે, એમાંથી અનંત-અનંત જ્ઞાનમાં, અહીં શ્રુતની અપેક્ષા છે મુનિપણામાં અનંત-અનંત પણ શ્રુતકેવળીનું જ્ઞાન અંદરથી પ્રગટ્યું છે, આવ્યું છે અંદરથી. એવા જ્ઞાનને જ્ઞાન કહીએ. બહારથી ભણ્યા એ જ્ઞાન નહિ, શાસ્ત્રથી ભણ્યા એ જ્ઞાન નહિ.

મુમુક્ષુ :- બધો કચરો કાઢી નાખ્યો.

ઉત્તર :- હતો કે દિ'?

ફૂલખરણી નથી આવતી? ઓલી ફૂલખરણી આવતી દિવાળીમાં. ફૂલ ઝરે, ફૂલ. દિવાસળી મૂકે એટલે (ફૂલ ઝરે). એમ આ તો એકલું જ્ઞાનનું ઝરણું છે. ઓલી તો આવડી હોય એટલે ખલાસ થઈ જાય. આ તો અનંત અનંત બેહદ જ્ઞાનસ્વભાવ વસ્તુ પોતે

ચૈતન્યપ્રભુ, એમાંથી પર્યાય નીકળી, એક પછી એક... એક પછી એક... એક પછી એક. ઓલી ખરીને વઈ જાય છે અને આ થાય ને અંદર ભળે છે. નવી થાય ને જૂની ભળે છે, નવી થાય ને જૂની ભળે છે. શું કીધું એ? ફૂલખરણી. આહાહા..! આ જ્ઞાનખરણી. આત્મા જ્ઞાનખરણી છે. અંદર અનંત જ્ઞાનનો દરિયો છે. પણ બેસવું કઠણ પડે. બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, વિષય વિના ચાલે નહિ, પૈસા વિના ચાલે નહિ. એને આ બેસે શી રીતે? વિષયના અર્થીના તત્પર થયેલાને વિષય વિનાની આવી ચીજ એને પ્રતીતમાં આવતી નથી. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં આર્ત થઈ ગયો છે. પીડાઈ ગયો છે. એને અતીન્દ્રિય આવું સ્વરૂપ છે એ એની પ્રતીતમાં, વિશ્વાસમાં ભરોંસે આવતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! એવો ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા છે. ચૈતન્યનું નૂર છે એ તો. ચૈતન્યના પ્રકાશનું પૂર છે. એમાં જેણે એકાગ્ર થઈને જ્ઞાન પ્રગટ કર્યું એને જ્ઞાન કહીએ. બાકી વાચા જ્ઞાન. આવે છે ને 'શ્રીમદ્'માં? નહિ?

મુમુક્ષુ :- સકળ જગત છે એંઠ વત.

ઉત્તર :- 'સકળ જગત છે એંઠ વત્ અથવા સ્વપ્ન સમાન, તે કહીએ જ્ઞાની દશા બાકી વાચા જ્ઞાન.' સાતમું.

'**દેવ આઠમું....**' હવે અરિહંત આવ્યા. એ દેવ પણ આત્મા અરિહંતપણે છે. દિવ્ય શક્તિ જેને અંદર પડી એ પ્રગટ થઈ છે એ આત્મા દેવ છે. આહાહા..! ચોસઠ પહોરી પીપરમાં જેમ અંદર શક્તિ હતી એ બહાર આવી. કંઈક શરદીને ટાળે એવી જેની તાકાત. એમ ભગવાન આત્મા ચોસઠ એટલે પૂર્ણ. રૂપિયે રૂપિયો શક્તિથી હતો, દિવ્ય શક્તિ હતી, એ શક્તિની પ્રગટ પર્યાય અવસ્થામાં કરી, એને દેવ કહીએ. કહો, સમજાણું કાંઈ? સ્વર્ગના દેવ એ તો વ્યવહારુ દેવ છે. આ તો દિવ્યશક્તિનો ધણી ભગવાન આત્મા. જેની દિવ્યતા શક્તિમાં હતી તેની પ્રગટ દશારૂપે દિવ્યતા પ્રગટી તેને દેવ કહેવામાં આવે છે. અરે..! ભારે વાત. આઠમું.

'**નવમું તીરથ...**' તીર્થ એ આત્મા. ચિદાનંદ સ્વભાવમાં અંદર સ્નાન કર તો તીર્થ છે એ. બાહ્ય તીર્થ એ બધા વ્યવહારુ નિમિત્ત, શુભભાવમાં નિમિત્ત કહેવાય. એ પુણ્યમાં નિમિત્ત, હોં! એ ધર્મ તો નથી. આહાહા..! અંદર ચિદાનંદ ભગવાન. 'દ્રવ્યસંગ્રહ'માં શ્લોક આવે છે. 'સંયમ તોય પૂરણા...' 'દ્રવ્યસંગ્રહ'માં નથી આવતું ઈ? શ્લોક આવે છે. સત્યાર્થ. એ શ્લોક બોલતા પહેલા. શું હતું? શ્લોક નહિ ઓલો? 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે. પાંડવને શ્રીકૃષ્ણ કહે છે. 'શ્રીકૃષ્ણ' પાંડવને કહે છે. એવું આવે છે. પહેલો શબ્દ ભૂલી ગયા. પહેલા બહુ આવતું એ સંપ્રદાયમાં. 'દ્રવ્યસંગ્રહ'માં છે. એમાં શ્લોક છે. 'શ્રીકૃષ્ણ' પાંડવને કહે છે.

એ સ્થાનકવાસીમાં બહુ ચાલે. એને નિશ્ચયનું ખરું ને એટલે. પાંડવો ગયા હતા જાત્રા કરવા. શ્રીકૃષ્ણએ તુંબડી આપી એને. દૂધી. આ તુંબડી કડવી. ન્હાતા ન્હાતા આ તુંબડીને નવરાવજો, જ્યાં જાવ ત્યાં. જાત્રા કરીને આવ્યા. ક્યાં હશે એ શી ખબર પડે? કે આમ છે, જ્યાં તીર્થનો અધિકાર છે. શ્લોક છે હવે એ તો. બીજા ગોતે ત્યારે થાય. મારે તો વાર લાગશે. આ ઠેકાણે છે. મારું પુસ્તક છે એમાં આ ઠેકાણે છે. હશે ક્યાંક. તીર્થ હશે ને તીર્થ, જ્યાં

તીર્થની વ્યાખ્યા હશે ત્યાં હશે. પહેલો શબ્દ હાથમાં નથી આવતો. ગુરુ પાંડુપુત્રા એમ આવે છે છેલ્લો શબ્દ. .... આમાં આવ્યું નહિ પણ મોઢે આવી ગયું. 'આત્મા નદી સંયમ તોય પૂર્ણા...' લ્યો! શ્લોક આવી ગયો. એ તો આવે ત્યારે આવે ને.

'શ્રીકૃષ્ણ' પાંડવને કહે છે કે આ દૂધી-તૂંબડી તમે લઈ આવો. સ્નાન કરીને આવ્યા પછી બધાને કટકો કટકો કરીને આપ્યા. રાખો. તીર્થની પ્રસાદી. ખાવા મંડયા તો કડવી. અરે..! પણ આ મીઠી તો થઈ નહિ. તીર્થના આટલા સ્નાન કરાવ્યા તોપણ મીઠી થઈ નહિ. તુંબડી-તુંબડી. કડવી હોય છે. તો પછી તમારો આત્મા મીઠો ક્યાંથી થઈ ગયો આવી જાત્રામાંથી? બહારથી. પછી કહે છે, 'આત્મા નદી સંયમ તોય પૂર્ણા...' આત્મારૂપી નદી એમાં સંયમરૂપી તોય નામ પાણી ભર્યું છે. અતીન્દ્રિય. 'આત્મા નદી સંયમ તોય પૂર્ણા સત્યાવહા...' એના કાંઠા બે. સત્યના બે કાંઠા છે. 'સત્યાવહા...' એમાં છે. 'તત્રાઅભિષેકં કરુ પાંડુપુત્રા...' એવા આનંદસ્વરૂપ ભગવાન સત્ય જેના કાંઠા છે. જ્ઞાન જેનું પાણી ભર્યું છે એમાં અભિષેક કર. 'ન વારિણામ્ શુદ્ધ ચૈતન આત્મા.' પાણીથી કાંઈ આત્મા શુદ્ધ થાય એવો નથી. નાહી ધોઈને થઈ ગયા પવિત્ર. ધૂળમાં પણ નથી. ... હંમેશા બહુ ન્હાય છે. સમજાણું? 'આત્મા નદી સંયમ તોય પૂર્ણા સત્યાવહા તીલ કટાય દયોર્મિ.' લ્યો! શીલ. રૂડું બ્રહ્મચર્ય અને રાગ રહિત સ્વભાવ, એ એના બે તટ છે. 'તત્રાભિષેકં કરું પાંડુ પુત્રા ન વારિણામં શુદ્ધચેતનત્ર આત્મા' આ પાણીથી અંતરનો આત્મા શુદ્ધ થતો નથી. કહો, સમજાણું કાંઈ?

આ એ તીર્થ, અહીં જુઓ! આ આત્મા તીર્થ છે. આહાહા..! પણ બેસે કેમ? બહારની મોટપ ગરી ગઈ છે ને એટલે બહારવાળાને બહારની ચીજ એને તીર્થ લાગે. પણ અંતરાત્મા ભગવાન પૂર્ણાનંદની પવિત્રનું ધામ, એક ક્ષણનો વિકાર, એની પાછળ આખો ભગવાન પૂર્ણ આનંદ ને શાંતિથી ભરેલો છે. આહાહા..! એ તારા તીર્થ છે. ઓલા તો વ્યવહાર તીર્થ છે. વ્યવહાર હોય છે, જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન હોય (ત્યાં સુધી).

'**દસમું અરહંત...**' ભગવાન સાક્ષાત્, લ્યો! શરૂ કરીને આપણે વર્ણવ્યું ને. અરિહંતનું સ્વરૂપ વર્ણવ્યું. બે બાકી હતા. '**અગ્યારમૂં દીક્ષા...**' પ્રવ્રજ્યા. એ શ્રીપથ છે. શ્રી નામ મોક્ષનો પંથ છે. લ્યો! '**એમ પરમારથ મુનિરૂપ સતિ...**' પરમાર્થ મુનિનું રૂપ. અતીન્દ્રિય આનંદનો અનુભવ અને નગ્ન દશા '**અન્યભેષ સબ નિંદ્ય હૈ.**' એ સિવાય બીજા ભેખો તે નિંદનીક છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ.

આજે સાંભળ્યું કે એક ઓલી સાધ્વી હશે મારવાડી કોઈક. ગુરુ-શિષ્ય એ બે સાધ્વી રજનીશમાં ભળી ગઈ. ગજબ છે ને! આવો માર્ગ! કોઈક હશે. ગુરુ હશે. વાંચતા હોય. વાંચતા વાંચતા... કાંઈ ભાન ન મળે. જે-તે કુથળિયા વાંચે, ચોપાનિયા જ્યાં ત્યાં વાંચે ને દોરવાઈ જાય. આહાહા..! આવો માર્ગ પ્રભુનો. પ્રભુ એટલે તારો. એના અંતરના મહાત્મ્ય નહિ અને બહારના મહાત્મ્યમાં. કાં તો આમ વ્યાખ્યાન દેવા, પાંચ-પાંચ, દસ હજાર માણસ ભેગા થાય. ઊંટની જેમ ભૂંકે. લોકો પણ એવા હોય બિચારા સાંભળનારા. એને કાંઈ ખબર ન હોય. આહાહા..! આહાહા..! માર્ગની તો કાંઈ ખબર ન મળે. પંડિતજી! આહાહા..!

પ્રભુ! તું તારે પૂર્ણ ગુણે પૂર્ણ છો. એવી ચીજ ક્યાંય બીજે છે નહિ. તારી એવી ચીજ બીજે ક્યાંય છે નહિ. આહાહા..! કરે. વીતરાગ તો કહે છે એ આ કહે છે વીતરાગ. તારું તત્ત્વ આવું છે એમ વીતરાગ કહે છે.

કહે છે કે, **'પરમાર્થ મુનિરૂપ સતિ...'** ખરેખર તો મુનિનો ભેખ, દિગંબર દશા અને અંતર વીતરાગી આનંદનું વેદન. **'અન્યભેષ સબ નિંદ્ય હૈ.'** એ સિવાય ભેખ સાધુપણાના હોઈ શકે નહિ. **'વ્યવહાર ધાતુપાષાણમય આકૃતિ ઇનિકી વંદ્ય હૈ.'** વ્યવહારે ભગવાનની ધાતુની પાષાણમય મૂર્તિ એ વ્યવહારે વંદ્ય છે. નામસ્મરણ આદિ શુભભાવ છે ને? એટલે વ્યવહારે વંદ્ય કહેવામાં આવે છે.

દુહા :

**भयो वीर जिनबोध यहु गौतमगणधर धारि ।**

**बरतायो *पंचमगुरु नमूं तिनहिं मद छारि ।।२।।**

**'ભયો વીર જિનબોધ....'** વીતરાગ પરમાત્મા બોધસૂર્ય પ્રગટ થયો. **'ગૌતમગણધર ધારિ...'** એમાંથી બધું 'ગૌતમસ્વામી'એ એવા ભાવને ધાર્યા. ભગવાને કેવળજ્ઞાનમય સ્વરૂપ થઈને બોધ પ્રગટ કર્યો. 'ગૌતમ' ગણધરે ધાર્યું. **'વરતાયો પંચમગુરુ...'** અને પંચમ શ્રુતકેવળી 'ભદ્રબાહુસ્વામી'એ એનો વિસ્તાર કર્યો. **'નમૂં તિનહિં મદ છારિ...'** અહો..! માન મૂકીને એ ત્રણને હું નમન કરું છું, એમ કહે છે.

**'ઇતિ શ્રી કુન્દકુન્દસ્વામિ વિરચિત બોધપાહુડકી જયપુરનિવાસી પં. જયચંદ્રછાવડાકૃત દેશભાષામયવચનિકા સમાપ્ત.'** થઈ લ્યો! આ 'ભાવપાહુડ' વાંચી ગયા છીએ. 'મોક્ષપાહુડ' વાંચી ગયા છીએ. હવે 'લિંગપાહુડ'. છેલ્લા બે.

---

## लिंगपाहुड
## –७–

अथ लिंगपाहुडकी वचनिकाका अनुवाद लिखते हैं :-

**(दोहा)**

**जिनमुद्राधारक मुनी निजस्वरूपकुं ध्याय।**

**कर्म नाशि शिवसुख लियो बंदूं तिनके पांय।।१।।**

**इस प्रकार मंगलके लिये जिन मुनियोंने शिवसुख प्राप्त किया उनको नमस्कार करके श्रीकुन्दकुन्दआचार्यकृत प्राकृत गाथाबद्ध लिंगपाहुडनामक ग्रंथकी देशभाषामय वचनिकाका अनुवाद लिखा जाता है–प्रथम ही आचार्य मंगलके लिये इष्टको नमस्कार कर ग्रंथ करनेकी प्रतिज्ञा करते हैं :–**

## ગાથા-૧

**काऊण णमोकारं अरहंताणं तहेव सिद्धाणं।**
**वोच्छामि समणलिंगं पाहुडसत्तं समासेण।।१।।**

**कृत्वा नमस्कारं अर्हतां तथैव सिद्धानाम्।**
**वक्ष्यामि श्रमणलिंगं प्राभृतशास्त्रं समासेन।।१।।**

**કરીને નમન ભગવંત શ્રી અર્હંતને, શ્રી સિદ્ધને,**
**ભાખીશ હું સંક્ષેપથી મુનિલિંગપ્રાભૃતશાસ્ત્રને. ૧**

**अर्थ :– आचार्य कहते हैं कि मैं अरहन्तोंको नमस्कार करके और वैसे ही सिद्धोंको नमस्कार करके तथा जिसमें श्रमणलिंगका निरूपण है इस प्रकार पाहुडशास्त्रको कहूँगा।**

**भावार्थ :– इस कालमें मुनिका लिंग जैसा जिनदेवने कहा है उसमें विपर्यय हो गया, उसका निषेध करनेके लिए यह लिंगनिरूपण शास्त्र आचार्यने रचा है, इसकी आदिमें घातिकर्मका नाशकर अनंतचतुष्टय प्राप्त करके अरहंत हुए, इन्होंने यथार्थरूपसे श्रमणका मार्ग प्रवर्ताया और उस लिंगको साधकर सिद्ध हुए, इसप्रकार अरहंत सिद्धोंको नमस्कार करके ग्रन्थ करनेकी प्रतिज्ञा की है।।१।।**

## ગાથા-૧ ઉપર પ્રવચન

લિંગ-લિંગ. ૩૬૭ પાને છે. 'લિંગપાહુડ'. ગાથા ૨૨ છે, લ્યો. છ વંચાઈ ગયા છે પહેલા. હવે બે બાકી છે આ. આમાં એ આવ્યું, જુઓ! લિંગ. મુનિની મુદ્રા કેવી હોય. લિંગ કેવું હોય એની વાત છે.

**'અબ લિંગપાહુડકી વચનિકાકા અનુવાદ લિખતે હૈં :–'** 'જયચંદ્ર પંડિત' કહે છે. એની વચનિકા લખીએ છીએ. ચાલતી ભાષામાં અર્થ કરીએ છીએ, એમ.

दोहा

**जिनमुद्राधारक मुनि निजस्वरूपकूं ध्याय।**
**कर्म नाशि शिवसुख लियो बंदूं तिनके पाय।।१।।**

જેણે જિનમુદ્રા, વીતરાગમુદ્રા ધારણ કરી. જેવી માતાએ જન્મ આપ્યો એવી શરીરની નગ્ન દિગંબર દશા ધારણ કરી. એ તો બાહ્ય થયું. **'निजस्वरूपकूं ध्याय'** જિનમુદ્રા, નિજ સ્વરૂપ. જિનમુદ્રા, વીતરાગમુદ્રા દિગંબર. ઓલામાં જિનમુદ્રા, આ નિજ સ્વરૂપ. નિજ સ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું, જ્ઞાનનું ધામ, એનું જેણે ધ્યાન કર્યું. એકલો બાહ્ય ભેખ નહિ. બાહ્ય ભેખ તો કાંઈ આત્માને લાભદાયક નથી. ભેખ હોય ખરો પણ આ વસ્તુના ભાન વિના કાંઈ બાહ્ય ભેખ કંઈ લાભ કરતા નથી. નગ્નપણું ધારણ કરે તેથી શું ?

**'निजस्वरूपकूं ध्याय'** પોતાનું જુઓ! ભગવાનના સ્વરૂપને ધ્યાય એમ કરીને નથી કહ્યું.

ભગવાન તો પરદ્રવ્ય છે. એના ઉપર લક્ષ જાય તો વિકલ્પ ઊઠે, રાગ ઊઠે. એ વસ્તુનું સ્વરૂપ નથી ધ્યાન સાચું. લિંગપાહુડ હશે, પાછળ પાછળ. પાછળ નથી એમાં. છ જ છે. આમાં હશે. હોય તો. છે ને એમાં? આમાં છ જ પાહુડ છે. નથી? 'દ્રવ્યસંગ્રહ'. અહીં છે. હિન્દી છે, આ હિન્દી.

**जिनमुद्राधारक मुनि निजस्वरूपकूं ध्याय।**
**कर्म नाशि शिवसुख लियो बंदूं तिनके पांय।।१।।**

શિવ એટલે આત્મા. નિરૂપદ્રવ. શિવનો અર્થ નિરૂપદ્રવ. કલ્યાણમૂર્તિ ભગવાન પોતાના આનંદસ્વરૂપને પામ્યા. શિવ એટલે મોક્ષ. મોક્ષના સુખને જે પામ્યા. '**बंदूं तिनके पाय**' તેના પાદ-પદને હું નમન કરું છું. તેના ચરણકમળને નમું છું. એમ ચાલતી ભાષાના અર્થકારનું આ મંગળીક છે.

'**ઈસપ્રકાર મંગલકે લિયે જિન મુનિયોંને શિવસુખ પ્રાપ્ત કિયા...**' જે મોક્ષનું સુખ પામ્યા. શિવ એટલે મોક્ષ. નમોત્થુણંમાં આવે છે. 'સિવમલયમરુયમણંતમક્ખ...' વળી '**શ્રીકુંદકુંદાચાર્યકૃત પ્રાકૃત ગાથાબદ્ધ લિંગપાહુડ નામક ગ્રંથકી દેશભાષામય...**' ચાલતી ભાષામાં વચનિકા નામ લખાણ કરીએ છીએ. '**વચનિકાકા અનુવાદ લિખા જાતા હૈ - પ્રથમ હી આચાર્ય મંગલકે લિયે ઈષ્ટકો નમસ્કાર કરી ગ્રંથ કરનેકી પ્રતિજ્ઞા કરતે હૈં :-**' લ્યો!

**काऊण णमोकारं अरहंताणं तहेव सिद्धाणं।**
**वोच्छामि समणलिंगं पाहुडसत्थं समासेण।।१।।**

આમાં અરહંતાણં આવ્યું. ઓલું અરિહંતાણં. (આ) અરહંતાણં. આચાર્ય 'કુંદકુંદાચાર્ય' 'ભગવાન **મુનિ કહે છે 'મૈં અરહંતકો નમસ્કાર કરકે...**' જે ઈન્દ્રોને પૂજ્ય થયા અને પોતાની પૂજ્ય પદવી જેણે અંતરમાંથી પૂર્ણ પ્રગટ કરી. ભગવાન આત્મા જેવો સ્વભાવે છે એવી જેની દશા વર્તમાનમાં પ્રગટ અંતરથી કરી, એવા અરિહંતને નમસ્કાર કરું છું. '**ઔર વૈસે હી સિદ્ધોંકો નમસ્કાર...**' અરિહંત છે એ હજી શરીરસહિત હોય. સિદ્ધ છે એ શરીરરહિત થઈ ગયા. નમો અરિહંતાણં છે ને પહેલું પદ? એ અરિહંતાણં નામ અરિ નામ રાગ-દ્વેષ અને અજ્ઞાનરૂપી અરિને હણી અને જેણે પોતાનું નિજપદ પ્રાપ્ત કર્યું એને અરિહંત કહીએ. અરિહંત કોઈ પક્ષનો શબ્દ નથી. અરિહંત એ આત્માના ગુણના વાચકનો શબ્દ છે.

કહે છે કે જેણે અજ્ઞાન અને રાગ-દ્વેષ ટાળી અને આત્માનું જ્ઞાન અને વીતરાગતા જેણે પૂર્ણ પ્રગટ કરી, એવા અરિહંતને અથવા અર્હંતાણં, જે મોટા મહાપુરુષો ઈન્દ્રો આદિથી પણ પૂજ્ય છે, એવા અરિહંતને હું નમસ્કાર કરું છું. અને શરીરરહિત થયા એવા સિદ્ધ ભગવાનને પણ નમસ્કાર કરું છું. અરિહંતને શરીર હોય, વાણી હોય, વાણી નીકળે, ધ્વનિ નીકળે. પણ હોય અંદર કેવળજ્ઞાન, કેવળદર્શન પરિપૂર્ણ. સિદ્ધ થયા પછી શરીર અને વાણી હોય નહિ. બેયને નમસ્કાર. નમો સિદ્ધાણં બીજું પદ. જેની શરીરરહિત પૂર્ણ દશા પ્રગટ થઈ, એકલો આત્મા આનંદના અનુભવમાં રહે છે, એવા સિદ્ધને હું નમસ્કાર કરું છું.

'**તથા જિસમેં શ્રમણલિંગકા નિરૂપણ હૈ...**' બાહ્ય અને અભ્યંતર સાધુનો ભેખ કેવો હોય? '**ઈસ પ્રકાર પાહુડશાસ્ત્રકો કહુંગા.**' લ્યો! 'કુંદકુંદાચાર્ય' તો આવું લિંગ કહે છે. ઓલો કહે, પંદર ભેદે સિદ્ધ થયા એમાંથી એક ભેદ ઓછો માને તો અનંત સંસારી થાય. સિદ્ધા ..

એવું લખ્યું છે. હમણાં સંસ્કૃત ટીકામાં કરી હતી ને? પંદર ભેદે સિદ્ધ. આ શ્વેતાંબર આગમ કથન જગજાહેર છે. તેમાંથી એકપણ ભેદને ઉથાપનારા ઉત્સૂત્રભાષીને અનંત સંસારી થવું પડે છે. લ્યો! એને .. એ તો આત્માનુભવી મહા યોગીરાજ હતા, લ્યો! ... શ્વેતાંબર ઇતિહાસિક વાંચનારા 'કાશી'માં મળ્યા હતા. 'કાશી'માં જ્યારે ગયા હતા ને? એવી દિવ્યધ્વનિ સંભળાવનારા ભવવિરતી કેવળ મનકલ્પિત સ્વલિંગ માત્રનો એકાંતિક આગ્રહ કેમ થઈ શકે? અહીં 'કુંદકુંદાચાર્ય' કહે છે, આ એક જ આગ્રહ છે. મુનિલિંગ નગ્ન એકલું એક જ હોય. કોઈ બીજો વસ્ત્ર નાખી દે એ જુદી વાત છે. પોતાથી ન થાય. પણ પોતે તો મન, વચન અને કાયાથી કરણ, કરાવણ અને અનુમોદનથી બધો પરિગ્રહ છૂટી ગયેલો હોય. કાયાથી પણ પરિગ્રહ છૂટી ગયો હોય, વસ્ત્રનો ધાગો ન હોય જેને. એવું અનાદિ જૈનલિંગ વીતરાગ માર્ગમાં કહેવામાં આવે છે. સમજાણું? આ બધા ભેખ-બેખ સ્થાનકવાસી, દેરાવાસી એ બધા ભેખ વીતરાગના નથી, એમ કહે છે. જગતના જીવોએ બહારથી કલ્પેલા (ભેખ છે). '**જિસમેં શ્રમણલિંગકા નિરૂપણ હૈ ઇસ પ્રકાર પાહુડશાસ્ત્રકો કહૂંગા.**' પ્રાભૃત શાસ્ત્ર. શાસ્ત્રનો સાર. પ્રાભૃત એટલે સાર. એ '**કહૂંગા.**'

**ભાવાર્થ :- 'ઇસ કાલમેં મુનિકા લિંગ જૈસા જિનદેવને કહા હૈ ઉસમેં વિપર્યય હો ગયા,...'** એમાં વિપરીત થઈ ગયું છે. '**ઉસકા નિષેધ કરનેકે લિયે યહ લિંગનિરૂપણ શાસ્ત્ર આચાર્યને રચા હૈ, ઇસકી આદિમેં ઘાતિકર્મકા નાશકર અનંતચતુષ્ટય પ્રાપ્ત...**' જેણે અનંત જ્ઞાનસ્વભાવમાં હતું, એ શક્તિમાંથી દશા વર્તમાનમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય-બળ પ્રગટ કર્યા એને '**અરહંત હુએ.**' અહીંયાં અરહંત શબ્દ વાપર્યો છે. અર્હંત ભગવાન થયા. જેમ 'સીમંધર' ભગવાન અત્યારે મહાવિદેહમાં વિચરે છે એ અરિહંતપદે છે. 'મહાવીર' ભગવાનાદિ શરીરરહિત થઈ ગયા એ અત્યારે સિદ્ધપદે છે. એકલા. શરીર રહિત એકલો આત્મા.

'**ઇન્હોંને યથાર્થરૂપસે શ્રમણકા માર્ગ પ્રવર્તાયા...**' આવા અરિહંત ભગવાને સાધુનો માર્ગ બરાબર યથાર્થ કહ્યો. '**ઉસ લિંગકો સાધકર સિદ્ધ હુએ,...**' તે લિંગને, ભાવ અને દ્રવ્યને સાધી '**ઇસપ્રકાર અરહંત સિદ્ધોંકો નમસ્કાર કરકે ગ્રંથ કરનેકી પ્રતિજ્ઞા કી હૈ.**' એ અરિહંત પણ આ રીતે થયા, કહે છે. ભાવમાં આનંદસ્વરૂપાદિ દશા અને બાહ્યમાં નગ્ન દશા. અનાદિનો વીતરાગનો માર્ગ આ છે. આ બધું વચ્ચે ફેરફાર થઈ ગયો શ્વેતાંબર નીકળીને, એનો નિષેધ કરવા માટે આ બધું લખ્યું છે. કહો, સમજાણું આમાં? હવે તો અહીંયાં ઘણાં વર્ષ થઈ ગયા ૩૬ વર્ષ એટલે બહુ વાંધો આવે એવું નથી ઘણાંને. નવું હોય તો ભડકે હજી. નવા હોય ને. હવે ૩૬ વર્ષ થયા. ઘણા સાંભળતા હતા ને. ઘણીવાર સંભળાવ્યું છે કે નહિ? 'ચીમનભાઈ'! નવા નવા તો ભડકે જરી.

મુમુક્ષુ :- કોઠે પડી ગયું.

ઉત્તર :- કોઠે પડ્યું હવે તો. (એમ) કહે છે, લ્યો.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતે જે લિંગ બતાવ્યું તે લિંગ એક જ સાચું છે. બીજો માર્ગ સાચો નથી. શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈ અને વસ્ત્ર પાત્ર રાખીને મુનિપણાના લિંગ ધારણ કર્યા એ વીતરાગનો માર્ગ નથી. એને વીતરાગની શ્રદ્ધા નથી. કહો, સમજાણું કાંઈ?

आगे कहते हैं कि जो लिंग बाह्यभेष है वह अंतरंगधर्मसहित कार्यकारी है :–

## ગાથા-૨

धम्मेण होइ लिंगं ण लिंगमत्तेण धम्मसंपत्ती।
जाणेहि भावधम्मं किं ते लिंगेण कायव्वो।।२।।

धर्मेण भवति लिंगं न लिंगमात्रेण धर्मसंप्राप्तिः।
जानीहि भावधर्मं किं ते लिंगेन कर्तव्यम्।।२।।

હોયે ધરમથી લિંગ, ધર્મ ન લિંગમાત્રથી હોય છે,
રે! ભાવધર્મ તું જાણ, તારે લિંગથી શું કાર્ય છે? ૨.

अर्थ :– धर्म सहित तो लिंग होता है परन्तु लिंगमात्रहीसे धर्मकी प्राप्ति नहीं है, इसलिये हे भव्यजीव! तू भावरूप धर्मको जान और केवल लिंगहीसे तेरा क्या कार्य होता है अर्थात् कुछ भी नहीं होता है।

भावार्थ :– यहां ऐसा जानो कि–लिंग ऐसा चिह्नका नाम है, वह बाह्य भेष धारण करना मुनिका चिह्न है, ऐसा यदि अंतरंग वीतरागस्वरूप धर्म हो तो उस सहित तो यह चिह्न सत्यार्थ होता है और इस वीतरागस्वरूप आत्माके धर्मके बिना लिंग जो बाह्य भेषमात्रसे धर्मकी संपत्ति–सम्यक् प्राप्ति नहीं है, इसलिये उपदेश दिया है कि अंतरंग भावधर्म रागद्वेषरहित आत्माका शुद्ध ज्ञान–दर्शनरूप स्वभावधर्म है उसे हे भव्य! तू जान, इस बाह्य लिंग भेषमात्रसे क्या काम है? कुछ भी नहीं। यहाँ ऐसा भी जानना कि जिनमतमें लिंग तीन कहे हैं–एक तो मुनिका यथाजात दिगम्बर लिंग १, दूजा उत्कृष्ट श्रावकका २, तीजा आर्यिकाका ३, इन तीनों ही लिंगोको धारण कर भ्रष्ट हो जो कुक्रिया करते हैं इसका निषेध है। अन्यमतके कई भेष हैं इनको भी धारण करके जो कुक्रिया करते हैं वह भी निंदा पाते हैं, इसलिये भेष धारण करके कुक्रिया नहीं करना ऐसा बताया है।।२।।

## ગાથા-૨ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો લિંગ બાહ્યભેષ હૈ વહ અંતરંગ ધર્મસહિત કાર્યકારી હૈ :–'** હવે કહે છે કે નગ્નપણું હો, પણ એકલું નગ્નપણું અંતરના ભાન અને અનુભવ વિના કાર્યકારી નથી.

धम्मेण होइ लिंगं ण लिंगत्तेण धम्मसंपत्ती।
जाणेहि भावधम्मं किं ते लिंगेण कायव्वो।।२।।

પાછું એમ કરીને કાઢે કે લિંગથી કંઈ કાર્ય થતું નથી માટે ગમે તેવું લિંગ હોય. એમ નહિ. સમજાણું કાંઈ? 'શ્રીમદ્'માંથી એ નાખે છે ને બધા, 'જાતિ વેશનો ભેદ નહિ કહ્યો માર્ગ જો હોય.' જ્યાં ત્યાં એ નાખે. પણ આ 'કુંદકુંદાચાર્ય' કહે છે ઈ? એને 'શ્રીમદ્' ગુરુ માન્યા છે. એ તો આમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભાવ ઈ, પણ લિંગ? એ વળી ભાવ જુદી વાત થઈ. ભાવ જુદો. ભાવ બરાબર છે. લિંગ કેવું હોય એ અહીં વાત ચાલે છે. સ્ત્રીનું લિંગ હોય નહિ.

મુમુક્ષુ :- લિંગ કંઈ કરતું નથી, બાહ્ય લિંગ ગમે તેવું હોય.

ઉત્તર :- એ જ વાંધા છે. કરતું નથી પણ નિમિત્ત હોય એવું જ હોય. એ માટે તો આ બનાવ્યું છે. 'કેશવલાલજી' એમ કહેતા. કીધું હતું ને આને? 'ચેતનજી'ને. નિમિત્ત ગમે તેવું હોય. નિમિત્ત ગમે તેવું હોય નહિ. હોય જ નહિ. ગતિ જીવ કરે ત્યારે નિમિત્ત, જીવ અને પુદ્ગલ ગતિ કરે ત્યારે ધર્માસ્તિકાય જ નિમિત્ત હોય, બીજું નિમિત્ત હોય જ નહિ. છતાં નિમિત્તે કર્યું નથી. કરે તો નિમિત્ત નહિ અને અનુકૂળ ન હોય તો નિમિત્ત કહેવાય નહિ. વાંધા મોટા, મોટા વાંધા. ઝઘડા.. ઝઘડા... ઝઘડા. આહાહા..!

'**ધર્મ સહિત તો લિંગ હોતા હૈ પરંતુ લિંગમાત્રહી સે ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ,...**' એમ કહે છે. જુઓ! ધર્મ સહિત જો લિંગ હોય એ હોય, એ બરાબર છે. એમ કહે છે, આત્માના અનુભવનું વીતરાગી સમકિત જ્ઞાન ને શાંતિ (હોય) એવી દશામાં લિંગ નગ્નપણું એ બરાબર છે, કહે છે. પણ '**લિંગમાત્રહીસે ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ,...**' પણ બાહ્યનું લિંગ નગ્ન ધારણ કર્યું માટે ધર્મ પ્રાપ્તિ થાય એમ નથી. ભારે ભાઈ વાત. સમજાણું કાંઈ? '**લિંગમાત્રહીસે ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ,...**' નગ્ન ધારણ કર્યા અને બહાર મહાવ્રતના વિકલ્પ થયા માટે ધર્મ છે એમ બિલકુલ નહિ. એ ધર્મ છે જ નહિ. નગ્નપણું એ ધર્મ નથી અને પંચ મહાવ્રતનો વિકલ્પ પુણ્યના પરિણામ છે. એ પણ ધર્મ નથી. આહાહા...! સમજાણું કાંઈ?

'**ઈસલિયે હે ભવ્યજીવ! તૂ ભાવરૂપ ધર્મકો જાન...**' અંતરનો ભગવાન આત્મા આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ (છે), એનું જ્ઞાન કર એટલે એનો આશ્રય કર અને એનો અનુભવ કર તો ધર્મની પ્રાપ્તિ થાય. બાહ્ય લિંગ ભેખ નગ્ન ધાર્યો એમાં શું થઈ ગયું. નગ્ન તો બધા કૂતરા પણ ફરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં કાઢ્યા?

અહીં તો લિંગ હો ભલે પણ એ લિંગથી આત્માનું કલ્યાણ નથી. કલ્યાણ નથી છતાં લિંગ બીજું હોય એમ નથી. આવી વાત છે. મુનિનું લિંગ તો નગ્ન દશા દિગંબર દશા, એક વસ્ત્રનો કટકો પણ નહિ, પાત્ર લેવાનું ક્યાંથી હોય? આહાહા...! 'ગૌતમસ્વામી' જેવા આહાર વહોરવા ગયા પાત્રા લઈને. પાણી ને આહાર. ભગવાને બતાવ્યા.

મુમુક્ષુ :- એ પાછા ભગવાન માટે લેવા ગયા હતા ને?

ઉત્તર :- એના માટે, પોતા માટે લેવા ગયા હતા. ગૌતમ તો પોતા માટે ગયા હતા.

મુમુક્ષુ :- દવા લેવા..

ઉત્તર :- દવા માટે બીજા સાધુ ગયા હતા. ..

મુમુક્ષુ :- ભગવાનને ખબર છે કેમ?

ઉત્તર :- આહાર વહોરીને લાવે બતાવે કે આ પ્રમાણે હું લઈ આવ્યો છું. એવો પાઠ છે. શ્વેતાંબરના ઉપાસકમાં. 'ગૌતમસ્વામી' વહોરવા ગયા. બહાર ભગવાન ઉતર્યા હતા ને ગામમાં વહોરવા ગયા જોળીમાં પાત્રા ભરીને. એમાં આનંદ શ્રાવકે સંથારો કરેલો. આનંદ શ્રાવક આવે છે એમાં. સંથારો કરી એની પાસે ગયા. ગયા તો કહે, અવધિજ્ઞાન કેવું છે તમને? સ્વામી મને આટલું થયું. એવું અવધિજ્ઞાન ન હોય, 'ગૌતમ' કહે. મહારાજ! પછી 'ગૌતમ' કહે પ્રાયશ્ચિત લ્યો. સાહેબ! સાચાનું પ્રાયશ્ચિત કે ખોટાનું? એટલે 'ગૌતમસ્વામી' ભગવાન પાસે ગયા. ભગવાનને આહાર બતાવ્યો. મહારાજ! આ પ્રમાણે મારે વાત થઈ છે. કહે, ભૂલ છે તારી. એને અવધિજ્ઞાન થયું છે એ બરાબર થઈ શકે છે. કહો, એ ગણધર પણ ભૂલે.

મુમુક્ષુ :- .. ગણધર ભૂલ્યા.

ઉત્તર :- એટલી ખબર ન હોય કે શ્રાવક હોય ધર્મી, ધર્માત્મા, હોં! સમકિતી અનુભવી. વાડાવાળા શ્રાવકની ક્યાં વાત છે આ? એને એવું અવધિજ્ઞાન થાય છે. અંતરથી દ્વિપ સમુદ્ર ભાળે. આ કહે, એવડું મોટું ન થાય. પ્રાયશ્ચિત લ્યો, પ્રાયશ્ચિત સાચાનું કે ખોટાનું? તમે લ્યો એમ ન કહ્યું.

મુમુક્ષુ :- પંચમ કાળમાં તો અવધિજ્ઞાન થતું જ નથી.

ઉત્તર :- પહેલા શરૂઆતમાં છે આ. પંચમકાળની શરૂઆતમાં હતા.

અહીં તો કહે છે ભાવ અંતરના, આનંદના અને સમ્યગ્દર્શન અને અનુભવ વિના એકલું બાહ્ય લિંગ કાંઈ ધર્મનું કાર્ય કરતું નથી. એવા ભેખ તો અનંત વાર ધારણ કર્યા. પણ ભેખ હોય તો એ જ હોય. પણ એ ભેખ છે એ ધર્મનું કારણ નથી. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૭૬, ગાથા-૨ થી ૬, શનિવાર, પોષ વદ ૫, તા.૧૬-૧-૭૧

લિંગપાહુડ. ગાથા-૨. એનો ભાવાર્થ ચાલે છે.

'**ભાવાર્થ :- યહાં ઐસા જાનો કિ-લિંગ ઐસા ચિહ્નકા નામ હૈ,...**' અહીંયાં લિંગ વીતરાગદેવ 'કુંદકુંદાચાર્ય' મહારાજ વીતરાગદેવે કહ્યું કે મુનિનુ લિંગ કેવું હોય ભાવ અને દ્રવ્ય? એનું વર્ણન છે આમાં. '**લિંગ ઐસા ચિહ્નકા નામ હૈ, વહ બાહ્ય ભેષ ધારણ કરના મુનિકા ચિહ્ન હૈ,...**' નગ્નપણું, દિગંબરપણું, વસ્ત્રરહિતપણું એ બાહ્યલિંગ છે. '**ઐસા યદિ અંતરંગ વીતરાગસ્વરૂપ ધર્મ હો તો ઉસ સહિત તો યહ ચિહ્ન સત્યાર્થ હોતા હૈ...**' અંતરમાં આત્મા આનંદસ્વરૂપ વીતરાગસ્વરૂપ છે. એની અંતર અનુભવ દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા હોય તો એ બાહ્યલિંગ શોભે. પણ આ ભાવ ન હોય તો બાહ્યલિંગ શોભે નહિ. એ કહ્યું, જુઓ!

'**અંતરંગ વીતરાગસ્વરૂપ ધર્મ હો...**' રાગસ્વરૂપ વ્યવહાર વિકલ્પ પંચમહાવ્રતાદિ નહિ એ તો વિકલ્પ રાગ છે.

આત્મા એ પુણ્ય-પાપના રાગરહિત શુદ્ધ ચૈતન્ય આનંદ, વીતરાગ જેનું અંતર ત્રિકાળી સ્વરૂપ છે. વીતરાગ એટલે નિર્દોષ. વીત નહિ, રાગ નહિ. એટલે કષાય નહિ એટલે દોષ નહિ. એવો જેનો ત્રિકાળી ભગવાનઆત્મા નિર્દોષ પવિત્ર આનંદ જેનો સ્વભાવ છે. એવી જેને વર્તમાનમાં શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ આનંદ અને વીતરાગભાવની કરી હોય, એને અભ્યંતર લિંગ હોય એને બાહ્યલિંગ શોભા કહેવામાં આવે છે. એકલું બાહ્યલિંગ હોય પણ અંતરમાં વસ્તુસ્થિતિનું ભાન નથી, સમ્યગ્દર્શન નથી, આનંદ નથી, ચારિત્ર આ વીતરાગતા નથી. એને કાંઈ બાહ્યલિંગ નથી. એ તો કુલિંગ જેવું છે. વાસ્તવિક એ લિંગ છે નહિ. કુક્રિયા આગળ કહેશે.

'**ઉસ સહિત તો યહ ચિહ્ન સત્યાર્થ હોતા હૈ ઔર ઇસ વીતરાગસ્વરૂપ આત્માકે ધર્મકે બિના...**' શુદ્ધ ચૈતન્ય વસ્તુસ્વભાવ, એના ભાન, એની દશા અરાગી, વીતરાગી, નિર્દોષદશાની પ્રગટતા ન હોય, વીતરાગ આનંદ જ્યાં અંતર ન હોય, એ વિના '**લિંગ જો બાહ્ય ભેષમાત્રસે ધર્મકી સંપત્તિ-સમ્યક્ પ્રાપ્તિ નહીં હૈ,...**' લ્યો! એનાથી બાહ્યલિંગ નગ્ન ધારણ કરે કે કદાચિત મહાવ્રતના વિકલ્પો પંચમહાવ્રતાદિના હો, એ તો રાગ છે.

મુમુક્ષુ :- એ તો લિંગમાં આવી ગયું.

ઉત્તર :- એ તો બાહ્યલિંગ છે.

અંતરસ્વરૂપ શુદ્ધ આનંદનું ધામ અનાકુળ સત્ત્વ, નિર્દોષ સ્વભાવનો પિંડ આત્મા છે, એની નિર્દોષતા જેની દશામાં-વર્તમાન હાલતમાં-પ્રગટ થઈ હોય. વીતરાગ સમકિત, વીતરાગી જ્ઞાન અને વીતરાગી લીનતા એ વિનાનું બાહ્યલિંગ તો નિરર્થક છે. એને ધર્મની સંપત્તિ સમ્યકૃતા ... ધર્મની પ્રાપ્તિ, ધર્મ એટલે વીતરાગ સ્વરૂપ આત્મા, એની પર્યાયમાં વીતરાગતાની પ્રાપ્તિ એનુ નામ ધર્મની સંપદાની પ્રાપ્તિ. ઝીણો ધર્મ બહુ સૂક્ષ્મ. બાહ્ય ભેખ એકલો કહે છે કે ધારણ કરે પણ અંતર આત્મા વીતરાગમૂર્તિ ચૈતન્ય એનું નિર્વિકલ્પ રાગ વિનાનું સમકિતદર્શન, રાગ વિનાનું સ્વસંવેદનજ્ઞાન, રાગ વિનાની સ્વરૂપમાં લીનતાના વીતરાગી આનંદના ભાવ જેને પ્રગટ્યા ન હોય તો એ બાહ્યલિંગ કાંઈ કામનું નથી. કહો, સમજાય છે? અભ્યંતર આમ લિંગ હોય તો બાહ્યલિંગ આવું હોય. બાહ્યલિંગ બીજું હોય એમ નહિ. એટલી વાત છે. તેથી 'કુંદકુંદાચાર્ય'ને આ લિંગપાહુડ કહેવું પડ્યું.

'**ઈસલિયે ઉપદેશ દિયા હૈ કિ અંતરંગ ભાવધર્મ રાગદ્વેષરહિત આત્માકા શુદ્ધ જ્ઞાન-દર્શનરૂપ સ્વભાવધર્મ...**' આત્માનો સ્વભાવ વીતરાગી શુદ્ધ ચૈતન્ય, એની અંતરમાં સ્વસ્વભાવની સન્મુખની વીતરાગ નિર્દોષ શ્રદ્ધા, વીતરાગ સ્વભાવનું નિર્દોષ જ્ઞાન અને વીતરાગસ્વભાવની લીનતા-અંદર રમણતા-એ રહિત '**આત્માકા શુદ્ધ જ્ઞાન-દર્શનરૂપ સ્વભાવધર્મ હૈ...**' રાગ-દ્વેષરહિત, પુણ્ય-પાપના વિકલ્પની લાગણી રહિત એવો આત્માનો સ્વભાવ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય પવિત્ર ધામ આત્મા, એમાંથી પ્રગટેલી વીતરાગદશા અનુભવના આનંદસહિત, એ વિનાનો બાહ્ય ભેખ નિરર્થક છે. છે?

મુમુક્ષુ :- શું કામ થયું?

ઉત્તર :- શું કામ થયું? એનાથી શું થયું? આહાહા..!

'**આત્માકા શુદ્ધ જ્ઞાન-દર્શનરૂપ...**' કીધું ને? રાગદ્વેષરહિત, પુણ્ય-પાપના વિકલ્પની લાગણીથી રહિત ભગવાનઆત્માનો શુદ્ધ જ્ઞાનદર્શનરૂપ સ્વભાવ, એનું નામ ભગવાન ધર્મ કહે છે. કહો, પંડિતજી! પાંચ મહાવ્રતના વિકલ્પ એ ધર્મ નહિ, એ તો રાગ છે. શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ, પોતે સત્ શાશ્વત વસ્તુ છે. એનું જ્ઞાન અંદર ભરેલું છે સ્વ અને સ્વ આનંદ છે. એવા જ્ઞાન અને આનંદની દશામાં વર્તમાન અવસ્થામાં પ્રગટ થવું, રાગદ્વેષરહિત વીતરાગભાવસ્વરૂપ ધર્મ, એને ધર્મ કહે છે. એ વિના બધી વાતું છે. કહો, સમજાણું કાંઈ?

'**ઉસે હે ભવ્ય! તૂ જાન, ઇસ બાહ્ય લિંગ ભેષમાત્રસે ક્યા કામ** હૈ?' એકલો ભેખ ધારણ કર્યો નગ્નપણાનો, બહાર સાધુપણાનો એનાથી શું કાર્ય? '**કુછ ભી નહીં.**' કાંઈ એમાં કાર્ય તારું છે નહિ. '**યહાં ઐસા ભી જાનના કિ જિનમતમેં...**' વીતરાગ પરમાત્માએ, કેવળજ્ઞાની ત્રિલોકનાથ સર્વજ્ઞ પ્રભુએ '**લિંગ તીન કહે હૈં – એક તો મુનિકા યથાજાત દિગંબર લિંગ ૧,...**' એક મુનિનું દિગંબર લિંગ, માતાએ જેવો જન્મ્યો એવું લિંગ બાહ્ય. '**દૂજા ઉત્કૃષ્ટ શ્રાવકકા,...**' ક્ષુલ્લક આદિ. લંગોટિયા ભેખ હોય. એનો એક ભેખ. '**તીજા આર્યિકાકા,...**' અર્જિકા, સ્ત્રી. એક જ જેને વસ્ત્ર હોય.

'**ઇન તીનોંહી લિંગોકો ધારણ કર...**' ત્રણ આવા લિંગને ધારણ કરી '**ભ્રષ્ટ હો...**' સ્વભાવના ભાન ન મળે, આનંદની ધારા આત્મામાં શું છે, અતીન્દ્રિય આનંદ, હોં! એની ખબરું ન મળે, અતીન્દ્રિય આનંદના જ્યાં અંતરમાં સ્વાદ અને અનુભવ ન મળે એવા ભ્રષ્ટ થઈ '**જો કુક્રિયા કરતે હૈં...**' આત્માના સ્વભાવનું તો ભાન નથી અને રાગાદિની ક્રિયાઓ કરે, પુણ્ય આદિની ક્રિયા કરે '**ઇસકા નિષેધ હૈ.**' એનો અહીં નિષેધ કરવામાં આવ્યો છે. જુઓ! ભગવાન 'કુંદકુંદાચાર્ય' આઠ પાહુડમાં વળી આ એક લિંગપાહુડ લખ્યું. ભગવાન નીકળ્યા જ્યારે ત્યારે એ વખતે સંપ્રદાય નીકળી ગયેલો. એટલે આ વાત એમણે ખાસ નાખવી પડી.

'**અન્યમતકે કઈ ભેષ હૈં...**' વીતરાગસ્વરૂપ આત્મા સિવાય બાહ્યમાં અનેક પ્રકારના ભેખ છે. '**ઇનકો ભી ધારણ કરકે જો કુક્રિયા કરતે હૈં વહ ભી નિંદા પાતે હૈં,...**' જૈનનું લિંગ ધારીને પણ જો કુક્રિયા કરે, અંતર આત્મધર્મ પ્રગટ ન કરે તો એ પણ નિંદાને પાત્ર છે. અન્યના ભેખધારીને એને યોગ્ય ન કરે તો એ પણ નિંદાને પાત્ર છે. '**ઇસલિયે ભેષ ધારણ કરકે કુક્રિયા નહીં કરના...**' રાગની ક્રિયા એ કુક્રિયા છે ખરેખર. આહા..! સુક્રિયા તો આત્માની પુણ્ય-પાપના રાગ વિના નિર્દોષ આત્માની શાંતિ અને વીતરાગી અંતરની પરિણતિ ક્રિયા, એને ક્રિયા કહેવામાં આવે છે. આહાહા..! અરે..! અનંતકાળમાં એણે કોઈ દિ' ખબરું લીધી નહિ. આ ચોર્યાસીના અવતાર કરી કરીને અનંતકાળમાં એવા અવતાર કર્યા કે ક્યાંય કિંચિત્ સુખ નહિ, એકલું દુઃખ (ભોગવ્યું). સમજાણું કાંઈ?

કહે છે કે વીતરાગમાર્ગનો ભેખ ધારણ કરી અને આવો સ્વભાવ જો પ્રગટ ન કર્યો તો કંઈ પણ તને સંસારના પરિભ્રમણનો અભાવ નહિ થાય. સમજાણું કાંઈ? એ પંચમહાવ્રતની

ક્રિયા હો, દયા આદિ, અહિંસા એ પણ રાગ છે અને એના ફળમાં તો સ્વર્ગ ગતિ મળે, આકુળતા મળે. સ્વર્ગના દેવો થાય. સ્વર્ગના દેવો આ પુણ્ય કરીને જાય ત્યાં પણ અંગારા, કષાયના અંગારાથી શેકાય છે એ. ભગવાનઆત્માનો અકષાય વીતરાગી સ્વભાવ, એને છોડીને દેવો પણ વિષયની વાસનામાં ઝંપલાય છે. બહુ જ અનુકૂળ પુણ્યના ફળમાં, કહે છે કે એ વિષયવાસનારૂપી અંગારા, એમાં એ શેકાય છે. એ દેવો સુખી નથી. રાજા, શેઠિયાઓ કહેવાય આ બધા, પાંચ-દસ કરોડ રૂપિયાના આસામી, કહે છે કે એ બધા રાગથી શેકાય છે. અરે..રે..!

ભગવાનઆત્મા અનાકુળ શાંતરસનું સ્વરૂપ એનું છે ત્રિકાળ. એને છોડીને રાગના ભાવમાં જોડાય જાય છે, એ શાંતિમાંથી અગ્નિમાં શેકાય છે. કહો, રતિભાઈ! બરાબર હશે આ? શું પણ તમને તો કોઈ એવું કહેતા નથી, લ્યો! ઓલા કહે કે સુખી છે. ધીયાનું નામ સાંભળે ત્યાં કહે, ધીયા! ઓહોહો..! એ તો કરોડપતિ સુખી છે એમ કહે છે, લ્યો. કાલે કો'ક આવ્યો હતો એ કહેતો હતો. આ તો ધીયા. વિષ્ણુ હતો વિષ્ણુ. 'ભાવનગર'નો.

મુમુક્ષુ :- કરોડપતિ હોય તો કરોડપતિ જ કહેવાય ને.

ઉત્તર :- કરોડપતિ એટલે શું પણ?

મુમુક્ષુ :- કરોડપતિ એટલે કરોડપતિ.

ઉત્તર :- કરોડપતિ એટલે કરોડપતિ. એમ કહે છે. પૈસાનો પતિ એમ. આહાહા..! પૈસાના પતિનો ભાવ છે એ અંગારો છે, કહે છે. આકરું, ભાઈ! એમ છે? પણ તમને તો બધા સુખી પૈસાવાળા કહે. બધા કારખાના અને ..

મુમુક્ષુ :- એવો અનુભવ છે ઈ જોઈએ ને.

ઉત્તર :- એ તો છે ને ઓલામાં? શું કહ્યું?

મુમુક્ષુ :- એ તો કો'કવાર.

ઉત્તર :- એ કોઈવાર હોય છે, સદાય હોય છે કાંઈ?

મુમુક્ષુ :- આ તો ચોવીસે કલાક સુખ બાકીનાનું.

ઉત્તર :- ધૂળમાંય નથી. ચોવીસે કલાક અગ્નિ સળગે છે. વિકલ્પની લાગણી, રાગની વૃત્તિઓનું ઉત્થાન એ બધું અંગારા-દુઃખ છે, ભાઈ! તને ખબર નથી. એમાં ભગવાનઆત્માનો શાંત શાંતરસ સ્વભાવ દાઝે છે.

કહે છે કે કુક્રિયા ન કરના. પણ સુક્રિયા આત્માના સ્વભાવની, પુણ્ય-પાપના ભાવની વૃત્તિઓ વિનાની સુક્રિયા અંદર જ્ઞાન-દર્શન અને આનંદની કરવી, કે જે બાહ્ય ભેખને પણ સત્યાર્થ કરે છે. નહિતર તો ભેખ નિરર્થક જાય.

आगे कहते हैं कि जो जिनलिंग निर्ग्रंथ दिगम्बररूपको ग्रहणकर कुक्रिया करके हँसी कराते हैं वे जीव पापबुद्धि हैं :–

## ગાથા-૩

जो पावमोहिदमही लिंगं घेत्तूण जिणवरिंदाणं।
उवहसदि लिंगिभावं [१]लिंगिम्मिय णारदो लिंगी।।३।।

यः पापमोहितमतिः लिंगं गृहीत्वा जिनवरेन्द्राणाम्।
उपहसति लिंगिभावं लिंगिषु नारदः लिंगी।।३।।

જે પાપમોહિતબુદ્ધિ, જિનવરલિંગ ધરી, લિંગિત્વને;
ઉપહસિત કરતો, તે વિઘાતે લિંગીઓના લિંગને. ૩.

अर्थ :– जो जिनवरेन्द्र अर्थात् तीर्थंकर देवके लिंग नग्न दिगम्बररूपको ग्रहण करके लिंगीपनेके भावको उपहसता है–हास्यमात्र समझता है वह लिंगी अर्थात् भेषी जिसकी बुद्धि पापसे मोहित है वह नारद जैसा है अथवा इस गाथाके चौथे पादका पाठान्तर ऐसा है – ''लिंगं णासेदि लिंगीणं'' इसका अर्थ–यह लिंगी अन्य जो कोई लिंगोके धारक है उनके लिंगको भी नष्ट करता है, ऐसा बताता है कि लिंगी सब ऐसे ही हैं।

भावार्थ :– लिंगधारी होकर भी पापबुद्धिसे कुछ कुक्रिया करे तब उसने लिंगपनेको हास्यमात्र समझा, कुछ कार्यकारी नहीं समझा। लिंगीपना तो भावशुद्धिसे शोभा पाता है, जब भाव बिगड़े तब बाह्य कुक्रिया करने लग गया तब इसने उस लिंगको लजाया और अन्य लिंगियोंके लिंगको भी कलंक लगाया, लोग कहने लगे कि लिंगी ऐसे ही होते हैं अथवा जैसे नारदका भेष है उसमें वह अपनी इच्छानुसार स्वच्छंद प्रवर्तता है, वैसे ही यह भी भेषी ठहरा, इसलिये आचार्यने ऐसा आशय धारण करके कहा है कि जिनेन्द्रके भेषको लजाना योग्य नहीं है।।३।।

## ગાથા-૩ ઉપર પ્રવચન

'આગે કહતે હૈં કિ જો જિનલિંગ નિર્ગ્રંથ દિગંબરસ્વરૂપકો ગ્રહણકર કુક્રિયા કરકે હંસી કરાતે હૈં વે જીવ પાપબુદ્ધિ હૈ :–' મોક્ષ પાહુડની ૭૮ ગાથામાં પહેલું લીધું હતું. ૭૮. **'पावमोहियमइ लिंगं'**. ૭૮ ગાથા, **'पावमोहियमइ लिंगं'**.

१ पाठान्तर – 'लिंगिम्मिय णारदो लिंगी' के स्थान पर 'लिंगं णासेदि लिंगीणं'।

**जे पावमोहियमइ लिंगं घेत्तूण जिणवरिंदाणं।**
**पावं कुणंति पावा ते चत्ता मोक्खमग्गम्मि।।७८।।**

ઓહો..! '**અર્થ :- જો જિનવરેન્દ્ર...**' જિન એટલે વીતરાગ દૃષ્ટિવાળા સમકિતીને પણ જિન કહેવાય છે. એના વર-ગણધર એને જિનવર કહેવાય છે. અને તીર્થંકરને જિનવર ઇન્દ્ર કહેવાય છે. ગણધરના પણ ઉત્કૃષ્ટ ઇન્દ્ર. જિન-વર-ઇન્દ્ર. જિન એટલે આત્માનું જેને પુણ્ય-પાપ વિનાના વિકલ્પ વિનાનો આત્મા, એવી જેને આત્માની અંતર સમ્યગ્દર્શનની દૃષ્ટિ, આત્માનો અનુભવ થયો છે એને જિન કહેવાય છે. કારણ કે રાગરહિત એટલી આત્માની દૃષ્ટિ થઈ એટલે એને જિન કહેવાય છે. એના જિનવર-મુનિઓ-ગણધરો, જેની ચારિત્રદશા ઉત્કૃષ્ટ ઘણી થઈ છે. એવા જિનવર, એના પણ ઇન્દ્ર. એ તીર્થંકર.

'**જિનવરેન્દ્ર અર્થાત્ તીર્થંકર દેવકે લિંગ નગ્ન દિગંબરરૂપકો ગ્રહણ કરકે લિંગીપનેકે ભાવકો ઉપહસતા હૈ-**' એટલે કે ભેખને ગણતો નથી. એમ. એવો ભેખ પણ ગણતો નથી. '**હાસ્યમાત્ર સમજતા હૈ.**' તે કેવો છે? '**ભેષી જિસકી બુદ્ધિ પાપસે મોહિત હૈ વહ નારદ જૈસા હૈ...**' નારદ-નારદ હોય છે ને? નાટકમાં પહેલું આવે છે. નાટકમાં પહેલું જોયેલું ઘણા વર્ષ પહેલા 'વડોદરા'માં નાટક હતું અનસુયાનું. અનસુયાનું છે ને આ? નર્મદા 'ભરૂચ'ને કાંઠે. એ બે બહેનો હતી. એનું મોટું નાટક હતું વિશ્વામિત્રનું. ઘણાં વર્ષની વાત છે. (સંવત) ૧૯૬૪-૬૫ની. મોટું નાટક. ત્યાં થીએટર છે. ત્યાં માલ લેવા ગયેલા તો રાત્રે જોવા ગયેલા. ચાલો કીધું શું છે આ નાટક. પહેલાના નાટક તો વૈરાગી હતા, હોં! અત્યારે તો બધું ભ્રષ્ટાચાર બધું ફરી ગયું. પહેલા તો વૈરાગી મીરાંબાઈના અને નરસિંહ મહેતાના. એમાં નારદ પહેલો આવે. પડદો નાખે મોટો. 'ધર્મના પુત્ર હું નારદ કહાવું, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું.' એમ બોલે. ચોટલી મોટી રાખે. હાથમાં તંબુરો હોય મોટો. ભાષા બહુ મીઠી નહિ એવી કાંઈ. સારંગ... સારંગ. તંબુરો હલકું નામ છે. સારંગ રાખે. એમ બોલે. ચાખડી પહેરી હોય. 'ધર્મના પુત્ર હું નારદ કહાવું, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું.

મુમુક્ષુ :- નારદ જગપ્રસિદ્ધ.

ઉત્તર :- હા, પ્રસિદ્ધ છે ને. ત્યાં અમે નાટકમાં પણ જોયું હતું 'વડોદરા'માં. અનસુયામાં આવે છે અને આપણે 'રામચંદ્રજી'ને 'લવ-કુશ'. 'સીતાજી'ના પુત્રો બે જન્મ્યા બીજે. વનવાસમાં મૂક્યા હતા ને એને? 'સીતાજી'ને. વનવાસમાંથી એક રાજા એમને લઈ ગયા બહેન તરીકે. એને ઘરે બે પુત્રો જન્મ્યા 'લવ-કુશ'. પછી ઘણા વર્ષે ખબર પડી કે આ અમારી માતા અહીં કેમ? પછી એને ખબર પડી કે તમારા પિતાજીએ આમ કર્યું છે. લડાઈ કરવી છે એની સાથે. નારદ મળી ગયા એને. નારદ મળી ગયા. મહા ચરમશરીરી જીવ છે. લવ-કુશ એ ભવે છેલ્લે મુક્તિ છે. એ ભવ જ છેલ્લો છે એને. એવા ચરમશરીરીમાં પણ આ શું? અમારી માતા મહાસતી, મહાપતિવ્રતા ધર્માત્મા જ્ઞાની સમકિતી હતા. એને આવો ભેખ વનવાસ! લડાઈ કરી મોટી. ... હતા. એકકોર રામ અને લક્ષ્મણ અને એકકોર બે. એવી લડાઈ... એવી લડાઈ... જોવે નારદ. ખુશી થાય. ઘણાં એવા છે, આ તો એક દાખલો.

મુમુક્ષુ :- સીતાજીની અગ્નિપરીક્ષા નાટકમાં જોઈ છે.

ઉત્તર :- નાટકમાં જોઈ. .. ભડકા બળતા હતા. સાથે ગયા. લક્ષ્મણ પણ આવ્યા, હોં! રામને એમ થયું, આ શું છે? આ કોણ છે? રામ અને બળદેવ કોઈ બીજા જાગ્યા? બે ન હોય. ભગવાન કહે છે, રામ અને બળદેવ એક જ હોય, બે ન હોય. આ શું? ત્યાં નારદ આવે છે. છોકરાવને કહે છે, આ તમારા પિતા છે જાવ. પગે લાગો. લડાઈ-બડાઈ થઈ ગઈ સરખી. અહો..! આ તો પિતાજી, અમે તો તમારા પુત્ર છીએ. પણ આ તો તમારું જરી બળ જોયું. લ્યો, એવા લડે અને અત્યારે તો એવા કજીયાળા હોય ને, નારદ લાગે છે માળો. નથી કહેતા? કજિયા કરીને છેટો રહી જાય. છેટો રહી જાય. માથા ફોડો હવે તમે. આહાહા..! એમ આ નારદની જેમ કષાય કરે, એકબીજામાં ખટપટું કરાવે. લિંગ વગોવાય.

'**અથવા ઈસ ગાથાકે ચૌથે પદકા પાઠાન્તર ઐસા હૈ...**' નારદ લિંગી જેવો થઈ જાય, એમ કહે છે. એટલે ભેખના પ્રમાણમાં એની ચેષ્ટા ન હોય તો એ તો વેષને પણ લજાવે છે. '**ઈસ ગાથાકે ચૌથે પદકા પાઠાન્તર ઐસા હૈ 'लिंगं णासेदि लिंगीण' ઈસકા અર્થ – યહ લિંગી અન્ય જો કોઈ લિંગોકે ધારક હૈ ઉનકે લિંગકો ભી નષ્ટ કરતા હૈ,...** ' બધા આવા જ લાગે છે આ તો. એક ભેખધારીને વીતરાગભાવને ન પ્રગટ કરે અને આવા કુતુહલ કરે તો એને લઈને બીજા ધર્માત્મા સાચા હોય એને પણ આને લઈને એમ થાય કે જુઓ, આવા ને આવા બધા લાગે છે એ. બીજા સાચા ભેખધારી ધર્માત્મા આનંદના અનુભવી એવાઓના લિંગને પણ આ લિંગી લજાવે છે. સમજાણું કાંઈ? બોલે જ એવું. સંપ હોય ત્યાં કુસંપ કરાવું. દ્રૌપદિમાં પણ એમ કર્યું હતું. દ્રૌપદી બેઠા હતા ઘરે અને નારદ આવ્યા. દ્રૌપદી ઊભા ન થયા. .. આને પાંચ પાંડવો અને અર્જુનનું જોર લાગે છે. અર્જુન હતા બાણાવળી. ... દ્રૌપદિ તો અર્જુનની સ્ત્રી હતી ને. પાંચની નહોતી, હોં! એ તો લોકો ઠરાવે છે. સતી મહાસતી છે. એ લોકોએ ઠરાવ્યું. મહાસતી અર્જુનને પરણ્યા હતા. પછી પગે ન લાગ્યા નારદને. નારદ કહે, આનો ગર્વ ઉતારું. એ તકરાર કરાવે. જઈને ઘાતકીખંડનો એક રાજા હતો. ઘણી રાણી. પુણ્યવંત મોટો. ત્યાં જઈને આ દ્રૌપદિનું ચિત્ર ચિતરી બતાવ્યું રાજાને. ઓહોહો..! કોણ છે આ? અરે..! તારી આ બધી રાણી થોથા (લાગે), એવી છે એ. એય..! ખોસ્યો ... લઈ આવું જ્યાં હોય ત્યાંથી. લઈ આવ્યા ભાઈ. દેવ હતો દેવ. દેવ હતો એના ઓલામાં કોઈ પ્રેમી દેવ હશે. (એને કહ્યું), જાવ, દ્રૌપદિને લઈ આવો. હવે? સવારમાં ઉઠે ત્યાં દ્રૌપદિ ન મળે. અર્જૂનને થયું, અરે..! ક્યાં ગયા? તપાસ કરતા ક્યાંય હાથ ન આવે. કરતા... કરતા... કરતા.. કેટલો વખત ગયો. વળી નારદ આવ્યા.

હું ઘાતકીખંડમાં ગયો હતો ત્યારે આના જેવી કો'ક હતી એમ કરીને (વાત કરે છે). આવા ને આવા. ત્યાં પેલાને એમ કહે કે ઘાતકીખંડમાં હું ગયો હતો એકવાર, આના જેવી છે. શ્રીકૃષ્ણને (થયું), આના બધા ચાળા છે. આના બધા લક્ષણ લાગે છે. એમ કીધું ત્યાં ભાગ્યા. પણ હાથ પત્તો લાગી ગયો. પછી પાંડવ ગયા છે, એને લઈ આવ્યા, દ્રૌપદિને લઈ આવ્યા. તકરારમાં પણ આ. એવા હોય છે ને કેટલાક? ઘરમાં પણ એવા હોય, કુટુંબમાં પણ એવા હોય, નાતમાં પણ એવા હોય બધા. 'માણેકલાલભાઈ'! એમ સાધુ જ્યાં ત્યાં ક્લેશ કરાવે,

સંપમાં કુસંપ નખાવે. શું કહેવાય? સંઘના બે તડા પાડે. એક પક્ષ મારો અને એક પક્ષ તારો. અરે..! શું છે ભગવાન આ? ગામે ગામ તકરાર.

'**યહ લિંગી અન્ય જો કોઈ લિંગોકે ધારક હૈં ઉનકે લિંગકો ભી નષ્ટ કરતા હૈ, ઐસા બતાતા હૈ કિ લિંગી સબ ઐસે હી હૈં.**' આવા ને આવા હશે બધા. ભાઈ! મહા ધર્માત્માઓ છે. અને એવા લિંગને કારણે બધા લિંગીઓને એમ મનાવે, એમ છે નહિ, ભાઈ! આહાહા..!

'**ભાવાર્થ :- લિંગધારી હોકર ભી પાપબુદ્ધિસે...**' મિથ્યાદષ્ટિ રાગમાં એકાકાર થઈ ગયેલા અને બહાર સાધુ નામ ધરાવે, નગ્ન. એને આત્માનું હિત છે નહિ. પણ અહિત કરનારા છે. '**લિંગધારી હોકર ભી પાપબુદ્ધિસે કુછ કુક્રિયા કરે તબ ઉસને લિંગપનેકો હાસ્યપાત્ર સમજા,...**' શાહુકારનો મોટો વેષ પહેરી અને પછી ઠગ થાય. ઠગ. અરે..! શાહુકારને લજાવ્યા. એમ નથી કહેતા? '**કુછ કાર્યકારી નહીં સમજા.**' અરે..! આવું લિંગ નગ્નપણું, એમાં આવા કજિયા, ક્લેશ, વાદવિવાદ, તોફાન ન હોય. એને ન હોય.

'**લિંગીપના તો ભાવશુદ્ધિસે શોભા પાતા હૈ,...**' ભાવશુદ્ધિસે શોભે. તો શોભે. આહાહા..! જેને બાહ્યમાં એક વસ્ત્રનો તાણો નહિ, એવા અંતરમાં વીતરાગી દશા હોય તો એ શોભે. નહિતર તો લજાવે. આહાહા..! જુઓ! 'કુંદકુંદાચાર્ય'ના વખતમાં પણ કોઈ એવા હોય. એ વખતનું આ શાસ્ત્ર છે. બે હજાર વર્ષ થયા. બે હજાર વર્ષ પહેલાં લખાયેલું. '**જબ ભાવ બિગડે તબ બાહ્ય કુક્રિયા કરને લગ ગયા, તબ ઈસને ઉસ લિંગકો લજાયા ઔર અન્ય લિંગિયોંકે લિંગકો ભી કલંક લગાયા,...**' આવા ને આવા બધા લાગે છે માળા, હાલી નીકળ્યા. એમ કહે છે, હોં! આહાહા..!

'**લોગ કહે કિ લિંગી ઐસે હી હોતે હૈં અથવા જૈસે નારદકા ભેષ હૈ ઉસમેં વહ અપની ઈચ્છાનુસાર સ્વચ્છંદ પ્રવર્તતા હૈ, વૈસે હી યહ ભી ભેષી ઠહરા,...**' નારદે સ્વઈચ્છાએ ગમે ત્યાં કજીયા કરાવે, ક્લેશ કરાવે, અંતેપુરમાં ગરી જાય. આમ બ્રહ્મચારી હોં પોતે. પણ કજીયા કરવાનો ભાવ બહુ બધો. બાકી રાણીઓમાં જાય .. એકલા ઉપરથી ઉતરે રાણીઓના અંતેપુરમાં. કોઈ એને શંકા નહિ. ક્લેશનો ભાવ. પછી ખુશી થાય. આવો ક્લેશ થાય. બાપ-દીકરા વઢે, કુટુંબી વઢે, એક રાજા સાથે બીજો રાજા લડે તો ખુશી થાય. આહાહા..! એમ આ કહે છે કે સંઘમાં તડા પડાવે અને લજ્જા આવે નહિ એને. જ્યાં ત્યાં ક્લેશ કરાવે એમ કહે છે.

'**ઈસલિયે આચાર્યને ઐસા આશય ધારણ કરકે કહા કૈ કિ જિનેન્દ્રકે ભેષકો લજાના યોગ્ય નહીં હૈ.**' વીતરાગ સ્વરૂપ પ્રભુ શાંત ધામ. જેને શુભ વિકલ્પ દયા, દાનનો આવે એ પણ જ્યાં દુઃખરૂપ લાગે છે. એવી જ્યાં દશા, એને લિંગમાં બીજા કુક્રિયા .. અંતરનો ભગવાન શાંતસ્વભાવ, એમાં જ્યાં ઉતર્યા છે, એને આવી કુક્રિયા રાગનો શેનો ભાવ હોય. એવું લજાવવું યોગ્ય નથી.

आगे लिंग धारण करके कुक्रिया करे उसको प्रगट कहते हैं :-

## ગાથા-૪

णच्चदि गायदि तावं वायं वाएदि लिंगरूवेण।
सो पावमोहिदमदी तिरिक्खजोणी ण सो समणो।।४।।

नृत्यति गायति तावत् वाद्यं वादयति लिंगरूपेण।
सः पापमोहितमतिः तिर्यग्योनिः न सः श्रमणः।।४।।

જે લિંગ ધારી નૃત્ય, ગાયન, વાદ્યવાદનને કરે,
તે પાપમોહિતબુદ્ધિ છે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૪.

अर्थ :- जो लिंगरूप करके नृत्य करता है गाता है वादित्र बजाता है सो पापसे मोहित बुद्धिवाला है, तिर्यंचयोनि है, पशु है, श्रमण नहीं है।

भावार्थ :- लिंग धारण करके भाव बिगाड़कर नाचना, गाना, बजाना इत्यादि क्रियायें करता है वह पापबुद्धि है पशु है अज्ञानी है, मनुष्य नहीं है, मनुष्य हो तो श्रमणपना रक्खे। जैसे नारद भेषधारी नाचता है गाता है बजाता है, वैसे यह भी भेषी हुआ तब उत्तम भेषको लजाया, इसलिये लिंग धारण करके ऐसा होना युक्त नहीं है।।४।।

## ગાથા-૪ ઉપર પ્રવચન

'આગે લિંગ ધારણ કરકે કુક્રિયા કરે ઉસકો પ્રગટ કહતે હૈં :-'

णच्चदि गायदि तावं वायं वाएदि लिंगरूवेण।
सो पावमोहिदमदी तिरिक्खजोणी ण सो समणो।।४।।

'**અર્થ :- જો લિંગરૂપ કરકે નૃત્ય કરતા હૈ...**' નાચે, હૈં! '**ગાતા હૈ વાદિત્ર બજાતા હૈ...**' સાધુ થઈને, નગ્ન થઈને. આહાહા..! વહ કૈસા હૈ? '**સો પાપસે મોહિત બુદ્ધિવાલા હૈ,...**' વીતરાગ સ્વભાવ આત્માનો, એવો તો જેણે પ્રગટ કર્યો નથી અને આવા નાચ દુનિયાને નાચી... નાચવું એટલે થનગનાટ પગના ઠેકાણા નહિ એમ. ચાલતો ચાલતો પણ જાણે નાચતો હોય ને આમ આમ પગ મૂકે. શાંત.. શાંત.. જોઈએ. એને ઠેકાણે નાચ જેવા પગ કરે, ગાય, વાજિંત્ર વગાડે. હારમોનિયમ પોતે વગાડે. લ્યો! સાધુ થયો હોય. કંઠથી ગાય. એ ભેખને શોભે? આમ નગ્નપણું, આમ વાજિંત્ર વગાડવા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... તો ખરી પણ એને આ શોભે? વીતરાગતા જ્યાં છવાઈ ગઈ હોય છે.

શાંત.. શાંતરસ જેનો છવાઈ ગયો હોય છે. એમાં આવી ક્રિયા હોય? કહે છે કે એનું ભાન નથી એને. આહાહા..!

એ તો '**તિર્યંચયોનિ હૈ,...**' તિર્યંચ યોનિ છે. '**પશુ હૈ,...**' લ્યો! તિર્યંચ યોનીનો અર્થ પશુ કર્યો. '**શ્રમણ નહીં હૈ.**' તે સાધુ નથી. આહાહા..!

'**ભાવાર્થ :- લિંગ ધારણ કરકે ભાવ બિગાડકર નાચના, ગાના, બજાના ઈત્યાદિ ક્રિયાયેં કરતા હૈ વહ પાપબુદ્ધિ હૈ, પશુ હૈ, અજ્ઞાની હૈ,...**' આહાહા..! આકરી ભાષા. કહ્યું હતું ને? એક ફેરી ધ્રુવનું નાટક હતું. 'ભાવનગર'. ધ્રુવ નથી? ધ્રુવ અને પ્રહલાદ. ધ્રુવનું નાટક હતું. ૧૯૬૯ની સાલ હશે. સંવત્ ૬૯. ધ્રુવનું નાટક હતું. નાનું બાળક છે. એનો બાપ નવી પરણ્યો છે. આ જૂનીનો દીકરો હતો. અને એકલો બાવો થઈ ગયો. લાકડાની ઘોડી હોય ને આમ. બેઠો. નાની ઉંમરનો આઠ વર્ષનો. રાજાનો કુંવર હતો. બે દેવીઓ આવી ઉપરથી. નાટકમાં. આવે છે ને ઓલા પગ મૂકે અને દોરી ઉઠે. ઉપરથી ઉતરે. બે બાજુથી દેવી ઉતરી. .. આમ બેઠા હતા જંગલમાં. ઉપરથી ઉતરી બે. હાવભાવ ચેષ્ટા ખુબ કરી. અરે..! રાજકુમાર! જુઓ! અમારા શરીર તો જુઓ! કોમળ શરીર, આવી આંખ, આવા પગ. જુઓ. એકવાર તું જો તો ખરો અમારી સામું કે આ કોણ છે? બહુ થનગનાટ થઈ રહ્યા પછી ધ્રુવ એટલું બોલે છે, માતા! તારા શરીરની કોમળતા, સુંદરતા, નમણાઈનું શું કહેવું? પણ કદાચિત એકાદ ભવ કરવો હશે તો તારી કૂંખે આવીશ. લે! બીજું તો કાંઈ છે નહિ. આહાહા..! હેં!

'ભાવનગર'ની વાત છે. થીયેટર બનાવ્યું હતું. ૬૯. સંવત્ ૧૯૬૯. કેટલા વર્ષ થયા? ૫૮. એવા તો નાટક પાડે ને. આમ પડદા હોય ને? આખા પડદા પાછા અડધા અડધા હોય લીલા. અડધો આમ, અડધો આમ. જંગલ જેવો દેખાવ કરે ને. આમ ઊંડું ઊંડું લાગે. એમાં ઉપરથી બે દેવી આવી. બહુ ચેષ્ટા કર્યા પછી આટલું બોલ્યા, માતા! તારા શરીરની સુંદરતા, કોમળતા, નમણાઈને તું કહે છો એવું જ છે. માતા! કદાચિત્ એકાદ દેહ ધારણ કરવો હોય, આ ભવમાં મુક્તિ ન હોય તો અવતરીશ, તારે કૂંખે આવીશ. ઓલી તો લજ્જા થઈને હાય હાય ભાગી. નાટક પહેલાં એવા પાડતા વૈરાગી, હોં! આ તો ફિલ્મો-બિલ્મો. એક આમ આંખ કરે અને એક આમ કરે. આ બહારમાં રાખે ને ફોટા જુઓને, રસ્તામાં હતા મોટા મોટા.

મુમુક્ષુ :- એ ..

ઉત્તર :- એ વખત સિનેમા હતા જ નહિ. વૈરાગના નાટકો. મીરાબાઈ, નરસિંહ મહેતા, અનસુયા. એક હતું, કામકુંડલા, એક નાટક હતું. સુધરેલા .. બગડેલા જમાના છે. આહાહા..! પૈસા આપે પણ એને વૈરાગ લઈને આવે અંદરથી.

કહે છે કે સાધુ ભેખધારી ને આવું કરે તો '**બિગાડકર નાચના, ગાના, બજાના ઈત્યાદિ ક્રિયાયે કરતા હૈ વહ પાપબુદ્ધિ હૈ...**' વૈરાગ ન મળે, વૈરાગ ન મળે. આહાહા..! જેને ઈન્દ્રના ઈન્દ્રાસન પણ સડેલા તરણા જેવા લાગે. ધર્મીની દૃષ્ટિમાં આત્માના આનંદના સ્વાદ છે જ્યાં, એવો અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ, એ ચૈતન્યનો અતીન્દ્રિય આનંદ સ્વાદ છે. આહાહા..! એવો ભગવાન સહજાનંદ પ્રભુ આત્મા, સ્વભાવિક આનંદની મૂર્તિ એ તો છે આત્મા. એવા આનંદનું જ્યાં ભાન અને અનુભવમાં સ્વાદ આવ્યો છે, એને ઈન્દ્રના

ઈન્દ્રાસનો પણ ઝેર ઝેરના ટોપલાં જેવા લાગે છે. આહાહા..! એ આવા ગાવા, નાચવા ને એને કેમ હોય? સમજાય છે કાંઈ?

મુનિપણું, દિગંબરપણું એટલે.. ઓહોહો..! ધન્ય અવતાર! જેને એક વસ્ત્રનો ધાગો લેવાનો વિકલ્પ નથી, એટલી વૈરાગ્ય દશા. એને માટે આહાર-પાણી કરેલા હોય તો લેવા નથી. એટલી નિસ્પૃહતા. એવી દશા જેને હોય, એને આવું હોઈ શકે નહિ. નાચવું, ગાવું, બજાવવું. અજ્ઞાની છે, કહે છે, પાપબુદ્ધિ આવું કરે. પશુ છે. '**મનુષ્ય નહીં હૈ,...**' અર્થ કર્યો કે '**મનુષ્ય હો તો શ્રમણપના રખે.**' જોઈ ભાષા! આહાહા..! મનુષ્ય હોય તો સાધુપણું રાખે, ભાવ વીતરાગ રાખે છે. આ તો મનુષ્ય નથી, ઢોર છે, માળો. કહે છે. આહાહા..! મન્યતે ઈતિ મનુષ્ય, જ્ઞાયતે ઈતિ મનુષ્ય. પોતાના સ્વરૂપના આનંદને જાણે એને મનુષ્ય કહીએ. સમજાય છે? બીજા મનુષ્ય સ્વરૂપેણ મૃગા ચરંતી. મનુષ્યના રૂપમાં મૃગલા છે. આહાહા..!

કહે છે કે આવા મુનિને '**જૈસે નારદ ભેષધારી નાચતા હૈ, ગાતા હૈ, બજાતા હૈ, વૈસે યહ ભી ભેષી હુઆ. તબ ઉત્તમ ભેષકો લજાયા, ઈસલિયે લિંગ ધારણ કરકે ઐસા હોના યુક્ત નહીં હૈ.**' આહાહા..! જુઓને. લોકમાં કેવા સજ્જન.. નથી આ ચાંપાવાળાની વાત કરી હતી? એક ચાંપાવાળો થયો છે, સાંભળ્યું છે? કાઠી. 'જેતપુર'માં. બહુ પુણ્યશાળી. નાની ઉંમરનો વર્ષ, દોઢ વર્ષનો. પુણ્યશાળી ક્યાંકથી લઈને આવેલો. આંખ આમ ગંભીરતા.. ગંભીરતા... ઘોડિયામાં સૂતો છે હજી. એમાં એના બાપે એની માની જરી મશ્કરી કરી કાંઈક. આમ મોઢું કરી નાખ્યું. એવું કોઈ તેજ લઈને આવેલો પહેલેથી. કાઠિયાણી. ચાંપાવાળા. વાર્તા આવે છે. કથામાં પહેલું આવતું. કથા શું તમારે નિશાળમાં આવતું. એની માની કાંઈક મશ્કરી કરે છે. છોકરો વર્ષ કે દોઢ વર્ષનો. પણ તેજ એટલું ને આમ હતું. એની માને થયું કે અર..ર..! આ છોકરાએ આવું જોયું. એ અંદર જઈને બળી ગઈ. આ 'જેતપુર' કાઠીનું. બળીને મરી. આહાહા..! જુઓ! એવા તો લોકો લૌકિકમાં સજ્જન હતા.

પછી કો'ક ગામ હતું મોટું ત્યાં એને દીકરો નહોતો. એક ગઢવી આવ્યો અહીં ચાંપાના બાપ પાસે. બાઈ તો મરી ગઈ. ચાંપો છોકરો હોશિયાર થઈ ગયો. ચાંપા મારા ગામમાં આવો તમે. ખુશીથી રહો. બોલી બોલ્યો. આ ગઢવી નહિ? આ શું કહેવાય? બારોટ. બારોટ-બારોટ. બારોટ સમજો છો? બહુ ખુશી થયા. માંગ-માંગ. માંગો તે આપું. દરબાર! ધ્યાન રાખો, નહિ અપાય. મુશ્કેલ પડશે. હું માંગીશ તો. માગ. એ હતો ને મોટો કાઠી. તમે મારે ઘરે આવો મારા ગામમાં. મારા રાજને દીકરો નથી. તમે ત્યાં આવો. તમને પરણાવું કાઠિયાણી અને ચાંપા જેવો છોકરો થાય અને મારા રાજમાં બેસાડવો છે. હા તો પાડી હતી એટલે સાથે તો નીકળ્યા. ચાલ ભાઈ. હા પાડી એટલે પછી વચન તો ફરે નહિ. ચાલ્યા. એકાદ ગામ ગયા. હે ગઢવી! તું મને ત્યાં લઈ જા છો. પણ એ ચાંપો ક્યાંથી આવશે? એ કોણ ચાંપો. એ ચાંપો અને ચાંપાની મા ક્યાંથી હશે ત્યાં? જેને આમ ચાંપે કર્યું ત્યાં ઓલી બળીને મરી ગઈ. તો એને કૂંખે ચાંપા હોય. એમ તું કાઠિયાણી જેને પરણાવીશ ત્યાં ચાંપો થાય એવી કાઠિયાણી નહિ હોય. રહેવા દે મફતનો હેરાન થઈશ. બાપુ જાવ. ચાંપા જાવ પાછા. ચાંપો પાછો ગયો.

એ બોરડીએ આંબા ન પાકે. એ તો ચાંપો એની માની કૂખે (જન્મે). જેને આમ જરી થયું ત્યાં બળીને મરી ગઈ. એવી સજજન બાઈ. ધણીને પણ બોલતા બોલતા આમ થઈ ગયું કે આહાહા..! .. બૈરા! છોકરો જરી આમ મોઢું ફેરવે છે બાળક. છતાં એને એટલું ગોઠ્યું નહિ. એને કૂંખે ચાંપા હોય. આવા બોરડીને કૂંખે આંબા ન પાકે. ક્યાંથી કાઠિયાણી લાવીશ તું? પધારો. ઓલાએ વચન આપ્યું હતું એટલે ચાલ્યો તો ખરો સાથે. પાછો આવ્યો.

એમ પહેલાં માણસો એવા હતા, ભાઈ! શેઠ! ધર્મ નહિ હજી તો. પણ એવા નૈતિક માણસ. તો આવા ભેખ ધારીને આવા આચરણ કરે, એને તે શોભે? કહે છે. જ્યાં મોક્ષના મોતી અને મોક્ષમાં જવાની જાગૃત દશા થઈ છે અને નગ્ન દિગંબરદશા જ્યાં બહાર વર્તે છે, એની શું વાત કરવી!

**'ઉત્તમ ભેષકો લજ્જાયા, ઈસલિયે લિંગ ધારણ કરકે ઐસા હોના યુક્ત નહીં હૈ.'** લ્યો! આહાહા..! આચાર્યને પણ જિનવરનું દિગંબર લિંગ ધારણ કરી અને ક્યાંય પણ એના શરીરના અવયવોમાં, ચેષ્ટામાં કાંઈ વિકૃત અવયવ દેખાય તો એ ચેષ્ટા ધર્મીને શોભે નહિ. આહાહા..! આનંદની ક્રિડામાં મોજ માણતા, બાહ્યલિંગ ભલે દિગંબર હો, નગ્ન હો માતાએ જન્મ્યો એવું, પણ અંદરમાં આનંદની મોજ માણે. એની ચેષ્ટામાં કેટલી અનુકૂળતા અને કેટલી સરળતા, સાદાઈ ને વીતરાગતાની ઝાંખી દેખાતી હોય શરીરમાં. નગ્ન મુનિ એટલે.. આહાહા..! સમજાણું કાંઈ?

આજ કો'ક આવ્યા હતા બે. વયા ગયા લાગે છે. ઓલા નહિ? .. એ. આવ્યા હતા આજે. હું જ્યારે દર્શન કરતો હતો ત્યારે આવ્યા હતા બરાબર. વયા ગયા. આવ્યા હશે. મંદિર થયું છે ને ખબર છે ને 'સોનગઢ'. ... મારી નજર નહોતી. પણ લોકો કહેતા હતા. હું તો આમ અંદર દર્શન કરતો હતો. એ બે આવ્યા હતા. .. શું કહેવાય એ? સલાલમાં હતા ને એ.

---

**आगे फिर कहते हैं :–**

## ગાથા-૫

**सम्मूहदि रक्खेदि य अट्टं झाएदि बहुपयत्तेण।**
**सो पावमोहिदमदी तिरिक्खजोणी ण सो समणो।।५।।**

**समूहयति रक्षति च आर्त्तं ध्यायति बहुप्रयत्नेन।**
**सः पापमोहितमतिः तिर्यग्योनिः न सः श्रमणः।।५।।**

**જે સંગ્રહે, રક્ષે બહુશ્રમપૂર્વ, ધ્યાવે આર્તને,**
**તે પાપમોહિતબુદ્ધિ છે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૫.**

**अर्थ :– जो निर्ग्रंथ लिंग धारण करके परिग्रहको संग्रहरूप करता है अथवा उसकी वांछा चिंतवन ममत्व करता है और उस परिग्रहकी रक्षा करता है उसका बहुत यत्न करता है, उसके लिये आर्त्तध्यान निरंतर ध्याता है, वह पापसे मोहित बुद्धिवाला है, तिर्यंचयोनि है, पशु है, अज्ञानी है, श्रमण तो नहीं है श्रमणपनेको बिगाड़ता है, ऐसे जानना।।५।।**

## ગાથા-૫ ઉપર પ્રવચન

'આગે ફિર કહતે હૈં :-'

**सम्मूहदि रक्खेदि य अट्टं झाएदि बहुपयत्तेण।**
**सो पावमोहिदमदी तिरिक्खजोणी ण सो समणो।।५।।**

'**तिरिक्खजोणी**' શબ્દ વાપર્યો છે. જોયું! એની ઉત્પત્તિ તિર્યંચમાંથી થઈ છે. આ તિર્યંચ જેવો છે. એને વીતરાગની ઉત્પત્તિ થઈ નથી. આત્માની યોનિ-સ્થાન તો આનંદની ઉત્પત્તિનું સ્થાન ભગવાન છે. અતીન્દ્રિય આનંદ અને વીતરાગતાની ઉત્પત્તિનું સ્થાન આત્મા છે. એવું જેને ઉત્પન્ન થયું હોય અને નગ્ન દિગંબર ભેખ હોય તો તો બેય શોભે, કહે છે. પણ અંતરના આનંદની યોનિ ઉત્પન્ન કરી નથી. અંદરમાંથી આનંદ અને વીતરાગતા કરી નથી તો તિર્યંચ યોનિ છે, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ભાષા કડક બહુ છે.

ઉત્તર :- કડક છે. વસ્તુનું સ્વરૂપ છે એવું કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- પરિગ્રહ..

ઉત્તર :- પરિગ્રહ આવો છે. એને ફરે શું થાય? એને નુકસાન છે પણ હવે... વસ્તુની સ્થિતિ કોઈ બીજી છે. બાપુ!

જ્યાં સમ્યગ્દર્શનની દશા પણ બીજી છે. સાધુપણાની ત્યાં શું વાત! આહાહા..! ધન્ય અવતાર જેનો! જેને અતીન્દ્રિય આનંદનો છલોછલ ભરેલો ભગવાન પર્યાયમાં ઉછળી ગયો છે-અવસ્થામાં ઉછળી ગયો છે. આનંદની મોજું માણનાર, વીતરાગી સુખના સ્વાદિયા, એને આ ચેષ્ટાઓ આવી ન હોય. સમજાણું કાંઈ? એના દિગંબર ભેખ શોભે. બાકી બહારના ભેખ લઈને અંતરના ઠેકાણા નહિ. લજાવે છે.

'**અર્થ :- જો નિર્ગ્રંથ લિંગ ધારણ કરકે...**' ભાષા એમ લે છે ને, જુઓને! પાઠમાં એમ આવ્યું હતું ને? '**जिणवरिंदाणं**' લિંગધારી. એમ છે ને? જુઓને! '**लिंगं घेत्तूण जिणवरिंदाणं**' ત્રીજી ગાથાનું પહેલું પદ. જેણે જિનવરનું લિંગ ધારણ (કર્યું). જેવું વીતરાગે લિંગ ધારણ કર્યું હતું, તીર્થંકરો, એવું જેણે લિંગ ધારણ કરીને આવા '**પરિગ્રહકો સંગ્રહરૂપ...**' લ્યો! આહાહા..! પૈસા રાખે, પૈસા માગે. આટલા જોશે સાથે. તીર્થજાત્રા કરવા માટે. એ શોભે નહિ, બાપુ!

'**નિર્ગ્રંથ લિંગ ધારણ કરકે...**' જેમાં એક વસ્ત્રનો તાણો નથી એવો લિંગધારી. '**પરિગ્રહકો સંગ્રહરૂપ કરતા હૈ અથવા ઉસકી વાંછા ચિંતવન મમત્વ કરતા હૈ...**' આવું હોય તો ઠીક, આવું હોય તો ઠીક. પૈસા ભેગા કરે. જુઓને! અત્યારે તો આ બધું ઘણું ચાલે છે ને. '**ઔર ઉસ પરિગ્રહકી રક્ષા કરતા હૈ...**' જુઓ! પૈસાના વ્યાજ ઉપજાવે, પૈસા ભેગા કરે. બીજાના નામે પણ પોતે એનો રક્ષક થાય. ઈ તો એનું એ છે. ઉલમાંથી નીકળીને ચૂલમાં પડ્યો. એ તકરાર થયેલી સમ્મેદશિખરમાં. સાધુને થઈ હતી. પૈસા માટે. સાધુ સાધુમાં મોરપીંછી ઊડી હતી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. શું થાય?

'**પરિગ્રહકી રક્ષા કરતા હૈ ઉસકા બહુત યત્ન કરતા હૈ,...**' પૈસા ભેગા કરાવે, માગે આટલા આટલા મંદિરમાં જોવે છે, ફલાણામાં જોવે છે એમ કરીને રાખે. અરે..! આ તે કાંઈ ધર્માત્માને શોભે છે? '**ઉસકે લિયે આર્તધ્યાન નિરંતર ધ્યાતા હૈ,...**' કહો, પરિગ્રહ રાખે, એની ચિંતા કરે, કોઈ એને ન લઈ જાય તો વ્યાજ ઊપજે. આમ થાય, કોઈ વખતે દુઃખ હોય તો કામ આવે. ધર્મનું કામ... તારો રાગ વિનાનો ધર્મ છે કે આમાં શું ધૂળમાં? પૈસે ધર્મ થાતા હશે? .. ભણે એમાં તારે શું છે? એને ભણવું અને એને જ્ઞાન એને કારણે થાય છે. ચિંતા કરે, પાઠશાળામાં ભેગા કરે છે ને પૈસા? પૈસા માગે. આમ ન કહે પણ આ પાઠશાળા માટે કરો, વિદ્યાર્થીને માટે કરો. એ કાંઈ સાધુનું કામ છે? ઓહોહો..! આચાર્યે પણ વાતને બહુ ખુલ્લી મૂકી દીધી છે.

'**ઉસકે લિયે આર્તધ્યાન...**' ચિંતવના એ રહે. રાત્રે ઊઠે તો ચિંતવના. અરે..! આનું કરવું. આ પાઠશાળા ચાલતી નથી. નામની રાખી, બનાવી. નામ નાખ્યું એને માથે એનું. ચાલતી નથી. હવે એની ચિંતા એને થાય. શેઠિયા એકાદ બે મૂકો કાંઈક પાંચ-પચ્ચીસ હજાર (ખર્ચે). આ બધા મૂઢના ધ્યાન છે. કામ શું છે એનું? આહાહા..! '**આર્તધ્યાન નિરંતર ધ્યાતા હૈ.**'

મુમુક્ષુ :- લોકોનું ભલું થાય.

ઉત્તર :- લોકોનું ભલું થાય છે તો એનાથી થાતું હશે? એ લોકનું ભલું તો એ પોતે આત્મા ઉપર જોવે અને આત્માનું ધ્યાન કરે તો ભલું થાશે. બાહ્ય કારણથી ભલા થાતા હશે?

'**વહ પાપસે મોહિત બુદ્ધિવાલા હૈ, તિર્યંચયોનિ હૈ, પશુ હૈ, અજ્ઞાની હૈ, શ્રમણ તો નહીં હૈ શ્રમણપનેકો બિગાડતા હૈ, ઐસે જાનના.**'

आगे फिर कहते हैं :–

## ગાથા-૬

कलहं वादं जूवा णिच्चं बहुमाणगव्विओ लिंगी।
[1]वच्चदि णरयं पाओ करमाणो लिंगिरूवेण।।६।।

कलहं वादं द्यूतं नित्यं बहुमानगर्वितः लिंगी।
व्रजति नरकं पापः कुर्वाणः लिंगरूपेण।।६।।

દ્યૂત જે રમે બહુમાન-ગર્વિત વાદ-લહ સદા કરે,
લિંગીરૂપે કરતો થકો પાપી નરકગામી બને. ૬.

अर्थ :– जो लिंगी बहुत मान कषायसे गर्वमान हुआ निरंतर कलह करता है, बाद करता है, द्यूतक्रीड़ा करता है वह पापी नरकको प्राप्त होता है और पापसे ऐसे ही करता रहता है।

भावार्थ :– जो गृहस्थरूप करके ऐसी क्रिया करता है उसको तो यह उलाहना नहीं है, क्योंकि कदाचित् गृहस्थ तो उपदेशादिकका निमित्त पाकर कुक्रिया करता रह जाय तो नरक न जावे, परन्तु लिंग धारण करके उसरूपसे कुक्रिया करता है तो उसको उपदेश भी नहीं लगता है, इससे नरकका ही पात्र होता है।।६।।

## ગાથા-૬ ઉપર પ્રવચન

'આગે ફિર કહતે હૈં :-'

कलहं वादं जूवा णिच्चं बहुमाणगव्विओ लिंगी।
[1]वच्चदि णरयं पाओ करमाणो लिंगिरूवेण।।६।।

ભારે આકરી ગાથા. નરકમાં જાશે કહે છે માળા. આહાહા..!

'**અર્થ :- જો લિંગી બહુત માન કષાયસે ગર્વમાન હુઆ...**' અભિમાન કરીને અમે સાધુ છીએ, અમને આમ કરવું જોઈએ, અમારું આ વચન આ થવાનું. '**નિરંતર કલહ કરતા હૈ,...**' જ્યાં હોય ત્યાં ક્લેશ... ક્લેશ... ક્લેશ... આહાહા..! '**વાદ કરતા હૈ,...**' વાદવિવાદના ઝઘડા ઊભા કરે. '**દ્યૂતક્રીડા કરતા હૈ...**' આ જુગાર-જુગાર આદિ. શું કહેવાય તમારે? ચોપાટ. રમે છે ને? ગાય ને ભેંસ ને ઘોડા ને હોય ને લાકડાના. શતરંજ-શતરંજ રમે. આહાહા..! નવરા હોય તો કામ શું હોય પછી? '**વહ પાપી નરકકો પ્રાપ્ત હોતા હૈ...**' એવા આકરા એના પાપના પરિણામ થઈ જાય રૌદ્રધ્યાનના. નરકમાં જાય હેઠે. નારકી થાય, કહે

१. पाठान्तरः 'वच्च' 'वज्ज'।

છે. ત્યાં સુધી લઈ ગયા, લ્યો! ભેખ આડો ન આવે ત્યાં એને. ભાવ ભૂંડા કર્યા હોય તો સીધો નરકમાં ચાલ્યો જાય. ભેખ એનો પડ્યો રહે. ભેખને શું છે? આહાહા..! '**પાપી નરકકો પ્રાપ્ત હોતા હૈ ઔર પાપસે ઐસે હી કરતા રહતા હૈ.**' લ્યો! એવા પાપ કરીને આવું વર્તે છે. ધર્માત્માને એવું હોઈ શકે નહિ.

'**ભાવાર્થ :- જો ગૃહસ્થરૂપ કરકે ઐસી ક્રિયા કરતા હૈ...**' ન્યાય આપે છે થોડો. '**ગૃહસ્થરૂપ કરકે ઐસી ક્રિયા કરતા હૈ ઉસકો તો યહ ઉલાહના નહીં હૈ,...**' એને ઉલાહનો એ નથી. '**ક્યોંકિ કદાચિત્ ગૃહસ્થ તો ઉપદેશાદિકકા નિમિત્ત પાકર કુક્રિયા કરતા રહ જાય...**' ઉપદેશ મળે તો. આહાહા..! અને આ તો થઈ ગયો ઘણી મોટો ગુરુ. હવે એને ઉપદેશ કોણ આપે? ઊંધે પાટે ચડી ગયો હોય એને. '**કદાચિત્ ગૃહસ્થ તો ઉપદેશાદિક...**' તો એને વૈરાગ્ય થઈ જાય એને પોતાને. કારણ કે આપણે ગૃહસ્થ.

'**કુક્રિયા કરતા રહ જાય તો નરક ન જાવે, પરંતુ લિંગ ધારણ કરકે ઉસરૂપસે કુક્રિયા કરતા હૈ તો ઉસકો ઉપદેશ ભી નહીં લગતા હૈ,...**' લ્યો! એ તો ઉપદેશક પોતે હોય. એને ઉપદેશ બીજાનો શેનો લાગે? અમે ઉપદેશક છીએ. અમને કોણ સંભળાવે? એ ભૂંડા પરિણામ કરે, આર્તધ્યાન કરે, રૌદ્રધ્યાન કરે એને ઉપદેશ પણ બીજાનો લાગે નહિ. '**ઇસસે નરકકા હી પાત્ર હોતા હૈ.**' એ નરકની ગતિમાં જ જવાના છે. માટે મુનિઓએ આવું કરવું નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे फिर कहते हैं :–**

## ગાથા-૭

**पाओपहदंभावो सेवदि य अबंभु लिंगिरूवेण।**
**सो पावमोहिदमदी हिंडदि संसारकंतारे।।७।।**

**पापोपहतभावः सेवते च अब्रह्म लिंगिरूपेण।**
**सः पापमोहितमतिः हिंडते संसारकांतारे।।७।।**

**જે પાપ-ઉપહતભાવ સેવે લિંગમાં અબ્રહ્મને,**
**તે પાપમોહિતબુદ્ધિને પરિભ્રમણ સંસૃતિકાનને. ૭.**

**अर्थ :– पापसे उपहत अर्थात् घात किया गया है आत्मभाव जिसका ऐसा होता हुआ जो लिंगीका रूप करके अब्रह्मका सेवन करता है वह पापसे मोहित बुद्धिवाला लिंगी संसाररूपी कांतार–वनमें भ्रमण करता है।**

**भावार्थ :– पहिले तो लिंग धारण किया और पीछे ऐसा पाप–परिणाम हुआ कि व्यभिचार सेवन करने लगा, उसकी पाप–बुद्धिका क्या कहना? उसका संसारमें भ्रमण क्यों न हो?**

**जिसके अमृत भी जहररूप परिणमे उनके रोग जानेकी क्या आशा? वैसे ही यह हुआ, ऐसे का संसार कटना कठिन है।।७।।**

## પ્રવચન નં. ૧૭૭, ગાથા-૭ થી ૯, રવિવાર, પોષ વદ ૬, તા.૧૭-૧-૭૧

'અષ્ટપાહુડ'. સાતમું પાહુડ છે. છ પાહુડ પૂરા થઈ ગયા. આચાર્યદેવ 'કુંદકુંદાચાર્ય' મહારાજ, સાધુપણું નગ્નપણું હોય અને અંતરમાં ભાન ન હોય, આત્માનું દર્શન એ પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ છે, એવા સમ્યગ્દર્શનને પામ્યા વિના એટલે કે આત્માનો સ્વભાવ શુદ્ધ જ્ઞાન અને આનંદ છે એવું જેને અંતર શ્રદ્ધામાં, અનુભવમાં આવ્યું નથી અને એવા આત્માના આત્મજ્ઞાન વિના સાધુ નગ્ન થઈ જાય, એ બધા ભેખને લજાવે અને કુક્રિયા કરે એની વાત ચાલે છે અત્યારે. સમજાણું કાંઈ? અધિકાર તો બધો ઘણો આવી ગયો ને. આ તો છેલ્લો હવે લિંગ અને શીલની વાત છે.

સાધુપણું નગ્નદશા હોય છે. ઓહો..! આનંદની દશા એ. જે અતીન્દ્રિય આનંદના અનુભવમાં એને પૂર્ણ પ્રાપ્તિની અભિલાષ, પૂર્ણ આનંદની મુક્તિ દશા, એવા જીવોનો નગ્ન ભેખ શોભે છે. પણ આવું જેને અંતર ભાન નથી અને એકદમ બહારની ક્રિયાકાંડમાં જોડાય, સ્ત્રી-કુટુંબ છોડી દીધા પણ ભાવ તો શુદ્ધ થયો નહિ. શુદ્ધભાવ જે આત્મા મહા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ સ્વભાવનો ભંડાર, એવું શુદ્ધતાનું અંદર ભાન થયા વિના સાધુના લિંગ ધારણ કરે એને અહીંયાં નિષેધ કર્યો છે. એ કરતાં તો ગૃહસ્થાશ્રમમાં પણ રહીને આત્મજ્ઞાન અને આત્મદર્શનનો અનુભવ કરે તોપણ એ ધર્મને પંથે-રસ્તે છે. આત્માના ભાન વિના સાધુ થાય એની વાત વર્ણવે છે.

**पाओपहदंभावो सेवदि य अबंभु लिंगिरूवेण।**
**सो पावमोहिदमदी हिंडदि संसारकंतारे।।७।।**

સાતમી ગાથા.

'**અર્થ :- પાપસે ઉપહત અર્થાત્ ઘાત કિયા ગયા હૈ...**' આતમભાવ. આત્માનો આનંદ, જ્ઞાન સ્વભાવ. એને મિથ્યાત્વ અને અજ્ઞાન દ્વારા જેનો ઘાત (કરવામાં આવ્યો) છે '**જિસકા ઐસા હોતા હુઆ જો લિંગીકા રૂપ કરકે...**' નગ્ન રૂપ ધારણ કરે. અંદરનું તો ભાન નથી. એટલે '**અબ્રહ્મકા સેવન કરતા હૈ...**' 'શાંતિભાઈ'! ખબર છે કે નહિ? નહિ? તે દિ'ની ખબર નથી? (સંવત) ૧૯૮૬ની સાલ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા એ. મરી ગયા. ખબર છે ને. ત્યાં મળ્યા હતા. ૮૬માં હું ત્યાં હતો 'ભાવનગર'. અને એ આવ્યા હતા. ત્રણ નગ્ન સાધુ હતા. પણ આત્માનું ભાન ન મળે. બહારનાં ડંફાસ. 'વજુભાઈ' ત્યાં વિનંતી કરવા ગયેલા 'પાલિતાણે'. મને ખબર છે આ સાધુ છે. જોઈએ કીધું સાધુ કેવા હતા. સંપ્રદાયમાં હતા ને ત્યારે ૮૬માં. ૮૬માં. કેટલા વર્ષ થયા?

૪૫ વર્ષ પહેલાંની વાત છે. ત્યાં તો કાંઈ ઠેકાણું ન મળે. આહાહા..!

વસ્તુ અંતર આત્મા આનંદમૂર્તિ પ્રભુ છે એની અંતરમાં દૃષ્ટિ, ભાન અને આત્માનો આનંદનો સ્વાદ જ્યાં આવ્યો નથી એવા જીવો ભેખ ધારણ કરે તો એને અબ્રહ્મ સેવવાના પણ પરિણામ થઈ જાય એમ કહે છે. સમજાણું કાંઈ? સ્વરૂપ ભગવાનઆત્મા જેના અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો સડ્યા મીંદડાના ક્લેવર જેવા લાગે. એમ કહે છે. એવી ચીજ છે. આહાહા..! ઈન્દ્રના ઈન્દ્રાસનો અને ઈન્દ્રાણીઓના વિષય, જેને આત્માનું ભાન થાય છે સમ્યક્ અનુભવ, એને એ બધા સડેલા કૂતરા હોય એવું એને લાગે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા સત્ શાશ્વત ચિદ અને જ્ઞાન અને આનંદ તે સચ્ચિદાનંદ, એનું જેને અંતરમાં ભાન નથી એ બીજે વળ્યા વિના રહેતા નથી. એમ કહે છે.

'**જો લિંગીકા રૂપ કરકે અબ્રહ્મકા સેવન કરતા હૈ વહ પાપસે મોહિત બુદ્ધિવાલા...**' ધર્મબુદ્ધિ તો થઈ નથી. બહુ આકરી વાત છે. ચૈતન્યનું સમ્યગ્દર્શન, જેવું એનું સ્વરૂપ છે એવું અંતરમાં ભાન થઈને પ્રતીત થવી એ તો વસ્તુનો ખ્યાલ તો આવ્યો નથી. એટલે ક્યાંક બીજે ઝુકી જાય જ. આહાહા..! અને વેગે લઈને સાધુપણા આદિના વેષ લઈ લીધા હોય. કહે છે કે એવા '**પાપસે મોહિત બુદ્ધિવાલા લિંગી સંસારરૂપી કાંતાર-વનમેં...**' સંસારવનમાં ઘૂમે છે અને ઘૂમશે. આહાહા..! ચોર્યાસીના અવતાર અનાદિના એક એક... ચોર્યાસી લાખ યોનિ છે ને અવતાર? એક એકમાં અનંત વાર જન્મ્યો છે. એ કાંઈ નવી ચીજ નથી. એવા આત્માના ભાન વિના સાધુ થાય તોપણ ચોર્યાસી લાખના વનમાં-કાંતારમાં-ભટકશે એમ કહે છે. સમજાણું કાંઈ? '**સંસારરૂપી કાંતાર-વનમેં ભ્રમણ કરતા હૈ.**' ભેખ કાંઈ તારણ થાતો નથી.

ભાવાર્થ. પહેલાં એ ચાલતું. આ સંપ્રદાયમાં ચાલતું. પણ ભેખ છે ને. ભેખ તો છે. બહાનું તો છે ને ભગવાનનું. 'પ્રકાશદાસજી'ને મોઢે હતું. 'બહાના દેખી નમણા નહિ કરણી શું કામ? તરુવરમેં કાટા ભયા છાયામેં વિશ્રામ.' એવી કડી છે. સંપ્રદાયમાં ચાલતી. ૪૦-૫૦ વર્ષ પહેલાંની વાત છે. તરુવર નામ બાવળ. બાવળ સમજો છો? બબુલ. બાવળમાં કાંટા હોય પણ છાંયો તો આપે ને? સંપ્રદાયમાં બહુ ચાલતું. વેષ પહેર્યો છે ને, સાધુ થયા છે ને, બહાનું છે ને. છોકરાઓ! સાંભળવામાં ધ્યાન રાખવું, હોં! અહીંયાં વાતું ન કરવી. ન સમજાય તો પણ સાંભળવું. છોકરા ન સમજે. આ તો સાદી ભાષા છે. આમાં કાંઈ.. આહાહા..!

'બહાના દેખી નમણા નહિ કરણી શું કામ?' બહાનું દેખીને આપણે જય નારાયણ કરવા. એની શું કરણી છે અને શું જ્ઞાન છે અને શ્રદ્ધા એનું ન પરખવું. 'જેમ તરુવરમેં કાંટા ભયા...' બાવળમાં કાંટા હોય પણ આપણે છાંયાનું કામ છે. એમ એક જણે અહીંયાં કહ્યું હતું. 'તુલસીદાસ' થઈ ગયા ને 'તુલસીદાસ'? એ 'તુલસીદાસ' એની સામે જવાબ આપે છે. આ 'રામાયણ'ના કર્તા, તુલસી. 'બહાના દેખી નમણા, નહિ કરણી શું કામ' તેં કહ્યું. પણ અમે કહીએ (છીએ), 'બહાના હૈ બહુ ભાતકા ઉસમેં હૈ એક નરમ. સબહી છાયા બેસીએ પણ ન બેસીએ મીણા હરમ.' એ મીણાહરમ નામનું એક ઝાડ થાય છે. મીણાહરમ. એવું એક ઝાડ થાય છે. નથી સાંભળ્યું? એ નથી સાંભળ્યું. અહીં તો ઘણા પુસ્તકો અને શાસ્ત્રો, હજારો શાસ્ત્રો જોયા. હોય નજરે.

મુમુક્ષુ :- રાજકોટ દરબારનો મહેલ છે ને, ત્યાં માણસ જાય તો મુંઝાય.

ઉત્તર :- હા, મુંઝાય. છે આ શાસ્ત્ર કહે છે ને.

'તુલસીદાસે' કહ્યું એમ કીધું ને. 'બહાના હૈ બહુ ભાતકા ઉસમેં હે એક નરમ, સબહી છાયા બેસીએ પણ ન બેસીએ મીણાહરમ. મીણા પર પક્ષી મરે, વાકું વર્તે કેર. તુલસી કહે બહાના દિયા, બહાને બહાને ફેર.' એવું આવે છે. અમારે તો ઘણી નાની ઉંમરમાં એ વાત ચાલી હતી. અહીં તો અત્યારે વળી આ ભેગું મળ્યું એટલે યાદ આવ્યું. બહાના બધી જાતના પણ આવા બહાના ધર્મના નામ લઈને ગોટા વાળે એ બહાના તો મીણા હરમ જેવા છે કહે છે. એને છાંયે બેસવા જેવું નથી. મારી નાખશે. 'મીણા પર પક્ષી મરે, વાકું વર્તે કેર,..' ઉપર ફરે તો મારી નાખે. હેઠે (પડે) તોય મરી જાય. એ ઝાડનો સ્વભાવ છે. મરી જાય. 'તુલસી કહે બહાના લિયા બહાને બહાને ફેર.' બહાના સંસારના જુદી જાતના અને ધર્મને નામે આવા ભેખ ધારણ કરી અને ગોટા વાળે, આત્માનું ભાન ન મળે. મરી જઈશ ચોર્યાસીના અવતારમાં જઈશ. વનમાં. એમ કીધું ને? ત્યાં બહાનું નહિ ચાલે તને. આહાહા..!

'**ભાવાર્થ :- પહિલે તો લિંગ ધારણ કિયા...**' ભેખ લઈ લીધો નગ્નપણું. '**ઔર પીછે ઐસા પાપ-પરિણામ હુઆ કિ વ્યભિચાર સેવન કરને લગા,...**' વિષય સેવન. '**ઉસકી પાપ-બુદ્ધિકા ક્યા કહના?**' એની પાપબુદ્ધિનું શું કહેવું? '**ઉસકા સંસારમેં ભ્રમણ ક્યોં ન હો?**' ન વધારાનો છે. એને સંસારમાં ભ્રમણ કેમ ન હોય? એમ. એટલે હોય જ. એમ. એ ભ્રમણ કેમ ન હોય. '**જિસકે અમૃત ભી જહરરૂપ પરિણમે...**' રોગ હોય એને અમૃત આપે એને ઝેરરૂપે પરિણમે '**ઉનકે રોગ જાનેકી ક્યા આશા?**' અમૃત આપે અમૃત. અને ઝેર થાય. હવે એને રોગ જવાની આશા શી? એમ સાધુનો ભેખ, એમાં આવા મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ, ધર્મને બહાને જગતને ઠગવા, લોકો તો બિચારા સાધારણ માણસ હોય એ કહે, આપણા કરતા સારા છે ને. એમ કરીને જય નારાયણ કરે.

કહે છે કે '**જિસકે અમૃત ભી જહરરૂપ પરિણમે ઉનકે રોગ જાનેકી ક્યા આશા?**' ગમે તે આપો. એને અમૃત જ્યાં પડે ત્યાં ઝેર થાય. એમ જેને આ ભેખ મળ્યો આવો. નગ્ન દિગંબર લિંગ... આહાહા..! એમાં જેને મિથ્યાત્વ અને અજ્ઞાનના સેવન અને અબ્રહ્મના સેવન, સ્ત્રી આદિના.. આહાહા..! એને વનમાં જવું કેમ ટળે એનું કહે છે. ચોર્યાસી વનમાં ભટકશે. '**વૈસે હી યહ હુઆ, ઐસે કા સંસાર કટના કઠિન હૈ.**' એવા જીવનો સંસાર નાશ થવો કઠણ છે. એટલે કે સંસાર નાશ થાય નહિ. ચોર્યાસીના અવતારમાં, ભવજળમાં બૂડતો ડૂબતો ચાલ્યો જાશે ચાર ગતિમાં. અરે..! લોકોને ભવજળ ચોર્યાસીના અવતાર શું છે એની ખબર ન મળે. ચોર્યાસીના ભવજળમાં ડૂબતો, રખડતો, રઝળતો, ક્લેશિત થતો રખડે છે. એને કહે છે કે આવા નગ્ન દિગંબર જેવા ભેખનો યોગ મળ્યો અને એને પણ જ્યારે આ સવળું ન થયું તો હવે એને ભવ સંસાર નાશ થવાનો બીજો કોઈ ઉપાય નથી.

आगे फिर कहते हैं :-

## ગાથા-૮

दंसणणाणचरित्ते उवहाणे जइ ण लिंगरूवेण।
अट्टं झायदि झाणं अणंतसंसारिओ होदि।।८।।
दर्शनज्ञानचारित्राणि उपधानानि यदि न लिंगरूपेण।
आर्त्तं ध्यायति ध्यानं अनंतसंसारिकः भवति।।८।।
જ્યાં લિંગરૂપે જ્ઞાનદર્શનચરણનું ધારણ નહીં,
ને ધ્યાન ધ્યાવે આર્ત, તેહ અનંતસંસારી મુનિ. ૮.

अर्थ :- यदि लिंगरूप करके दर्शन ज्ञान चारित्रको तो उपधानरूप नहीं किये (-धारण नहीं किये) और आर्त्तध्यानको ध्याता है तो ऐसा लिंगी अनन्तसंसारी होता है।

भावार्थ :- लिंग धारण करके दर्शन ज्ञान चारित्रका सेवन करना था वह तो नहीं किया और परिग्रह कुटुम्ब आदि विषयोंका परिग्रह छोड़ा उसकी फिर चिंता करके आर्त्तध्यान ध्याने लगा तब अनंतसंसारी क्यों न हो? इसका यह तात्पर्य है कि-सम्यग्दर्शनादिरूप भाव तो पहिले हुए नहीं और कुछ कारण पाकर लिंग धारण कर लिया, उसकी अवधि क्या? पहिले भाव शुद्ध करके लिंग धारण करना युक्त है।।८।।

## ગાથા-૮ ઉપર પ્રવચન

'આગે ફિર કહતે હૈં :-'

दंसणणाणचरित्ते उवहाणे जइ ण लिंगरूवेण।
अट्टं झायदि झाणं अणंतसंसारिओ होदि।।८।।

'**અર્થ :- યદિ લિંગરૂપ કરકે...**' લિંગ તો બાહ્ય ભેખ સાધુનો ધારણ કર્યો. પણ '**દર્શન જ્ઞાન ચારિત્રકો તો ઉપધાનરૂપ નહીં કિયે...**' સમ્યગ્દર્શન તો ધારણ ન કર્યું, એમ કહે છે. જુઓ! ઉપધાન શબ્દ આવ્યો છે. ઉપધાન-ધારણ એમ અર્થ કર્યો. જૈન ભેખ ધારણ કર્યો નગ્ન દિગંબર મુનિનો. પણ સમ્યગ્દર્શન તો ધારણ ન કર્યું. એ પ્રથમ ધર્મનું મૂળિયું છે. શરીર, વાણીથી તો જુદો ભગવાન. આ તો માટી છે. કર્મ પણ અંદર ઝીણી માટી-ધૂળ છે, ભાગ્ય. પણ પુણ્ય અને પાપ શુભ-અશુભભાવ એ વિકાર છે એનાથી ભિન્ન ભગવાન, એના જેને અંતર દર્શન-શ્રદ્ધા-જ્ઞાન કર્યા નહિ, એણે સમ્યગ્દર્શન ધાર્યું નહિ અને લિંગ એકલું ધારણ કર્યું. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**दंसणणाणचरित्ते उवहाणे**' સમ્યગ્દર્શન એ મહા અમૂલ્ય રતન-ચીજ કે જે રતનથી તેને મુક્તિ ફળે, એવું સમ્યગ્દર્શન ભગવાનઆત્માનું તો ધારણ કર્યું નહિ, કહે છે. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યસ્વરૂપ ચૈતન્ય રત્નાકર દરિયો છે. જેમાં અનંત આનંદ, શાંતિ આદિ અનંત રત્નો ભર્યા છે. એવું કલ્પવૃક્ષ ભગવાનઆત્મા, એનો જેને અંતર અનુભવ કરીને સમ્યગ્દર્શન તો ધારણ ન કર્યું અને આ ભેખ ધારણ કર્યા. સમજાણું કાંઈ? ટીલા ને ટપકા મોટા કરે છે ને બહારમાં? મોટા જાણે ભગત હોય. આમથી આમ તાણે મોટા. આમ કરે. ને આમ કરે. ભેખ ધારણ કરે. પણ વસ્તુની તો ખબર ન મળે.

કહે છે કે એણે લિંગ ધાર્યું એમાં શું થયું? જે ધારવાનું હતું તે તો ધાર્યું નહિ. જ્ઞાન, દર્શન જ્ઞાન એટલે આત્મા પુણ્ય-પાપના ભાવ વિનાનો. એનું જ્ઞાન, હોં! જ્ઞાન એટલે આ એકલું જાણવું-બાણવું એની વાત નથી. ભગવાનઆત્મા સ્વસંવેદન જ્ઞાનમાં એને આત્મા જણાય અને આત્મા વેદાય. અનાદિના શુભ અને અશુભ પુણ્ય-પાપના વિકલ્પો માઠા-ભૂંડા એનું એને વેદન અનાદિથી અજ્ઞાનીને છે. એ કહે છે કે જેણે જ્ઞાનનું વેદન પ્રગટ કર્યું નથી (અને) ભેખ ધારણ કરી લીધા. અંતર જ્ઞાન એટલે આ જાણવું અને બોલવું એ નહિ. અંતર શુદ્ધ ચૈતન્ય ભગવાન, અનાદિ અનંત અવિનાશી સત્, એના સન્મુખનું વેદન થઈને જ્ઞાન થવું, આત્માનું જ્ઞાન, આત્મજ્ઞાન, આત્મદર્શન, આત્મભાન એને તો પ્રગટ કર્યું નહિ અને ભેખ ધારણ કર્યા. કાંઈ વળ્યું નહિ એમાં. સમજાણું કાંઈ?

સમ્યક્ચારિત્ર. ત્રીજો બોલ. આત્માના સ્વરૂપનું ભાનસહિત અંતર ચરવું. ચરવું એટલે આનંદમાં રમવું. ભગવાનઆત્મા તો અતીન્દ્રિય આનંદનું ધામ છે. પ્રભુ પોતે અતીન્દ્રિય આનંદનું સ્થાન છે. એના ભાનસહિત એમાં રમ્યો નહિ, એમાં ચરે નહિ, એના આનંદની ઉગ્ર દશાને પ્રગટ કરે નહિ, એને ધારે નહિ અને લિંગ ધારે, ભેખ ધારણ કરે તો એને આત્મધ્યાન અને ધર્મધ્યાન હોઈ શકે નહિ. એમ કહે છે, જુઓ!

એ પછી '**ચારિત્રકો તો ઉપધાનરૂપ નહીં કિયે...**' સમજાણું કાંઈ? આ તો આચાર્ય હવે છ પાહુડ વર્ણવ્યા પછી આ છેલ્લું વર્ણવે છે ને? એક બાવીસ શ્લોકનો પાહુડ છે. બાવીસ શ્લોકનો. પણ એને હેતુ એ બતાવવો છે. સાધુ થઈને બેઠો બાયડી-છોકરા, કુટુંબ છોડીને, ભેખ લઈને પણ જે કરવું હતું એ કર્યું નહિ અને નહિ કરવું એ કરીને બેઠો. શેઠ! આહાહા..! કરવાનું તો પ્રભુ આત્મા અંદર છે, એનું દર્શન, એનું જ્ઞાન અને એમાં રમણતા એ કરવાનું છે. બાકી આ બાહ્ય ક્રિયાકાંડ અને ભેખ તો પરવસ્તુ છે, આ તો જડ-માડી-ધૂળ છે. આહાહા..! કોથળીમાં કરિયાતા ભર્યા અને નામ લખે સાકર. એથી કાંઈ કરિયાતા મીઠા થઈ જાય? એમ સાધુ નામ ઉપર ધરાવે અને અંદર મિથ્યાત્વ. પુણ્ય અને પાપની મીઠાશ, રાગ-દ્વેષની મીઠાશ, વિષય-વાસનાની મીઠાશના ઝેર વર્તે છે. અને ભેખ ધારણ કર્યા આ. શું એમાં વળ્યું તારું? એમ કહે છે. સમજાણું કાંઈ?

'**(-ધારણ નહીં કિયે) ઔર આર્તધ્યાનકો ધ્યાતા હૈ...**' કેમકે અંતર સ્વરૂપ છે શુદ્ધ જ્ઞાન, આનંદ, એના ભાન તો પ્રગટ્યા નથી એટલે એનું ધ્યાન તો છે નહિ. એટલે હવે ધ્યાનમાં કાંઈ હોય તો ખરું ને એને? પછી આ બાયડી-છોકરા છોડ્યા હોય એની ચિંતાનું

ધ્યાન અને વિકલ્પ આવે. કેમ હશે એને? આહાહા..! હું નીકળી ગયો, એને કોઈ રળનાર ન મળે. કેમ થાતું હશે? શું થાતું હશે? કાંઈ ખરડો-બરડો કરી દે તો ઠીક થાય બિચારાને. આ હોળી જામી બીજી પાછી આ તો. છોડ્યું હતું ક્યાં તેં? પંડિતજી! એમ થાય છે કે નહિ? આહાહા..!

**'આર્તધ્યાનકો ધ્યાતા હૈ તો ઐસા લિંગી અનંતસંસારી હોતા હૈ.'** આહાહા..! અનંતસંસાર. ચોર્યાસીના અવતારનો આરો નથી, અંત નથી એવા અવતારમાં રખડશે. ભેખ કાંઈ આડો નહિ આવે ત્યાં એમ કહે છે. સમજાણું કાંઈ? અંતર ભાવની શુદ્ધતા વિના. એ સિદ્ધ કરવું છે. શુદ્ધભાવ આત્માનો. પુણ્ય-પાપના ભાવ તો ઠીક, બેય મલિન આદિ છે. શુદ્ધભાવ. પુણ્યના ભાવ એ અશુદ્ધ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પણ અશુદ્ધ પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી, રળવું, ભોગવવું એ પાપના મલિન અશુદ્ધ પરિણામ છે. એના વિનાના આત્માના શુદ્ધ પરિણામ પ્રગટ કર્યા વિના શુદ્ધભાવને ધારણ કર્યા વિના, એમ કહેવું છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર એ શુદ્ધભાવ છે અંદરનો. એને ધારણ કર્યા નહિ અને આ ધારણ કર્યા. નહિ તારે તને. અનંત સંસારી થઈશ, કહે છે. લ્યો. સમજાણું કાંઈ?

ઓલામાં આવે છે કાંઈક એક. 'સંસારીના ટુકડા નવ નવ ગજકા દંત, ભજન કરે તો ઓધરે નહિતર કાઢે અંત.' 'નવનીતભાઈ'! અમે તો બધું ઘણું સાંભળ્યું હોય ને. ઘણા મત. દુકાન ઉપર કેટલાય પુસ્તક વાંચતા. આ કબીરના ને બધા ઘણાં પુસ્તકો વાંચેલા. ઘરની દુકાન હતી. ઘણું વાંચેલું. 'અધ્યાત્મ કલ્પતરુ' ને મોટા પુસ્તકો. એમાં આ એક આવ્યું હતું. 'સંસારીના ટુકડા નવ નવ ગજકા દંત.' ગજ સમજો છો ગજ? એ 'ભજન કરે તો ઓધરે, નહિતર કાઢે અંત' કો'કના એવા માલમલિદા ઉડાડે અને ધર્મના ભાન ન મળે. એમ કહે છે. સમજાણું? ઓલા બિચારા કહે, ઓહોહો..! મહારાજ! આ લ્યો, આ લ્યો. સારી સારી ચીજ આપે. પણ ધર્મનું જેને આત્મદર્શન, આત્મજ્ઞાન, આત્માની શાંતિને તો ધારી નથી, પ્રગટ કરી નથી. અને બાહ્ય આવા ભેખમાં આવા કો'કના માલમલિદા ઉડાવે છો. કહે છે દાંત કાઢશે. આંતરડા તોડી નાખશે તારા. એટલે ચાર ગતિમાં રખડવું પડશે. એમ. સમજાણું કાંઈ? આહાહા..! લ્યો!

**'ભાવાર્થ :- લિંગ ધારણ કરકે દર્શન જ્ઞાન ચારિત્રકા સેવન કરના થા...'** જુઓ! ભાવાર્થ. અરે..! અંતરમાં સ્વરૂપ ભગવાનઆત્મા, એના સમીપની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ પ્રગટ કરવાનું હતું. કહો, સમજાણું કાંઈ? તરત જ અહીંયાં અવાજ ઓલો થઈ જાય. જડ છે ને જડ? લિંગ ધારણ કરે, જડ ધારણ કરે એમ કહે છે. પણ શુદ્ધભાવનું તો જેને ભાન નથી. શુદ્ધ કોને કહેવું એની ખબર પણ ન હોય. સમજાણું? એવા શુદ્ધભાવના ધારણ વિના **'સેવન કરના થા વહ તો નહીં કિયા ઔર પરિગ્રહ કુટુંબ આદિ વિષયોંકા પરિગ્રહ છોડા, ઉસકી ફિર ચિંતા કરકે આર્તધ્યાન ધ્યાને લગા...'** પાછી એ ચિંતવના લાગી એને. કાં તો એના ભક્તો હોય એનું શું થાશે? એને પૈસા, ચંદા ભેગા કરાવી દેવા. પૈસાના શું કહેવાય? ખરડા. હોળી ઈની ઈ થઈ તારી. ઘરમાં બાયડી-છોકરા માટે કરતો હતો અને આ કર, એ તો આર્તધ્યાન છે. સમજાણું કાંઈ?

અહીં ધ્યાન પ્રગટ્યું નથી સ્વરૂપની અંદરમાં. શાંતિનો સાગર ભગવાન એના ધ્યાનમાં તો આવ્યો નથી. એની શુદ્ધિ તો પ્રગટ કરી નથી. ધર્મ તો પહેલો ઈ છે. પછી ભેખ ધારણ કરવાની વાત રહી. ગૃહસ્થાશ્રમમાં પણ પહેલો ધર્મ તો આ છે. સંસારથી ઉગરવાનો રસ્તો, ભગવાનઆત્મા ચૈતન્યનો દરિયો આનંદ આદિ સ્વભાવનો સાગર, અરે..! કેમ બેસે? આવો મોટો હું? એક બીડીમાં વેચાઈ જાય, તમાકુમાં વેચાઈ જાય, ઘડીકમાં ઘડીકમાં તો આમ... આહાહા..! કહે છે કે, એ વાસના... અંતર સ્વભાવની સન્મુખ દૃષ્ટિ અનુભવની કરી નથી. જે કરવાનું હતું એ કર્યું નહિ અને ભેખ ધારણ કરીને મોટી દીક્ષાઓ, હાથીને હોદ્દે દીક્ષાઓ (લીધી). લ્યો! હાથીને હોદ્દે દીક્ષા. શું હોળી છે પણ એમાં. હાથી હોદે હોય કે હેઠે હોદે હોય ગધેડાને હોદે હોય. વસ્તુની તો ખબર નથી. પંડિતજી! આહાહા..! જેની દીક્ષામાં બે લાખ ખર્ચ્યા, પાંચ લાખ ખર્ચ્યા. એની .. ધૂળેય નથી. મિથ્યાત્વ .. નું ભાન નથી. તારા લૂગડા ફેરવ્યા શું છે હવે? આહાહા..! સમજાણું કાંઈ?

'કુંદકુંદાચાર્ય' વીતરાગી સંત છે. એકાદ ભવ કરીને મુક્તિ પામવાની તૈયારી છે. એ લખે છે. સમજાણું? અત્યારે સ્વર્ગમાં છે. શાસ્ત્ર કર્તા. બે હજાર વર્ષ પહેલાં (થયા). ત્યાંથી નીકળી મનુષ્ય થઈ મોક્ષ જવાના છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરી પરમાનંદની દશા-સાદિ અનંત, અનંત આનંદ પ્રગટવાનો તે અનંતકાળ રહેશે, એવી મુક્તદશા (જેને પ્રગટવાની), ઈ આ વાત કરે છે, જુઓ! આહાહા..! ભાઈ! આ શું તું કરે છો? તારે શું કરવાનું હતું? શું કરવાનું હતું અને શું તેં કર્યું આ? મુનિના ભેખને.. કરુણાથી વાત કરે છે, હોં! તિરસ્કારની વાત નથી. ભાઈ! તારે શું કરવું હતું અને તેં શું કર્યું આ? જન્મ જરા મરણ ટાળવા માટે તો આત્માના શરણમાં જવાનું હતું. એની શ્રદ્ધા જ્ઞાન અને રમણતા તો એ કરવી હતી. એ કરવાનું કર્યું નહિ ને આ લઈને બેઠો. પછી? આર્તધ્યાન થાય. ચિંતવના કર્યા કરે. કો'કને કાગળ લખવા, કો'કને આ કરવું, કો'કને આ કરવું, એય..! 'ચીમનભાઈ'! સેંકડો કાગળ આવે સાધુને. મોટી ટપાલ. સામે ખડકો થાય સવારમાં. હવે એની સામું લખાણ (કરવું) માળો. નવરો જ નથી. ઓલો વેપારી નવરો હોય બિચારો. ૧૦૦-૨૦૦-૨૦૦ કાગળ આવે એ વાંચવા અને એના પાછા જવાબ દેવા. આ તો હોળી બીજી કરી પાછી. ... આવી. દુકાન. હવે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની દુકાન ચલાવી. આત્માનું ધ્યાન કરવાનું હતું એ તો રહી ગયું, પડ્યું રહ્યું. આહાહા..! 'વજુભાઈ'! ઠીક કહે છે ને? અહીં અમારા ઉપર ઘણાં કાગળ આવે છે ઘણાંના. ભાઈ! અમારે વખત ક્યાં છે વાંચવાનો. પૈસા મોકલો. વળી પૈસા મોકલો એ કર્યા કરે. કેટલાય કાગળ.. ઓહોહો..!

મુમુક્ષુ :- ગરીબ માણસ આશા રાખે ને.

ઉત્તર :- પણ કેટલા કાગળ અહીં?

મુમુક્ષુ :- એને ખબર છે કેટલા..?

ઉત્તર :- ખબર છે. એને પોતાને ખબર છે. કાલે કાગળ આવ્યો હતો. મેં ઘણાં લખ્યા કાગળ. પહોંચ્યા હશે કે નહિ? જવાબ પણ કોણ આપે? અહીં કાંઈ નવરા છીએ? ઓલો નહિ? તમારે 'રાજકોટ' આવ્યો હતો ઈ. 'ગોંડલ'નો છે. દોઢસો મોકલ્યા હતા. .. મોકલ્યા

હતા તે દિ' તો હવે એવો વળગાડ થયો છે. બીજે દિ' અને ત્રીજે દિ'... ઓલું શું કહેવાય બીજુ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. એવું. હવે છેલ્લી ચીઠ્ઠી છે. આ કવર પૈસા માગીને લખું છું. એમ કરીને લખે. ભાઈ! પણ અમે કોને અમે કહીએ કે આને લે કે દે? અમારું કામ છે ઈ? અમે તો તત્ત્વની વાત છે એ માર્ગ કહીએ, બાપુ! અમારું આ કામ છે? ક્યાં ગયા તમારા દોશી? ગયા? તમારો હતો ને દોશી? તમારો છે? ગયા. એ મને પૂછતો હતો કાલે. કે હું ડોક્ટરપણું ભણું છું. મને છોડવાનો વિચાર થાય છે. આપ શું સલાહ આપો છો? કાલે દિશાએ જંગલ.. હું સલાહ દઉં? મારું કામ છે આમાં? અમે તો આ તત્ત્વની વાત કરીએ. સમજો. એ વાત છે. અહીં તો બીજું તમારા .. નવરા થાવ ને વળી કાંઈક હશે? કાલે જંગલ જતા રસ્તામાં (પૂછ્યું હતું). પણ એને થઈ ગયું છે એમ કે આ ભણીએ છીએ ને, એમાં કંઈ માલ નથી. એમ થઈ ગયું. આ તો રહી જાય છે. એમ થઈ ગયું એને બિચારાને. જુવાન છે નાની ઉંમરનો. કાલે સાથે હતો રસ્તામાં. તો આમ પૂછ્યું. બાપુ! હું તો કાંઈ કોઈને કહું? સલાહ-બલાહ મારી શી? 'રામજીભાઈ'ની સલાહ હોય. હું તો સલાહ ધર્મની આપું. આ સમજો, શ્રદ્ધો, ઓળખાણ કરો. બાપુ! ઈ સલાહ છે અહીં તો. વળી તમને સલાહ આપીને.. મેં પછી નહોતું કીધું. નહિતર હું તો કહું, તારો દાદો છે ત્યાં જાને. 'રામજીભાઈ'... મને એટલું રસ્તામાં કહ્યું હતું જરી કાલે. મેં કીધું, બાપુ! અમે શું કહીએ? અમે તો આત્મા વસ્તુ શું, ધર્મ શું છે એ સમજવાનો આ પ્રસંગ આવે તો આવે. બાકી ક્યાંય અમારું કામ નહિ. આવો, જાવ, રહો, મરો. અમે કોઈને કાંઈ કહેતા નથી. આહાહા..! માણસને થઈ જાય કે આવું આ બધા ભણતર-બણતર તો રખડવાના થયા.

મુમુક્ષુ :- .. થઈ ગયું છે પાકુ?

ઉત્તર :- થઈ ગયું છે એને. સાંભળ્યું ને તે દિ'. આ ભણતર રખડવાનું થયું. ભાઈ તમારો કહે છે ને? 'દિલીપ'. 'દિલીપ'ને એના બાપે કીધું ચાલ ભણવા. એ તો પૈસાવાળો માણસ છે, લાખોપતિ. ગયો કાલે ગયો બપોરે. એને વ્યાજવટાવનો ધંધો. કહે, ચાલ ભણવા. હવે ભણ્યા, એના બાપને કહે. એ ભણતર? આ અનંતવાર ભણ્યા એ રહ્યું છે કાંઈ? 'રતિભાઈ'! એવો છોકરો. કાલે બપોરે ગયો. પણ બિચારો ઉદાસ થઈને ગયો. અહીંથી જાવું એને ગોઠતું નથી. કેમ 'શશીભાઈ'! છેલ્લું મંગળિક કર્યું. કોચવાઈ ગયો હતો. એને કોણ જાણે અંદરથી બહુ રસ છે, હોં! નહિતર હજી બાર વર્ષની ઉંમર અને એ તો ગૃહસ્થ માણસ છે. છતાં એને કોણ જાણે રસ. ભણતર-ભણતર. ભણતર એ કર્યા અનંતવાર ભણ્યા, છે કાંઈ યાદ? એ ભણતર ભણવા છે? શેઠ! એવો ધડાકાબંધ, હોં! એના બાપને અને એના દાદાને. એને વળાવવા ગયા હતા દાદાને. પ્લેનમાં જવાના હતા. 'કલકત્તા' પ્લેનમાં મોકલ્યો એને. અહીંથી ગયા. આહાહા..! એ વાત તો એવી છે, હોં! આ હોળી ભણતરની એકલી. એમાં ભણવાનું આ બધું અજ્ઞાન. આ 'રામજીભાઈ' ભણ્યા શું બધું? પાપ બધું. એ તો 'સુમનભાઈ'ને કહ્યું. કૂચે મરવા જાય છે 'અમેરિકા'. આહાહા..! બાપુ!

જે ભણતરે ભવ મટે એનું નામ ભણતર. એક ફેરી કહ્યું હતું, યા વિદ્યા સા મુક્તયે. એક નિશાળમાં લખે છે. ભાઈ હતા ને? 'ચંદુભાઈ' 'ગોંડલ'ના. વિદ્યાર્થી આખા રાજના. બહુ માન હતું, રાજમાં બહુ માન હતું. એક ફેરી લઈ ગયા નિશાળમાં. છોડીયું-છોકરા ઘણા હજારો. જુઓ! આ તમારી નિશાળમાં આ લખાણ લખ્યું. યા વિદ્યા સા વિમુક્તયે. એનો અર્થ સમજો છો? યા વિદ્યા-એ વિદ્યા એને કહીએ કે જેનાથી મુક્તિ મળે. એને વિદ્યા કહીએ. આ તમારી વિદ્યાથી તો બંધનના લાકડા થાય છે બધા. એય..! એવો શબ્દ આવે છે, હોં! એમાં. મોટી નિશાળ હોય છે ને. યા વિદ્યા સા વિમુક્તયે. એ વિદ્યા તેને કહીએ કે જેનાથી મુક્તિ, શાંતિ, આનંદ પ્રાપ્ત થાય તેને વિદ્યા કહીએ. આ બધી અવિદ્યા- કુવિદ્યા છે.

આઠ આઠ વર્ષના રાજકુમારો છોડીને ચાલી નીકળ્યા છે. અરે..રે..! અમારી ચીજ! એને અમે ભણ્યા નહિ, સમજ્યા નહિ અને આ બધા મોટા ભણતર. અહીં એ કહે છે કે એલા સાધુ થઈને બેઠો, નામધારી અને લિંગધારી. અને આ આત્મા એના ભણતર, એના જ્ઞાન, એની શ્રદ્ધા તો તેં કરી નહિ. શું કર્યું તેં? સમજાણું કાંઈ?

**'આર્તધ્યાન ધ્યાને લગા તબ અનંતસંસારી ક્યોં ન હો?'** અનંતસંસારી રખડશે ચાર ગતિમાં, કહે છે. આહાહા..! તારો ભેખ કાંઈ ત્યાં ઘરણે નહિ મૂકાય. આહાહા..! ભગવાનઆત્મા અંદર આનંદનો નાથ, પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓથી ભિન્ન પ્રભુ બિરાજે છે. એના જેણે ભેટા કર્યા નહિ, એના જ્ઞાન કર્યા નહિ, એમાં રમણતા કરી નહિ. રમણ એટલે ચારિત્ર. રમણ શબ્દ આવે છે ને ઓલામાં. દસ બોલ નહિ? 'શ્રીમદ્'નું પુસ્તક નહિ? એમાં અગિયાર બોલ આવે છે. સ્વદ્રવ્યની રમણતા, ભાઈ! સ્વદ્રવ્યનું રમણ ત્વરાથી કરો, પરદ્રવ્યનું રમણ ત્વરાથી તજો. ૧૭ વર્ષે કીધું 'શ્રીમદ્'. ૧૭ વર્ષે. સમજાણું કાંઈ? સ્વદ્રવ્યનો રક્ષક, સ્વદ્રવ્યનો રક્ષક ત્વરાથી થાઓ. શીઘ્ર. સ્વદ્રવ્યનો રક્ષક એમ કહ્યું. એ સ્વદ્રવ્ય એટલે ભગવાનઆત્મા. શુદ્ધ આનંદનો રક્ષક થા. પુણ્ય અને પાપ વિકલ્પ અને પરની રક્ષા કરીને મરી ગયો અનંતકાળથી. સમજાણું કાંઈ? એ સાંભળ્યું છે ને 'મનસુખભાઈ'? 'શ્રીમદ્'નું. ત્યાં કહ્યું હતું પહેલાં...

મુમુક્ષુ :- આત્મધર્મમાં.

ઉત્તર :- 'આત્મધર્મ'માં આવી ગયા. એ 'અમદાવાદ'માં વ્યાખ્યાન હતું. 'અમદાવાદ'માં પુસ્તક કોઈ મૂકી ગયું અને મારા હાથમાં વાંચ્યું. ઓહો..! કોનું આ ભાઈ લખાણ ભારે સરસ! 'શ્રીમદ્'નું છે.

સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ. ભગવાન આનંદનો નાથ, એમાં જા, પ્રસર. આ દયા, દાન, વ્રતના પરિણામ વિકલ્પ પુણ્ય-પાપના એ વિકાર છે. સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ. એવો ત્રીજો બોલ છે. ૧૭ વર્ષે કહે છે 'શ્રીમદ્'. સ્વદ્રવ્યના ધારક. આત્મા આનંદ અને શાંતિસ્વરૂપ છે એનો ધારનાર થા. 'શાંતિભાઈ'! સ્વદ્રવ્યનો રમણ ત્વરાથી થા. આત્મા આનંદ છે એમાં રમણ કરવાને તૈયાર થા. ત્વરાથી થા. ઉતાવળ કર. સ્વદ્રવ્યનો ગ્રાહક (થા). પુણ્ય અને પાપનો ગ્રાહક છોડી દે, ભગવાન! એ તો બધા વિકાર. વસ્તુ અંદર છે એનો ગ્રાહક ત્વરાથી થા. પાંચ બોલ છે.

પછી કહ્યું છે, પરદ્રવ્યનો ધારક ત્વરાથી તજો. પરદ્રવ્યનો ધારક ત્વરાથી તજો. આહાહા..! ભાષા જુઓને! નાની ઉંમરે નીકળ્યું. કોણ જાણે હાથ તો હમણાં આવ્યું. હમણાં આવ્યું પછી વાંચ્યું. ઘણી સભા મોટી. સાત-આઠ તો બધા જજો આવતા. 'અમદાવાદ'ના મોટા મોટા હાઈકોર્ટના જજો. સામે બેસતા બધા. મેં કીધું, આ બીજી જાત છે તમારા ભણતરથી. એક તો આપણા 'મોહનભાઈ' 'રાજકોટ'. '..'નો દીકરો. એક 'ડાહ્યાભાઈ' 'પાલનપુર'વાળા. બહુ લગની એને તો. 'ડાહ્યાભાઈ'ને તો બહુ લગની. જજ મોટો પણ. બિલકુલ .. કામ કર્યા પછી આત્મા... આત્મા.. આત્માનો વિચાર-મનન. એ બધા ઉપર '...ભાઈ' કરીને વૈષ્ણવ છે કોક. મોટો બુદ્ધિવાળો. '...ભાઈ'.

મુમુક્ષુ :- આપણા જૈન છે.

ઉત્તર :- જૈન છે? હા. 'વાંકાનેર'ના.

મુમુક્ષુ :- 'રાયચંદભાઈ'નો જમાઈ છે.

ઉત્તર :- હા. એ સાચી વાત. 'વાંકાનેર'ના. બહુ બુદ્ધિવાળો ગણાય. એ એકવાર આવ્યો હતો. બધા છ-આઠ જજ હતા. એક ફેરી તો ઓલો ભગત છે એ પહેલા આવ્યો હતો. ઓલી ફેર પંચકલ્યાણકમાં. મોટો પ્રખ્યાત. પણ એને એક-બે કલાકમાં આ માથુ નાખવું કે આ ગાંડા હશે. એવું લાગે. છે તો એ ગાંડા બધા. પણ આ...

મુમુક્ષુ :- મને મળ્યા હતા.

ઉત્તર :- હા. આવ્યા હતા. આમ તો નરમ સજ્જન માણસ. સજ્જન માણસ. અરે..! ભાઈ! બાપા! એ બધી જુદી જાત છે. એ બધા રખડવાના રસ્તા છે. આહાહા..!

**'ઈસકા યહ તાત્પર્ય હૈ કિ-સમ્યગ્દર્શનાદિરૂપ ભાવ તો પહિલે હુએ નહીં...'** આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ તો પ્રગટ કરી નહિ. **'ઔર કુછ કારણ પાકર લિંગ ધારણ કર લિયા,...'** થઈ જાવ બાવા, થઈ જાવ સાધુ.

મુમુક્ષુ :- શાહુકાર થઈ ગયા...

ઉત્તર :- દાળિયા શું થયા શાહુકાર થયા એમાં? ઘરેણે મુકાય એવું છે ઈ? દુનિયા તો બિચારી સાધારણ માણસ છે. રાગ દેખીને જય નારાયણ કરે. એને ક્યાં ભાન છે દુનિયાને? કહો, 'ચીમનભાઈ'! દુનિયાને કાંઈ ભાન આ પૈસાવાળા માણસ હોય. જરી ત્યાગ કર્યા હોય. આહાહા..! આપણા કરતા તો સારા ને. ઉઘાડે પગે ચાલે, પાણી ઉના કરે, લોચ કરાવે. અરે..! ધૂળમાં નથી.

મુમુક્ષુ :- મુનિ નથી અને મુનિ મનાવે એ મોટો દોષ છે.

ઉત્તર :- મનાવે છે. આત્માના ભાન નથી. દેહની ક્રિયાનો કરનાર હું છું, જડનો કર્તા હું છું, પુણ્ય-પાપના પરિણામ વિકારી, એ મારા કર્તવ્ય છે. આવી તો જેની દૃષ્ટિ છે. એ ચૈતન્યને હારીને બેઠો છે. એનું ભાન નથી અને લઈને બેઠો આ. ચોર્યાસીના અવતારમાં અનંત સંસારમાં ચાલ્યો જાઈશ, એમ કહે છે. 'શાંતિભાઈ'!

**'ભાવ તો પહિલે હુએ નહીં ઔર કુછ કારણ પાકર લિંગ ધારણ કર લિયા...'** વૈરાગ થઈ ગયો એવો ખોટો. ઓલો શું કહે? સ્મશાન વૈરાગ. સ્મશાન વૈરાગ. માણસ મરી ગયો

હોય એટલે એમ થઈ જાય.

મુમુક્ષુ :- લોભે લાલચી હોય.

ઉત્તર :- લોભે લાલચી.. ઘણા એવા મુંડાઈને બેસે. ચાલો બાવા થઈએ, સાધુ થઈએ. અરે..! પણ બાવા સાધુ કોને કહેવા, ભાઈ! આહાહા..! સ્વરૂપના સાધન પ્રગટ્યા વિના સાધુ થાય એ બધા રખડી મરે ચાર ગતિમાં, એમ કહે છે. સમજાણું કાંઈ?

**નઉસકી અવધિ ક્યા?**' એટલે એની મર્યાદા શું? કહે છે કે જેને તો આત્મા શું ચીજ છે એની શ્રદ્ધા-જ્ઞાન અને ઓળખાણ તો પ્રગટ કરી નથી. એણે વેશ ધારણ કર્યા એની મર્યાદા શું? કે દિ' શું કરશે અને શું છોડશે? '**પહિલે ભાવ શુદ્ધ કરકે લિંગ ધારણ કરના યુક્ત હૈ.**' શુદ્ધ. પાછું એમ શબ્દ છે. દયા, દાન, વ્રતના પરિણામ એ તો શુભ છે, અશુદ્ધ છે. શુભ અશુદ્ધ છે. શુદ્ધ ભાવ ધારણ કરે. એમ કહ્યું, જોયું! '**પહિલે ભાવ શુદ્ધ કરકે...**' પછી લિંગ ધારણ આવે અને સ્વરૂપની સ્થિરતા કરે. સમજાણું કાંઈ? આચાર્યે તો ખુલ્લુ મૂકી દીધું છે, ભાઈ! ઘરના ભેખધારી હોય તો આ છે ને ખોટા ભેખધારી હોય તો આ છે. માર્ગ તો આ છે, ભાઈ! આહાહા..! '**પહિલે ભાવ શુદ્ધ કરકે લિંગ ધારણ કરના યુક્ત હૈ.**'

---

**आगे कहते हैं कि यदि भावशुद्धिके बिना गृहस्थपद छोड़े तो यह प्रवृत्ति होती है :-**

## ગાથા-૯

**जो जोडेदि विवाहं किसिकम्मवणिज्जजीवघादं च।**
**वच्चदि णरयं पाओ करमाणो लिंगिरूवेण।।९।।**

**यः योजयति विवाहं कृषिकर्मवाणिज्यजीवघातं च।**
**व्रजति नरकं पापः कुर्वाणः लिंगिरूपेण।।९।।**

**જોડે વિવાહ, કરે કૃષિ-વ્યાપાર-જીવવિઘાત જે,**
**લિંગીરૂપે કરતો થકો પાપી નરકગામી બને. ૯.**

**अर्थ :- जो गृहस्थोंके परस्पर विवाह जोड़ता है - सम्बन्ध कराता है, कृषिकर्म खेती बाहना किसानका कार्य, वाणिज्य व्यापार अर्थात् वैश्यका कार्य और जीवघात अर्थात् वैद्यकर्मके लिये जीवघात करना अथवा धीवरादिका कार्य, इन कार्योंको करता है वह लिंगरूप धारण करके ऐसे पापकार्य करता हुआ पापी नरकको प्राप्त होता है।**

**भावार्थ :- गृहस्थपद छोड़कर शुभभाव बिना लिंगी हुआ था, इसके भावकी वासना मिटी नहीं तब लिंगीका रूप धारण करके भी गृहस्थीके कार्य करने लगा, आप विवाह नहीं करता है तो भी गृहस्थोंके संबंध कराकर विवाह कराता है तथा खेती, व्यापार जीवहिंसा आप**

**करता है और गृहस्थोंको कराता है, तब पापी होकर नरक जाता है। ऐसे भेष धारनेसे तो गृहस्थ ही भला था, पदका पाप तो नहीं लगता, इसलिये ऐसे भेष धारण करना उचित नहीं है यह उपदेश है।।९।।**

## ગાથા-૯ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ યદિ ભાવશુદ્ધિકે બિના ગૃહસ્થપદ છોડે તો યહ પ્રવૃત્તિ હોતી હૈ :-'** ભાવશુદ્ધિ તો થઈ નથી. પુણ્ય અને પાપના ભાવરહિત આત્મા, એના ભાન તો પ્રગટ્યા નથી અને ગૃહસ્થાચાર છોડે. ગૃહસ્થનો આચાર છોડી દે. એ પ્રવૃત્તિ પછી આવી થાય પ્રવૃત્તિ, કહે છે.

**जो जोडेदि विवाहं किसिकम्मवणिज्जजीवघादं च।**
**वच्चदि णरयं पाओ करमाणो लिंगिरूवेण।।९।।**

**'અર્થ :- જો ગૃહસ્થોંકે પરસ્પર વિવાહ જોડતા હૈ-'** પોતે વિવાહ ન કર્યા તો પરને જોડાવે. તો એ તો એની એ હોળી થઈ. આનો છોકરો સારો છે અને છોડી તમારે જોગ છે ને. હોળી થઈ એ તો એની એ તારી થઈ. આ ગૃહસ્થ છે, એની પાસે પચ્ચીસ-પચાસ લાખ છે, છોકરો સારો છે અને તમારી છોકરી ઘરયોગ્ય છે. પણ હોળી તેં શું કર્યું આ? અમારા ભગત છે બેય. આવા ને આવા પાપી, આવા કામ કરે ભેખ ધારીને. એવું થાય છે હોં, બધું થાય છે આમાં. બધા સાંભળ્યા છે.

**'ગૃહસ્થોંકે પરસ્પર વિવાહ જોડતા હૈ-સંબંધ કરાતા હૈ,...'** સગપણ કરાવે. આનું અહીંયાં સગપણ કરો. તમારા ઘરને જોગ છે ઈ કન્યા અને મુરતિયો એને જોગ છે. ફલાણું ને હોળી છે ઈ. આહાહા..! ઘર છોડીને કર્યું અને પાછું માંડ્યું તો આનું આ. આ વેપાર આપે નહિ? શું કહેવાય એ? આંકડા-આંકડા નથી કહેતા?

મુમુક્ષુ :- ભાવ આપે.

ઉત્તર :- ભાવ આપે. ભાવ.. જાવ કરજો. એય..! 'મગનભાઈ'! આંક ફરક બતાવો, બતાવો. ખાનગી બહુ આવે અમારી પાસે. અરે..! પણ શું આ દુકાને? આ દુકાને તો ધર્મ છે, બાપા! તું કઈ દુકાને આવ્યો તને ખબર નથી. દુકાન ભૂલી ગયો તું.

મુમુક્ષુ :- તમારી પાસે આવે છે?

ઉત્તર :- ઘણાં આવે છે. અરે, ઘણા શું.

ઘણાં વર્ષ પહેલાની વાત છે. ૩૦-૩૫ વર્ષ પહેલાંની વાત છે. એક પારસી હતો. ૪૦૦નો પગાર. અહીં ફોજદાર છે. 'રાજકોટ'નો હતો. મારી પાસે ખાનગી આવ્યો. આમ હાથ કરીને બેસે. એ ત્યાં મકાનની વાત કરું છું. (સંવત) ૧૯૯૧માં. ૯૨ કે ૯૧માં. આમ લાંબું કર્યું. શું છે ભાઈ? કીધું. .. આ દુકાન નહિ એ. એ થોડા દિવસ થયા (પછી) બંદુક

ખાઈને મરી ગયો. કાંઈક ગમે તે થયું હશે એને. કાંઈક એની માટે આવ્યો હશે કે મહારાજનો આશિર્વાદ મળે. મરી ગયો બંદુક ખાઈને. પારસી હતો. રૂપાળુ બહુ શરીર લઠ જેવું. ખર્ચ ઘણા, પહોંચી વળે નહિ, બહાર આબરૂ નહિ, નાક લાંબા હોય, કોટ-પાટલુન પહેરવા હોય સરખા. એના પ્રમાણે દીકરી-દીકરાને પણ બધું આ જોવે શું કહેવાય? તમારે ઈન્ડીપેનને, ફલાણું, ઢીંકણું. ખર્ચ આડેના પાર ન મળે. પહોંચી શકે નહિ (પછી) મુંઝાય. થોડા દિવસે સાંભળ્યું કે એ પારસી મરી ગયો બંધુક ખાઈને. આહાહા..!

**'સંબંધ કરાતા હૈ, કૃષિકર્મ ખેતી...'** ખેતી-ખેતી. ખેતી કરો આ જમીન સોંઘી છે. તમારે મળશે જાવ થોડામાં.

મુમુક્ષુ :- આ દેશમાં અનાજની ખામી છે.

ઉત્તર :- ખામી છે. થોડું વધારે કરો. એટલે મોંઘુ થાય.

**'ખેતી બાહના કિસાનકા કાર્ય, વાણિજ્ય વ્યાપાર અર્થાત્ વૈશ્યકા કાર્ય...'** લ્યો! વેપાર કરે, વેપાર. સટ્ટા કરે અંદરમાં ખાનગી પૈસા મૂકે ને આ મૂકે. સમજાણું? એવા કામ કરે. પણ શું કરે? જ્યારે અંદરમાં સૂઝ પડી નહિ. પછી કાંઈક પ્રવૃત્તિ તો કરવી જોઈએ કે નહિ? આ પ્રવૃત્તિ કરવા રોકાણો ભેખ ધારી. **'જીવઘાત અર્થાત્ વૈદ્યકર્મકે લિયે જીવઘાત કરના...'** વૈદકર્મ કરે. જંગલમાંથી લઈ આવે. કંદમૂળ ને એવા વેલા ને પછી દવાઓ કરે.

મુમુક્ષુ :- ઝાડમાંથી તોડી તોડીને..

ઉત્તર :- પોતે જાય લેવા. 'કલ્યાણજી' ને એ કરતા ને બિચારા. જુઓને! અત્યારે થઈ ગયો પક્ષઘાત. 'કલ્યાણભાઈ'ને નથી આવતા? હાથ આમ નાખવા રજોણું.. માણસ સાથે હોય, .. બાંધે બબ્બે મણ લઈને વયા જાય ત્યાંથી. જંગલમાં જાય. હવે અત્યારે પડ્યા છે એકલા પક્ષઘાત થઈને. આહાહા..! એવું છે. આ દવાઓ કરીને શું થયું? તમારી તો દવા કરી નહિ. આ પક્ષઘાત. અરે..! એ તે ધંધા કાંઈ સાધુના છે ભેખધારીઓના? સમજાણું કાંઈ?

**'વૈદ્યકર્મકે લિયે જીવઘાત કરના...'** લીલોતરી, હરિકાય.. આહાહા..! એક પાંદડામાં અસંખ્ય જીવ. એક કંદમૂળની કટકી હોય તો અનંત જીવ. એવા જંગલમાં કાપ્યા કુહાડા મારીને. એની કરે દવાઓ. ઉકાળીને રસ કાઢે. રસાયણ. દુનિયાના ગૃહસ્થ એવા આવે. રસાયણ આપે બે પડીકા. પાંચસો આપે, હજાર આપે તો કહે, લ્યો ઓહોહો..! બહુ વૈદ્ય સારા છે. રોગ મટી ગયો એને. જતિ હતો એક ત્યાં 'વઢવાણ'માં. કંઈક દવા કરતો.

**'અથવા ધીવરાદિકા કાર્ય, ઈન કાર્યોંકો કરતા હૈ...'** ધીવરાદિકનું કાર્ય કરે. **'વહ લિંગરૂપ ધારણ કરકે ઐસે પાપકાર્ય કરતા હુઆ પાપી નરકકો પ્રાપ્ત હોતા હૈ.'** લ્યો! નીચે નરક છે નરક. મોટી વેદના. થોડામાં થોડી દસ હજાર વર્ષની સ્થિતિ છે પહેલી નરક નીચે. બધી સ્થિતિ .. ન થાય સાથે, હોં! બધી વસ્તુ છે, નીચે નરક છે. દસ હજાર વર્ષની સ્થિતિએ જાય થોડામાં થોડી તો અનંતી વેદના છે. વીંછી અનંતા કરડે એની જે વેદના (થાય), એથી અનંતગુણી વેદના ત્યાં છે. એવે ઠેકાણે અનંત વાર ગયો છે જીવ. આત્માના ભાન વિના,

સમ્યગ્જ્ઞાન વિના એણે એવા અનંતા ભવ કર્યા અને જ્યાં સુધી નહિ કરે ત્યાં ને ત્યાં છે એ બધો. અત્યારે બધું લાલ-પીળું દેખાય પણ મરીને બધા ત્યાં જવાના. સમજાણું કાંઈ? આહાહા..! નરકની પીડા ભગવાન કહે (અને) એણે વેદી. નરક સુધી લઈ ગયા અહીં તો જુઓને. નરક. નરકમાં જાઈશ માળા. ભેખ ધારણ કરીને આત્માનું જ્ઞાન કર્યું નહિ, શ્રદ્ધા કરી નહિ, ઓળખાણ કરી નહિ અને આવા પાપ કામમાં પ્રવૃત્તિમાં.. દુનિયા તો સારા કહે. ઓહો..! મહારાજે અમને ઠીક સગપણ ગોતી દીધું. સારું ઘર ગોતી દીધું. ઘર સારા ક્યાં? ઘર તો સારું તારું છે. નવનીતભાઈનું.

મુમુક્ષુ :- અમારા બધાનું છે.

ઉત્તર :- આ 'નવનીતભાઈ'નો ભાગ આમાં વધારે છે.

'**ભાવાર્થ :- ગૃહસ્થપદ છોડકર શુભભાવ બિના લિંગી હુઆ થા,...**' શુભભાવના ઠેકાણા નહિ, કહે છે. શુદ્ધ તો ક્યાંય નથી. '**ઈસકે ભાવકી વાસના મિટી નહીં.**' ઓલી વાસના જે હતી રળવાની, ભોગની, વિવાહની ને ઢીકણી, એ તો મટી નથી. વાસના મટી નહિ ને થઈ ગયા સાધુ. આહાહા..! નાડીયું જાલીને પકડ્યા છે સૌને. '**લિંગીકા રૂપ ધારણ કરકે ભી ગૃહસ્થીકે કાર્ય કરને લગા, આપ વિવાહ નહીં કરતા હૈ તો ભી ગૃહસ્થોંકે સંબંધ કરાકર વિવાહ કરાતા હૈ.**' લ્યો! એને વિવાહ કરાવે. સમજ્યા ને?

'**તથા ખેતી, વ્યાપાર જીવહિંસા આપ કરતા હૈ ઔર ગૃહસ્થોંકો કરાતા હૈ, તબ પાપી હોકર નરક જાતા હૈ.**' લ્યો! આહાહા..! '**ઐસે ભેષ ધારનેસે તો ગૃહસ્થી હી ભલા થા,...**' હોં! આ કરતા તો ગૃહસ્થપણામાં રહેતો હોય, ભલે બાયડી-છોકરા હોય પણ શ્રદ્ધા અને સમ્યગ્દર્શન પ્રગટ કરે તો એ ધર્મી છે ગૃહસ્થાશ્રમમાં પણ. સમ્યગ્દર્શન આત્માનું ભાન ઓળખાણ રહે અને ભલે ગૃહસ્થાશ્રમમાં હોય. પણ આવા ભાન વિના તારા લઈને બેઠો, કહે છે. આ કરતા તો ગૃહસ્થાશ્રમ સારો, એમ કહે છે. '**ગૃહસ્થ હી ભલા થા, પદકા પાપ તો નહીં લગતા,...**' પદવી નામ ધરાવી સાધુની અને કામ કરવા હલકા. ઉચ્ચ પદવીમાં નીચ પદવી કરીને નામ ઊંધા કરાવ્યા. સાધુ નથી અને સાધુ નામ ધરાવ્યા. ઓલા તો ગૃહસ્થ તો કહે, ભાઈ, અમે તો સાધુ નથી. અમે તો ગૃહસ્થ છીએ. અમે તો પાપમાં પડ્યા છીએ. ઓલા તો ત્યાગી રહ્યા. હવે એને તો ઉપદેશ પણ લાગુ ન પડે માળા. થઈ ગયાને ઉપદેશક મોટા. 'ચીમનભાઈ'! અહીં તો બધી સંભાળ લીધી છે. બધાની નાડીઓ જાલી છે. આહાહા..!

'**ઈસલિયે ઐસે ભેખ ધારણ કરના ઉચિત નહીં હૈ...**' લ્યો! એવો ભેખ ધારવો ઉચિત નથી. શુદ્ધભાવ ધારણ કરવો એ વ્યાજબી છે. એમ કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

आगे फिर कहते हैं :–

## ગાથા-૧૦

चोराण [1]लाउराण य जुद्ध विवादं च तिव्वकम्मेहिं।
जंतेण दिव्वमाणो गच्छदि लिंगी णरयवासं।।१०।।

चौराणां लापराणां च युद्धं विवादं च तीव्रकर्मभिः।
यंत्रेण दीव्यमानः गच्छति लिंगी नरकवासं।।१०।।

ચોરો-લબાડોને લડાવે, તીવ્ર પરિણામો કરે,
ચોપાટ-આદિક જે રમે, લિંગી નરકગામી બને. ૧૦.

अर्थ :– जो लिंगी ऐसे प्रवर्तता है वह नरकवासको प्राप्त होता है; जो चोरोंके और लापर अर्थात् झूठ बोलने वालोंके युद्ध और विवाद कराता है और तीव्रकर्म जिनमें बहुत पाप उत्पन्न हो ऐसे तीव्र कषायोंके कार्योंसे तथा यंत्र अर्थात् चौपड़ शतरंज, पासा, हिंदोला आदिसे क्रीड़ा करता रहता है, वह नरक जाता है। यहाँ 'लाउराणं' का पाठांतर ऐसा भी है राउलाणं इसका अर्थ–रावल अर्थात् राजकार्य करनेवालोंके युद्ध विवाद कराता है, ऐसे जानना।

भावार्थ :– लिंग धारण करके ऐसे कार्य करे तो नरक ही पाता है इसमें संशय नहीं है।।१०।।

---

**પ્રવચન નં. ૧૭૮, ગાથા-૧૦ થી ૧૪, સોમવાર, પોષ વદ ૭, તા.૧૮-૧-૭૧**

'અષ્ટપાહુડ'માં સાતમું પાહુડ. એની ૧૦મી ગાથા. આચાર્ય જરી સ્પષ્ટ કરે છે કે જે લિંગ ધારણ કરે નગ્ન દિગંબર, છતાં એને પ્રમાણમાં એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ન હોય તો એ બધું લિંગ ઢિંગ છે. ગૃહસ્થાશ્રમમાં રહીને આત્મજ્ઞાન કરીને સંસારનો .. અને એને યોગ્ય આચરણ ન હોય તો તે લિંગ છે. ગૃહસ્થાશ્રમમાં ધર્મી જીવને... પણ એની પદવી તદ્દન હલકી અને નીચ છે. એમ બતાવે છે. ૧૦મી.

चोराण [1]लाउराण य जुद्ध विवादं च तिव्वकम्मेहिं।
जंतेण दिव्वमाणो गच्छदि लिंगी णरयवासं।।१०।।

'**અર્થ :– જો લિંગી ઐસે પ્રવર્તતા હૈ...**' નગ્ન દિગંબર મુનિનો વેષ ધારણ કરી એવું પ્રવર્તે તો '**વહ નરકવાસકો પ્રાપ્ત હોતા હૈ;...**' નરકમાં જાય. '**જો ચોરોંકે ઔર લાપર અર્થાત્**

---

१ मुद्रित सटीक संस्कृत प्रति में 'समाएण' ऐसा पाठ है जिसकी छायामें 'मिथ्यात्वादिनां' इस प्रकार है।

**જૂઠ બોલનેવાલોંકે યુદ્ધ ઔર વિવાદ કરાતા હૈ ઔર તીવ્રકર્મ જિનમેં બહુત પાપ ઉત્પન્ન હો ઐસે તીવ્ર કષાયોંકે કાર્યોંસે તથા યંત્ર અર્થાત્ ચૌપડ, શતરંજ, પાસા, હિંડોલા આદિસે ક્રિડા કરતા રહતા હૈ, વહ નરક જાતા હૈ.**' એમ કહે છે. આચાર્યની તો સખત વાત છે.

મુનિ પદ તો આત્મા આનંદસ્વરૂપ, એવું તો પ્રથમ ભાન થયેલું હોય. એના ઉપરાંત અંદર રમણતા, શાંતિની વીતરાગતાની અલૌકિક સ્વચ્છતા જેને અંતર પ્રગટી હોય, એને નગ્ન દિગંબર મુદ્રાનું ધારણ કરવું શોભે. પણ મુદ્રા ધારણ કરીને અંદરના ઠેકાણા નહિ. કષાયો કરીને એકબીજાને ઝઘડા કરાવે, વાદવિવાદ કરાવે, યુદ્ધ કરાવે નારદની પેઠે. '**વહ નરક જાતા હૈ.**' '**लाउराण**' શબ્દ છે ને? '**પાઠાંતર ઐસા ભી હૈ ઈસકા અર્થ–રાવલ અર્થાત્ રાજકાર્ય કરનેવાલોંકે યુદ્ધ વિવાદ કરાતા હૈ.**' સાધુ થઈને પણ કોઈ એવા મોટા રાજામાં જઈ એકબીજાને યુદ્ધ કરાવે, ખટપટું કરાવે. એ બધા પદવીને શોભે નહિ એવા કામ કરે. નીચે નરકનું સ્થાન છે ત્યાં જાય એમ અહીં સીધી વાત કરે છે. માંસ ખાનારા, દારૂ પીનારા, શિકાર કરનારા જેમ મરીને નરકમાં જાય છે. નીચે નરકમાં એના સ્થાન છે. બધા રાજા, મહારાજા મોટા હોય છે ને? માંસ ખાય, દારૂ પીવે, શિકાર કરે, માછલા ખાય. એ બધા નીચે જવાના હેઠે. નરકના સ્થાન. એવા અનંતા ભવ કર્યા દરેક પ્રાણીએ. એમાં કાંઈ નવું ક્યાં છે અનાદિનું છે ને. વર્તમાન છે એમાં ભૂતકાળ ભૂલીને વર્તમાનને યાદ રાખે છે. અનંત અનંતકાળમાં એવા પાપ કર્યા. સાધુ થઈને જો આવા કરે તો નરકમાં જ જાય એ. કહો, પંડિતજી! આવી પદવીને યોગ્ય નહિ .. પદવી છે દિગંબર. આહાહા..! ધન્ય અવતાર! જેને અંતર આનંદના ઉભરા આવતા હોય છે. અતીન્દ્રિય આનંદની જેને દશા પ્રગટી છે. ઉગ્રપણે જેને આત્માના આનંદનું વેદન છે. એને આવી દિગંબર નગ્નદશા શોભે. બાકી નગ્નપણું ધારણ કરીને આવા વાદ ને વિવાદ ને ઝઘડા આદિ કરાવે એ નરકમાં જાય.

અથવા '**રાજકાર્ય કરનેવાલોંકે યુદ્ધ વિવાદ કરાતા હૈ,...**' એમ. '**लाउराण**'નો અર્થ એ કર્યો. એનો અર્થ કર્યો છે. '**समाएण**' '**ઐસા પાઠ હૈ જિસકી છાયામેં**' '**मिथ्यात्वादिना**' એમ. જૂઠા બોલનારા, જૂઠી શ્રદ્ધા કરનારા. વાસ્તવિક આત્માનું તત્ત્વ ભગવાન પરમેશ્વરે કહ્યું એવું નહિ માનનારા, ઊંધા માનનારા એ બધા નરકમાં જાય, કહે છે. ક્રમે ક્રમે નરકમાં જાય ભલે પણ એ (જાય ખરા). આહાહા..!

'**ભાવાર્થ :– લિંગ ધારણ કરે ઐસે કાર્ય કરે તો નરક હી પાતા હૈ ઈસમેં સંશય નહીં હૈ.**' ૨૦૦૦ વર્ષ પહેલાની વાત છે આ. ગોટા અંદર હતા ને. શ્વેતાંબર નીકળી ચૂક્યા હતા ને એમાંથી. એ વખતે શ્વેતાંબર તો નીકળી ચૂક્યા હતા. ઘણી વાત તો એને લગતી છે. વેષધારી અને આવા ઝઘડા-તોફાન, રાજામાં પડતા હતા ને કેટલાક સાધુ?

आगे कहते हैं कि जो लिंग धारण करके लिंगयोग्य कार्य करता हुआ दुःखी रहता है, उन कार्योंका आदर नहीं करता है, वह भी नरकमें जाता हैः–

## ગાથા-૧૧

दंसणणाणचरित्ते तवसंजमणियमणिच्चकम्मम्मि।
पीडयदि वट्टमाणो पावदि लिंगी णरयवासं।।११।।

दर्शनज्ञान चारित्रेषु तपः संयमनियमनित्यकर्मसु।
पीड्यते वर्तमानः प्राप्नोति लिंगी नरकवासम्।।११।।

દગજ્ઞાનચરણે, નિત્યકર્મે, તપનિયમસંયમ વિષે,
જે વર્તતો પીડા કરે, લિંગી નરકગામી બને. ૧૧.

अर्थ :– जो लिंग धारण करके इन क्रियाओंको करता हुआ बाध्यमान होकर पीड़ा पाता है, दुःखी होता है व लिंगी नरकवासको पाता है। वे क्रियायें क्या हैं? प्रथम तो दर्शन ज्ञान चारित्रमें इनका निश्चय–व्यवहाररूप धारण करना, तप–अनशनादिक बारह प्रकारके शक्तिके अनुसार करना, संयम–इन्द्रियोंको और मनको वशमें करना तथा जीवोंकी रक्षा करना, नियम अर्थात् नित्य कुछ त्याग करना और नित्यकर्म अर्थात् आवश्यक आदि क्रियाओंको नियत समय पर नित्य करना, ये लिंगके योग्य क्रियायें हैं, इन क्रियाओंको करता हुआ दुःखी होता है वह नरक पाता है। (''आत्म हित हेतु विराग–ज्ञान, सो लखै आपको कष्टदान'' मुनिपद अर्थात् मोक्षमार्ग उसको तो वह कष्टदाता मानता है अतः वह मिथ्यारुचिवान है)

भावार्थ :– लिंग धारण करके ये कार्य करने थे, इनका तो निरादर करे और प्रमाद सेवे, लिंगके योग्य कार्य करता हुआ दुःखी हो, तब जानो कि इसके भावशुद्धिपूर्वक लिंगग्रहण नहीं हुआ और भाव बिगड़ने पर तो उसका फल नरक ही होता है, इस प्रकार जानना।।११।।

## ગાથા-૧૧ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો લિંગ ધારણ કરકે લિંગયોગ્ય કાર્ય કરતા હુઆ દુઃખી રહતા હૈ, ઉન કાર્યોંકા આદર નહીં કરતા હૈ, વહ ભી નરકમેં જાતા હૈ :–'** સાધુને યોગ્ય કાર્ય જે છે એમાં એને ઠીક ન લાગે, ખેદ લાગે, દુઃખ લાગે. પરાણે હઠથી કરવું પડે. તો એ પણ કહે છે, મોટી પદવી નામ ધરાવી છે અને આવા કામ કરે એ પણ નીચે જાય. લ્યો! .. ખાનારા નરકમાં જાય એમ આ પણ નરકમાં જાય. વસ્તુ એવી છે, ભાઈ! કોઈનું ત્યાં કાંઈ ન્યાયની

વસ્તુની સ્થિતિ કુદરતી એવી છે એ પ્રમાણે ધર્મ આદિ ન કરે તો મરીને નરકમાં જાય. એ પણ કુદરતનો સ્વભાવ છે.

**दंसणणाणचरित्ते तवसंजमणियमणिच्चकम्मम्मि।**
**पीडयदि वट्टमाणो पावदि लिंगी णरयवासं।।११।।**

'**અર્થ :– જો લિંગ ધારણ કરકે ઈન ક્રિયાઓંકો કરતા હુઆ...**' એની ક્રિયા વિષે એમ. સાધુને યોગ્ય જે ક્રિયા જોઈએ. સમતા, સામાયિક, વંદન, સ્તુતિ વગેરે. અને આત્મજ્ઞાન-ધ્યાન વગેરે. એના કરતાં '**બાધ્યમાન હોકર...**' દુઃખ લાગે. પરાણે વેઠ કરવી પડતી હોય નહિ. વેઠની જેમ કરે. વેઠ સમજો છો? ભારરૂપ. અમારે અહીં વેઠ કહે છે. ફોજદાર અને એનો હુકમ આવે કે બે ગાડા જોડજો. વેઠે. વેઠે એટલે વગર પૈસે જાવું પડે. વેઠ. એમ આ જાણે ક્રિયા કરવી પડતી હોય એ વેઠ લાગે. સાધુની ક્રિયા સમતા, વિનય, વંદન, આત્મધ્યાન, જ્ઞાન, શ્રવણ, વાંચન.

એક જણા કહેતા હતા. અહીંયાં એક બ્રહ્મચારી હતો. અમારું સાંભળ્યું બધું ઘણું. પછી બિચારાએ કહ્યું, મને ગમે તેમ હોય આ વાંચવાથી કંટાળો આવે છે. શાસ્ત્ર વાંચતા કંટાળો આવે છે. એ શું છે? કહો હવે. ચોપડા ઘરના વાંચતા હોય પાપના એમાં કંટાળો આવે છે? ગમે તે હોય મને કહે અંદર.. એ બિચારા ચાર-છ મહિના સાથે રહ્યા, આવી એક વાર ખુલ્લી વાત કહી દીધી. ઓલા શું નામ ભૂલી ગયા? '..શેઠી' બે-ત્રણ મહિના રહ્યા. બ્રહ્મચારી. વાંચન, શાસ્ત્ર જ્યાં લઉં છું, વાંચુ છું. રસ નથી આવતો. કંટાળો આવે છે. કહો, એવી જાતની યોગ્યતા હોય છે ને એને.

કહે છે કે જે એને ક્રિયાયોગ્ય હોય એનો એને કંટાળો લાગે, પીડા લાગે, વેઠ લાગે, દુઃખી થાય. '**વહ લિંગી નરકવાસકો પાતા હૈ.**' એની પદવીને યોગ્ય ક્રિયા જે વ્યવહારની છે એ કરતાં પણ એને વેઠ લાગે, દુઃખી થાય તો નરકમાં જાય. આહાહા..! '**વે ક્રિયાયેં ક્યા હૈં?**' તે ક્રિયા કઈ? '**પ્રથમ તો દર્શન જ્ઞાન ચારિત્રમેં ઈનકા નિશ્ચય-વ્યવહારરૂપ ધારણ કરના,...**' દેખો! આ ક્રિયા. હોં! ભગવાનઆત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનઘન આત્મા છે. એની અંતરની સમ્યગ્દર્શન-સમ્યગ્દર્શન નિર્વિકલ્પ પ્રતીતિ કરવી, એ એને કંટાળો લાગે, દુઃખ લાગે. આહાહા..! એ પ્રથમમાં પ્રથમ જન્મ-મરણના ઉદ્ધારને માટે પહેલો આ રસ્તો કે ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન સચ્ચિદાનંદ સ્વરૂપ, અનંત અનંત ગુણના સામ્રાજ્યનો રાજા પોતે. આહાહા..! એની અંતરની સ્વસન્મુખ થઈને રાગના અવલંબનને છોડીને એકલો આત્મા પરમાનંદની મૂર્તિનું આલંબન લઈને સમ્યક્ પ્રતીત કરવી એ એને કંટાળો લાગે કે આ શું આવું? સમજાણું કાંઈ? જે સાધુનું તો મૂળ કર્તવ્ય છે. આહાહા..!

પ્રભુ આત્મા અનંતગુણરૂપી જેમાં સમાજ પડ્યો છે, એવો ભગવાન એક વસ્તુ પોતાની, એની સન્મુખ થઈને અને દુનિયાથી વિમુખ થઈને રાગાદિ વિકલ્પથી વિમુખ થઈને, સ્વભાવની સન્મુખ થઈને સ્વભાવની શ્રદ્ધા પ્રગટ કરવી એને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે.

સાચી પ્રતીત અને સાચું દર્શન. જેવો છે આત્મા એવું દર્શન. એ કરતા એને કંટાળો લાગે, દુઃખ લાગે, ખેદ લાગે. અંતરમાં ધ્યાન કરતા મન થંભે નહિ. અને બીજી વિકથાઓમાં મન રંજાયમાન થાય. કહે છે કે એ બધા લક્ષણ નરકમાં જવાના છે. આહાહા..!

પોતાનો આનંદનો નાથ પ્રભુ, એની અંતરમાં દૃષ્ટિ કરવી, એની સન્મુખ થઈને એ એને ઠીક ન લાગે અને બહારની વાતું વિકથાઓ કરવી એને ઠીક લાગે. બબ્બે ચચ્ચાર કલાક .. વિકથાઓ .. આહાહા..! શું એના લખણ. પદવી નામ ધરાવીને કહે છે આવા લક્ષણ તારા? નરકમાં જવાના લખણ છે. આહાહા..! નિશ્ચય સમકિત. એમ નિશ્ચય જ્ઞાન. એ .. વાત છે ને બે?

નિશ્ચયજ્ઞાન એટલે આત્માનું જ્ઞાન. આખો આત્મા મહાપ્રભુ પૂર્ણ સ્વરૂપ એનું. એનું જ્ઞાન કરતાં કંટાળો લાગે. સમજાણું કાંઈ? મન એમાં રોકી શકે નહિ અને ભય પામે. ભય પામે કે આહા..! આમાં કેમ જવાશે? બહારમાં ભટક્યા કરે એવા સાધુનું જે આચરણ છે એને કરતો નથી. સમ્યગ્જ્ઞાન કરતો નથી આત્માનું, એમ કહે છે. અને સમ્યક્ ચારિત્ર. સ્વરૂપમાં રમવું. ભગવાનઆત્મા શુદ્ધ આનંદઘનમાં રમવું, એમાં લીન થવું એનું નામ ચારિત્ર છે. એ ચારિત્રને તો કરતો નથી. એ ત્રણ નિશ્ચય થયા.

હવે વ્યવહાર. વ્યવહાર સમકિત. નિશ્ચય આવું હોય ત્યાં વ્યવહાર સાચા અરિહંત, દેવ, ગુરુ, શાસ્ત્ર. પવિત્ર પ્રભુ પરમાત્મા, ગુરુ નિર્ગ્રંથ, શાસ્ત્ર અનેકાંત સિદ્ધ એની શ્રદ્ધા એ શુભરાગ છે. એ વ્યવહાર છે. નિશ્ચય સમ્યગ્દર્શન આત્માનું હોય ત્યાં આવો વ્યવહાર સમકિતનો ભાવ દેવ, ગુરુ, શાસ્ત્ર સાચા એની શ્રદ્ધાનો રાગ એને હોય. એવી શ્રદ્ધા કરવામાં એને કંટાળો લાગે અને બીજી ચીજને રમવામાં... શું કહેવાય આ તમારું? ચોપાટ ને. એ સાધુ થઈને રમે નવરા હોય તે. આહાહા..! એમાં એને રસ લાગે, કહે છે. વ્યવહારુ જ્ઞાન. શાસ્ત્રના વાંચન કરવા, વિચારવા એ બધું વ્યવહારું જ્ઞાન છે. આત્મજ્ઞાન એ નિશ્ચય છે, શાસ્ત્રનું વાંચન આદિ કરીને જ્ઞાન કરવું એ વ્યવહાર છે. એ વ્યવહારજ્ઞાનમાં પણ જેને કંટાળો આવે છે એ સાધુ પદવીને યોગ્યમાં એને દુઃખ થાય છે કે આટલું કરવું પડશે. સવારમાં સ્વાધ્યાય, પછી ધ્યાન, પછી આ. આ લપ.

મુમુક્ષુ :- આફત સમજે.

ઉત્તર :- આફત સમજે. બસ એ.

વ્યવહારું ચારિત્ર પંચમહાવ્રત. કોઈપણ પ્રાણી એકેન્દ્રિયથી લીલોતરીથી માંડીને કોઈપણ પ્રાણીને દુઃખ ન દેવાનો ભાવ. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય વ્યવહારુ. શરીરથી બ્રહ્મચર્ય. અને અપરિગ્રહ લંગોટી પણ નહિ. એવા પંચમહાવ્રતની વ્યવહાર ચારિત્ર ક્રિયા. એમાં પણ એને રુચિ રહે નહિ. કંટાળો લાગે. એ નિશ્ચય અને વ્યવહાર બે થયા.

'**પ્રથમ તો દર્શન જ્ઞાન ચારિત્રમેં ઈનકા નિશ્ચય-વ્યવહારરૂપ...**' એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-નિશ્ચય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વ્યવહાર. આ બે પ્રકાર કહ્યા એ. એ '**ધારણ**

**કરના,...**' એને કંટાળો લાગે. વળી '**તપ-અનશનાદિક બારહ પ્રકારકે શક્તિકે અનુસાર કરના,...**' શક્તિ અનુસાર એટલે શક્તિના પ્રમાણમાં. શરીરની શક્તિ હોય, વીર્યની શક્તિ-બળ હોય એના પ્રમાણમાં અનશન-આહાર છોડવો, ઉણોદરી કરવી, રસ છોડવા એવો એને યોગ જોઈએ એ યોગ કરતો ન હોય અને કરતા એને ખેદ લાગતો હોય. આફત લાગે, ભાઈ કહે છે ઠીક છે. આવી આફત આવી માથે. કરવું પડશે. વેઠ. એ પણ કહે છે કે એની પદવીને યોગ્ય નથી કરતો તો એ પણ નરક યોનિમાં જનાર છે.

'**સંયમ-ઈન્દ્રિયોંકો ઔર મનકો વશમેં કરના...**' પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન. છને વશ કરવું. એ વશ કરવામાં એને ખેદ લાગે, દુઃખ લાગે. '**જીવોંકી રક્ષા કરના,...**' લ્યો! કોઈ જીવને દુઃખ દેવું નહિ. એમ. રક્ષા એટલે. લીલોતરી જીવ છે આ વનસ્પતિ. એકેન્દ્રિય પૃથ્વી, પાણી, જળ, અગ્નિ, વાયુ એ કોઈ પણ પ્રાણીને દુઃખ દેવાનો ભાવ ન હોય. એને ઠેકાણે એને કંટાળો આવે. આ એકેન્દ્રિય છે. આવા બધા કાંઈ આપણાથી કાંઈ પાળી શકાતું નથી. ભાઈ! લ્યો! એમ કરીને દુઃખ લાગે.

'**નિયમ અર્થાત્ નિત્ય કુછ ત્યાગ કરના...**' હંમેશા કાંઈ નિયમ લેવો કે આ કાચુ ન ખાવું અથવા આથણું ન લેવું. વગેરે. એમાં એને ખેદ લાગે, દુઃખ લાગે. તો એ પણ મુનિના આચરણથી વિરૂદ્ધ છે. '**નિત્યકર્મ અર્થાત્ આવશ્યક આદિ...**' સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન છ પ્રકારના આવશ્યક છે. એમાં પણ એને ખેદ-દુઃખ લાગે. '**ક્રિયાઓંકો નિયત સમય પર નિત્ય કરના,...**' હંમેશા સવાર-સાંજ જે કાળ બપોરે પણ સામાયિક આદિ કરવું જોઈએ, એને નથી કરતો અને ખેદ લાગે છે. '**યે લિંગકે યોગ્ય ક્રિયાયેં હૈં,...**' લ્યો! આ લિંગને યોગ્ય ક્રિયા છે. '**ઈન ક્રિયાઓંકો કરતા હુઆ દુઃખી હોતા હૈ...**' દુઃખી હોય એમ લખ્યું છે. '**વહ નરક પાતા હૈ.**'

'**ભાવાર્થ :- લિંગ ધારણ કરકે યે કાર્ય કરને થે, ઈનકા તો નિરાદર કરે...**' દિગંબર લિંગ ધારણ કરી, ભેખ ધારણ કરીને કરવું તો આ હતું. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, ઈન્દ્રિય દમન, જીવની રક્ષા, આવશ્યક આદિ ક્રિયા, એનો તો નિરાદર કરે. આદર કરે નહિ '**ઔર પ્રમાદ સેવે, લિંગકે યોગ્ય કાર્ય કરતા હુઆ દુઃખી હો,...**' લિંગને યોગ્ય કાર્ય કરતાં ખેદ લાગે એને. '**તબ જાનો કિ ઈસકે ભાવશુદ્ધિપૂર્વક લિંગગ્રહણ નહીં હુઆ...**' ભાવના ભાનપૂર્વક એણે આ ભેખ લીધો નથી. વેષથી ભેખ લીધો છે. સૌની સાથે લેતાં, ચાલો, આપણે પણ મુંડાઈએ ભેગા. આત્માનું ભાન-જ્ઞાન, વ્યવહાર-નિશ્ચય કરવાની એને દરકાર નથી.

'**ભાવ બિગડને પર તો ઉસકા ફલ નરક હી હોતા હૈ,...**' કહે છે બિચારો માંસ ખાય નહિ, દારૂ પીવે નહિ. પણ એ અંતે ત્યાં જાશે એમ કહે છે. ભાવ બગડ્યા છે પછી એના ઠેકાણા શા?

आगे कहते हैं कि जो भोजनमें भी रसोंका लोलुपी होता है वह भी लिंगको लजाता है :–

## ગાથા-૧૨

कंदप्पाइय वट्टइ करमाणो भोयणेसु रसगिद्धिं।
मायी लिंगविवाई तिरिक्खजोणी ण सो समणो।।१२।।

कंदर्पादिषु वर्तते कुर्वाणः भोजनेषु रसगृद्धिम्।
मायावी लिंगव्यवायी तिर्यग्योनिः न सः श्रमणः।।१२।।

જે ભોજને રસગૃદ્ધિ કરતો વર્તતો કામાદિકે,
માયાવી લિંગવિનાશી તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૨.

अर्थ :– जो लिंग धारण करके भोजनमें भी रसकी गृद्धि अर्थात् अति आसक्तताको करता रहता है वह कंदर्प आदिकमें वर्तता है, उसके काम–सेवनकी वांछा तथा प्रमाद निद्रादिक प्रचुर मात्रामें बढ़ जाते हैं तब 'लिंगव्यवायी' अर्थात् व्यभिचारी होता है, मायवी अर्थात् कामसेवनके लिये अनेक छल करना विचारता है, जो ऐसा होता है वह तिर्यंचयोनि है, पशुतुल्य है, मनुष्य नहीं है, इसलिये श्रमण भी नहीं है।

भावार्थ :– गृहस्थपद छोड़कर आहारमें लोलुपता करने लगा तो गृहस्थपदमें अनेक रसीले भोजन मिलते थे, उनको क्यों छोड़े? इसलिये ज्ञात होता है कि आत्मभावनाके रसको पहिचाना ही नहीं है इसलिये विषयसुखकी ही चाह रही तब भोजनके रसकी, साथके अन्य भी विषयोंकी चाह होती है तब व्यभिचार आदिमें प्रवर्तकर लिंगको लजाता है, ऐसे लिंगसे तो गृहस्थपद ही श्रेष्ठ है, ऐसे जानना।।१२।।

## ગાથા-૧૨ ઉપર પ્રવચન

'આગે કહતે હૈં કિ જો ભોજનમેં ભી રસોંકા લોલુપી હોતા હૈ વહ ભી લિંગકો લજાતા હૈ :–'

कंदप्पाइय वट्टइ करमाणो भोयणेसु रसगिद्धिं।
मायी लिंगविवाई तिरिक्खजोणी ण सो समणो।।१२।।

તિર્યંચ યોનિ નાખે છે ઘણે ઠેકાણે.

'**અર્થ :– જો લિંગ ધારણ કરકે ભોજનમેં ભી રસકી ગૃદ્ધિ...**' દિગંબર લિંગ ધારણ કરે કે કોઈપણ સાધુનો વેષ લ્યો. એમ સમુચ્ચય છે ને વાત? ગૃદ્ધિ. રસમાં ગૃદ્ધિ. જે ઠેકાણે સારો રસ મળતો હોય ત્યાં લેવા જાય. કેરીના રસ. સમજાણું? એવા ગૃદ્ધિ થઈને, કહે છે કે

એ બધા ઠેકાણા ઢોરના છે. કારણ કે ખાવાની ગૃદ્ધિ તો ઢોરને હોય. એમ કહે છે. તિર્યંચ યોનિ કીધું છે ને? જુઓને! આખો દિ' પશુ ખાધા જ કરે. કારણ કે એને આહારસંજ્ઞા બહુ હોય છે જાતમાં. પશુને આહારસંજ્ઞા બહુ હોય છે. મનુષ્યને મૈથુન સંજ્ઞા બહુ હોય છે. નારકીને ભયસંજ્ઞા બહુ હોય છે, દેવને પરિગ્રહ સંજ્ઞા બહુ હોય છે. આ તિર્યંચ ખાવાની વારંવાર ગૃદ્ધિ કહે છે. તિર્યંચ છે એમ કહે છે. જુઓને! પશુને ગમે તેટલું નાખો તો પાછું ખાધા જ કરે, આખો દિ' ખાધા ખાધ કરે. ચર્યા જ કરે. કારણ કે એને આહારની ગૃદ્ધિ ઘણી છે. આહારસંજ્ઞા છે ને. આમ માયા છે.

ચાર સંજ્ઞામાં આહારસંજ્ઞા છે અને ક્રોધ, માન, માયા, લોભ. એમાં માયા-કપટ તિર્યંચને વધારે હોય છે. નારકીને ભય હોય છે. ભયસંજ્ઞા. આમ ક્રોધ હોય. મનુષ્યને મૈથૂન હોય છે, માન હોય છે. ચાર કષાયમાં માન વધારે (હોય) એને. માન. સત્તાપ્રિય કોઈ આમ અક્કડ કરે એવા અભિમાન એને વધારે (હોય) અને વિષયની વાસના એને. દેવને પરિગ્રહસંજ્ઞા અને લોભ. તિર્યંચને માયા અને આહાર. એ ભેદ છે ચાર બોલ. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા. ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર વહેંચાયેલું હોય છે. સાંભળ્યું છે કે નહિ? છે ને, શાસ્ત્રમાં છે. એથી અહીં તિર્યંચ લીધું.

'**ભોજનમેં ભી રસકી ગૃદ્ધિ અર્થાત્ અતિ આસક્તતાકો કરતા રહતા હૈ વહ કંદર્પ આદિકમેં વર્તતા હૈ,...**' શરીરની એવી ચેષ્ટાઓ આદિ. '**ઉસકે કામ-સેવનકી વાંછા તથા પ્રમાદ નિદ્રાદિક પ્રચુર માત્રામેં બઢ જાતે હૈં...**' ખાય અને પછી પ્રમાદ અને નિદ્રા કરે આઠ-આઠ, દસ-દસ કલાક સુધી. '**તબ લિંગવ્યવાયી અર્થાત્ વ્યભિચારી હોતા હૈ,...**' લ્યો! આહાહા..! મુનિપણું જેને સાચું પ્રગટ્યું હોય એને તો નિદ્રા પણ પોણી સેકન્ડની અંદરની હોય. એવી દશા જ છે એની. સમજાણું? સાચા ભાવલિંગી સાધુ હોય એને આત્મજ્ઞાન ઉપરાંત ચારિત્રદશા પ્રગટી હોય છે. એવા સાધુને રાત્રીમાં પોણી સેકન્ડની અંદર નિદ્રા આવે. એક સેકન્ડ પણ નિદ્રા ન આવે. એટલી જાગૃત દશા થઈ ગયેલી હોય છે. તરત જાગૃત થઈ જાય. આહાહા..! આત્માના સ્વભાવમાં ઘણી સાવધાની, ઘણી સાવધાની થઈ ગઈ છે ને એટલે નિદ્રા ઘણો જ અલ્પકાળ આવે છે. આ કહે છે આઠ-આઠ, દસ-દસ કલાક સુધી ઘોરે. સાંજના નવ વાગે સુવે તો સવારે છ વાગે ઊઠે. નવ-નવ કલાક. આહાહા..!

'**તબ લિંગવ્યવાયી અર્થાત્ વ્યભિચારી હોતા હૈ,...**' લિંગની શોભા એમાં છે નહિ. એને યોગ્ય ન કર્યું. વ્યભિચાર કર્યો બધો, એમ કહે છે. લિંગનો એ વ્યભિચાર. '**માયાવી અર્થાત્ કામસેવનકે લિયે અનેક છલ કરના વિચારતા હૈ,...**' વિષયની વાસના માટે અનેક પ્રકારના માયા, કપટ, કુટીલતા, દમ, વક્રતા સેવે. ગોતે કઈ રીતે મળે. '**જો ઐસા હોતા હૈ વહ તિર્યંચયોનિ હૈ,...**' એ તો પશુની યોનિ છે. ઢોરમાં અવતર્યો છે, કહે છે. એ તો ઢોરની યોનિ છે. '**પશુતુલ્ય હૈ, મનુષ્ય નહીં હૈ, ઈસલિયે શ્રમણ ભી નહીં હૈ.**' માટે મનુષ્યપણું નથી ત્યાં વળી સાધુપણું ક્યાંથી આવ્યું, કહે છે. મનુષ્યને યોગ્ય જે મનુષ્યપણું જોઈએ એના પણ

ઠેકાણા નથી. પશુ જેવા આચરણ કરે.

**'ભાવાર્થ :- ગૃહસ્થપદ છોડકર આહારમેં લોલુપતા કરને લગા...'** ગૃહસ્થપણું છોડીને આહારમાં લોલુપી થયો. સારો સારો આહાર મળે. મોસંબી, કેરી. શું કહેવાય તમારે? દ્રાક્ષ. શું કહેવાય એનું બીજું નામ? દ્રાક્ષ. અંગુર. એવા અંગુર આવે છે ને મોટા-મોટા આવડા-આવડા કાબુલી. કાબુલી આવે છે એક. એક બીજા દેશનું આવે છે. સીધું આવે છે 'મુંબઈ'. પ્લેનમાં આવે છે એ.

મુમુક્ષુ :- ચમના.

ઉત્તર :- ચમન. તમને ખબર છે ને બધી. ત્યાંથી સીધું આવે. આમ રેલમાં ન આવે. બગડી જાય ને એટલે સીધી આવે. નાની. અંદર બીજ ન હોય. એ ગૃદ્ધિ.

એક ફેરી વાત થઈ હતી અહીં. ત્યાં .. આવી દ્રાક્ષ હતી ને દ્રાક્ષ. કોઈક ગરીબ માણસ આવ્યા હશે. ભાઈ! આ દ્રાક્ષ ખાઓને આટલી. પણ ભાઈ તારે દ્રાક્ષ છે. અહીંયાં અમારે દ્રાક્ષ ક્યાં હતી? કારણ કે એ બધા મોકલે માખણ ચોપડનારા ઘણા હોય ને. એને દ્રાક્ષ આવે, ઓલા ટોપલા આવે. ત્યાં પણ આપણે આવતા, નહિ? 'ભોપાલ'. 'ભોપાલ' નહિ? આપણે કેવા? 'મિસરીલાલજી' 'ભોપાલ'ના ગંગવાલ. મોટો. એને ત્યાં ઉતરેલા ને. 'ભોપાલ' ગયા હતા ત્યારે. મોટા ઓલા આવે છે પીચ-પીચ. પીચ આવે. ઉપર કાંટા હોય અને અંદર મિઠાશ હોય. પીચ-પીચ. ટોપલાના ટોપલા પડ્યા હોય એને. માણસો મોકલે. એવી મેં વાત સાંભળી હતી. કેટલાક આવ્યા. કે ખાવું શું? કહે, આ દ્રાક્ષ ખાવ ને. અંગુર ખાવ અંગુર. બહુ પાક્યા છે જુઓ અહીંયાં. પણ એ તમારે ત્યાં. અમારે ત્યાં રોટલો મળતો નથી ત્યાં અંગુર ક્યાંથી લાવવા? ખાવ ખાજા. શેના ખાજા ખાય?

એમ કહે છે કે **'ગૃહસ્થપદમેં અનેક રસીલે ભોજન મિલતે થે, ઉનકો ક્યોં છોડે? ઈસલિયે જ્ઞાત હોતા હૈ કિ આત્મભાવનાકે રસકો પહિચાના હી નહીં હૈ...'** આહાહા..! આત્માના આનંદના રસની એને ખબર નથી. એટલે રસનો ગૃદ્ધિ થઈ ગયો એમ કહે છે. સચ્ચિદાનંદ પ્રભુ આત્માનો આનંદરસ. આત્મરસ. શાંત નિર્વિકારી અનુભવનો આત્માનો આનંદરસ, એની એને ખબર નથી. **'આત્મભાવનાકે રસકો પહિચાના હી નહીં હૈ...'** જુઓ! આત્મભાવનો રસ આ. આત્મા પવિત્ર શુદ્ધ આનંદ, એની ભાવના કરતા, એકાગ્રતા થતાં આત્માના આનંદનો સ્વાદ આવે. આહાહા..! ઈ કેવું! સમજાણું કાંઈ? એવા રસને તો જાણ્યો નહિ. આ જડના રસમાં ગૃદ્ધિ થઈને.. સમજાણું? ત્યાં આપણે ગયા હતા, નહિ? શું કહેવાય? શ્રવણબેલગોલા? ઉતર્યા હતા. નહિ? થાળ ભરી ભરીને આવે ઉપરથી. કેરી ને એ બધું. આ 'માંગરોળ' છે ને? 'માંગરોળ'. મૂળબિદ્રી. ઓલા નળિયા બહુ થાય છે ત્યાં. 'મેંગલોર' મોટું છે. ત્યાં આગળ મહારાજ આવ્યા એમ કરીને પછી બિચારા થાળના થાળ ભરીને લાવે. કેરી ને એ બધું. ભાઈ! અહીં કાંઈ ખાતા નથી. અમે તો આ રોટલી ખાઈએ છીએ. એનો બહુ પાક છે એ બાજુ. શું કીધું ઈ?

મુમુક્ષુ :- 'મેંગલોર'.

ઉત્તર :- 'મેંગલોર'. અમે મૂળબિદ્રી હતા. મહારાષ્ટ્ર. લોકો બહુ આવે ને ચારે કોરથી. ગૃદ્ધિ થાય પછી એમાં. મરી જાય. આહાહા..! લોકો તો બિચારા સારી ચીજ હોય એ આમંત્રે. પણ ભેખવાળાને ભાન ન મળે અને ગૃદ્ધિ થઈ જાય તો મરી જાય કહે છે, એમ કહે છે. અહીં.

'**વિષયસુખકી હી ચાહ રહી...**' દેખો! શું કીધું? અરે..! ધર્મીને તો આત્માના આનંદના રસની ચાહના હોય છે એમ કહે છે. પંડિતજી! ધર્મી તો એને કહીએ કે જેને આત્માના આનંદના રસની ભાવના હોય છે. આનંદરસ, નિજરસ, નિર્વિકલ્પ આત્મરસ, સુધારસ. ધર્મી જીવ એને કહીએ અને એને આનંદના રસની ભાવના હોય છે. એવા રસને જાણ્યો નહિ એટલે આ રસમાં ગૃદ્ધિ થઈ ગયો. સામે સામે વાત લીધી છે. સમજાણું? આવા ભોજન રસીલા છોડી અને... કેમ છોડ્યા? વળી અહીં પાછો એનો એ ગૃદ્ધિ થઈ ગયો, કહે છે. એથી જાણી કે '**આત્મભાવનાકે રસકો પહિચાના હી નહીં હૈ ઈસલયે વિષયસુખકી હી ચાહ રહી...**' ભોગ. રાગ.. રાગ... રાગ... આહાહા..! માંસમંથન એ રહ્યું એને. રાગનો રસ. ભગવાનઆત્માના રસના આનંદનું ભાન ન મળે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ભોજનકે રસકી, સાથકે અન્ય ભી વિષયોંકી ચાહ હોતી હૈ...**' ભોજન અને બીજા પણ અનેક પ્રકારના સારા સાંભળવા, ગાયન સાંભળવા, હારમોનિયમ, વાજા, સિતાર આહાહા..! '**તબ વ્યભિચાર આદિમેં પ્રવર્તકર લિંગકો લજાતા હૈ, ઐસે લિંગસે તો ગૃહસ્થપદ હી શ્રેષ્ઠ હૈ,...**' આવા લિંગ કરતા તો ગૃહસ્થાશ્રમમાં આત્માનું ભાન કરીને રહે. ભલે કોઈ આવા પાપના ભાવ હોય પણ એને અંદરમાં રસ ન હોય. રસ ન હોય. ગૃહસ્થાશ્રમમાં મુનિ થયો ન હોય, ભલે ત્યાગી-દિગંબર ન થાય પણ ગૃહસ્થાશ્રમમાં આત્માના ધર્મનો રસ લઈ, આત્માના રસની રુચિ-દૃષ્ટિ કરીને રહે તો એને સંસારમાં ક્યાંય રસની રુચિ હોય નહિ. તો તો એવા સાધુ કરતા તો ગૃહસ્થાશ્રમ સારો. ક્યો ગૃહસ્થાશ્રમ? આત્માના રસના લેનારાનો. ભલે ત્યાગી નથી, ચારિત્ર નથી, મુનિ નથી. સમજાણું કાંઈ?

'રત્નકરંડ શ્રાવકાચાર'માં આવે છે ને? મોહી અણગાર સંસારમાર્ગી છે. મિથ્યાદૃષ્ટિ, આત્માના રસની ખબર ન મળે અને આવા રસમાં રહેલા અણગાર મોહી મિથ્યાદૃષ્ટિ સંસારમાર્ગી છે. ગૃહસ્થાશ્રમમાં પણ આત્માનો રસ અને ભાન થયા છે, એ રસ આગળ આખી દુનિયાના રાગના રસ જેને અંતરથી છૂટી ગયા છે. આસક્તિ છે. આસક્તિ છે પણ રસ નથી. સમજાણું કાંઈ? તો આવા મુનિ કરતા તો કહે છે, આવા ગૃહસ્થ સારા. પદવીનું તો પાપ નથી અને એને યોગ્ય પાપના પરિણામ હોય પણ એને રુચિ અને રસ હોતો નથી. ગૃહસ્થાશ્રમની વાત છે.

आगे फिर इसीको विशेषरूपसे कहते हैं :–

## ગાથા-૧૩

धावदि पिंडणिमित्तं कलहं काऊण भुञ्जदे पिंडं।
अवरपरुई संतो जिणमग्गि ण होइ सो समणो।।१३।।

धावति पिंडनिमित्तं कलहं कृत्वा भुक्ते पिंडम्।
अपरप्ररूपी सन् जिनमार्गी न भवति सः श्रमणः।।१३।।

પિંડાર્થ જે દોડે અને કરી કલહ ભોજન જે કરે,
ઈર્ષા કરે જે અન્યની, જિનમાર્ગનો નહિ શ્રમણ તે. ૧૩.

अर्थ :– जो लिंगधारी पिंड अर्थात् आहारके निमित्त दौड़ता है, आहारके निमित्त कलह करके आहारको भोगता है, खाता है, और उसके निमित्त अन्यसे परस्पर ईर्षा करता है वह श्रमण जिनमार्गी नहीं है।

भावार्थ :– इस कालमें जिनलिंगसे भ्रष्ट होकर पहिले अर्द्धफालक हुए, पीछे उनमें श्वेताम्बरादिक संघ हुए, उन्होंने शिथिलाचार पुष्ट कर लिंगकी प्रवृत्ति बिगाड़ी, उनका यह निषेध है। इनमें अब भी कई ऐसे देखे जाते हैं जो–आहारके लिये शीघ्र दौड़ते हैं, ईर्यापथकी सुध नहीं है और आहार गृहस्थके घरसे लाकर दो–चार शामिल बैठकर खाते हैं, इसमें बटवारेमें सरस, नीरस आवे तब परस्पर कलह करते हैं और उसके निमित्त परस्पर ईर्षा करते हैं, इसप्रकारकी प्रवृत्ति करें तब कैसे श्रमण हुए? वे जिनमार्गी तो हैं नहीं, कलिकालके भेषी हैं। इनको साधु मानते हैं वे भी अज्ञानी हैं।।१३।।

## ગાથા-૧૩ ઉપર પ્રવચન

'આગે ફિર ઈસીકો વિશેષરૂપ કહતે હૈં :–'

धावदि पिंडणिमित्तं कलहं काऊण भुञ्जदे पिंडं।
अवरपरुई संतो जिणमग्गि ण होइ सो समणो।।१३।।

'**અર્થ :–જો લિંગધારી પિંડ અર્થાત્ આહારકે નિમિત્ત દૌડતા હૈ,...**' છે, આ વાત તો બને છે અત્યારે આ સાધુ શ્વેતાંબરના. સમિતિ વિના, જોયા વિના ચાલે. જોળી લઈને દોડે. ઝટ આ ઘરે જાવ અને ઝટ આ ઘરે જાવ. હેઠે કીડી-મકોડા મરે એના પણ ઠેકાણા ન મળે. વળી '**આહારકે નિમિત્ત** કલહ કર...' ખાતા-ખાતા સરખા ભાગ ન પાડે. આ તો બધું જોયેલું છે. આહારમાં કલહ કરે. હું આટલું લાવ્યો અને મને કેમ ન આપ્યું થોડું? આ ભાગ

મને કેમ ન પાડ્યો? સમવિભાગ કરવો જોઈએ. આહાહા..!

'**આહારકો ભોગતા હૈ, ખાતા હૈ,...**' ક્લેશ કરે. '**ઉસકે નિમિત્ત અન્યસે પરસ્પર ઈર્ષા કરતા હૈ...**' બીજા સાથે ઈર્ષ્યા કરે કે તું બરાબર મને આપતો નથી. તું આને આપે છે, તું વચમાં પડીને સરખું નથી અપાવતો, ફલાણાને સારું આપે છે, અમને નહિ. વહેંચનારો તને ક્યાંથી આપ્યો? સાધુ ભેગા થઈને વહેંચે. આ લઈ આવે ને આહાર. શ્વેતાંબર. વળી એ નાખે છે.

મુમુક્ષુ :- પરસ્પરમાં વિવાદ કરે છે. વિવાદ થઈ જાય.

ઉત્તર :- થઈ જાય. ઘણું હોય છે ને બધું ઘણું જોયું છે. એક ફેરી કહેવું પડ્યું હતું મારે કે એલા પણ આ તમે આમાં દીક્ષા તમને કોણે આપી? (સંવત) ૧૯૭૭ ની વાત છે. આ શું કરો છો તમે આ? આહાર વહેંચવા માટે તકરાર, આ ક્લેશ, શું કરો છો તમે આ? આપણે તો ભાઈ મધ્યસ્થ. આપણે કહીએ, નહિ આવું ન જોઈએ. ખિજાય જાય થોડી વાર. ખીજાય તો ખીજાવ, પણ બાપુ! તમે આ કરો છો એ આપણને ઠીક નથી લાગતું. આહારની વહેંચણી કરે અને એમાં સરખું ન લે તો એ... તકરાર, ક્લેશ. અપાસરાના બારણા બંધ કરવા પડે. કોઈ દેખી લેશે. અમારા 'હીરાજી મહારાજ' બિચારા...

મુમુક્ષુ :- હિરાજી મહારાજ પોતે ઉઠીને બારણા બંધ કરી દે.

ઉત્તર :- બારણા બંધ કરી દે. બહુ નરમ.. બહુ નરમ... બહુ નરમ.. 'આંકડિયા'માં પહેલી તકરાર થઈ તો બારણા બંધ કરી આવ્યા. અપાસરો છે ને. અપાસરો તમે નથી જોયો. ૯૬માં અપાસરામાં ઉતર્યા હતા. ઓલી કોરથી આવ્યા હતા ને જ્યારે 'ગિરનાર'થી? સંપ્રદાયમાં તો બધા અપાસરામાં ઉતરતા. બેને તકરાર થઈ તો 'હિરાજી મહારાજ' બારણા બંધ કરી આવ્યા બિચારા. આહાહા..! એવા સજ્જન માણસ હતા બિચારા. આપણે આ સાધુવેશમાં આ તકરાર, આ ક્લેશ? અમારા સંપ્રદાયના ગુરુ બહુ નરમ-બહુ નરમ. પણ બીજા બે હતા એ તકરાર કરે. ઘણું જોયું છે.

'**ભાવાર્થ :- ઈસ કાલમેં જિનલિંગસે ભ્રષ્ટ હોકર...**' અનાદિ સનાતન દિગંબરમાર્ગ હતો. વીતરાગનો માર્ગ અનાદિ આત્મજ્ઞાન-ધ્યાન સહિત મુનિ દિગંબર નગ્ન રહેતા. અનાદિનો એ માર્ગ હતો. એમાંથી આ કાળમાં એટલે બે હજાર વર્ષ પહેલાં '**જિનલિંગસે ભ્રષ્ટ હોકર...**' દિગંબરલિંગથી ભ્રષ્ટ થઈ ગયા. '**પહિલે અર્ધફાલક હુએ,...**' અર્ધ કટકો રાખ્યો આટલો આડો. કટકો. અર્ધફાલક એટલે અર્ધો કટકો રાખ્યો. ફાળિયું. '**પીછે ઉનમેં શ્વેતાંબરાદિક સંઘ હુએ,...**' એમાંથી આ શ્વેતાંબર અને સ્થાનકવાસી ને એમાંથી નીકળ્યા છે બધા. વાત આમ છે, ભાઈ! સત્ય તો સત્ય હોય એ (રહે). શ્વેતાંબર આ સ્થાનકવાસી, આ તેરાપંથી એ બધા પહેલા દિગંબર મુનિમાંથી ભ્રષ્ટ થયેલા નીકળેલા. અનાદિ સનાતન માર્ગ આત્મામાં મસ્ત. મસ્તી આનંદની. એથી દિંગબર વસ્ત્રનો કટકો પણ નહિ. એવી મુનિની અનાદિ દશા હતી. એમાંથી ભ્રષ્ટ થયા. શ્વેતાંબર આદિ-સ્થાનકવાસી વગેરે તેરાપંથી વગેરે. '**સંઘ હુએ,...**'

'**ઉન્હોંને શિથિલાચાર પુષ્ટ કર લિંગકી પ્રવૃત્તિ બિગાડી,...**' સાધુની જે લિંગની પ્રવૃત્તિ (એ) બગાડી છે. '**ઉનકા યહ નિષેધ હૈ.**' લ્યો! એનો ખુલાસો કર્યો, 'જયચંદ્ર પંડિતે'. એનો

આ નિષેધ છે. **'ઇનમેં અબ ભી કઈ ઐસે દેખે જાતે હૈં જો આહારકે લિયે શીઘ્ર દૌડતે હૈં,...'** આહારને માટે એકદમ જાય. વળી પોતાના ભગતનું ન હોય અને વિરોધીનું હોય તો બોયકોટ, વળી એમ બોલે. ત્યાં ન જવાય. શું છે પણ હવે. તમારે આ હોળી શું? આ બધું સાંભળેલું છે, હોં! એના માનનારા ન હોય અને વિરોધી હોય ગામમાં ઘર. હોય છે ને? અહીંયાં આવો નહીં... શું છે પણ તારે?

મુમુક્ષુ :- સારો સારો માલ હોય ત્યાં જાય.

ઉત્તર :- વિરોધી થયા હોય ત્યાં ન જાવું એમ કહે. એક તો બોલ્યો હતો સાધુ. સાંભળ્યું હતું. આહાહા..! આ તે લક્ષણ છે? કહે છે. ભાઈ! ગૃહસ્થાશ્રમના સજ્જન જીવો પણ એવા હોય કે જેને ક્લેશ, તકરાર આદિ હોય નહિ. ગૃહસ્થાશ્રમના સજ્જનો જેની નીતિ, ન્યાય સજ્જન એવા હોય છે. આહાહા..! લાજે. અરે..! આ આહાર માટે. લાજે. અર..ર..! આવું હોય? એવું ગૃહસ્થાશ્રમમાં ન હોય. સાધુને શું કહેવું? એમાં આવા માળા વઢે, શીઘ્ર દોડે.

**'ઈર્યાપથકી સુધ નહીં હૈ...'** નીચે જોવાના ઠેકાણા નહિ. કોણ કીડી મરે, મકોડા મરે. અરે..! ભાઈ! એક આહારની ગૃદ્ધિ માટે નીચે કોણ મરે છે? પંચેન્દ્રિય મરી જાય નીચે. ઈંડા ઝીણા હોય. ઢેઢગરોળીના ઈંડા હોય છે બહુ. ઢેઢગરોળી હોય છે ને એનું આટલું ઈંડુ હોય છે નાનું. પંચેન્દ્રિય હોય, હોં! એ તો આમ પાકીને મૂકી જાય. એને ટેવ હોય. આ ઢેઢગરોળી હોય છે ને? ઢેઢગરોળીને શું કહે છે? તમારે બીજું કહે છે.

મુમુક્ષુ :- છિપકલી તો .. પંચેન્દ્રિય નહિ હે.

ઉત્તર :- પંચેન્દ્રિય છે. આ ઢેઢગરોળી નથી થતી? એ પંચેન્દ્રિય છે. આ જીવ નથી ખાતી માથે? દિવા વખતે ખાય ને? દિવાબત્તી વખતે ખાય જીવડા. આમ. એ પંચેન્દ્રિય છે. ગર્ભજ છે. મનવાળા છે. પાંચ ઈન્દ્રિય અને મન છઠ્ઠું છે. બધું છે એને. એ ખાય છે. એના બચ્ચા હોય. નાના ઈંડા મૂકે આટલા મગના દાણા જેવા. અમે તો બધું ઘણું જોયું હોય ને. અમારે તો કેટલા વર્ષથી નજરે જોયું. ઘણા મૂકી જાય. અહીં પાટ ઉપર મૂકી જાય. નીચે મૂકી વઈને જાય. ધ્યાન રાખવું જોઈએ. પંચેન્દ્રિય જીવ ન હણાય. એ પંચેન્દ્રિય છે, ઈંડુ આવડું નાનું. નજર જ ક્યાંય ન મળે, એ શોધ જ ન મળે. ચાલ્યા જાય, કહે છે. લ્યો!

**'આહાર ગૃહસ્થકે ઘરસે લાકર દો-ચાર શામિલ બૈઠકર ખાતે...'** ભેગા ખાય. બે-ચાર જણા સાધુ. આહાર ભેળવેને એ લોકો શ્વેતાંબર. **'ઇસમેં બટવારેમેં, સરસ, નીરસ આવે...'** વહેંચવામાં સરસ, નિરસ કાંઈ આવી જાય **'તબ પરસ્પર કલહ કરતે હૈં...'** આ બહારવટીયા હોય છે ને? એ વહેંચે ત્યારે તકરાર ન કરે. પચ્ચીસ-પચાસ હજારનું લઈ આવ્યા હોય, લાખ-બે લાખનું અને રાતે ને રાતે વહેંચવું હોય અને હોય સાત-આઠ-દસ જણા. એ કાંઈ તોળીને વહેંચે ત્યાં? એકને આ દાગીનો આપે, એકને આ આપે. એમ કરીને એ તકરાર ન કરે માંહે. એ દાખલો હું તો આપતો, હોં! (સંવત) ૧૯૮૦માં. એલા કીધું આ બહારવટીયા પણ રાતે વહેંચતા સરખું આવે કે નહિ એમાં કલેહ ન કરે અને આ સાધુ થઈને શું આ ક્લેશ કરે છે? એ લોકો વહેંચે. ત્યાં ક્યાં એની પાસે કાંટો હતો આવો. ફરીવાર આવશે ત્યારે તમને વધારે આપશું, જાવ. લાખ-બે લાખનું લઈ આવ્યા હોય બહારવટીયા. રાતે ને રાતે વહેંચીને

વયા જાય, દાટી મૂકે ક્યાંક એક ઠેકાણે ખાડા ગાળીને. કોઈ પકડવા આવે તો પકડાય નહિ. પછી મહિને, બે મહિને, ચાર મહિને દાટ્યું હોય ત્યાંથી લઈ આવે. એવા ઘણાં પ્રકાર છે દુનિયાના.

અહીં ચોર્યું નહોતું? અહીં ગાંધીનું. ઓલા વાઘરી લોકો બાવા થઈને આવ્યા હતા. બાવા જોઈ લ્યો એ તો. વાઘરી હતા ને. સામું મકાન નહિ તમારું? તમારું મકાન, સામે. 'રાયચંદ ગાંધી'. તમારું મકાન. એનું મકાન નહિ. ઉપરથી કાણા પાડીને ગયેલા. સત્તર બાવા હતા. વાઘરી હોં! બધા. પકડ્યા પછી માળાને. દાટ્યા હતા ઝાડ નીચે. તરત ને તરત રાતે વહેંચી નાખ્યું. ઝાડ નીચે ખાડા ગાળીને દાટ્યા હતા. બધું કઢાવ્યું .. લઈને. એ બધા આવા. આ તો કહે, ખુલ્લા હોય ચોર. ઓલા ખાનગી ચોર. આહાહા..!

**'બટવારેમેં સરસ, નીરસ આવે તબ પરસ્પર કલહ કરતે હૈં ઔર ઉસકે નિમિત્ત પરસ્પર ઈર્ષા કરતે હૈં,...'** લ્યો! માંહો માહ ઈર્ષ્યા કરે કે તું એનો કાંઈક લાગે છો માટે આમ છે ને તેમ છે ને ઢીંકણું છે. એને કેમ સારું આપ્યું? **'ઈસપ્રકારકી પ્રવૃત્તિ કરેં તબ કૈસે શ્રમણ હુએ?'** આવા સાધુ કોને કહેવા? **'વે જિનમાર્ગી તો હૈં નહીં,...'** વીતરાગમાર્ગમાં આવા હોય નહિ. **'કલિકાલકે ભેષી હૈં.'** કળિકાળ-કળિયુગના ભેખી છે. **'ઈનકો સાધુ માનતે હૈં વે ભી અજ્ઞાની હૈં.'** એવાને સાધુ મનાય નહિ, ભાન ન મળે આવાને. આહાહા..!

---

**आगे फिर कहते हैं :–**

## ગાથા-૧૪

**गिण्हदि अदत्तदाणं परणिंदा वि य परोक्खदूसेहिं।**
**जिणलिंगं धारंतो चोरेण व होइ सो समणो।।१४।।**

गृह्णाति अदत्तदानं परनिंदामपि च परोक्षदूषणैः।
जिनलिंगं धारयन् चौरेणेव भवति सः श्रमणः।।१४।।

**અણદત્તનું જ્યાં ગ્રહણ, જે અસમક્ષ પરનિંદા કરે,**
**જિનલિંગધારક હો છતાં તે શ્રમણ ચોર સમાન છે. ૧૪.**

**अर्थ :– जो बिना दिया तो दान लेता है और परोक्ष परके दूषणोंसे परकी निंदा करता है वह जिनलिंगको धारण करता हुआ भी चोरके समान श्रमण है।**

**भावार्थ :– जो जिनलिंग धारण करके बिना दिये आहार आदिको ग्रहण करता है, परके देनेकी इच्छा नहीं है परन्तु कुछ भयादिक उत्पन्न करके लेना तथा निरादरसे लेना, छिपकर कार्य करना ये तो चोरके कार्य हैं। यह भेष धारण करके ऐसे करने लगा तब चोर ही ठहरा, इसलिये ऐसा भेषी होना योग्य नहीं है।।१४।।**

## ગાથા-૧૪ ઉપર પ્રવચન

**'આગે ફિર કહતે હૈં :-'** જે વાત સમજાવવી હોય એ તો વાત તો સમજાવવામાં વાત તો બધી આવે. 'કુંદકુંદાચાર્ય' તો વીતરાગી મુનિ છે આ તો. ક્ષણ ને પળે જેને સાતમું ગુણસ્થાન આવે છે. આનંદ... આનંદ... આનંદ... એક ક્ષણમાં વિકલ્પ છે, વૃત્તિ ઊઠે છે... બીજે ક્ષણે વૃત્તિ તૂટીને આનંદમાં સમાઈ જાય છે. એવી જેની દશા છે આ લખનાર કુંદકુંદ મુનિ છે પોતે આચાર્ય. એક ક્ષણમાં સપ્તમ ગુણસ્થાન અપ્રમત્ત આનંદમાં ઝૂલે છે. લખતા લખતા આનંદમાં આવી જાય, બોલતા-બોલતા આનંદમાં આવી જાય. એવી દશા હોય છે મુનિની. એ મુનિ આવી વાત જરી કરુણાથી કરે છે, હોં! સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગના મુનિપણા જુદા હોય છે. દિગંબર દશા હોય બાહ્ય, એ બરાબર છે. પણ એકલી દિગંબર દશા ધારણ કરે પણ અંદરના ઠેકાણા ન મળે તો એ તો બધા પદવીને લજવે.

**गिण्हदि अदत्तदाणं परणिंदा वि य परोक्खदूसेहिं।**
**जिणलिंगं धारंतो चोरेण व होइ सो समणो।।१४।।**

**'અર્થ :- જો બિના દિયા તો દાન લેતા હૈ...'** એટલે કે જ્યાં જઈ ચડે ત્યાં પરાણે દબાણથી આહાર દેવો પડે ઓલાને. એમ. સાધુનો તો એવો રિવાજ છે ને આ શ્વેતાંબરનો? સાધુ જઈ ચડે પાછા અજાણ્યા. આ શ્વેતાંબર ને સ્થાનકવાસી.

મુમુક્ષુ :- બહુ બહુ તો પાણિતાણામાં .. થાય.

ઉત્તર :- હા. પણ આ તો ઓલા ગામડામાં સાધુ જાય. સ્થાનકવાસીના વધારે હોય છે. એને આવા ઠેકાણે મળે નહિ એટલે જ્યાં ત્યાં કાઠી હોય ત્યાં જઈ ચડે. એને દેવું જ પડે. મહારાજ આવ્યા છે એટલે એટલું દબાણ થયું કહેવાય ને. એણે કાંઈ કીધું નથી કે પધારો.. પધારો.. પધારો.. અમારે ત્યાં. એમ કાંઈ કહ્યું નથી. અને સાથે વાણિયા હોય એકાદ-બે એટલે ઓલાને આહાર દેવો જ પડે. એટલા પણ પ્રાણ દબાવ્યાને એણે. એવો માર્ગ ન હોય. છે બધી વાતો જરી...

મુમુક્ષુ :- જબરદસ્તી લે?

ઉત્તર :- જબરદસ્તીનો અર્થ આ. આપવું પડે ઓલાને. ભીક્ષા જાય. હાથમાં જોળી લઈને ભીક્ષા જાય. ગામડામાં વાણિયાના ઘર બે-ત્રણ-ચાર હોય. સાધુ આવ્યા હોય છ-સાત-આઠ. હવે પાણી અને આહાર જોતો હોય તો ક્યાં જાય? અન્યમતિમાં જાય. ભાવસાર હોય, કાઠી હોય, ગરાસિયા હોય, કણબી હોય ત્યાં જાય એટલે ઓલાને દેવું પડે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા એ. આ તો બધું અમારે થઈ ગયેલું છે. ઈ પરાણે જાય એટલે ઓલાને દેવું જ પડે. પૂછે. સાધુ પૂછે કેમ ભાઈ! આહાર નિર્દોષ છે? સૂઝતું છે? એમ પૂછે. કાંઈ ભાવ છે વહોરાવાનો? એમ. આપવાનો ભાવ છે? ઓલા બિચારા અન્યમતિ જેવા હોય સાધારણ.

એને તો કાંઈ ખબર પણ ન હોય. વહોરાવશો? એમ કહે. પછી આપે અડધો રોટલો. એ બધું ન્યાયથી વિરૂદ્ધ છે, એમ કહે છે. દિગંબર સાધુ તો નીકળ્યા હોય અને ત્યારે ઓલો ગૃહસ્થ તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ... પધારો... પધારો... પધારો... એવી વિધિ હોય તો જાય. નહિતર જાય નહિ. આ તો બધું ફરી ગયું છે. સમજાણું કાંઈ?

'**બિના દિયા તો દાન લેતા હૈ ઔર પરોક્ષ પરકે દૂષણોંસે પરકી નિંદા કરતા હૈ...**' એકબીજાની. ઓલો ઓલાને નિંદે, ઓલો ઓલાને નિંદે. માંહોમાહે સાધુ સાધુને મેળ ન હોય. એકેય વાડાવાળાના મેળ ન હોય. '**વહ જિનલિંગકો ધારણ કરતા હુઆ ભી ચોરકે સમાન શ્રમણ હૈ.**' ચોર જેવા છે, કહે છે. એક સાધુ બીજાને કહે આ બળદ જેવો કહે, બીજો એને કહે કે આ લુણ ખોદિયો છે એમ કહે. હાય.. હાય..! આ બધા સાંભળેલા, હોં! જોડે બેઠીને. અરે..! શું માંડી છે કીધું આ? લૌકિક સજ્જનતા જોઈએ. અર..ર..! એકબીજાની ઈર્ષ્યા. ઓલો જાણે ઓલો વધી જશે, ઓલો જાણે ઓલો વધી જશે. કથા કરે ને કથા? કથા જેને આવડતી હોય એને માણસ ભેગા થાય જાજા. જેને કથા ન આવડતી હોય એમાં માણસ ભેગા ન થાય. એય..! એકબીજાને ઈર્ષ્યા.

મુમુક્ષુ :- આ ભાવમાં વૈરાગ્યનો છાંટોય નથી.

ઉત્તર :- અરે..! વૈરાગ્ય કેવા. બધા ઘણાં જોયા છે. બાપા! આહાહા..! બિચારા લખે છે આચાર્ય બરાબર લખે છે. આહાહા..!

મુમુક્ષુ :- કથા..

ઉત્તર :- કથાઓ છ ઢાળા હોય છે. કૃષ્ણ અને ઋક્ષ્મણીની એક ઢાળ છે મોટી. જેને ઢાળ સાગર કહે છે. મોટો ગ્રંથ છે. એ બપોરે વાંચે કથા મોટી. લોકો ભેગા થાય. વિકથાઓ ઘણી એમાં હોય છે. ભેગા થાય. એ વિકથાઓ બધી. લોકો ભેગા થાય. ધર્મની કથા આવી ઝીણી વાત હોય એમાં કોણ ભેગો થાતો હતો? આ શું કહે છે એ સમજાય નહિ એને. આ આત્મા આવો છે અને આનંદ છે.

કાલે એક છોકરો કહેતો હતો, ઓલો 'પરેશ' છે ને નાનો? પાંચ વર્ષનો. કાલે સાંજે બેઠો હતો. એલા આત્મા? કીધું, આત્મા છો ને? ક્યાં દેખાય છે, કહે. ઠીક બાપુ! પાંચ વર્ષનો છે. 'બિપીન'નો ભાઈ નાનો. કીધું, એલા આત્મા છે કે નહિ અંદર? ક્યાં દેખાય છે, કહે. સારી વાત બાપા કીધું. ક્યાં દેખાય એટલું તો આવ્યું. એને કીધું એ તો સમજી શકે બિચારા. કીધું, દેખાતું નથી એવો નિર્ણય કોણે કર્યો? એ કોણ છે? દેખાતો નથી એવો જાણનાર કોણ છે? પણ એ તો બાળક છે, બિચારો પકડી ન શકે. એના પહેલા આઠ વર્ષ પહેલાં થયું હતું. એ પણ 'પરેશ' હતો. ભાઈ! એનું નામ 'પરેશ'. આનું નામ પણ 'પરેશ' છે. ઓલો સાત વર્ષ પહેલા 'પરેશ' હતો. એણે પ્રશ્ન કરેલો. સાત વર્ષની ઉંમર હતી. 'જામનગર'. એણે એવો પ્રશ્ન કર્યો, મહારાજ! આત્મા દેખો.. આત્મા દેખો.. કરો છો પણ આત્મા... ઊભો થઈ ગયો સભામાં. સાત વર્ષનો. અત્યારે પંદર વર્ષનો છે. આ બહારનું

દેખીએ તો આ દેખાય. આંખ મીંચીએ તો અંધારા દેખાય. ક્યાં જોવો અમારે આત્માને? ભારે ભાઈ! કીધું. 'નવનીતભાઈ'! 'પરેશ' છોકરો. હવે તો બહુ ચર્ચા કરે છે. .. આ તો આઠ વર્ષ પહેલાની વાત છે. આમ જોઈએ તો આ દેખાય, આંખ મીંચીએ તો અંધારા દેખાય.

ભાઈ! અંધારાને જોનારો અંધારારૂપે નથી. અંધારાને જોનારો અજવાળા ચૈતન્યપ્રકાશરૂપ છે એ આત્મા. છોકરો હોંશિયાર હતો તો થોડું પકડતો હતો. આ તો મગજ જોઈએ ને પાછું પણ. અંધારુ છે આ? એ અંધારું જણાય છે ક્યાં? શેમાં? અંધારામાં? અંધારું અંધારામાં જણાય? અંધારું કાળું દેખાય છે એને જાણનારો ચૈતન્ય કાળો નથી. એ ચૈતન્યના પ્રકાશનું નૂર છે એમાં એ અંધારું દેખાય છે. પણ ક્યાં દરકાર છે દુનિયાને. આત્મા શું અને શું ધર્મ? હેં! આહાહા..! આવો મનુષ્યદેહ મળ્યો એમાં શું કરવાનું છે એ કરે નહિ અને આડાઅવળા કરીને ચાલ્યા જાશે, આંખ્યું મીચીને.

ભાઈ! અંધારું છે આ. કાળું દેખાય છે અને બહુ આંખ આમ મીંચે તો ઓલા દેખાય બધા ટપકા જેવું બધું. પણ ભાઈ! દેખાય છે એ દેખનારો કોણ? એ તો દેખાય છે. દેખનારો કોણ? જેમાં દેખાય છે.. જેમાં દેખાય છે એ કાળું નથી. જેમાં દેખાય છે એ અંધારું નથી. અંધારાનો દેખનાર અંધારાથી જુદો છે. ચૈતન્યના પ્રકાશની સત્તામાં અંધારું જણાય છે. પંડિતજી! આ છોકરાને કેવો જવાબ આપ્યો? નાનો બાળક છે. સાત વર્ષનો છોકરો હતો, લ્યો. સભામાં ઊભો થઈ ગયો. આત્મા દેખો.. આત્મા દેખો.. મહારાજ! આપ કહો છો. ક્યાં દેખવો અમારે? આ ઓલો છોકરો કાલે કહે કે દેખાતો નથી. ઠીક ભાઈ! દેખાતો નથી તો તને કહેવું? દેખાતો નથી એ કોણે જાણ્યું? દેખાતો નથી, કોણે નિર્ણય કર્યો? એ નિર્ણય કરનારો જ આત્મા છે. પણ અનાદિથી અજ્ઞાની, આત્મા શું છે એને જાણ્યા વિના ચાલો ધર્મ કરો, આ કરો, ધૂળ કરો. મરી ગયા બિચારા. ચોર્યાસીના અવતારમાં હેરાન-હેરાન થઈ ગયા.

અહીં કહે છે, અરે..! '**ભાવાર્થ :- જો જિનલિંગ ધારણ કરકે બિના દિયે આહાર આદિકો ગ્રહણ કરતા હૈ, પરકે દેનેકી ઇચ્છા નહીં હૈ...**' પરને દેવાની ઇચ્છા નથી. '**પરંતુ કુછ ભયાદિક ઉત્પન્ન કરકે લેના...**' ભયાદિક એટલે કે સાધુ આવે એટલે આપણે દેવું તો પડશે. સાથે વાણીયા હોય. મહારાજને આહાર વહોરાવો-વહોરાવો.

મુમુક્ષુ :- ગામમાં પાછી હલકાઈ થાય.

ઉત્તર :- ગામમાં હલકાઈ થાય એને ન શોભે. આહાહા..! 'પાનાચંદભાઈ'! છે એમાં? જુઓ! શું? પરને દેવાની ઇચ્છા ન હોય ત્યાં વહોરવા જાય. તમારા ગામમાં ઘર છે પણ ન હોય ત્યાં બે ઘર હોય ત્યાં જાવું પડે બીજે. કાઠીયુંમાં અને ઓલા કણબીમાં. ન ઇચ્છા હોય તો દેવું પડે.

મુમુક્ષુ :- પણ ઘણા તો કણબી હોંશિલા હોય.

ઉત્તર :- એ તો હોય છે. ઘણા હોય છે. એ તો હોય. આ તો એક..

મુમુક્ષુ :- એને એમ કે ઓહો..! આપણે...

ઉત્તર :- હા. એવા પણ હોય છે ને. અમે તો બધું જોયું છે ને. પણ કેટલાકને તો એ પરાણે દેવું પડે. એ કહે છે.

'**ભયાદિક ઉત્પન્ન કરકે લેના...**' સાથે શ્રાવકને રાખે. '**તથા નિરાદરસે લેના,...**' આદર વિના લેવો. ઓલો તો પધારો.. પધારો... પધારો... ઓહો..! અમારે ત્યાં! એમ હોય. આ તો એને કાંઈ નહિ. અંદર ઘરમાં ગરી જાય અને લાવો. ... '**છિપકર કાર્ય કરના યે તો ચોરકે કાર્ય હૈં.**' એવું ગામડામાં થાય છે.

મુમુક્ષુ :- એમ પણ થાય અને આમ પણ થાય છે.

ઉત્તર :- એ તો છે એની વાત નથી લેવાની.

મુમુક્ષુ :- તમારા લાભે અમને આ લાભ મળ્યો.

ઉત્તર :- એ છે. એ તો છે એ તો ખબર છે ને. એ તો સારા .. લે. ગામમાં શેઠિયાઓ છે તો અમને આ લાભ મળે. નહિતર ક્યાંથી મળે? આ તો જ્યાં નથી એની વાત છે અત્યારે. બીજા પડખાની વાત લેવી છે ને. ઓલા પડખાની ક્યાં લેવી છે અત્યારે?

'**યહ ભેષ ધારણ કરકે ઐસે કરને લગા તબ ચોર હી ઠહરા, ઈસલિયે ઐસા ભેષી હોના યોગ્ય નહીં હૈ.**' આવો ભેખ ધારણ કરવો અને આવું કરવું એ વ્યાજબી નથી. એ કરતાં ગૃહસ્થાશ્રમમાં પણ સમકિતસહિત ધર્મ કરે. થઈ શકે છે. પણ ભેખ ધારણ કરીને આવા આચરણ કરવા એ ધર્મને લજાવાનું કારણ છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे कहते हैं कि जो लिंग धारण करके ऐसे प्रवर्तते हैं वे श्रमण नहीं है :–**

## ગાથા-૧૫

**उप्पडदि पडदि धावदि पुढवीओ खणदि लिंगरूवेण।**
**इरियावह धारंतो तिरिक्खजोणी ण सो समणो।।१५।।**

**उत्पतति पतति धावति पृथिवीं खनति लिंगरूपेण।**
**ईर्यापथं धारयन् तिर्यग्योनिः न सः श्रमणः।।१५।।**

**લિંગાત્મ ઈર્યાસમિતિનો ધારક છતાં કૂદે, પડે,**
**દોડે, ઉખાડે ભોંય, તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૫.**

**अर्थ :– जो लिंग धारण करके ईर्यापथ शोधकर चलना था उसमें शोधकर नहीं चले, दौड़ता चलता हुआ उछले, गिर पड़े, फिर उठकर दौड़े और पृथ्वीको खोदे, चलते हुए ऐसे पैर पटके जो उससे पृथ्वी खुद जाय, इस प्रकारसे चले सो तिर्यंचयोनि है, पशु है, अज्ञानी है, मनुष्य नहीं है।।१५।।**

---

## પ્રવચન નં. ૧૭૯, ગાથા-૧૫ થી ૨૨, બુધવાર, પોષ વદ ૯, તા.૨૦-૧-૭૧

લિંગપાહુડ. ૧૪ ગાથા થઈ. ૧૫મી. '**આગે કહતે હૈં કિ જો લિંગ ધારણ કરકે ઐસે પ્રવર્તતે હૈં વે શ્રમણ નહીં હૈ :-**' સાધુનું લિંગ તો દિગંબર નગ્ન હોય છે. એવું લિંગ ધારીને પણ જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અંતર અનુભવ, પ્રતીત અને લીનતા નથી એવા બધા બીજે રસ્તે ચડી જાય છે અંદર .. એ બધા સાધુ નથી, એમ કહે છે.

**उप्पडदि पडदि धावदि पुढवीओ खणदि लिंगरूवेण।**
**इरियावह धारंतो तिरिक्खजोणी ण सो समणो।।१५।।**

તિર્યંચ યોનિ જ કહે છે અહીં તો.

'**અર્થ :- જો લિંગ ધારણ કરકે ઈર્યાપથ શોધકર ચલના થા...**' જોઈને ચાલવું, શાંતિથી, ધીમેથી એમ જોઈએ. એને ઠેકાણે '**ઉસમેં શોધકર નહીં ચલે,...**' અંદર એકેન્દ્રિય આદિ જીવ હોય રસ્તામાં એને ન જોવે, '**દૌડતા ચલતા હુઆ ઉછલે,...**' ઉતાવળા ચાલે ઉતાવળા. દોડતા એટલે. એ ઉતાવળા ચાલે એ દોડતા ચાલે કહેવાય. બહુ ઉતાવળથી ચાલે. ચાલતા થકા ઉછળે. શરીર ઉછળે-આમ ઊંચું થાય. વળી પડી જાય, પગ નમી જાય. '**ગિર પડે, ફિર ઉઠકર દૌડે ઔર પૃથ્વીકો ખોદે,...**' રસ્તામાં એકેન્દ્રિય પૃથ્વી જીવ હોય એ હણાય જાય. એની પણ એને ખબર નથી. એ બધા તિર્યંચ યોનિ છે એમ કહે છે.

'**ઐસે પૈર પટકે જો ઉસમેં પૃથ્વી ખુદ જાય,...**' પગ એવો જોરદાર આમ ચાલે કે પૃથ્વી નીચે એકેન્દ્રિય જીવ છે, એ પડ ઉખડે, પટ ઉખડી જાય એનું. પગ પટકે. પગ પટકે-આમ મારે. '**પૃથ્વી ખુદ જાય, ઈસ પ્રકાર ચલે સો તિર્યંચયોનિ હૈ,...**' લ્યો! વર્તમાન તિર્યંચ યોનિ અને એના ફળમાં એ નિગોદ જવાના, એમ કહે છે મૂળ. નિગોદમાં જવાના તિર્યંચ યોનિ. એમ કહે છે મૂળ. '**મનુષ્ય નહીં હૈ.**' લ્યો ઠીક ! મનુષ્ય નથી એમ કહે છે. વળી એના અર્થમાં કહ્યું. તિર્યંચ યોનિ છે એટલે મનુષ્ય નથી, એમ. મનુષ્યને યોગ્ય આચરણ જોઈએ એના ઠેકાણા નથી. ઢોરને જેમ કાંઈ ઠેકાણું નથી, એવું આચરણ કરે મરીને ઢોર થાય, નિગોદમાં જાય, વર્તમાન પણ ઢોર જેવી અવસ્થા ધારણ કરે.

आगे कहते हैं कि जो वनस्पति आदि स्थावर जीवोंकी हिंसासे कर्मबंध होता है उसको न गिनता स्वच्छंद होकर प्रवर्तता है, वह श्रमण नहीं है :-

## ગાથા-૧૬

बंधो णिरओ संतो सस्सं आखंडेदि तह य वसुहं पि।
छिंददि तरुगण बहुसो तिरिक्खजोणी ण सो समणो।।१६।।

बंधं नीरजाः सन् सस्यं खंडयति तथा च वसुधामपि।
छिनत्ति तरुगणं बहुशः तिर्यग्योनिः न सः श्रमणः।।१६।।

જે અવગણીને બંધ, ખાંડે ધાન્ય, ખોદે પૃથ્વીને,
બહુ વૃક્ષ છેદે જેહ, તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૬.

अर्थ :- जो लिंग धारण करके वनस्पति आदिकी हिंसासे बंध होता है उसको दोष न मानकर बंधको नहीं गिनता हुआ सस्य अर्थात् अनाज को कूटता है और वैसे ही वसुधा अर्थात् पृथ्वीको खोदता है तथा बारबार तरुगण अर्थात् वृक्षोंके समूहको छेदता है, ऐसा लिंगी तिर्यंचयोनि है, पशु है, अज्ञानी है, श्रमण नहीं है।

भावार्थ :- वनस्पति आदि स्थावर जीव जिनसूत्रमें कहे हैं और इनकी हिंसासे कर्मबंध होना भी कहा है उसको निर्दोष समझता हुआ कहता है कि-इसमें क्या दोष है? क्या बंध है? इसप्रकार मानता हुआ तथा वैद्य-कर्मादिकके निमित्त औषधादिकको, धान्यको, पृथ्वीको तथा वृक्षोंको खंडता है, खोदता है, छेदता है वह अज्ञानी पशु है, लिंग धारण करके श्रमण कहलाता है वह श्रमण नहीं है।।१६।।

## ગાથા-૧૬ ઉપર પ્રવચન

'આગે કહતે હૈં કિ જો વનસ્પતિ આદિ સ્થાવર જીવોંકી હિંસાસે કર્મબંધ હોતા હૈ ઉસકો ન ગિનતા સ્વચ્છંદ હોકર પ્રવર્તતા હૈ, વહ શ્રમણ નહીં હૈ :-'

बंधो णिरओ संतो सस्सं आखंडेदि तह य वसुहं पि।
छिंददि तरुगण बहुसो तिरिक्खजोणी ण सो समणो।।१६।।

'**અર્થ :- જો લિંગ ધારણ કરકે વનસ્પતિ આદિકી હિંસાસે બંધ હોતા હૈ ઉસકો દોષ ન માનકર...**' ગણે નહિ. જંગલ જાય તો વનસ્પતિમાં જાય, ચાલે તો નીચે લીમડાના કોર હોય છે ને? ફૂલ. નીમના ફૂલ. અનંતકાય-અનંતકાય કચડે, ચાલે. કાંઈ ઠેકાણું નહિ. ઈર્યાસમિતિથી

નીચે કોઈ હરિતકાયનો જીવ હોય, એક પણ દાણો હોય એ ન કચડાય એમ ચાલવું જોઈએ. એને ઠેકાણે કાંઈ ખબર નથી.

'**બંધકો નહીં ગિનતા...**' બંધને ગણતો નથી. નગ્ન થયા છીએ ને અમે. હવે અમારે શું છે, એમ. વનસ્પતિ હણાય, લીલોતરી હણાય. નીચે ચોમાસામાં હરિતકાય બહુ ઊગી હોય. બહુ. ચોમાસામાં હરિતકાય બહુ હોય. ઘાસ બહુ હોય. એને ગણે નહિ. જ્યાં ત્યાં ચાલે, કચરે, ખુંદે વનસ્પતિને. એ પાપને ગણતો નથી તો એ પાપી છે. તિર્યંચયોનિ છે એમ કહે છે, લ્યો. ઢોર જેવો છે, કહે છે. આહાહા..! જુઓ! આ કહે છે કે મેં નથી કહ્યું, હોં! બધા બુદ્ધે, એમ કહેશે આગળ. સર્વજ્ઞદેવો અને ગણધરોએ કહ્યું તે હું કહું છું, એમ કહેશે. લિંગપાહુડ પૂરું કરતાં ૨૨માં છે ને? '**बुद्धेहिं देसियं धम्मं।**' ૨૨માં છે છેલ્લો (શબ્દ). '**इय लिंगपाहुडमिणं सव्वंबुद्धेहिं देसियं धम्मं**' પાહુડ છે ને, ૨૨ છેલ્લી ગાથા? બધા ગણધરોએ આ કહ્યું છે. હું કાંઈ એકલો કહેતો નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- એ કહે તોપણ ભગવાન છે ને.

ઉત્તર :- એ ક્યાં પણ આ તો છતાં દાખલો તો એ આપે છે. '**सव्वंबुद्धेहिं**' અનંતજ્ઞાની, ગણધરો, સંતો, મુનિઓએ આ પ્રમાણે કહ્યું છે. કોઈને આકરું લાગે આમાં, ઓલું નરકમાં જાય ને એવું (કહ્યું છે), તો કહે (છે), એ તો આચાર્યોએ અને સંતોએ વર્ણન કર્યું છે. એવું વર્ણન અહીંયાં ચાલે છે. સાધુ એટલે શું? ભગવાન પરમેષ્ઠી. અને આવા આચરણ ઠેકાણા ન મળે.

કહે છે, '**સસ્ય અર્થાત્ અનાજ કો કૂટતા હૈ,...**' નીચે બાજરો હોય, જુવાર હોય, ઘઊં, તલ એના ઉપર ખુંદે, પગ જાય, એકેન્દ્રિય પાપને ગણે નહિ. '**ઔર વૈસે હી વસુધા અર્થાત્ પૃથ્વીકો ખોદતા હૈ...**' પૃથ્વી ઉપર એવું જોર આપે તો પૃથ્વીનું પડ ઉખડી જાય. એકેન્દ્રિય જીવ છે. '**તથા વારંવાર તરુગણ અર્થાત્ વૃક્ષોંકે સમૂહકો છેદતા હૈ,...**' વૈદ આદિ કામમાં કોઈ એવા બતાવી દે બીજાને કે આમ કરો, આમ કરો. વનસ્પતિની દવા ને ફલાણું ઢીકણું. '**તરુગણ અર્થાત્ વૃક્ષોંકે સમૂહકો છેદતા હૈ, ઐસા લિંગી તિર્યંચયોનિ હૈ, પશુ હૈ, અજ્ઞાની હૈ,...**' એટલા શબ્દ વાપર્યા છે. '**શ્રમણ નહીં હૈ.**' એ સાધુ નથી.

'**ભાવાર્થ :- વનસ્પતિ આદિ સ્થાવર જીવ જિનસૂત્રમેં કહે હૈં...**' વીતરાગના સિદ્ધાંતમાં પૃથ્વી આદિ વનસ્પતિને જીવ કહ્યા છે અને છે. '**ઔર ઇનકી હિંસાસે કર્મબંધ હોના ભી કહા હૈ...**' એની હિંસા વડે કર્મબંધન થાય છે. '**ઉસકો નિર્દોષ સમજતા હુઆ કહતા હૈ કિ-ઇસમેં ક્યા દોષ હૈ?**' સ્થાવરને ગણે નહિ. બધા બની ગયા છે દાખલા, હોં! બધા દાખલાઓ છે. આ તો વર્તમાનમાં બધા દાખલા એવા છે. ગણે જ નહિ જીવને. એ જીવ કેવા? શું હશે?

'**ક્યા દોષ હૈ? ક્યા બંધ હૈ? ઇસપ્રકાર માનતા હુઆ તથા વૈદ્ય-કર્માદિકકે નિમિત્ત...**' લ્યો, વૈદના કાર્ય કરે. ઔષધ બનાવે, રસાયણ બનાવે, ભસ્મ બનાવે '**ઔષધાદિકકો, ધાન્યકો,...**' ઔષધને, અનાજને '**પૃથ્વીકો તથા વૃક્ષોંકો ખંડતા હૈ, ખોદતા હૈ, છેદતા હૈ**'

**વહ અજ્ઞાની પશુ હૈ,...**' 'નવનીતભાઈ' ગયા છે નહિ? 'ભાવનગર'. આવ્યા નથી હજી, વળાવવા ગયા હશે. '**વહ અજ્ઞાની પશુ હૈ, લિંગ ધારણ કરકે શ્રમણ કહલાતા હૈ વહ શ્રમણ નહીં હૈ.**' આવો ભેખ ભગવાનનો, જે તીર્થંકરોએ પણ નગ્નપણું અંગીકાર કર્યું, ગણધરોએ કર્યું એવો ભેખ ધારીને એની કોપી કરી પણ પાછો માલ ન મળે અંદર. એ બધા તિર્યંચમાં ઢોર જેવા છે. આહાહા..!

---

**आगे कहते हैं कि जो लिंग धारण करके स्त्रियोंसे राग करता है और परको दूषण देता है वह श्रमण नहीं है :–**

## ગાથા-૧૭

**रागं करेदि णिच्चं महिलावग्गं परं च दूसेदि।**
**दंसणणाणविहीणो तिरक्खजोणी ण सो समणो।।१७।।**

रागं करोति नित्यं महिलावर्गं परं च दूषयति।
दर्शनज्ञानविहीनः तिर्यग्योनिः न सः श्रमणः।।१७।।

**સ્ત્રીવર્ગ પર નિત રાગ કરતો, દોષ દે છે અન્યને,**
**દગજ્ઞાનથી જે શૂન્ય, તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૭.**

**अर्थ :–** जो लिंग धारण करके स्त्रियोंके समूहके प्रति तो निरंतर राग–प्रीति करता है और पर जो कोई अन्य निर्दोष हैं उनको दोष लगाता है वह दर्शन–ज्ञानरहित है, ऐसा लिंगी तिर्यंचयोनि है, पशु समान है, अज्ञानी है, श्रमण नहीं है।

**भावार्थ :–** लिंग धारण करनेवालेके सम्यग्दर्शन–ज्ञान होता है और परद्रव्योंसे रागद्वेष नहीं करनेवाला चारित्र होता है। वहाँ जो स्त्रीसमूहसे तो राग–प्रीति करता है और अन्यके दोष लगाकर द्वेष करता है, व्यभिचारीका सा स्वभाव है, तो उसके कैसा दर्शन–ज्ञान? और कैसा चारित्र? लिंग धारण करके लिंगके योग्य आचरण करना था वह नहीं किया तब अज्ञानी पशु समान ही है, श्रमण कहलाता है वह आप भी मिथ्यादृष्टि है और अन्यको भी मिथ्यादृष्टि करनेवाला है, ऐसेका प्रसंग भी युक्त नहीं है।।१७।।

---

## ગાથા-૧૭ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો લિંગ ધારણ કરકે સ્રિયોંસે રાગ કરતા હૈ ઔર પરકો દૂષણ દેતા હૈ વહ શ્રમણ નહીં હૈ :-'** એ કહે છે. આહાહા..!

**रागं करेदि णिच्चं महिलावग्गं परं च दूसेदि।**
**दंसणणाणविहीणो तिरक्खजोणी ण सो समणो।।१७।।**

ભગવાનનું દિગંબર **'લિંગ ધારણ કરકે સ્રિયોંકે સમૂહકે પ્રતિ તો નિરંતર રાગ-પ્રીતિ કરતા હૈ...'** સ્રીના ટોળામાં બેસે, એને સમજાવે અને રાગનું પોષણ કરે. અને બહારમાં એમ કહે કે અમે તો એને સમજાવીએ છીએ, શિખામણ દઈએ છીએ. સમ્યગ્દર્શનની વાત કરીએ છીએ અને પોષતો હોય રાગ. સાધુ, નગ્ન મુનિ સ્રીના સમૂહમાં શોભે? સ્રીના ટોળા ભેગા કરીને એમાં **'નિરંતર રાગ-પ્રીતિ કરતા હૈ ઔર પર જો કોઈ અન્ય નિર્દોષ હૈં ઉનકો દોષ લગાતા હૈ...'** બીજા નિર્દોષ હોય એને દુષણ આપે. તમને ક્યાં ભાન છે, આ શાસ્રને ભણાવવા એનું જ્ઞાન થાય બીજાને, લાભ થાય એમ કરી બીજાને દોષ દે. સારાને દૂષણ દે અને ખોટા પોતાનું પોષણ કરે. એ કેવો છે? કે **'દર્શન-જ્ઞાનરહિત હૈ,...'** લ્યો! સમ્યગ્દર્શન અને જ્ઞાનથી તો હીણો છે એ. ભાન નથી. જેને સમ્યગ્દર્શન-જ્ઞાન હોય એ આવા આચરણમાં હોઈ શકે નહિ. મુનિને સ્રીઓના સંગ અને પરિવાર, એનો પરિચય હોય નહિ. બ્રહ્મચારીને હોય નહિ તો મુનિની તો વાત શું કરવી? સ્રીના ટોળા બેઠા હોય અને વાતમાં એય..! ગપગોળા મારે, તિખારા કરે એ બધા સાધુ નથી, કહે છે. ઢોર જેવા છે.

મુમુક્ષુ :- અહીં તો ઢોર જ કીધા છે.

ઉત્તર :- ઢોર જ કીધા ચોખ્ખા. તિર્યંચ યોનિ. બેય વાત છે. અત્યારે તિર્યંચ યોનિ છે અને વસ્તુ નથી અને માયા-કપટથી આવા બધા ભેખને ધારણ રાખે છે. એ ભવિષ્યમાં તિર્યંચ થાશે-નિગોદ. એક વસ્રનો ધાગો રાખીને મુનિપણું માને તો નિગોદમાં જાય એમ કહ્યું. હોં! એક વસ્રનો તાણો રાખીને, કટકો રાખીને પણ અમે સાધુ છીએ એમ માને, મનાવે, માનતાને રૂડું જાણે તો નિગોદમાં જશે, એમ કહ્યું ચોખ્ખું. નિગોદની ખાણ બહુ મોટી પણ.

**'દર્શન-જ્ઞાનરહિત હૈ, ઐસા લિંગી તિર્યંચયોનિ હૈ,...'** પોતે. વર્તમાન જ એમ કહી દીધું. પશુ જેવો છે. **'પશુ સમાન હૈ,...'** જુઓને, છે ને? **'અજ્ઞાની હૈ, શ્રમણ નહીં હૈ.'** સાધુ એને કહેવાતા નથી. આહાહા..! જેને ઇન્દ્રો નમન કરે, ગણધરો જેને નમે એવા સાધુપદ તે કેવા હોય!

**'ભાવાર્થ :- લિંગ ધારણ કરનેવાલેકે સમ્યગ્દર્શન-જ્ઞાન હોતા હૈ...'** એ લિંગ ધારણ કરે એમ કહે છે. જેને આત્મદર્શન, આત્મજ્ઞાન, આત્મઅનુભવ હોય એ પછી સાધુ થાય, લિંગ ધારણ કરે. એમ. સમ્યગ્દર્શન-જ્ઞાન વિના લિંગ ધારણ કરે તો ભ્રષ્ટ આચારમાં વર્તે પછી. **'પરદ્રવ્યોંસે રાગદ્વેષ નહીં કરનેવાલા ચારિત્ર હોતા હૈ.'** એક તો લિંગ ધારણ કરે એમાં પહેલું

તો આવું હોય એમ કહે છે. આત્માનું દર્શન. શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ, નિર્મળ આનંદની ખાણ એવો પ્રથમ જેને અનુભવ થઈને પ્રતીત તો થઈ હોય. એનું જ્ઞાન હોય આત્માનું. અને ચારિત્રમાં '**પરદ્રવ્યોંસે રાગદ્વેષ નહીં કરનેવાલા ચારિત્ર હોતા હૈ.**' અનુકૂળ-પ્રતિકૂળમાં જેને રાગદ્વેષ નથી. વીતરાગ... વીતરાગ... વીતરાગતા વર્તે.

'**વહાં જો સ્ત્રીસમૂહસે તો રાગ-પ્રીતિ કરતા હૈ...**' એ તો રાગ આવ્યો પાછો. રાગ-દ્વેષ રહિત હોય ચારિત્ર. '**રાગ-પ્રીતિ કરતા હૈ ઔર અન્યકે દોષ લગાકર દ્વેષ કરતા હૈ,...**' બીજાને દૂષણ લગાડે (કે) તમને ક્યાં આચરણની પડી છે? ધર્મ પ્રભાવના કરવી જોઈએ, સ્ત્રીઓને સમજાવવા જોઈએ. આમ છે, તેમ છે, ફલાણું છે, ઢીંકણું છે. એમ કરીને જે સ્ત્રીનો પરિચય ન કરતા હોય એના દોષ કાઢે. અમે તો ધર્મ સમજાવીએ છીએ સ્ત્રીઓને અને ધર્મની પ્રભાવના કરીએ છીએ. તમને ક્યાં ધર્મની પ્રભાવના આવડે? તમે તો જ્યાં ત્યાં અમારો દોષ કાઢો છો પણ તમારો દોષ છે, એમ કહે. આહા..!

'**અન્યકે દોષ લગાકર દ્વેષ કરતા હૈ,...**' આવ્યું ને રાગ અને દ્વેષ બેય? ચારિત્ર તો રાગ-દ્વેષ ન કરવું એ હોય. આવ્યું ને આમાં? આ સ્ત્રીના સમૂહમાં પ્રીતિ કરે અને એનાથી વિરૂદ્ધ હોય એનો દ્વેષ કરે. ન હોય આવું સાધુને સ્ત્રીના ટોળામાં સમજાવવું. નગ્ન મુનિ થઈને આવું હોય? બાયુના ટોળામાં બેસવું અને સમજાવવું? નહિ-નહિ. તમે જ ખોટા છો. અમે તો ધર્મ પ્રભાવના કરીએ છીએ. એમ કરીને સામાને દોષ લગાડે.

**નવ્યભિચારીકા સા સ્વભાવ હૈ,...**' લ્યો! એ તો વ્યભિચારી જેવો એનો સ્વભાવ છે. '**તો ઉસકે કૈસા દર્શન-જ્ઞાન**?' એને ક્યાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન હો? '**ઔર કૈસા ચારિત્ર**?' એ પહેલા ત્રણ લીધા હતા ને? પાઠમાં છે ખરું. જુઓ! '**दंसणणाणविहीणो**' આહાહા..! '**લિંગ ધારણ કરકે લિંગકે યોગ્ય આચરણ કરના થા વહ નહીં કિયા...**' સાધુપદ ધારણ કરીને કરવું તો અંતરમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર એ કરવાનું હતું. લિંગમાં શું છે? લિંગમાં છે કાંઈ ધર્મ? નગ્નપણું ધારણ કરે. '**નહીં કિયા તબ અજ્ઞાની પશુ સમાન હી હૈ,...**' પશુ સમાન અજ્ઞાની છે. '**શ્રમણ કહલાતા હૈ વહ આપ ભી મિથ્યાદષ્ટિ હૈ...**' લ્યો! હવે શ્રમણ મનાવે છે. '**અન્યકો ભી મિથ્યાદષ્ટિ કરનેવાલા હૈ,...**' ઊંધી શ્રદ્ધા કરાવવાવાળા એ છે. બીજાને પણ મિથ્યાદષ્ટિપણું કરે છે. આકરી વાત લીધી છે લિંગની. ગાથા થોડી લીધી છે પણ કડક લીધી છે. '**ઐસેકા પ્રસંગ ભી યુક્ત નહીં હૈ.**' લ્યો! એવાનો પ્રસંગ, એનો સંગ ન કરવો આવા હોય એનો. એમ કહે છે. ભારે કામ!

आगे फिर कहते है :–

## ગાથા-૧૮

पव्वज्जहीणगहिणं णेहं सीसम्मि वट्टदे बहुसो।
आयारविणयहीणो तिरिक्खजोणी ण सो समणो।।१८।।

प्रव्रज्याहीनगृहिणि स्नेहं शिष्ये वर्त्तते बहुशः।
आचारविनयहीनः तिर्यग्योनिः न सः श्रमणः।।१८।।

દીક્ષાવિહીન ગૃહસ્થ ને શિષ્યે ઘરે બહુ સ્નેહ જે,
આચાર-વિનયવિહીન, તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૮.

अर्थ :– जो लिंगी 'प्रव्रज्या–हीन' अर्थात् दीक्षा–रहित गृहस्थों पर और शिष्योंमें बहुत स्नेह रखता है और आचार अर्थात् मुनियोंकी क्रिया और गुरुओंके विनयसे रहित होता है वह तिर्यंचयोनि है, पशु है, अज्ञानी है, श्रमण नहीं है।

भावार्थ :– गृहस्थोंसे तो बारंबार लालपाल रक्खे और शिष्योंसे बहुत स्नेह रक्खे, तथा मुनिकी प्रवृत्ति आवश्यक आदि कुछ करे नहीं, गुरुओंके प्रतिकूल रहे, विनयादिक करे नहीं ऐसा लिंगी पशु समान है, उसको साधु नहीं कहते हैं।।१८।।

## ગાથા-૧૮ ઉપર પ્રવચન

'આગે ફિર કહતે હૈં :–'

पव्वज्जहीणगहिणं णेहं सीसम्मि वट्टदे बहुसो।
आयारविणयहीणो तिरिक्खजोणी ण सो समणो।।१८।।

**'અર્થ :– જો લિંગી પ્રવ્રજ્યા–હીન અર્થાત્ દીક્ષા–રહિત...'** છે. જેને દીક્ષા નથી એવા ગૃહસ્થ આદિ. **'ગૃહસ્થો પર ઔર શિષ્યોંમેં બહુત સ્નેહ રખતા હૈ...'** એમ. જે સાધુને નગ્નપણું છે એ જીવો, જેને સાધુપણું નથી એવા ગૃહસ્થમાં બહુ પ્રવર્તે. ગૃહસ્થની આખી આલ-પાલ, લાલ-પાલ ખૂબ કરે. છે ને? **'पव्वज्जहीणगहिणं णेहं'** પ્રવ્રજ્યાહીન ગૃહસ્થોને. એમ. પ્રવ્રજ્યા જેને નથી એવા ગૃહસ્થોને **'णेहं'** સ્નેહ કરે. એની સાથે લાલ-પાલ કરે. અને **'णेहं सीसम्मि वट्टदे बहुसो'** પોતાના શિષ્ય સાથે દીકરા જેવું વર્તે. લાલ-પાલ. ખાવા-પીવાનું પોષણ. **'બહુત સ્નેહ રખતા હૈ...'**

**'આચાર્ય અર્થાત્ મુનિયોંકી ક્રિયા ઔર ગુરુઓંકે વિનયસે રહિત હોતા હૈ...'** એમાં પ્રવર્તે પણ આ ન પ્રવર્તે એમ કહે છે. ગૃહસ્થ, જે સાધુ નથી પ્રવ્રજ્યા વિનાના (છે), એની

સાથે બહુ પરિચય, બહુ લાલ-પાલ ને બહુ સંગ ને બહુ સંસર્ગ મહા ભ્રષ્ટ થવાના કારણ છે. અને પોતાના શિષ્યમાં બહુ લાલ-પાલ (કરે). એમાં જોડાય. ગુરુનો વિનય કરવો એમાં નહિ. ધર્માત્મા હોય એનો વિનય, બહુમાન (કરે નહિ અને) આ બધું બહુમાન ગૃહસ્થો અને શિષ્યોને આપે. આમ ન આપે એમ કહે છે. '**વહ તિર્યંચયોનિ હૈ,...**' લ્યો! '**પશુ હૈ, અજ્ઞાની હૈ, શ્રમણ નહીં હૈ.**'

'**ભાવાર્થ :- ગૃહસ્થોંસે તો વારંવાર લાલપાલ રક્ખે ઔર શિષ્યોંસે બહુત સ્નેહ રક્ખે, તથા મુનિકી પ્રવૃત્તિ આવશ્યક આદિ કુછ કરે નહીં,...**' પોતાને કરવા યોગ્ય છે એ તો કરે નહિ. ન કરવાયોગ્યમાં જોડાય. '**આવશ્યક આદિ...**' છે ને? સામાયિક, ચોવિસંથો, વંદન આદિ જે સવાર-સાંજ એ તો કરે નહિ. '**ગુરુઓંકે પ્રતિકૂલ રહે,...**' પોતાના વડીલો હોય સાધુ આદિ એનાથી વિરૂદ્ધ રહે. '**વિનયાદિક કરે નહીં ઐસા લિંગી પશુ સમાન હૈ, ઉસકો સાધુ નહીં કહતે હૈં.**'

---

**आगे कहते हैं कि जो लिंग धारण करके पूर्वोक्त प्रकार प्रवर्तता है वह श्रमण नहीं है ऐसा संक्षेपसे कहते हैं :-**

## ગાથા-૧૯

**एवं सहिओ मुणिवर संजदमज्झम्मि वट्टदे णिच्चं।**
**बहुलं पि जाणमाणो भावविणट्ठो ण सो समणो।।१९।।**

एवं सहितः मुनिवर! संयतमध्ये वर्त्तते नित्यम्।
बहुलमपि जानन् भावविनष्टः न सः श्रमणः।।१९।।

**ईम वर्तनारो संयतोनी मध्य नित्य रहे भले,**
**ने होय बहुश्रुत, तोय भावविनष्ट छे, नहि श्रमण छे. १९.**

**अर्थ :- एवं अर्थात् पूर्वोक्त प्रकार प्रवृत्ति सहित जो वर्तता है वह हे मुनिवर! यदि ऐसा लिंगधारी संयमी मुनियोंके मध्य भी निरन्तर रहता है और बहुत शास्त्रोंको भी जानता है तो भी भावोंसे नष्ट है, श्रमण नहीं है।**

**भावार्थ :- ऐसा पूर्वोक्त प्रकार लिंगी जो सदा मुनियोंमें रहता है और बहुत शास्त्रोंको जानता है तो भी भाव अर्थात् शुद्ध दर्शन-ज्ञान-चारित्ररूप परिणामसे रहित है, इसलिये मुनि नहीं है, भ्रष्ट है, अन्य मुनियोंके भाव बिगाड़नेवाला है।।१९।।**

---

## ગાથા-૧૯ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો લિંગ ધારણ કરકે પૂર્વોક્ત પ્રકાર પ્રવર્તતા હૈ વહ શ્રમણ નહીં હૈ ઐસા સંક્ષેપસે કહતે હૈં :-'**

**एवं सहिओ मुणिवर संजदमज्झम्मि वट्टदे णिच्चं।**
**बहुलं पि जाणमाणो भावविणट्ठो ण सो समणो।।१९।।**

'**અર્થ :- એવં અર્થાત્ પૂર્વોક્ત પ્રકાર પ્રવૃત્તિસહિત જો વર્તતા હૈ વહ, હે મુનિવર! યદિ ઐસા લિંગધારી સંયમી મુનિયોંકે મધ્ય ભી નિરંતર રહતા હૈ...**' સારા ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ચારિત્રવંતના મધ્યમાં પણ રહે. કોઈ બહારમાં એવું આવી જાય અને આવી ગયા. '**સંયમી મુનિયોંકે મધ્ય ભી નિરંતર રહતા હૈ ઔર બહુત શાસ્ત્રોંકો ભી જાનતા હૈ...**' શાસ્ત્રને ઘણું ભણ્યો હોય. '**તો ભી ભાવોંસે નષ્ટ હૈં,...**' સારા સાધુમાં રહ્યો હોય, સારું ભણતર ઘણું શાસ્ત્રનું હોય. પણ ભાવથી તો ભ્રષ્ટ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગતા જોઈએ એ તો છે નહિ. '**શ્રમણ નહીં હૈ**' લ્યો! એટલું અહીં આવ્યું. '**ण सो समणो**' એમ. ઓલામાં તિર્યંચયોનિ-તિર્યંચયોનિ આવતું હતું.

**નભાવાર્થ :- ઐસા પૂર્વોક્ત પ્રકાર લિંગી જો સદા મુનિયોંમેં રહતા હૈ...**' મુનિ રાખે શું કરવા? પણ એ તો થોડો વખત એમાં રહ્યો તો રહે. '**ઔર બહુત શાસ્ત્રોંકો જાનતા હૈ તો ભી ભાવ અર્થાત્ શુદ્ધદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણામ...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, જે મોક્ષનો માર્ગ, વીતરાગી પ્રતીતિ જ્ઞાન અને આનંદની રમણતા એને તો કરતો નથી. એનાથી તો રહિત છે. અને આવા પ્રકારના ઊંધા આચરણથી સહિત છે. એમ. '**ઇસલિયે મુનિ નહીં હૈ, ભ્રષ્ટ હૈ, અન્ય મુનિયોંકે ભાવ બિગાડનેવાલા હૈ.**' બીજા સાધુના પણ ભાવ બગાડવામાં નિમિત્ત થાય. અહીં તો વ્યવહારની વાત છે ને. જુઓ! એને લઈને બગડે છે કે નહિ? બગાડનાર લખ્યું છે ને. વ્યવહારની વાત એવી જ હોય ને. પોતે ભ્રષ્ટ છે અને બીજાને ભ્રષ્ટ થવાનું કારણ થાય. એમ. આમાં પણ એને માન મળે છે ને, ચાલો.

---

**आगे कहते हैं कि जो स्त्रियोंका संसर्ग बहुत रखता है वह भी श्रमण नहीं है :-**

## ગાથા-૨૦

**दंसणणाणचरित्ते महिलावग्गम्मि देदि वीसट्ठो।**
**पासत्थ वि हु णियट्ठो भावविणट्ठो ण सो समणो।।२०।।**

दर्शनज्ञानचारित्राणि महिलावर्गे ददाति विश्वस्तः।
पार्श्वस्थादपि स्फुटं विनष्टः भावविनष्टः न सः श्रमणः।।२०।।
સ્ત્રીવર્ગમાં વિશ્વસ્ત દે છે જ્ઞાન-દર્શન-ચરણ જે,
પાર્શ્વસ્થથી પણ હીન ભાવવિનષ્ટ છે, નહિ શ્રમણ છે. ૨૦.

अर्थ :– जो लिंग धारण करके स्त्रियोंके समूहमें उनका विश्वास करके और उनको विश्वास उत्पन्न कराके दर्शन–ज्ञान–चारित्रको देता है उनको सम्यक्त्व बताता है, पढ़ना–पढ़ाना, ज्ञान देता है, दीक्षा देता है, प्रवृत्ति सिखाता है, इसप्रकार विश्वास उत्पन्न करके उनमें प्रवर्तता है वह ऐसा लिंगी तो पार्श्वस्थसे भी निकृष्ट है, प्रगट भावसे विनष्ट है, श्रमण नहीं है।

भावार्थ :– जो लिंग धारण करके स्त्रियोंको विश्वास उत्पन्न कराकर उनसे निरंतर पढ़ना, पढ़ाना, लालपाल रखना, उसको जानो कि इसका भाव खोटा है। पार्श्वस्थ तो भ्रष्ट मुनिको कहते हैं उससे भी यह निकृष्ट है, ऐसेको साधु नहीं कहते हैं।।२०।।

## ગાથા-૨૦ ઉપર પ્રવચન

**'આગે ફિર કહતે હૈં કિ જો સ્ત્રિયોંકા સંસર્ગ બહુત રખતા હૈ વહ ભી શ્રમણ નહીં હૈ :-'** લ્યો! સ્ત્રીનો પરિચય બહુ રાખે એ સાધુ નથી. મુનિ તો જંગલમાં વસતા હોય ધ્યાનમાં, આનંદમાં, વનવાસમાં. માણસનો પગરવ પણ જ્યાં આગળ ન હોય. એને આવા સ્ત્રીના પરિચયમાં રહેવું એ હોય માર્ગ કાંઈ?

दंसणणाणचरित्ते महिलावग्गम्मि देदि वीसट्ठो।
पासत्थ वि हु णियट्ठो भावविणट्ठो ण सो समणो।।२०।।

**'અર્થ :- જો લિંગ ધારણ કરકે સ્ત્રિયોંકે સમૂહમેં ઉસકા વિશ્વાસ કરકે...'** વિશ્વાસ ઉપજાવવા. રાગ કરી વિશ્વાસ ઉપજાવે અને ભણાવે, સમકિત આપે, આ બધું કર એમ કહે. **'वीसट्ठो'** છે ને? **'વિશ્વાસ ઉત્પન્ન કરાકે દર્શન-જ્ઞાન-ચારિત્ર દેતા હૈ...'** સમકિત આમ કહેવાય, જ્ઞાન આમ કહેવાય, ચારિત્ર આમ કહેવાય. એમ કહીને વિશ્વાસ ઉપજાવે અને રાગ કરે, એમ કહે છે. **'ઉનકો સમ્યક્ત્વ બતાતા હૈ, પઢના-પઢાના જ્ઞાન દેતા હૈ,...'** સાધુ તો પણ એનું કામ છે બીજાને ભણાવવું એ. શું ભણાવવું કામ? એને તો પોતામાં અંદર આત્મામાં રહેવું એ કામ છે.

**'સમ્યક્ત્વ બતાતા હૈ, પઢના-પઢાના, જ્ઞાન દેતા હૈ, દીક્ષા દેતા હૈ,...'** ચાલો ભાઈ આપણે આ .. એમ કરીને રાગ પોષે છે એમ કહે છે. વિશ્વાસ ઉપજાવી રાગ પોષે છે. **'પ્રવૃત્તિ સિખાતા હૈ,...'** આમ ચાલવું, આમ ફલાણું, આમ બોલવું, આમ વાંચવું. એમ. **'ઈસપ્રકાર વિશ્વાસ ઉત્પન્ન કરકે ઉનમેં પ્રવર્તતા હૈ...'** એમ કહેવું છે. એને વિશ્વાસ ઉપજાવી કે આ તો આપણને ભણાવે છે, આ તો આપણને શીખવાડે છે. એમ કરીને વિશ્વાસ

ઉપજાવી અને ખોટા આચરણમાં રાગમાં જોડાય જાય. '**ઐસા લિંગી પાર્શ્વસ્થસે ભી નિકૃષ્ટ હૈ,...**' પાર્શ્વસ્થા સાધુ કહેવાય એનાથી તો આ ભ્રષ્ટ છે એમ કહે છે. પાર્શ્વસ્થસાધુ છે એ તો ભ્રષ્ટ છે પણ એમાં પણ આ ભ્રષ્ટ છે. '**પ્રગટ ભાવસે વિનષ્ટ હૈ, શ્રમણ નહીં હૈ.**' લ્યો! '**पासत्थ वि हु णियट्ठो भावविणट्ठो ण सो समणो**' ભાવથી તો ભ્રષ્ટ છે, લ્યો! '**પાર્શ્વસ્થસે ભી નિકૃષ્ટ હૈ, પ્રગટ ભાવસે વિનષ્ટ હૈ,...**' ગુપ્ત ભાવમાં તો હોય, આ તો પ્રગટ ભાવ આચરણ ખોટા બહારમાં, એમ કહે છે. સ્ત્રીનો પરિચય, સંગ એનો, ભણાવવું, ગણાવવું અને વિશ્વાસ દેવડાવીને ટોળામાં બેસે. એ કામ છે કાંઈ? બ્રહ્મચારીનું કામ નથી તો વળી સાધુનું કામ છે ઈ? નવ વાડે બ્રહ્મચર્ય જોઈએ. સ્ત્રીનો સંગ ન જોઈએ, પરિચય ન જોઈએ. એને ઠેકાણે આ ટોળામાં (રહે).

મુમુક્ષુ :- પાર્શ્વસ્થ સાધુસે નિકૃષ્ટ.

ઉત્તર :- એનાથી ઉત્કૃષ્ટ.

મુમુક્ષુ :- પાસમેં રહને વાલે મુનિ...

ઉત્તર :- નહિ. પાર્શ્વસ્થ એટલે ભ્રષ્ટ. પાર્શ્વસ્થનો અર્થ જ ભ્રષ્ટ છે. એમાંથી ભ્રષ્ટ. પાર્શ્વસ્થ, કુશીલિયા એવા ભ્રષ્ટ સાધુ છે. પાર્શ્વસ્થ, કુશીલિયા .. એવા સાધુના નામ છે. એ ભ્રષ્ટ છે. એમાં પણ આ ભ્રષ્ટ છે. પાસમાં રહેનારા એમ નહિ. ભ્રષ્ટ છે. પાર્શ્વસ્થ. પાર્શ્વ એટલે જોડે પડખે રહે એમ નહિ. સાધુની ક્રિયાઓથી ભ્રષ્ટ છે. પાર્શ્વસ્થા હલકા શિથિલ આચાર્યો એને અહીંયાં પાર્શ્વસ્થ કહ્યા. '**ભી નિકૃષ્ટ હૈ,...**' એનાથી પણ આ હલકો છે એમ કહે છે. પાઠમાં છે ને. '**પ્રગટ ભાવસે વિનષ્ટ હૈ, શ્રમણ નહીં હૈ.**' લ્યો!

'**ભાવાર્થ :- જો લિંગ ધારણ કરકે સ્ત્રિયોંકો વિશ્વાસ ઉત્પન્ન કરાકર ઉનસે નિરંતર પઢના,...**' એને શિખવાડે, ભણાવે. '**નિરંતર પઢના,...**' ભણે પોતે અને બીજાને ભણાવે. સાંભળો! હું વાણી બોલું ઈ સાંભળો અથવા ભણાવે. '**લાલપાલ રખના, ઉસકો જાનો કિ ઈસકા ભાવ ખોટા હૈ.**' અંદર ઊંધો ભાવ છે. સ્ત્રીનો પરિચય બહુ કરે અને લાલપાલ કરે તેનો ભાવ જ ઊંધો છે. '**પાર્શ્વસ્થ તો ભ્રષ્ટ મુનિકો કહતે હૈં...**' જુઓ! નીચે અર્થમાં છે. '**પાર્શ્વસ્થ તો ભ્રષ્ટ મુનિકો કહતે હૈં...**' લખ્યું છે. '**પાર્શ્વસ્થ તો ભ્રષ્ટ મુનિકો કહતે હૈં ઉસમેં ભી યહ નિકૃષ્ટ હૈ,...**' એવા વખતમાં પણ કાંઈક હશે. આહાહા..! શ્વેતાંબર પંથ નીકળી ચૂક્યો હતો. સો વર્ષ થઈ ગયા છે. પછી આ થયો. '**લિંગ ધારણ કરકે સ્ત્રિયોંકે વિશ્વાસ ઉત્પન્ન કરાકર ઉનસે નિરંતર પઢના, પઢાના, લાલપાલ રખના, ઉસકો જાનો કિ ઈસકા ભાવ ખોટા હૈ.**'

आगे फिर कहते हैं :–

## ગાથા-૨૧

पुंच्छलिधरि जो भुज्जइ णिच्चं संथुणदि पोसए पिंडं।
पावदि बालसहावं भावविणट्ठो ण सो समणो।।२१।।

पुंश्चलीगृहे यः भुक्ते नित्यं संस्तौति पुष्णाति पिंडं।
प्राप्नोति बालस्वभावं भावविनष्टः न सः श्रमणः।।२१।।

અસતીગૃહે ભોજન, કરે સ્તુતિ નિત્ય, પોષે પિંડ જે,
અજ્ઞાનભાવે યુક્ત ભાવવિનષ્ટ છે, નહિ શ્રમણ છે. ૨૧.

अर्थ :– जो लिंगधारी पुंश्चली अर्थात् व्यभिचारिणी स्त्रीके घर भोजन लेता है, आहार करता है और नित्य उसकी स्तुति करता है कि–यह बड़ी धर्मात्मा है, इसके साधुओं की बड़ी भक्ति है, इस प्रकारसे नित्य उसकी प्रशंसा करता है इसप्रकार पिंडको (शरीरको) पालता है वह ऐसा लिंगी बालस्वभावको प्राप्त होता है, अज्ञानी है, भावसे विनष्ट है, वह श्रमण नहीं है।

भावार्थ :– जो लिंग धारण करके व्यभिचारिणी का आहार खाकर पिंड पालता है, उसकी नित्य प्रशंसा करता है, तब जानो कि–यह भी व्यभिचारी है, अज्ञानी है, उसको लज्जा भी नहीं आती है, इस प्रकार वह भावसे विनष्ट है, मुनित्वके भाव नहीं है, तब मुनि कैसे?।।२१।।

## ગાથા-૨૧ ઉપર પ્રવચન

'આગે ફિર કહતે હૈં :–'

पुंच्छलिधरि जो भुज्जइ णिच्चं संथुणदि पोसए पिंडं।
पावदि बालसहावं भावविणट्ठो ण सो समणो।।२१।।

**'અર્થ :– જો લિંગધારી પુંશ્ચલી અર્થાત્ વ્યભિચારિણી સ્રીકે ઘર ભોજન લેતા હૈ,...'** જે વ્યભિચારી સ્રી હોય, જગતમાં છાપ ખોટી હોય એને ત્યાં આહાર લે એ લિંગધારી ભેખધારી છે. **'આહાર કરતા હૈ ઔર નિત્ય ઉસકી સ્તુતિ કરતા હૈ...'** બહુ ધર્માત્મા છે એ તો. ઓહોહો..! આમ છે ને તેમ છે. પોતાને આહાર-પાણી આપતા હોય સરખા. હોય વ્યભિચારિણી. એને ત્યાં આહાર લે, સ્તુતિ કરે **'કિ યહ બડી ધર્માત્મા હૈ, ઈસકે સાધુઓં કી બડી ભક્તિ હૈ,...'** લ્યો! વખાણ કરે એના. **'ઈસ પ્રકારસે નિત્ય ઉસકી પ્રશંસા કરતા હૈ...'** હંમેશા એના વખાણ કરે. **'ઈસપ્રકાર પિંડકો (શરીરકો) પાલતા હૈ...'** અને એમ કરીને શરીરને પાળે, એમ કહે છે. એવા આહાર-પાણી લઈ અને એને માટે બનાવેલા હોય, કરેલા

હોય. '**પિંડકો પાલતા હૈ વહ ઐસા લિંગી બાલસ્વભાવકો પ્રાપ્ત હોતા હૈ,...**' એ તો બાળઅજ્ઞાની છે, બાળસ્વભાવને પ્રાપ્ત છે. આહાહા..! જુઓને, ઘણું લખ્યું. એ વખત તો ઘણો કાળ સારો હતો. બે હજાર વર્ષ પહેલાની વાત છે આ તો.

મુમુક્ષુ :- સારા કાળમાં પણ એવા તો હોય ને.

ઉત્તર :- હોય ને, કો'ક કો'ક હોય અને ભવિષ્યમાં થશે. એમ છે ને પાછું. બધું આવું થાશે, બગડશે બધા.

'**અજ્ઞાની હૈ, ભાવસે વિનષ્ટ હૈ, વહ શ્રમણ નહીં હૈ.**' જુઓ! એ સ્ત્રીના વર્ગની ઘણી વાત કરી. સાધુ સ્ત્રીના સમૂહમાં હોય નહિ, એ ભણે નહિ, ભણાવે નહિ, એની સાથે પરિચય કરે નહિ. ભણાવાના બહાને પણ ભેગા કરે નહિ. થાય નહિ એનું શું છે? એવું જેને ભાન નથી અને આવા ટોળા ભેગા કરીને પક્ષ માંડે, પક્ષ માંડે. એ બધા સાધુ નથી. અંદરમાં બાળસ્વભાવ છે, કહે છે. મૂર્ખાઈ જેવો સ્વભાવ છે એનો મૂર્ખનો. અજ્ઞાની છે. '**વહ શ્રમણ નહીં હૈ.**'

**નભાવાર્થ :- જો લિંગ ધારણ કરકે વ્યભિચારિણી કા આહાર ખાકર પિંડ પાલતા હૈ,...**' લ્યો! વ્યભિચારી સ્ત્રી હોય એને ઘરેથી આહાર લે અને પિંડને-શરીરને પાળે. '**ઉસકી નિત્ય પ્રશંસા કરતા હૈ,...**' વખાણ કરે વખાણ. '**તબ જાનો કિ-યહ ભી વ્યભિચારી હૈ, અજ્ઞાની હૈ,..**' એ પણ એના જેવો લાગે છે. માળો ત્યાં. '**ઉસકો લજ્જા ભી નહીં આતી હૈ,...**' હું કોના વખાણ કરું છું અને ક્યાં આહાર લેવા જાઉં છું એની ખબર પણ નથી એને. '**ઈસ પ્રકાર વહ ભાવસે વિનષ્ટ હૈ, મુનિત્વકે ભાવ નહીં હૈ,...**' એને મુનિપણાનો ભાવ છે નહિ. '**તબ મુનિ કૈસે?**' ભાવ નહિ ત્યાં મુનિ શેનો? કહે છે. બાહ્ય લિંગ ધારણ કર્યું એમાં શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ કહે છે. ઓલા તમારા કહે છે 'મખનલાલજી'. 'મખનલાલજી' છે ને? એ કહે છે કે અત્યારના સાધુ ચોથા આરાના સાધુ કરતા સારા છે. કેમકે ચોથા આરાના સાધુ અપવાસ કરવામાં શિથિલ હતા અને અત્યારે અપવાસ ઘણા કરે છે. ઠીક! એવું છાપામાં આવ્યું છે. અરે..! ચોથા આરાના સાધુ, બાપુ! અરે.! તને ગંધ પણ નથી એની. એ તો મહાપ્રભુ છે. અપવાસ એમ કે નહોતા એટલા બધા કરતા અને અત્યારના સાધુ અપવાસ બહુ કરે છે. કહો, ઠીક! ચોથા આરાના શિથિલ હતા અને અત્યારના સારા છે એમ લખે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એમ કહે છે કે ઢીલા હતા. અત્યારે તો અપવાસ બહુ કરે છે, તપસ્યા બહુ કરે છે. ઉગ્ર પુરુષાર્થ છે. એમ. અપવાસ કરે નગ્ન થઈને. બબ્બે-ચચ્ચાર-આઠ-આઠ. આહાહા..! શું થાય? વાડ વેલાને ખાય. પંડિતો ખાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એવું લખ્યું છે. છાપામાં આવ્યું હતું. એવા વખાણ વર્તમાન સાધુના

વખાણ કરતા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોના પણ? આવા? અરે..! કાંઈ શ્રદ્ધાના ઠેકાણા ન મળે, આચરણના, દ્રવ્યલિંગના ઠેકાણા ન મળે. એને માટે ભોજન કરે, ચોકા કરે, એનો બચાવ કરે. અત્યારે બહુ બચાવ કરે છે.

**'મુનિત્વકે ભાવ નહીં હૈ, તબ મુનિ કૈસે?'** લ્યો!

---

**आगे इस लिंगपाहुडको सम्पूर्ण करते हैं और कहते हैं कि जो धर्मका यथार्थ स्वरुपसे पालन करता है वह उत्तम सुख पाता है :-**

## ગાથા-૨૨

**इय लिंगपाहुडमिणं सव्वंबुद्धेहिं देसियं धम्मं।**
**पालेइ कट्ठसहियं सो गाहदि उत्तमं ठाणं।।२२।।**

इति लिंगप्राभृतमिदं सर्वं बुद्धैः देशितं धर्मम्।
पालयति कष्टसहितं सः गाहते उत्तमं स्थानम्।।२२।।

એવી રીત સર્વજ્ઞે કથિત આ લિંગપ્રાભૃત જાણીને,
જે ધર્મ પાલે કષ્ટ સહ, તે સ્થાન ઉત્તમને લહે. ૨૨.

**अर्थ :– इस प्रकार इस लिंगपाहुड शास्त्रका–सर्वबुद्ध जो ज्ञानी गणधरादि उन्होंने–उपदेश दिया है, उसको जानकर जो मुनि धर्मको कष्टसहित बड़े यत्नसे पालता है, रक्षा करता है वह उत्तमस्थान–मोक्षको पाता है।**

**भावार्थ :– यह मुनिका लिंग है वह बड़े पुण्यके उदयसे प्राप्त होता है, उसे प्राप्त करके भी फिर खोटे कारण मिलाकर उसको बिगाड़ता है तो जानो कि यह बड़ा ही अभागा है–चिंतामणि रत्न पाकर कौड़ीके बदलेमें नष्ट करता है, इसलिये आचार्यने उपदेश दिया है कि ऐसा पद पाकर इसकी बड़े यत्नसे रक्षा करना,–कुसंगति करके बिगाड़ेगा तो जैसे पहिले संसार–भ्रमण था वैसे ही फिर संसारमें अनन्तकाल भ्रमण होगा और यत्नपूर्वक मुनित्वका पालन करेगा तो शीघ्र ही मोक्ष प्राप्त करेगा, इसलिये जिसको मोक्ष चाहिये वह मुनिधर्मको प्राप्त करके यत्नसहित पालन करो, परिषहका, उपसर्गका उपद्रव्य आवे तो भी चलायमान मत होओ, यह श्री सर्वज्ञदेवका उपदेश है।।२२।।**

**इस प्रकार यह लिंगपाहुड ग्रंथ पूर्ण किया। इसका संक्षेप इस प्रकार है कि–इस**

पंचमकालमें जिनलिंग धारण करके फिर दुर्भिक्षके निमित्तसे भ्रष्ट हुए, भेष बिगाड़ दिया वे अर्द्धफालक कहलाये, इनमें से फिर श्वेताम्बर हुए, इनमेंसे भी यापनीय हुए, इत्यादि होकरके शिथिलाचारको पुष्ट करनेके शास्त्र रचकर स्वच्छंद हो गये, इनमेंसे कितने ही निपट–बिल्कुल निंद्य प्रवृत्ति करने लगे, इनका निषेध करनेके लिये तथा सबको सत्य उपदेश देनेके लिये यह ग्रंथ है, इसको समझकर श्रद्धान करना। इस प्रकार निंद्य आचरणवालोंको साधु–मोक्षमार्गी न मानना, इनकी वंदना व पूजा न करना यह उपदेश है।

❊ छप्पय ❊

लिंग मुनिको धारि पाप जो भाव बिगाड़ै
वह निंदाकूं पाय आपको अहित विथारै।
ताकूं पूजै थुवै वंदना करै जु कोई
वे भी तैसे होइ साथि दुरगतिकूं लेई ।।
इससे जे सांचे मुनि भये भावशुद्धिमें थिर रहे।
तिनि उपदेश्या मारग लगे ते सांचे ज्ञानी कहे।।१।।

❊ दोहा ❊

अंतर बाह्य जु शुद्ध जे जिनमुद्राकूं धारि।
भये सिद्ध आनंदमय बंदूं जोग सँवारि।।२।।

इति श्री कुन्दकुन्दचार्यस्वामि विरचित श्री लिंगप्राभृत शास्त्रकी
जयपुरनिवासी पं. जयचन्द्रजी छावड़ाकृत देशभाषामय वचनिकाका
हिन्दी भाषानुवाद समाप्त।।७।।

## ગાથા-૨૨ ઉપર પ્રવચન

'**આગે ઈસ લિંગપાહુડકો સંપૂર્ણ કરતે હૈં ઔર કહતે હૈં કિ જો ધર્મકા યથાર્થરૂપસે પાલન કરતા હૈ વહ ઉત્તમ સુખ પાતા હૈ :-**' લ્યો!

**इय लिंगपाहुडमिणं सव्वंबुद्धेहिं देसियं धम्मं।**
**पालेइ कट्ठसहियं सो गाहदि उत्तमं ठाणं।।२२।।**

'**અર્થ :- ઈસ પ્રકાર ઈ લિંગપાહુડ શાસ્ત્રકા-સર્વબુદ્ધ જો જ્ઞાની ગણધરાદિ ઉન્હોંને- ઉપદેશ દિયા હૈ,...**' મારા ઘરનું એકલું નથી એમ કહે છે. ગણધરાદિ સંતોએ આ ઉપદેશ લિંગપાહુડનો કર્યો છે. લ્યો ઠીક! આધાર આપ્યો. '**ઉસકો જાનકર જો મુનિ ધર્મકો કષ્ટસહિત બડે યત્નસે પાલતા હૈ,...**' જુઓ! કષ્ટની વ્યાખ્યા ઈ છે. કષ્ટ કાંઈ દુઃખ થાય એમ નહિ.

દુઃખ થાય એ તો આર્તધ્યાન છે. '**બડે યત્નસે પાલતા હૈ,...**' મહાપુરુષાર્થ-પુરુષાર્થ. સ્વરૂપની સાવધાની, સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્રનું આરાધન, વીતરાગતાના રમણતામાં જે મશગુલ હોય છે. એવું બહુ જતન કરી ચારિત્રને પાળે છે. વીતરાગતાને રાખે છે.

'**વહ ઉત્તમસ્થાન-મોક્ષકો પાતા હૈ.**' લ્યો! ઓલાને તિર્યંચયોનિ અને હલકા કહ્યા હતા ને? નરકમાં જાય છે અને આ જાશે. આવું પાળશે તે મોક્ષમાં જાશે એમ કહે છે. સામે લીધું. આહાહા..! ઓલા તિર્યંચયોનિ, નરકમાં જશે એમ કહ્યું. જે કોઈ આત્માનું દર્શન-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર આવી વીતરાગતા મહાયત્ન કરી પાળશે, મહાપુરુષાર્થ કરી, જુઓ! પુરુષાર્થ છે ત્યાં. કહે છે ને કે ક્રમબદ્ધમાં ક્યાં પુરુષાર્થ આવ્યો? એ પુરુષાર્થ છે, સ્વભાવ સન્મુખ થવું એમાં પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? પુરુષાર્થ વિના ક્યો ગુણ પ્રગટ થાય? અવગુણ પણ પુરુષાર્થ વિના ક્યાં પ્રગટ થાય છે?

મુમુક્ષુ :- ઊંધો પુરુષાર્થ.

ઉત્તર : ઓલો ઊંધો પુરુષાર્થ છે, અહીં સવળો પુરુષાર્થ છે. આત્માનું વીર્ય આત્મજ્ઞાન દર્શન ચારિત્રમાં ફોરવે છે મહાપુરુષાર્થ છે. પુરુષાર્થથી તે મુક્તિ થાય છે, પુરુષાર્થથી સમ્યગ્દર્શન થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. પર્યાય છે.

ઉત્તર :- પુરુષાર્થ પર્યાય પણ અંતર ઢળે છે ને? ભલે પર્યાય હોય. ત્રિકાળ ઉપર ઢળે છે. ધ્રુવ-ધ્રુવ ધ્યેય. ધ્રુવ ધ્યેય ક્યાં આવ્યું હતું? તમારા શબ્દ હતા ક્યાંક. કાલે હતા. એમાં આવ્યું હતું ક્યાંક. ધ્રુવને ધ્યેય બતાવે.

મુમુક્ષુ :- શિખાવે...

ઉત્તર :- શિખાવે. હા, એ ધ્રુવ ધ્યેય શિખાવે. એય..! માનસ્તંભ સ્તુતિમાં. ધ્રુવને ધ્યેય શિખાવે. એવું આવ્યું હતું. આ સ્તુતિ છે ને પૂજામાં ઈ ને? પૂજામાં સ્તુતિ છે કે માનસ્તંભની?

મુમુક્ષુ :- માનસ્તંભની સ્તુતિ. ... માનસ્તંભની..

ઉત્તર :- ચૌદ માળામાંથી. ધ્રુવનું ધ્યેય શિખાવે, ધ્રુવનું ધ્યેય શિખાવે. ધ્રુવ ધ્યેય શિખાવે. પંડિતજીએ એમ નાખ્યું છે. છે ખબર કે નહિ? એય...!

અહીં તો કષ્ટસહિતનો અર્થ જતનાદિ, હોં! બીજે ઠેકાણે આવ્યું લાગે છે. ૩૩૧ પાને. ૩૩૧ પાને. ઠીક, ઓલું દુઃખનું.. ત્યાં દુઃખ એમ છે ને? '**दुक्खे णज्जइ अप्पा अप्पा णाऊण भावणा दुक्खं।**' ૩૩૧ છે. ૬૫ ગાથા. ત્યાં દુઃખ શબ્દ વાપર્યો છે. '**પ્રથમ તો આત્માકો જાનતે હૈં વહ દુઃખસે જાના જાતા હૈ,...**' દુઃખનો અર્થ મહાપુરુષાર્થ લેવો. ત્યાં આવે છે. ભાવપાહુડમાં. આત્માને જાણે એ મહાપુરુષાર્થથી જાણે. '**આત્માકો જાનકર ભી ભાવના કરના, ફિર-ફિર ઈસીકા અનુભવ કરના દુઃખસે હોતા હૈ,...**' દુઃખસે એટલે મહાપુરુષાર્થથી એમ. ૬૫ ગાથા છે, મોક્ષપાહુડની.

વળી '**કદાચિત્ ભાવના ભી કિસી પ્રકાર હો જાવે તો ભાયી હૈ જિનભાવના જિસને**

**ઐસા પુરુષ વિષયોંસે વિરક્ત બડે દુઃખસે હોતા હૈ.**' ૬૫ ગાથા છે. મોક્ષપાહુડ. એમાં દુઃખ શબ્દ વાપર્યો છે. '**दुक्खे णज्जइ अप्पा**' એમ. એટલે એનો અર્થ એમ ન સમજવો કે દુઃખથી એટલે કષ્ટથી લેવું. પુરુષાર્થથી, મહાપુરુષાર્થથી જતનાથી. એમ છે એનો અર્થ. એ પછી આવશે. ૩૮૬. એ શીલપાહુડમાં આવશે. જુઓ! ૮૬. ત્યાં પણ છે, જુઓ! ૩૮૬. '**दुक्खे णज्जदि णाणं णाणं णाऊण भावणा दुक्खं। भावियमई व जीवो विसयेसु विरज्जए दुक्खं।।**' ત્યાં ઓલામાં દુઃખ લીધું, અહીં કષ્ટ લીધું. દુઃખનો અર્થ એમ નથી. તો તો પછી ઓલામાં આવતું નથી 'છ ઢાળા'માં? 'જ્ઞાન વૈરાગ્યને...' શું કીધું? કષ્ટ ગણે. કષ્ટદાયી માને. એ તો દોષ છે. ૩૮૬ પાનું. ૩જી ગાથા. ઓલાની મોક્ષપાહુડની ઈ. અને આ કષ્ટ. બે ઠેકાણે દુઃખ (આવ્યું). એ અહીં કષ્ટની વ્યાખ્યા સમજાવવા કહી. પાછું કોઈ કહે કે કઠણ છે ને મહાકષ્ટ સહન કરવું પડે, ભાઈ! કષ્ટ શું સહન કરે?

મુમુક્ષુ :- લોઢાના ચણા ચાવવા.

ઉત્તર :- હા. મુનિપણું પાળવું ચારિત્ર મહા લોઢાના ચણા ચાવવા મીણને દાંતે. દુઃખ હશે એ. ચારિત્ર તો આનંદ છે. આહાહા..! 'જ્ઞાન વૈરાગ્ય દુઃખ લહે...' શું આવે છે? નહિ? 'છ ઢાળા'માં. જ્ઞાન વૈરાગ્યને દુઃખ ગણે. 'છ ઢાળા'માં.

મુમુક્ષુ :- આતમહિત વિરાગ જ્ઞાન...

ઉત્તર :- હા. એ. આતમનું હિત જ્ઞાન અને વૈરાગ્ય એને લખે આપ કષ્ટદાન. દુઃખ છે આ. એ તો મૂઢ છે. જ્ઞાન વૈરાગ્યમાં કષ્ટ કેવા? એ 'છ ઢાળા'માં આવે છે, પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કષ્ટદાન. કષ્ટ માને એ તો મૂઢ છે. એ તો દુઃખ માને. જ્ઞાન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તો આનંદ છે. દુઃખ કેવું? આત્મામાં દુઃખ છે જ ક્યાં? દુઃખ તો ઊભું કરેલો કૃત્રિમ વિકાર છે. સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર એ તો સહજ આનંદ છે એમાં. પ્રયત્નની ઉગ્રતા છે. પુરુષાર્થની ઉગ્રતાને અહીંયાં કષ્ટ અને દુઃખ કહેવામાં આવે છે. દુઃખ અને કષ્ટ છે નહિ એમાં જરીએ. શબ્દને પકડે કે અહીં આમ કહ્યું છે આચાર્યે. આમાં આમ કહ્યું. બધું કહ્યું છે. સાંભળને!

'**સર્વબુદ્ધ જો જ્ઞાની ગણધરાદિ ઉન્હોને-ઉપદેશ દિયા હૈ, ઉસકો જાનકર જો મુનિ ધર્મકો કષ્ટસહિત પડે યત્નસે પાલતા હૈ,...**' જાણીને. સમ્યગ્જ્ઞાન-દર્શનસહિત એમ કહે છે. સમજાણું? '**વહ ઉત્તમસ્થાન-મોક્ષકો પાતા હૈ.**' ઓલાને તિર્યંચ અને નરક કહ્યું હતું. આને મોક્ષ જાય એમ કહ્યું. જે આત્માના દર્શન-જ્ઞાનસહિત ચારિત્રસહિત ઉત્તમ મોક્ષમાર્ગ આરાધે તે મોક્ષનું ઉત્તમ સ્થાન પામે. એને હલકું સ્થાન હોય નહિ.

'**ભાવાર્થ :- યહ મુનિકા લિંગ હૈ વહ બડે પુણ્યકે ઉદયસે પ્રાપ્ત હોતા હૈ,...**' ખુલાસો ભાવાર્થમાં જરી કર્યો છે. એટલો જરી નગ્નપણું એવો ભાવ તો થયો ને થોડો? એમ કહે છે. '**ઉસે પ્રાપ્ત કરકે ભી ફિર ખોટે કારણ મિલાકર ઉસકો બિગાડતા હૈ...**' બગાડે છે. ખોટા કારણ મળીને બગાડે છે. '**તો જાનો કિ યહ બડા હી અભાગા હૈ....**' આહાહા..!

**'ચિંતામણિ રત્ન પાકર કૌડીકે બદલેમેં નષ્ટ કરતા હૈ,...'** ચિંતામણી રત્ન મળ્યું પણ એ કોડી માટે (ખોવે છે). એ કોડી લાવો.. કોડી લાવો.. ચિંતામણી દઉં, કોડી લાવો. આહાહા..!

**'ઈસલિયે આચાર્યને ઉપદેશ દિયા હૈ કિ ઐસા પદ પાકર ઈસકી બડે યત્નસે રક્ષા કરના,...'** મહાપુરુષાર્થ. સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત જેને બાહ્ય લિંગ આવ્યું અને ચારિત્ર અંદર છે તો મહાયત્નથી રાખે. ઓહો..! આવું ચિંતામણીરત્ન! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ક્યારે પ્રાપ્ત થાય? માટે મળ્યું છે એને ધારણા-ચિંતવનાથી બરાબર રાખવું એમ કહે છે. ગુમાવવું નહિ. **'ઐસા પદ પાકર ઈસકી બડે યત્નસે રક્ષા કરના,...'** જુઓ! યત્નથી રાખવું એમ કહ્યું ને? ઓલું કષ્ટ હતું ને એ. **'કુસંગતિ કરકે બિગાડેગા તો...'** કુસંગતિ કરીને બગાડશે **'તો જૈસે પહિલે સંસાર-ભ્રમણ થા વૈસે હી ફિર સંસારમેં અનંતકાલ ભ્રમણ હોગા...'** ઓહોહો..!

**'યત્નપૂર્વક મુનિત્વકા પાલન કરેગા તો શીઘ્ર હી મોક્ષ પ્રાપ્ત કરેગા,...'** જુઓ! સ્વરૂપની રમણતાના આરાધનમાં અલ્પ કાળમાં કેવળજ્ઞાન છે. આહાહા..! જુઓ! એ સ્વરૂપનું આરાધન અંતર, હોં! વિકલ્પ અને મહાવ્રતની અહીં વાત પણ લીધી નથી. સ્વરૂપ દર્શન-જ્ઞાન અને ચારિત્ર. તેને જે યત્નાથી કરશે, શીઘ્ર મોક્ષ જાશે. લ્યો! શીઘ્ર મોક્ષ જાશે. વહેલો મોક્ષ જાશે. મોક્ષ તો વહેલો તો જાય નહિ. જે સમયે જવાનો હોય એ થાય. પણ એનો અર્થ એમ થયો કે આવું જે દર્શન-જ્ઞાન-ચારિત્ર પાળે એને અલ્પકાળમાં જ કેવળજ્ઞાનનો પ્રસંગ હોય. અલ્પકાળે જ કેવળજ્ઞાન ક્રમબદ્ધમાં આવવાનું હોય એને, એમ કહે છે. આહાહા..! જેને સ્વરૂપ આત્મા આનંદમૂર્તિ અનંતગુણનો સમાજ, એનું જેને ભાન અને જ્ઞાન અને રમણતા (થયા), એનો અર્થ જ એ છે કે એને અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાનું. સિદ્ધ થવાને માટે તૈયારી થઈ ગઈ છે. એ શીઘ્ર એટલે અલ્પકાળમાં એમ કહેવું છે. હવે લાંબો કાળ એને હોય નહિ. સમજાણું કાંઈ?

**'શીઘ્ર હી મોક્ષ પ્રાપ્ત કરેગા, ઈસલિયે જિસકો મોક્ષ ચાહિયે...'** તેથી જેને મોક્ષ એટલે પૂર્ણ આનંદ જોઈએ. મોક્ષનો અર્થ ઈ. **'વહ મુનિધર્મકો પ્રાપ્ત કરકે...'** ચારિત્ર વિના તો મુનિપણું કેવળજ્ઞાન હોય નહિ કોઈ દિ' ત્રણકાળમાં. એકલા સમ્યગ્દર્શન-જ્ઞાનથી કાંઈ ચારિત્ર વિના કેવળ ન હોય, મુક્તિ ન હોય. **'જિસકો મોક્ષ ચાહિયે વહ મુનિધર્મકો પ્રાપ્ત કરકે...'** મુનિધર્મને પ્રાપ્ત કરે. શ્રાવકધર્મ ને ઈ પણ નહિ. **'યત્નસહિત પાલન કરો, પરિષહકા, ઉપસર્ગકા ઉપદ્રવ આવે...'** પરિષહ અને ઉપસર્ગ ક્ષુધા-તૃષાદિનો. એ પરિષહ કહેવાય. અને ઉપસર્ગ મનુષ્ય અને દેવ ને અચેતન કૃત. **'તો ભી ચલાયમાન મત હોઓ, યહ શ્રી સર્વજ્ઞદેવકા ઉદેશ હૈ.'** લિંગપાહુડમાં **'सव्वंबुद्धेहिं'** કહ્યું હતું ને? **'सव्वंबुद्धेहिं देसियं धम्मं'** એ તીર્થંકર સર્વજ્ઞદેવનો આવો ઉપદેશ છે. **'धम्मं'** છે ને? **'सव्वंबुद्धेहिं देसियं धम्मं'** ભગવાને જે આ ધર્મ કહ્યો ચારિત્ર. એ જે બરાબર યત્નથી પાળશે તો અલ્પ કાળમાં મુક્તિ થાશે.

**'ઈસ પ્રકાર યહ લિંગપાહુડ ગ્રંથ પૂર્ણ કિયા. ઈસકા સંક્ષેપ ઈસ પ્રકાર હૈ...'** હવે 'જયચંદ્ર પંડિત' થોડો એનો સાર કહે છે. **'પંચમકાલમેં જિનલિંગ ધારણ કરકે ફિર દુર્ભિક્ષકે**

**નિમિત્તસે ભ્રષ્ટ હુએ, ભેષ બિગાડ દિયા વે અર્દ્ધફાલક કહલાયે,...**' દિગંબર ધર્મ પહેલો દિગંબરપણું અંગીકાર તો કર્યું હતું પણ દુર્ભિક્ષના કાળમાં, બાર વર્ષનો દુર્ભિક્ષ પડ્યો એમાં પોતે ભ્રષ્ટ થયા. અને ભેખ બગાડ્યો અને અડધો કટકો ફાળિયાનો લીધો. આ શ્વેતાંબર મત અહીંથી ઉત્પન્ન થયો એમ કહે છે. સમજાણું કાંઈ? ભેખ બગાડ્યો, ભાવ બગાડ્યો, બધું બગાડ્યું. આકરું લાગે આ જરી, હોં! એમ છે?

'**પંચમકાલમેં જિનલિંગ ધારણ કરકે...**' પહેલું નગ્નપણું તો ધારણ કર્યું હતું. '**ફિર દુર્ભિક્ષકે નિમિત્તસે ભ્રષ્ટ હુએ,...**' .. નથી લખ્યું. '**અર્દ્ધફાલક કહલાયે...**' કટકો કપડાનો થોડો આડો રાખતા. '**ઈનમેંસે ફિર શ્વેતાંબર હુએ,...**' લ્યો! એમાં શ્વેતાંબર થયા. અહીંથી શરૂઆત થઈ. આકરું લાગે માણસને હોં! સંપ્રદાયને. માર્ગ તો આ છે, ભાઈ! સત્ય તો આ છે. અનાદિ સનાતન વીતરાગ દિગંબર માર્ગ હતો તેમાં દીક્ષા તો લઈ લીધી હતી કહે છે, પણ કાળને લઈને નભી ન શક્યા. કટકો થોડો લીધો. સાચા મુનિ હતા એ દક્ષિણમાં વયા ગયા હતા. અહીં રહ્યા. એ પછી હળવે... હળવે.. હળવે... બગડી ગયા.

'**ઈનમેંસે ફિર શ્વેતાંબર હુએ, ઈનમેંસે ભી યાપનીય હુએ,...**' યાપનીય પંથ છે. જે શ્વેતાંબરના શાસ્ત્ર માને. રહે નગ્ન. એ બધા એમાંથી થયા છે. કહે છે. '**ઈત્યાદિ હોકરકે શિથિલાચારકો પુષ્ટ કરનેકે શાસ્ત્ર રચકર...**' લ્યો! મુનિને આટલા કપડા ખપે, આટલી જોડી ખપે. એવું બહું મોટું લખાણ છે. બધા કલ્પિત શાસ્ત્ર બનાવેલા છે. એ અર્થ નથી કર્યો અહીં. ગાથાના અર્થ ભર્યા છે ને અગાસવાળાએ. આ ન લખે. '**શાસ્ત્ર રચકર સ્વચ્છંદ હો ગયે,...**' વસ્ત્ર, પાત્ર સ્થાપ્યા. મોટો દંડ સ્થાપ્યો લાકડાનો વગેરે-વગેરે કેટલા જુઓને! હમણાં એક સાધુ છે ને શ્વેતાંબર? ત્યાં 'જુનાગઢ'માં છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા.. ત્યાં મળ્યા હતા. એણે લખ્યું છે બિચારાએ કે અર્ધફાલક પહેલા હતા. એમાંથી ૧૦૮ ઉપકરણ સાધુને છે અત્યારે. શેઠ! ૧૦૮. શેઠને તો બધું હોય. ઈ તો મોટા ગૃહસ્થ. પણ આ તો સાધુને કાંઈ નહોતું એને ઠેકાણે ૧૦૮. એક ફેરી આવ્યું હતું ને? એ લિસ્ટ આવ્યું હતું. અર્ધફાલકમાંથી વકરેલો વિકાર. શ્વેતાંબર સાધુ એણે લખ્યું છે, હોં! અહીંનું વાંચન છે. .. બધું અડધું આમાં. અર્ધભદ્ર.

મુમુક્ષુ :- ક્યાં જઈને અટકશે ...

ઉત્તર :- હા. એ. ક્યાં જઈને... ૧૦૮ ઉપકરણ છે. સોઈ રાખે અને આ શું કહેવાય? પેન રાખે, ફલાણું રાખે, ઢીકણું રાખે, ડાબલી રાખે એવું બધું ઘણું. શીશપેન રાખે. એ બધું ખૂબ ઘણા લખ્યા છે. ૧૦૮. પુસ્તક અહીં છે.

મુમુક્ષુ :- ૧૦૮ ઉપકરણ.

ઉત્તર :- હા. ૧૦૮ ઉપકરણ. શ્વેતાંબર સાધુને એમ છે. એનો લેખ આવ્યો છે. ક્યાંક છે, પડ્યું હશે ક્યાંક.

'**શિથિલાચારકો પુષ્ટ કરનેકે શાસ્ત્ર રચકર સ્વચ્છંદ હો ગયે, ઈનમેંસે કિતને હી નિપટ-**

**બિલ્કુલ નિંદ્ય પ્રવૃત્તિ કરને લગે,...**' એમ કહ્યું છે. બહુ લખ્યું છે ને એમાં? કેટલાક તો તદ્દન હલકા '**નિંદ્ય પ્રવૃત્તિ કરને લગે, ઈનકા નિષેધ કરનેકે લિયે...**' એના નિષેધનું બહાનું કરી '**સબકો સત્ય ઉપદેશ દેનેકે લિયે યહ ગ્રંથ હૈ, ઈસકો સમજકર...**'

મુમુક્ષુ :- બધાને લાગુ પડે.

ઉત્તર :- બધાને લાગુ પડે. એ કાંઈ ..

'**સમજકર શ્રદ્ધાન કરના. ઈસ પ્રકાર નિંદ્ય આચરણવાલોંકો સાધુ-મોક્ષમાર્ગી ન માનના,...**' આહાહા..! માર્ગ તો આવો છે પણ ભારે કામ. આને નિહ્નવ ઠરાવ્યા. દિગંબરને નિહ્નવ ઠરાવ્યા. અનાદિ સનાતન માર્ગ છે આ તો, ભાઈ! વીતરાગ જૈન પરમેશ્વરે કહેલો. '**ઈનકી વંદના વ પૂજા ન કરના...**' એવા સાધુને માનીને... એય..! 'જયંતીભાઈ'! આવું છે આ તો. '**ઈનકી વંદના વ પૂજા ન કરના યહ ઉપદેશ હૈ.**' લ્યો!

*** छप्पय ***

**लिंग मुनिको धारि पाप जो भाव बिगाड़ै**
**वह निंदाकूं पाय आपको अहित विथारै।**
**ताकूं पूजै थुवै वंदना करै जु कोई**
**वे भी तैसे होइ साथि दुरगतिकूं लेई ।।**

બધા એ છે. એના પોષણ કરનારા-માનનારા બધા સાથે જઈએ ચાલો. એકલા ન જાય.

**इससे जे सांचे मुनि भये भावशुद्धिमें थिर रहे।**
**तिनि उपदेश्या मारग लगे ते सांचे ज्ञानी कहे।।१।।**

'**લિંગ મુનિકો ધારિ પાપ જો ભાવ બિગાડે, વહ નિંદાકૂ પાય આપકો અહિત વિચારૈ.**' પોતાના અહિતનો વિસ્તાર કરે. '**તાકૂ પૂજૈ...**' એને માને. સાધુ માને, આચાર્ય માને, પૂજે, સ્તવન કરે, વંદના કરે '**વે ભી તૈસે હોઈ સાથિ દુરગતિકૂં લેઈ.**' દૂર્ગતિ જાય બેય ભેગા થઈને. યજમાનને પણ સાથે લેતો જાય. '**ઈસસે જે સાંચે મુન ભયે ભાવશુદ્ધિમેં થિર રહે...**' એના માર્ગે ચાલે તેને જ્ઞાની કહેવાય. '**અંતર બાહ્ય જુ શુદ્ધ જે જિનમુદ્રાકૂં ધારિ.**' અભ્યંતર જ્ઞાન દર્શન અને ચારિત્ર, બાહ્ય નગ્ન. એવો શુદ્ધ જિનમુદ્રાને ધારિ. '**ભયે સિદ્ધ આનંદમય બંદૂ જોગ સંવારિ.**' લ્યો! આવાને હું સિદ્ધ પરમાત્મા થયા. તો કેવા સિદ્ધ? આનંદમય. જિનમુદ્રા ધારણ કરી અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત જે સિદ્ધ થયા '**બંદૂ જોગ સંવારિ.**' લ્યો!

'**ઈતિ શ્રી કુંદકુંદાચાર્યસ્વામિ વિરચિત શ્રી લિંગપ્રાભૃત શાસ્ત્રકી જયપુરનિવાસી પં. જયચંદ્રજી છાબડાકૃત દેશભાષામયવચનિકાકા હિન્દી ભાષાનુવાદ સમાપ્ત.**' લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# शीलपाहुड
## –८–

अब शीलपाहुड ग्रंथकी देशभाषामय वचनिकाका हिन्दी भाषानुवाद लिखते हैं :–

दोहा

भवकी प्रकृति निवारिकै, प्रगट किये निजभाव।
हवै अरहंत जु सिद्ध फुनि, बंदूं तिनि धरि चाव।।१।।

इस प्रकार इष्टके नमस्काररूप मंगल करके शीलपाहुडनाम ग्रंथ श्री कुन्दकुन्दाचार्य कृत प्राकृत गाथाबद्धकी देशभाषामय वचनिकाका हिन्दी भाषानुवाद लिखते हैं। प्रथम श्री कुन्दकुन्दाचार्य ग्रंथकी आदिमें इष्टको नमस्काररूप मंगल करके ग्रन्थ करनेकी प्रतिज्ञा करते हैं :–

## ગાથા-૧

वीरं विसालणयणं रत्तुप्पलकोमलस्समप्पायं।
तिविहेण पणमिऊणं सीलगुणाणं णिसोमेह।।१।।

वीरं विशालनयनं रक्तोत्पलकोमलसमपादम्।
त्रिविधेन प्रणम्य शीलगुणान् निशाम्यामि।।१।।

વિસ્તીર્ણલોચન, રક્તકજકોમલ-સુપદ શ્રી વીરને,
ત્રિવિધે કરીને વંદના, હું વર્ણવું શીલગુણને. ૧.

अर्थ :– आचार्य कहते हैं कि मैं वीर अर्थात् अंतिम तीर्थंकर श्रीवर्द्धमानस्वामी परम भट्टारकको मन वचन कायसे नमस्कार करके शील अर्थात् निजभावरूप प्रकृति उसके गुणोंको अथवा शील और सम्यग्दर्शनादिक गुणोंको कहूँगा, कैसे हैं श्री वर्द्धमानस्वामी–विशालनयन हैं, उनके बाह्यमें तो पदार्थोंको देखनेका नेत्र विशाल हैं, विस्तीर्ण हैं, सुन्दर हैं और अंतरंगमें केवलदर्शन केवलज्ञानरूप नेत्र समस्त पदार्थोंको देखनेवाले हैं और वे कैसे हैं – 'रक्तोत्पलकोमलसमपादं' अर्थात् उनके चरण रक्त कमलके समान कोमल हैं, ऐसे अन्यके नहीं हैं, इसलिये सबसे प्रशंसा करनेके योग्य हैं, पूजने योग्य हैं। इसका दूसरा अर्थ ऐसा भी होता है कि रक्त अर्थात् रागरूप आत्माका भाव, उत्पल अर्थात् दूर करनेमें, कोमल अर्थात् कठोरतादि दोष रहित और सम अर्थात् राग–द्वेष रहित, पाद अर्थात् जिनके वाणीके पद हैं, जिनके वचन कोमल हितमित मधुर राग–द्वेषरहित प्रवर्तते हैं उनसे सबका कल्याण होता है।

**भावार्थ :– इसप्रकार वर्द्धमान स्वामीको नमस्काररूप मंगल करके आचार्यने शीलपाहुड ग्रन्थ करनेकी प्रतिज्ञा की है।।१।।**

---

**પ્રવચન નં. ૧૮૦, ગાથા-૧-૨, ગુરુવાર, પોષ વદ ૧૦, તા.૨૧-૧-૭૧**

**'અબ શીલપાહુડ ગ્રંથકી દેશભાષામયવચનિકાકા હિન્દી ભાષાનુવાદ લિખતે હૈં :–'**

**દોહા**

**ભવકી પ્રકૃતિ નિવારિકૈ, પ્રગટ કિયે નિજભાવ,**
**હ્વૈ અરહંત જુ સિદ્ધ ફુનિ, બંદૂ તિનિ ધરિ ચાવ.૧.**

ચાહના કરીને. '**ભવકી પ્રકૃતિ નિવારિકૈ...**' ક્યા કહતે હૈં? આત્મામેં જો મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષ હૈ વહ ભવકી પ્રકૃતિ હૈ. આત્મા જ્ઞાયક આનંદસ્વરૂપ, ઉસકી દષ્ટિસે વિપરીત દષ્ટિ મિથ્યાત્વ ઔર રાગ ઔર દ્વેષ, વહ ભવ પ્રકૃતિ-ભવકા સ્વભાવ-ભવ કરનેકી ખાન હૈ વહ. '**ભવકી પ્રકૃતિ નિવારિકૈ...**' જિસને અપનેમેં ભવકા સ્વભાવ છોડકર, '**પ્રગટ કિયે નિજભાવ...**' અપના નિજભાવ કેવલજ્ઞાન, કેવલદર્શન આદિ જિસને પ્રગટ કિયા. '**હ્વૈ અરહંત જુ સિદ્ધ...**' વે અરિહંત હુએ. યહાં અરહંત શબ્દપ્રયોગ કિયા હૈ. '**હ્વૈ અરહંત જુ સિદ્ધ ફુનિ, બંદૂ તિનિ ધરિ ચાવ.**' ઉસકી ચાહનાકર. ભવ પ્રકૃતિકા નાશકર સ્વભાવ પ્રકૃતિ જિસને પ્રગટ કી. સ્વભાવ પ્રકૃતિકા અર્થ-અપના સ્વભાવ જ્ઞાન, દર્શન ઔર આનંદ હૈ, વહ જિસને પ્રગટ કિયા, વહ અરિહંત ઔર સિદ્ધ હૈ. ઉનકો નમસ્કાર કરકે મૈં શીલપાહુડ કહતા હૂં, ઐસા કહતે હૈં.

'**ઈસ પ્રકાર ઈષ્ટકે નમસ્કારરૂપ મંગલ કરકે...**' અપના ઈષ્ટ જો અરિહંત ઔર સિદ્ધ પરમાત્મા, ઉનકો નમસ્કાર કર, '**મંગલ કરકે શીલપાહુડનામ ગ્રંથ શ્રી કુન્દકુન્દાચાર્યકૃત પ્રાકૃત ગાથાબદ્ધકી...**' પ્રાકૃત ગાથાએં હૈં. '**દેશભાષામય વચનિકા...**' ચલતી ભાષામેં મૈં લિખતા હૂં. '**પ્રથમ હી કુન્દકુન્દાચાર્ય ગ્રંથકી આદિમેં ઈષ્ટકો નમસ્કારરૂપ મંગલ કરકે ગ્રંથ કરનેકી પ્રતિજ્ઞા કરતે હૈં :–**' કુંદકુંદાચાર્ય મહારાજ ભગવાનકો નમસ્કાર કરકે પ્રથમ ગ્રંથ કરનેકી પ્રતિજ્ઞા કરતે હૈં. પહલી ગાથા.

**वीरं विसालणयणं रत्तुप्पलकोमलस्समप्पायं।**
**तिविहेण पणमिऊणं सीलगुणाणं णिसामेह।।१।।**

ભગવાન કુંદકુંદાચાર્ય કહતે હૈં, '**આચાર્ય કહતે હૈં કિ મૈં વીર અર્થાત્ અંતિમ તીર્થંકર શ્રીવર્ધમાનસ્વામી પરમ ભટ્ટારક...**' પરમ સૂર્ય '**મન વચન કાયસે નમસ્કાર કરકે..**' મૈં નમસ્કાર કરકે '**શીલ અર્થાત્ નિજભાવરૂપ પ્રકૃતિ...**' દેખો! નિજભાવ. વહ ભવપ્રકૃતિ થી-મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષ ભવપ્રકૃતિ થી ઔર સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન ઔર ચારિત્ર... હૈ ન? યે નિજભાવ પ્રકૃતિ (હૈ). નિજ-અપને ભાવરૂપ સ્વભાવ. '**શીલ અર્થાત્ નિજભાવરૂપ**

**પ્રકૃતિ...**' શીલકી યહ વ્યાખ્યા કી. નિજભાવ-શુદ્ધ આનંદ, જ્ઞાનસ્વભાવ. અપના જો અનાદિ અવિનાશી સ્વભાવ. ઉસકા પ્રગટ કરના. નિજ સ્વભાવકા પ્રગટ કરના સો નિજભાવ પ્રકૃતિ.

શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ હૈ, ઉસકી પર્યાયમેં સમ્યગ્દર્શન સહિત સ્થિરતાકા અંશ પ્રગટ કરના ઉસકા નામ શીલ કહનેમેં આતા હૈ. કહો, સમજમેં આયા? '**શીલ અર્થાત્ નિજભાવરૂપ પ્રકૃતિ...**' અપના નિજ સ્વભાવ-જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ ઉસકા નામ પ્રકૃતિ. ઉસકી પર્યાય પ્રગટ કરના વહ શીલ હૈ. અપને સ્વભાવમેં સમ્યગ્દર્શન ઔર અનંતાનુબંધીકા અભાવ કરકે, જો ભવપ્રકૃતિ થી ઉસકા અભાવ કરકે, સમ્યગ્દર્શન ઔર સ્વરૂપમેં આંશિક સ્થિરતાકા ભાવ પ્રગટ કરના ઉસકા નામ શીલ કહનેમેં આતા હૈ. ઉસકા નામ નિજભાવ પ્રકૃતિ કહનેમેં આતી હૈ. કહો, સમજમેં આયા?

'**શીલ અર્થાત્ નિજભાવરૂપ પ્રકૃતિ ઉસકે ગુણોંકો...**' ઐસા જો આત્માકા સ્વભાવ, ઉસકા ગુણ. '**અથવા શીલ ઔર સમ્યગ્દર્શનાદિક ગુણોંકો...**' દોકો કહેંગે. શીલકો કહેંગે અથવા શીલકે ગુણોંકો કહેંગે. શીલકે ગુણકો કહેંગે '**અથવા શીલ ઔર સમ્યગ્દર્શનાદિક ગુણોંકો...**' દોનોં સાથમેં લિયા. વહ દૂસરા બોલ હૈ. પહલે બોલમેં ઐસા લિયા કિ '**શીલ અર્થાત્ નિજભાવરૂપ પ્રકૃતિ ઉસકે ગુણોંકો...**' ઉસકે ગુણકો. શીલકો ઔર ઉસકે ગુણકો કહેંગે, ઐસા કહતે હૈં. ઔર બાદમેં કહા કિ '**શીલ ઔર સમ્યગ્દર્શનાદિક ગુણોંકો કહૂંગા,...**' સમજમેં આયા?

પહલેમેં ઐસા કહા કિ આત્માકા સ્વભાવ શુદ્ધ આનંદ જ્ઞાન સ્વભાવ પ્રગટ કરના સો શીલ. ઉસકા ગુણ-સમ્યગ્દર્શનાદિક, ઉસકો કહૂંગા. દૂસરેમેં કહા, શીલ ઔર સમ્યગ્દર્શનાદિક ગુણ તીનકો કહૂંગા. '**કૈસે હૈં શ્રી વર્ધમાનસ્વામી...**' યે દો સમજમેં આયા? પુણ્ય-પાપકા ભાવ જો હૈ, વહ નિજભાવ નહીં. આહા..! ઔર પુણ્ય-પાપકા ભાવ મેરા હૈ, ઐસી મિથ્યાપ્રકૃતિ ભી નિજભાવ નહીં. મિથ્યાપ્રકૃતિ અર્થાત્ મિથ્યાત્વ ભાવ ઔર રાગ-દ્વેષ ભાવ, ઉસકો ભવપ્રકૃતિ કહતે હૈં. સંસારપ્રકૃતિ, સંસાર સ્વભાવ, સંસાર સ્વભાવ. ઉસકા નાશ કરનેકો શીલ કહતે હૈં. શીલ નામ નિજ સ્વભાવ. શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ઔર ચારિત્ર અપને નિજ સ્વભાવકે સન્મુખ હોકર, ત્રિકાલી અવિનાશી જ્ઞાનાનંદ સ્વભાવ, ઉસકે સન્મુખ હોકર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રકી પર્યાય પ્રગટ કરના, ઉસકા નામ શીલ કહનેમેં આતા હૈ. ઉસકા નામ નિજભાવ કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

'**કૈસે હૈં શ્રી વર્ધમાનસ્વામી-વિશાલનયન હૈં,...**' વહ અર્થ બાહરકા કિયા-શરીરકા કિયા. '**ઉનકે બાહ્યમેં તો પદાર્થોંકો દેખનેકા નેત્ર વિશાલ હૈં,...**' પહલે છદ્મસ્થ અવસ્થામેં ... પુણ્યવંત પ્રાણી હૈં ઔર તીર્થંકર હૈં. તીર્થંકર હૈં તો ઉનકી આંખેં ઐસી જૈસે કમલ ખીલા હો વૈસી બડી પુણ્યવંત હોતી હૈ. વિશાલનયન. '**ઉનકે બાહ્યમેં તો પદાર્થોંકો દેખનેકા નેત્ર વિશાલ હૈં, વિસ્તીર્ણ હૈં, સુન્દર હૈ...**' વહ તો બાહ્યકી બાત કી. '**અંતરંગમેં કેવલદર્શન કેવલજ્ઞાનરૂપ નેત્ર...**' વર્ધમાન ભગવાનકો અંતરમેં શુદ્ધ સ્વરૂપકા આશ્રય કરકે જો કેવલજ્ઞાન,

કેવલદર્શન પ્રગટ હુઆ, વહ વિશાલનયન હૈ. '**સમસ્ત પદાર્થોંકો દેખનેવાલે હૈં...**' લો. ઐસે વર્ધમાનસ્વામીકો મૈં પહચાનકર ઉનકો વંદન, નમસ્કાર કરતા હૂં. ઐસે આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય કહતે હૈં.

'**ઔર વે કૈસે હૈં- 'रक्तोत्पलकोमलसमपादम्' અર્થાત્ ઉનકે ચરણ રક્ત કમલકે સમાન કોમલ હૈં,...**' વર્ધમાન પરમાત્મા પુણ્યવંત પ્રાણી તીર્થંકર હૈં ન. પરમ ઔદારિક શરીર હૈ. ઈન્દ્ર ભી જિનકો હજાર નેત્રસે દેખતે હૈં તો ભી તૃપ્તિ નહીં હોતી. ઐસી તો શરીરકી કોમલતા ઔર સુંદરતા હૈ. જિનકે ચરણ કોમલ હૈ. '**ઐસે અન્યકે નહીં હૈ, ઈસલિયે સબસે પ્રશંસા કરનેકે યોગ્ય હૈં,...**' સર્વ જીવસે વે અનુમોદન પ્રશંસા કરનેલાયક હૈ ઔર '**પૂજને યોગ્ય હૈં.**' દો બાત.

'**ઈસકા દૂસરા અર્થ ઐસા ભી હોતા હૈ કિ રક્ત અર્થાત્ રાગરૂપ આત્માકા ભાવ,...**' રાગ હૈ ન? રાગ. વિકારી ભાવ. પુણ્ય-પાપકા વિકલ્પ જો રાગભાવ. '**ઉત્પલ અર્થાત્ દૂર કરનેમેં, કોમલ...**' જિસકો વિકાર ભાવકો દૂર કરના હૈ, '**કોમલ અર્થાત્ કઠોરતાદિ દોષ રહિત ઔર સમ અર્થાત્ રાગ-દ્વેષ રહિત, પાદ...**' જિસકી વાણીમેં રાગ-દ્વેષ રહિતતા આતી હૈ, ઐસા કહતે હૈં. વાણીકા પાદ હૈ. પહલે ચરણ લિયે થે, અબ વાણીકા પદ. વહ ચરણ ઔર યહ પદ. ભગવાનકી વાણીકે વાક્ય ઐસે હોતે હૈં કિ જિસમેં કઠોરતાદિ દોષ રહિત, કોમલ સમ્યગ્દર્શન, જ્ઞાન સિદ્ધ કરનેકા શબ્દ હૈ. રાગ-દ્વેષકી વાણી ભગવાનકી વાણીમેં આતી નહીં. સમજમેં આયા? '**સમ અર્થાત્ રાગ-દ્વેષ રહિત, પાદ અર્થાત્ જિનકે વાણીકે પદ હૈં,...**' લો. વાણીકે પદમેં વીતરાગકી વાણી ઐસી હોતી હૈ, જિસસે સમભાવ.. સમભાવ વીતરાગભાવ પ્રગટ હો, ઐસા વાણીમેં આતા હૈ. વીતરાગકી વાણી વીતરાગભાવ પ્રગટ કરનેકો બતાતી હૈ. આત્મા જૈસા અનાદિઅનંત વીતરાગ સ્વભાવ હૈ, ઉસકો પ્રગટ કરનેકી વાણીમેં-પદમેં-વાક્યમેં-ઐસા હી ભાવ આતા હૈ. વીતરાગભાવ પ્રગટ કરો, વીતરાગભાવ હી ધર્મ હૈ, વીતરાગભાવ હી મોક્ષકા માર્ગ હૈ. પુણ્ય-પાપકા ભાવ બંધકા માર્ગ હૈ. આહા..! સમજમેં આયા?

'**જિનકે વચન કોમલ...**' કૈસી વાણી હૈ ભગવાનકી? કોમલ-નર્મ. હિતકારી-સર્વ પ્રાણીકો હિતકર હૈ. વીતરાગભાવ બતાતી હૈ ન. તો સર્વ પ્રાણીકો હિતકર હૈ. મિત-મર્યાદી હૈ. વાણીમેં મર્યાદિત હૈ. મધુર હૈ. મીઠી વાણી હૈ. વાણી તો જડ હૈ. પરંતુ ઉસમેં વીતરાગભાવ બતાતે હૈં, વહ મીઠા હૈ. ધર્મ બતાતે હૈં, વીતરાગભાવ હી ધર્મ હૈ. આહાહા..! દેહ, વાણી, મનસે ભિન્ન ઔર પુણ્ય-પાપકે રાગસે ભિન્ન અપના સ્વભાવ, ઉસકા શ્રદ્ધા-જ્ઞાન કરના સો ધર્મ હૈ. વીતરાગકી વાણીમેં ઐસા આતા હૈ. પંડિતજી! પુણ્યમેં ધર્મ હૈ, ઐસા નહીં બતાતે હૈં. ઐસા કહતે હૈં.

કોમલ, હિત, મધુર ઔર રાગ-દ્વેષરહિત. દેખો! વાણીમેં રાગ કરના અથવા દ્વેષ કરના, યહ બાત આતી હી નહીં. સમ્યગ્દૃષ્ટિકો ભી સમ્યગ્દર્શન કરાનેમેં રાગ-દ્વેષસે હોતા હૈ, ઐસી બાત નહીં (આતી). સમ્યગ્દર્શન, જો ધર્મકી પહલી સીઢી, વહ આત્માકે સ્વભાવકે આશ્રયસે

હોતા હૈ. ઐસી મીઠી, મધુર રાગ-દ્વેષ રહિત વીતરાગકી વાણી હૈ. સેઠ! રાગ કરના, ઐસા નહીં બતાતે, કહતે હૈં. આતા હૈ તો જાનનેમેં આતા હૈ, વહ દૂસરી બાત હૈ. લેકિન કરના તો આત્માકા સ્વભાવ શુદ્ધ. 'શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે' આતા હૈ ન? 'શુદ્ધતામેં મગન રહે, અમૃતધારા બરસે.' આત્મા શુદ્ધ, પુણ્ય-પાપ રહિત ઐસે સ્વભાવકી દૃષ્ટિ ઔર જ્ઞાન, વહ શુદ્ધતા. ઉસ શુદ્ધતામેં રમણ કરના, ઐસી બાત વીતરાગકી વાણીમેં આતી હૈ. શુદ્ધતામેં રમણ કરનેસે આત્માકી અમૃતધારા, અતીન્દ્રિય અમૃતકા અનુભવ હોતા હૈ. આહા..! બડા કઠિન માર્ગ. ગૃહસ્થાશ્રમમેં ભી યહ હૈ, ઐસા કહતે હૈં.

અપના નિજ સ્વરૂપ 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન'. ઉસમેં એકાગ્ર હોકર સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિકા પ્રગટ કરના, વાણીમેં ઐસા ભાવ આતા હૈ. સમજમેં આયા? '**ઉનસે સબકા કલ્યાણ હોતા હૈ.**' ઉનસે સબકા કલ્યાણ હોતા હૈ. આત્માકા સ્વભાવ શીલ બતાના હૈ ન? શીલ. આત્માકા સ્વભાવ જો શુદ્ધ ત્રિકાલ હૈ, ઉસકી પ્રકૃતિ નામ નિર્મલ દશા પ્રગટ કરના, શુદ્ધતા પ્રગટ કરની, ઉસે હી શીલ કહનેમેં આતા હૈ. ઔર વહ શીલ સર્વ પ્રાણીકો કલ્યાણ કરનેવાલા હૈ. કઠિન બાત. સમજમેં આયા?

**ભાવાર્થ :-** '**ઈસપ્રકાર વર્ધમાન સ્વામીકો નમસ્કારરૂપ મંગલ કરકે આચાર્યને...**' માંગલિક કિયા, આચાર્યદેવને. '**આચાર્યને શીલપાહુડ ગ્રંથ કરનેકી પ્રતિજ્ઞા કી હૈ.**'

---

**आगे शीलका रूप तथा इससे (ज्ञान) गुण होता है वह कहते हैं :–**

## ગાથા-૨

**सीलस्स य णाणस्स य णत्थि विरोहो बुधेहिं णिद्दिट्ठो।**
**णवरि य सीलेण विणा विसया णाणं विणासंति।।२।।**

**शीलस्य च ज्ञानस्य च नास्ति विरोधो बुधैः निर्दिष्टः।**
**केवलं च शीलेन विना विषयाः ज्ञान विनाशयंति।।२।।**

**ન વિરોધ ભાખ્યો જ્ઞાનીઓએ શીલને ને જ્ઞાનને,**
**વિષયો કરે છે નષ્ટ કેવલ શીલવિરહિત જ્ઞાનને. ૨.**

**अर्थ :– शीलके और ज्ञानके ज्ञानियोंने विरोध नहीं कहा है। ऐसा नहीं है कि जहाँ शील हो वहाँ ज्ञान न हो और ज्ञान हो वहाँ शील न हो। यहाँ णवरि अर्थात् विशेष है वह कहते हैं–शीलके बिना विषय अर्थात् इन्द्रियोंके विषय हैं वह ज्ञानको नष्ट करते हैं – ज्ञानको मिथ्यात्व रागद्वेषमय अज्ञानरूप करते हैं।**

ઉત્તર :- આવે તો કઈ અપેક્ષાએ? એ તો દૃષ્ટિસહિત હોય, એનો આરોપ આવે. આરોપિત કથનને યથાર્થ માની લે. શું થાય? માર્ગ તો વીતરાગ સ્વભાવ છે. જ્ઞાનસ્વભાવ. જેમાં એક વિકલ્પનો કણ પણ ખૂંચે. ખૂંચે એવો છે. આહાહા..! ખૂંચે એની રુચિ, એનું જ્ઞાન કુશીલ છે એમ કહે છે. આહાહા..! આવો શું ધર્મ? એ તો દયા પાળવી, વ્રત પાળવા જાવ. ભક્તિ કરવી, દયા પાળવી, વ્રત પાળવા, તપ કરવા, એય..! 'ચીમનભાઈ'! કાં ગુરુ મળ્યા તો ગુરુની ભક્તિ કરવી, જાવ. ગુરુની ભક્તિથી મુક્તિ થાય. નથી આવતું? અમારે તો મુક્તિ કરતા ભક્તિ વ્હાલી છે. આવે છે? શેમાં?

મુમુક્ષુ :- 'શ્રીમદ્'માં.

ઉત્તર :- ના, ના. આપણે સ્તુતિમાં આવે છે.

મુમુક્ષુ :- ભક્તિ બપોરે બોલાવે છે ને એમાં આવે છે.

ઉત્તર :- એમાં આવે છે, બસ. બોલાય છે એમાં આવે છે. સ્તવન મંજરીમાં આવે છે કે કો'કમાં આવે છે. અમારે તો મુક્તિ કરતા ભક્તિ અમારે તો એમ. એ તો એક વ્યવહારનું વચન છે. ભક્તિ આત્માની, હોં! એવું કથન આવે છે. એય..! 'વજુભાઈ'! ખબર નથી. ખબર નથી. તમને ખબર છે ને કે નહિ? એ તો ભક્તોના વીતરાગના પ્રેમના બધા ગાણાં છે. વ્યવહારના ગાણાં, એને પરમાર્થમાં ખતવી નાખે.

કહે છે, લ્યો! **'જ્ઞાનકો જાને બિના વિષયોંસે વિરક્ત હો તો ભી કર્મોંકા ક્ષય નહીં કરતા હૈ :-'** શું કહે છે? આમ પાછી ભાષા એવી લીધી, જુઓ! પાઠ છે હોં! બધો આ. **'ण खवेइ पुराइयं'**. વ્રત એટલે બહારથી વિષયથી છૂટી ગયો છે. એમ. પણ અંદરમાં પરદ્રવ્યના વિષયની રુચિ છોડી નથી. બહારનો છોડ્યો વિષય. એ તો આપણે ચાલે છે ને. 'પ્રવચનસાર'માં નથી આવતું? છકાયની હિંસાથી રહિત છે. ૨૩૬ ગાથા. ભાઈ! કષાય અને કાયાની જ્યાં એકત્વબુદ્ધિ છે... ઓહો..! કષાય અને કાયા. કષાય શબ્દે આસ્રવ, કાયા શબ્દે અજીવ. બસ. થઈ ગયું. બધું આવી ગયું. કાયા અને આસ્રવમાં એકત્વબુદ્ધિ છે. ચાહે તો બહારથી ત્યાગી હોય તોપણ એ છકાયની હિંસાથી છૂટ્યો નથી. આવે છે? 'પ્રવચનસાર'. 'પ્રવચનસાર'માં આવે છે. ૨૩૬ છે. આ ૩૬ નહિ, હોં! એ આ .. નો અર્થ છે. બરાબર.

**आगमपुव्वा दिट्ठी ण भवदि जस्सेह न संजमो तस्स।**
**णत्थीदि भणदि सुत्तं असंजदो होदि किध समणो।।२३६।।**

**'તત્ત્વાર્થ શ્રદ્ધાનલક્ષણવાળી = તત્ત્વાર્થનું શ્રદ્ધાન જેનું લક્ષણ છે એવી.**

**(સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન છે. તે આગમપૂર્વક હોય છે.'** '**જે જીવને સ્વપરનું ભેદજ્ઞાન નથી તેમને ભલે કદાચિત્ પાંચ ઈન્દ્રિયના વિષયોનો સંયોગ ન દેખાતો હોય...**' જુઓ! સંયોગ. આ વિષય.. '**છ જીવનિકાયની દ્રવ્યહિંસા ન દેખાતી હોય અને એ રીતે સંયોગથી નિવૃત્તિ દેખાય,..**' આ વિષય વિરક્ત.. '**તોપણ કાયા અને કષાયો સાથે એકતા માનનારા તે જીવોને ખરેખર પાંચ ઈન્દ્રિયના વિષયોની અભિલાષાનો નિરોધ નથી, હિંસાનો જરાય અભાવ નથી અને એ રીતે પરભાવથી બિલકુલ નિવૃત્તિ નથી.**' ૨૩૬.

અહીં કહે છે કે...

**तावं ण जाणदि णाणं विसयबलो जाव वट्टए जीवो।**
**विसए विरत्तमेत्तो ण खवेइ पुराइयं कम्मं।।४।।**

બેને ભેગા કરે છે.

'**અર્થ :- જબ તક યહ જીવ વિષયબલ અર્થાત્ વિષયોંકે વશીભૂત...**' બળ છે ને એનું જોર. પરવિષયમાં બળ ગયું છે એનું. રાગમાં એકાકાર. '**જબ તક યહ જીવ વિષયબલ અર્થાત્ વિષયોંકે વશીભૂત રહતા હૈ તબ તક જ્ઞાનકો નહીં જાનતા હૈ...**' વિષયમાં એકાકાર થનાર આત્માના જ્ઞાનમાં સ્વભાવને જાણતો નથી. એટલે પછી આ લોકો એમ કહે ને કે વિષય છોડો, બાયું છોડો, છોકરા છોડો, વિષય છોડો.

મુમુક્ષુ :- એનો તો જવાબ આપ્યો...

ઉત્તર :- એ તો કહ્યું કે '**જ્ઞાનકો જાને બિના કેવલ વિષયોંમેં વિરક્તિમાત્રહીસે પહિલે બાંધે હુએ કર્મોંકા ક્ષય નહીં કરતા હૈ.**' આત્માના અનુભવના સમ્યગ્દર્શન અને જ્ઞાન વિના બહારના એકલા વિષયનો ત્યાગ હોય તોપણ તેને કર્મનો ક્ષય જરીએ નહિ થાય. સમજાણું કાંઈ? ઈ વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૮૨, ગાથા-૪ થી ૬, શનિવાર, પોષ વદ ૧૨, તા.૨૩-૧-૭૧

ગાથા-૪. શીલપાહુડ. અર્થ ફરીને. જુઓ! અર્થ થઈ ગયો છે.

'**અર્થ :- જબ તક યહ જીવ વિષયબલ અર્થાત્ વિષયોંકે વશીભૂત રહતા હૈ તબ તક જ્ઞાનકો નહીં જાનતા હૈ...**' ચોથી ગાથા, શીલપાહુડ. શું કહ્યું? આત્મામાં જ્યાં સુધી વિષયનું બળ છે, પાંચ ઈન્દ્રિયના વિષય પ્રત્યેનું જોર અને પ્રેમ છે, ત્યાં સુધી તેને સાચું જ્ઞાન થાતું નથી. કેમકે જે વિષય છે એ તો પરવસ્તુ છે અને એનો રાગ પણ વિકાર છે. એમાં જેને પ્રેમ છે એને રાગરહિત જ્ઞાનનું ભાન નથી. '**વશીભૂત રહતા હૈ...**' જ્ઞાની વિષયને વશીભૂત નથી. સમજાણું? એને જરીક અસ્થિરતા થાય છે પણ એને વશ નથી. ધર્મી તો આત્માના આનંદને વશ છે. અજ્ઞાનીને વિષયનું બળ છે. ધર્મીને આત્માનું બળ છે. સમ્યગ્દષ્ટિ ધર્મી થતાં પોતાનો આત્મા આનંદ અતીન્દ્રિય શુદ્ધ ચૈતન્ય, એનું જ્ઞાનીને બળ અને જોર છે. અજ્ઞાનીને વિષયનું

બળ છે. રાગ અને પર વિષયમાં પ્રેમ વર્તે '**તબ તક જ્ઞાનકો નહીં જાનતા હૈ...**' એ આત્માનો સ્વભાવ જાણતો નથી.

'**ઔર જ્ઞાનકો જાને બિના...**' આત્મા શુદ્ધ આનંદ છે એના ભાન-અનુભવ વિના '**કેવલ વિષયોંમેં વિરક્તમાત્રહીસે...**' વિરક્ત ભાવ કરે તોપણ એ કર્મની નિર્જરા કરે નહિ, બંધન કરે. આત્મજ્ઞાન વિના આત્મા પુણ્ય-પાપથી રહિત એવા અનુભવ વિના વિષયને છોડે, સ્ત્રી, કુટુંબ, પરિવાર ભોગને, છતાં એ કર્મબંધનને છોડી શકે નહિ. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જીવકા ઉપયોગ ક્રમવર્તી હૈ...**' જીવનો ઉપયોગ ક્રમે ક્રમે એક એક જ્ઞેયને જાણે એવો છે. '**સ્વસ્થ (-સ્વચ્છત્વ) સ્વભાવ હૈ...**' વળી નિર્મળ સ્વભાવ છે. આત્માનો સ્વભાવ સ્વસ્થ એટલે નિર્મળ છે, શુદ્ધ છે, પવિત્ર છે. '**અતઃ જૈસે જ્ઞેયકો જાનતા હૈ...**' ક્રમવર્તી ઉપયોગ અને નિર્મળ સ્વભાવ. હવે ક્રમમાં જે કાંઈ એના ઉપયોગમાં પહેલી ચીજ આવે '**ઉસ સમય ઉસસે તન્મય હોકર વર્તતા હૈ,...**' એમાં રાગાદિ પુણ્યાદિ, પાપાદિ બાહ્ય વિષય કોઈ પણ, એ ખ્યાલમાં આવ્યો એમાં આત્માનું ભાન નથી. એથી એ ક્રમે ક્રમે જે જ્ઞેય લક્ષમાં આવ્યું એને વશ વર્તે. તન્મય થઈ જાય. ઝીણી વાત બહુ. શીલનો અધિકાર... આત્મા આનંદસ્વરૂપ છે શુદ્ધ ચૈતન્ય, એનો અનુભવ નથી, સમ્યગ્દર્શન નથી, એને આત્મબળ નથી. એને પુણ્ય-પાપના વિકલ્પો રાગ, વિષયનો રાગ એમાં એ તલ્લીન-તન્મય થઈ જાય છે. એથી એ મિથ્યાદૃષ્ટિ છે.

'**જબ તક વિષયોમેં આસક્ત હોકર વર્તતા હૈ...**' આસક્તનો અર્થ અહીંયાં રુચિપૂર્વકની આસક્તિ છે. વિષયમાં એકપણાની બુદ્ધિ-સુખબુદ્ધિએ વર્તે એમ કહેવું છે. વિષયમાં સુખબુદ્ધિ વર્તે '**તબતક જ્ઞાનકા અનુભવ નહી હોતા હૈ,...**' ત્યાં સુધી આત્માના આનંદનો જેનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ આત્માનો, એનો એને અનુભવ ન હોય. સમજાય છે કાંઈ? શીલમાં બહુ સરસ વાત લીધી. આહાહા..! '**વિષયોમેં આસક્ત હોકર વર્તતા હૈ...**' એટલે કે પાંચ ઈન્દ્રિયના વિષયો તરફના વલણમાં જ્યાં વર્તે, એને આત્માનું જ્ઞાન નથી. એટલે કે એને આત્માના સ્વભાવનો અનુભવ નથી. અનુભવ તો વિકારનો રહ્યો એકલો. સમજાણું કાંઈ?

'**ઈષ્ટ-અનિષ્ટ ભાવ હી રહતે હૈં...**' અનુભવ, આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, એનો અનુભવ નથી, આનંદનું વેદન નથી, એને તો પરપદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ જ રહે. સમજાણું? આહાહા..! '**ઈષ્ટ-અનિષ્ટ ભાવ હી રહતે હૈં...**' એટલે મિથ્યાત્વભાવ છે. પરપદાર્થ ઈષ્ટ અને પરપદાર્થ અનિષ્ટ. ખાવા, પીવા, ભોગ, વિષય, રૂપ ઈષ્ટ લાગે. રાગ થાય. ખરાબ ચીજ પ્રતિકૂળ. માર, પ્રહાર, અગ્નિ, વિંછી આદિ અનિષ્ટ લાગે (એટલે) દ્વેષ થાય. કારણ કે વસ્તુ પોતે આનંદસ્વરૂપ અખંડ જ્ઞાયક છે એનો તો અંતરમાં અનુભવ અને ભાન નથી. તેથી એને પરપદાર્થ પ્રત્યેના બે ભાગ પડી જાય. .. સ્વદ્રવ્યમાં નથી. જ્ઞાતા-દૃષ્ટાના અનુભવ અને સમ્યક્‌માં નથી. તેથી એને પરદ્રવ્યમાં બે ભાગ પડી ગયા-રાગ અને દ્વેષ, ઈષ્ટ અનિષ્ટ લાગે. આહાહા..! શરીરની નિરોગતા થાય તે ઈષ્ટ લાગે. સરોગતા થાય તો અનિષ્ટ લાગે. લ્યો! એ મિથ્યાત્વભાવ છે. સમજાણું? શરીરમાં અનુકૂળતા કંઈ પણ, મકાનની,

રહેવાની, ખાવાની, પીવાની, સાંભળવાની અનુકૂળતા હોય ત્યાં એને ઈષ્ટપણું લાગે. આત્મા ઈષ્ટ છે આનંદસ્વરૂપ એનો તો અનુભવ નથી, એની તો દૃષ્ટિ નથી. પંડિતજી! બહુ ઝીણી વાત છે. સૂક્ષ્મ છે. બે કટકા કરી નાખ્યા છે.

જેને સમ્યગ્દર્શન નથી એટલે કે શીલ નથી, ચૈતન્ય સ્વરૂપ આનંદ છે એનું ભાન નહિ અને એમાં શીલ નથી-એકાગ્રતા નથી, એને તો પરપદાર્થ ઉપર એનું લક્ષ છે. આ લક્ષ તો છે નહિ. સ્વ દૃષ્ટિ તો છે નહિ. એટલે પરપદાર્થમાં બે ભાગ પડી ગયા એને. આ અનુકૂળ એ ઠીક અને પ્રતિકૂળ એ અઠીક. બસ, રાગ-દ્વેષ કરવો એ જ એનો ભાવ છે. આહાહા..! વાહ! કેવી શૈલી વાપરી! કથની પણ કેવી! હેં! ઓહોહો..!

**'ઔર જ્ઞાનકા અનુભવ હુએ બિના...'** પહેલી વાત તો એ કરી કે વળી જ્ઞાનનો અનુભવ નથી. **'કદાચિત વિષયોંકો ત્યાગે...'** સ્ત્રી, કુટુંબ, પરિવાર, ભોગ, વિષય છોડી દે. પણ અંતર જ્ઞાનસ્વરૂપ શું છે, આનંદસ્વરૂપ શું છે, એનું ભાન નથી એથી એ ત્યાગ પણ નિરર્થક છે. એ **'વર્તમાન વિષયોંકો તો છોડે પરંતુ પૂર્વકર્મ બાંધે થે ઉનકા તો જ્ઞાનકા અનુભવ હુએ બિના ક્ષય નહીં હોતા હૈ,..'** એટલે શું કે વર્તમાનમાં આમ જાણે નથી ભોગ, એમ. પણ પૂર્વ કર્મના ઉદય આવે એમાં જોડાય જાય છે. કારણ કે આત્મામાં જોડાણ નથી.

મુમુક્ષુ :- આત્મામાં ..

ઉત્તર :- ધૂળેય નથી. એ માટે તો આ વાત કરે છે. આહાહા..!

ત્રિકાળી ભગવાનઆત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની મૂર્તિ એવા સ્વરૂપનો અનુભવ નથી એટલે એ પછી વિષયનો વર્તમાન ત્યાગ કરે છે ને આમ? વર્તમાન આ છોડ્યા એમ કહે છે. આ છોડી, બાયડી છોડી, કુટુંબ છોડ્યું, રાજ છોડ્યું. એમ. પણ છોડ્યું નથી કાંઈ એણે. કેમકે એને તો પેલો રાગ હતો પ્રેમ, પછી દ્વેષ થયો. છોડ! ઓલા કહે છે કેટલાક કે કુટુંબ ઉપર એવો દ્વેષ કરવો કે ફરીને રાગ ન થાય. એય..! 'ચેતનજી'! સાંભળ્યું છે કે નહિ? તમારે ઉપદેશ ચાલે છે એમાં. બાયડી, છોકરા, કુટુંબ ઉપર એવો દ્વેષ કરવો કે રાગ ન થાય. છોડો, છોડો. શું છે? પરદ્રવ્યમાં અનિષ્ટ માન્યું એ મિથ્યાત્વભાવ છે. પરપદાર્થ અનિષ્ટ ક્યાં છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો ઓલામાં આવ્યું. આ તો બહારમાં આવો ઉપદેશ આપે છે તમારે.

મુમુક્ષુ :- દ્વેષ ..

ઉત્તર :- હા. દ્વેષ એટલે કેવો દ્વેષ કરવો? કે ફરીને પ્રેમ ન થાય. એવી ભાષા ચાલે છે. એવી પ્રરૂપણા ચાલે છે. એમ કહે છે કે છોડો, બાયડી-છોકરા છોડો. એ સાપોલિયા છે. ખાઈ જશે તને, મારી નાખશે. એ બિચારા પરદ્રવ્ય છે. એ તને શું નુકસાન કરે છે? પરદ્રવ્યનો પ્રેમ જે તને છે, એ નુકસાન કરે છે. એને ઠેકાણે સંસારને છોડવા માટે પરનો એટલો અણગમો કરવો કે પછી પ્રેમ ન થાય એટલે છૂટી જાય બાયડી-છોકરા, જાવ. સંસાર તમને પ્રિય છે? એમ પૂછે. તો કહે, ના. તો છોડ. આ બાયડી-છોકરા છોડ. બાયડી-છોકરા કે દિ' સંસાર હતા? સંસાર તો તારો મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ એ સંસાર છે. સ્ત્રી-કુટુંબ સંસાર છે? એ

તો પરદ્રવ્ય છે. કહે છે કે '**જ્ઞાનકા અનુભવ હુએ બિના...**' ધીરજના કામ છે આ તો, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. કક્કા બધા. ધૂળેય બધા પરદ્રવ્ય છે. એમાં તારે શું છે? તારી સાથે સંબંધ પણ શું છે? જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. તું જાણનાર અને એ જણાવા યોગ્ય એટલું. એમાં એ મારા એવું છે ક્યાં? આહાહા..!

કહે છે, જેને ભગવાનઆત્મા આનંદઘન ચૈતન્યપિંડ પ્રભુ, એનો જેને અંતર પુણ્ય-પાપના રાગરહિત થઈને અનુભવદૃષ્ટિ નથી, એનો વિષયનો ત્યાગ એ ત્યાગ જ નથી. સમજાણું કાંઈ? કેમકે એનું લક્ષ જ એકલું પર ઉપર છે. સ્વદૃષ્ટિ તો છે નહિ. પર ઉપર લક્ષ છે ત્યાં પર ઉપર લક્ષ છે અને એનો ત્યાગ (કર્યો), એનો અર્થ શું? સમજાણું કાંઈ? પર ઉપર જ એનું ધ્યેય-લક્ષ છે. હવે એને છોડવું. છોડવું એટલે શું? જેનું ધ્યેય છે એને છોડવું એટલે શું? એ ત્યાગ જ નથી, એમ કહે છે. આહાહા..!

જેને આત્મદર્શન (નથી થયું), ચૈતન્ય ભગવાનઆત્મા આનંદની રુચિ અને ભાન નથી, એ બહારના ત્યાગ કરે એ બધા નિરર્થક છે, કહે છે. એમાં એને કર્મનો ક્ષય નથી. સિદ્ધાંત એટલો કહ્યો કે આ વર્તમાન છૂટ્યા, એમ. બહાર, હોં! પણ વસ્તુ જે છે અંદર કર્મનું બંધન, એનો ઉદય થતાં એમાં જોડાય જાય છે. કારણ કે લક્ષ બહાર છે, અહીં તો છે નહિ. એટલે કર્મબંધનનું એને છૂટવું છે નહિ. સમજાણું કાંઈ? કર્મ વસ્તુ છે એનો જ્યાં ઉદય આવે એટલે આત્મા તરફ વસ્તુ છે એની તો દૃષ્ટિ નથી, એટલે ઉદયમાં એનું જોડાણ લક્ષ છે. એટલે કર્મનું નાશ થવું તો એને છે નહિ. એને તો જોડાણ થઈને નવું કર્મબંધન થશે. પછી વિષયનો ત્યાગ રહ્યો ક્યાં એને? એમ કહે છે. જુઓને! અર્થ પણ કેવા સરસ કર્યા છે, હોં! 'જયચંદ્ર પંડિત'. મૂળમાં ઘા છે અહીં તો.

જેને આત્મા એકલો અકષાય શાંતરસનું સ્વરૂપ છે, એની દૃષ્ટિ અને અનુભવ નથી, એને પરપદાર્થમાં ત્યાગ શી રીતે કહેવો? ક્હે છે. પરપદાર્થની તો રુચિ છે. રાગની રુચિ છે, ઉદયની રુચિ છે. રુચિ છે એનો ત્યાગ શી રીતે કરવો? એમ કહે છે. સમજાણું કાંઈ? આમ રુચિ નથી અને આમ રુચિ છે. હવે રુચિ છે એનો ત્યાગ શી રીતે થયો એને?

મુમુક્ષુ :- રુચિ અને ત્યાગ બેય એક સમય સાથે કીધું...

ઉત્તર :- બધું એક સાથે છે ને. રુચિ છે અને કહે છે, હું છોડું. પણ પ્રેમ તો છે ત્યાં છોડું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આહાહા..! '**विसयबलो**' શબ્દ હતો ને? '**विसए विरत्तमेत्तो ण खवेइ पुराइयं कम्मं**' એટલે '**पुराइयं कम्मं**'નો અર્થ કે વર્તમાનમાં જ એની દૃષ્ટિ પર ઉપર છે. કર્મના ઉદય ઉપર દૃષ્ટિ છે, પર ઉપર દૃષ્ટિ છે. એટલે વર્તમાનમાં જ કર્મનું છૂટવું દૃષ્ટિમાંથી નથી થયું. રાગથી રહિત. કર્મથી રહિત એવું ચૈતન્યદ્રવ્ય, એવું જેને વર્તમાનમાં ભાન નથી. અ જીવો બાહ્ય ત્યાગ મુનિ-સાધુ થઈને બેઠા, મિથ્યાદૃષ્ટિ છે એ. એમ કહે છે. ભારે કામ. કહો, સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ સમજવો જગતને કઠણ છે. એમ ને એમ ઉપરથી

અમે જૈન છીએ, અમે જૈન વીતરાગને માનીએ છીએ. સમજાણું કાંઈ? એ કાંઈ જૈનપણું એમ ન આવી જાય.

કહે છે, અંદરમાં જેને આત્મા આનંદ સ્વરૂપની દૃષ્ટિ થઈને રાગની એક્તા તૂટી નથી એટલે રાગને જીત્યો નથી, મિથ્યાત્વરૂપી રાગ, હોં! એના બાહ્યના ત્યાગ જે બાયડી-છોકરા છોડીને બહાર સાધુ થયા અને ત્યાગી છીએ. બિલકુલ નથી. વર્તમાનમાં એનો બાહ્ય સંયોગનો ત્યાગ દેખાય છે. પણ અંદરમાં પૂર્વના બાંધેલા કર્મની સાથે વર્તમાન જોડાણ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! શું કીધું સમજાણું? આ ત્યાગ દેખાય પણ અંદર કર્મનો ઉદય છે એની સાથે જોડાણ છે. એની સાથે તો ત્યાગ નથી. આમ દૃષ્ટિ થાય તો આનો ત્યાગ થાય. આહાહા..! સમજાણું કાંઈ? એની તો ખબર ન મળે.

વસ્તુ સ્વરૂપ ઓહો..! ભારે વાત કરી, હોં! '**ताव ण जाणदि णाणं विसयबलो जाव वट्टए जीवो विसए विरत्तमेत्तो**' વિરક્તમાત્રથી એમ કહે છે. વિષયના વિરક્તમાત્રથી '**ण खवेइ पुराइयं कम्मं**' બહારના સંયોગો સ્ત્રી, કુટુંબ, પરિવાર, રાજ છોડ્યું એથી એને કર્મબંધન મટે એમ છે નહિ. આહાહા..! કેમકે કર્મબંધન રહિત અને રાગરહિત એવો આત્મા, એની તો રુચિ અને પ્રેમ થયો નથી. એનો પ્રેમ ત્યાં કર્મના ઉદયના રાગમાં જ વર્તી રહ્યો છે. વર્તમાનમાં જ રાગમાં વર્તી રહ્યો છે, એમ કહે છે. 'શાંતિભાઈ'! આવું સ્વરૂપ છે. ભારે વાત. આહાહા..!

'**પરંતુ પૂર્વકર્મ બાંધે થે ઉનકા તો-જ્ઞાનકા અનુભવ હુએ બિના...**' દેખો! શું કહે છે? વસ્તુ ભગવાનઆત્મા ચૈતન્યબિંબ પ્રકાશ આનંદનું ધામ, એના અનુભવ વિના, એના તરફના વલણ વિના કર્મના ઉદય તરફનું વલણ અને જોડાણ છે. ક્ષય થાય નહિ. એ ઉદય ટળે નહિ એટલે વર્તમાન પણ ઉદયના રાગમાં એકાકાર થાય, ભવિષ્યમાં નવું કર્મ બાંધે. સમજાણું કાંઈ? ધર્મીને વર્તમાનમાં જ રાગ અને ઉદયથી નિવૃત્તિ છે. અને આત્માના જ્ઞાન અને આનંદમાં જેની પ્રવૃત્તિ છે. એથી એ નિવર્ત્યો છે. વિષયથી નિવર્ત્યો છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનકા અનુભવ હુએ બિના...**' વસ્તુ આત્મદ્રવ્ય, ચૈતન્ય મહાપ્રભુ, એની પ્રભુતાઈના અનુભવ વિના બીજામાં પ્રભુતાઈ એની પડી છે રુચિમાં. ભલે બહાર છૂટ્યું હોય, બહારનો ત્યાગ (કર્યો હોય) પણ અભ્યંતરમાં રાગની એક્તાનો ત્યાગ નથી. બધોય ભોગ પડ્યો છે. આહાહા..! '**પૂર્વકર્મ બંધકો ક્ષય કરનેમેં (સ્વસન્મુખ) જ્ઞાનહીકી સામર્થ્ય હૈ...**' એનો અર્થ વર્તમાનમાં કર્મનો નાશ થવામાં પૂર્વનું પણ કર્મ... નાશ તો વર્તમાન થાય ને? એ વર્તમાન પૂર્વના કર્મના અભાવનું કારણ આત્માનો અનુભવ તે એક જ કારણ છે. આહાહા..! જ્ઞાનસ્વભાવ ચૈતન્ય આનંદ, એનો અનુભવ એક જ કર્મબંધન છૂટવાનું કારણ છે. બાહ્ય ત્યાગ એ કર્મબંધ છૂટવાનું કારણ નથી. કેમકે વર્તમાનમાં જ એને કર્મ તરફના વલણવાળો રુચિનો ભાવ છે. ત્યાગ તો વર્તમાનમાં રાગનો ત્યાગ નથી. તો પછી ભવિષ્યમાં રાગનો ત્યાગ થઈને બંધન અટકે એવું કાંઈ છે નહિ. ભારે વાત, ભાઈ! ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં ભિન્ન-ભિન્ન પદ્ધતિ. ભારે! દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે! આહાહા..! કેવળજ્ઞાનીના પેટ ખોલ્યા છે. એને પોતાને એમ લાગવું જોઈએને કાંઈક કે આ તે... આહાહા..!

ધર્મીને બાહ્યના વિષયનો સંયોગનો સંયોગ હોય. છતાં દૃષ્ટિમાં તેને સંયોગનો ત્યાગ છે અને દૃષ્ટિમાં સ્વભાવનો આદર છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને દૃષ્ટિમાં સ્વભાવનો અનાદર છે અને એનું ગ્રહણ છે. ગ્રહણ છે ત્યાં ત્યાગ શી રીતે હોય, એમ કહે છે. લ્યો! અમારા પંડિતજી ખુશી થયા. વાત તો એવી છે. આહાહા..!

કેવો ન્યાય મૂક્યો છે, જુઓને! '**विसए विरत्तमेत्तो**' પાછું આમ એનું વજન વિષયથી વિરક્તમાત્રથી. એટલે વજન કાંઈ નહિ. એમ. બહારથી રાજ, કુટુંબ છોડ્યું, બધું છોડ્યું એથી શું? '**ण खवेइ पुराइयं कम्मं**' એનો અર્થ કે વર્તમાનમાં કર્મનો નાશ નથી. એટલે વર્તમાનમાં મિથ્યાત્વથી કર્મનું બંધન છે. આહાહા..! સમજાણું કાંઈ? કર્મ ક્ષય કરવામાં તો જ્ઞાનનું સામર્થ્ય (જોઈએ). ક્યુ જ્ઞાન? આ જાણપણું એકલું એ નહિ. એને માટે તો આખી વસ્તુ હજી ખુબ લેશે.

જ્ઞાન તો એને કહીએ કે જે આત્માનો વિષય બનાવીને સ્વરૂપમાં ઠરે અને આત્માનુભવ કરે એ જ્ઞાન. સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન અને સમ્યગ્દૃષ્ટિની શ્રદ્ધા અને સમ્યગ્દૃષ્ટિનું આચરણ તે જ્ઞાન. કહો, સમજાણું કાંઈ? આહાહા..! દૃષ્ટિ ફેરે સંસાર અને દૃષ્ટિ ફેરે મોક્ષ. એમ કહે છે. જેની દૃષ્ટિ ભગવાનઆત્માના સ્વીકાર અને સત્કારમાં ગઈ નથી એટલે કે એનો અનુભવ નથી, એને તો વિષયનો બાહ્યનો ત્યાગ બિલકુલ છે જ નહિ. કેમકે વર્તમાનમાં જ કર્મના ઉદયમાં જેનું જોડાણ છે, સ્વભાવનું જોડાણ નથી. પરદ્રવ્યના ફળમાં જેનું જોડાણ છે. ત્યાગ ક્યાં આવ્યો એને? મિથ્યાત્વભાવ તો પડ્યો છે. પરને ગ્રહણ કરવું એવો તો ભાવ મિથ્યાત્વનો છે. અને આને છોડવું બહારને. એ બેય મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ભારે વીતરાગમાર્ગ, ભાઈ!

આ તો સર્વજ્ઞ તીર્થંકરદેવનો માર્ગ માણસને સાંભળવા મળતો નથી. શું થાય? જીવન જાય છે એમ ને એમ. જે સમજવાનું-કરવાનું શું છે એની એને ખબર ન મળે. ઓઘે ઓઘે માનીને આપણે ત્યાગ કર્યા, વ્રત લીધા, તપસ્યા કરી, અપવાસ કર્યા. ભાઈ! શું તેં કર્યું છે? ભાઈ! જેનો તું ત્યાગ કરે છો એ ચીજ તારામાં નથી. અને જેનો તું ત્યાગ કરવાનો વિકલ્પ કરે છો એ વિકલ્પ પણ તારામાં નથી. એવા આત્માના ભાન વિના તારા ત્યાગને બંધનનું કારણ કહીએ છીએ, એમ કહે છે. સમજાણું કાંઈ? કર્મ છૂટવાનું કારણ એ છે નહિ. આ તો આત્માના હિતની વાત છે, ભાઈ! સમજાય છે? હિતનું સ્વરૂપ આવું છે. કોઈ વ્યક્તિ કેમ કરે અને કેમ નહિ એની સાથે કાંઈ સંબંધ નથી. માર્ગ આવો છે. આહાહા..!

'**ઈસલિયે જ્ઞાનસહિત હોકર વિષય ત્યાગના શ્રેષ્ઠ હૈ,...**' લ્યો! ભગવાનઆત્મા પોતાના સ્વરૂપની દૃષ્ટિ અને ભાનવાળો (થાય),... પછી કહેશે કે રાગ ઘટે અને વિષય છૂટે એ ઠીક છે. પણ જ્યાં સુધી હજી રાગની એક્તાબુદ્ધિ છે ત્યાં સુધી રાગ છૂટે એવું તો હોઈ શકતું નથી. આહાહા..! '**વિષયોંકા ત્યાગકર જ્ઞાનકી ભાવના કરના...**' રાગની એક્તા તોડી, પરના લક્ષને છોડી અને સ્વના આશ્રયથી પોતાની ભાવના કરવી. આહાહા..! ઓલાને તો એ ભાવના રહ્યા કરે કે આ હોય.. આ હોય... આ હોય. આવું હોય તો ઠીક, પરદ્રવ્ય આવું હોય તો ઠીક, પરદ્રવ્ય આવું ન હોય તો ઠીક. પરદ્રવ્ય આવું ન હોય તો ઠીક માટે છોડ. પરદ્રવ્ય

આવું હોય શરીર અનુકૂળ, દેવ-ગુરુ અનુકૂળ હોય તો ઠીક. એ બધી મિથ્યાબુદ્ધિ છે. આહાહા..! સૂક્ષ્મ મિથ્યાત્વનું શલ્ય કેમ રહે છે એનો ખુલાસો કરે છે. સમજાણું કાંઈ?

'**વિષયોંકો ત્યાગકર...**' એટલે? પર તરફના ધ્યેયને છોડી સ્વ ચૈતન્યના ધ્યેયમાં આવી અને પોતાના સ્વરૂપ આનંદની એકાગ્રતાની ભાવના કરવી એનું નામ સુશીલ છે. એનું નામ સુશીલ છે. કહો, સમજાય છે કાંઈ એમાં? આકરું માણસને લાગે. અરે..! જુઓ, આ ઓઘો. ચારિત્ર છે આ ઓઘો. ઓલો કહે, મોરપીંછી ચારિત્ર છે. લિંગ એ ચારિત્ર છે. જુઓ! લિંગ ચારિત્રનું નિમિત્ત છે તો એ નિમિત્ત પણ ચારિત્ર છે. આહાહા..! એના કપાળમાં.. દેવલોક તો બે ઘડી આવે જ. કપાળમાં દેવલોક છે ને-ગતિ? કપાળમાં ગતિ છે ને. આગતિ નથી ને. થઈ રહ્યું ત્યારે. આહાહા..! એ (સંવત) ૨૦૦૦માં કહેતા. 'રાજકોટ' હતું ને ચોમાસુ, ૧૯૯૯નું. ૨૦૦૦માં પાછા ગયા હતા ને. દીક્ષા લીધી હતી ને બે દીકરીઓએ. 'મનસુખભાઈ'ની દિકરી. ... મોદી. તે દિ' સાંભળ્યું હતું ૨૦૦૦માં. એક-બે ઘડીની દીક્ષા (લે) એના કપાળમાં દેવલોક. અહીં કહે છે, ચારેય ગતિ જેને દુઃખરૂપ ન લાગે એની દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. એય..! 'જયંતિભાઈ'! શું કહેતા સવારમાં કાંઈક તમારા ઘરેથી? અપવાસ કરી પછી સાધુપણું લઈ લેવું એમ હતું? પછી દીક્ષા લઈ લેવી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એમ કે એમ કરતા કરતા બધું છોડવું. સવારમાં વાત કરતા હતા તમારે. આવું કરી કરીને મરી ગયા. આવું કરવું હતું. અરે..! શું કરવું, બાપુ! આખું ગ્રહણ ચૈતન્ય ભગવાન છે એને ગ્રહણ કરવો છે. અને રાગ તો તેમાં છૂટી જાય છે. છોડવો પણ નથી. આહા..! એને પરના ત્યાગથી ધર્મ માનવો (એ) મિથ્યાત્વના પોષણ છે, કહે છે.

'**ઈસલિયે જ્ઞાનસહિત હોકર વિષય ત્યાગના શ્રેષ્ઠ હૈ, વિષયોંકો ત્યાગકર...**' પરનું ધ્યેય છોડી, જ્ઞાનની સ્વના ધ્યેયની વારંવાર એકાગ્રતા કરવી. '**યહી સુશીલ હૈ.**' લ્યો! આ સુશીલ છે.

---

**आगे ज्ञानका, लिंगग्रहणका तथा तपका अनुक्रम कहते हैं :–**

## ગાથા-૫

**णाणं चरित्तहीणं लिंगग्गहणं च दंसणविहूणं।**
**संजमहीणो य तवो जइ चरइ णिरत्थयं सव्वं।।५।।**

**ज्ञानं चारित्रहीनं लिंगग्रहणं च दर्शनविहीनं।**
**संयमहीनं च तपः यदि चरति निरर्थकं सर्वम्।।५।।**

**જે જ્ઞાન ચરણવિહીન, ધારણ લિંગનું દગહીન જે,**
**તપચરણ જે સંયમ સુવિરહિત, તે બધુંય નિરર્થ છે. ૫.**

**अर्थ :– ज्ञान यदि चारित्ररहित हो तो वह निरर्थक है और लिंगका ग्रहण यदि दर्शनरहित हो तो वह भी निरर्थक है तथा संयमरहित तप भी निरर्थक है, इस प्रकार ये आचरण करे तो सब निरर्थक हैं।**

**भावार्थ :– हेय–उपादेयका ज्ञान तो हो और त्याग–ग्रहण न करे तो ज्ञान निष्फल है, यथार्थ श्रद्धानके बिना भेष ले तो वह भी निष्फल है, (स्वात्मानुभूतिके बल द्वारा) इन्द्रियोंको वशमें करना, जीवोंकी दया करना यह संयम है इसके बिना कुछ तप करे तो अहिंसादिकका विपर्यय हो तब तप भी निष्फल हो, इस प्रकारसे इनका आचरण निष्फल होता है।।५।।**

## ગાથા-૫ ઉપર પ્રવચન

**'આગે જ્ઞાનકા, લિંગગ્રહણકા તથા તપકા અનુક્રમ કહતે હૈં :–'**

**णाणं चरित्तहीणं लिंगग्गहणं च दंसणविहूणं।**
**संजमहीणो य तवो जइ चरइ णिरत्थयं सव्वं।।५।।**

'**અર્થ :– જ્ઞાન યદિ ચારિત્રરહિત હો...**' કહે છે કે જ્ઞાનમાં એકાગ્રતા થઈ નથી એવું ચારિત્ર અનંતાનુબંધીના જે એવા '**વહ નિરર્થક હૈ...**' આહાહા..! ઓલા શું કહે છે કે ચારિત્ર લે આ બાહ્યનું ત્યારે જ્ઞાન સાર્થક છે. આમાંથી એવું કાઢે. એની વાત તો માથે કહી ગયા, બાહ્યના ત્યાગની તો. આહાહા..! જ્ઞાન તો ચારિત્રરહિત હોય, સ્વરૂપમાં સ્થિરતા ન હોય, વસ્તુ ભગવાનઆત્માનું જ્ઞાન અને એમાં સ્થિરતા ન હોય તો એ જ્ઞાન જ નથી. સમજાય છે? સ્વસન્મુખનું જ્ઞાન થયું ત્યાં સ્વસન્મુખની એકાગ્રતાનું ચારિત્ર તો એને હોય જ છે. આહાહા..! સ્વરૂપાચરણ તો નહિ, ચારિત્ર નહિ... ચારિત્ર નહિ. એ તો ઓલા વ્રતના સંયમની અપેક્ષાનું ચારિત્ર નહિ, ભાઈ! અહીં તો સમકિતીને સુશીલ કહ્યો છે. નારકીના જીવને. ત્યાં ક્યું આવ્યું ચારિત્ર? સુશીલપણું શું આવ્યું ત્યાં? સ્વરૂપનો અનુભવ અને સ્થિરતા જે છે અનંતાનુબંધીના અભાવની, એ સુશીલપણું ત્યાં છે-નારકીમાં પણ. આહાહા..!

'**ચારિત્રરહિત હો તો વહ નિરર્થક હૈ...**' એટલે? જે જ્ઞાન જ્ઞાનમાં સ્વ ધ્યેય કરીને ઠર્યું નથી તે જ્ઞાન ચારિત્ર વિનાનું એટલે સ્વરૂપની એકાગ્રતા વિનાનું નિરર્થક છે. '**ઔર લિંગકા ગ્રહણ યદિ દર્શનરહિત હો...**' નગ્નપણું (લે), અઠ્યાવીશ મૂળગુણ ગ્રહણ કરે, પણ સમ્યગ્દર્શન વિના એ બધું નિરર્થક છે. સમજાણું કાંઈ? બહારના લિંગો ગ્રહણ કરે, સાધુનું લિંગ તો નગ્ન હોય. એ લિંગ, હોં! આ વસ્ત્ર-પાત્રવાળા એ લિંગ જ નથી. એ તો કુલિંગ છે. વીતરાગનું લિંગ છે જ નહિ. જૈનમાર્ગનું દ્રવ્યલિંગ પણ નથી. લિંગ તો નગ્ન દશા, અઠ્યાવીશ મૂળગુણ, પંચમહાવ્રતાદિના વિકલ્પો એ બધું લિંગ હોવા છતાં '**દર્શનરહિત હો...**'

સ્વસ્વભાવનો અનુભવ નથી, સ્વસ્વભાવનું દર્શન-દેખવું થયું નથી, સ્વસ્વભાવની સન્મુખતા પ્રગટી નથી, એ બધું એનું લિંગ તે નિરર્થક છે. એ અઠ્યાવીશ મૂળગુણનું પાલન-ફાલન એ બધું નિરર્થક છે, એમ કહે છે. પંચમહાવ્રતના વિકલ્પો એ તો રાગ છે. એ બધા આત્માના સ્વભાવના અનુભવ ને સમકિત સ્વસન્મુખ વિના બધું નિરર્થક છે. સમજાણું કાંઈ? એમાં પણ પાછા કહે, જુઓ! અનંત વાર એવા ઓઘા મુહપતી લીધા. અનંત વાર આવા લિંગ લીધા માટે લિંગની કાંઈ જરૂર નથી. વળી એમ એમાંથી કાઢે. આ તો એમ કે એક વાર થયા તો અનંત વાર થયા હશે ને. એમ.

કહે છે કે પણ એ લિંગ તો કોઈપણ હોય તે લિંગ મુક્તિનું કારણ નથી. પણ મુક્તિનું કારણ જ્યારે પ્રગટ્યું ત્યારે લિંગ તો એક જ હોય આ. આહાહા..! લિંગ મુક્તિનું કારણ નથી. લિંગ નિરર્થક છે એટલે એનો અર્થ એવો નથી કે આત્માનું દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યું અને લિંગ ગમે તે જાતનું હોય. વસ્ત્ર ન હોય, સ્ત્રીનું લિંગ હોય, ગૃહસ્થનું લિંગ હોય અને ચારિત્ર હોય એમ નથી. ભાઈ! આ તો માર્ગ ખેંચાતાણ કરી નાખી. '..ભાઈ'! ઓલા કહે, લિંગ નથી ને જરૂર, માટે ગમે તેવું લિંગ હોય. એય..! 'ચેતનજી'! શું કીધું? નિમિત્ત ગમે તેવું હોય. આ લાકડે આમ આમ નહોતું કર્યું? 'કેશવલાલજી'. સમજાણું કાંઈ? દૃષ્ટિ મિથ્યાત્વ છે ત્યાં એને એમ માને છે. ગમે તેવું લિંગ હોય. આપણને ભાવ પ્રગટ્યો ચારિત્રનો, પછી લિંગ ગમે તેવું હોય. એ વાત જ ખોટી છે. એને બીજું લિંગ હોય જ નહિ. અને બીજું લિંગ હોય અને ચારિત્ર હોય એમ બને નહિ. પણ બીજું લિંગ ન હોય અને આ લિંગ હોય એ મુક્તિનું કારણ છે એમ પણ નથી. આહાહા..! ભારે વાત આકરી. ઓલા કહે, પંદર ભેદે સિદ્ધ ન માને એ અનંત સંસારી છે. જેને જેમ ઠીક પડે એમ મારે છે. અહીં તો પંદર ભેદે સિદ્ધ માને એ અનંત સંસારી છે. સાંભળ! એય..! 'ચેતનજી'! આહાહા..! ઓલા હંપીવાળા ગુજરી ગયા ને, ઈ એમ કહેતા. એ તો ભાઈ એમ કહેતા, લાલનજી. 'સમાધિશતક'માં આવે છે ને? 'સમાધિશતક'માં આવે છે. જેને કોઈ લિંગનો આગ્રહ હોય એ આગમને જાણતો નથી. આગ્રહનો અર્થ કે આ લિંગ છે તે મુક્તિનું કારણ છે એમ આગ્રહ. અર્થ પણ કેવા કરે! લાલન એમ કહેતા કે લિંગની ના પાડી છે આચાર્યે. લિંગ મુક્તિ માટે આગમમાં એવો આગ્રહ હોવો ન જોઈએ કે આવું લિંગ હોય. વળી એ એવો અર્થ કરતા. આગ્રહ નહિ પણ વસ્તુ એવી જ હોય.

મુનિપણું જ્યાં આત્માના આનંદનું ભાનસહિત ચારિત્રની જે વીતરાગદશા આવી, એનું લિંગ તો નગ્ન મુનિ પંચમહાવ્રતનું જ લિંગ હોય. બીજું લિંગ હોઈ શકે નહિ. આહાહા..! તેમ એ લિંગ મુક્તિનું કારણ નથી. શેઠ! લિંગ મુક્તિનું કારણ નથી. ભાવ હોય તો લિંગ નિમિત્ત ઐસા હોતા હૈ. આહાહા..! ભારે પણ ભાઈ! પોતાનો પક્ષ કરવા ખેંચાતાણ કરી. ગોળના ગોદડા ડાઘા વળગ્યા તો ચુંથી નાખ્યું. ડાઘા સમજો છો? કૂતરા મોટા. ગોળનું ગોદડું હોય ને? સમજો છો ગોદડું? રજાઈ. ગોળનો રસ. રૂની ગાદી હોય છે ને, રજાઈ? તો ગોળના રવા થાય છે ને? ગાદલા પડ્યા હશે નીચે. એમાં ગરમી લાગી એટલે ગોળના રવામાંથી ગોળ નીકળ્યો.

પ્રવાહી. તો ગાદલું રૂની રજાઈએ ચૂસી લીધું. પછી નાખ્યું તડકે. ડાઘા કૂતરા આવ્યા. ગોળ ખાવા માટે કાપી નાખ્યું બધું. તળાઈ તોડી નાખી. ગોળ ચુસી ચુસીને. એમ અજ્ઞાની કો'ક કો'ક ડાઘા એવા વળગ્યા કે સત્યને તોડી તોડીને આમ ન હોય, આમ હોય. અરે..! ભગવાન! સત્ય તો સત્ય રહેશે, બાપુ! હોં!

'**લિંગકા ગ્રહણ યદિ દર્શનરહિત હો તો વહ ભી નિરર્થક હૈ...**' જાવ! સાધુપણાની ક્રિયાઓ બહાર પંચમહાવ્રતની એ બધું બાહ્ય લિંગ છે, એ તો બંધના કારણ છે. એમાં સમ્યગ્દર્શન, આત્મા મહાવ્રતના વિકલ્પથી ભિન્ન અને નિર્વિકલ્પ સ્વભાવથી અભિન્ન એવા સમ્યગ્દર્શનના ભાન વિના એ લિંગ બધા તારા નિરર્થક છે. સાર્થક છે, સંસારમાર્ગ માટે કરવા. મોક્ષને માટે નિરર્થક છે. સમજાણું કાંઈ? ઘણા એમ કહે કે એમને તો એક પક્ષ જ થઈ ગયો છે. દિગંબરનો પક્ષ. પક્ષ નથી, આ તો વસ્તુનું સ્વરૂપ છે. એક જ તાણે. બીજો નહિ. વસ્તુનું સ્વરૂપ એવું છે, ભાઈ! વસ્તુના ભાન વિનાનું લિંગ નિરર્થક, એમ વસ્તુના ભાન અને ચારિત્રસહિત હોય તો લિંગ એનું નિમિત્ત,.. આગળ આવી ગયું છે ઈ, તો એ લિંગને સફળ કહેવામાં આવે છે. નિમિત્ત તરીકે. આવી ગયું છે. લિંગપાહુડમાં આવી ગયું છે. અરે..! કોનો માર્ગ? કોના માટે આગ્રહ કરીને... આહાહા..!

વોરાનો દાખલો આપે છે ને. બે વોરા નીકળ્યા હતા. એક ખેતર હતું, ખેતર કૃષિકારનું. એક વોરો કહે કે એમાં પાંચ ખાંડી અનાજ પાકશે. બીજો કહે પાંચ ખાંડી નહિ, ચાર ખાંડી પાકશે. બેની થઈ લડાઈ. કરતા કરતા કહે, એક બુરો ન છંડુ. એક બુરો ઓછો નહિ કહું. પાંચ ખાંડી સિવાય એક બોરો ઓછો ન કહું. ચડી બેઠો માથે ઓલાની. પણ કો'કનું ખેતર... તારે શું લેવા દેવા? ખેતરનું પાકશે અને પાકનાર પાકશે. કહે, નહિ પાંચ ખાંડી. એક બુરો ન છંડુ. પણ ક્યાં તારે ઘરે બુરો હતો? બુરો એટલે એક .. એક દાણો. એક દાણો પણ ઓછો ન કહું. પાંચ ખાંડી-પાંચ ખાંડી. ઓલો કહે કે નહિ. કહો, શેઠ! આવી તકરાર ઉઠે. એક બુરો ન છંડું. બરાબર છે, ભાઈ. પણ તારે ક્યાં છે? ખેતર કો'કનું, દાણા કો'કના. એમ માર્ગ કો'ક વીતરાગે કર્યો એમાં તું ક્યાં વળગ્યો વચમાં? કહે, નહિ. જરાય ઓછું ન માનું. પંદર ભેદે સિદ્ધ હું તો માનું. ઠીક ભાઈ!

મુમુક્ષુ :- લિંગકી બાત હૈ ક્યા? ...

ઉત્તર :- હા. કોઈ પણ લિંગ હો તો મોક્ષ થાય છે. સ્ત્રી લિંગ પણ હો, પુરુષ લિંગ હો, ગૃહસ્થલિંગ હો, બાવાનું લિંગ હો. કેવળ થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પંદર ભેદ છે, એના પંદર ભેદ. એવા પંદર ભેદ છે. તીર્થ શીલ, અતીર્થ શીલ, તીર્થંકર શીલ, અતીર્થંકર શીલ, સ્ત્રી લિંગ, પુરુષ લિંગ, નપુંસક લિંગ એવા પંદર ભેદ છે.

બે બોલ થયા. જ્ઞાન તો ચારિત્રરહિત નિરર્થક છે. આ જ્ઞાન પણ કેવું? ઓલા પાછા શું કહે? ચારિત્ર એટલે આ ચારિત્ર અંગીકાર કરે ત્યારે એ જ્ઞાન સફળ. આ ચારિત્ર એટલે બાહ્ય. એની અહીં વાત નથી. આહાહા..! 'રતનચંદજી' એ કહે છે ને? ૭૨ ગાથાનો અર્થ એવો કરે

છે. બહુ અર્થ ફેર, ઓહોહો..! સમ્યગ્દર્શનની પ્રતીતનો અનુભવ એટલે શું ચીજ છે, એમાં શું કિંમત છે! આખો મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો એની એને ખબર નથી. સમજાણું?

'**તથા સંયમરહિત...**' દયા, છકાયની દયાનું ભાન ન મળે. ઈન્દ્રિયનો સંયમ ન મળે અને તપ કરે અપવાસ આદિ. મહિના-મહિનાના, પંદર પંદર દિ'ના અપવાસ. પણ છકાયની દયા ન મળે અને ઈન્દ્રિયના દમન ન મળે. એ વિનાનું તારું તપ બધું નિરર્થક છે. સમજાણું કાંઈ? '**ઈસ પ્રકાર યે આચરણ કરે તો સબ નિરર્થક હૈ.**' ત્રણેય નિરર્થક છે.

'**ભાવાર્થ :- હેય-ઉપાદેયકા જ્ઞાન તો હો ઔર ત્યાગ-ગ્રહણ ન કરે...**' એમ કહે છે. સ્વરૂપને ગ્રહે નહિ અને રાગનો ત્યાગ કરે નહિ. '**તો જ્ઞાન નિષ્ફલ હૈ,...**' એ જ્ઞાન, હોં! છે ને? એ તો અજ્ઞાન છે મોટું. અહીં તો જાણપણું થયું પણ એ જાણપણું ઉઘાડ થયો માત્ર. એ કાંઈ જ્ઞાન નથી. જ્ઞાન હેય-ઉપાદેયનું જ્ઞાન તો હોય. પણ ત્યાગ-ગ્રહણ ન કરે. એ જ્ઞાનનું ફળ સ્વભાવનો આદર અને રાગનો આદર નહિ, એવું જે જ્ઞાનનું સ્વરૂપ છે એ તો કરે નહિ. તો એ જ્ઞાન નિષ્ફળ છે. લ્યો! એનું નામ ચારિત્ર. વસ્તુનો સ્વભાવ આનંદ સ્વરૂપને ગ્રહે નહિ, રાગને છોડે નહિ તો એ જ્ઞાન નિરર્થક છે એમ. એ ચારિત્ર. આવું. સમજાણું કાંઈ?

અંતરની અધ્યાત્મની વાત આખી એવી ઝીણી અને સૂક્ષ્મ છે કે એને પહોંચતા પહોંચતા એને અનંત પુરુષાર્થ જોઈએ. બીજું બધું વિષય આદિ છૂટે બહારની આસક્તિ, અવિરતી સમ્યગ્દષ્ટિને તો આખું રાજ ચક્રવર્તીનું હોય. એ તો અલ્પદોષ ચારિત્રનો છે. મહાદોષ જે આ છે કે રાગનો આદર અને સ્વભાવનો અનાદર. સમજાણું? એની તો ખબર ન મળે અને બહારથી માનીને બેસે કે અમે ત્યાગ કર્યું ને આ કર્યું.

'**યથાર્થ શ્રદ્ધાનકે બિના ભેષ લે તો વહ ભી નિષ્ફલ હૈ.**' લ્યો! કેટલાક કહે, અમે આ ત્યાગ્યું હશે એ શ્રદ્ધા વિના છોડ્યું હશે? વળી એમ કહે. શ્રદ્ધા કઈ? એ જાતની શ્રદ્ધા ખરી તારી મિથ્યાત્વ કે આ છોડું છું. એમ કે આ છોડીને બેઠા, અપવાસ કરીને બેઠા મહિના-મહિનાના અપવાસ કરે, એ સમકિત-શ્રદ્ધા વિના કરતા હશે? શ્રદ્ધા એટલે શું પણ? સમ્યગ્દર્શનની શ્રદ્ધા વિના એવું અનંતવાર કર્યું. એની શ્રદ્ધા એ કે આ હું છોડું છું. એ શ્રદ્ધા. એ તો મિથ્યાત્વ શ્રદ્ધા છે. આહાહા..!

'**શ્રદ્ધાનકે બિના ભેષ લે તો વહ ભી નિષ્ફલ હૈ. ઈન્દ્રિયોંકો વશમેં કરના,...**' લ્યો! સંયમ વિના તપ. ઈન્દ્રિય વશ કરવી. અતીન્દ્રિય આનંદમાં આવવું. અને જીવની દયા-કોઈપણ પ્રાણીને મારવાનો ભાવ નહિ. એવું સંયમ '**ઈસકે બિના કુછ તપ કરે...**' તપસ્યા કરે મહિના-મહિનાના. આ જુઓને વર્ષીતપ કરે. અંદરમાં કાંઈ ન મળે. એ અપવાસ ક્યો? બાર મહિનામાં લાંઘણું કરી નાખી. એક દિ' અપવાસ અને એક દિ' ખાવું, એક દિ' અપવાસ ને એક દિ' ખાવું... એય..! 'જાદવજીભાઈ'! શું વર્ષીતપ કર્યો હશે ને કોઈ દિ'? નહિ.

'**બિના કુછ તપ કરે...**' આના વિના એમ. અહિંસા સ્વભાવ દયા, અને અણીન્દ્રિયનો આનંદ એવું પ્રગટ્યા વિના એકલું તપ કરે. એમ કહે છે. અપવાસ, બે અપવાસ, આઠ અપવાસ, અઠ્ઠાઈ, જુઓને આ પર્યુષણમાં ચાલે છે, મોટા આંકડા આવે. આટલી અઠ્ઠાઈ

કરી, આટલા પંદર દિ' કર્યા, આટલા માસખમણ કર્યા. બધા નિરર્થક છે, કહે છે. અતીન્દ્રિય આનંદના ભાન વિના અને પર અનંત પ્રાણીઓની દયાના ભાવની અહિંસાના ભાવ વિના, એ બધા બાહ્ય તપ જે છે એ બધા નિરર્થક છે.

'**ઈસ પ્રકારસે ઈનકા આચરણ નિષ્ફલ હોતા હૈ.**' લ્યો! એ રીતે એનું આચરણ નિષ્ફળ છે.

---

**आगे इसीलिये कहते हैं कि ऐसा करके थोड़ा भी करे तो बड़ा फल होता है :–**

## ગાથા-૬

**णाणं चरित्तसुद्धं लिंगग्गहणं च दंसणविसुद्धं।**
**संजमसहिदो य तवो थोओ वि महाफलो होइ।।६।।**

**ज्ञानं चारित्रसुद्धं लिंगग्रहणं च दर्शनविशुद्धम्।**
**संयमसहितं च तपः स्तोकमपि महाफलं भवति।।६।।**

**જે જ્ઞાન ચરણવિશુદ્ધ, ધારણ લિંગનું દગશુદ્ધ જે,**
**તપ જે સસંયમ, તે ભલે થોડું, મહાફલયુક્ત. ૬.**

**अर्थ :– ज्ञान तो चारित्रसे शुद्ध और लिंगका ग्रहण दर्शनसे शुद्ध तथा संयमसहित तप, ऐसे थोड़ा भी आचरण करे तो महाफलरूप होता है।**

**भावार्थ :– ज्ञान थोड़ा भी हो और आचरण शुद्ध करे तो बड़ा फल हो और यथार्थ श्रद्धानपूर्वक भेष ले तो बड़ा फल करे; जैसे सम्यग्दर्शनसहित श्रावक ही हो तो श्रेष्ठ और उसके बिना मुनिका भेष भी श्रेष्ठ नहीं है, इन्द्रियसंयम प्राणसंयम सहित उपवासादिक तप थोड़ा भी करे तो बड़ा फल होता है और विषयाभिलाष तथा दयारहित बड़े कष्ट सहित तप करे तो भी फल नहीं होता है, ऐसे जानना।।६।।**

---

## ગાથા-૬ ઉપર પ્રવચન

**'આગે ઈસીલિયે કહતે હૈં કિ ઐસા કરકે થોડા ભી કરે તો બડા ફલ હોતા હૈ :–'**

**णाणं चरित्तसुद्धं लिंगग्गहणं च दंसणविसुद्धं।**
**संजमसहिदो य तवो थोओ वि महाफलो होइ।।६।।**

એની સામે છે. ઓલું નાસ્તિથી હતું, આ અસ્તિથી.

'**અર્થ :– જ્ઞાન તો ચારિત્રસે શુદ્ધ...**' એટલે? સ્વરૂપનું અંદર ગ્રહણ થયું છે અને રાગનો ત્યાગ છે એ ચારિત્ર. એમ. એ જ્ઞાન ચારિત્ર કરી શુદ્ધ છે. સ્વસન્મુખની એકાગ્રતા થઈ

છે, પરની એકાગ્રતા ગઈ છે એવું જે જ્ઞાન, એવા ત્યાગગ્રહણવાળું. સ્વરૂપનું ગ્રહણ અને રાગનો ત્યાગ. એવું જે ચારિત્ર. એ જ્ઞાન '**ચારિત્રસે શુદ્ધ...**' છે. એવું જ્ઞાન તે આવું ચારિત્રસહિત છે. એમ '**લિંગકા ગ્રહણ દર્શનસે શુદ્ધ...**' છે. લિંગનું ગ્રહણ હોય છે, જુઓ! લિંગ તો બરાબર મુનિનું જે હોય તે હોય છે. પણ સમ્યગ્દર્શન હોય તો એ સફળ. સમ્યગ્દર્શન વિના એ લિંગ લિંગને નિમિત્તપણે કહેવાતું નથી. એમ કહે છે.

સમ્યગ્દર્શન એટલે શું એની ખબર ન મળે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી, નવ તત્ત્વની શ્રદ્ધા કરવી એ સમકિત. લ્યો ઠીક! '**जीवादीसद्दहणं सम्मत्तं**' 'સમયસાર' ૧૫૫-ગાથામાં આવે છે ને? 'સમયસાર'ની ૧૫૫ ગાથા. '**जीवादीसद्दहणं सम्मत्तं**'

કહે છે, '**સંયમસહિત તપ, ઐસે થોડા ભી આચરણ કરે...**' લ્યો, સંયમસહિત. અંતરમાં સ્વભાવનું ભાન, અનુભવ ઉપરાંત ઇન્દ્રિયનું દમન એટલે અતીન્દ્રિય આનંદનો વિકાસ અને અહિંસાભાવ. રાગ વિનાની અહિંસા દશા પ્રગટી છે તો એવા જે સંયમસહિત જો તપ હોય તો તો ઠીક. અંતર આવો સંયમ નથી અને એકલી લાંઘણું તપની કરે તો બધું નિરર્થક છે. આકરું લાગે આમાં. બાયું બિચારી અપવાસ કરતી હોય, વર્ષી તપ કરે. કાંઈ વળી બીજા ઘણા ઠેકાણા ન મળે અંદર. અપવાસ કરીને બેસે. એક બાયને આઠ અપવાસ હતા. છોકરો તોફાન કરતો હતો જરી. અરે.. પણ મોઢે અપવાસ છે એટલી તને ખબર નથી? છોકરાને એમ કહે છે. મોઢે અપવાસ છે. એમ કહે, આ મોઢે અપવાસ છે અને તું આ તોફાન કરે છે. છોકરાને કહે છે. એવું સાંભળ્યું હતું. કાંઈ ખબર ન મળે. ફક્ત આ પર્યુષણ છે, આપણે આઠ અપવાસ કરીએ, બહારમાં પડીએ, લોકો માને કે આણે આઠ કર્યા, આણે અગિયાર કર્યા. વળી ઘરના માણસ લહાણું-લ્હાણું કરે. આહાહા..!

કહે છે કે જો સમ્યગ્જ્ઞાનમાં સમ્યક્ચારિત્રનો અંશ હોય તો તે જ્ઞાન સફળ. લિંગમાં સમ્યગ્દર્શન હોય તો તે લિંગ સફળ. છે ને? તો શુદ્ધ કહેવાય. અને તપમાં સંયમ હોય અંદર. અંતર સન્મુખમાં અતીન્દ્રિય આનંદ અને ઇન્દ્રિયનું દમન અને આ અહિંસા. અહિંસારૂપ ભાવ. રાગરહિત અહિંસાનો ભાવ થયો છે. તો તો એનું તપ છે. એ કહે છે, ઠીક છે. મોટું ફળ હોય, લ્યો. '**મહાફલરૂપ હોતા હૈ.**' દેખો! મહાફળ થાય.

'**ભાવાર્થ :- જ્ઞાન થોડા ભી હો આચરણ શુદ્ધ કરે...**' ભલે થોડું જ્ઞાન હોય. વિશેષની કાંઈ જરૂર નથી એમાં. આત્માનું જ્ઞાન, આત્મા તરફના વલણવાળું સ્વસંવેદન જ્ઞાન, એમાં આચરણ શુદ્ધ જ હોય. એકાગ્રતા છે. ભલે જ્ઞાન થોડું છે પણ આચરણ શુદ્ધ છે. સ્વરૂપ તરફની એકાગ્રતા છે. '**તો બડા ફલ હો...**' મોટું ફળ હોય લ્યો. જ્ઞાન થોડુંક હો, પણ સમ્યગ્દર્શન સહિત હોય અને સમ્યગ્દર્શનમાં આચરણ શુદ્ધતા ભેગી આવી જાય છે. તો એ જ્ઞાનને સુશીલ કહેવામાં આવે છે અને એ જ્ઞાનમાં મોટું ફળ છે એમ કહેવામાં આવે છે, એમ કહે છે. મહાફળ કીધું ને? મહાફળ છે, જુઓ!

'**યથાર્થ શ્રદ્ધાનપૂર્વક ભેષ લે તો બડા ફલ કરે;...**' દેખો! વાસ્તવિક સમ્યગ્દર્શનપૂર્વક ભેખ લે, નગ્ન મુનિ દિગંબર લિંગ. તો '**બડા ફલ કરે;...**' મહાફળ. સ્વરૂપમાં રમણતા કરીને

આગળ વધી જશે. સમજાણું કાંઈ? '**જૈસે સમ્યગ્દર્શનસહિત શ્રાવક હી હો તો શ્રેષ્ઠ...**' દેખો! એ સમ્યગ્દર્શનસહિત શ્રાવક હોય તો શ્રેષ્ઠ. આત્માના ભાનવાળો ભલે ગૃહસ્થાશ્રમમાં હોય સમકિતી, તોપણ એ શ્રેષ્ઠ છે. '**ઉસકે બિના મુનિકા ભેષ ભી શ્રેષ્ઠ નહીં હૈ,...**' ... 'શ્રાવક રત્નકરંડ'માં. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... મિથ્યાદૃષ્ટિ છે. રાગને પોતાનું સ્વરૂપ માને. રાગથી લાભ માને, ક્રિયાકાંડથી લાભ માને. મિથ્યાદૃષ્ટિ છે એ મુનિ પણ મોહી અજ્ઞાની છે. અને સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં. સમ્યગ્દૃષ્ટિ હોય અને એના પ્રમાણમાં એને આ રાજપાટ આદિ હોય, વિષયાદિ હોય તોપણ એ શ્રેષ્ઠ છે, સમ્યગ્દર્શનસહિત છે માટે. સમજાણું કાંઈ?

'**ઉસકે બિના મુનિકા ભેષ ભી શ્રેષ્ઠ નહીં હૈ, ઇન્દ્રિયસંયમ પ્રાણસંયમ સહિત ઉપવાસાદિક તપ થોડા ભી કરે તો બડા ફલ હોતા હૈ...**' ઇન્દ્રિયસંયમ તો સમકિતીને જ હોય અણીન્દ્રિય તરફનું ભાન છે એટલે. પ્રાણસંયમ. એને અહિંસા પ્રગટી છે, સમકિતીને. એવા જીવને અપવાસ એક-બે આદિ હોય થોડું, (તો તેનું) મોટું ફળ છે. '**વિષયાભિલાષ તથા દયારહિત બડે કષ્ટ સહિત તપ કરે તો ભી ફલ નહીં હોતા હૈ.**' લ્યો! જેને અંદર વિષયની અભિલાષાનો પ્રેમ રહ્યો છે. અભિલાષ છે, જુઓ! વિષય છોડ્યા ભલે પણ અંદર અભિલાષ છે. એમ. અને દયારહિત છે. અહિંસાનો ભાવ નથી જેને અંદર. '**બડે કષ્ટ સહિત તપ કરે તો ભી ફલ નહીં હોતા હૈ, ઐસે જાનના.**' લ્યો! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**अब कहते हैं कि यदि कोई ज्ञानको जानकर भी विषयासक्त रहते हैं वे संसार ही में भ्रमण करते हैं :-**

## ગાથા-૭

**णाणं णाऊण णरा केई विसयाइभावसंसत्ता।**
**हिंडंति चादुरगदिं विसएसु विमोहिया मूढ़ा।।७।।**

ज्ञानं ज्ञात्वा नराः केचित् विषयादिभावसंसक्ताः।
हिंडंते चतुर्गतिं विषयेषु विमोहिता मूढ़ाः।।७।।

**નર કોઈ, જાણી જ્ઞાનને, આશક્ત રહી વિષયાદિકે,**
**ભટકે ચતુર્ગતિમાં અરે! વિષયે વિમોહિત મૂઢ એ. ૭.**

**अर्थ :- कई मूढ़ मोही पुरुष ज्ञानको जानकर भी विषयरूप भावोंमें आसक्त होते हुए चतुर्गतिरूप संसारमें भ्रमण करते हैं, क्योंकि विषयोंसे विमोहित होने पर ये फिर भी जगतमें प्राप्त होंगे इसमें भी विषय-कषायोंका ही संस्कार है।**

**भावार्थ :– ज्ञान प्राप्त करके विषय–कषाय छोड़ना अच्छा है, नहीं तो ज्ञान भी अज्ञानतुल्य ही है।।७।।**

**પ્રવચન નં. ૧૮૩, ગાથા-૭ થી ૧૦, રવિવાર, પોષ વદ ૧૩, તા.૨૪-૧-૭૧**

૭મી ગાથા. '**આગે કહતે હૈં કિ યદિ કોઈ જ્ઞાનકો જાનકર ભી વિષયાસક્ત રહતે હૈં વે સંસાર હી મેં ભ્રમણ કરતે હૈં :-**'

**णाणं णाऊण णरा केई विसयाइभावसंसत्ता।**
**हिंडंति चादुरगदिं विसएसु विमोहिया मूढ़ा।।७।।**

'**અર્થ :- કઈ મૂઢ મોહી પુરુષ...**' અહીં અજ્ઞાનની વાત છે. '**જ્ઞાનકો જાનકર...**' જાણપણું કરે. શાસ્ત્રથી જાણપણું કરે, જ્ઞાનનો ઉઘાડ (હોય) પણ '**વિષયરૂપ ભાવોમેં આસક્ત હોતે હુએ...**' એ રાગ અને પરવસ્તુ વિકલ્પ આદિમાં જેની રુચિ એકાકાર છે. પરવિષય, સ્વ ચૈતન્ય આનંદનો વિષય છોડી અને પરવિષય પછી શુભ રાગ, અશુભ રાગાદિ બધા વિષય જ છે, એની જેને અંતર રુચિ છે, એકાગ્રતા છે, એ પરમાં, રાગમાં, આનંદ સિવાય પરવસ્તુમાં જાણપણું કર્યા છતાં તેમાં એકાકાર છે. એ '**ચતુર્ગતિરૂપ સંસારમેં ભ્રમણ કરતે હૈં,...**' ચાર ગતિમાં રખડશે. જાણપણું ગમે તેટલું કર્યું હોય પણ એ જાણપણામાં સ્વ દૃષ્ટિ ન થાય અને રાગની રુચિ ન છૂટે તો એ ચાર ગતિમાં રખડવાના છે, એમ કહે છે.

અહીં એમ લીધું છે. '**णाणं णाऊण**' સમજાણું? '**જાનકર ભી...**' એમ કે જાણવામાં ક્ષયોપશમમાં આવ્યું એને ખ્યાલમાં પણ એનો પ્રેમ, રાગના પ્રેમથી રુચિ ખસી નથી. શુભ રાગાદિનો પ્રેમ છે એને વિષયની જ રુચિ છે. વિષયના '**भावसंसत्ता**' એમ શબ્દ છે ને? '**विसयाइभावसंसत्ता**' વિષયની ભાવનામાં લીન છે. સમજાણું? અંતર સ્વરૂપમાં વિષયના રાગનો જેને પ્રેમ છે એ વિષયમાં આસક્ત છે. એને આત્મદૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? એ ચાર ગતિમાં રખડે છે. એવું જ્ઞાન હોવા છતાં પરવિષયની રુચિ છોડી નથી તેથી તે અજ્ઞાન છે. એ જ્ઞાનને અજ્ઞાન કહેવામાં આવે છે.

'**ક્યોંકિ વિષયોંસે વિમોહિત હોને પર...**' પર વિષય, પુણ્ય-પાપના ભાવમાં જ લીન થયો છે. એમાં જ જેનો પ્રેમ અને રુચિ અને આસક્તિ ભાવમાં વર્તે છે. '**ફિર ભી જગતમેં પ્રાપ્ત હોંગે...**' ફરી ચાર ગતિમાં આવશે. '**ઈસમેં ભી વિષય-કષાયોંકા હી સંસ્કાર હૈ.**' એમ કહે છે. જ્યાં જશે ત્યાં પાછા વિષયના સંસ્કાર, રાગ અને દ્વેષના સંસ્કાર છે. ચાર ગતિમાં રાગનો પ્રેમ છે એ ચાર ગતિમાં રાગ-દ્વેષના સંસ્કાર (છે) ત્યાં અવતરશે, એમ કહે છે. ઝીણી વાત. અહીંયાં તો વિષય એ લીધો છે. સ્વવિષય ચૈતન્ય આનંદસ્વરૂપ, એની સન્મુખની દૃષ્ટિ થઈને એકાગ્ર થયો નથી અને એકલા જાણપણાના ભાવમાં, રાગાદિ ભાવમાં એકાકાર છે, એ વિષયમાં વિમોહીત જીવ છે. પરમાં મૂઢ થઈ ગયેલો છે. સ્વવિષય આત્મા એને એ જાણતો

નથી. સમજાણું?

'**ફિર ભી જગતમેં પ્રાપ્ત હોંગે...**' એટલે? અહીંયાં પણ રાગના વિકારનો પ્રેમ અને રુચિ છે, એથી જ્યાં જ્યાં જશે ત્યાં તે તે સંસ્કાર એના રહેવાના. તે જગતમાં ભમશે. જ્યાં જાય ત્યાં રાગ અને પ્રેમ વિષયનો પરનો પ્રેમ છે એને. પરના પ્રેમરૂપી જગતમાં રખડશે, એમ કહે છે. આહાહા..! ઝીણી વાત ભારે. '**ઈસમે ભી વિષય-કષાયોંકા હી સંસ્કાર હૈ.**' જ્યાં જોવે ત્યાં આત્માનો સ્વભાવ ભૂલી અને પરમાં એનો પ્રેમ અને ઉત્સાહ અને વીર્ય વર્તે છે. આખું જગત એ પ્રમાણે છે. આહાહા..!

'**ભાવાર્થ :- જ્ઞાન પ્રાપ્ત કરકે વિષય-કષાય છોડના અચ્છા હૈ,...**' જાણપણું તો એને કહીએ કે જેમાં પરનો વિષય છૂટી અને રાગની એક્તા છૂટીને સ્વભાવની એક્તા થાય. એને જ્ઞાન કહીએ. સમજાણું કાંઈ? બહારના વિષય છોડ્યા એનો પ્રશ્ન અહીં છે નહિ. બહારના વિષયો તો છૂટેલા જ પડ્યા છે. પણ જે આત્માનો સ્વઆનંદ અને શુદ્ધ ચૈતન્યનો વિષય ધ્યેય છોડી અને જેણે રાગ અને પુણ્ય-પાપના વિકલ્પને ધ્યેય બનાવીને રુચિ કરી છે, એ વિષયમાં જ વિમોહિત છે. આહાહા..! સમજાણું કાંઈ?

દૃષ્ટિ જેણે ફેરવી નથી એનું જાણપણું હોય તોપણ એ બધું અજ્ઞાન છે, એમ કહે છે. જેને પાંચ ઈન્દ્રિયના વિષયોમાં મીઠાશ લાગે છે, એને આત્માના આનંદની રુચિ નથી. ભલે જાણપણું એણે નવ પૂર્વનું અગિયાર અંગનું કર્યું હોય પણ એને આત્માના સ્વાદની ખબર નથી. વિષયના સ્વાદની રુચિમાં એ પડેલો છે. આહાહા..! ભલે એ ત્યાગી હો, બાહ્યમાં. એ આવી ગઈ છે વાત. બહારથી ત્યાગી હોય. આવી ગયું છે ને પહેલું? વિષય વિરક્ત. '**विसए विरत्तमेत्तो ण खवेइ पुराइयं कम्मं।**' ચોથી ગાથામાં આવી ગયું છે. વિષયથી વિરક્ત હોય એટલે બાહ્ય સંયોગો વિષયના ન હોય. નગ્ન મુનિ દિગંબર થઈ ગયો હોય. પણ અંતરમાં સ્વ ચૈતન્યના અંતર દૃષ્ટિના ભાન વિના એને અંતરમાં વિકલ્પના રાગનો પ્રેમ છે, એ જ એને વિષયની વિરક્તિનો અભાવ છે. આહાહા..! ભારે શીલપાહુડ! કહો, 'જયંતિભાઈ'! બહારથી છોડ્યા હોય વિષયો સ્ત્રી, કુટુંબ બધું પણ અંતરમાં જેને સંસાર જેમાંથી ફળે એવો જે રાગ, વિકલ્પ ચાહે તો શુભ હો કે અશુભ હો, એની જેને રુચિ અને પ્રેમ છે, તે વિષયમાં આસક્ત છે. ભારે!

'**જ્ઞાન પ્રાપ્ત કરકે વિષય-કષાય છોડના અચ્છા હૈ,...**' એટલે? સાચું જ્ઞાન મળવાથી તો એને ખરેખર તો પરની રુચિનો પ્રેમ છૂટી જાય. તો તેને જ્ઞાન કહીએ. અંદરમાં રાગનો રસ રહે, વિષય શબ્દે રાગનો રસ રહે એને વિષયનો જ રસ છે. શેઠ! આહાહા..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ ઉપર પ્રેમ છે. એમાં એને રસ છે. એય.. પંડિતજી! ભારે વાત, ભાઈ! બિચારો વિષય છોડે, બાયડી-છોકરા છોડે, રાજ છોડે. છોડ્યું છે ક્યાં? એ તો છૂટેલા પડ્યા છે. જે છોડવું છે એ તો છોડ્યું નહિ. સ્વભાવ ચૈતન્યનો આનંદ અને જ્ઞાયકભાવ, એની રુચિ કરીને રાગની રુચિ છોડવા જેવી, રાગનો દૃષ્ટિમાં ત્યાગ કરવા જેવો, એ તો છોડ્યું નહિ. આહાહા..!

શીલપાહુડ છે આ તો. કહે છે, '**નહીં તો જ્ઞાન ભી અજ્ઞાનતુલ્ય હી હૈ.**' નહિતર એમ. જો જ્ઞાન પ્રાપ્ત કરીને રાગના પ્રેમ અને રુચિ, આનંદનો ભાવ અંદર ન છૂટ્યો, રાગમાં આનંદ, રાગમાં સુખ, રાગમાં મીઠાશ (હોય).. આહાહા..! એને આત્માના આનંદની મીઠાશ નથી એટલે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? અંતરના આનંદના રુચિના સ્વાદ વિના એને રાગનો સ્વાદ છે. પુણ્યભાવ ભોગ નિમિત્તં જે કહ્યું છે ને? એ બધું આ. એ પુણ્યનો જેને પ્રેમ છે, રાગનો જેને રસ છે એને વિષયનો રસ છે. કારણ કે રાગના ફળમાં તો સંસાર છે. અને ત્યાં બધે રાગના રસમાં જ એને અવતરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ આનંદધામ, જ્ઞાન અને આનંદનું ધામ, એની જેને અંતર રુચિ નથી, એના શ્રદ્ધા-જ્ઞાનમાં પોષાણમાં આત્મા આવ્યો નથી, એને પર વિષય એટલે રાગનો વિષય એને પ્રેમમાં પડ્યો છે. આહાહા..! રાગના વિષયમાં, રાગરૂપી વિષય, એના પ્રેમમાં પડ્યો એ જ્ઞાન અજ્ઞાન છે. એ જ્ઞાન નહિ. 'કાંતિભાઈ'!

અહીં તો જ્ઞાન એને કહીએ કે જે જ્ઞાને ઉપયોગને અંતર વાળીને આત્માના આનંદનો પ્રેમ પ્રગટ કર્યો છે. જેથી તેને આખી દુનિયા, વિકલ્પથી માંડીને સારી દુનિયાનો જેને રસ ઊડી ગયો છે અંદરથી. એને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બહુ સરસ અધિકાર લીધો. એકલા જાણપણાના નામે રાગમાં મીઠાશ વર્તે અને અમને જ્ઞાન છે, અમને આત્માની રુચિ છે (એમ માનનાર) જીવને છેતરે છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'નાતરી...' એટલે નહિતર. હિન્દી ભાષા છે ને. 'નાતરી' એટલે નહિતર. એમ. આપણે નહિતર કહે છે. '**નહીં તો જ્ઞાન ભી અજ્ઞાનતુલ્ય હૈ.**' આહાહા..! એક કોર આતમરામ અને એક કોર આખું ગામ. અહીં કહે છે કે આ આત્મા, આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્-શાશ્વત જ્ઞાન અને આનંદ છે. એવા જ્ઞાનના આનંદવાળા આત્માનો જેણે અંતર્મુખ થઈને, સ્વનો આશ્રય લઈને પ્રેમ કર્યો નથી, એના શાસ્ત્રના જાણપણા બધા, રાગની રુચિમાં પડ્યો એને અજ્ઞાની કહેવામાં આવે છે. ઊંડે જેને રાગમાં રસ અને પ્રેમ છે, તે વિષયમાં જ વિમોહેલો છે, એમ કહે છે. આહાહા..! અંતર ભગવાનઆત્મા આનંદસ્વરૂપનો જેને અંતર પ્રેમ અને સ્વાદ નથી, એ રાગના સ્વાદમાં અર્પાઈ ગયેલો છે. એનું જ્ઞાન તે અજ્ઞાન છે, એમ કહે છે. મિથ્યાત્વ છે. આહાહા..! 'પ્રવીણભાઈ' આવ્યા છે ને? ભાઈ આવ્યા છે. તમારું તો બાકી છે પાછું હજી. સમજાણું આમાં?

આમાં તો એક ઘા ને બે કટકા છે. જેને ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદનો સાગર, એનો જેને અનુભવ થયો, એને વિષય અને આખું જગત જેના રસમાંથી-દૃષ્ટિમાંથી છૂટી ગયું છે. એને કોઈ રસ રહ્યો નથી. સમજાણું કાંઈ? અને જેને અંતર ભગવાનઆત્માના આનંદના પ્રેમ વિના એકલો રાગનો જ પ્રેમ (છે), વિકલ્પ ચાહે તો શુભ-અશુભ રાગ ગમે તે હોય પુણ્ય-પાપનો, પણ એ રાગમાં જેને એકત્વબુદ્ધિ છે, રાગમાં રસ છે, રાગમાં ઠીક છે, હિતબુદ્ધિ છે, તે જ્ઞાન અજ્ઞાન છે. સમજાણું કાંઈ? અને એ અજ્ઞાન ચાર ગતિમાં ચોર્યાસીના અવતારમાં એને રખડાવશે. આહાહા..!

आगे कहते हैं कि जब ज्ञान प्राप्त करके इस प्रकार करे तब संसार कटे :–

## ગાથા-૮

**जे पुण विसयविरत्ता णाणं णाऊण भावणासहिदा।**
**छिंदंति चादुरगदिं तवगुणजुत्ता ण संदेहो।।८।।**

**ये पुनः विषयविरक्ताः ज्ञानं ज्ञात्वा भावनासहिताः।**
**छिन्दन्ति चतुर्गतिं तपोगुणयुक्ताः न संदेहः।।८।।**

**પણ વિષયમાંહિ વિરક્ત, જાણી જ્ઞાન, ભાવનયુક્ત જે,**
**નિઃશંક તે તપગુણસહિત છેદે ચતુર્ગતિભ્રમણને. ૮.**

**अर्थ :–** जो ज्ञानको जानकर और विषयोंसे विरक्त होकर ज्ञानकी बारबार अनुभवरूप भावना सहित होते हैं वे तप और गुण अर्थात् मूलगुण उत्तरगुणयुक्त होकर चतुर्गतिरूप संसारको छेदते हैं, इसमें संदेह नहीं है।

**भावार्थ :–** ज्ञान प्राप्त करके विषय–कषाय छोड़कर ज्ञानकी भावना करे, मूलगुण उत्तरगुण ग्रहण करके तप करे वह संसारका अभाव करके मुक्तिरूप निर्मलदशाको प्राप्त होता है–यह शीलसहित ज्ञानरूप मार्ग है।।८।।

## ગાથા-૮ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જબ જ્ઞાન પ્રાપ્ત કરકે ઈસ પ્રકાર કરે તબ સંસાર કટે :–'** હવે સવળું લે છે.

**जे पुण विसयविरत्ता णाणं णाऊण भावणासहिदा।**
**छिंदंति चादुरगदिं तवगुणजुत्ता ण संदेहो।।८।।**

**'અર્થ :– જો જ્ઞાનકો જાનકર ઔર વિષયોંસે વિરક્ત હોકર...'** વ્યાખ્યા-વિષયના વિરક્તનો અર્થ પર રાગાદિ વિષય તેનાથી પીઠ ફેરવીને સ્વભાવની દૃષ્ટિ કરતો નથી તો એ બધા અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'જ્ઞાનકો જાનકર ઔર વિષયોંસે વિરક્ત હોકર...'** વિષયમાં વિરક્તનો અર્થ ચૈતન્યના આનંદ સ્વભાવમાં ઢળતો અને રાગના રસથી ખસતો એણે વિષયનું વિરક્ત કર્યું એમ કહેવામાં આવે છે. આહાહા..! '..ભાઈ'! બહુ આ તો ઝીણી વાતું છે આ. મૂળમાં ભૂલ. ઠીક! આહાહા..!

**'જ્ઞાનકો જાનકર ઔર વિષયોસેં વિરક્ત હોકર...'** એટલે અંતરમાં રાગના વિકલ્પનો

પ્રેમ છે તેનાથી ખસી ગયો છે અને આત્માના આનંદના પ્રેમમાં જે આવ્યો છે એણે વિષયનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. અજ્ઞાની બહારના વિષય છોડી બાયડી, છોકરા, કુટુંબ, ભોગ છોડીને બેસે ત્યાગી થઈને, પણ એના અંતરમાં રાગનો વિકલ્પ જે પુણ્યનો, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ રાગનો જેને પ્રેમ અને રસ છે, એને વિષયનો રસ છે, એમ કહે છે. આહાહા..! ભગવાનના જ્યાં ભેટા થયા ત્યાં વિષયના ભેટા કેમ રહે? એમ કહે છે. ભગવાનઆત્મા જ્ઞાનાનંદની મૂર્તિ એવો સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહ્યો એવો આત્મા. એના અંતરના પ્રેમ જાગ્યા, અંતરમાં અર્પણતા થઈ ગઈ કે હું શુદ્ધ ચૈતન્ય અખંડ આનંદ છું. મારામાં બીજી કોઈ ચીજ છે નહિ. એને પછી વિકલ્પનો રસ અને રુચિ અને એક્તા રહેતી નથી. એનું નામ વિષયથી વિરક્ત કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે.

'**જ્ઞાનકો જાનકર...**' ઘણા જાણપણાની ભાષા શીખે, બોલે પણ અંદરમાં ઊંડે એની મીઠાશ તો રાગ અને વિકાર અને વિષયની છે. કહે છે કે એ જ્ઞાન, અજ્ઞાન અને મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? 'શ્રીમદ્'માં આવે છે ને?

મુખથી જ્ઞાન કથે અને અંતર છૂટ્યો ન મોહ,<br>
તે પામર પ્રાણી કરે માત્ર જ્ઞાનીનો ડોળ.

અંતર સ્વરૂપ... આહા..! શું વાત! શીલ-શીલ. શીલ માર્યું. આ સીલ મારે છે ને પછી ઉઘડે નહિ. રાગથી રહિત આત્મામાં એકાકાર થઈને શીલ મૂકી દીધું. જ્ઞાનસ્વભાવમાં આનંદ માનીને એમાં એકાકાર થયો એનું જ્ઞાન સુશીલ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનકી બારબાર અનુભવરૂપ ભાવના સહિત હોતે હૈં...**' પછી લીધું છે ને? '**भावणासहिदा**' '**विसयविरत्ता**' અને '**भावणासहिदा**' અને જેને અંતર આનંદ સ્વરૂપની જ વારંવાર એકાગ્રતાની ભાવના છે. ઈચ્છા, રાગાદિ માત્રની ભાવના છે નહિ. સમજાણું કાંઈ? લોકોને બાહ્ય ત્યાગનો મહિમા એટલો ગરી ગયો છે કે જેથી અંતરના રાગનો રસ જે છે એ છોડવો કઠણ પડે છે. કાંઈક છોડ્યું અમે ત્યાગી થયા, બાયડી છોડી, છોકરા છોડ્યા, સાધુ થયા. શેના સાધુ?

અહીં તો કહે છે કે ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું ધામ, એની જેને આરૂઢ દશા આનંદ ઉપર થઈ છે, એને હવે રાગનો આરૂઢ એટલે વિષયનો ત્યાગ કહેવામાં આવે છે. એને રાગ ઉપર આરૂઢતા છે જ નહિ. રાગ આવે છતાં તેની રુચિ અને તેનો પ્રેમ નથી. આહાહા..! 'ધાર તલવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણસેવા' એવો માર્ગ છે. આહાહા..! પ્રથમ જ કહે છે કે જે જ્ઞાનની વર્તમાન દશા, આત્માના આનંદની દિશા તરફ એ વળ્યો નથી, એ જ્ઞાન રાગ પ્રત્યે વળેલું છે તેથી તેને અજ્ઞાન અને મિથ્યાત્વ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એને જેણે છોડ્યું છે, આત્મસ્વરૂપ આનંદમય પ્રભુ છે, એવું જેને અંતર્મુખ થઈને સ્વનું જ્ઞાન થયું એ વિષયથી વિરક્ત જ છે. ચાહે તો એને રાગાદિ અશુભ હો તોપણ એનાથી ધર્મી જીવ સમકિતી તો વિરક્ત જ છે. આહાહા..! સમજાણું કાંઈ? એના પોતાના

જગતમાં એ રાગ નથી. પોતાનું જગત એટલે આત્મજગત. એની બહાર રાગ છે.

રાગમાં આત્મા નથી અને આત્મામાં રાગ નથી. આહાહા..! નિર્વિકલ્પ ભગવાનઆત્મા એમાં વિકલ્પ નથી અને જેને વિકલ્પનો પ્રેમ છે તેને નિર્વિકલ્પ આત્મા એમાં નથી. એવી રીતે સુશીલનું અહીંયાં વર્ણન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? વળી આત્માના ભાનમાં રાગની રુચિ જેને છૂટી છે એવું જે જ્ઞાન, એ વારંવાર તેના અનુભવ માટે પ્રયત્ન કરે છે. એને જ અનુભવવો.

'**ભાવના સહિત હોતે હૈં વે તપ ઔર ગુણ અર્થાત્ ઉત્તરગુણયુક્ત હોકર...**' આગળ વધી ગયો છે ને હવે તો. અને આગળ વધીને ઈચ્છાનો નાશ થઈ અમૃતસાગર આત્મા ઉછળી ગયો છે અંદરથી, એનું નામ તપ. તપ એટલે અપવાસ કરવા અને લાંઘણું કરવી એ તપ નહિ. 'કાંતિભાઈ'! આવો માર્ગ ભારે ભાઈ! જ્યાં શુભ-અશુભ ઈચ્છાની જ ઉત્પત્તિ નથી અને જ્યાં આત્મા અનાકુળ આનંદની જ ઉત્પત્તિ છે એવી સ્થિતિને તપ કહેવામાં આવે છે. બાકી આવા ભાન વિનાના અપવાસ આદિ એ બધાને લાંઘણું અને અજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**તપ ઔર ગુણ અર્થાત્ મૂલગુણ ઉત્તરગુણયુક્ત હોકર...**' વિશેષ પછી આગળ વધીને સ્થિરતા ચારિત્રની વધી ગઈ છે. '**ચતુર્ગતિરૂપ સંસારકો છેદતે હૈં,...**' એને ચાર ગતિ રહેશે નહિ. કાટે હૈં-ચાર ગતિને છેદે છે. લ્યો! '**छिंदंति चादुरगदिं**' એનો અર્થ કે ચાર ગતિ એને થશે નહિ. ચાર ગતિ છે એને છેદવું એ તો કથન છે. વિકલ્પમાત્ર રાગના પડખેથી જેની દૃષ્ટિ છૂટી ગઈ છે અને નિર્વિકલ્પ ભગવાનઆત્માના પડખે જેની દૃષ્ટિ જામી ગઈ છે, એને ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત. ભગવાન કહે છે કે મારી ભક્તિના રાગમાં પણ જે રસ છે તેને વિષયનો રસ છે એમ કહે છે હોં! અહીં. રાગમાં ભગવાનની ભક્તિનો રાગ છે. રાગમાં જેને રસ છે એને વિષયનો રસ છે એમ કહે છે. રાગના ફળમાં પુણ્ય બંધાય, પુણ્યબંધમાં સંયોગ મળે-બહારની ધૂળ. અને એમાં રાગ કરે એ તો મિથ્યાત્વ છે. આહાહા..!

'**ઈસમેં સંદેહ નહીં હૈ.**' '**ण संदेहो**' એમ કહે છે ને? નિઃસંદેહ છે. ભગવાનઆત્મા જેના જ્ઞાનમાં ઉપયોગ અંતર વળી અને આનંદધામનો જેને અંતર અનુભવમાં સ્વીકાર થયો, એ વારંવાર અનુભવમાં એની પ્રયત્નદશા વળે છે. એ અનુભવમાં વળતાં વળતાં એને સ્થિરતા વિશેષ વધે છે એને ઉત્તરગુણ અને મૂળગુણ અંદર વિશેષ પ્રગટ થાય છે અને એ મુક્તિને પામે, ચાર ગતિને છેદે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જ્ઞાન પ્રાપ્ત કરકે વિષય-કષાય છોડકર...**' વિષય-કષાય છોડી એટલે રાગની આસક્તિ અને રાગનો ભાવ, તે બેને છોડી સ્વરૂપ ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ પ્રભુ, એનો જેને આશ્રય અને એના પડખે ચડી ગયો છે, રાગને પડખેથી ખસી ગયો છે. પડખા સમજો છો ને? બાજુ. '**જ્ઞાન પ્રાપ્ત કરકે વિષય-કષાય છોડકર...**' પછી વ્યાખ્યા કરે બહારની કે આ વિષયકષાય છૂટ્યા. '**જ્ઞાનકી ભાવના કરે,...**' વસ્તુ સ્વભાવ શુદ્ધ આનંદ

પ્રભુ, એની અંતર એકાગ્રતા અને ભાવના કરે. '**મૂલગુણ ઉત્તરગુણ ગ્રહણ કરકે તપ કરે, વહ સંસારકા અભાવ કરકે મુક્તિરૂપ નિર્મલદશાકો પ્રાપ્ત હોતા હૈ. યહ શીલસહિત જ્ઞાનરૂપ માર્ગ હૈ.**' દેખો! શીલ એટલે ભગવાનઆત્મા આનંદના સ્વાદમાં અંતરમાં રહેવું એનું નામ શીલ છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનને સુશીલ જ્ઞાન કહેવામાં આવે છે.

'**શીલસહિત જ્ઞાનરૂપ માર્ગ હૈ.**' શીલસહિત એટલે? એકલું જાણવું એમ નહિ પણ જાણવામાં સ્વરૂપનો આશ્રય કરીને જેણે વિષયકષાયનો ઘાત કર્યો છે અંદરથી. ભેદ પાડી નાખ્યો છે. અને આત્મા જેણે વિષય-કષાયના વિકલ્પથી જુદો પાડી નાખ્યો છે. એ શીલસહિત જ્ઞાન, એને સુશીલજ્ઞાન, એ શીલસહિતનું જ્ઞાન, એ મોક્ષના માર્ગમાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાતું. ભાઈ!

આનાથી કોઈ હળવી ચીજ હશે બીજી? આવી વાત અધ્યાત્મની તો લોકોને આકરી પડે. બધે પચે નહિ. કહો શું કરવું એને? એય.. પંડિતજી! તમારામાંથી કહે છે કેટલાક પંડિત. એમ કે આવો અધ્યાત્મનો માર્ગ મૂળ તો પચવો કઠણ. એટલે સત્ય એને મળવું કઠણ, પચવું કઠણ એટલે પછી અસત્ય દેવું એને? સત્ય તો આ છે. આ છે સત્ય એ સિવાય અસત્ય કહેવું એનાથી કાંઈ હળવું પડે, ઠીક પડે? એ તો અસત્ય છે. અસત્યમાં સત્ય ક્યાંથી આવશે? આહાહા..! લોકો પણ ક્યાં ક્યાં અટક્યા છે.

અહીં તો પોકાર કરીને કહે છે કે ભગવાન! તારા આનંદ સ્વભાવને છોડીને રાગનો પ્રેમ ને રુચિ જો રહી તો મિથ્યાદૃષ્ટિ છો. હવે આ સત્ય ન પચે તો ત્યારે બીજું એને કયું પચશે? અસત્ય? કે રાગ કરો, ભલે રાગનો પ્રેમ ભલે હોય પણ રાગ કરવા જેવો છે. એમ કહે તો એને હળવું લાગે? એ તો જૂઠું છે. જૂઠું એ હળવું અને સાચું એ સારું-ઊંચું, એમ છે બે ભાગ એમાં? આહાહા..! શું થાય? સત્યને-ધર્મને નામે લુંટાણા છે ને. લુટાણું છે, જગત લુટાણું છે. દયા પાળવી, દાન કરવા, ભક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કરવી. એ ધર્મ. એય.. 'જયંતિભાઈ'! એ ધર્મ નથી. એ તો રાગ છે, વિકલ્પ છે. તને ખબર નથી. એ વિકલ્પનો પ્રેમ છે ત્યાં અજ્ઞાન અને મિથ્યાત્વભાવ છે, એમ કહે છે. આહાહા..! ત્યાં તો એને થઈ ગયો ધર્મ. બે ઘડી સામાયિક કરી. નામ સામાયિક. સામાયિક ક્યાં હતી તારે? સામાયિક તો એને હોય કે જેને રાગમાત્ર પુણ્ય-પાપના વિકલ્પનો રસ છૂટી અને આત્માના આનંદના રસમાં જેને દૃષ્ટિ થઈ છે અને એ આનંદમાં જામી જાય છે એને સામાયિક હોય. સામાયિક તારે ક્યાંથી આવી? સમજાણું કાંઈ? સામાયિક તો દરરોજ કરીએ છીએ અમે સવારમાં ઉઠીને પથરણું પાથરીને. કર્યા. સામાયિક કોને કહેવી એ ભાન ન મળે, શું કરતો હતો તું?

ભગવાનઆત્મા અંતર આનંદનું ધામ, જેના અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ સમકિતીને, જેને ઈન્દ્રની ઈન્દ્રાણી કરોડો, એના ભોગ પણ જેને દુઃખ લાગે. આહાહા..! સ્વર્ગના સુખ પણ જેને અંતરમાં દુઃખ લાગે અને આત્માનો આનંદ જેને સુખ લાગે.. આહાહા..! આવા દૃષ્ટિવંતને સ્થિરતા અંદરમાં જામે છે. ત્યારે એને સામાયિક ને પૌષધ ને

પડિકમણું કહેવામાં આવે છે. બાકી બધા એકડા વિનાના મીંડા રણમાં પોક મૂકવા જેવા છે. એય.. 'ચીમનભાઈ'! કર્યું હશે કે નહિ પહેલા થોડું? કર્યું નથી. ઠીક! ઊગીને ઊભા થયા ત્યાં... આહાહા..!

**'શીલસહિત જ્ઞાનરૂપ માર્ગ હૈ.'** લ્યો, જુઓ! જ્ઞાનનો માર્ગ તો એને કહીએ કે જે જ્ઞાન આત્માના આનંદમાં ઠરે અને રાગના રસમાંથી ખસી જાય. એને જ્ઞાનસહિત શીલ કહેવામાં આવે. આ શીલસહિત જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવું તો ભારે આકરું પડે, ઓલા પંડિત લોકો કહે. પણ માર્ગ જ આ છે અને સત્ય જ આ છે. પછી સત્યમાં અસત્ય નાખે તો એને હળવો માર્ગ થાય એમ છે? ઝેર નાખે. એક મણ દૂધપાકમાં આટલું ઝેર નાખે તો મારી નાખશે. દૂધપાક કામ નહિ કરે ત્યાં ઝેર કામ કરશે.

મુમુક્ષુ :- ઊલટી થાય.

ઉત્તર :- ઊલટી ન થાય, મરી જાય એમ ને એમ પાધરા. ત્યાં થયું હતું ને? એક ફેરી 'રાજકોટ'માં થયું હતું. દૂધપાક થયો હતો એમાં ઢેઢગરોળી આવી હતી. ઘણું કરીને ન્યાં જ ક્યાંક હતી. તમારે 'વનેચંદકાકા'ને ત્યાં, બસ ઈ. ભાઈ ઓલા શું ગુજરી ગયા? નહિ? 'નરભેરામભાઈ' નહિ, બીજો ઓલો 'ખીમચંદભાઈ'. એક 'નરભેરામ' ભાઈ છે. ત્યાં થયું હતું. ઘણી સાલની વાત છે, હોં! દૂધપાક કરેલો અને એમાં ઢેઢગરોળી (પડી). આ ઢેઢગરોળી સમજો છો? છિપકલી. ઝેર એમાં થઈ ગયેલું. એ ખાયને આવ્યા હતા. અમારે 'શિવલાલ' પણ હતો. 'શિવલાલ' ગયો હતો. એ બધું ખાયને આવેલો. બધાને રાતે ઊલટી, કેટલાને ઝાડા અને ડોક્ટરો કહે હાય.. હાય.. ત્યાં આવ્યા અપાસરામાં ઉતારે. કઈ સાલ હશે? (સંવત) ૭૬ની? ૮૨ની સાલ. ૮૨ની સાલ હશે. 'શિવલાલ' ૮૨માં હતો ને? ૮૨ની સાલ હશે. રાતે આવ્યા માણસો. કેમ છે? કેટલાક ખાઈને ત્યાં આવીને સૂતેલા. એટલે કહે, અહીં કાંઈ વાંધો નથી. ઘરે તો 'વનેચંદ'ને તો બહુ થઈ ગયું હતું. ઝેર અંદર આવી ગયેલું થોડું. હતો દૂધપાક. રાતનો ભાગ એટલે કંઈક ઝેર પડી ગયું હશે, ગમે તે. એ દૂધપાકનું ફળ ન આપે. મરણનું આપે.

એમ આત્માના આનંદના રસની રુચિ વિના અંદરમાં વિષયનો રાગ, પુણ્યનો પ્રેમ અને રુચિ છે જેને, એ મિથ્યાત્વનું ઝેર છે. ચાહે તો સાધુ થઈને બેઠો હોય, ત્યાગી થઈને બેઠો હોય, ભોગ છોડ્યા હોય તો એ ભોગી છે, એ ત્યાગી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'શીલસહિત જ્ઞાનરૂપ માર્ગ હૈ.'** જાણવાનો આત્માનો સ્વભાવ એને જાણ્યો. જાણીને એમાં ઠર્યો. રાગમાંથી આખા સંસાર ઉદયભાવમાંથી ખસી ગયો છે એમ કહે છે. કોઈપણ ઉદયભાવમાં પ્રેમ રહ્યો તો વિષયનો પ્રેમ છે એમ કહે છે અહીં મૂળ તો. આહાહા..! સમજાણું કાંઈ?

अब इसप्रकार शीलसहित ज्ञानसे जीव शुद्ध होता है उसका दृष्टान्त कहते हैं :-

## ગાથા-૯

जह कंचणं विसुद्धं धम्मइयं खडियलवणलेवेण।
तह जीवो वि विसुद्धं णाणविसलिलेण विमलेण।।९।।

यथा कांचनं विशुद्धं धमत् खटिकालवणलेपेन।
तथा जीवोऽपि विशुद्धः ज्ञानविसलिलेन विमलेन।।९।।

ધમતાં લવણ-ખડીલેપપૂર્વક કનક નિર્મલ થાય છે,
ત્યમ જીવ પણ સુવિશુદ્ધ જ્ઞાનસલિલથી નિર્મલ બને. ૯.

अर्थ :- जैसे कांचन अर्थात् सुवर्ण खडिय अर्थात् सुहागा (-खड़िया क्षार) और नमकके लेपसे विशुद्ध निर्मल कांतियुक्त होता है वैसे ही जीव भी विषय-कषायोंके मलरहित निर्मल ज्ञानरूप जलसे प्रक्षालित होकर कर्मरहित विशुद्ध होता है।

भावार्थ :- ज्ञान आत्माका प्रधान गुण है परन्तु मिथ्यात्व विषयोंसे मलिन है, इसलिये मिथ्यात्व-विषयरूप मलको दूर करके इसकी भावना करे, इसका एकाग्रतासे ध्यान करे तो कर्मोंका नाश करे, अनन्तचतुष्टय प्राप्त करके मुक्त हो शुद्धात्मा होता है, यहाँ सुवर्णका तो दृष्टांत है वह जानना।।९।।

## ગાથા-૯ ઉપર પ્રવચન

**'આગે ઈસપ્રકાર શીલસહિત જ્ઞાનસે જીવ શુદ્ધ હોતા હૈ ઉસકા દૃષ્ટાંત કહતે હૈં :-'** જેને ભગવાનઆત્મા શુભ-અશુભ વિકલ્પના રાગ વિનાનો, એનું જ્યાં અંતર્મુખ થઈને આત્મજ્ઞાન થયું અને એ જ્ઞાન એકાગ્ર થયું છે અંદર રાગરહિત એને શીલ કહેવાય છે. એવું જ્ઞાન, શીલસહિત જે જ્ઞાન એ શુદ્ધ હોય છે જીવને. એમાં શુભાશુભ પરિણામ હોતા નથી. એમ કહે છે. આહાહા..! **'ઉસકા દૃષ્ટાંત કહતે હૈં :-'**

जह कंचणं विसुद्धं धम्मइयं खडियलवणलेवेण।
तह जीवो वि विसुद्धं णाणविसलिलेण विमलेण।।९।।

**'અર્થ :- જૈસે કંચન અર્થાત્ સુવર્ણ...'** સોનું-સોનું. **'ખડિય અર્થાત્ સુહાગા...'** આ ખડી ખડી. શું કહેવાય? ક્ષાર? સુહાગાને શું કહે છે? ગેરુ. ગેરુ આવે ને લાલ? સોનાગેરુ. સોના ઉપર ચમક લાવે. **'સુહાગા (-ખડિય ક્ષાર)...'** લ્યો! અને મીઠું. **'ઔર નમકકે લેપસે વિશુદ્ધ નિર્મલ કાંતિયુક્ત હોતા હૈ...'** સોનું શોભે. મીઠું અને શું કીધું પહેલું? ગેરુ. ગેરુ અને

મીઠું બે નાખે તો સોનું ઓપે. ઓપ-ઓપ. સોળ વલો ઓપ આવે અંદર ઊંચો. '**વૈસે હી જીવ ભી વિષય-કષાયોંકે મલરહિત...**' અંદરમાં સ્વભાવ સિવાય કોઈપણ રાગના વિકલ્પની રુચિના પ્રેમ વિનાનો, એને વિષય અને કષાયરહિત કહ્યો છે. એવા વિષય એટલે રાગ, એની રુચિનો અભાવ અને રાગ કષાય છે તેનો આશ્રયનો અભાવ. એવા વિષયકષાયના મળથી રહિત છે. '**નિર્મલ જ્ઞાનરૂપ જલસે પ્રક્ષાલિત હોકર...**' આહાહા..! ભાષા..

'**નિર્મલ જલસે...**' પછી સોનાને ગેરુ લગાડીને સાફ કરે. એમ ભગવાનઆત્મા રાગ-દ્વેષના પરિણામ, પુણ્ય-પાપનો વિકલ્પ, જે ભાવે સ્વર્ગ મળે કે જે ભાવે આ ધૂળ લક્ષ્મી આદિ મળે એ બધો રાગ મેલ અને દુઃખ છે. આહાહા..! રાજી થાય. આપણે પુણ્ય કરશું, પછી દેવ થાશું, પછી રાજા થાશું, પછી નરકમાં જાશું. કેમ રાજેશ્વરી નરકેશ્વરી, નથી કહેતા?

મુમુક્ષુ :- એકદમ ઊંચે પછી નીચે ખાડામાં.

ઉત્તર :- ઊંચો ક્યાં હતો જ એ. રાજાથી ઊંચો થઈ ગયો? વ્યવહારથી કહેશે એ. ઊર્ધ્વગતિ કહેશે. પુણ્યનો અધિકાર આવશે. પુણ્યના નામ. પાપ અધોરૂપ છે અને પેલું ઊર્ધ્વરૂપ છે. નાટકમાં. એનો અર્થ કે ગતિ. પણ એમાં આત્મા ક્યાં ઊર્ધ્વ થયો? જેમ માખી ઊંચી થઈને બેઠી લાકડે એટલે ઊંચી થઈ ગઈ? તમારા કરતાં ઊંચી થઈ ગઈ માખી? તમારા કરતા ઊંચી છે ને. ઊંચો માર્ગ તો છે ને. એને ઊંચો કોણ કહે? સાંભળને.

એમ આત્માના સ્વભાવને ભૂલી અને પુણ્ય પરિણામ કરે અને પુણ્યનો પ્રેમ કરીને સ્વર્ગાદિમાં જાય એ ઊંચો થઈ ગયો છે નિશ્ચયથી એમ છે નહિ. ધૂળેય નથી. ત્યાંથી પટકશે પાછો ઢોર થાશે, માણસ થાશે અને નિગોદમાં જાશે. જેને રાગના પુણ્ય-પાપના પરિણામનો પ્રેમ અને રસ છે, એ ક્રમે એના પંથે નિગોદદશા વચમાં આવશે. આહાહા..! એવું છે ભાઈ! હોં! માર્ગ. માણસને એમ લાગે, આ તો આવો અધ્યાત્મ માર્ગ ઊંચો! ઊંચો નહિ, સત્ય જ આ છે. વળી નીચો કાંઈક અને ઊંચો કાંઈક, એવા બે ભાગ છે જ નહિ. એક મિથ્યાત્વનો ભાગ અને એક સમકિતનો. બે જ પ્રકાર છે. સમજાણું કાંઈ?

કહે છે, સોનાને જેમ ગેરુ અને મીઠું લૂણ લગાવવાથી અને પછી પાણીથી સાફ કરવાથી ઓપે. એમ ભગવાનઆત્મા પોતાના પવિત્ર સ્વભાવ સિવાયનો જે ભાગ રાગાદિ છે, એની જેણે રુચિ અને એકાગ્રતા છોડીને સ્વભાવમાં એકાગ્રતા કરી છે એ '**નિર્મળ જ્ઞાનરૂપ જલસે પ્રક્ષાલિત હોકર કર્મરહિત વિશુદ્ધ હોતા હૈ.**' એકલો ચૈતન્યબિંબ ભગવાન જેવો છે એવો થશે. સમજાણું? ઓલો રખડશે કીધું, આ થશે (એમ કહ્યું).

'**ભાવાર્થ :- જ્ઞાન આત્માકા પ્રધાન ગુણ હૈ...**' પ્રધાન એટલે મુખ્ય. જ્ઞાન એ જ મુખ્ય સ્વભાવ છે. જ્ઞાન-જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... '**પરંતુ મિથ્યાત્વ વિષયોંસે મલિન હૈ,...**' મિથ્યાત્વ અને વિષયથી મલિન છે. વિપરીત માન્યતા અને રાગની રુચિ, એ રાગ વિષય છે એનાથી જીવનું જ્ઞાન મલિન છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવી. ઓલા તો કહે, વ્રત પાળો, મહાવ્રત પાળો, દયા કરો, વ્રત કરો, અપવાસ કરો. આ પર્યુષણ આવે ને? આઠ-આઠ દસ-દસ. ધૂળેય નથી, સાંભળને!

બધા અધર્મના રસ્તા છે એ. રાગના રસ્તા એના પ્રેમના રસ્તા મિથ્યાત્વના રસ્તા છે. 'જયંતિભાઈ'! ભારે આકરું પડે. આહાહા..! આત્માનો જ્ઞાન એક મુખ્ય ગુણ છે, જાણવું એવો સ્વભાવ. રાગ અને પુણ્ય એનો કાંઈ ગુણ છે? એનો સ્વભાવ છે? એના મૂલ સત્ત્વના તત્વમાં એ પુણ્ય-પાપના પરિણામ છે? એ.. છે. પરજગત છે. સ્વજગતમાં એ છે નહિ. આહાહા..!

**'ઈસલિયે મિથ્યાત્વ-વિષયરૂપ મલકો દૂર કરકે...'** જ્ઞાન ભગવાનઆત્મા એને મિથ્યા વિપરીત માન્યતા, રાગમાં પ્રેમ છે, રાગનો રસ છે. જેને પાંચ ઈન્દ્રિયના વિષયોમાં ક્યાંય પણ ઉલ્લસિત બુદ્ધિ છે, એનું જ્ઞાન મિથ્યાત્વ સહિત મલિન થાય છે. સમજાણું કાંઈ? શબ્દો સાંભળીને જેને સુખ લાગે છે. ગાણા ગાયને? તું આવો છો, તું આવો છો. એમાં એને સુખ લાગે છે. અભિનંદન. અભિનંદન દે છે ને? અભિનંદન. .. બહુ આપે બધા. પૈસા-બૈસા ખર્ચે ને એટલે આપે. શું કહેવાય એ? ... ઓલું આપે ને? માનપત્ર. આ તો દાખલો. શેઠ! એ તો બધાને ઘણાને હોય. છાપામાં આવ્યું હતું. 'ભગવાનદાસે' બાવીસ હજાર રૂપિયાનો એક આપ્યો ... કરાવ્યો. આજ સવારમાં છાપામાં આવ્યું છે. ... જૈન.. એમાં લખ્યું છે. બાવીસ હજાર રૂપિયા આપ્યા. એક ઓરડો કરવાના છે. એમ કાંઈક હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવ્યા છે ને.

અહીં કહે છે કે રાગમાં વિકલ્પનો પ્રેમ છે તે મિથ્યાત્વનો મેલ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હોય, એ ભાવ શુભરાગ છે. એ રાગનો જેને પ્રેમ છે તેને મિથ્યાત્વનો મેલ છે. આહાહા..! કહો, '..ભાઈ'! ભારે આવું આકરું નીકળ્યું. એક કોર ભક્તિ કરવી, એક કોર દેરાસર કરવું એવું કહે. હોય પણ એનો જુકાવ ત્યાં રુચિમાં પડ્યો છે. આહાહા..! વીતરાગમાર્ગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથનો વીતરાગ માર્ગ એ વીતરાગભાવથી ઊભો થાય છે. ક્યાંય પણ એ રાગના પ્રેમમાં પડ્યો તો એ મિથ્યાત્વના મેલમાં પડ્યો છે. આહાહા..!

**'મલકો દૂર કરકે...'** ભગવાનઆત્મા અનાકુળ શાંતરસના પ્રેમમાં એકાકાર થઈ, આહાહા..! મિથ્યાત્વના મેલને દૂર કરી **'ઈસકી ભાવના કરે,...'** આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય એની જ વારંવાર એકાગ્રતા અને ચિંતવના કરે, **'ઈસકા એકાગ્રતાસે ધ્યાન કરે...'** લ્યો! એક અગ્ર. એક જ મુખ્ય દૃષ્ટિમાં લઈ, વ્યવહાર-ફ્યવહાર વિકલ્પને લક્ષમાંથી છોડી દઈ, એમ કહે છે. એવી ભાવના કરે, ધ્યાન કરે **'તો કર્મોંકા નાશ કરે, અનંતચતુષ્ટય પ્રાપ્ત કરકે મુક્ત હો...'** એ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય પામીને મુક્તિ પામે. એ આત્માના આનંદરસમાં દૃષ્ટિ કરી એમાં ઠરવાની ભાવના કરે છે. રાગના રસની રુચિ અને એકાગ્રતા છોડે છે. ભારે માર્ગ. જાજી સભામાં દસ-દસ હજાર માણસમાં આવું કહેવું!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સત્ય છે તો સત્ય તો આ છે. સત્ય એકમાં હોય કે લાખમાં હોય. માર્ગ તો

આ છે સત્ય. ચોર્યાસીના અવતારમાં જન્મમરણ કરીને થોથા નીકળી જવાના છે, ખબર નથી એને. જરીક કાંઈક સગવડતા થોડી મળી ત્યાં એમ થઈ જાય કે આપણે સુખી. હવે પૈસા-બૈસા ખર્ચીએ. આપણે ધર્મ થઈ જાય. ધૂળેય નથી. તારા પૈસા લાખ-કરોડ આપને તોપણ જરીએ ધર્મ નથી. એય..! આટલા પૈસા મેં આપ્યા, એમ માને તો મિથ્યાત્વ છે, એમ કહે છે. અધર્મનું પાપ લાગે.

મુમુક્ષુ :- સાચી નજરે જાણ્યું નહિ.

ઉત્તર :- જાણ્યું નહિ માન્યું એમ કહે છે. આપ્યા જ નથી, એમ કીધું અહીં તો. એ ૧૧ હજાર લખાવ્યા છે એ તમે નથી આપ્યા. એ તો જડ છે. જડ તમારે આપવાનો અધિકાર છે? શું કીધું ભાઈએ? એ રૂપિયા આપીને .. એમ નહિ. એ રૂપિયા અજીવ છે, એ મેં આપ્યા એનો જે સ્વામી થયો એ મિથ્યાત્વ છે. મહાપાપ છે. કસાઈખાના કરતાં (મોટું પાપ છે). એ પૈસા મેં આપ્યા, મારા, જડ મારું. જડ તારા હતા? '..ભાઈ'! આવી માર્ગની રીત છે અહીં તો. આહાહા..!

કહે છે, '**કર્મોંકા નાશ કરે, અનંતચતુષ્ટય પ્રાપ્ત કરકે...**' આહાહા..! એ મેં આપ્યા અને તેં આપ્યા એ તો વાતેય અહીં નથી. જડને કોણ આપે અને જડને કોણ ઉપાડે અને જડને કોણ રાખે? એ તો અજીવતત્ત્વ, જગતના તત્ત્વો છે. અજીવનું રહેવું અને અજીવનું જવું એ અજીવને આધીન છે. કાંઈ તારે આધીન નથી. અહીં તો એમાં રાગની મંદતા થાય એ મંદતાના રાગના રસમાં પડ્યો છે એ વિષયના રસમાં છે. આત્માના રસમાં એ નથી. ભારે કામ ભાઈ. આત્મા '**શુદ્ધાત્મા હોતા હૈ, યહાં સુવર્ણકા તો દૃષ્ટાંત હૈ વહ જાનના.**' લ્યો!

---

**आगे कहते हैं कि जो ज्ञान पाकर विषयासक्त होता है वह ज्ञानका दोष नहीं है, कुपुरुषका दोष है :–**

## ગાથા-૧૦

**णाणस्स णत्थि दोसो कुप्पुरिसाणं वि मंदबुद्धीणं।**
**जे णाणगव्विदा होऊणं विसएसु रज्जंति।।१०।।**

ज्ञानस्य नास्ति दोषः कापुरुषस्यापि मंदबुद्धेः।
ये ज्ञानगर्विताः भूत्वा विषयेषु रज्जन्ति।।१०।।

**જે જ્ઞાનથી ગર્વિત બની વિષયો મહીં રાચે જનો,**
**તે જ્ઞાનનો નહિ દોષ, દોષ કુપુરુષ મંદમતિ તણો. ૧૦.**

**अर्थ :– जो पुरुष ज्ञानगर्वित होकर ज्ञानमदसे विषयोंमें रंजित होते हैं सो यह ज्ञानका दोष नहीं है, वे मंदबुद्धि कुपुरुष हैं उनका दोष है।**

**भावार्थ :– कोई जाने कि ज्ञानसे बहुत पदार्थोंको जाने तब विषयोंमें रंजायमान होता है सो यह ज्ञानका दोष है, यहाँ आचार्य कहेत हैं कि–ऐसे मत जानो, ज्ञान प्राप्त करके विषयोंमें रंजायमान होता है सो यह ज्ञनका दोष नहीं है – यह पुरुष मंदबुद्धि है और कुपुरुष है उसका दोष है, पुरुषका होनहार खोटा होता है तब बुद्धि बिगड़ जाती है, फिर ज्ञानको प्राप्त कर उसके मदमें मस्त हो विषय–कषायोंमे आसक्त हो जाता है तो यह दोष–अपराध पुरुषका है, ज्ञानका नहीं है। ज्ञानका कार्य तो वस्तुको जैसी हो वैसी बता देना ही है, पीछे प्रवर्तना तो पुरुषका कार्य है, इस प्रकार जानना चाहिये।।१०।।**

---

## ગાથા-૧૦ ઉપર પ્રવચન

‘**આગે કહતે હૈં કિ જો જ્ઞાન પાકર વિષયાસક્ત હોતા હૈ વહ જ્ઞાનકા દોષ નહીં હૈ, કુપુરુષકા દોષ હૈ :–**’ શું કહે છે? કાંઈક જાણપણું થયું અને એ વિષયના રાગના રસમાં એકાકાર થાય તો એ જ્ઞાનનો દોષ નથી. જ્ઞાનનો સ્વભાવ તો જાણવું એટલો જ છે. એનો તો. એ ઉપરાંત એણે રાગમાં પ્રેમ કર્યો એ કુપુરુષનો દોષ છે. એમ કહે છે. આહાહા..!

**णाणस्स णत्थि दोसो कुप्पुरिसाणं वि मंदबुद्धीणं।**
**जे णाणगव्विदा होऊणं विसएसु रज्जंति।।१०।।**

આહાહા..! ‘**અર્થ :– જો પુરુષ જ્ઞાનગર્વિત...**’ જાણપણું પામીને ગર્વ કરે છે કે અમને જણાયું છે. ફલાણાને જ્ઞાન નથી, આને જ્ઞાન નથી, જવાબ દેતા આવડતા નથી. પ્રશ્નોત્તરના પ્રશ્નના ઉત્તર દેતા આવડતા નથી. અમે તો ધડાકાબંધ ફટ ફટ બધાને જવાબ દઈએ એવું જ્ઞાન છે અમને. એવા જ્ઞાનના ગર્વવાળા મારી નાખ્યા. આહાહા..! ‘**જ્ઞાનગર્વિત...**’ પાઠ છે હોં! અંદર. ‘**णाणगव्विदा**’ ગર્વનો અર્થ જ્ઞાનમાં એને જાણપણાનું અભિમાન થઈ ગયું છે. જાણપણું કહીએ એમાં એને અભિમાન થઈ ગયું છે કે અમને જાણે આવું જ્ઞાન છે. સમજાણું? સમકિતી અનુભવ ધર્મીજીવ હોય એને પણ જણાણું, પોતાના જ્ઞાનમાં .. સમજાણું કાંઈ? આહાહા..!

‘**જ્ઞાનગર્વિત હોકર જ્ઞાનમદસે વિષયોંમેં રંજિત હોતે હૈં...**’ એ તો ગર્વ છે અજ્ઞાનનો એ જ વિષય અને એમાં રત થઈ ગયો છે એમ કહે છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? ધર્માત્મા અનુભવી સમકિતી જ્ઞાની હોય, આનંદના અનુભવમાં હોય, એકેય જાણપણું ન હોય, પ્રશ્ન-ઉત્તર આદિ દેતા વિશેષ આવડતા ન હોય અને આને આવડતા હોય તો એને એમ થાય કે જુઓ! હું વધી ગયેલો છું. એને ક્યાં છે એવું? જ્ઞાન હોય તો કાંઈક જવાબ દેતા આવડે ને. જવાબ દેવો ન દેવો એ બીજી ચીજ છે. એની સાથે શું છે? આહાહા..! સમજાણું

કાંઈ? '**વે મંદબુદ્ધિ કુપુરુષ હૈ,...**' એ જ્ઞાનનો દોષ નથી. ગર્વનો દોષ છે. જ્ઞાનનો દોષ નથી એનો અર્થ કે જ્ઞાન તો જાણવાનો સ્વભાવ છે એમ કહે છે. પણ એમાં અભિમાન આવ્યું કે હું જાણનાર છું. એને આવડતું નથી. એ મિથ્યાદષ્ટિનો કુપુરુષનો દોષ છે. એની વિશેષ વાત કરશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૮૪, ગાથા-૧૦ થી ૧૩, સોમવાર, પોષ વદ ૧૪, તા.૨૫-૧-૭૧

.. એ તો કુશીલ છે. રાગ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો હોય, પણ રાગ છે એ પર વિષયની વસ્તુ છે. એમાં જેની એક્તાબુદ્ધિ છે એ જ્ઞાનનો દોષ નથી પણ એક્તાબુદ્ધિ કરે તે મિથ્યાત્વનો દોષ છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**યહ જ્ઞાનકા દોષ નહીં હૈ, વે મંદબુદ્ધિ કુપુરુષ હૈં ઉનકા દોષ હૈ.**' એ જાણવું એટલું થયું એમાં કાંઈ દોષ નથી. પણ એમાં રાગને જાણીને, રાગમાં જ એકત્વબુદ્ધિ છે એ મિથ્યાત્વબુદ્ધિ કુપુરુષની મંદબુદ્ધિનો દોષ છે. સમજાય છે કાંઈ?

'**પુરુષકા હોનહાર ખોટા હોતા હૈ તબ બુદ્ધિ બિગડ જાતી હૈ,...**' પુરુષનું હોનહાર જ જ્યાં ખોટું થાય, એની બુદ્ધિ બગડી જાય. '**ફિર જ્ઞાનકો પ્રાપ્ત કર ઉસકે મદમેં મસ્ત હો...**' જ્યાં જ્ઞાનનો ઉઘાડ થયો હોય એનું એને અભિમાન થઈ જાય. અમને જ્ઞાન થયું, ઉઘાડ થયો. અગિયાર અંગ નવ પૂર્વ ભણ્યો. પણ એ જ્ઞાનની અંદર અધિકતા ભાસે, મદ ભાસે એને આત્મા જ્ઞાનસ્વરૂપ ભિન્ન છે એનું ભાસ છે નહિ. સમજાણું કાંઈ? શીલપાહુડમાં જરી સૂક્ષ્મ વાત લીધી છે. વસ્તુ જે જ્ઞાનાનંદ સ્વરૂપ, એનું જ્ઞાન થતાં જ્ઞાનમાં શીલપણું સાથે હોય છે. જ્ઞાનમાં શીલ, શીલ એટલે રાગરહિત સ્વભાવનો અનુભવ સાથે હોય છે. ચોથું ગુણસ્થાન હોય તોપણ શીલ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં પણ શીલ છે. કેમકે જેણે સ્વચૈતન્ય(ને) વિષય બનાવી અને સ્વભાવમાં (જેની) એકાગ્રતા થઈ છે અને રાગથી જેનું પૃથક્ ભાન વર્તે છે એને સમકિતસહિત શીલ કહેવામાં આવે છે અને એ જ્ઞાનને સુશીલનું જ્ઞાન કહેવામાં આવે છે. પણ જે જ્ઞાન રાગમાં એકત્વ થઈને પરમાં લાભમાં માનીને રોકાઈ ગયેલું જ્ઞાન છે, એ અજ્ઞાન કુશીલ જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? દિશા ફેરે એની દશા ફેર છે એમ કહે છે.

'**જ્ઞાનકો પ્રાપ્ત કર ઉસકે મદમેં મસ્ત હો...**' અમને આવડે છે, અમે જાણીએ છીએ. શું? પરલક્ષી જ્ઞાનનો ઉઘાડ. '**વિષય-કષાયોંમેં આસક્ત હો જાતા હૈ...**' વિષય-કષાય શબ્દે રાગ છે એ પરવિષય (છે), એમાં આસક્ત થાય એ જ મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગનો વિકલ્પ છે ને? સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ, એમાં જ્યાં અંતર રુચિ છે એને રાગની, એ જ્ઞાનને કુશીલ જ્ઞાન કહે છે. મિથ્યાદષ્ટિનું જ્ઞાન કુપુરુષનું જ્ઞાન છે. સમજાણું કાંઈ?

'**યહ દોષ-અપરાધ પુરુષકા હૈ, જ્ઞાનકા નહીં હૈ.**' પુરુષનો અર્થ એની શ્રદ્ધાનો દોષ છે.

જ્ઞાન તો જાણવું જ એટલું છે પણ એમાં અભિમાન મદમાં આવી જાય અને અમે જાણીએ છીએ.. અમે જાણીએ છીએ... આહાહા..! પરલક્ષીજ્ઞાનનો ઉઘાડ, એનો મદ એ જ મિથ્યાત્વભાવ છે. '**જ્ઞાનકા નહીં હૈ.**' એ તો એનો મિથ્યાત્વનો દોષ છે. '**જ્ઞાનકા કાર્ય તો વસ્તુકો જૈસી હો વૈસી બતા દેના હી હૈ,...**' જેવી વસ્તુ છે એવું જણાવે એટલું. '**પીછે પ્રવર્તના તો પુરુષકા કાર્ય હૈ,...**' રાગમાં પ્રવર્તવું કે રાગ છૂટીને જ્ઞાનમાં પ્રવર્તવું એ તો પોતાનું કાર્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગ વિકલ્પ-ભક્તિનો કે ગુણ-ગુણીના ભેદનો, એ વિકલ્પમાં વર્તવું કે વિકલ્પરહિતમાં વર્તવું એ ઉઘાડ થયા પછીનું પુરુષ-આત્માનું આ કાર્ય છે. સમજાણું કાંઈ? એ કાર્ય ન કરે તો જ્ઞાનમાત્રથી કાંઈ આત્માને લાભ છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? આગળ કહેશે નરકમાં પણ શીલ છે. સાતમી નરકે પણ સમકિતીને શીલ છે. કારણ કે વિષયની રુચિ છૂટી ગઈ છે. આસક્તિ હો ભલે પણ રસ ગયો છે. રાગનો રસ ગયો છે. આહાહા..! સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગના રસની રુચિ છે એ જ્ઞાન કુશીલજ્ઞાન છે. એ વિષયમાં જ રક્ત છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આપ તો વધારે સમજાવવાની..

ઉત્તર :- ઘણી વાત તો થઈ ગઈ છે. આ તો ૧૦મી ગાથાનો ભાવાર્થ ચાલે છે ને. શીલની વ્યાખ્યા જુદી જાતની છે.

પોતાનો આનંદસ્વભાવ, એમાં જ્ઞાન રોકાઈને શુદ્ધતા પ્રગટ કરે એને સમ્યગ્દૃષ્ટિનું સુશીલપણું કહેવામાં આવે છે. એવો સ્વવિષયને છોડી ઉઘાડના જાણપણાના મદમાં આવી અને એ વિકલ્પનો જ વિષય, રાગનો જ વિષય બનાવે છે એ કુશીલ જ્ઞાન છે. મિથ્યાત્વીનું જ્ઞાન છે, અજ્ઞાન કુશીલભાવ છે. આહાહા..! રાગને સ્વભાવ સાથે મેળવી અને વ્યભિચારી જ્ઞાન કહ્યું એને. ડોક્ટર! ઝીણી વાત છે, બાપુ! આહાહા..!

રાગ છે એ જ મહાવિષય છે-પર. એના વિષયમાં એકાકાર છે એવું જે જ્ઞાન એને કહે છે કે અજ્ઞાન છે, એ તો કુશીલ છે. સ્વભાવ શુદ્ધની સાથે, રાગની સાથે એણે વ્યભિચાર કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? એ પુરુષનું જ ઊંધુ કાર્ય છે, એમ કહે છે. જાણપણું એનું કામ નથી. એ તો વસ્તુ જણાવી દે એટલું જ. પણ એનો આત્મા રાગના રસની એક્તામાં જે જ્ઞાન પડ્યું એ મિથ્યાત્વીનું જ્ઞાન, મિથ્યાત્વભાવ છે. સૂક્ષ્મ ભાવ છે, ભાઈ! વીતરાગ માર્ગ છે આ તો. વીતરાગમાર્ગ.. રાગને સ્વીકાર કરે અને વીતરાગમાર્ગ થાય એમ ન બને, એમ કહે છે. કેમકે ભગવાનઆત્મા જિનસ્વરૂપ છે. વસ્તુ જિનસ્વરૂપ છે. જિન સો હી હૈ આત્મા. વીતરાગસ્વરૂપે જ આત્મા છે. કારણકે વીતરાગતા પૂર્ણ પ્રગટે ક્યાંથી? અંતરમાંથી. વીતરાગસ્વરૂપ છે તેની રુચિ છોડી અને એનાથી વિરુદ્ધ ચાહે તો ભક્તિનો, દયા, દાનનો, વ્રતનો કોઈપણ વિકલ્પ (હો), એની જેને રુચિ અને દિશામાં એની દશા છે એવી, એની દિશામાં લક્ષ છે એથી એની દશા મિથ્યાત્વની છે. આહાહા..! એય..! આવી વાત છે, બાપા! આહાહા..! શીલમાં તો ગજબ વાત કરી આચાર્યે! લ્યો! કુશીલ અને સુશીલમાં આટલો ફેર હોય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. આ જ્ઞાનસ્વરૂપ ભગવાન... એ રાગની એક્તા સંસાર પ્રકૃતિ છે, એ સંસાર પ્રકૃતિ છે. અને રાગની એક્તા તૂટીને સમ્યગ્દર્શન સ્વભાવનો આશ્રય થઈને થયું, એ મોક્ષ પ્રકૃતિ છે. એટલે કે મોક્ષ દેવાનો એ સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ મારગડા જુદા. વીતરાગ માર્ગ છે આ. વીતરાગ એટલે વસ્તુના સ્વરૂપનો આ માર્ગ છે. વીતરાગ કોઈ પક્ષ-વાડો નથી. સમજાણું કાંઈ?

કહે છે, એ પ્રવર્તવું એટલે શું કહ્યું? કે જાણવાનો ખ્યાલ આવ્યો જ્ઞાન(માં). આત્મામાં વર્તમાન જ્ઞાનની દશામાં ક્ષયોપશમરૂપી પરલક્ષી ખ્યાલ આવ્યો. પણ એ ખ્યાલ કાંઈ ધર્મ નથી. એય..! એ જ્ઞાન પરલક્ષી રાગના વિકલ્પના વ્યભિચાર સાથે જોડાય જાય છે. તેથી તે જ્ઞાનને અજ્ઞાન અને કુશીલ જ્ઞાન, કુ-શીલ, કુ-રસ્તે ગયું એ તો.

ભગવાન! તું કોણ છો? એ તો રાગના વિકલ્પ વિનાની ચીજ છે. એ ચીજનું જ્યાં જ્ઞાન થાય એ તો રાગથી પૃથક્ થઈ જાય. એને વિષયનું એકપણું રહે નહિ. વિષય શબ્દે પરરાગ, એની સાથે એકપણું રહે નહિ. અને એકપણું રહે તો એ જ્ઞાન જ નથી. એ મિથ્યાજ્ઞાન છે. એમ કહે છે. આહાહા..! લ્યો! છે? '**જ્ઞાનકા કાર્ય તો વસ્તુકો જૈસી હો વૈસી બતા દેના હી હૈ,...**' બસ એટલું. હવે, '**પીછે પ્રવર્તના તો પુરુષકા કાર્ય હૈ.**' એટલામાં ભરી દીધું. એ જાણપણાને રાગ સાથે વિષય કરીને એકત્વ થવું કે એ જ્ઞાનને સ્વભાવ સાથે વિષય કરી એકત્વ થવું એ વર્તમાન આત્માનું કાર્ય છે. ઝીણી વાત. રીત છે ને એની. રીત હોય એ આવે ને. માર્ગ તો જે હોય એ આવે. બીજો કાંઈ. આવે દુનિયાને એમ લાગે કે આવું તો ભારે આકરું પડશે સમાજને માટે.

મુમુક્ષુ :- પહેલા તો નક્કી તો કરે પછી હા પાડે.

ઉત્તર :- પણ નક્કી કરવાનું એને સત્ય જ આવું છે.વસ્તુ સત્ત્વ અને સત્‌નું સત્ સ્વરૂપ જ આવું છે. એમાં બીજું એને હળવું કરીને બતાવવું એ વસ્તુ ક્યાં રહી એમાં? આહાહા..! શું થાય? અંતરમાં જ્યાં સુધી ખટખટાટ ઊભો હોય રાગનો, અને માને કે અમે જ્ઞાન છીએ, અમે ધર્મી છીએ, ધર્મ કરીએ છીએ. બાપુ! એ ચીજ બીજી છે.

કહે છે, જાણવામાં આવવા છતાં. એટલી વાત. બસ. ઉઘાડ થયો. પણ હવે એ ઉઘાડ રાગમાં પ્રવર્તવું કે આત્મામાં પ્રવર્તવું સ્વભાવમાં એ પુરુષનું વર્તમાન પર્યાયનું કાર્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! આ બધા વ્યવહારથી કામ થાય, એ બધાને ઉડાડે છે, અહીં મીંડા વાળે છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહાર એ કહે છે ને હમણાં. 'સમયસાર નાટક'. નિશ્ચય કહેશું અને શુદ્ધ વ્યવહાર કહેશું. શુદ્ધ વ્યવહારનો અર્થ એ. સ્વભાવમાં એકાગ્ર થવાની દશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વ્યવહાર છે. 'સમયસાર નાટક'માં બપોરે આવ્યું હતું. બપોરે વંચાય છે એમાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું કીધું પાછું?

મુમુક્ષુ :- શુદ્ધ વ્યવહાર

ઉત્તર :- હા, એ આવ્યું હતું નહિ? અર્થ કર્યો હતો નહિ પરમ દિ'? ૧૬મું. જુઓ!

**कहौ शुद्ध निहचै कथा, कहौं शुद्ध विवहार।**
**मुकतिपंथकारन कहौं अनुभौको अधिकार।।**

પરમ દિ' કહ્યું હતું. ભૂલી ગયા, પંડિતજી! અહીંયાં 'સમયસાર નાટક'માં તો અનુભવનો અધિકાર કહે છે. કહે છે કે અનુભવ શું છે? શુદ્ધ વ્યવહાર છે. વસ્તુ છે શુદ્ધ નિશ્ચય ત્રિકાળ જ્ઞાયકભાવ. એ નિશ્ચય. એ પણ કહેશું. અને '**कहौं शुद्ध विवहार**' શું? '**मुकतिपंथकारन कहौं अनुभौको अधिकार।।**' અનુભવ એ જ મુક્તિનું કારણ છે. બાકી કોઈ મોક્ષનું કારણ અને ધર્મ બીજી ચીજ છે નહિ. આહાહા...!

મુમુક્ષુ :- પરમાર્થ વચનિકામાં એ જ લખ્યું છે ને.

ઉત્તર :- એ જ લખ્યું છે ને. નિશ્ચય તે દ્રવ્ય છે અને વ્યવહાર તે મોક્ષનો માર્ગ છે. મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે એમ કહ્યું છે. પર્યાય સાધવી એ પર્યાય વ્યવહાર છે. આહાહા..! કેવળજ્ઞાન પોતે વ્યવહાર છે, મુક્ત સિદ્ધપદ વ્યવહાર છે. પર્યાય છે ને અવસ્થા? આ તો રાગની ક્રિયા, વ્યવહાર અને એનાથી આત્માનો ધર્મ પમાય. ઊંધા ભાવથી સવળો ભાવ આવે. આવી વાત છે. ઊંધા ઘડામાં ઊંધા રહે બધા. ઘડા સમજો છો ને? ઊંધા રહે છે ને? ઊંધા રહે. સવળામાં સવળા રહે.

'**कहौं अनुभौको अधिकार**' એમ કહ્યું. અનુભવનો અધિકાર અમે 'સમયસાર નાટક'માં કહેશું. કેમકે તે શુદ્ધ વ્યવહાર છે અને તે જ મુક્તિનો પંથ છે. બીજો કોઈ મુક્તિનો પંથ છે નહિ. વ્યવહાર-ફ્યવહાર મોક્ષમાર્ગને ઉડાવી દીધો અહીંયાં. વ્યવહાર મોક્ષમાર્ગ એ કોઈ માર્ગ છે જ નહિ. એક જ મોક્ષમાર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? માણસને અંતર વસ્તુનું માહાત્મ્ય નથી આવતું ને અને બહારના માહાત્મ્ય અનાદિના આવ્યા છે એટલે એમાંથી એને સાંભળતા ખટખટે છે અંદરથી. આહાહા..! આ તો ભારે ઊંચો માર્ગ. ઊંચો નહિ, માર્ગ જ એ છે. ઊંચો અને વળી નીચા બે ભાગ ક્યાં હશે? આહાહા..! શેઠ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- માર્ગ જ આ છે. ત્યાંથી ઉપાડ્યું હતું પરમ દિ'. ભાઈ આવ્યા હતા ને, આપણા કેશુભાઈ.

'**मुकतिपंथकारन कहौं**' મુક્તિપંથનો અર્થ, મુક્તિપંથનું કારણ નહિ પણ મુક્તિપંથ કારણ. મુક્તિપંથરૂપી કારણ અનુભવનો અધિકાર. એ મુક્તિનો પંથ છે. સમ્યગ્દર્શનનો એ માર્ગ છે. ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપ ત્રિકાળી, એનો અંતર આશ્રય લઈને શક્તિમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિનો અંશ નિર્વિકલ્પ રાગ વિનાનો જે ભાવ પ્રગટ થયો એ અનુભવ

અને મોક્ષમાર્ગ છે. એ શુદ્ધ વ્યવહાર છે. કહો, સમજાણું કાંઈ? પછી કીધું ને?

**वस्तु विचार ध्यावतै, मन पावै विश्राम।**
**रस स्वादत सुख ऊपजै, अनुभौ याकौ नाम।।**

આત્માના આનંદના રસનો સ્વાદ આવે એનું નામ અનુભવ, એનું નામ મુક્તિનો પંથ, એનું નામ શુદ્ધ વ્યવહાર, એનું નામ મોક્ષનું કારણ. આહાહા..! રાત્રે કહ્યું હતું નહિ પછી?

**अनुभव चिंतामनि रतन, अनुभव है रसकूप।**
**अनुभव मारग मोखकौ, अनुभव मोख सरुप।।**

પછી આખી વાત નહોતી લીધી. કહો, સમજાણું?

અહીં તો કહે છે કે જાણવું એટલું થયા ઉપરાંત આત્માએ કઈ દિશામાં વળવું છે એ આત્માનું કાર્ય છે, એમ કહે છે મૂળ તો, ભાઈ! જાણવું કામ છે આત્મા એટલું એ તો જણાવ્યું કે આ આત્મા છે. હવે કઈ દિશામાં વળવું એ શ્રદ્ધાનું કાર્ય છે. આમ વળવું કે આમ વળવું એ આત્માનું આ કાર્ય છે એમ કહે છે. આહાહા..! પંડિતજી! આહાહા..! આવો માર્ગ! અલૌકિક વાત છે. લોકોને ખ્યાલમાં મૂળ દ્રવ્ય શું છે અને એ દ્રવ્યમાં અંદર શક્તિ કેટલી અને કેવા પ્રકારની છે એના માહાત્મ્ય આવ્યા નથી ને એટલે પર્યાય ને રાગ ને પુણ્યનું માહાત્મ્ય, ભક્તિ અને વ્યવહારનું માહાત્મ્ય એને ખસતું નથી. સમજાણું કાંઈ? લ્યો! એ થયો ભાવાર્થ.

---

**आगे कहते हैं कि पुरुषको इस प्रकार निर्वाण होता है :–**

## ગાથા-૧૧

**णाणेण दंसणेण य तेवेण चरिएण सम्मसहिएण।**
**होहदि परिणिव्वाणं जीवाण चरित्तसुद्धाणं।।११।।**

**ज्ञानेन दर्शनेन च तपसा चारित्रेण सम्यक्त्वसहितेन।**
**भविष्यति परिनिर्वाणं जीवानां चारित्रशुद्धानाम्।।११।।**

**સમ્યક્ત્વસંયુત જ્ઞાન, દર્શન, તપ અને ચારિત્રથી,**
**ચારિત્રશુદ્ધ જીવો કરે ઉપલબ્ધિ પરિનિર્વાણની. ૧૧.**

**अर्थ :– ज्ञान दर्शन तप इनका सम्क्त्वभावसहित आचरण हो तब चारित्रसे शुद्ध जीवोंको निर्वाणकी प्राप्ति होती है।**

**भावार्थ :– सम्यक्त्वसहित ज्ञान दर्शन तपका आचरण करे तब चारित्र शुद्ध होकर राग–द्वेषभाव मिट जावे तब निर्वाण पाता है, यह मार्ग है।।११।। ( तप = शुद्धोपयोगरूप मुनिपना, यह हो तो २२ प्रकार व्यवहारके भेद हैं।)**

---

## ગાથા-૧૧ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ પુરુષકો ઇસ પ્રકાર નિર્વાણ હોતા હૈ :-'**

**णाणेण दंसणेण य तेण चरिएण सम्मसहिएण।**
**होहदि परिणिव्वाणं जीवाण चरित्तसुद्धाणं।।११।।**

'**सम्मसहिएण**' જોર ત્યાં છે.

'**અર્થ :- જ્ઞાન દર્શન તપ ઇનકા સમ્યક્ત્વભાવસહિત આચરણ હો...**' જોર અહીં છે- સમ્યક્ત્વભાવસહિત. '**सम्मसहिएण**' છે ને? જેનો આત્મા અંતર સ્વભાવ પરમાત્મસ્વરૂપ, એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન પ્રગટ્યું છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યગ્દૃષ્ટિ સહિત જ્ઞાન હો, દર્શન હો, સંયમ એટલે તપ આદિ હો. એ આચરે '**તબ ચારિત્રસે શુદ્ધ...**' ત્યારે સ્વરૂપની રમણતાથી શુદ્ધ થયેલો આત્મા '**શુદ્ધ જીવોંકો નિર્વાણકી પ્રાપ્તિ હોતી હૈ.**' એને મોક્ષની પ્રાપ્તિ થાય છે. '**એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો...**' આ પંથ છે. બીજો કોઈ માર્ગ છે નહિ.

'**ભાવાર્થ :- સમ્યક્ત્વસહિત...**' જુઓ! જોર તો ત્યાં દેવાનું છે. જેને આત્મદ્રવ્ય અખંડ અભેદ પરલક્ષ છોડીને સ્વલક્ષના બંધનમાં સમ્યગ્દર્શન થયું. આહાહા..! અંતરદૃષ્ટિ થતાં સ્વવિષય બનાવતા, સ્વ ધ્યેયને ધ્યાનમાં કરતાં-લેતાં જે સમ્યગ્દર્શન થયું એ સમ્યગ્દર્શન સહિત જ્ઞાન હો, ચારિત્ર હો, તપ હો, ઇચ્છા નિરોધ આદિ એ ભાવ '**જ્ઞાન દર્શન તપકા આચરણ કરે તબ ચારિત્ર શુદ્ધ હોકર...**' લ્યો! પણ સમ્યગ્દર્શનસહિત હોય તો ચારિત્ર શુદ્ધ. નહિતર ચારિત્ર-ફારિત્ર શુદ્ધ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**રાગ-દ્વેષભાવ મિટ જાવે...**' સમ્યગ્દર્શન એટલે આખું દ્રવ્ય વીતરાગભાવ, વસ્તુ આખી વીતરાગભાવનો પિંડ છે. એની દૃષ્ટિ થતાં વીતરાગ દૃષ્ટિ થઈ. એ સમ્યગ્દર્શન. અને એ વીતરાગદૃષ્ટિ થઈ એટલે પછી વીતરાગતા સ્થિરતા થઈ. એ હોય તો સ્થિરતા થાય એમ કહે છે. વીતરાગી સ્વરૂપ ત્રિકાળી, એવું દૃષ્ટિમાં આવ્યું ત્યારે એ વીતરાગી સમકિત થયું. અને એવા સમકિતીને હવે સ્થિરતા વીતરાગભાવ અંદર પરિપૂર્ણ છે, એને સમ્યગ્દર્શનના ભાનસહિત સ્થિરતા પ્રગટ થાય છે ત્યારે એ ચારિત્ર છે. એ વીતરાગ ચારિત્ર છે. એની મુક્તિ થાય છે. એવા જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંતને મુક્તિ હોય છે. લ્યો! સમજાણું કાંઈ?

'**નિર્વાણ પાતા હૈ, યહ માર્ગ હૈ.**' આ માર્ગ છે. જેના ધ્યેય ધ્યાનમાં ઠર્યા નથી, કહે છે કે જેના ધ્યાનમાં રાગનું ધ્યેય છે, એ મિથ્યાદૃષ્ટિને સમ્યગ્દર્શન નથી એટલે જ્ઞાન અને ચારિત્ર એને હોઈ શકતું નથી, એમ કહે છે. જેના ધ્યેય પલટી ગયા છે, અંદર વસ્તુનું ધ્યેય બનાવીને ધ્યાન કર્યું છે અને સમ્યગ્દર્શન થયું છે એના હવે જ્ઞાન, ચારિત્ર, ઇચ્છા નિરોધ તપ આદિથી ચારિત્રની શુદ્ધિ થતાં વીતરાગભાવમાં વૃદ્ધિ કરતાં મુક્તિને પામે છે. આહાહા..! માળો પણ અનાદિનો ઓશિયાળો છે ને. કો'ક આપી દે જાણે ક્યાંકથી.

મુમુક્ષુ :- એ તો બહુ ગમે.

ઉત્તર :- બહુ ગમે. કો'ક આપી દે. કો'કની કૃપા થઈ જાય. ભગવાન આપી દે, ગુરુ આપી દે, શાસ્ત્ર આપી દે કાંઈક.

મુમુક્ષુ :- ધબો મારીને આપે.

ઉત્તર :- ધબ્બો મારે. ધર્મ તો નહોતા આપતા. એ તો રોગ માટે કહેતા. લોકો કહેતા. હવે એને રોગ પોતાને થયો અંદર. કિડનીનો રોગ થયો અને હુમલો આવ્યો એક તો લઈ ગયા ત્યાં હોસ્પિટલમાં ગુજરી ગયા બીજા હુમલે. હોસ્પિટલમાં. 'સ્વામિનારાયણ'માં નહિ હમણાં એક યોગી હતા ને મોટા ... ગુજરી ગયા પરમ દિ'. આજે બાળવાના હતા.

મુમુક્ષુ :- ના, બાળી દીધા. છાપામાં આવી ગયું ને. ગઈ કાલે

ઉત્તર :- એમ! છાપામાં એમ હતું. જયહિન્દમાં સોમવારે બાળવાના હતા.

મુમુક્ષુ :- ફૂલછાબમાં આવી ગયું, બાળ્યા.

ઉત્તર :- બાળ્યા. ઓલા નહિ આવ્યા હોય. ત્યાંથી આવવાના હતા.

મુમુક્ષુ :- આવી ગયા આફ્રિકામાંથી.

ઉત્તર :- એમ. આવી ગયા.

મુમુક્ષુ :- લગભગ એક લાખ માણસો ભેગું થયું.

ઉત્તર :- ઓહો..!

મુમુક્ષુ :- ૬૦-૭૦ હજાર.

ઉત્તર :- ઈ તો કહેવાય બહાર. ૪૦-૫૦ હજાર હોય તો લાખ કહેવાય. એ ત્યાં ક્યાં ગણવા હતા? હવે એની સાથે શું સંબંધ છે? સંખ્યા ભેગી જાજી થાય ને... આ તત્ત્વનું જ્યાં ભાન નથી ત્યાં બધું થોથે થોથા છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો ત્રણલોકના નાથ તીર્થંકરને સ્વીકારે અને માને તો પણ વિકલ્પ છે. એનાથી કલ્યાણ થાય નહિ. કારણ કે દિશા ફેર છે એની. પરદ્રવ્ય ઉપર લક્ષ છે એનું. મોક્ષનો માર્ગ તો સ્વદ્રવ્યના આશ્રયે થાય છે. મોટો ફેર. બહુ ફેર. જૈન સંપ્રદાયમાં તત્ત્વ આવું સત્ય છે એની પણ એને હજી ખબર ન મળે. બીજામાં તો છે જ ક્યાં? વાત .. ક્યાં છે. ગપ્પેગપ્પ ઊંધા માર્યા છે બધાએ. એ ૧૧મી કરી.

आगे, इसीको शीलकी मुख्यता द्वारा नियमसे निर्वाण कहते हैं :–

## ગાથા-૧૨

सीलं रक्खंताणं दंसणसुद्धाणं दिढचरित्ताणं।
अत्थि धुवं णिव्वाणं विसएसु विरत्तचित्ताणं।।१२।।

शीलं रक्षतां दर्शनशुद्धानां दृढ़चारित्राणाम्।
अस्ति ध्रुवं निर्वाणं विषयेषु विरक्तचित्तानाम्।।१२।।

જે શીલને રક્ષે, સુદર્શનશુદ્ધ, દઢચારિત્ર જે,
જે વિષયમાંહી વિરક્તમન, નિશ્ચિત લહે નિર્વાણને. ૧૨.

अर्थ :– जिन पुरुषोंका चित्त विषयोंसे विरक्त है, शीलकी रक्षा करते हैं, दर्शनसे शुद्ध हैं और जिनका चारित्र दृढ़ है ऐसे पुरुषोंको ध्रुव अर्थात् निश्चयसे–नियमसे निर्वाण होता है।

भावार्थ :– विषयोंसे विरक्त होना ही शीलकी रक्षा है, इसप्रकारसे जो शीलकी रक्षा करते हैं उनहीके सम्यग्दर्शन शुद्ध होता है और चारित्र अतिचाररहित शुद्ध–दृढ़ होता है, – ऐसे पुरुषोंको नियमसे निर्वाण होता है। जो विषयोंमें आसक्त हैं, उनके शील बिगड़ता है तब दर्शन शुद्ध न होकर चारित्र शिथिल हो जाता है, तब निर्वाण भी नहीं होता है, इसप्रकार निर्वाणमार्गमें शील ही प्रधान है।।१२।।

## ગાથા-૧૨ ઉપર પ્રવચન

**'આગે ઈસીકો શીલકી મુખ્યતા દ્વારા નિયમસે નિર્વાણ કહતે હૈં :–'** મોક્ષમાર્ગને.

सीलं रक्खंताणं दंसणसुद्धाणं दिढचरित्ताणं।
अत्थि धुवं णिव्वाणं विसएसु विरत्तचित्ताणं।।१२।।

**'અર્થ :– જિન પુરુષોંકા ચિત્ત વિષયોંસે વિરક્ત હૈ,...'** વિરક્તનો અર્થ પરવિષયની દૃષ્ટિ છૂટી ગઈ છે. રાગનો વિકલ્પ છે એ વિષય છે પર. એનાથી જે વિરક્ત છે. જે રાગમાં રક્ત હતો એ મિથ્યાત્વભાવ અને સંસાર હતો. એ રાગનું રક્તપણું છૂટીને સ્વરૂપમાં રક્ત થયો એ વિષયથી વિરક્ત છે. સમજાણું કાંઈ? વિષય શબ્દે પરપદાર્થ. વિકલ્પથી માંડીને પર બધુંય. એમાંથી જે વિરક્ત છે. વિકલ્પની બુદ્ધિમાંથી રુચિ ખસી ગઈ છે. અને સ્વવિષય બનાવીને જેણે આત્મામાં એકાગ્રતા, સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે, તેનું ચિત્ત પરથી મન પાછું વળી ગયું છે. ખરેખર તો ધર્મીને એમ કહે છે કે વ્યવહારથી પણ મુક્ત થઈ ગયો છે એ. ત્યારે વિષયથી વિરક્ત થયો કહેવાય. વ્યવહાર કયો? આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવા વિકલ્પો,

એનાથી વિરક્ત થયો છે. એ પડખેથી ખસી ગયો છે. વસ્તુના પડખે ચડી ગયો છે એ વિષયથી વિરક્ત છે. બહારના વિષય છોડો, મૂકો વાતું થયા કરે. આહાહા..! એ વાત અહીં નથી.

અહીં તો સ્વવિષયમાં લીન, પરવિષયમાં લીન-બેની વાત છે. સમજાણું? શીલની વ્યાખ્યા જ એવી કરી છે. '**વિષયોંસે વિરક્ત હૈ, શીલકી રક્ષા કરતે હૈં,...**' જુઓ! એને શીલ રાખે છે. રાગરહિત દશાને દૃષ્ટિ સહિત રાખે છે. શું કીધું? આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ વીતરાગ પરમાત્મસ્વરૂપ છે. કેમકે આત્મા પરમાત્મા વીતરાગપણે સર્વજ્ઞપણે થાય છે, એવું જ સર્વજ્ઞ અને વીતરાગપણું આત્મામાં પડ્યું છે. એ કાંઈ બહારથી આવતું નથી. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર અને વીતરાગ પરમાત્મા થયા એ તો પર્યાયમાં-હાલતમાં-દશામાં થયા. પણ એ દશા થઈ ક્યાંથી? એવડી મહા સર્વજ્ઞ વીતરાગદશા આવી ક્યાંથી? પોતે જ સર્વજ્ઞ અને વીતરાગસ્વરૂપી આત્મા છે.

ભગવાનઆત્મા સર્વજ્ઞ અને વીતરાગસ્વરૂપી છે. એની જ્યાં દૃષ્ટિ થઈ, (ત્યાં) વિષયથી વિરક્ત થઈ ગયો કહે છે. સમજાણું કાંઈ? પરવિષયથી નિવૃત્ત થઈ ગયો છે. વ્યવહારના વિકલ્પથી દયા, દાન, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા રાગ એનાથી વિરક્ત થયો છે. સમજાણું કાંઈ? ભારે! આવી વ્યાખ્યા જગતને કઠણ પડે. બાપુ! માર્ગ તો એ છે. જ્યાં આગળ રાગના રસમાં રુચિ છે એ વિષયમાં રક્ત છે. પરવિષયમાં રક્ત છે. અનાદિનો છે એની એ દશા છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, '**પુરુષોંકા ચિત્ત વિષયોંસે વિરક્ત હૈં, શીલકી રક્ષા કરતે હૈં,...**' એની સાથે જે રાગરહિત દશા જે રાખે છે, વીતરાગભાવ પ્રગટ્યો છે એને રાખે છે એમ કહે છે. આહાહા..! સમ્યગ્દર્શન સહિતની વાત છે આ. '**દર્શનસે શુદ્ધ હૈં...**' એ સમ્યગ્દર્શનથી શુદ્ધ છે. '**ઔર જિનકા ચારિત્ર દૃઢ હૈ...**' હવે સ્વરૂપમાં રમણતાની ચારિત્ર(દશા) વધી ગઈ છે પાછી આગળ. માર્ગ એવો છે, ભગવાન! શું થાય પણ? માણસને બહારની આડે નવરો થાતો નથી અને બહુ નવરો થાય તો ઓલા પુણ્યના પરિણામ કરે તો ધર્મ થઈ ગયો મારે. (એમ માને).

મુમુક્ષુ :- શાસ્ત્રમાં પુણ્ય ધર્મ કીધો છે.

ઉત્તર :- એ ધર્મ એટલે પુણ્ય ધર્મ એટલે વ્યવહાર ધર્મ. વ્યવહારધર્મ એટલે ધર્મ નહિ તેને ધર્મ કહેવો એનું નામ વ્યવહારધર્મ.

મુમુક્ષુ :- .. લાંબુ બહુ થઈ ગયું.

ઉત્તર :- પણ વ્યવહારના લક્ષણ જ ઈ છે. જે જેનું સ્વરૂપ નથી તેને તે રીતે કહેવું એનું નામ વ્યવહાર. આવે છે કે નહિ? 'મોક્ષમાર્ગ પ્રકાશક' 'ટોડરમલજી'. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પરમ આનંદ અને અતીન્દ્રિય આનંદનો રસકંદ છે આત્મા. એ પરમાનંદના રસના કંદમાં એકાકાર થઈને જે શુભ-અશુભ પરિણામના રાગથી વિરક્ત થઈને અને સ્વભાવમાં લીન થઈને જે પરિણામ પ્રગટ થાય શુદ્ધોપયોગ, તેને ભગવાન ધર્મની શરૂઆત અને સંવર કહે છે. એને પાપ અટક્યા. સંવરવું એટલે અટકી જવું. સમજાણું કાંઈ?

આહાહા..! જો ઉપયોગ સ્વરૂપ ધરી. એમ. જે આત્માના જાણવા-દેખવાના પરિણામરૂપી શુદ્ધ ઉપયોગને ધારે, પોતે ધારે એમ કહે છે. કર્મનો અભાવ થાય અને ધારે એમ છે નહિ. આહા..! કહો, સમજાણું કાંઈ? અહીં તો કહે, ભગવાનની ભક્તિ કરો તમારે નિર્જરા થાશે, પુણ્ય થાશે. ખૂબ ધૂન લગાવો ભગવાનની ભક્તિની. ભગવાન તો પરદ્રવ્ય છે. એની ભક્તિનો વિકલ્પ એ તો રાગ છે. એમાં ધૂન લગાવીને કર્તાપણું થાય તો મિથ્યાત્વ છે. આવી વ્યાખ્યા જગતને કઠણ પડે. બાપુ! માર્ગ તો એ છે. જ્યાં આગળ રાગના રસમાં રુચિ છે તે વિષયમાં રત છે. પર વિષયમાં રત છે. અનાદિનો છે એની એ દશા છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, '**પુરુષોંકા ચિત્ત વિષયોંસે વિરક્ત હૈ, શીલકી રક્ષા કરતે હૈં,...**' એની સાથે જે રાગરહિત દશા રાખે છે. વીતરાગભાવ પ્રગટ્યો છે એને રાખે છે એમ કહે છે. આહાહા..! સમ્યગ્દર્શન સહિતની વાત છે આ. '**દર્શનસે શુદ્ધ હૈં...**' એ સમ્યગ્દર્શનથી શુદ્ધ છે. '**ઔર જિનકા ચારિત્ર દૃઢ હૈ...**' હવે સ્વરૂપમાં રમણતાની ચારિત્ર(દશા) વધી ગઈ છે પાછી આગળ. એ પણ શીલની ઉત્કૃષ્ટતા છે. ચારિત્ર એ શીલની ઉગ્રતા છે. ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન (પ્રગટ થઈને) અને રાગની એક્તા તૂટીને જે સ્વરૂપમાં સ્થિરતારૂપી શીલ પ્રગટ્યું છે એ જઘન્ય પદે શીલ છે અને ચારિત્ર છે એ ઉત્કૃષ્ટ પદે શીલ છે. સ્થિરતા, રમણતા, વીતરાગતા જામી છે જ્યાં, એ ઉત્કૃષ્ટ શીલ છે. સમજાણું કાંઈ? અરે..! વાતું ભારે! મોટી મોટી વાતું કરે પણ સવળો રસ્તો ન બતાવે, વળી એમ કહે છે એક જણો. માર્ગ જ આ છે, ભાઈ! શું થાય? તારો સત્સાહેબો જ એવડો છે. સત્ વીતરાગ સર્વજ્ઞસ્વભાવી, વીતરાગભાવી એવો તારો સ્વભાવ છે. એને જેણે ધ્યેય બનાવ્યું અને પર્યાય અને રાગનું ધ્યેય છૂટી ગયું એને નિયમથી શીલ છે. સુશીલ છે. આગળ વધતાં ઉગ્રશીલ પ્રગટ્યું-સ્થિરતા-વીતરાગતા. એમ કહે છે.

'**દર્શનસે શુદ્ધ હૈં ઔર જિનકા ચારિત્ર દૃઢ હૈ...**' એને સ્વરૂપમાં સ્વવિષય બનાવ્યો છે દર્શને, એમાં જે ઠરે છે. શુદ્ધતાના આનંદના ચારિત્રમાં ઠરે છે. એને દૃઢ ચારિત્ર મુક્તિનું કારણ થાય છે. આવા ભાન વિનાના વ્રત ને ફ્તને લઈને બેસે (અને માને કે) ચારિત્ર છે, એ બધા એકડા વિનાના મીંડા છે, એમ કહે છે. આહાહા..! '**જિનકા ચારિત્ર દૃઢ હૈ ઐસે પુરુષોંકો ધ્રુવ નિશ્ચયસે-નિયમસે નિર્વાણ હોતા હૈ.**' ચોક્કસ એને કેવળજ્ઞાન થઈ પરમાનંદની પ્રાપ્તિ થશે. બીજા કોઈ ઉપાયે નહિ, એમ કહે છે. વ્રત ને તપ ને ફલાણા એવા વિકલ્પની લાગણીથી મુક્તિ-ફુક્તિ નથી. એનાથી સંસારબંધન થઈ સ્વર્ગાદિમાં જાય, ધૂળમાં જાય. સમજાણું કાંઈ? '**અત્થિ ધુવ**' એમ કીધું ને? ચોક્કસ એને મુક્તિ પ્રાપ્ત થશે. જેને મુક્તસ્વરૂપ એવો ભગવાનઆત્મા, નિમિત્તથી તો રહિત છે, રાગથી રહિત છે, ખરેખર તો એક સમયની પર્યાયથી પણ ત્રિકાળી ધ્રુવ છે એ વસ્તુ .. રહિત છે. એનો જેણે આશ્રય કર્યો, વિષય બનાવ્યો ધ્યાનમાં ધ્યેય બનાવીને, એને સમ્યગ્દર્શનની સ્થિરતાના અંશ સહિતનું શીલપણું પ્રગટ્યું છે. આગળ વધતાં એ શીલ ઉગ્રપણાને પામે છે, એ રમણતામાં ચારિત્રની ઉગ્રતા. ચારિત્ર મુક્તિનું કારણ. સમજાણું કાંઈ? શું માર્ગ છે એ સમજવાનો વખત ન મળે. પ્રભુ મહાચૈતન્ય ભગવાન વીતરાગ સ્વભાવી બિરાજમાન પ્રભુ અનાદિઅનંત આત્મા છે. નથી ..

આમાં સુધાર્યું છે? ૧૨મી ગાથા. બીજું પદ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, તો એ બરાબર છે. '**अस्ति ध्रुवं**' પહેલામાં .. છે. સંસ્કૃતમાં '**अत्थि धुव**' નીચે અસ્તિ કર્યું છે. ત્યાં '**अत्थि**' કર્યું, અહીં .. કર્યું. '**अस्ति ध्रुवं निर्वाणं विषयेषु विरक्तचित्तानाम्**' જેણે પર વિષયનું લક્ષ છોડી દીધું છે. વિષય શબ્દે રાગાદિ પુણ્યાદિ બધા. એને સ્વલક્ષ થયું છે એવા શીલવંતપુરુષને એ સમકિતી શીલવંત છે. ભલે વિષયની આસક્તિ હોય છતાં એ સમ્યગ્દર્શન એ પોતે શીલસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- વિષયોંસે વિરક્ત હોના હી શીલકી રક્ષા હૈ,...**' દેખો! એ રાગથી એક્તા તૂટવી અને સ્વરૂપમાં દૃષ્ટિ થવી એ જ શીલની રક્ષા છે. આહાહા..! એકલા શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ શીલ નહિ. એ તો વિકલ્પ છે.

મુમુક્ષુ :- શીલ તો દેવલોક આપે.

ઉત્તર :- દેવલોક આપે એમાં શું ધૂળ થઈ? દેવલોક એટલે શું? પૃથ્વીનો લોક. આત્મલોક આપે? 'ચંદુભાઈ'! બસ, થઈ રહ્યું ત્યારે.

મુમુક્ષુ :- ... એ વાત સાચી છે. એમ બતાવીને એની રુચિ છોડાવવા માગે છે.

ઉત્તર :- એનો અર્થ કે એટલો પહેલો એનો પ્રેમ તો છોડ. એમ છે. એમાંથી તને લાભ થશે સ્વર્ગનો એમ બતાવવું નથી ત્યાં. 'જે નવ વાડ વિશુદ્ધથી...' આવે છે ને? '...'ને અર્થ જ એ છે કે સ્વરૂપની દૃષ્ટિ થઈને સ્થિરતા થઈને આવું બ્રહ્મચર્ય પાળે એની વાત છે ત્યાં. ઓલું તો નવ વાડે અનંત વાર પાળ્યા. પણ જે નવ વાડ વિશુદ્ધથી. સમજાય છે કાંઈ? અંદર શુદ્ધ ચૈતન્ય દ્રવ્યનો આશ્રય કરીને જેણે બ્રહ્મચર્ય પાળ્યા છે, 'ભવ તેનો ...પછી રહે.' એકાદ-બે ભવ બાકી હોય રાગાદિ. મુક્તિ જ થવાની છે એની. આહાહા..!

પણ જેને અંતર હૃદયમાં રાગનો પ્રેમ છે તેને ભોગનો જ પ્રેમ છે, વિષયનો જ પ્રેમ છે, પરદ્રવ્યનો જ પ્રેમ છે. આહાહા..! રાગનું ફળ પુણ્ય અને પુણ્યના ફળમાં ધૂળ મળશે આ સંયોગ. એમાં રસ એકાકાર થઈ જશે, મીઠાશ. જેને ભોગ અને વિષયની.. ભોગ બહારનો છોડ્યો છતાં એમાં મીઠાશ લાગે છે, એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ સુંદર રૂપાળું શરીર, સુંદર સ્ત્રી, સુંદર અભિનંદન વાણી. વખાણ કરે છે ને? અભિનંદન આપે છે ને? કેટલા અભિનંદન ઉતાર્યા છે અહીં. 'શાંતિભાઈ'એ કર્યું છે? કોણે કર્યું આ બધું? 'શાંતિભાઈ'ના ... છે ને. 'રામજીભાઈ'ના વખતથી ચાલ્યું છે પણ 'રામજીભાઈ' ક્યાં કરવા ગયા હતા? આ અભિનંદનનું કર્યું છે કોણે? 'શાંતિભાઈ'એ? જુઓ! એણે .. કર્યા હતા. પેલા 'શાંતિભાઈ' કરતાને બધું. હવે અહીં પડ્યા છે. આહાહા..! અરે..! કોના અભિનંદન, બાપા! પોતે પોતાના આનંદને અભિનંદે એ અભિનંદન છે. બાકી ધૂળધાણી બધી વાતું છે.

કહે છે કે જેને બહારના શબ્દોમાં રસ છે એ વ્યભિચારી છે, મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. જેને આત્માના આનંદના રસનો સ્વાદ નથી અને રસનું ભાન નથી અને પરના રસને રસ્તે ચડી ગયો છે. ચાહે તો વિષય ભોગવતો ન હોય, બાળ બ્રહ્મચારી હોય છતાં તે વ્યભિચારી છે. આહાહા..! 'પ્રેમચંદભાઈ'! માર્ગ આવો છે, ભાઈ! વસ્તુની સ્થિતિ એવી છે. એય..! ...

આહાહા..! આચાર્યે શીલપાહુડ કરીને તો ગજબ વાત કરી છે!

**'શીલકી રક્ષા કરતે હૈં ઉનહીકે સમ્યગ્દર્શન શુદ્ધ હોતા હૈ...'** લ્યો! શું કહે છે? જેને સ્વભાવની એક્તાની દશા છે તેને સમ્યગ્દર્શન શુદ્ધ છે. જેને સમ્યગ્દર્શન છે તેને સ્વભાવની એક્તાદશા શીલરૂપ હોય જ છે એમ કહે છે. ચારિત્ર પછી. પાંચમા-છઠ્ઠાની અહીં વાત નથી. બ્રહ્મસ્વરૂપ આત્મા બ્રહ્માનંદ ભગવાનઆત્મા, એનો બ્રહ્મઆનંદનો આનંદ જેને દૃષ્ટિમાં આવ્યો છે એ આનંદમાં મશગુલ છે અંતરદૃષ્ટિમાં, એને શીલ છે. એને શીલ કહેવામાં આવે છે. આહાહા..! 'નવલભાઈ'! આવો માર્ગ છે. કાયરના કાળજા કંપે એવું છે. 'વચનામૃત વીતરાગના...' આવે છે ને? 'પરમ શાંત રસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' આહાહા..! રાગના પ્રેમીલા કાયરોને આ માર્ગ આકરો લાગે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ભ્રમણા હજી પરમાં રસ છે. એને આત્માનો રસ ક્યાંથી આવશે? ભ્રમ છે એને કે પરમાં સુખ છે, રાગમાં સુખ છે, પુણ્યમાં સુખ છે. આહાહા..! આ ત્રિલોકનાથ તીર્થંકરની ભક્તિમાં સુખ છે. એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. એમ કહે છે. અહીં કારણ કે એ તો વિકલ્પ છે, વિકલ્પ છે તે રાગ છે, રાગ છે તે દુઃખ છે, દુઃખ છે તે ઝેર છે. 'જયંતિભાઈ'! ભારે આકરો માર્ગ પણ ભાઈ. માર્ગ જ આ છે, ભાઈ! ચૈતન્યપ્રભુ ભગવાન અનાકુળ અનંત શાંતિ આનંદના રસનો કંદ છે એ. એનો રસ જ્યાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન અને શીલપણું કહેવામાં આવે છે. પછી ભલે ચોથે ગુણસ્થાને હોય.

મુમુક્ષુ :- નરકમાં ભલે ને હોય.

ઉત્તર :- અરે..! નરકમાં. સાતમી નરકનો નારકી. સમકિત લઈને જાય નહિ અને સમકિત લઈને નીકળે નહિ. પણ ત્યાં સમકિત ઉત્પન્ન થાય એને પણ ત્યાં શીલ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'શીલકી રક્ષા કરતે હૈં ઉનહીકે સમ્યગ્દર્શન શુદ્ધ હોતા હૈ...'** સ્વવિષયમાં જેની એક્તા વર્તે છે એને સમ્યગ્દર્શન શુદ્ધ હોય. એમ. આહાહા..! રાગમાં જેની એક્તા વર્તે છે એને મિથ્યાત્વની પ્રાપ્તિ હોય. આહાહા..! ભારે વાત. નવા માણસને તો આ એવા લાગે, ઘા જેવા લાગે જાણે. આવો માર્ગ હશે? સત્યનું સ્વરૂપ જ એવું છે. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવે કહેલું અને એમ છે. કહે છે કે **'ઔર ચારિત્ર અતિચારરહિત શુદ્ધ-દૃઢ હોતા હૈ,-ઐસે પુરુષકો નિયમસે નિર્વાણ હોતા હૈ.'** એવો દૃઢ સમ્યગ્દર્શનમાં શીલવાળો જીવ આગળ વધીને સ્વરૂપમાં વિશેષ લીનતારૂપી શીલ-ચારિત્ર પ્રગટ કર્યું છે, એને મુક્તિ થાશે. નિશ્ચયથી એને મુક્તિ છે. દ્રવ્ય મુક્તસ્વરૂપનો અનુભવ થયો એની પર્યાયમાં મુક્તિ થવાની જ છે. એમ કહે છે. આહાહા..!

**'જો વિષયોંમેં આસક્ત હૈં, ઉનકે શીલ બિગડતા હૈ તબ દર્શન શુદ્ધ ન હોકર...'** જુઓ! વિષય એટલે રાગમાં જ્યાં એક્તા છે તેનું શીલ બગડે. તે આત્માનો સ્વભાવ બગડ્યો. **'તબ દર્શન શુદ્ધ ન હોકર...'** એને સમકિત ન હોય. આહાહા..! **'ચારિત્ર શિથિલ હો જાતા હૈ,...'** સ્વરૂપમાં પણ સ્થિરતા એને હોય નહિ. ચારિત્ર ન હોય એમ કહેવું છે. શિથિલ એટલે

ચારિત્ર હોય નહિ. **'તબ નિર્વાણ ભી નહીં હોતા હૈ, ઈસપ્રકાર નિર્વાણમાર્ગમેં શીલ હી પ્રધાન હૈ.'** મોક્ષના માર્ગમાં તો શીલ જ પ્રધાન છે. સમ્યગ્દર્શન એ શીલ છે. સમ્યગ્જ્ઞાન એ સ્વ તરફ વળેલું એ પણ શીલ છે. સમ્યક્ ચારિત્ર એટલા અંશે ચોથે પ્રગટે છે. આ બધા ના પાડે છે ને. અહીં તો હા પાડે છે. ચોથે શીલ છે એમ કહે છે. શું થાય એને બેઠું ન હોય. એવું આકરું લાગતું હોય કે અરે..! આવું સમ્યગ્દર્શન! સમ્યગ્દર્શનમાં એને સ્વરૂપની સ્થિરતા શાંતિ? પણ શાંતિ આવે એ સ્વરૂપની સ્થિરતા છે એ શાંતિ છે. એટલે ચારિત્રનો ભાગ (છે). ભલે ઓલું સંયમનું ચારિત્ર ન હોય. એ તો પહેલી વાત કરી છે સમકિતની. પછી સંયમરૂપી ચારિત્ર સ્વરૂપમાં ઠરવાની જે દશા એ ઉગ્ર વધી ગયું એ ચારિત્ર છે. એને મુક્તિ પ્રાપ્ત થાય છે. **'માર્ગમેં શીલ હી પ્રધાન હૈ.'**

---

**आगे कहते हैं कि कदाचित् कोई विषयोंसे विरक्त न हुआ और 'मार्ग' विषयोंसे विरक्त होनेरूप ही कहता है, उसको मार्गकी प्राप्ति होती भी है परन्तु जो विषय-सेवनको ही 'मार्ग' कहता है तो उसका ज्ञान भी निरर्थक है :-**

## ગાથા-૧૩

**विसएसु मोहिदाणं कहियं मग्गं पि इट्ठदरिसीणं।**
**उम्मग्गं दरिसीणं णाणं पि णिरत्थयं तेसिं।।१३।।**

**विषयेषु मोहितानां कथितो मार्गोऽपि इष्टदर्शिनां।**
**उन्मार्ग दर्शिनां ज्ञानमपि निरर्थकं तेषाम्।।१३।।**

**છે ઈષ્ટદર્શી માર્ગમાં, હો વિષયમાં મોહિત ભલે,**
**ઉન્માર્ગદર્શી જીવનું જે જ્ઞાન તેય નિરર્થ છે. ૧૩.**

**अर्थ :- जो पुरुष इष्ट मार्गको दिखानेवाला ज्ञानी हैं और विषयोंसे विमोहित हैं तो भी उनको मार्गकी प्राप्ति कही है, परन्तु जो उन्मार्गको दिखानेवाले हैं उनको तो ज्ञानकी प्राप्ति भी निरर्थक है।**

**भावार्थ :- पहिले कहा था कि ज्ञानके और शीलके विरोध नहीं है। और यह विशेष है कि ज्ञान हो और विषयासक्त होकर ज्ञान बिगड़े तब शील नहीं है। अब यहाँ इस प्रकार कहा है कि-ज्ञान प्राप्त करके कदाचित् चारित्रमोहके उदयसे (-उदयवश) विषय न छूटे वहाँ तक तो उनमें विमोहित रहे और मार्गकी प्ररूपणा करे विषयोंके त्यागरूप ही करे उसको तो मार्गकी प्राप्ति होती भी है, परन्तु जो मार्गहीको कुमार्गरूप प्ररूपण करे विषय-सेवनको सुमार्ग बतावे तो उसकी तो ज्ञान-प्राप्ति भी निरर्थक ही है, ज्ञान प्राप्त करके भी मिथ्यामार्ग प्ररूपे उसके ज्ञान कैसा? वह ज्ञान मिथ्याज्ञान है।**

**यहाँ यह आशय सूचित होता है कि–सम्क्त्वसहित अविरत सम्यग्दृष्टि तो अच्छा है क्योंकि सम्यग्दृष्टि कुमार्गकी प्ररूपणा नहीं करता है, अपनेको (चारित्रदोषसे) चारित्रमोहका उदय प्रबल हो तब तक विषय नहीं छूटते हैं इसलये अविरत है, परन्तु जो सम्यग्दृष्टि नहीं है और ज्ञान भी बड़ा हो, कुछ आचरण भी करे, विषय भी छोड़े और कुमार्गका प्ररूपण करे तो वह अच्छा नहीं है, उसका ज्ञान और विषय छोड़ना निरर्थक है, इस प्रकार जानना चाहिये।।१३।।**

## ગાથા-૧૩ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ કદાચિત્ કોઈ વિષયોંસે વિરક્ત ન હુઆ...**' આ બીજી શૈલી પાછી લીધી. ઓલો વિરક્ત થયો એ રાગની રુચિથી વિરક્ત થયો, એમ હતું. અહીં આસક્તિથી વિરક્ત નથી એમ લેવું છે હવે. '**આગે કહતે હૈં કિ કદાચિત્ કોઈ વિષયોંસે વિરક્ત ન હુઆ...**' આ વિરક્તિ વિરક્તિના બે ભેદ. એક પરવિષય રાગાદિ છે એનાથી બહાર છૂટ્યો નથી એ મિથ્યાદષ્ટિ. હવે પરવિષયથી છૂટ્યો છે પણ એની આસક્તિ છૂટી નથી.

મુમુક્ષુ :- ચારિત્રની...

ઉત્તર :- ચારિત્રની... સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આસક્તિનો મતલબ ...

ઉત્તર :- આ રાગ છે ને. આસક્તિ ચારિત્રની. ચારિત્રમોહમાં નિમિત્તમાં જોડાવાથી રાગ, વિષયભોગની વાસના છે. સમકિતી છે, જ્ઞાની છે, વાસના છે. એને માર્ગ બતાવતા નથી. દોષ છે, અધર્મ છે. સમજાણું કાંઈ?

'**વિરક્ત ન હુઆ ઔર માર્ગ વિષયોંસે વિરક્ત હોનેરૂપ હી કહતા હૈ,...**' દેખો! માર્ગ તો એમ બતાવે છે કે એ પર જે આસક્તિ છે એનું લક્ષ છોડીને સ્વરૂપમાં ઠરશે ત્યારે મુક્તિ થશે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું એટલે મુક્તિ થશે એમ નહિ. એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું વિકલ્પના ભાગ રહિત એકલો નિર્વિકારી ભાગ વીતરાગ રહી જાય છે. તેનો આશ્રય કરીને જે દષ્ટિ થઈ એ શીલ થયું. એ તો વિષયથી એટલે પર રાગાદિ વ્યવહારના વિષયથી વિરક્ત થયો. દષ્ટિની અપેક્ષાએ. પણ હજી આસક્તિ છોડી નથી. પણ છતાં માર્ગ તો છે એ બતાવે છે. એમ નહિ કે આ ભોગ છે એ અમારે નિર્જરાનું કારણ છે. સમકિતીને ભોગ આવે છે ને શાસ્ત્રમાં? એય..! સમ્યગ્દષ્ટિનો ભોગ નિર્જરાનો હેતુ છે. એમ ન હોય, સાંભળને. આસક્તિ તો આસક્તિ જ છે. દોષ તે દોષ જ છે.

મુમુક્ષુ :- બંધનું જ કારણ છે.

ઉત્તર :- બંધનું જ કારણ છે. લખે છે ને ઓલો રજનીશ. ભોગાનંદમાં બ્રહ્માનંદ છે. ધૂળેય નથી, ઝેર છે. સાંભળને! આવું ઊંધું ક્યાંથી? એય..! તમારો રજનીશ કહેતો હતો એકવાર. પૂર્વની અપેક્ષાએ. આ તો પૂર્વના.. એના ભત્રીજા પૈસા બહુ આપતા. 'લાલચંદજી'. ભોગાનંદમાં બ્રહ્માનંદ છે એમ .. ગજબ વાત છે! અર..ર..! અરે..! સમકિતીને પણ રાગમાં

એને અસ્થિરતા આવી જાય છે તોપણ રસ નથી, રુચિ નથી. પણ એ રાગ કાળા નાગ જેવો દેખાય છે. આહાહા..! ઉપસર્ગ આવ્યો છે.. ઉપસર્ગ આવ્યો... એમ જાણે. આહાહા..! સમજાય છે કાંઈ? એનો આદર નથી, રસ નથી, રુચિ નથી, આસક્તિ રહી ગઈ. એને એ નિર્દોષ બતાવતા નથી. એ સદોષ છે. આહાહા..! રાગનો નાનામાં નાનો કણ હોય પણ એ દોષ છે.

કહે છે કે '**ઔર માર્ગ વિષયોંસે વિરક્ત હોનેરૂપ હી કહતા હૈ, ઉસકો માર્ગકી પ્રાપ્તિ હોતી ભી હૈ...**' એને ચારિત્ર પ્રાપ્ત થશે એમ કહે છે. માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન તો છે પણ આસક્તિ છે એને દોષ બતાવે છે. એને માર્ગ નહિ. એ વચ્ચેથી નીકળી જશે ત્યારે સ્થિરતા થશે, ત્યારે ચારિત્ર થશે, ત્યારે મુક્તિ થશે. આવું જે પ્રરૂપે છે એને ચારિત્રની પ્રાપ્તિ થશે એમ કહે છે. '**માર્ગકી પ્રાપ્તિ હોતી ભી હૈ પરંતુ વિષય-સેવનકો હી માર્ગ કહતા હૈ...**' ભોગમાં સમકિતીને પણ નિર્જરા થાય. એમ ન હોય, ભાઈ! એ તો શુદ્ધિનું જોર બતાવવું છે. દ્રવ્યની શુદ્ધિ છે એટલે એ આવીને ઠરી જાય એટલું. પણ અંદર જે રાગ છે આસક્તિનો એ દોષ છે, બંધનનું કારણ છે, છોડવા જેવો છે. એમ છે.

મુમુક્ષુ :- શ્રદ્ધામાં જ એમ છે.

ઉત્તર :- શ્રદ્ધામાં એમ છે.

'**જો વિષય-સેવનકો હી માર્ગ કહતા હૈ તો ઉસકા જ્ઞાન ભી નિરર્થક હૈ :-**' એનું જ્ઞાન પણ સાચું નથી. વિશેષ કહેશે, લ્યો! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૮૫, ગાથા-૧૩-૧૪, બુધવાર, મહા સુદ ૧, તા.૨૭-૧-૭૧

શીલપાહુડ, અષ્ટપાહુડમાં શીલપાહુડ. ૧૩મી ગાથા ચાલે છે. એનો અર્થ ફરીને લઈએ. અર્થ તો ચાલી ગયો છે પણ ભાવાર્થ (લઈએ).

**અર્થ :-** '**જો પુરુષ ઇષ્ટ માર્ગકો દિખાનેવાલે જ્ઞાની હૈં...**' ક્યા કહતે હૈં? '**ઇષ્ટ માર્ગકો દિખાનેવાલે...**' અપના સ્વરૂપ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય આનંદ, પુણ્ય-પાપકે રાગસે, વિકલ્પસે રહિત ઐસા માર્ગ બતાતે હૈં, વહ ઇષ્ટ માર્ગ હૈ. પુણ્ય ઔર પાપ, શુભ-અશુભભાવમેં ધર્મ બતાતે હૈં વહ અનિષ્ટ કુમાર્ગ હૈ. શબ્દ પડા હૈ ન? '**इट्ठदरिसीणं**', '**इट्ठदरिसीणं**'. '**જો પુરુષ ઇષ્ટ માર્ગકો દિખાનેવાલે જ્ઞાની હૈં...**' અપના નિજ સ્વરૂપ શુભ-અશુભરાગસે રહિત હૈ, ઐસા માર્ગ દિખાતે હૈં. પુસ્તક હૈ કિ નહીં? સેઠ! પુસ્તક વહાંસે નહીં લાયે હો? નહીં હૈ? ૧૩વીં ગાથા હૈ, શીલપાહુડ. શ્લોક હૈ, અર્થ હૈ, અર્થ ઉસકા પહલે. ૧૩વીં ગાથા.

'**જો પુરુષ ઇષ્ટ માર્ગકો દિખાનેવાલે જ્ઞાની હૈં ઔર વિષયોંસે વિમોહિત હૈં તો ભી ઉનકો માર્ગકી પ્રાપ્તિ કહી હૈ,....**' ક્યા કહતે હૈં? થોડી સૂક્ષ્મ બાત હૈ. જો કોઈ પુરુષ ઇષ્ટ માર્ગ (અર્થાત્) પુણ્ય-પાપકા વિકલ્પ જો રાગ હૈ, ઉસસે રહિત આત્મધર્મ હૈ. ઐસા બતાતે હૈં

ઔર '**વિષયોંસે વિમોહિત હૈ...**' વિષયમેં ભોગમેં આસક્તિ હૈ. લેકિન વિષયકી, રાગકી રુચિ નહીં હૈ. સૂક્ષ્મ બાત હૈ. સમ્યગ્દૃષ્ટિ જીવ સત્ય માર્ગ કહતે હૈં. ક્યોંકિ ઉસકી દૃષ્ટિમેં જો કોઈ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધકા રાગાદિ હૈ, ઉસસે ભિન્ન મેરી ચીજ હૈ, ઐસા માર્ગ બતાતે હૈં ઔર ઐસા માર્ગ અંદર રખતે હૈં. પ્રરૂપણા ભી વહી કરતે હૈં કિ રાગ જો વિકલ્પ હૈ, શુભરાગસે ધર્મ નહીં હોતા. સમજમેં આયા? ઐસી શ્રદ્ધા રાગકે વિકલ્પસે રહિત અપના ચૈતન્ય સ્વભાવ, ઉસકી અનુભવ દૃષ્ટિ હૈ. લેકિન વિષયમેં અભી આસક્ત હૈ. ૧૩મી ગાથાનો ભાવાર્થ શીલપાહુડ, શીલ. સમજમેં આયા? પાઠમેં હૈ, દેખો! '**इट्ठदरिसीणं**'. હૈ ન મૂલ? કુંદકુંદાચાર્યકા વચન હૈ. '**इट्ठदरिसीणं**'. પહલે પદકા અંતિમ શબ્દ.

જો કોઈ આત્મા, પુરુષકા અર્થ આત્મા '**ઈષ્ટ માર્ગકો દિખાનેવાલે જ્ઞાની હૈં,...**' આત્મામેં ધર્મ ઐસે હોતા હૈ કિ શુભ-અશુભભાવ જો વિકલ્પ હૈ ઉસસે રહિત અપને સ્વભાવકી દૃષ્ટિ કરનેસે ધર્મ હોતા હૈ. ઈસકે સિવા કભી કોઈ ધર્મ હોતા નહીં. ઐસા માનતે હૈં ઔર ઐસા બતાતે હૈં.

મુમુક્ષુ :- વહ ઈષ્ટ માર્ગ હૈ.

ઉત્તર :- વહ ઈષ્ટ માર્ગ હૈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ...કરતે હૈં તો ક્યા હૈ? સત્ય અસત્ય હો જાતા હૈ? માર્ગ હૈ, દેખો! ક્યા લિખા હૈ?

'**જો પુરુષ...**' ઐસા શબ્દ હૈ ન? '**ઈષ્ટ માર્ગકો દિખાનેવાલે...**' મૂલ પાઠમેં '**इट्ठदरिसीणं**' કુંદકુંદાચાર્યકા શબ્દ હૈ. ઔર જ્ઞાની હૈ. ઉસકો જ્ઞાની કહતે હૈં. જો કોઈ આત્મા અપના આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, ઉસકી દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. રાગકી કોઈ ક્રિયા વ્યવહાર દયા, દાન, વ્રતાદિકે પરિણામસે ધર્મ નહીં હોતા ઔર ઉસસે સમકિત નહીં હોતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઐસા બતાતે હૈં, વહ જ્ઞાની કદાચિત્ વિષયમેં વિમોહિત ભી હૈ. વિષયકે ભોગકી આસક્તિ હૈ. સમજમેં આયા? ભરત ચક્રવર્તી, શ્રેણિક રાજા ઈત્યાદિ. ભરત ચક્રવર્તીકો ૯૬ હજાર સ્ત્રિયાં થી. ભોગકી આસક્તિ થી, રુચિ નહીં થી. આસક્તિમેં રસ નહીં થા. અપના આત્મા આનંદ હૈ, શુદ્ધ આનંદકંદ પ્રભુ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપી, ઉસકે આનંદમેં રુચિ થી. ઔર પ્રરૂપણા ભી ઐસે માર્ગકી કરતે થે. સમજમેં આયા?

શ્રેણિક રાજા સમકિતી થે. વિષયભોગ છૂટે નહીં થે, ચારિત્ર નહીં થા. ઔર નર્કકા આયુષ્ય પહલે બંધ ગયા. અભી નર્કમેં ૮૪૦૦૦ વર્ષકી સ્થિતિમેં હૈ. પરંતુ આત્મજ્ઞાન પ્રાપ્ત કિયા ઔર ઉસમેં તીર્થંકર ગોત્ર બંધ ગયા. વહાંસે નિકલકર તીર્થંકર હોંગે. શ્રેણિક રાજા અભી પહલી નર્કમેં હૈ. ૮૪૦૦૦ વર્ષકી સ્થિતિમેં હૈ. વહાંસે નિકલકર, જૈસે મહાવીર પરમાત્મા અંતિમ તીર્થંકર હુએ, ઐસે આગામી ચૌબીસીમેં પ્રથમ તીર્થંકર હોંગે. ક્યોંકિ ઉસને, આત્મા

આનંદમૂર્તિ શુદ્ધ ચૈતન્ય મેરેમેં સુખ હૈ, પુણ્યકે રાગાદિમેં સુખ નહીં, ધર્મ નહીં, ધર્મકા કારણ નહીં, ઐસી અંતર દૃષ્ટિ હુયી ઔર વિષયકા આસક્તિભાવ છૂટા નહીં. '**તો ભી ઉનકો માર્ગકી પ્રાપ્તિ કહી હૈ.**' દેખો! ઉસે માર્ગકી પ્રાપ્તિ હોગી, ચારિત્ર હોગા ઔર કેવલજ્ઞાન હોગા. સમજમેં આયા? હૈ? '**વિષયોંસે વિમોહિત હૈ તો ભી ઉનકો માર્ગકી પ્રાપ્તિ કહી હૈ,...**' આહાહા..! ક્યોંકિ અંદરમેં આત્મામેં આનંદકે રસકા સમકિતદર્શન હુઆ હૈ તો વિષયમેં પ્રેમ હૈ, પરંતુ વિષયમેં રસ નહીં હૈ. ઉસમેં સુખ હૈ, રાગ ભાગમેં સુખ હૈ ઐસી બુદ્ધિ નાશ હો ગઈ હૈ. અપનેમેં ધર્મ ઔર આનંદ હૈ, ઐસી બુદ્ધિકા ભાન અંતર સમ્યગ્દર્શન હોનેસે. રાગકા વિકલ્પ સૂક્ષ્મ રાગ હો, પરંતુ ઉસકે સાથ એકત્વબુદ્ધિ છૂટ ગઈ હૈ. આસક્તિ છૂટી નહીં. પંડિતજી! બહુત સૂક્ષ્મ, ભગવાન! માર્ગ સૂક્ષ્મ હૈ, પ્રભુ! ઓહો..! દુનિયાકો સુનને મિલે નહીં. ભાઈસાહબ કહતે હૈં, કોઈ સુનાનેવાલે મિલા નહીં. બાત તો ઐસી ચીજ હૈ, ભૈયા! આહાહા..! ઐસી પાત્રતા હો તો સુનને મિલે બિના રહે નહીં.

યહ તો સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માકા માર્ગ હૈ, અન્યકા યહ માર્ગ નહીં હૈ. કુંદકુંદાચાર્ય ભગવાન આચાર્ય થે, મુનિ થે, આત્મધ્યાની આનંદમેં રહનેવાલે થે. શાસ્ત્ર (રચનાકા) વિકલ્પ આયા, શબ્દોંસે શાસ્ત્ર બન ગયા. ઉસમેં કહતે હૈં, જો કોઈ આત્મા, ભલે સ્ત્રીકા આત્મા હો, સ્ત્રી દેહ.. દેહ. સ્ત્રી દેહ હૈ, આત્મા સ્ત્રી નહીં હૈ. વહ તો દેહકા આકાર હૈ, સ્ત્રી-પુરુષકા. યહ તો મિટ્ટી જડકા હૈ, આત્માકા નહીં. આત્મા ઉસ રૂપ કભી હોતા હી નહીં. સ્ત્રીકા દેહ કિ પુરુષકે આકાર જડ મિટ્ટીરૂપ હોતા હી નહીં. યે તો જડ રૂપ હૈ. તો કોઈ પુરુષ યાની આત્મા, ઐસે લેના. કોઈ ભી આત્મા ઈષ્ટ માર્ગકિ દિખાનેવાલે જ્ઞાની હૈ. ભલે સ્ત્રી હો, પરંતુ જિસમેં આત્મદર્શન પ્રગટ હુઆ હો, સમ્યગ્દર્શન હુઆ હો ઔર રાગકી આસક્તિ છૂટી ન હો. સ્ત્રી ભી સમ્યગ્દૃષ્ટિ હો. શાદી ભી કરે. હોતા હૈ કિ નહીં? તીર્થંકરકો ૯૬ હજાર સ્ત્રી થી. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ તીર્થંકર થે, ચક્રવર્તી થે ઔર કામદેવ થે. તીનોં પુરુષ. અંતરમેં આત્મા, પુણ્ય-પાપકા વિકલ્પ જિતના રાગભાવ હૈ, સબ દુઃખદાયક હૈ, બંધકા કારણ હૈ, મેરી ચીજ ઉસસે ભિન્ન હૈ. ઐસા અંતરમેં અનુભવકા, આત્માકે આનંદકા ભાન સમ્યગ્દર્શનમેં હુઆ હૈ.

કહતે હૈં કિ, માર્ગ સત્ય બતાતે હૈં. ભૈયા! રાગમેં ધર્મ નહીં. રાગ હી વિષય હૈ વાસ્તવમેં તો. શુભરાગ પુણ્ય હો કિ પાપભાવ હો, દોનોં દુઃખદાયક હૈ. વહ ધર્મ નહીં. વહ દુઃખદાયક ધર્મકા કારણ ભી નહીં. ભગવાન આત્મા રાગસે ભિન્ન અપના સચ્ચિદાનંદ સ્વરૂપ ચિત્ સ્વરૂપ, ઐસી અંતર દૃષ્ટિ હુયી તો રાગસે ધર્મ મનાતે નહીં. ઉસકો આસક્તિકા રાગ છૂટા નહીં. પરંતુ રાગસે ધર્મ મનાતે હૈં, ઐસા નહીં.

'**વિષયોંસે વિમોહિત હૈં,...**' સમકિતી હૈ, આત્મજ્ઞાની હૈ. વિષયમેં આસક્તિકા ભાવ છૂટા નહીં. '**તો ભી ઉનકો માર્ગકી પ્રાપ્તિ કહી હૈ,...**' તો ભી ઉનકો માર્ગકી પ્રાપ્તિ હોતી હૈ, ઉસકો ચારિત્ર હોગા, કેવલજ્ઞાન હોગા ઔર મોક્ષ જાયેગા. સમજમેં આયા? '**પરન્તુ જો ઉન્માર્ગકો દિખાનેવાલે હૈં...**' યે દૂસરા પદ હૈ. '**उम्मग्गं दरिसीणं**'. કોઈ ભી પ્રાણી ત્યાગી

લીન હોના ઉસકા નામ સ્વભાવ ઔર શીલ હૈ. ઔર રાગ એવં પુણ્ય-પાપમેં લીન હોના ઉસકા નામ વિષય ઔર ઝહર હૈ. આહાહા..! ન્યાયસે સમજના પડેગા ન. પહલે સમજે તો સહી ક્યા ચીજ હૈ. સમજે બિના માર્ગ નિકલેગા કહાંસે? ઐસે હી અંધ હોકર અનાદિસે ચલા જાતા હૈ. ચાર ગતિમેં રખડતા હૈ. દુઃખી હૈ, દુઃખી. આહાહા..!

'**વિષય-લુબ્ધ જીવોંકો...**' પાઠમેં લુબ્ધ હૈ ન. સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ હૈ, વહ અપને સ્વભાવસન્મુખકી દૃષ્ટિમેં પર સન્મુખકી વૃત્તિમેં લુબ્ધ નહીં હૈ. સમજમેં આયા? ઇન્દ્ર સમકિતી હૈ. શક્રેન્દ્ર સુધર્મકા ઇન્દ્ર. ક્રોડો-અરબોં અપ્સરાએં હૈં, સમકિતી હૈ. આત્મજ્ઞાન હૈ. ઔર ઉસકી પટરાણી રાણી જો હૈ-શચી.. શચી, વહ સમકિતી હૈ, દોનોં એકાવતારી હૈ. પતિ-પત્ની ભગવાનકે જ્ઞાનમેં આયા હૈ કિ દોનોં સમકિતી હૈ ઔર વહાંસે નિકલકર મનુષ્ય હોકર મોક્ષ જાનેવાલે હૈં. સુધર્મ ઇન્દ્ર. બત્તીસ લાખ વિમાન હૈ. ચંદ્ર, સૂર્ય કે ઉપર વૈમાનિક (દેવલોક) હૈ. સુધર્મકા ઇન્દ્ર શક્રેન્દ્ર હૈ ઔર ઉસકી રાણી શચી. દોનોં આત્મજ્ઞાની હૈ ઔર વહાંસે નિકલકર આખરી ભવ મનુષ્યકા હૈ. મનુષ્ય ભવમેં મોક્ષ જાનેવાલે હૈં.

કહતે હૈં કિ, સમકિતીકો સ્વભાવ સન્મુખ દૃષ્ટિ પડી હૈ. ઉસમેં વિષય સન્મુખકી વૃત્તિમેં લુબ્ધ નહીં હૈ, ઉસમેં સુખબુદ્ધિ નહીં હૈ. આહાહા..! સમજમેં આયા? દૃષ્ટિકે ફર્કમેં દિશા બદલ જાતી હૈ. પરકે ઉપર, વિકાર પર દૃષ્ટિ હૈ તો દૃષ્ટિ મિથ્યાત્વ હૈ. ઔર સ્વભાવ પર દૃષ્ટિ હોકર સમ્યક્ હુઆ તો દિશા પલટ ગયી. ચાહે તો વિકલ્પ શુભ-અશુભ હો, સુખબુદ્ધિ નહીં, હિતબુદ્ધિ નહીં, અપનત્વકી બુદ્ધિ નહીં, ઇષ્ટબુદ્ધિ નહીં હૈ. સમજમેં આયા? આહાહા..!

'**વિષય-લુબ્ધ જીવોંકો વિષ દેનેવાલા હૈ,...**' જિસકી બુદ્ધિમેં અપના ભગવાન નિત્યાનંદ પ્રભુ શુદ્ધ ધ્રુવ દૃષ્ટિમેં લિયા નહીં ઔર દૃષ્ટિમેં તો પુણ્ય-પાપકા વિકલ્પ ઔર રાગ હૈ, વહ વિષયમેં લુબ્ધ હૈ, વહ ઝહર હૈ. ઉસકો ઝહરકા અનુભવ હૈ. આત્માકા અનુભવ તો અમૃતકા હૈ. આહાહા..! સમજમેં આયા? ભગવાનઆત્મા તો અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ હૈ, ઉસ ઓર દૃષ્ટિ હુયી વહ તો આત્માકા આનંદકા વેદન હૈ. ઉસકા નામ અવિષય વેદન, પરવિષય બિનાકા વેદન (હૈ). અજ્ઞાનીકો અપને નિજ સ્વરૂપકી ઓરકી દૃષ્ટિકા અભાવ હૈ, પરકે ઉપર દૃષ્ટિ હૈ. શુભાશુભ રાગ વિકલ્પ, બસ. વહ દુઃખમય હૈ, ઝહર હૈ. બરાબર હૈ? યે સબ પૈસેવાલેકો દુઃખી કહતે હૈં યહાં.

મુમુક્ષુ :- આચાર્ય તો ઐસા કહે ન.

ઉત્તર :- આચાર્ય હો તો ક્યા આચાર્ય જૂઠા કહતે હૈં? જૈસા હૈ વૈસા કહતે હૈં. નહીં હો તો ન્યાય લાઓ. ન્યાય કરના પડેગા કિ નહીં? એય..! સેઠ! સંતોં સત્ય બાત કહતે હૈં કિ અસત્ય કહતે હૈં?

ભગવાન! દો વિષય હૈ. એક વિષય સ્વ ઔર એક વિષય પર. જબ સ્વવિષય સમ્યગ્દર્શનસે આત્માકો પકડા નહીં, આત્મામેં આનંદ હૈ ઐસા અનુભવ નહીં હૈ તો ઉસકો પરવિષય રાગ-દ્વેષકે વિષયમેં લક્ષ હૈ. ઉસમેં લક્ષ બુદ્ધિ હૈ વહ મિથ્યાબુદ્ધિ હૈ ઔર ઝહર હૈ. આહાહા..! યહ રીત કભી સુની નહીં. અપની કલ્પનાસે સુનકર અચ્છા હુઆ, અચ્છા કરતે હૈં (માન લિયા). ધૂલ ભી કરતા નહીં. કિસકો અચ્છા કહના ઔર કિસકો બુરા કહના, ઉસકા

વિવેક બડા હૈ. ઉસકા વિવેક બડા વિવેક હૈ. સમજમેં આયા?

કહતે હૈં, '**વિષ દેનેવાલા હૈ, વૈસે હી ઘોર તીવ્ર સ્થાવર-જંગમ સબ હી વિષ...**' હૈ. કહતે હૈં કિ તીવ્ર સ્થાવર.. સ્થાવર-એકેન્દ્રિય, યે ... સોમલ હોતે હૈં ન? વહ ઝહર હૈ, જંગમરૂપ ઝહર હૈ. સર્પકા ઝહર. '**પ્રાણિયોંકા વિનાશ કરતે હૈં...**' સર્પકા ઝહર સ્થાવર સોમલ આદિ. '**તથાપિ ઈન સબ વિષોંમેં વિષયોંકા વિષ ઉત્કૃષ્ટ હૈ...**' આહાહા..! ભગવાન આત્મા આનંદસ્વભાવકો ભૂલકર પુણ્ય-પાપકે રાગમેં લુબ્ધ હૈ, બડા ઝહર હુઆ. આહા..! ચૈતન્ય ભાવપ્રાણકા લૂંટ પડતા હૈ ઉસમેં. અપના જીવન શુદ્ધ આનંદ, ઉસમેં વિષયકી રુચિ-પ્રેમ, પુણ્ય-પાપકી રુચિકા પ્રેમ, વહ અપની શાંતિકો માર ડાલતા હૈ. આહાહા..! સમજમેં આયા?

યહ તો ન્યાયસે બાત હૈ. ઉસમેં કોઈ તરોડ-મરોડકર બાત નહીં કરની હૈ. લોજીકસે-ન્યાયસે જૈસી ચીજ હૈ વૈસી કહનેમેં આતી હૈ. ભૈયા! સમજમેં આયે ઐસી બાત હૈ. લોજીકસે સમજમેં આયે ઐસી બાત હૈ. ઐસા નહીં હૈ કિ નહીં સમજમેં આયે. ઐસે હી માન લેના ઐસી ચીજ નહીં. ક્યા હૈ, કૈસે હૈ, યહ પ્રકાર સમજકર માનના વહ ચીજ હૈ. ભૈયા! ઐસે હી માન લો. ઐસા માના તો ક્યા માના? ... વસ્તુકી ચીજ ક્યા હૈ, દુઃખ ક્યા હૈ, ઉસકા ભાસ હુઆ નહીં તો માનના કિસકો? સમજમેં આયા?

ઐસી સત્ય બાત ભગવાન કુંદકુંદાચાર્ય પ્રસિદ્ધ કરતે હૈં. જગતકે પાસ પ્રસિદ્ધ કરતે હૈં. પ્રભુ! તેરા આત્મા આનંદસ્વરૂપ પ્રભુ હૈ ન. ઉસ ઓરકી રુચિ હો તો-તો આનંદકા વેદન હો, અમૃતકા વેદન હો. લેકિન તેરી રુચિ વિષયમેં પરમેં હૈ. શુભ-અશુભરાગ વિષય હૈ, પર હૈ, વહ ઝહર હૈ. વહ અનુભવ ઝહર હૈ. આત્માકે અમૃતકા લૂટનેવાલા ભાવ હૈ. ઐસા માર્ગ બડા કઠિન, ભૈયા! માર્ગ ઐસા હૈ. ભારી કહો કિ હલકા કહો, અનાદિકા હૈ ઐસા હૈ. સમજમેં આયા? જાદવજીભાઈ! યે સબ તુમ્હારે પૈસેવાલેકો દુઃખી કહતે હૈં યહાં તો.

મુમુક્ષુ :- ઐસા હી હૈ.

ઉત્તર :- ઐસા હી હૈ? ઉસકે લડકેકા લડકા હૈ, ભૈયા! બહુત પૈસેવાલા હૈ. હુંડીકા ધંધા હૈ ઉસકો. હુંડીકા-બ્યાજકા ધંધા હૈ, કલકત્તા. બડા ગૃહસ્થ હૈ. ઉસકે લડકેકા લડકા હૈ. બારહ સાલકી ઉમ્ર હૈ. ઐસા બોલે, ઐસા બોલે... .. ઉસકા લડકેકા લડકા, બારહ સાલકી ઉમ્ર હૈ. લેકિન યહ બાત કરતે હૈં તો ઓહોહો..! વસ્તુ ઐસી હૈ. ઐસા બોલતા હૈ. દેખા હૈ? પંડિતજી! સંસ્કારી હૈ ઐસા લગતા હૈ, સંસ્કારી જીવ હૈ. હૈ તો ગૃહસ્થ, દિખાવ બડા સુંદર હૈ. બારહ સાલકી ઉમ્ર અભી પૂરી હુયી. યહાં થા, અભી ગયા. યહાં બૈઠતા થા, સમયસાર લેકર બૈઠતા થા. સમયસાર લેકર બૈઠે. ઐસી હી વસ્તુ હૈ, વસ્તુ ઐસી હૈ. દૂસરી વસ્તુ હો નહીં સકતી. ઉસમેં ક્યા પૂછના? મૈંને એકબાર ઐસા કહા, દિલીપ! ઉસકા નામ દિલીપ હૈ. આત્માકો છોડકર મૈં શરીર, વાણી, મનકા કર્તા હૂં, પુણ્ય-પાપકા કર્તા હૂં, ઐસા માને વહ પાગલ જૈસા હૈ, હાં! પાગલ જૈસા હૈ. (તો કહા), નહીં, નહીં. જૈસા નહીં, ઉપમા નહીં, પાગલ હી હૈ. ભૈયા! પાગલ જૈસા નહીં, જૈસા તો ઉપમા હૈ, પાગલ હી હૈ. નૌતમભાઈ! લડકેકો દેખા ના? યહાં સામને બૈઠતા થા. ઉસકા પિતાજી કલકત્તા હૈ ન? ઉસકે પિતાજીકે પિતાજી યહાં રહતે હૈં. બ્યાજકા ધંધા હૈ, હુંડીકા. લડકા ઐસા હૈ કિ ધડાકેસે બોલે. પાગલ જૈસા હૈ, કહા. પાગલ

જૈસા નહીં, પાગલ હી હૈ. જૈસા તો ઉપમા હૈ. ડાલચંદજી! લડકા બહુત જોર લેકર આયા હૈ, હાં! ભાગ્યશાલી ...

યહાં કહતે હૈં, આહાહા..! બાહ્ય સોમલ આદિ હૈ, સર્પકા ઝહર તો પ્રાણકા નાશ કરે. '**તથાપિ ઇન સબ વિષોંમેં વિષયોંકા વિષ...**' તો અપના અંતર આનંદકા પ્રાણકા નાશ કરતા હૈ. યહ બાહરકા વિષ તો જડકા નાશ કરે. પુણ્ય-પાપકે રાગમેં પ્રેમ ઔર ઉસમેં એકત્વબુદ્ધિ, ઐસા મિથ્યાત્વભાવ આત્માકી શાંતિકા, આનંદકા પ્રાણકા નાશ કર દેતા હૈ. સમજમેં આયા? બાહરકા ઉત્સાહ મિટ જાયે. ઐસા હૈ, વૈસા હૈ, ધૂલ ભી નહીં હૈ, સુન તો સહી પ્રભુ! તેરી પ્રભુતામેં અંદરમેં અનંત આનંદ પડા હૈ. જો પરમાત્માકો અનંત આનંદ પ્રગટ હુઆ, સર્વજ્ઞ અરિહંતકો, કહાંસે આયા? બાહરસે આતા હૈ? અંદરમેં પડા હૈ વહ આયા હૈ. સમજમેં આયા? આહાહા..!

ઉસને કભી સ્વસન્મુખ દેખા હી નહીં. ક્યા મૈં હૂં, કૈસે હૂં, કહાં હૂ, કૈસે હૂં, ઉસકે સન્મુખ દેખે બિના પરસન્મુખકી પ્રકૃતિ પુણ્ય-પાપકા રાગાદિ દેખનેમેં આયા ઔર ઉસમેં રહા, વહ ઝહરકા અનુભવ હૈ. આહાહા..! બરાબર હૈ? પંડિતજી! સુખી કહતે હૈં ન? પૈસેવાલા સુખી હૈ, ઉસકો દો કરોડ હૈ, પાંચ કરોડ હૈ, ધૂલ કરોડ હૈ, ઐસા કહતે હૈં. આહાહા..! ભાઈ! તેરે પાસ તો અનંત આનંદકી લક્ષ્મી હૈ. વહ તો પૈસાકી ચીજ હૈ. અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતશાંતિકા સરોવર પ્રભુ આત્મા હૈ. ઐસી અનંતતા કિ અનંત આનંદ નિકાલ લો તો ભી અનંત આનંદ, અનંત આનંદ નિકાલો તો ભી અનંત આનંદ ખત્મ નહીં હો. ઐસી તેરી ચીજ હૈ. ઐસા સ્વસન્મુખ દૃષ્ટિ ન કરકે, પરસન્મુખમેં પરકી પર્યાયબુદ્ધિમેં રાગબુદ્ધિમેં રુકકર રાગકો વેદતા હૈ, વહ વિષયકો વેદતા હૈ, ઝહરકો વેદતા હૈ. સમજમેં આયા? આહાહા..! '**સબ વિષોંમેં વિષયોંકા વિષ ઉત્કૃષ્ટ હૈ તીવ્ર હૈ.**' ઐસા કહતે હૈં.

**ભાવાર્થ :-** '**જૈસે હસ્તી,...**' હાથી. '**મીન,..**' મચ્છ. '**પતંગ આદિ જીવ વિષયોંમેં લુબ્ધ હોકર વિષયોંકે વશ હો નષ્ટ હોતે હૈં...**' નાશ હો જાતે હૈં બાહરમેં. દીપક દેખકર પતંગ મર જાતા હૈ, ફડાકસે. ઐસે સુંદર દિખે. .. જૈસા દીપક. એક-એક ઇન્દ્રિયકે વશ. હાથી સ્પર્શકિ વશ. હાથણીકો અનુકૂલ દેખકર પીછે જાતા હૈ ઔર નીચે ગઢ્ઢેમેં ગિર જાતા હૈ. એક-એક વિષયકે વશ હુઆ. હાથી મર જાતા હૈ. મીન-મચ્છ. કાંટેમેં આટા લગાતે હૈં ન? આટા. લોહેકા.. પાનીમેં ડાલતે હૈં ન? હમને તો વહાં પાલેજમેં નજરોંસે દેખા હૈ. હમારે પાલેજમેં હૈ ન? પાલેજમેં નદી નહીં હૈ. પાલેજમેં હમારે વહાં તાલાબ હૈ. મુસલમાનકા ગાંવ હૈ-પાલેજ. હમારી દુકાન ગાંવમેં. ... વહ કાંટેમેં આટા લગાતે હૈં. આટા. આટા ખાને આયે ઉસમેં ફંસ જાયે, ખીંચ લે મછલીકો. તાલાબ હૈ, તાલાબ બડા.

કહતે હૈં, એક-એક (વિષયમેં) હાથી, ભ્રમર. ફૂલકી સુગંધ લેને અંદર ઘૂસ જાતા હૈ. શામ હોતે હી બંદ હો જાતા હૈ. હાથી આકર ખા જાતા હૈ. એક-એક વિષયમેં લીન હોકર મર જાતે હૈં. પતંગ દીપકમેં. '**વિષયોંમેં લુબ્ધ હોકર...**' યહાં લુબ્ધકી વ્યાખ્યા હૈ, હાં! ૯૬ હજાર સ્ત્રી ભરત ચક્રવર્તી ભોગતા હૈ, ઐસા કહનેમેં આતા હૈ. ભોગતા નહીં. આહાહા..! ગજબ બાત હૈ! રાગસે ઉદાસ હૈ, પરસે ઉદાસ હૈ. સમ્યગ્દૃષ્ટિ પરસે ઉદાસ હૈ, યહ નહીં, યહ નહીં.

મેરા આનંદસ્વભાવ ભગવાન તો મેરે પાસ હૈ. મેરા આનંદ તો મેરેમેં હૈ. વિકલ્પમેં ઔર પરમેં જ્ઞાનીકો આનંદકી ગંધ દિખતી નહીં. અજ્ઞાનીકો પરમેં ગંધ દિખતી હૈ વહ ઝહર હૈ. સમજમેં આયા? બહુત સીધી બાત હૈ. લેકિન લોગોંને ટેઢી કરકે ઐસી કર દી હૈ કિ સત્ય ક્યા હૈ સમજમેં હી નહીં આયે. વિષયમેં મર જાયે.

'**વૈસે હી સ્થાવરકા વિષ મોહરા....**' મોહરા હોતા હૈ ન સર્પકા? '**સોમલ આદિક...**' યે ગારુડી રખતે હૈં ન? સર્પકા મોહરા હોતા હૈ? ગારુડી સર્પ હોતા હૈ ન? ગારુડી સર્પકો રમાનેવાલે. ઉસકે પાસ મોહરા હોતા હૈ. ઝહર. '**સોમલ આદિક ઔર જંગમકા વિષ સર્પ, ઘોહરા આદિકકા-ઈન વિષોંસે ભી પ્રાણી મારે જાતે હૈં, પરંતુ સબ વિષોંમેં વિષયોંકા વિષ અતિ હી તીવ્ર હૈ.**' અપને અતીન્દ્રિય આનંદ સ્વભાવકી દૃષ્ટિ છોડકર રાગકા પુણ્ય-પાપકા પરિણામમેં એકાકાર હુઆ, વહી મહા ઝહર હૈ. સમજમેં આયા? '**વિષયોંકા વિષ અતિ હી તીવ્ર હૈ.**' અતિ તીવ્ર. એકેન્દ્રિયસે લેકર પંચેન્દ્રિય પ્રાણી, અપને આનંદસ્વભાવકો પીઠ દેકર, હટકર રાગાદિ વિકલ્પ જો વિભાવ હૈ, ઉસમેં રસ આતા હૈ, અતિ તીવ્ર ઝહર હૈ. ઔર ઉસમેં ઠીક હૈ ઐસા માનતે હૈં. સમજમેં આયા? તો ઉસમેં આત્મામેં આનંદ હૈ વહ માનતે નહીં. દેખો! યહ ધર્મ-અધર્મકા લક્ષણ.

અધર્મીકા લક્ષણ, ચાહે તો પંચ મહાવ્રત ધારણ કરતા હો ઔર બાહરમેં સાધુ હુઆ હો, લેકિન જિસકો રાગમેં રુચિ ઔર રાગસે લાભ માનને વાલા હૈ, ઉસ રાગમેં ઉસકો ઝહરકા અનુભવ હૈ. મિથ્યાત્વકા અનુભવ હૈ. આહાહા..! વિષકુંભ કહા હૈ ન? સમયસારમેં. શુભભાવકો વિષકા ઘડા કહા હૈ. શુભભાવ હૈ ન? પુણ્યભાવ વિષકા ઘડા. સમયસાર, મોક્ષ અધિકાર, ભગવાન કુંદકુંદાચાર્ય વીતરાગી મુનિ હૈ તો સત્ય હૈ ઐસા પ્રસિદ્ધ કરતે હૈં. બાત તો યહ હૈ. તુમકો જચે, ન જચે, સ્વતંત્ર હો. શુભભાવ વિષકા ઘડા. પંડિતજી! હૈ સમયસારમેં? ભગવાનઆત્મા અમૃતકા ઘડા. ઘડા સમજે ન? ઘટ.. ઘટ. અમૃતકુંભ. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદકા અમૃતકુંભ હૈ. ઐસી અંતર દૃષ્ટિ હુયી તો આનંદકા વેદન હૈ. સમકિતીકો બાહરમેં સ્ત્રી આદિ દેખતે હૈં, લેકિન ઉસકા હૈ નહીં, ઉસકા વેદન હૈ નહીં, ઉસકા ભોગ ભી સમકિતીકો હૈ નહીં. વહ જ્ઞાતાકા જ્ઞેય હૈ. આહાહા..! અજ્ઞાની તો એકાકાર.. આહાહા..! કૈસી મજા! અરે..! ધૂલ ભી નહીં હૈ, સુન તો સહી. મિથ્યાત્વકા ઝહર હૈ. સમજમેં આયા?

आगे इसीका समर्थन करनेके लिए विषयोंके विषका तीव्रपना कहते हैं कि–विषकी वेदनासे तो एकबार मरता है और विषयोंसे संसारमें भ्रमण करता है :–

## ગાથા-૨૨

**वारि एक्कम्मि य जम्मे मरिज्ज विसवेयणाहदो जीवो।**
**विसयविसपरिहया णं भमति संसारकंतारे।।२२।।**

**वारे एकस्मिन् ज जन्मनि गच्छेत् विषवेदनाहतः जीवः।**
**विषयविषपरिहता भ्रमंति संसारकांतारे।।२२।।**

**વિષવેદનાહત જીવ એક જ વાર પામે મરણને,**
**પણ વિષયવિષહત જીવ તો સંસારકાંતારે ભમે. ૨૨.**

**अर्थ :–** विषकी वेदनासे नष्ट जीव तो एक जन्ममें ही मरता है परंतु विषयरूप विषसे नष्ट जीव अतिशयतया–बारबार संसाररूपी वनमें भ्रमण करते हैं। (पुण्यकी और रागकी रुचि वही विषयबुद्धि है।)

**भावार्थ :–** अन्य सर्पादिकके विषसे विषयोंका विष प्रबल है, इनकी आसक्तिसे ऐसा कर्मबंध होता है कि उससे बहुत जन्म–मरण होते हैं।।२२।।

## ગાથા-૨૨ ઉપર પ્રવચન

**'આગે ઈસીકા સમર્થન કરનેકે લિયે વિષયોંકે વિષકા તીવ્રપના કહતે હૈં કિ–વિષકી વેદનાસે તો એકબાર મરતા હૈ ઔર વિષયોંસે સંસારમેં ભ્રમણ કરતા હૈ :–'** બાહરકે ઝહરસે તો એક બાર દેહ છૂટે. લો. શ્રેણિક રાજા સમકિતી થા, આત્મજ્ઞાની થા. ક્ષાયિક સમકિતી! ભગવાનકે ભક્ત ઔર આત્મભાવ. ઝહર પિયા દેહ છોડનેકો. આત્મા તો શાંત ઔર આનંદકા ભાન હૈ ઉસકો. ઉસકે આત્માકા મરણ હુઆ નહીં. શ્રેણિક રાજા. શ્રેણિક રાજા હૈ ન? આત્માકા ભાન હુઆ થા. મૈં તો આત્મા આનંદ હૂં. રાણી આદિ તો પરચીજ હૈ. ઉસકી ઓર ઝુકાવ વૃત્તિ હૈ, વહ તો ઝહર હૈ. મેરા સ્વરૂપ ઉસસે ભિન્ન હૈ. ઐસા ભાન થા. સર ફોડકર મર ગયે ન. મરે નહીં, ઐસા કહતે હૈં. વહ તો બાહરસે એકબાર દેહ છૂટા. આહાહા..! પહલી નર્કમેં હૈ. આત્મા આનંદમેં હૈ. વહાંસે નિકલકર પહલે તીર્થંકર હોંગે. શ્રેણિક રાજા. ચૌરાસી હજાર વર્ષકી સ્થિતિ. નીચે હૈ પહલી નર્ક. ચૌરાસી હજારકી સ્થિતિ હૈ, ઢાઈ હજાર ગયે, સાઢે ઈક્યાસી હજાર બાકી રહે. વહાંસે નિકલકર પહલે તીર્થંકર તીન લોકકે નાથ હોંગે. આત્મજ્ઞાન ઔર સમકિત થા ઈસ કારણસે. ત્યાગ નહીં થા, ચારિત્ર નહીં થા. સમજમેં આયા? આત્માકા

જ્ઞાન હુઆ કિ મૈં તો આનંદ હૂં. રાગાદિ દુઃખરૂપ હૈ. ઐસા વિવેક હો ગયા. તીર્થંકર હુએ. જૈસે મહાવીર ભગવાન થે, વૈસે હોંગે. આગામી ચોવીસીકે પહલે. યહ પંચમકાલ હૈ. ઉસકે બાદ છઠ્ઠા, ફિર પહલા, દૂસરા, તીસરા. ભરતક્ષેત્રમેં હોંગે. યહ પ્રતાપ સમ્યગ્દર્શનકા. આત્માકી આનંદકી દૃષ્ટિ હુયી, ઉસકે પ્રતાપસે તીર્થંકર હોંગે. કેવલજ્ઞાન હોગા, તીર્થંકરકી પ્રકૃતિ હૈ. સમજમેં આયા? ઔર અજ્ઞાની મુનિવ્રત પાલે, પંચ મહાવ્રત પાલે. લેકિન વહ પંચ મહાવ્રતકા વિકલ્પ રાગ હૈ. રાગકો ઠીક માનતા હૈ, વહ ઝહર પીતા હૈ. આહાહા..! બાહ્યકા સોમલ આદિ તો એકબાર મરણ કરે, લેકિન યહ મિથ્યાત્વકા ઝહર તો અનંત મરણકો કરે. ઉસસે ભી તીવ્ર હૈ. વિશેષ કહેંગે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૮૯, ગાથા-૨૨ થી ૨૪, રવિવાર, મહા સુદ ૬, તા.૧-૨-૭૧

શીલપાહુડ, ૨૨મી ગાથા.

**वारि एक्कम्मि य जम्मे मरिज्ज विसवेयणाहदो जीवो।**

**विसयविसपरिहया णं भमति संसारकंतारे।।२२।।**

સંસ્કૃત .. છે ને. સંસ્કૃતમાં નથી. શું કહે છે? જુઓ!

‘**અર્થ :- વિષકી વેદનાસે નષ્ટ જીવ તો એક જન્મમેં હી મરતા હૈ...**’ ઝેર ખાવાથી એકવાર મરે. સર્પનું ઝેર હો, મોહરાનું ઝેર હોય તો એકવાર મરે. ‘**પરંતુ વિષયરૂપ વિષસે નષ્ટ જીવ અતિશયતયા-બારબાર સંસારરૂપી વનમેં ભ્રમણ કરતા હૈં.**’ અર્થાત્ આત્માનું અશીલપણું જે છે (અર્થાત્) રાગ-રાગ, પુણ્ય અને પાપનો રાગ છે ને રાગ? એ જ વિષયનું સેવન છે. સમજાય છે કાંઈ? રાગનું સેવન એ વિષયનું સેવન છે, ઝેરનું સેવન છે. એનાથી અનંત જન્મ-મરણ થાય છે એમ કહે છે.

જેમ ૩૧મી ગાથામાં કહ્યું ને ઈન્દ્રિય કોને કહેવી? આ જડ ઈન્દ્રિય. આ માટી છે એ જડ ઈન્દ્રિય છે. અને ખંડ ખંડ ઈન્દ્રિય. એક એક ઈન્દ્રિય એક એક વિષય કરે એવા જ્ઞાનનો અંશ એને ઈન્દ્રિય કહીએ. આને ઈન્દ્રિય કહીએ અને વિષયોને પણ ઈન્દ્રિય કહીએ. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શને પણ ઈન્દ્રિય કહીએ. ત્રણને ઈન્દ્રિય કહ્યા છે. ક્યા ત્રણ? કહ્યું ને? આ જડ ઈન્દ્રિય આ માટી છે ને? ધૂળ આ. આ જડ ઈન્દ્રિય. અને એક એક ઈન્દ્રિયના વિષયને જાણનારું જ્ઞાન ખંડ ખંડ જ્ઞાન એ પણ ઈન્દ્રિય છે. અને શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ બહારની ચીજ એ પણ ઈન્દ્રિય. ત્રણેને ઈન્દ્રિય કહી. એમ અહીંયાં વિષય શબ્દે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શનું વેદન કરી શકતો નથી. એ તો જડ છે. એના તરફનો જે રાગ થાય તેને વેદે તે વિષયને વેદે છે એમ કહે છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે.

અજ્ઞાની અનાદિથી વિષયનું વિષ, પોતાનો અમૃતસ્વરૂપ ભગવાન, સુખાનંદ સ્વરૂપ. પોતાનું સુખ આનંદસ્વરૂપ, એનો વિષય, રુચિ, પ્રેમ છોડી અને એનાથી પુણ્ય ને પાપના વિકલ્પ રાગ, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હો કે હિંસા, જૂઠ, ચોરીના

પરિણામ હોય એ બેય રાગ છે. રાગનું વેદન કરવું એ વિષયનું વેદન છે. 'પોપટભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- આવું નહોતું સાંભળ્યું.

ઉત્તર :- નહોતું સાંભળ્યું? પડિકમણા તો બહુ કર્યા હતા.

મુમુક્ષુ :- એમાં આવું નહોતું આવતું.

ઉત્તર :- નહોતું આવતું. વાત સાચી. આહાહા..! ઝીણી વાત, બાપુ!

ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવે કહ્યો, એ તો આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે. એની રુચિ છોડીને પાંચ ઇન્દ્રિયોના વિષય તરફના ઝુકાવનો જે રાગ, એ રાગનું એકત્વપણું, સ્વભાવ અને રાગ એકપણું એવી જે માન્યતા એ વિષયનું સેવન છે. આહાહા..! 'કાંતિભાઈ'! દુનિયાને ધર્મ શું, અધર્મ કેમ થાય એ અધર્મની પણ ખબર નથી. આહાહા..! અહીં તો ધર્મ અને અધર્મ બેની જ વ્યાખ્યા છે. ભગવાનઆત્મા પોતાનો આનંદ અને સુખસ્વરૂપ, એનો પ્રેમ છોડીને જેને આત્માના આનંદસ્વભાવથી ઊલટો પુણ્ય-પાપનો શુભ-અશુભભાવ અને એના નિમિત્તો શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એનો જેને પ્રેમ છે, એકત્વબુદ્ધિ છે એ વિષયનો જ સેવનાર છે. સમજાય છે કાંઈ? ભારે વ્યાખ્યા ઝીણી. ઝેરના ખાવાથી એકવાર મરે. પણ રાગનું ઝેર પુણ્ય-પાપનું એ મારું છે. રાગ વિકલ્પ છે શુભ-અશુભ એ મારો છે. એ મિથ્યાત્વરૂપી ઝેર અનંતા જન્મ-મરણને કરે. એમ કહે છે. 'ચંદ્રકાંતભાઈ'! આવું છે. વીતરાગ માર્ગ શું છે એ ખબર નથી હજી લોકોને.

અહીં તો બીજી રીતે કહે છે કે કોઈપણ પુણ્ય પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના થાય એને પરમાર્થે ધર્મ માને એ જેમ મિથ્યાદૃષ્ટિ છે, એમ એ રાગની એક્તબુદ્ધિ કરનારો પણ મિથ્યાદૃષ્ટિ છે. પંડિતજી! ભારે વ્યાખ્યા, ભાઈ! આ શીલની સામે અશીલની વ્યાખ્યા છે ને. શીલ અર્થાત્ ભગવાનઆત્મા આનંદનો નાથ, એની એકાગ્રતામાં આનંદનું વેદન, અકષાયભાવનું વેદન, એનું નામ શીલ કહેવામાં આવે છે. આહાહા..! શરીરથી બ્રહ્મચર્ય પાળતો હોય, પણ અંદરમાં શરીરનું બ્રહ્મચર્ય હું પાળું છું એવો જે વિકલ્પ ઊઠે છે, એ રાગની સાથે જેની એક્તા છે તે અબ્રહ્મચારી છે. એય..! 'પ્રકાશદાસજી'! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? એય.! 'કાંતિભાઈ'! આ તમારો દાખલો. એ તો બાળબ્રહ્મચારી છે. 'જેઠાલાલભાઈ'! બાળબ્રહ્મચારી છે. માસિક પગાર પંદરસોનો હતો. પંદરસોનો પગાર છોડી દીધો. નોકરી છોડી દીધી. પંદરસોનો પગાર. માસિક. (નોકરી) છોડી દીધી. અમારે નોકરી કરવી નથી. બાળબ્રહ્મચારી છે પણ અંદર વિકલ્પ ઊઠે. 'કાંતિભાઈ'! આ તો એવી વાત છે. 'જેઠાલાલભાઈ'! એવો માર્ગ છે. હજી એને ખ્યાલમાં, સમજણમાં (તો લે). અજ્ઞાનમાં ક્યાં શું ચીજ છે અને શું છોડવા જેવું અને શું આદરવા જેવું એની ખબર નથી.

અહીંયાં તો કહે છે કે જેને રાગભાવ ચાહે તો પુણ્યનો, દયા, દાન, વ્રત, ભક્તિનો હો. પણ રાગ સાથે જેની આત્મસ્વભાવની એક્તાબુદ્ધિ છે એ અબ્રહ્મચારી અશીલવાળો છે. આહા..! લ્યો, આ મહાવ્રતના પરિણામ. કહો, દેવાનુપ્રિયા! મહાવ્રતના પરિણામ તો વિકલ્પ છે. અહિંસા, સત્ય આદિ રાગ. એ રાગથી મને લાભ થાય એમ માનનારો અબ્રહ્મચારી

મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ? આહાહા..! પાંચેનો ... આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ધર્મ આચરણ માને છે એ જ મિથ્યાત્વભાવ, અશીલભાવ, કુશીલભાવ, મિથ્યાત્વભાવ છે એમ કહે છે. આહાહા..! વાત સૂક્ષ્મ છે, ભગવાન! આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ અનાકુળ શાંતરસનો સાગર છે આત્મા. લ્યો, ભાઈ! સાગર છે આત્મા. થોડી ગુજરાતી શીખી લેવી. તમારા પિતાજીએ રાત્રે દલાલી કરી હતી કે પોપટભાઈ આવશે તો ગુજરાતી ચાલશે. અહીંયા તો તમારા મકાન કર્યા છે તો ગુજરાતી ચાલવું જોઈએ. એય..! શેઠ! આખા કુટુંબને અહીં લાવવું છે. શું કરવા નાખ્યા બે લાખ? તો થોડી અહીં ગુજરાતી શીખી લેવી. ગુજરાતીમાં જેમ ચાલે એવું હિન્દીમાં નથી ચાલતું. સમજાય છે કાંઈ? આહાહા..!

ઝેર ખાનાર એકવાર મરે પણ વિષય સેવનાર અનંતવાર મરે. એનો અર્થ શો? આહાહા..! અંતર વીતરાગમૂર્તિ આત્મા ભગવાન ઇન્દ્રિયથી વિકલ્પથી ગમ્ય નથી (થતો), એવો ચૈતન્ય ભગવાન, એનો પ્રેમ છોડીને એનાથી વિરૂદ્ધ રાગ, ચાહે તો વ્રતનો રાગ હો, તપનો. આ તપસ્યા કરું, સામાયિક કરું, પોષા કરું, પડિકમણા કરું એવો જે વિકલ્પ છે એ તો રાગ છે. એય..! 'જયંતિભાઈ'! આહાહા..! એ તો વૃત્તિનું ઉત્થાન છે, રાગ છે. એ રાગનું સેવન છે એ જ વિષયનું સેવન છે એમ કહે છે. અનંતા જન્મ-મરણને કરશે એ. આહાહા..! ભારે માર્ગ, ભાઈ!

'**વિષયરૂપ વિષસે નષ્ટ જીવ...**' જેને પાંચ ઇન્દ્રિયના વિષયો અને વિષય તરફના રાગમાં ઠીક લાગે છે, મજા પડે છે. એ વિષયનો અર્થી, વિષયનો સેવનાર અનંત ભવમાં જન્મ-મરણમાં રખડશે. સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :- અન્ય સર્પાદિકકે વિષસે વિષયોંકા વિષ પ્રબલ હૈ,...**' સર્પના ઝેર કરતાં આત્માના સ્વભાવથી વિરૂદ્ધ રાગ, એનું ઝેર, એની એકત્વબુદ્ધિનું અશીલપણું મહા અનંતા જન્મ-મરણને પમાડશે. પંડિતજી! ભારે વાત, ભાઈ! '**ઇનકી આસક્તિસે...**' આસક્તિ એટલે અહીંયાં રુચિ લેવી. સમ્યગ્દષ્ટિ જીવ-ધર્મી, આત્માના આનંદનો પ્રેમ અને આનંદનો સ્વાદ સમકિતી ધર્મીને હોય છે. એથી ધર્મી છન્નું હજાર સ્ત્રીના વૃંદનો ભોગ લે એમ દેખાય છતાં એમાં સુખબુદ્ધિ છે નહિ. એને અશીલ નથી એમ કહે છે. આહાહા..! એય..! 'પોપટભાઈ'!

સમ્યગ્દર્શન અને અનંતાનુબંધીનો અભાવ, એવી જે અંતર નિર્મળ પરિણતિનો ભાવ તે શીલ છે. એ શીલને સેવે છે. એ સ્ત્રીના સેવનને સેવતો નથી. આહાહા..! એ તો એને રાગ આવ્યો એનું જ્ઞાન કરી લીધું. રાગનું જ્ઞાન કર્યું. રાગ મારો એમ ન માન્યો. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ બાપા એવો છે. આ સાધારણ માણસો કહે, અમે ધર્મ કરીએ છીએ. સામાયિક કર્યા, પોષા કર્યા, પડિકમણા કર્યા, અપવાસ કર્યા, તપસ્યાઓ કરી સુકાઈ ગયા. ધૂળેય ધર્મ નથી, સાંભળને! લાંઘણું છે તારી બધી. એય..! 'જયંતિભાઈ'! માર્ગ એવો છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એવો માર્ગ ફરમાવે છે. એવી રીતે જ હોય, બીજું હોય શી રીતે?

આહાહા..!

આજ તો વિચાર સવારમાં ઓલો આવ્યો જરી. ઇન્દ્રિયને ત્રણ કીધું ને? એમ રાગ, એનો વિષય એ બધો વિષય છે. ઇન્દ્રિયમાં ત્રણ કહ્યું ને? ૩૧ ગાથામાં નહિ? ભગવાનની વાણી વિષય ઇન્દ્રિય છે એમ કહે છે. આહાહા..! પરદ્રવ્ય છે ને? એ વાણી એ ઇન્દ્રિય અને વાણીને જાણનાર ખંડ ખંડ જ્ઞાન એ ઇન્દ્રિય અને આ જડ ઇન્દ્રિય છે જ આ તો. આ તો માટી છે, આ તો ધૂળ છે. ત્રણેને ભગવાને ઇન્દ્રિય કહ્યા છે. અને એ ઇન્દ્રિયને પોતાની માને એને ઇન્દ્રિયના જ્ઞાનવાળો જડ અને અચેતન કહ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! આપણે .. એમ કહે છે.

મુમુક્ષુ :- સાચી વાત ..

ઉત્તર :- સત્ય જ આ છે. 'ડાલચંદજી'! આહાહા..!

ભગવાનઆત્મા સત્‌સ્વરૂપ, આનંદસ્વરૂપ સર્વજ્ઞ તીર્થંકરે કહ્યો એ, હોં! અજ્ઞાનીઓએ માન્યો એ નહિ. ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા, જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન, એણે આત્માને કહ્યો તે એ આત્મા તો આનંદની મૂર્તિ, અનાકુળ શાંતનો રસકંદ છે. એની જેને દૃષ્ટિ રુચિ થઈ, એને વિષયની રુચિ રૂંવાટે રૂંવાટે ક્યાંય નથી. આહાહા..! અસ્થિરતાનો રાગ છે પણ રુચિ નથી. અંદર આ ન હો... ન હો... ન હો... ન હો... એમ થયા કરે અંદર. સમજાય છે કાંઈ? આ ન હો... ન હો. ત્યાં અજ્ઞાનીને આ હો... આ હો.. આ મજા... મજા... મજા લાગે છે એ જ મહામિથ્યાત્વનું ઝેર ચડી ગયું છે. સર્પના ઝેર કરતાં પણ આ ઝેર અનંતા જન્મ-મરણને કરે એવું છે. આહાહા..! અરે..! એના ઘરમાં શું છે અને પરમાં શું માનું છું એની એને ખબર ન મળે. ધર્મ કરીએ, ધર્મ. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને!

કહે છે, જુઓ હવે. '**બહુત જન્મ-મરણ હોતે હૈં.**' આહાહા..! શીલપાહુડમાં તો ગજબ વાત કરી છે. શીલપાહુડ. સમજાય છે કાંઈ? શું કહ્યું ભગવાન? એમ કહ્યું.. આહાહા..! ગજબ વાત કરે છે. પહેલા આવ્યું હતું ને? ભાઈ! જ્ઞાનને શીલને વિરોધ નથી. પહેલેથી વાત છે. જ્ઞાન અને શીલને વિરોધ નથી. જ્યાં શીલ છે ત્યાં જ્ઞાન છે. જ્યાં જ્ઞાન છે ત્યાં શીલ છે. શીલની વ્યાખ્યા? શીલની વ્યાખ્યા શું? ભગવાનઆત્મા સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ, એને પુણ્યના પાપના વિકલ્પથી ભિન્ન કરી, પૃથક્ કરી અને સ્વરૂપમાં એકાગ્રતા થાય, વીતરાગી દશા થાય એને શીલ કહેવામાં આવે છે. આહાહા..! અને રાગનો ભાગ ઊઠે, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવી જે વૃત્તિનું ઉત્થાન થાય તે રાગ છે. એ રાગ સાથે જેની એક્તાબુદ્ધિ છે, ભગવાન નિર્મળાનંદ, સચ્ચિદાનંદ શુદ્ધ આનંદકંદ એની સાથે રાગની એક્તાબુદ્ધિ છે એ જ મૈથુન છે, એ જ મિથ્યાત્વ છે. લ્યો, વળી રાત્રે નવ કહ્યા હતા. રાતે કહ્યા કે નહિ? આહાહા..! ભાઈ! તારી બાદશાહી જુદી ચીજ છે અંદર.

ભગવાનઆત્મા અનાકુળ આનંદનો રસનો કંદ છે, પ્રભુ! આહાહા..! એવા આનંદના રસના પ્રેમને રુચિને છોડી જેણે શુભરાગમાં એક્તાબુદ્ધિ કરી છે એનું નામ મિથ્યાત્વ છે, એનું નામ અશીલ છે, એનું નામ હિંસા છે, એનું નામ અસત્ય છે, એનું નામ ચોરી છે, એનું નામ અબ્રહ્મ છે, એનું નામ પરિગ્રહ છે. આહાહા..! એય..! 'જયંતિભાઈ'! આહાહા..! અને જેને

ભગવાનઆત્મા શુદ્ધ પરમાનંદની મૂર્તિથી વિરૂદ્ધ રાગમાં જેને પ્રેમ છે, શુભરાગ હો (તેનો) પ્રેમ છે તેને આત્મા પ્રત્યે ક્રોધ છે. આહાહા..! માર્ગ વીતરાગનો સાંભળ્યો નથી એણે. બહારમાં કલ્પીને બેસી ગયો કે આ ધર્મ છે અને આ ધર્મ છે અને આ ધર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા પોતાનો સ્વભાવનો પ્રેમ એટલે આશ્રય એટલે રુચિ છોડી અને જેને એ શુભરાગ ચાહે તો દયા, દાન, વ્રતનો, પૂજાનો, ભક્તિનો વિકલ્પ છે એ બધો, એનો જેને પ્રેમ અને એકત્વબુદ્ધિ છે એને સ્વભાવ પ્રત્યે ક્રોધ છે. એને હું મોટો છું એમ માન્યું છે, ભગવાન મોટો આત્મા છે એમ માન્યું નથી. માન છે. એ કપટી છે. આહાહા..! ભગવાનઆત્મા આનંદની મૂર્તિ આત્મા ત્રિકાળી શુદ્ધ સહજ સ્વરૂપ, એની રુચિ છોડીને રાગની રુચિ કરનારો માયાવી કપટી છે. અને એ રાગના પ્રેમવાળો લોભી અનંતાનુબંધી લોભી છે. 'પ્રકાશદાસજી'! આ તમારા ઉત્તર ચાલતા હતા એમાંથી આ બધું વધારે ચાલ્યું. આહાહા..!

કાલે ઓલો દાખલો આપ્યો હતો ને? ગધેડાનો. ગધેડો હોય છે ને ગધેડો? એ મરી જાયને તો ચામડા હોય ને.. એમાં મૈસુબને લપેટ્યો હોય. મૈસુબ નાખ્યો હોય મૈસુબ. કાલનો મૈસુબ હતો ને? એ બરાબર નહોતો. ભાવ બરાબર લીધો હશે પણ ગોટો વાળ્યો લાગે છે. .. સંસારી એવા જ હોય. તમારો ભાવ ઘણો ઊંચો હતો.

મુમુક્ષુ :- 'જામનગર'નો જોયો.. અને આ બાજુ..

ઉત્તર :- આ પણ કથન બીજા છે. અમારે 'રામજીભાઈ' કહેતા. અમારે 'રામજીભાઈ' છે ને 'રામજી રૂપશી' ત્યાંના જાણીતા ખરા ને. એણે આ જોયું હોય ને બધું. ક્યાં ગયા 'રામજીભાઈ'? આહાહા..! ત્યાં ક્યાંક જોયેલું તો કહે આ એનું નથી. એની જાતનો નથી. એનો ભાવ લીધો હશે.

એમ અહીં ભાવ છે રાગનો એમાં આત્મધર્મ માન્યો એ બગાડ છે એમ કહે છે. રાગ છે રાગ, વિકલ્પ ચાહે તો ભગવાનની ભક્તિ ત્રણલોકના નાથની. એ પરદ્રવ્ય છે. એના ઉપરના ઝુકાવનો રાગ એ શુભરાગ છે. એ રાગને પોતાપણે માને અને રાગની એક્તાબુદ્ધિ માને એ અશીલ છે, મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે. એ ઝેર ચડ્યું છે એને. એ અનંત સંસારમાં રખડશે એમ કહે છે. 'જેઠાલાલભાઈ'! આવો માર્ગ છે. આહાહા..! વીતરાગ માર્ગ છે આ તો. કેવળી પરમાત્માનો કહેલો. કેવળી પણંત્તો ધમ્મો શરણં. આહાહા..!

અરે..! એની જાતથી વિરૂદ્ધ શું છે અને એની જાત શું છે એની એને ખબરું ન મળે અને એને ધર્મ થાય અને જન્મ-મરણ મટે એ શી રીતે બને? આહાહા..!

आगे कहते हैं कि विषयोंकी आसक्तिसे चतुर्गतिमें दुःख ही पाते हैं :-

## ગાથા-૨૩

णरएसु वेयणाओ तिरिक्खए माणवेसु दुक्खाइं।
देवेसु वि दोहग्गं लहंति विसयासिया जीवा।।२३।।

नरकेषु वेदनाः तिर्यक्षु मानषेषु दुःखानि।
देवेषु अपि दौर्भाग्यं लभंते विषयासक्ता जीवः।।२३।।

બહુ વેદના નરકો વિષે, દુઃખો મનુજ-તિર્યંચમાં,
દેવેય દુર્ભગતા લહે વિષયાવલંબી આતમા. ૨૩.

अर्थ :- विषयोंमें आसक्त जीव नरकमें अत्यंत वेदना पाते हैं, तिर्यंचोमें तथा मनुष्योंमें दुःखोंको पाते हैं और देवोंमें उत्पन्न हों तो वहाँ भी दुर्भाग्यपना पाते हैं, नीच देव होते हैं, इस प्रकार चारों गतियोंमें दुःख ही पाते हैं।

भावार्थ :- विषयासक्त जीवोंको कही भी सुख नहीं है, परलोकमें तो नरक आदिके दुःख पाते ही हैं परन्तु इस लोकमें भी इनके सेवन करनेमें आपत्ति व कष्ट आते ही हैं तथा सेवनसे आकुलता दुःख ही है, यह जीव भ्रमसे सुख मानता है, सत्यार्थ ज्ञानी तो विरक्त ही होता है।।२३।।

## ગાથા-૨૩ ઉપર પ્રવચન

'આગે કહતે હૈં કિ વિષયોંકી આસક્તિસે ચતુર્ગતિમેં દુઃખ હી પાતે હૈં :-' ૨૩. ૨૩-૨૩.

णरएसु वेयणाओ तिरिक्खए माणवेसु दुक्खाइं।
देवेसु वि दोहग्गं लहंति विसयासिया जीवा।।२३।।

વિષય આસક્ત જીવની વ્યાખ્યા જ બીજી છે. પુણ્ય અને પાપનો વિકલ્પ જે રાગ, એમાં એક્તા એ વિષય આસક્ત છે. આહાહા..! સમજાય છે કાંઈ? ધર્મીજીવ તો આત્માના આનંદના રસીલા, એને રાગ વિષયનો હોવા છતાં તેનો રસ નથી. શેરડીનો રસ જેમ ખાઈને કૂચા કાઢી નાખે, એમ ધર્મી જીવની પહેલી શરૂઆતમાં અતીન્દ્રિય આનંદના રસના પ્રેમમાં રાગનો વિષયનો કૂચો અંતરથી છોડી દીધો છે. સમજાણું કાંઈ? શેઠ! આવી વાત છે, ભાઈ! તમારાથી નાના શેઠ અહીં વધારે રહે છે. પછી તમારે શરીરનું ઠેકાણું ન હોય. મોડા મોડા આવો. આહાહા..! કાલે ઘણી વાત ચાલી. શરીરનું (કારણ) કાલે હતું, નહિતર કાંઈક બીજું કારણ હોય.

અહીં તો કહે છે, '**વિષયોંમેં આસક્ત જીવ...**' છે, આસક્તની વ્યાખ્યા આ. એક્તાબુદ્ધિ. ભગવાનઆત્મા અણીન્દ્રિય, અતીન્દ્રિય રસનો કંદ પિંડ પ્રભુ આત્મા છે. એને રાગનો વિકલ્પ એ ઝેર છે. એ રાગની જેને રુચિ અને રાગની જેને સ્વભાવમાં એક્તા છે, તે નરકને વિષે જશે. આહાહા..! ભારે! સમજાણું કાંઈ? '**નરકમેં અત્યંત વેદના પાતે હૈં,...**' પોતાનો આનંદસ્વભાવ, પોતાનો નિજ નિધિ અનંત શાંત આદિ રસના ગુણનો પિંડ, એનો અનાદર કરી અને જેણે રાગનો જ આદર કરીને ઉપાદેય માન્યો છે, કહે છે કે એ નરકની અત્યંત વેદના ચાર ગતિમાં રખડશે. સમજાય છે કાંઈ? આહાહા..! ચીભડાના ચોરને ફાંસીની સજા નથી હોં! આ.

મુમુક્ષુ :- ગુના પ્રમાણે સજા થાય.

ઉત્તર :- ગુના પ્રમાણે ફાંસી (છે), ભગવાન! આહાહા..!

પોતાના અનંતા અનંતા પવિત્ર ગુણો, સિદ્ધ સમાન પોતાનું સ્વરૂપ જ શુદ્ધ છે. એની સાથે રાગની એક્તાબુદ્ધિ કરી વ્યભિચાર કર્યો એણે, એમ કહે છે. આહાહા..! એય..! 'ચેતનજી'! ભારે આકરું આ કામ. શેઠ કહે છે, કઠણ છે. સાંભળ્યું નથી ને કોઈ દિ'. બધું સાંભળ્યું એ બધા ગોટા સાંભળ્યા છે બધાય. આહાહા..! અભ્યાસ નહિ. આહાહા..! ઊંધો અભ્યાસ, પ્રભુ! આહાહા..!

આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગ તો એમ કહે ત્રણલોકના નાથ વીતરાગ એમ કહે, મારી સામું જોઈને તને વિકલ્પ થશે, ભગવાન! તું એ છોડીને અંતર જો. આહાહા..! એ વીતરાગ કહે, હોં! એય..! 'કાંતિભાઈ'! ત્રણલોકના નાથ પરમાત્મા જાણનારની અપેક્ષાએ નાથ, હોં! ધણી-બણી નથી કાંઈ કોઈના. જ્ઞાનના નાથ છે. એ ભગવાન એમ ફરમાવે છે. આ જુઓ 'કુંદકુંદાચાર્યદેવ' એમ કહે છે. ભગવાન પાસે ગયા હતા એ લાવીને આ વાત કરે છે. આહાહા..! ભગવાનનો સંદેશો આ છે પ્રભુ! કે આ આત્મા પોતાના સુખનો, આનંદનો સ્વભાવ ત્રિકાળી સદાનંદી પ્રભુ, નિત્યાનંદી નાથ, એની જેણે રુચિ છોડી અને જણે સ્વભાવથી વિરૂદ્ધ એવા શુભરાગની પણ રુચિ કરી અને એકત્વબુદ્ધિ કરી, તો કહે છે કે ચાર ગતિના દુઃખો તેના ફળ છે. જુઓ! દેવ પણ લેશે. કારણ કે શુભભાવ હોય છે. પણ એકત્વબુદ્ધિ છે તો મિથ્યાત્વ છે. અને શુભભાવમાં જરી પુણ્ય બંધાય તો સ્વર્ગ આદિમાં જાય. એમાં ધૂળમાં સ્વર્ગમાંય શું છે ઢોરમાં? બધાય સરખા છે. સ્વર્ગમાં પણ વિષયના અંગારાથી બળી રહ્યા છે એ. સમજાય છે કાંઈ? ચક્રવર્તીઓ મોટા મોટા રાજાઓ, શેઠિયાઓ, અબજોપતિ રાગને અંગારે સળગી રહ્યા છે. આહાહા..! સ્વરૂપ શાંત અને અનાકુળ સ્વરૂપ, રાગની ક્રિયા વિનાનું તત્ત્વ, એના સ્વભાવથી ખસીને રાગના ભાવમાં આવે છે અને એને હિતકર માને છે. કહે છે કે રાગના અંગારે શેકાણા છે એ. એય..! 'પોપટભાઈ'! આહાહા..! બધા સુખી કહે છે ને? તમને આ બધા પૈસાવાળાને. આહાહા..!

મુમુક્ષુ :- જીવ પૈસાવાળો, શરીરવાળો નથી, રાગવાળો નથી.

ઉત્તર :- રાગ પણ કેવો? રાગ સ્વરૂપ એ ભગવાનઆત્માનું? આહાહા..! શુદ્ધ સદા નિર્મળાનંદ પ્રભુ, એનું રાગરૂપ કુરૂપ. કુરૂપને પોતાનું રૂપ માનવું એ વિષયનો સેવનાર ભલે

બહારથી વિષય ન સેવતો હોય. પણ વિષય એના ફળમાં એને વિષયો આવવાના અને એને ભોગવશે. એટલે રાગને જ અહીંયાં વિષય કહ્યો છે. આહાહા..! ભારે કામ પણ આકરું માણસને.

'**તિર્યંચોમેં તથા મનુષ્યોંમેં દુઃખોંકો પાતે હૈં...**' ચાર ગતિ મળશે એમ કહે છે. દેવને વિષે પણ '**देवेसु वि दोहग्गं**' એમ છે ને? '**દુર્ભાગ્યપના પાતે હૈં,...**' હલકા દેવ થાય. એ દેવ મરીને પાછો ગધેડો થાશે.

મુમુક્ષુ :- ઈ થાય અને ઓલો મોટો દેવ કહે, થા ગધેડો.

ઉત્તર :- થાય ને, ગધેડો થાય. હાથી થાય. ગધેડો ન થવા દે. પણ હાથી થાય. મોટો દેવ હોય ને? એ હલકા દેવને કહે, હાથી થા, ઘોડો થા.

મુમુક્ષુ :- પોતાને સવારી કરવા માટે.

ઉત્તર :- સવારી કરવા માટે. ... ભગવાનનો જન્મ થાય છે, જુઓને. ભગવાનનો જન્મ થાય ત્યારે ઇન્દ્ર આવે છે કે નહિ? ઐરાવત હાથી. લાખ યોજન ઊંચો. એ હાથી કાંઈ તિર્યંચ નથી. દેવ છે. દેવનો હલકો જીવ (છે), એને હાથીનું રૂપ ધારણ કરવું પડે છે. માથે ઇન્દ્ર સવારી કરે છે. દુઃખી છે, દુઃખી છે. ત્યાં સુખ ક્યાં હતું ધૂળમાં? આહા..! સમજાણું કાંઈ?

'**દેવોંમેં ઉત્પન્ન હોં તો વહાં ભી દુર્ભાગ્યપના પાતે હૈં, નીચ દેવ હોતે હૈં,...**' આહાહા..! '**ઇસપ્રકાર ચારોં ગતિયોંમેં દુઃખ હી પાતે હૈં.**' ચાર ગતિમાં દુઃખ છે. સુખ તો મોક્ષમાં છે. આત્મા મોક્ષસ્વરૂપ જ છે. ચાર ગતિના દુઃખો. એક જ વાત છે. એક બાજુ સંસાર અને એક બાજુ ભગવાનઆત્મા. સંસાર શબ્દે રાગથી માંડીને આ દુનિયાની બધી ચીજ અને ભગવાનઆત્મા અનંતગુણનો પિંડ પરમાનંદ એક રામ. એ આતમરામ અને એક બાજુ આખું ગામ. શુભ વિકલ્પથી માંડીને બધું ગામ. એનો જેને એક પણ રાગની રુચિનો પ્રેમ છે, એકત્વબુદ્ધિ છે (એ) અશીલમાં છે, કુશીલ્યો છે. કહ્યું નહિ? પુણ્યના અધિકારમાં નહિ? પુણ્ય અધિકારમાં. કુશીલ.. સંસારમાં દાખલ કરે એને સુશીલ કેમ કહેવું? આહાહા..! પુણ્યભાવ, શુભભાવ એ સંસારમાં દાખલ કરે એને સુશીલ કેમ કહેવો? એ પુણ્યભાવ કુશીલ છે. આહાહા..! આકરું કામ ભાઈ! કહે છે, '**ચાર ગતિયોંમેં દુઃખ હી પાતે હૈં.**'

'**ભાવાર્થ :- વિષયાસક્ત જીવોંકો કહીં ભી સુખ નહીં હૈ,...**' ક્યાં સુખ? સુખ તો ભગવાનઆત્મામાં છે. આનંદનો તો દરિયો સરોવર છે એ તો પ્રભુ. આહાહા..! એ હંસલા મોતીના ચારા કરે. એ દાણા ન ખાય. હંસલા દાણા ન ખાય, હોં! એમ અહીં કહે છે કે ધર્મી જીવ, સમ્યગ્દૃષ્ટિ જીવ એને કહીએ કે જે આત્માના આનંદનો ચારો ચરે. આહાહા..! આ રાગના ચારા ચરનારા એ હંસલા નહિ. એ તો કાગડા છે. સમજાણું કાંઈ? રાગના પ્રેમે તું લુંટાઈ ગયો, પ્રભુ! એમ કહે છે. લુંટાઈને માને મને મજા છે. હવે એનું શું કરવું? 'પોપટભાઈ'!

'**વિષયાસક્ત જીવોંકો કહી ભી સુખ નહીં હૈ,...**' બે પ્રકાર કહેશે. '**પરલોકમેં તો નરક આદિકે દુઃખ પાતે હી હૈં પરંતુ ઇસ લોકમેં ભી ઇનકે સેવન કરનેમેં આપત્તિ વ કષ્ટ આતે હી**

**हैं.**' ઇન્દ્રિયના તરફનું વલણ, ભાવ છે એ જ આકુળતા છે, એ દુઃખ છે, ઝેર છે. ઝેરના પ્યાલા પીવે છે ઈ. આહાહા..! સમજાય છે કાંઈ? '**इस लोकमें भी इनके सेवन करनेमें आपत्ति व कष्ट आते ही हैं....**' પછી શરીર બગડે અને એ વળી જુદું. પણ જે અંદર આકુળતા થાય છે સેવવામાં એ જ દુઃખ છે. અને એના ફળમાં બંધન થઈને ચાર ગતિમાં રખડશે. ત્યાં પણ આકુળતા છે. ચાર ગતિ દુઃખરૂપ છે. સ્વર્ગાદિ બધા દુઃખરૂપ છે. અજ્ઞાની માને છે કે સ્વર્ગમાં સુખ છે. ધૂળેય નથી. સુખ તો આત્મામાં છે. સમ્યગ્દૃષ્ટિ સ્વર્ગમાં હો કે નરકમાં હો એ સુખમાં છે. સમજાય છે કાંઈ? મિથ્યાદૃષ્ટિ ત્યાગી અને ભોગી હોય તોપણ તે દુઃખમાં છે. આહાહા..! 'પ્રકાશદાસજી'! ભારે આકરું કામ. આહાહા..!

એકકોર આતમરામ અને એકકોર રાગથી માંડીને આખું ગામ. કહે છે કે જેને રાગની એક્તાબુદ્ધિ છે તેને આત્માના આનંદનો અનાદર છે. તે અશીલ પ્રાણી છે, શીલ વિનાનો છે. શીલ તો નરકમાં પણ હોય છે. નારકી જીવને શીલ હોય છે. શીલની વ્યાખ્યા આ છે. રાગથી રહિત અને સ્વભાવની એક્તાની દૃષ્ટિનું પરિણમન, શાંતિનું એને શીલ કહેવામાં આવે છે. એ શીલ નરકમાં પણ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને નવમી ગ્રૈવેયકે અનંતવાર દિગંબર સાધુ થઈને ગયો તો એ અશીલ હતો. આહાહા..! કુશીલ્યો હતો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહાહા..!

અહીં તો એમ માને કે અમે ભગવાનની ભક્તિ કરશું એમાં અમને નિર્જરા થાય. કહે છે કે મિથ્યાત્વનો વ્યભિચારી છે. વાત આકરી બાપા છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? એમાં નિર્જરા થાય, ધર્મ થાય. અરે..! ભગવાન! પરદ્રવ્ય (ઉપર) લક્ષ જતાં ક્યાં વીતરાગતા થાય? ત્યાં તો રાગ થાય. ચાહે તો અરિહંત હો અને સિદ્ધ હો. એના તરફના વલણની વૃત્તિ હો, પણ છે તો રાગ. એ રાગથી મને ધર્મ થશે, નિર્જરા થશે એ રાગની એક્તાબુદ્ધિવાળો અશીલ કુશીલ્યો છે. હેં! આહાહા..! આવો માર્ગ છે. માર્ગ જ આવો છે. એ કાંઈ કોઈનો કલ્પિત નથી. અનાદિ અનાદિ સનાતન વીતરાગ માર્ગ, આ રીતે વસ્તુના સ્વરૂપની સ્થિતિ છે. આ કાંઈ વીતરાગમાર્ગ કોઈ પક્ષ છે અને બીજા પણ ધર્મ (છે), એવું કાંઈ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. સમજાણું કાંઈ?

'**तथा सेवनसे आकुलता दुःख ही है,...**' સેવનની આકુળતા છે અને શરીર પણ ઓલું થઈ જાય, એમ કહેવું છે. શરીરમાં રોગ આદિ થાય, જીર્ણ થઈ જાય. '**यह जीव भ्रमसे सुख मानता है,...**' આહાહા..! ક્યાં સુખમાં મિથ્યાત્વ લઈ ગયા. સુંદર સ્ત્રી, લક્ષ્મી, કરોડો રૂપિયા, સુંદર મહેલ, મકાન, કરોડોના બાગ બગીચા, સુંદર રૂપ. આવશે આમાં, હોં! તરત આવશે. ૨૫મી ગાથામાં. શરીર સુંદર બધા અવયવો. એ શું? એ તો જડ છે, ભાઈ! આ તો માટી છે. માટીના આકાર માટીએ જ ભર્યા છે. એ આત્માનો આકાર નથી. આ કાંઈ આત્માની ચીજ નથી. આ તો માટી જડની ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? અમથા પણ નથી કહેતા કે કાંઈક પાકે ત્યારે, મારી માટી પાકણી છે એમ નથી કહેતા? માટી પાકણી નથી કહેતા? પાકે છે ને જ્યારે? ચામડી પાકી છે. ચામડી પાકી જાય છે ને. તો અમારી કાઠિયાવાડી ભાષામાં કહે કે મારી માટી પાકણી છે. માટી એટલે આ. પાકણી છે. આ તો

માટી છે. આ ક્યાં આત્મા હતો. આ તો ધૂળના આકાર છે. આહાહા..! ઉધઈના નથી થતાં મોટા રાફડા? ઉધઈ-ઉધઈ. નાની જીવાંત થાય છે. ઉધઈના રાફડા તમે નથી સમજતા? નાની-નાની જીવાત હોય છે ને? દિમક-દિમક. ધૂળ કાઢે. એમ આ ધૂળના ઢગલા છે. આહાહા..!

કહે છે, **'જીવ ભ્રમસે સુખ માનતા હૈ, સત્યાર્થ જ્ઞાની તો વિરક્ત હી હોતા હૈ.'** શું કહે છે? વિરક્તની વ્યાખ્યા-એક્તાબુદ્ધિ ધર્મીને હોતી નથી. રાગના, વિકલ્પના ઝેર સાથે ધર્મીની એકત્વબુદ્ધિ હોતી નથી. વિરક્ત જ છે. આહાહા..! પછી બહારના વિષયો હો પણ એ તો જ્ઞાતાનું જ્ઞેય છે. ધર્મીને છન્નું હજાર સ્ત્રી ભગવાન તીર્થંકરને હતી. ચક્રવર્તીને છન્નું હજાર (સ્ત્રી). ના, અમારી છે નહિ, અમે એના નથી. એની જરી આસક્તિનો રાગ એના અમે નથી, રાગ અમારો નથી. અમે તો રાગથી ભિન્ન ભગવાનસ્વરૂપ છીએ. આહાહા..! એને રાગમાં રસ જ્ઞાનીને ઊડી ગયો છે. અજ્ઞાનીને રાગમાં રસ ચોંટ્યો છે એકાકાર. આટલો ફેર છે. સમજાણું કાંઈ?

**'સત્યાર્થ જ્ઞાની તો વિરક્ત હી હોતા હૈ.'** સાચા જ્ઞાની જેને રાગથી ભિન્ન દશા-ભાન થયું છે એ રાગની, સ્વભાવની સાથે એક્તાબુદ્ધિ જેને તૂટી ગઈ છે. તો ધર્મી તો વ્યવહારથી મુક્ત છે. વ્યવહારથી મુક્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? ૨૩ થઈ.

---

**आगे कहते हैं कि विषयोंको छोड़नेसे कुछ भी हानि नहीं है :-**

## ગાથા-૨૪

**तुसधम्मंतबलेण य जह दव्वं ण हि णराण गच्छेदि।**
**तवसीलमंत कुसली खवंति विसयं क्सि व खलं।।२४।।**

**तुषधमद्बलेन च यथा द्रव्यं न हि नराणां गच्छति।**
**तपः शीलमंतः कुशलाः क्षिपंते विषयं विषमिव खलं।।२४।।**

**તુષ દૂર કરતાં જે રીતે કંઈ દ્રવ્ય નરનું ન જાય છે,**
**તપશીલવંત સુકુશલ, ખલ માફક, વિષયવિષને તજે. ૨૪.**

**अर्थ :- जैसे तुषोंके चलानेसे, उड़ानेसे मनुष्यका कुछ द्रव्य नहीं जाता है, वैसे ही तपस्वी और शीलवान् पुरुष विषयोंको खलकी तरह क्षेपते हैं, दूरफेंक देते हैं।**

**भावार्थ :- जो ज्ञानी तप शील सहित हैं उनके इन्द्रियोंके विषय खलकी तरह हैं; जैसे ईखका रस निकाल लेनेके बाद खल-चूंसे नीरस हो जाते हैं तब वे फेंक देनेके योग्य ही हैं, वैसे ही विषयोंको जानना। रस था वह तो ज्ञानियोंने जान लिया तब विषय तो खलके समान रहे,**

**उनके त्यागनेमें क्या हानि? अर्थात् कुछ भी नहीं है। उन ज्ञानियोंको धन्य है जो विषयोंको ज्ञेयमात्र जानकर आसक्त नहीं होते हैं।**

**जो आसक्त होते हैं वे तो अज्ञानी ही हैं, क्योंकि विषय तो जड़ पदार्थ हैं सुख तो उनको जाननेसे ज्ञान में ही था, अज्ञानीने आसक्त होकर विषयोंमें सुख माना। जैसे श्वान सूखी हड्डी चबाता है तब हड्डीकी नोंक मुखसे तालवेमें चुभती है, इससे तालवा फट जाता है और उसमेंसे खून बहने लगता है, तब अज्ञानी श्वान जानता है कि यह रस हड्डीमेंसे निकला है और उस हड्डीको बारबार चबाकर सुख मानता है; वैसे ही अज्ञानी विषयोंमें सुख मानकर बारबार भोगता है, परन्तु ज्ञानियोंने अपने ज्ञानहीमें सुख जाना है, उनको विषयोंके त्यागमें दुःख नहीं है, ऐसे जानना।।२४।।**

## ગાથા-૨૪ ઉપર પ્રવચન

૨૪. '**विषयोंको छोडनेसे कुछ भी हानि नहीं है :-**' કહે છે કે ફોતરા જેમ ફોતરા હોય ને ફોતરા? ફોતરાને શું કહે છે? છિલકા. ફોતરા જેમ ઉડાડી દ્યે છે એમાં કોઈ નુકસાન છે?

મુમુક્ષુ :- એ તો ચોખ્ખું થઈ જાય.

ઉત્તર :- ચોખ્ખું થઈ જાય. સુપડા હોય છે ને સુપડા? સુપડા કહે છે? ઓલા મગ આદિના ફોતરા હોય છે ને? આમ કરતા કરતા ઉડાડી દે છે. ન નીકળે તો ધબો મારે નીચે તો ફોતરા ઊડી જાય. આ તો જોયેલું હોય એની વાત છે. અહીં તો એમ કહે છે કે ફોતરા-છિલકા ઉડાડવામાં કાંઈ નુકસાન નથી, ત્યાં તો લાભ છે. માલ એકલો લઈ જાય છે અને છિલકા ઉડાડી દે છે. આહાહા..!

એમ ભગવાન ચૈતન્ય આનંદનો નાથ એ માલ તો દૃષ્ટિમાં ધર્મીને રહી જાય છે અને પુણ્ય-પાપના વિકલ્પ તે ફોતરા-થુંથાને ઉડાવી દે છે. મારામાં એ નથી. હું એનો નથી, એ મારામાં નથી. આહાહા..! આ તે કાંઈ પુરુષાર્થ છે? કેટલો પુરુષાર્થ છે એમાં? લોકોને એની ખબર નથી પડતી. આ અપવાસ કર્યા, ફલાણું કર્યું, ઢીકણું કર્યું ને તપસ્યા થઈ ગઈ. અમે પુરુષાર્થ કર્યો. ધૂળેય કર્યો નથી, સાંભળને! રખડવાના રસ્તા છે એ બધા. આહાહા..! એય..! 'પોપટભાઈ'! અપવાસ-બપવાસ કર્યા હતા ને કોઈ દિ'? થોડાક કર્યા હશે થોડા-થોડા. ભાઈ! અમે પણ કરતા હોં દુકાને. પર્યુષણમાં હોં! પર્યુષણમાં આઠ દિ' હોય ને. પાણી વિનાના હોં! અપવાસ. (સંવત) ૧૯૭૦ની સાલ પહેલા. કાંઈ ખબર ન મળે કે શું વસ્તુનું સ્વરૂપ છે. માનીએ કે ધર્મ થઈ ગયો આપણે. આહાહા..! બાપુ! એ વસ્તુ નથી. ભગવાનઆત્મા અનાકુળ શાંતિના રસકંદવાળો પ્રભુ, કહે છે કે એને ફોતરા-છિલકા ઉડાડવામાં કાંઈ નુકસાન છે? માલ રહી જશે અને ફોતરા ઊડી જશે.

**तुसधम्मंतबलेण य जह दव्वं ण हि णराण गच्छेदि।**
**तवसीलमंत कुसली खवंति विसयं क्सि व खलं।।२४।।**

ઓલામાં .. શબ્દ હતો ને આમાં '**गच्छेदि**' શબ્દ વાપર્યો છે. ૨૨-૨૨ .. સરી ગયો એટલે '**गच्छेदि**' એમ. છે ને સંસ્કૃત? '**वारि एक्कम्मि य जम्मे मरिज्ज**' '**मरिज्ज**'નો અર્થ કર્યો '**गच्छेदि**'. નહિ? સરી ગયો. સ્વભાવમાંથી સરી ગયો, નીકળી ગયો બહાર. .. શબ્દ એવો વાપરે છે. સરી ગયો. આહાહા..! એમ જેણે આત્માના આનંદના સ્વભાવનો પ્રેમ અને દૃષ્ટિ કરીને પુણ્ય-પાપના છિલકા જેણે ઉડાવી દીધા એમાં નુક્સાન નથી પણ લાભ છે, કહે છે. સમજાય છે કાંઈ? '**धम्मंतबलेण य जह दव्वं ण हि णराण गच्छेदि**' ઓલો '**गच्छेदि**' શબ્દ આવ્યો ને એટલે યાદ આવ્યું. આ '**गच्छेदि**' શબ્દ આવ્યો ને આમાં? ૨૪માં. એટલે ઓલામાં '**गच्छेदि**'નું યાદ આવી ગયું. શરીરનો અર્થ '**गच्छेदि**' કર્યો.

'**અર્થ :- 'तवसीलमंत कुसली खवंति विसयं क्सि व खलं।।' જૈસે તુષોંકે ચલાનેસે, ઉડાનેસે મનુષ્યકા કુછ દ્રવ્ય નહીં જાતા હૈ,...**' છિલકા અને ફોતરા કાઢી નાખવામાં કોઈ નુક્સાન નથી. માલ રહી જશે. આહાહા..! '**વૈસે હી તપસ્વી ઔર શીલવાન પુરુષ...**' તપ શબ્દે ઈચ્છા નિરોધરૂપ આત્માના આનંદની દશા. તપ એટલે અપવાસ-બપવાસ એ અહીં તપ નથી. આત્મા જ અખંડાનંદ પ્રભુ પોતાની શુદ્ધિથી તપે, શોભે. આનંદથી જેમાં આત્મા ઓપે છે, આત્મા આનંદથી ઓપે છે એનું નામ તપ કહે છે. સમજાય છે કાંઈ? ભારે! એક એકની વ્યાખ્યા જુદી. વીતરાગની વ્યાખ્યા જુદી બધી.

'**તુષોંકે ચલાનેસે, ઉડાનેસે મનુષ્યકા કુછ દ્રવ્ય નહીં જાતા હૈ,...**' લક્ષ્મી જાય એમાં કાંઈ? '**વૈસે હી તપસ્વી..**' પોતાના સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની રાગરહિત શીલવાન દશા, એ '**વિષયોંકો ખલકી તરહ ક્ષેપતે હૈં,...**' ખલ... ખલ... ખલ... ખલ હોય ને ખલ? તલમાંથી ખોળ નથી નીકળતો? ખોળ-ખોળ કહે છે ને? ખળ કહે છે. કણબી લોકો ખળ કહે. અમારે ખોળ કહે. એ લોકો ખળ લાવ્યા? ખળ લાવ્યા? એમ કહે. ખળ. એમ આત્મામાં પુણ્ય અને પાપની ખળ દૃષ્ટાઈ છે. આહાહા..! '**વિષયોંકો ખલકી તરહ ક્ષેપતે હૈં,...**' એ રાગને ખળની જેમ છોડી દે છે દૃષ્ટિમાં. આહાહા..! સમજાય છે કાંઈ?

**નવિષયોંકો ખલકી તરહ ક્ષેપતે હૈં,...**' અહીં વ્યાખ્યા સ્થુળ કરે ને કે બહારથી વિષય છોડ્યા, આ છોડ્યા ને આ છોડ્યા. એ વાત છે જ નહિ. એ વિષય તો એવા બહારથી તો અનંતવાર છોડ્યા. અભવિએ પણ અનંતવાર બાયડી-સ્ત્રી-કુટુંબ છોડીને બ્રહ્મચર્ય પાળ્યા. એ બ્રહ્મચર્ય નહિ, એ વિષય છોડ્યો નહિ. 'શ્રીમદ્'માં પણ આવે છે ને? 'જે નવ વાડ વિશુદ્ધથી પાળે શીલ સુખદાય.' વિશુદ્ધથી શબ્દ પડ્યો છે અંદર. એમ ને એમ નવ વાડ પાળે એ નહિ. એ તો રાગ છે. 'કાંતિભાઈ'! 'શ્રીમદ્'માં આવે છે. 'શ્રીમદ્'ના વાક્યો કેટલાક ઘણાં ગૂઢ છે, ગંભીર છે. ઉપરથી અર્થ કરે અને અંદર ગર્ભને સમજે નહિ તો ગોથા ખાય બધા. આપણે બ્રહ્મચર્ય પાળો નવ વાડે. પણ કઈ રીતે? વિશુદ્ધથી. અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની

વીતરાગતા સહિત જે પાળે એને બ્રહ્મચર્ય પાળનાર કહે છે. સમજાણું કાંઈ? 'ભવ તેનો પછી લવ લહે...' આવે છે ને? 'તત્ત્વ વચને...'

કહે છે કે પોતાના આત્માના આનંદના પ્રેમથી ધર્મી એ વિષયના રાગને છોડતાં શું લાભ છે? અને છોડતા તેમાં નુકસાન શું છે? ઠામૂકો રાગ છૂટતાં, રાગની એક્તા છૂટતાં સમ્યગ્દર્શન અને આનંદની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! બહારથી બધું માંડીને બેઠા હોય ને. અપવાસ કરે. દયા પાળે, સામાયિક કર્યા, પોષા કર્યા. ધૂળેય નથી, ભગવાન! તને ખબર નથી, ભાઈ! તારા સ્વભાવમાં રાગ નથી, રાગની એક્તાબુદ્ધિ છોડવી અને સ્વભાવની એક્તા કરવી એનું નામ બહાર રાગનો ત્યાગ કહેવામાં આવે છે. આહાહા..! '**ક્ષેપતે હૈં, દૂર ફેંક દેતે હૈં.**' ખોળની જેમ દૂર ફેંકી દે. ખોળ-ખોળ કાઢી નાખે.

'**ભાવાર્થ :- જો જ્ઞાની તપ શીલ સહિત હૈં...**' ધર્મી ઈચ્છા વિનાના આત્માના ભાનવાળો છે અને રાગરહિત સ્વભાવની એક્તાનું જેને અંતર સ્વભાવનું શીલપણું અરાગીપણું, નિરોગપણું, શુદ્ધપણું પ્રગટ્યું છે એને '**ઇન્દ્રિયોંકે વિષય ખલકી તરહ હૈં;...**' એને તો ઇન્દ્રિયના વિષય ખોળની પેઠે છે. '**જૈસે ઈખકા રસ નિકાલ લેનેકે બાદ...**' સાઠા-સાઠા શેરડી-ગન્ના. શેરડીનો રસ કાઢી લે. આહા..! ઓલા મરી ગયા ને કેટલાક? ... કો'ક વાત કરતા હતા. શેરડીના કૂચા ઘણાં કૂચા પડ્યા હતા. એમાં તાપણી કરીને સળગ્યું. ઘણાં માણસો મરી ગયા. ચારે કોર કૂચા હોય ને? રસ વિનાના કૂચા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો ઠીક. પણ આ તો એ કૂચો સળગવા લાયક છે. એમાંથી રસ ચૂસવા લાયક નથી. આહાહા..!

'**ઈખકા રસ નિકાલ લેનેકે બાદ ખલ-ચૂંસે નીરસ હો જાતે હૈં...**' એમાં ખલ ચૂસે શું હોય? કૂચામાં શું છે? '**તબ વે ફેંક દેનેકે યોગ્ય હી હૈં,...**' કૂચો તો નાખી દેવા માટે હોય. '**વૈસે હી વિષયોંકો જાનના.**' શું કહે છે? '**વિષયોંકો જાનના. રસ થા વહ તો જ્ઞાનિયોંને જાન લિયા...**' રસ તો આત્માનો આનંદરસ છે એને જાણી લીધો. આમાં (-રાગમાં) તો રસ છે નહિ. '**રસ થા વહ તો જ્ઞાનિયોંને જાન લિયા તબ વિષય તો ખલકે સમાન રહે,...**' દેખો! રસ તો આત્માનો આનંદ એ રસ છે. વિષયનો વિકલ્પ છે એ તો કૂચા છે. છોડી દે. આહાહા..! જુઓ! આ વસ્તુનું સ્વરૂપ. લોકોએ બહારની કલ્પના (કરી) એટલે એવું લાગે આ. સત્ય તો એવું જ છે. જે સત્યની ખબર ન મળે અને ક્યાંક ક્યાંક અસત્યમાં ભરાઈને માને કે અમે કાંઈક સત્ય કરીએ છીએ. '**અર્થાત્ કુછ ભી નહીં હૈ.**' લ્યો! રસ લઈ લીધો પછી છોડી દીધો.

'**ઉન જ્ઞાનિયોંકો ધન્ય હૈ જો વિષયોંકો જ્ઞેયમાત્ર જાનકર આસક્ત નહીં હોતે હૈં.**' દેખો! રાગાદિ હોય પણ તેને જ્ઞેય તરીકે જાણે. જ્ઞાની પોતા તરીકે માને નહિ. શબ્દ, રૂપ, રસ, ગંધ અને રાગ બધું આત્માના જ્ઞાનનું પરજ્ઞેય છે. પરજ્ઞેય, હોં! સ્વજ્ઞેય પોતાનો આત્મા. '**ઉન જ્ઞાનિયોંકો ધન્ય હૈ જો વિષયોકો જ્ઞેયમાત્ર જાનકર આસક્ત નહીં હોતે હૈં. જો આસક્ત હોતે**

**હૈં વે તો અજ્ઞાની હી હૈં,...'** દેખો! ભાષા આ છે. ઓલી અસ્થિરતાની આસક્તિ લેવી નથી. શ્રદ્ધાની આસક્તિ. સમજાય છે કાંઈ? રાગની જાત વિકલ્પ વિભાવ એની સાથે જેને એક્તા છે એને અહીંયાં રાગની આસક્તિ છે એ અજ્ઞાની છે. એ તો અજ્ઞાની છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ક્યોંકિ વિષય તો જડ પદાર્થ હૈં. સુખ તો ઉનકો જાનનેસે જ્ઞાનમેં હી થા,...'** એમાં સુખ નહોતું. પણ જાણ્યું કે આ છે, એવું જ્ઞાન કર્યું પોતાનું અને પરનું એમાં આનંદ હતો. વિષયને એટલે રાગને જાણ્યો અને આત્માને જાણ્યો. એવું જાણવાના ભાવમાં સુખ હતું. એ રાગમાં સુખ નહોતું. આહાહા..! લ્યો! **'અજ્ઞાનીને આસક્ત હોકર વિષયોમેં સુખ માના.'** લ્યો! એનો દાખલો આપશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૯૦, ગાથા-૨૪ થી ૨૬, મંગળવાર, મહા સુદ ૭, તા.૨-૨-૭૧

શીલપાહુડ. વચમાં છે. **'અજ્ઞાનીને આસક્ત હોકર વિષયોમેં સુખ માના.'** ત્યાં છે. છે ને વચમાં? અહીં તો આત્મામાં આનંદ છે એને ભૂલીને પુણ્ય-પાપના રાગમાં કે વિષયોમાં સુખ માને છે એ મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાની છે.

મુમુક્ષુ :- એ વાતમાં ચોખવટ ન થઈ.

ઉત્તર :- ચોખવટ થઈ કે નહિ? આત્મામાં આનંદ છે એને ભૂલીને ચાહે તો પુણ્યના ભાવમાં, પાપના ભાવમાં કે વિષયોમાં સુખબુદ્ધિ રહે એ મિથ્યાત્વના લક્ષણ છે. મિથ્યાદૃષ્ટિ છે. કેમકે સુખ આત્મામાં છે અને પરમાં નથી. એ કહે છે, જુઓ!

**'આસક્ત હોકર...'** આસક્ત એટલે અહીં રુચિની વાત છે. આસક્તિ જ્ઞાનીને અસ્થિરતાની હોય એ જુદી વાત છે. પણ એમાં સુખ છે એવી રુચિ અથવા એ પુણ્યનો ભાવ પણ મને હિતકર છે, એ ભાવ પણ વિષયનો મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? અજ્ઞાની આસક્ત નામ વિષયમાં સુખબુદ્ધિથી, **'વિષયોમેં સુખ માના. જૈસે શ્વાન સૂખી હડ્ડી ચબાતા હૈ...'** સૂકા હાડકા. **'તબ હડ્ડીકી નોંક મુખસે તાલવેમેં ચુભતી હૈ,...'** અણી અહીં વાગે. **'ઈસસે તાલવા ફટ જાતા હૈ ઔર ઉસમેંસે ખૂન બહને લગતા હૈ,...'** લોહી નીકળે લોહી. એ લોહીને ચાટે. માને કે હાડકામાંથી લોહી આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'તબ અજ્ઞાની શ્વાન જાનતા હૈ કિ યહ રસ હડ્ડીમેંસે નિકલા હૈ...'** હાડકામાંથી લોહી-ખુન..ખુન નીકળ્યું. લોહી કાંઈ હાડકામાંથી નથી નીકળ્યું. એની અણી વાગી (એટલે) અહીંથી નીકળ્યું. તાળવામાંથી નીકળ્યું. **'ઔર ઉસ હડ્ડીકો બારબાર ચબાકર સુખ માનતા હૈ...'** વારંવાર હાડકાને ચાવે. **'સુખ માનતા હૈ; વૈસે હી અજ્ઞાની વિષયોંમેં સુખ માનકર...'** શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એના તરફનો ઝુકાવ, રાગ એમાં સુખ માને. કહો, સમજાય છે કાંઈ? આ તો શીલ ઉપર એકદમ અંદર ઉતાર્યું છે. નારકીજીવ છે એ પણ સમ્યગ્દૃષ્ટિ છે તો એ

વિષયથી વિરક્ત છે. સમજાય છે? પંડિતજી! સમ્યગ્દૃષ્ટિ જીવ વિષયથી વિરક્ત છે. આહાહા..! એનો અર્થ કે વિષયમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. સમજાય છે કાંઈ? સમકિતી નરકમાં પણ વિષયથી વિરક્ત છે. છે એમાં, જુઓ! અંદર છે ને પાનું? ૩૨ ગાથા છે. ૩૨મી ગાથા. '**जाए विसयविरत्तो**' નારકીજીવ પણ સમકિતી છે એને વિષયની રુચિ-પ્રેમ-નથી. તેથી રાગની રુચિથી છૂટ્યો છે એ વિષયથી વિરક્ત છે. અને બાહ્ય ભોગનો ત્યાગ હોય પણ અંદરમાં જેને રાગની રુચિ છે એને વિષયની જ રુચિ છે. ભાષા આમ લીધી નરકમાં. જોયું! શીલ તો લીધું પણ શીલ કેમ? એ તો વિષયથી વિરક્ત છે માટે. જુઓ! વિષયથી વિરક્ત. બાયડી-છોકરા નથી છોડ્યા એણે.

મુમુક્ષુ :- હોય એને તો છોડવા જોઈએ ને.

ઉત્તર :- હોય એને તો છૂટેલા પડ્યા છે. છોડવા છે ક્યાં? અંદરમાં આત્માના આનંદની રુચિ કરીને જેણે રાગની રુચિનો ભાવ છોડ્યો છે એને વિષય વિરક્ત કહેવામાં આવે છે. શેઠ!

મુમુક્ષુ :- બહારની વાત નથી?

ઉત્તર :- બહારની વાત નહિ અહીં. બહારમાં તો છન્નું હજાર સ્ત્રી હોય છે સમકિતીને. એમાં રાગ હોય છે પણ રાગમાં રસ નથી, સુખબુદ્ધિ નથી. મોટો ફેર એમાં છે. સમજાય છે કાંઈ? જુઓને! અહીં તો એમ કહ્યું. નરકના જીવને વિરક્તિ છે. હવે એનો અર્થ શું કરશે ત્યાં આ લોકો? વિષયથી વિરક્તનો અર્થ?

મુમુક્ષુ :- ત્યાં કાંઈ ખાવા-પીવાનું છે નહિ એટલે વિષયથી વિરક્ત જ હોય ને.

ઉત્તર :- ખાવા-પીવાની વાત ક્યાં છે? ત્યાં રાગનો રસ નથી.

મુમુક્ષુ :- અહીં તો ખાવા-પીવાનું .. છોડવું.

ઉત્તર :- છોડે શું? ધૂળ છોડે. રાગ છોડવા જેવો. અને રાગ પણ આત્માના પ્રેમની રુચિમાં સ્થિર થતાં છૂટી જાય છે. એવી વાત છે.

અહીં તો પાંચ ઇન્દ્રિયના વિષયોમાં સુખપણું દેખાય એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. ક્યાંય મજા લાગે. આબરૂ સાંભળીને, શરીરનો સ્પર્શ કરીને, મૈસુબ ખાઈને, રૂપ સુંદર દેખીને. સમજાણું? સારી સુગંધ, સુગંધી ફૂલઝાડ એમાં બેઠો હોય અને એને ઠીક લાગે. બહુ સારા છે આ. તો કહે છે કે એને વિષયની જ રુચિ છે. આહાહા..! આત્માની એને રુચિ નથી. આહાહા..! 'પોપટભાઈ'! બહુ આવ્યું આ તો. આહાહા..! આતમપદાર્થ ભગવાનઆત્મા એના સિવાય કોઈપણ ચીજ વિકલ્પથી માંડીને પર, એમાં જેને હિતબુદ્ધિ, ઠીકબુદ્ધિ, મજાબુદ્ધિ પડી છે એ બધા વિષયથી વિરક્ત નથી. વિષયમાં લોલુપી છે, એમ કહે છે.

'**યહ રસ હડ્ડીમેંસે નિકલા હૈ ઔર ઉસ હડ્ડીકો બારબાર ચબાકર સુખ માનતા હૈ; વૈસે હી અજ્ઞાની વિષયોંમેં સુખ માનકર બારબાર ભોગતા હૈ,...**' ફરી ફરીને. જાણે શરીરના હાડકા, માંસમાં સ્પર્શીને કાંઈક સુખ છે એમ માને છે, એ ફરી ફરીને જડને, પરને ભોગવવા માગે છે. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? એક રોટલી પણ મીઠી લાગે સારી. રોટલી-રોટલી-રોટી. અંદર ઠીક લાગે. પુરણપોળી ઊની-ઊની ફળફળતી કરીને ઉપર નાખી ઘીમાં બોળી

ચીપીએ ઉપાડીને નાખે આમ. એમાં ઘી લઈ અને પતરવેલીયું અહીં લઈ અને ચટણી ભેગી હોય સરખી. લીંબુના રસ નાખીને (ખાય). ભારે મજા. જડમાં મજા માનનાર મૂઢ છે. પંડિતજી! મિથ્યાદષ્ટિ છે. દેવ-ગુરુ-શાસ્ત્રને માને. રાગથી. રાગ ને પ્રીતિ છે એને કહે છે કે વિષયનો જ રસ છે. આહાહા..! ગજબ વાત છે! વીતરાગમાર્ગ..

મુમુક્ષુ :- બહારના પદાર્થમાં સુખ ..

ઉત્તર :- સુખ ક્યાં હતું? ધૂળમાં. એય..! 'પોપટભાઈ'! છ-છ છોકરા અને આમ બેઠા હોય અંદર અને છ વહુરુ બેઠી હોય વચમાં. વચમાં બેઠા હોય બાપા. એની મા બેઠી હોય છોકરાની. આહાહા..! એમાં વળી હિંડોળે હીંચકતો હોય અને ઓલા બધા હેઠે બેઠા હોય. મજા ચાલતી હોય વાતું એવી. આહાહા..! કહે છે, ક્યાંક એમાં મીઠાશ વેદાઈ જાય. એ એના આત્માના આનંદનો અનાદર કરે છે. 'સુજાનમલજી'! આહાહા..! આવો માર્ગ છે. આહાહા..! જુઓ!

કહે છે, '**જ્ઞાનિયોંને અપને જ્ઞાનહીમેં સુખ જાના હૈ,...**' પોતાનો આત્મા ભગવાન અમૃતનો સાગર ડોલે છે. અમૃતનો દરિયો આત્મા છે. આહાહા..! જેના સ્વાદમાં ઈન્દ્રના ઈન્દ્રાસનોના ભોગ પણ જેને ઝેર જેવા લાગે છે. 'જેઠાલાલભાઈ'! આવો માર્ગ છે. સાંભળવા મળે એવો નથી. આ કરો ને આ કરો ને આ કરો. આહાહા..! એમાં તમારે 'આફ્રિકા'માં... આહાહા..! કહે છે, પ્રભુ! એકવાર સાંભળને, પ્રભુ! સ્વવિષય સમ્યગ્દર્શનનો તો આત્મા છે. સમ્યગ્દર્શનનો વિષય-ધ્યેય તો આત્મા છે. એની રુચિ છોડીને જેણે એ આત્મા સિવાય વિકલ્પથી માંડીને કોઈપણ ચીજમાં ઠીક, હિત, મજા, સુખ, ઠીક મને પડે છે એમ જ્યાં પરમાં, રાગમાં લાગે, કહે છે કે એ વિષયનો લોલુપી છે. એ મિથ્યાદષ્ટિ છે. એ જૈનને માનતો નથી. આહાહા..! જૈન તો વીતરાગસ્વરૂપ આત્માનો આનંદ તે જૈનપણું છે. સમજાણું કાંઈ? 'જિન સોહી હૈ આત્મા' વીતરાગી આનંદમૂર્તિ આત્મા. કામ, કુંભ, ચિત્રાવેલી. લ્યો! ચિત્રાવેલી આવી, 'ચેતનજી'! ચિત્રાવેલી ઈંઢોણી કરે ને ઈંઢોણી. એના ઉપર ઘડો મૂકે. જે કાઢવું હોય ઈ કાઢીને. મૈસુબ 'જામનગર'થી મગાવવો ન પડે એને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાં પણ રૂપિયો નથી. આત્મામાં એ ચિત્રાવેલી ભગવાનઆત્મા છે. કે જેની અંતર એકાગ્રતા થતાં અમૃતનો આનંદ ઝરે. આહાહા..! એ ચિત્રાવેલી છે. ઓલી ચિત્રાવેલી તો બધી લોકોમાં ભ્રમણા ઉપજાવે એવી છે. એમ થઈ જાય એને, આપણે હોય ને એવી ચિત્રાવેલી. જ્ઞાનાર્ણવના કર્તા શુભચંદ્રાચાર્ય થયા ને? એમના ભાઈએ યોગનું બહુ સાધન કર્યું. જંગલમાંથી રસાયણ પ્રાપ્ત કર્યું. રસાયણનો સીસો એક. 'શુભચંદ્રાચાર્ય' થયા ને આ જ્ઞાનાર્ણવના કર્તા. એના ભાઈ રાજકુમાર છે. દીક્ષા લીધેલી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નહિ આ તો 'શુભચંદ્રાચાર્ય'ના ભાઈએ.

મુમુક્ષુ :- એ બીજા.

ઉત્તર :- એ બીજા. આ બીજા. આ 'શુભચંદ્રાચાર્ય' .. એ 'શુભચંદ્રાચાર્ય' એમના ભાઈએ યોગ સાધી જંગલમાં રસાયણ પ્રાપ્ત કરેલું. આપણે તો રસાયણ આવ્યું હતું આત્મા. 'સમયસાર નાટક'માં આવ્યું હતું.

જેણે આત્માને પરસન્મુખની દૃષ્ટિ ફેરવીને અંતર્મુખમાં દૃષ્ટિ કરી એણે ચિત્રાવેલી પ્રગટ કરી. એનો આનંદ નીકળ્યા જ કરે... નીકળ્યા જ કરે... સાદિઅનંત આનંદ નીકળે તોય ખૂટે નહિ. એવા ભગવાનઆત્માના આનંદનો જેને રસ છે એને વિષયનો રસ આખા લોકનો છૂટી ગયો છે. અને જેને વિષય એટલે રાગમાં રુચિ અને પ્રેમ છે એને આખો અમૃતસાગર આત્મા એનો અનાદર કરી નાખ્યો છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવી. પણ આમ ખાવા-પીવાના સાધન હોય, સ્ત્રી જુવાન હોય, શરીર ફુટડું ફાટેલું, પોતાનું શરીર પણ ફાટેલું હોય ગધેડા જેવું મોટું, ઊંચું જાડું. આહાહા..! ગધેડો જેમ ધૂળમાં આળોટે છે ને? ધૂળમાં આળોટે. ખંજવાળ આવે ને ખંજવાળ? એટલે ત્યાં એને ક્યાં... ગધ્ધા ગધ્ધા ધૂલમેં લોટતા હૈ. એમ અજ્ઞાની ગધેડા જેવો પોતાના આત્માના આનંદની રુચિ છોડીને રાગની ધૂળમાં લોટતા હૈ. શું કહેવાઈ લોટતા હૈ. આહાહા..! ભારે કામ, ભાઈ! આવો ધર્મ મોંઘો પડે, ક્યો? એય..! .. તમારું નામ. એના દીકરા એમ કહે છે, મોંઘો બહુ ધર્મ. તમારો 'જયવંત' કહે કાલે. સાંભળે તો છે એટલું. મોંઘો બહુ ધર્મ આકરો. વાત સાચી, હોં! પણ છે એના ઘરની ચીજ. પણ એ કોઈ દિ' એ રસ્તે ગયો નથી. એ રસ્તો કોઈ દિ' જોયો નથી અને બહારના રસ્તે ભમ્યા ભમ કરે છે એથી એને આકરું લાગે છે. આહાહા..! 'પોપટભાઈ'! આહાહા..!

'**જ્ઞાનીયોંને અપને જ્ઞાન હી મેં સુખ જાના હૈ,...**' દેખો! ધર્મી જીવ એને કહીએ કે જેણે આત્મામાં આનંદ જાણ્યો છે. વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના માર્ગની આ રીત છે. 'જાદવજીભાઈ'! '**ઉનકો વિષયોંકે ત્યાગમેં દુઃખ નહીં હૈ,...**' ઓલા તુસનો દાખલો આપ્યો હતો ને? ફોતરા. ફોતરા હોય ને ફોતરા? દાણા રાખીને ફોતરાને ઉડાડી દે. સુપડામાં. સુપડું હોય છે ને? ઠીક થાતું હશે ને બાયું ને ફોતરા કાઢવામાં? માલ માલ રહી ગયો અને ફોતરા નીકળી ગયા. એમ ધર્મીને રાગરૂપી ફોતરાનો વિષય છોડતાં એને ખેદ થતો નથી. આહાહા..! ભારે ભાઈ માર્ગ આ તો. ઓલો તો કહે, ભાઈ! દયા પાળો, વ્રત કરો, પૂજા કરો, ભક્તિ કરો, જાત્રા કરો અને દાન કરો. જાવ. દાનવીર. એય..! શેઠ! આ શેઠિયાઓને કહે દાનવીર. દસ-દસ હજાર રૂપિયા ખર્ચે, પચ્ચીસ-પચ્ચીસ હજાર ખર્ચે. હમણાં બાવીસ હજાર આપ્યા છે ને ક્યાંક? છાપામાં આવ્યું હતું. શું કહેવાય તમારે? સાગરમાં. એક ઓરડા-કમરામાં. છાપામાં આવ્યું હતું હમણાં. અને પછી 'મનોહરલાલજી'ને વિનંતી કરી અમણે કે હવે અહીંયાં તમે રહો. એવું છાપામાં આવ્યું હતું. અહીં તો છાપુ બધી વાતું કરે. શેઠ!

મુમુક્ષુ :- ફાવે તે લખી નાખે છાપામાં.

ઉત્તર :- લે. એટલે એ તો બરાબર નથી એમ કહેવા માગે છે. છાપામાં આવ્યું છે ક્યાંક. આઠ-દસ દિવસ પહેલા વાંચ્યું હતું. ભાઈએ કહ્યું હતું. 'શોભાલાલજી'! તમને કહ્યું હતું નહિ? ભાઈએ બાવીસ હજાર આપ્યા. છાપામાં આવ્યું હતું. કહ્યું હતું આઠ દિ' પહેલા. તમારા

ગુરુએ કહ્યું છે એને સંભાળજો. એમ શેઠ 'ભગવાનદાસે' કહ્યું છે. એવું આવ્યું હતું છાપામાં. સાચું-ખોટું કોણ જાણે. કહો, સમજાણું કાંઈ? છાપાવાળો બધું નાખે ને, શેઠ! આહાહા..!

જેમ સ્ત્રીને દાણામાંથી છિલકા-ફોતરા કાઢવાનો ખેદ નથી. એમ ધર્મીને રાગનો વિષય છોડવાનો ખેદ નથી. આત્મા આનંદમૂર્તિ (છે) એવી દૃષ્ટિ થઈ એટલે વિષય સંબંધીનો રાગ, એનો રસ છોડવો એ એને દુઃખ નથી, ખેદ નથી. આહાહા..! બહુ સૂક્ષ્મ સંધિ. ધર્મની સૂક્ષ્મ સંધિ. વીતરાગમાં હોં! આ. વીતરાગ સિવાય આવી વાત ક્યાંય નથી. 'કાંતિભાઈ'! '**ऐसे जानना.**' લ્યો! '**त्यागमें दुःख नहीं है,...**'

---

**आगे कहते हैं कि कोई प्राणी शरीरके अवयव सुन्दर प्राप्त करता है तो भी सब अंगोमें शील ही उत्तम है :–**

## ગાથા-૨૫

***वट्टेसु य खंडेसु य भद्देसु य विलासेसु अंगेसु।**
**अंगेसु य पप्पेसु य सव्वेसु य उत्तमं सीलं।।२५।।**

**वृत्तेषु च खंडेषु च भद्रेषु च विशालेषु अंगेषु।**
**अंगेषु च प्राप्तेषु च सर्वेषु च उत्तमं शीलं।।२५।।**

**છે ભદ્ર, ગોલ, વિશાલ ને ખંડાત્મ અંગ શરીરમાં,**
**તે સર્વ હોય સુપ્રાપ્ત તોપણ શીલ ઉત્તમ સર્વમાં. ૨૫.**

**अर्थ :– प्राणीके देहमें कई अंग तो वृत्त अर्थात् गोल सुघट प्रशंसा योग्य होते हैं, कई अंग खंड अर्थात् अर्द्ध गोल सदृश प्रशंसा योग्य होते हैं, कई अंग भद्र अर्थात् सरल सीधे प्रशंसा योग्य होते हैं और कई अंग विशाल अर्थात् विस्तीर्ण चौड़े प्रशंसा योग्य होते हैं, इसप्रकार सबही अंग यथास्थान शोभा पाते हुए भी अंगोमें यह शील नामका अंग ही उत्तम है, यह न हो तो सबही अंग शोभा नहीं पाते हैं, यह प्रसिद्ध है।**

**भावार्थ :– लोकमें प्राणी सर्वांग सुन्दर हो परन्तु दुःशील हो तो सब लोक द्वारा निंदा करने योग्य होता है, इसप्रकार लोकमें भी शील ही की शोभा है तो मोक्षमें भी शील ही को प्रधान कहा है, जितने सम्यग्दर्शनादिक मोक्षके अंग हैं वे शील ही के परिवार हैं ऐसा पहिले कह आये हैं।।२५।।**

---

१ 'वट्ठे' पाठान्तर।

## ગાથા-૨૫ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ કોઈ પ્રાણી શરીરકે અવયવ સુંદર પ્રાપ્ત કરતા હૈ તો ભી સબ અંગોંમેં શીલ હી ઉત્તમ હૈ :–**' તો ત્યાં પણ સમ્યગ્દર્શન અને રાગના અભાવરૂપી ભાવ એ ઉત્તમ શીલ છે. શરીર સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..!

***वट्टेसु य खंडेसु य भद्देसु य विलासेसु अंगेसु।**

**अंगेसु य पप्पेसु य सव्वेसु य उत्तमं सीलं।।२५।।**

'**અર્થ :– પ્રાણીકે દેહમેં કઈ અંગ તો વૃત્ત અર્થાત્ ગોલ સુઘટ પ્રશંસા યોગ્ય હોતે હૈં,...**' મસ્તક આદિ ગોળ સુઘટ. સુઘટ. બરાબર ઘટ્ટ. ઘડાયેલી જેવી ચીજ હોય એવું માથું. પ્રશંસા કરવા યોગ્ય છે. '**કઈ અંગ ખંડ અર્થાત્ અર્ધ ગોલ...**' કપાળ આદિ '**અર્ધ ગોલ સદૃશ પ્રશંસા યોગ્ય હોતે હૈં,...**' બરાબર આમ જોઈએ તેવું કપાળ. કપાળ કહે છે ને? માથું ગોળ. '**કઈ અંગ ભદ્ર અર્થાત્ સરલ સીધે પ્રશંસા યોગ્ય હોતે હૈં...**' નાક, આંખ એવા અવયવ સુંદર નમણા, કોમળ એ પ્રશંસા યોગ્ય છે. '**ઔર કઈ અંગ વિશાલ અર્થાત્ વિસ્તીર્ણ ચૌડે પ્રશંસા યોગ્ય હોતૈ હૈં,...**' છાતી, સાથળ. સાથળ કહે છે ને આ? જાંઘ પહોળી હોય, પુષ્ટ હોય એવું શરીરનું દરેક અંગ જે જે સ્થાને જોઈએ તે સુંદર અને આકૃતિવાળા સુઘટ હોય. જાણે મોરના પીંછા ઘડાયેલા હોય. જાણે કોઈએ ઘડ્યા હોય. ઘડ્યા છે કોઈએ? એમ શરીરના અંગો એવા હોય બધા '**ઈસપ્રકાર સબહી અંગ યથાસ્થાન...**' જ્યાં જોઈએ ત્યાં તે પ્રકારે '**अंगेसु य पप्पेसु**' એ લખ્યું. પહેલા અંગના નામ લીધા હતા પછી '**अंगेसु य पप्पेसु**' એવા અંગોને પ્રાપ્ત હોવા છતાં પણ '**અંગોમેં યહ શીલ નામકા અંગ હી ઉત્તમ હૈ,...**' આહાહા..! રાગરહિત પોતાનો સ્વભાવ તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં એકાગ્રતા તે ઉત્તમ શીલ તે શીલ છે. એ શોભા છે. જડની શોભા કાંઈ શોભા નથી. આહાહા..! જુઓ! આચાર્યે કેટલું નાખ્યું છે!

એક ગોળ હોય જોવે ત્યાં, અર્ધ ગોળ હોય જોવે ત્યાં, સરળ હોય જોવે ત્યાં એમ અને વિસ્તાર્ણ પ્રશંસા યોગ્ય હોય. કાન જુઓ તો કુંડળ જેવા હોય. કુંડળ જાણે હોય કુંડળ એવું બરાબર. નાક જુઓ તો ગરુડની ઓલા જેવા નાક. જાંઘ જુઓ તો કેળના ઝાડ જેવા. શરીર જુઓ તો વિશાળ છાતી આદિ પહોળી. એ બધા અંગો તો માટી જડના છે. એમાં જેને આત્માની શ્રદ્ધા થઈને રાગથી રહિત જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ જાગી છે એ ઉત્તમ શીલ છે. નિર્જરા અધિકારમાં આવે છે ને. આમાં પણ આવે છે આગળ. આગળ કહ્યું છે. ૩૨ ગાથામાં છે. લ્યો. એમાં છે. હોં! નરક છે ને નરક? એમાં છે.

'**સમ્યગ્દષ્ટિકે જ્ઞાન ઔર વૈરાગ્યકી શક્તિ નિયમસે હોતી હૈ, વહ વૈરાગ્યશક્તિ હૈ વહી શીલકા એકદેશ હૈ...**' આહાહા..! રાગના વિકલ્પની રુચિનો અભાવ અને આત્માના સ્વભાવની રુચિનો સદ્ભાવ, એને શીલ કહેવામાં આવે છે. કહો, 'પ્રકાશદાસજી'! આહાહા..!

એ નરકમાં પણ છે એમ કહે છે. જ્ઞાન અને વૈરાગ્યશક્તિ નરકમાં પણ સમકિતીને છે. કેટલા બોલ મૂક્યા છે જુઓ, નરકમાં. શીલ, વિષયથી વિરક્ત અને વૈરાગ્ય શક્તિ જ્ઞાન સહિત, એ સમકિતીને નરકમાં પણ છે. અને મિથ્યાદષ્ટિ સાધુ થયો હોય દિગંબર મુનિ નગ્ન... એ કહેશે આમાં તરત, જેને એ રાગનો પ્રેમ છે, રાગની રુચિ છે, રાગના સ્વાદમાં મીઠાશ છે એ કુશીલ્યો છે. વિષયમાં લીન છે. અને અશીલ્યો છે શીલ નથી એને. આહાહા..! સમજાણું કાંઈ?

**'યહ ન હો તો સબ હી અંગ શોભા નહીં પાતે હૈં,...'** આવળના ફૂલ. આવળ હોય છે ને આવળના ફૂલ? આવળ સમજતે હૈં આવળ? આવળ નથી હોતી જંગલમાં? પીળા ફૂલ. પીળા ફૂલ. આવળ હોય છે. લીલા પાંદડા અને ફૂલ. સુગંધ જરીએ નહિ.

મુમુક્ષુ :- કેશુકા ફૂલ.

ઉત્તર :- કેશુ નહીં, વહ તો સુગંધવાલા. આ તો આવળ હોય છે. અમારે. આ ચમાર લોકો આવળમાંથી પાણી.. દોરડા કહે છે? ચામડામાં કામ આવે એ. ચામડામાં કામ આવે. ફૂલ જુઓ તો એવા પીળા લાગે. સુગંધની ગંધ નહિ. અહીં છે બધા આવળ જંગલમાં છે. આવળના ફૂલ કહેવાય અમારી ભાષામાં. હવે તમારી હિન્દીમાં ભાઈ કાંઈક કહે છે. દોયડા. હશે. આપણે તો અહીં જાણે છે ને? આવળના ફૂલ.

એમ કહે છે કે અંગ-ઉપાંગ બધા હોય પણ એમાં સમ્યગ્દર્શન અને રાગની રુચિનો અભાવ ન હોય તો એ બધા આવળના ફૂલ જેવા છે. આવળ તો સમજો છો ને? આવળ તો ઘણી હોય છે. જંગલમાં હોય. અહીંયાં પણ છે આ ફળિયામાં ચમાર લોકો બહુ લઈ જાય. આવળને. આવળના ફૂલે ફૂલેલો. એમ અજ્ઞાની બહારના પુણ્યના ફળ શરીર આદિમાં ફૂલી ગયો. આહાહા..! પણ જો આત્મામાં આનંદની રુચિ અને રાગની રુચિનો અભાવ, એ જો ન હોય તો કાંઈ શોભા છે નહિ. બધા અવયવોની રાખું થઈ જવાની. આહાહા..! મસાણમાં રાખ થઈ જાય. જે મોઢે નાગરવેલના પાન ચાવ્યા હોય, આમ બેઠો હોય, ત્યાં કાગડા ચાંચુ મારશે. સમજાણું કાંઈ? એ મડદું થાય ત્યાં કાગડા .. હોય. આંખ ફાડે. અકસ્માતે મરી ગયો હોય જંગલમાં, લ્યોને. અને કોણ ક્યાં મરી ગયો હોય એ ખબર ન હોય. એકલો વયો ગયો હોય ક્યાંક ને મરી ગયો હોય. થઈ રહ્યું. કાગડા ઠોલે. પછી ખબર પડે ત્યારે સનાન કાઢે. સનાન સમજો છો? મરી ગયા હોય એમ ખબર આવે પછી નહાવા જાયને બધા ભેગા થઈને. એને સનાન કહે છે અમારે.

મુમુક્ષુ :- મૃત્યુ સ્નાન.

ઉત્તર :- મૃત્યુ સ્નાન. ક્યાંય મરી ગયો હોય. આહાહા..! 'ખસ'માં અમે હતા એકવાર. 'ખસ-ખસ' છે ને? 'બોટાદ' પાસે. અમે ઉતર્યા હતા. ત્યાં કાઠી લોકો નીકળ્યા હો-હો કરતા. કીધું, શું છે? આ ખસ. 'બોટાદ' પાસે. એમનો દીકરો બહારવટીયો હતો. બહારવટીયો-ડાકુ. જંગલમાં કોઈએ મારી નાખેલો. મડદું પડ્યું હતું. એ ખબર પડી તો આ સનાન કાઢ્યું છે. મડદું-બડદું તો ક્યાં હાથ આવે? એ તો ઠોલી ખાધું હોય ત્યાં.

'રસિકભાઈ'ના મકાનમાં ઉતર્યા હતા. ત્યાં નીકળ્યા કાઠી લોકો. રોતા હો..હો.. કીધું, શું છે આ? કે એમનો દીકરો બહારવટે ચડેલો. ડાકુ. એ જંગલમાં કો'કે મારી નાખ્યો હશે. મડદું છે. મડદાની ખબર પડી એટલું, બસ. કોણ બાળતું હતું ત્યાં. પણ એ કહેતા હતા હોં! 'રસિક' હોં 'રસિક'. નાની ઉંમરમાં અમારી સાથે ભણતો. એ રસ્તો ઊભો રાખે એકદમ. આવે. શું છે તમારી પાસે? લાવો જરા. લાવો ફલાણું. પહેલેથી એવો લુટારું હશે છોકરો. એવા સંસ્કાર લઈને પેદા થયો. 'પુનમચંદ'નો તમારે નહિ? .. 'રસિક-રસિક'. એ કહેતો હતો કે આ છોકરો પહેલેથી અમારી સાથે ભણતો હતો. કોઈ ન હોય બે જણા મળી જાય રસ્તામાં બે જણા મળી જાય. ... લ્યો! પહેલેથી લુટારો. બાળ વયની ઉંમરમાંથી. કાઠી. પછી આ બહારવટીયો થયો અને કો'કે મારી નાખ્યો જંગલમાં 'જુનાગઢ'ની આસપાસ. કૂતરા બિચારા ખાઈ ગયા હશે. અહીં ખબર પડી તો સનાન કાઢ્યું હો..હો.. કરતા. આહાહા..! માણસપણું પામ્યા કાઠીને ઘરે. આવા લક્ષણ.

અહીં તો કહે છે કે એ તો વળી સ્થૂળ છે. પણ સૂક્ષ્મપણે અંદરમાં જેને રાગનો રસ અને પ્રેમ છે એ પણ આત્માના સ્વભાવનો બહારવટિયો છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત! આહાહા..! એ કહેશે, જુઓ!

'**ભાવાર્થ :- લોકમેં પ્રાણી સર્વાંગ સુંદર હો પરંતુ દુઃશીલ હો તો સબ લોક દ્વારા નિંદા કરને યોગ્ય હોતા હૈ, ઈસપ્રકાર લોકમેં ભી શીલ હી કી શોભા હૈ...**' લોકમાં પણ બહાર રાગ મંદ હોય, કષાય મંદ હોય એવાની શોભા છે લૌકિકમાં તો. '**તો મોક્ષમેં ભી શીલ હી કો પ્રધાન કહા હૈ,...**' મોક્ષમાં પણ શીલ, આત્મસ્વભાવ-વીતરાગ આત્માનો સ્વભાવ, એની શક્તિમાંથી એકાગ્ર થઈને વ્યક્તતા વીતરાગતા નીકળે એનું નામ શીલ. એ મોક્ષમાં પણ શીલને પ્રધાન કહ્યો. '**જિતને સમ્યગ્દર્શનાદિક મોક્ષકે અંગ હૈં વે શીલ હી કે પરિવાર હૈં...**' એ આવી ગયું હતું આપણે. સમ્યગ્દર્શન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદની રુચિ, અનુભવ અને એની પરિણતિ નામ દશા એ સમ્યગ્જ્ઞાનાદિ મોક્ષના અંગ છે એ તો. '**વે શીલ હી કે પરિવાર હૈં...**' એ શીલનો પરિવાર છે.

મોક્ષનો માર્ગ નિર્વિકલ્પ સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ શીલનો પરિવાર છે, શીલના અંગો છે, શીલના સજ્જનો છે. આહાહા..! '**ઐસા પહિલે કહ આયે હૈં.**' શીલનો ગુણ ન આવ્યું? શીલના ગુણ. એ તો પહેલી ગાથામાં જ આવ્યું હતું. શીલના ગુણ કહેશું. શીલ અને ગુણ કહેશું અથવા શીલના ગુણ કહેશું એમ બે વાર આવી ગયું છે પહેલું. પછી આવી ગયું ફરી વાર.

आगे कहते हैं कि जो कुबुद्धि से मूढ़ हो गये हैं वे विषयोंमें आसक्त हैं कुशील हैं संसारमें भ्रमण करते हैं :–

## ગાથા-૨૬

पुरिसेण वि सहियाए कुसमयमूढेहि विसयलोलेहिं।
संसारे भमिदव्वं अरयघरट्टं व भूदेहिं।।२६।।

पुरिषेणापि सहितेन कुसमयमूढैः विषयलोलैः।
संसारे भ्रमितव्यं अरहटघरट्टं इव भूतैः।।२६।।

દુર્મતવિમોહિત વિષયલુબ્ધ જનો ઇતરજન સાથમાં,
અરઘટ્ટિકાના ચક્ર જેમ પરિભ્રમે સંસારમાં. ૨૬.

अर्थ :– जो कुसमय अर्थात् कुमतसे मूढ़ हैं वे ही अज्ञानी हैं और वे ही विषयोंमें लोलुपी हैं– आसक्त हैं, वे जैसे अरहटमें घड़ी भ्रमण करती है वैसे ही संसारमें भ्रमण करते हैं, उनके साथ अन्य पुरुषोंके भी संसारमें दुःखसहित भ्रमण होता है।

भावार्थ :– कुमती विषयासक्त मिथ्यादृष्टि आप तो विषयोंको अच्छे मानकर सेवन करते हैं। कई कुमती ऐसे भी हैं जो इस प्रकार कहते हैं कि सुन्दर विषय सेवन करनेसे ब्रह्म प्रसन्न होता है, (–यह तो ब्रह्मानंद है) यह परमेश्वरकी बड़ी भक्ति है, ऐसा कहकर अत्यंत आशक्त होकर सेवन करते हैं। ऐसा ही उपदेश दूसरोंको देकर विषयोंमें लगाते हैं, वे आप तो अरहटकी घड़ीकी तरह संसारमें भ्रमण करते ही हैं, अनेक प्रकारके दुःख भोगते हैं परन्तु अन्य पुरुषोंको भी उनमें लगाकर भ्रमण कराते हैं, इसलिये यह विषयसेवन दुःख ही के लिए है, दुःख ही का कारण है, ऐसा जानकर कुमतियोंका प्रसंग न करना, विषयासक्तपना छोड़ना, इससे सुशीलपना होता है।।२६।।

## ગાથા-૨૬ ઉપર પ્રવચન

'**आगे कहते हैं कि...**' જુઓ! હવે જરી શું નાખે છે? '**कुबुद्धि से मूढ हो गये हैं वे विषयोंमें आसक्त हैं, कुशील हैं संसारमें भ्रमण करते हैं :–**' અહીં તો કહે છે કે કુમતિ જેની છે અને કુશાસ્ત્રને માનનારા છે એ વિષયમાં લોલુપી છે. કારણ કે કુમત અને કુશાસ્ત્રમાં તો રાગથી લાભ મનાવ્યો હોય, વિકારથી સુખ મનાવ્યું હોય. કુદેવ-કુગુરુ-કુધર્મને માનવાથી ધર્મ મનાવ્યો હોય. સમજાણું કાંઈ? જુઓ!

पुरिसेण वि सहियाए कुसमयमूढेहि विसयलोलेहिं।
संसारे भमिदव्वं अरयघरट्टं व भूदेहिं।।२६।।

‘**અર્થ :- જો કુસમય અર્થાત્ કુમતસે મૂઢ હૈં વે હી અજ્ઞાની હૈં...**’ આહાહા..! ‘**વિષયોમેં લોલુપી હૈં-આસક્ત હૈં,..**’ એ સંસાર વિષે ભમે. શું કહે છે? કહે છે, કુમત અને કુશાસ્ત્રે તો રાગથી લાભ મનાવ્યો હોય છે. વિકારથી લાભ મનાવ્યો હોય છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રે. એને જે માનનારા છે એ વિષયના લોલુપી છે, રાગના લોલુપી છે. આહાહા..! કુમત અને કુશાસ્ત્ર માનનારા. જુઓ! આમ એક કોર એમ માને કે પોતે બ્રહ્મચર્ય પાળતા હોય અને એમના ગુરુ બાયડી-છોકરાવાળા હોય. સમજાય છે કાંઈ? એનો અર્થ શું થયો? પ્રશંસા તો કરી એની. અબ્રહ્મની પ્રશંસા તો પડી છે. સમજાય છે કાંઈ? ઈશ્વરને માને. અને ઈશ્વર હિંસા કરે, ઈશ્વર રાક્ષસોને મારે. હવે એને સારા માન્યા તો ઓલાને સારા માન્યા. એ ભાવને સારો માન્યો. કુમતને માનનારાઓ તો વિષયના લોલુપી છે એમ કહે છે. આહાહા..!

‘**કુસમય અર્થાત્ કુમતસે મૂઢ હૈં...**’ મતિ મૂઢાઈ ગઈ છે જેની. જે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માને એની તો અજ્ઞાનમાં મતિ મૂઢાઈ ગઈ છે. એ તો અજ્ઞાનપણું એ જ વિષયનું લોલુપીપણું છે. આહાહા..! સમજાણું કાંઈ? વળી ‘**વિષયોંમેં લોલુપી હૈં-આસક્ત હૈં,...**’ દેખો! તે. એમ. જે અજ્ઞાની મૂઢ કુમત અને કુશાસ્ત્રના માનનારા, એ ‘**વિષયોંમેં લોલુપી હૈં-**’ એમ નાખ્યું ત્યાં આચાર્યે. આહાહા..! કેમકે કુશાસ્ત્ર અને કુગુરુએ તો રાગમાં અને પુણ્યમાં ધર્મ મનાવ્યો છે. એથી એના માનનારા વિષયના લોલુપીઓ છે. સમજાણું કાંઈ? ભારે નાખ્યું. એ શીલના અર્થમાં કુશીલપણું થયું. મિથ્યાત્વભાવ, મિથ્યાગુરુ, મિથ્યા શાસ્ત્ર અને મિથ્યામતિ એ બધા કુશીલપણું છે, એમ કહે છે. બહારથી ભલે બ્રહ્મચર્ય પાળતો હોય શરીરથી. આહાહા..! અંતરમાં અનાકુળ આનંદનો ધામ પ્રભુ, એની જેને રુચિ નથી અને આવા ભાવની કુમતની, કુશાસ્ત્રની રુચિ છે અને કુમત અને કુશાસ્ત્રમાં તો એ પરના વિષયમાં જ લાભ મનાવ્યો છે. વિષય શબ્દે રાગાદિમાં જ લાભ મનાવ્યો છે. ‘પ્રકાશદાસજી’! આ પંચમહાવ્રતના પરિણામ વિષય છે એમ કહે છે. આહાહા..! ભારે ગજબ વાત છે. કુશાસ્ત્ર અને કુમતીઓએ એમાં ધર્મ માન્યો છે એ કુશલ્યા છે કહે છે. આહાહા..! અમૃતચંદ્રાચાર્ય, ‘કુંદકુંદાચાર્ય’ની વાત સો ટચનું સોનું. સો ટચ કહે છે ને? સોનું-સોનું. સો ટચ. આહાહા..!

એમ કહેવા માગે છે અહીં કે જેની મતિ મિથ્યાત્વ છે અને જેના કુશાસ્ત્ર છે એ કુશાસ્ત્રને માનનારા એને આત્મસ્વભાવનો અનાદર થઈને રાગ અને વિકારના રસવાળા છે એ બધા કુશલ્યા છે. ‘સુજાનમલજી’! આહાહા..!

મુમુક્ષુ :- કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર...

ઉત્તર :- કુશાસ્ત્ર માને અને એણે મનાવ્યું છે રાગને લાભ. આહાહા..! વીતરાગમત અને વીતરાગ શાસ્ત્રે તો મનાવ્યું છે વીતરાગતા.

‘**કુસમય અર્થાત્ કુમતસે મૂઢ હૈં વે હી અજ્ઞાની હૈં ઔર વે હી વિષયોંમેં લોલુપી હૈં-**’ એમ કહે છે. એ વિષયમાં લોલુપી જ છે. શું કહ્યું ઈ? જેમાં કુશાસ્ત્ર અને કુમતિ છે એના માનનારાઓ વિષયમાં લોલુપી (છે). કારણ કે રાગના રસમાં જ પડ્યા છે એ બધા. આહાહા..! વિકારના રસાસ્વાદી છે ઈ. એ વિષયના લોલુપી છે. આહાહા..! સમજાણું કાંઈ?

બહારથી ભલે બ્રહ્મચર્ય પાળતા હોય પણ જેને કુશાસ્ત્રોએ કહ્યું હોય અમને માનો. સર્વજ્ઞ પરમાત્માને છોડીને અલ્પજ્ઞ પ્રાણીએ કહેલા તત્ત્વો અને કહેલો માર્ગ જેને રુચે છે એ વિષયના લોલુપી છે. પંડિતજી! વર્તમાનમાં તો વિષય સેવતા ન હોય, બ્રહ્મચારી હોય, લ્યો! આહાહા..! આચાર્ય તે ગજબ વાત કરે છે ને!

'**વૈસે હી સંસારમેં ભ્રમણ કરતે હૈં,...**' કઈ રીતે ભમે? '**અરહટમેં ઘડી ભ્રમણ કરતી હૈ વૈસે હી સંસારમેં ભ્રમણ કરતે હૈં,...**' અરહટ છે ને અરહટ? ઉપરથી પાણી નીકળે અને નીચે ભરાય. ઉપર નીકળે અને નીચે ભરાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, નવ નવ કોટીએ કરણ, કારણ, અનુમોદનમાં રાગનો પ્રેમ છે એને. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર માનનારા મિથ્યાત્વી છે અને એ મિથ્યાત્વ કરે, મિથ્યાત્વ કરાવે, મિથ્યાત્વને અનુમોદે. તેને વિષયનો લોલુપી અહીં તો કહે છે. આહાહા..! ચાર ગતિમાં ભમશે. સમજાય છે કાંઈ?

અહીં તો કુમત અને કુશાસ્ત્ર કહીને સર્વજ્ઞ પરમાત્માએ કહેલો માર્ગ અને સર્વજ્ઞ પરમાત્મા દેવ, એના સાધનારા ગુરુ અને એણે કહેલો આત્મધર્મ, એ સુશીલ છે. આત્મા ભગવાન અનાકુળ આનંદનો સાગર, રાગની વિકલ્પની ક્રિયાથી રહિત, એનો જેને સ્વભાવનું ભાન, રુચિ, દૃષ્ટિ નથી તેને અહીંયાં કુશીલ કહેવામાં આવ્યા છે. કહો, સમજાણું કાંઈ? જૈનનો સાધુ હોય બહારથી. પણ અંદરમાં જેને પુણ્ય પરિણામમાં પ્રેમ છે, રુચિ છે, કહે છે કે એ કુશીલ્યો છે. આત્માના સ્વભાવનો અનાદર કરી રાગના રસમાં ઘેરાઈ ગયો છે અને ઈ એની કુમતિ છે. અને કુશાસ્ત્રનું કહેવું છે એ માને છે. સમજાણું કાંઈ?

'**સંસારમેં દુઃખસહિત ભ્રમણ હોતા હૈ.**' ચાર ગતિમાં ભ્રમણ કરશે. ભગવાનઆત્મા અખંડ આનંદનું તત્ત્વ પ્રભુ ધ્રુવ, તેના ધ્યેયને નહિ બતાવનારા અને રાગ ને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધામાં લાભ બતાવનારા એ બધા કુશીલ્યા છે, એમ કહે છે મૂળ તો. જેમાં આત્માના સ્વભાવનો આશ્રય લેવાનું કથન નથી અને રાગ અને પરનો આશ્રય લેવાનું કથન છે અને એમાં ધર્મ મનાવ્યો છે એ બધા કુમત અને કુશાસ્ત્રના સેવનારા કહેવામાં આવે છે. આહાહા..! આકરું કામ ભારે. આચાર્યના હૃદયમાં ઈ છે. સત્શાસ્ત્ર તો વીતરાગતા બતાવે. આત્માની સ્વતંત્રતા બતાવી અને વીતરાગતા પ્રગટ કર એ કહે. કુશાસ્ત્ર તો રાગ અને પરના વિષયથી લાભ માને એમ બતાવે. સમજાણું કાંઈ? મારગની જાતુ ભાતુ જુદી જાત છે. કહો, 'મોહનભાઈ'! આહાહા..! જેના મતમાં વસ્તુ વીતરાગ ચૈતન્ય સ્વભાવી આનંદમૂર્તિ પરિપૂર્ણ વસ્તુ, એનો આશ્રય લેવાનું જેણે કહ્યું નથી અને એથી વિરૂદ્ધ જેના કથનો છે એ બધા મિથ્યાદૃષ્ટિ, કુમતિના કુશીલ્યા છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ઉનકે સાથ અન્ય પુરુષોંકે ભી સંસારમેં દુઃખસહિત ભ્રમણ હોતા હૈ.**' એ એવી પ્રરૂપણા અને શ્રદ્ધા કરાવશે કે બીજા જીવને પણ ચાર ગતિમાં રખડવાનું બનશે. આહાહા..! પોતાનો નિજાનંદ પ્રભુ, એનો આશ્રય કરીને શીલપણું જે વીતરાગપણું પ્રગટે, એ ભલે સ્ત્રીના વિષયમાં દેખાય તોપણ એ સુશિલ્યો પ્રાણી છે. અને સ્ત્રીના વિષયથી છૂટેલાઓ છે બહારથી,

પણ જેને કુમત અને રાગના પ્રેમમાં જેનો રસ છે એ બધા કુશિલ્યા છે. 'પોપટભાઈ'! ભારે વાતું આવી. સાંભળી હતી? ત્યાં નહોતી ને 'વઢવાણ'માં?

મુમુક્ષુ :- એકેન્દ્રિયા બે ઇન્દ્રિયા...

ઉત્તર :- એકેન્દ્રિયા બેઇન્દ્રિયા, પંચેન્દ્રિયા ઇચ્છામી પડિકમણા નહિ? એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, ત્રે ઇન્દ્રિયા, ચૌ ઇન્દ્રિયા, પંચેન્દ્રિયા 'જાદવજીભાઈ'! કર્યું છે ને? સામાયિક કરી હતી કે નહિ? એમાં છે ને? જીવિયા વવરોવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. આહાહા..!

પ્રભુ 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે કે જેના મતમાં અખંડ દ્રવ્ય સ્વભાવનો આશ્રય લેવાનું નથી અને અખંડ દ્રવ્યમાં અનંત આનંદ અને મોટા ગુણનો સમાજ પિંડ પ્રભુ છે એક એક સ્વતંત્ર, એવું જેના મતમાં નથી, એના મતમાં તો ખંડ ખંડ આત્મા મનાવ્યો હોય કાં રાગથી લાભ મનાવ્યો હોય, પર વિષયના આશ્રયથી એને ધર્મ મનાવ્યો હોય એ બધા કુમતિયા, કુશિલ્યા છે. આહાહા..!

'**અન્ય પુરુષોંકે ભી સંસારમેં દુઃખસહિત ભ્રમણ હોતા હૈ.**' એવાને માનનારાઓ.. ભારે કામ, બાપુ! શીલપાહુડમાં તો ગજબ કામ કર્યું છે, હોં! શીલપણું અને કુશીલપણાની બે વ્યાખ્યા જ આખી જુદી જાતની છે.

'**ભાવાર્થ :- કુમતી વિષયાસક્ત મિથ્યાદૃષ્ટિ આપ તો વિષયોંકો અચ્છે માનકર સેવન કરતે હૈં.**' એનો અર્થ કે રાગને ભલો માનીને સેવે છે એ વિષયમાં રુચિવાળો છે. આસક્ત લેવું છે ને. '**મિથ્યાદૃષ્ટિ આપ તો વિષયોંકો અચ્છે માનકર સેવન કરતે હૈં. કઈ કુમતી ઐસે ભી હૈં જો ઇસ પ્રકાર કહતે હૈં કિ સુંદર વિષય સેવન કરનેસે બ્રહ્મ પ્રસન્ન હોતા હૈ,...**' લ્યો! આવ્યું. શેઠ! તમારા રજનીશ. ભોગાનંદમાં બ્રહ્માનંદ છે. અર..ર..! ભગવાન! ગજબ કર્યો છે ને! જુઓ! લખ્યું છે.

'**સુંદર વિષય સેવન કરનેસે બ્રહ્મ પ્રસન્ન હોતા હૈ,...**' આહાહા..! એકવાર સાંભળ્યું હતું (સંવત) ૧૯૭૦માં. ચોમાસું હતું બોટાદ. વરસાદ હતો ને. દિશાએ બહુ છેટું જાવું પડે, પાણી બહુ હોય ને? બહાર છેક ગામમાંથી જાવું પડે છેટે. એમાં બહુ વરસાદ આવ્યો અને બાવાનું મંદિર હતું. વરસાદ આવ્યો એટલે અંદર જવું પડ્યું. ઊભો રહ્યો થોડી વાર. એ બાવો બોલ્યો અંદરથી. તે દિ' તો હજી ૨૪ વર્ષની ઉંમર હતી ને. ૭૦ની સાલ. પરમાત્મા કો પ્રસન્ન કરના, દુઃખ ન દેના. એમ કે આ બધું સમજ્યા ને? સાધુપણું, અનુકૂળતા ન ખાવા, અનુકૂળતા થાય તો પરમાત્માને રાજી રાખો. તો પરમાત્મા પ્રસન્ન થાય. એ બાવો હતો 'બોટાદ'નો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખાના-પીનેસે માનો. દુઃખ નહિ દેના આત્માકો. કષ્ટ નહિ દેના. કષ્ટ દેનેસે આત્મા અપ્રસન્ન હોતા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી થતાં. એમ બોલ્યો હતો બિચારો. આમ તો ઓલું શરીર તે દિ' તો નાની ઉંમરને. ૨૩-૨૪ વર્ષની ઉંમર. ૭૦ની વાત છે. એટલે ઓલો બિચારો શરીર દેખીને કે આહાહા..! આ તો કેટલું કષ્ટ આપે છે. લોચ કરાવે, ઉના પાણી (પીવે), ઉઘાડે પગે ચાલે,

આ તો પરમાત્માને અપ્રસન્ન કરે છે, દુઃખી કરે છે. એ બોલતો હતો મીઠાશથી. પણ એને એમ કે અહીં મહારાજ આવ્યા છે .. એમ માનતો હતો ઈ બોલતો હતો. ખાવા, પીવા ને પ્રસન્ન વિષયો સેવવા. તેથી આત્મા પ્રસન્ન રહે. આહાહા..! લખ્યું છે ને, જુઓને!

'**સુંદર વિષય સેવન કરનેસે બ્રહ્મ પ્રસન્ન હોતા હૈ, યહ પરમેશ્વરકી બડી ભક્તિ હૈ,...**' ઠીક! આહાહા..! પાખંડના પાર છે કાંઈ? '**ઐસા કહકર અત્યંત આસક્ત હોકર સેવન કરતે હૈં. ઐસા હી ઉપદેશ દૂસરોંકો દેકર...**' જેવું માને એ આપેને બીજાને ઉપદેશ? '**વિષયોંમેં લગાતે હૈં,...**' લ્યો! પરમાં લગાવે. મૂળ તો કહેવું છે. પર તરફ એનો ઝુકાવ કરાવીને રાગમાં આસક્ત કરે. '**વે આપ તો અરહટકી ઘડીકી તરહ સંસારમેં ભ્રમણ કરતે હી હૈં,...**' એ તો ભમવાના અને ગતિમાં નિગોદ આદિમાં જવાના. '**અનેક પ્રકારકે દુઃખ ભોગતે હૈં પરંતુ અન્ય પુરુષોંકો ભી ઉનમેં લગાકર ભ્રમણ કરાતે હૈં,...**' લ્યો! યજમાન લઈ જાય સાથે. કહે છે ને કાંઈક તમારે આવે છે ને કબીર આદિમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો કબીરનો શ્લોક હતો. એકલો ન જાય એ યજમાનને લઈને સાથે જાય. એવો શ્લોક છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એક સાખી હતી. અમને ત્યાં પુસ્તક આવ્યું હતું.

મુમુક્ષુ :- .. યજમાન જાય સાથે..

ઉત્તર :- એ ઉપર શ્લોક છે કબીરનો. અને આપણે 'જ્ઞાનાર્ણવ'માં છે. આપણે 'જ્ઞાનાર્ણવ'માં છે.

મુમુક્ષુ :- ...જજમાન.

ઉત્તર :- જજમાન. આપણે 'જ્ઞાનાર્ણવ'માં છે. કુગુરુ એકલા ન જાય નરકમાં. જજમાનને લઈને સાથે દાતાને લઈને સાથે જાય. ચાલ તું પણ સાથે. સાથે લઈ જાય. એકલા નહિ જઈએ અમે. બધાને સથવારે જઈશું. એવું છે. એણે અનંત કાળ એમ જ ગાળ્યો છે.

'**વિષયસેવન દુઃખ હી કે લિયે હૈ, દુઃખ હી કા કારણ હૈ,...**' આહાહા..! પાંચ ઈન્દ્રિયના વિષય તરફનો ઝુકાવ તો આકુળતા અને દુઃખ છે. '**ઐસા જાનકર કુમતિયોંકા પ્રસંગ ન કરના,...**' એમ કહ્યું. સમજાણું? કુમતિનો પ્રસંગ ન કરવો. '**વિષયાસક્તપના છોડના, ઈસસે સુશીલપના હોતા હૈ.**' આહાહા..! નિમિત્તની રુચિ, રાગની રુચિ છોડવી એમ કહે છે. અને સ્વભાવની દૃષ્ટિ કરવી એ સુશીલપણું છે. નિમિત્ત અને રાગની રુચિ રાખવી એ કુશીલપણું છે. આહાહા..! એ ૨૬માં કહ્યું, લ્યો! થઈ ગયો વખત.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे कहते हैं कि जो कर्मकी गांठ विषय-सेवन करके आपही बांधी है उसको सत्पुरुष तपश्चरणादि करके आप ही काटते हैं :-

## ગાથા-૨૭

आदेहि कम्मगंठी जा बद्धा [1]विसयरागरंगेहिं।
तं छिन्दन्ति कयत्था तवसंजमसीलयगुणेण।।२७।।
आत्मनि कर्मग्रंथिः या बद्धा विषयरागरागैः।
तां छिन्दन्ति कृतार्थाः तपः संयमशीलगुणेन।।२७।।
જે કર્મગ્રંથિ વિષયરાગે બદ્ધ છે આત્મા વિષે,
તપચરણ-સંયમ-શીલથી સુકૃતાર્થ છેદે તેહને. ૨૭.

अर्थ :- जो विषयोंके रागरंग करके आप ही कर्मकी गाँठ बांधी है उसको कृतार्थ पुरुष (-उत्तम पुरुष) तप संयम शीलके द्वारा प्राप्त हुआ जो गुण उसके द्वारा छेदते हैं-खोलते हैं।

भावार्थ :- जो कोई आप गाँठ घुलाकर बांधे उसको खोलनेका विधान भी आप ही जाने, जैसे सुनार आदि कारीगर आभूषणादिककी संधिके टाँका ऐसा झाले कि वह संधि अदृष्ट हो जाय, तब उस संधिको टाँकेका झालनेवाला ही पहिचानकर खोले, वैसे ही आत्माने अपनेही रागादिक भावोंसे कर्मोंकी गाँठ बांधी है उसको आपही भेदविज्ञान करके रागादिकके और आपके जो भेद हैं उस संधिको पहिचानकर तप संयम शीलरूप-भावरूप शस्त्रोंके द्वारा उस कर्मबंधको काटता है, ऐसा जानकर तो कृतार्थ पुरुष हैं वे अपने प्रयोजनके करनेवाले हैं, वे इस शीलगुणको अंगीकार करके आत्माको कर्मसे भिन्न करते हैं, यह पुरुषार्थ पुरुषोंका कार्य है।।२७।।

---

**પ્રવચન નં. ૧૯૧, ગાથા-૨૭ થી ૨૯, શનિવાર, મહા વદ ૧૦, તા.૨૦-૨-૭૧**

'જો કર્મકી ગાંઠ વિષય-સેવન કરકે આપહી બાંધી હૈ ઉસકો સત્પુરુષ તપશ્ચરણાદિ કરકે આપ હી કાટતે હૈં :-' દૃષ્ટાંત આપશે આમાં.

आदेहि कम्मगंठी जा बद्धा [1]विसयरागरंगेहिं।
तं छिन्दन्ति कयत्था तवसंजमसीलयगुणेण।।२७।।

શું કહે છે? શીલ સ્વભાવ છે ને આમાં?

१ संस्कृत प्रतिमें - 'विषयरायमोहेहि' ऐसा पाठ है, छायामें 'विषयरागमोहैः' है।

'**અર્થ :- જો વિષયોંકે રાગરંગ કરકે આપ હી કર્મકી ગાંઠ બાંધી હૈ...**' એટલો સિદ્ધાંત છે. એટલે રાગથી રંગાયેલો એટલે મિથ્યાત્વભાવ એમ કહે છે. જેને આત્માના સ્વભાવનો વિષય છે નહિ અને જેને એકલો રાગ જ વિષય છે, વિષયનો જે રાગ એ રાગ જ જેનો એકલો વિષય છે અને રાગમાં જે રંગાયેલો છે. નીચે '**विषयरागमोहैः**' શબ્દ પડ્યો છે. એ બરાબર છે. નીચે સંસ્કૃતમાં. '**विषयरागमोहैः**' મૂળ તો એ શબ્દ છે. રાગરંગ એ.. એટલે શું? કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ સુખરૂપ છે એનો વિષય એટલે ધ્યેય ન બનાવતા, અનાદિથી વિષયના કાર્યનું કારણ જે રાગ એ રાગમાં એકત્વબુદ્ધિ જેની છે એ વિષયના રાગથી રંગાયેલો છે. સમજાણું કાંઈ?

સમકિતી વિષયના રાગથી રંગાયેલો નથી. અહીં એ વાત છે. જેને આત્માના સ્વભાવની રુચિ નથી, દૃષ્ટિ નથી અને જેને એ રાગનો ભાવ શુભ-અશુભરાગ છે ને રાગ? એ જ પરવિષય છે અને એ રાગનો જેને રંગ છે એને મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? '**જો વિષયોંકે રાગરંગ કરકે...**' રાગનો જેને રંગ ચડી ગયો છે. ભગવાનઆત્મા શુદ્ધ આનંદ અને શાંતિનું સ્વરૂપ, એની જેને દૃષ્ટિ સુખબુદ્ધિ આત્મામાં થઈ નથી એને રાગમાં સુખબુદ્ધિથી રંગાયેલો છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**કર્મકી ગાંઠ બાંધી હૈ...**' જે રાગના રંગને કારણે મિથ્યાત્વથી કર્મની ગાંઠ જે બંધાણી હતી. આ સિદ્ધાંત સિદ્ધ કર્યો પહેલો કે શીલથી વિરૂદ્ધ એ કુશીલ છે. રાગ જે વિકલ્પ છે શુભ અને અશુભરાગ, એ રાગ જ વિષય છે અને રાગનો જેને રંગ છે એને મિથ્યાત્વભાવ છે. રાગનો જેને રસ છે એને અહીંયાં રાગથી રંગાયેલો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જો વિષયોંકે રાગરંગ કરકે...**' અથવા રાગના મોહે કરી, રાગમાં સાવધાનીને લઈને '**આપ હી કર્મકી ગાંઠ બાંધી...**' દેખો ભાષા. કર્મના ઉદયનું જોર હતું માટે આવા કર્મની ગાંઠ બાંધવાનું કારણ થયું એમ નથી. વર્તમાનમાં ગડબડી એ ચાલે છે ને, પંડિતજી! જેવો કર્મનો ઉદય આવે એવા વિકાર થાય અને એ વિકાર કર્મને કારણે થાય. એમ નથી, ભાઈ! તને ખબર નથી. ભગવાનઆત્મા પોતાનું શાંત આનંદ અનાકુળ આનંદના રુચિનો ભાવ નથી જેને, એ રાગમાં રુચિ પોતાના ઊલટા પુરુષાર્થથી કરે છે. એને કર્મનું કારણ છે માટે ઊલટો પુરુષાર્થ કરે છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! આટલા તો શબ્દો વાપર્યા, જુઓને! '**आदेहि कम्मगंठी**' એમ કહ્યું છે ને? પોતાથી ગાંઠ બાંધી છે એમ કહે છે. કર્મને લઈને ગાંઠ નવી બાંધે છે એમ નથી. આહાહા..! એ કુશીલ છે. આત્મા કુશીલ્યો થયો એટલે રાગના, વિકલ્પના રસમાં ચડ્યો. એ કુશીલ્યો છે. ભારે! સમજાણું કાંઈ? ભલે એ સ્ત્રી આદિના વિષયને સેવતો ન હોય છતાં જેને રાગમાં રંગ રાગનો ચડી ગયો છે. એને મિથ્યાદૃષ્ટિપણે જે કર્મની ગાંઠ પોતાના ઊલટા પુરુષાર્થથી બાંધી હતી. એટલો સિદ્ધાંત પહેલો. સમજાણું કાંઈ?

'**જો વિષયોંકે...**' પર વિષય. એના '**રાગ રંગ કરકે...**' એના રાગે રંગાયેલો. ભગવાનના પ્રેમથી શુદ્ધ આનંદના રંગથી છૂટી ગયેલો. જેને આત્મામાં આનંદ છે એનો જેને રંગ નથી, એની જેને રુચિ નથી, આત્મામાં આનંદ છે એવી જેને દૃષ્ટિ નથી. એ વિષયના

રાગમાં રંગાયેલા, પોતે જ રંગાયો થકો નવા કર્મને બાંધે છે. આમ છે. એક પદમાં તો કેટલું મૂક્યું, જુઓ! રાગના રંગે કરી, પોતે રાગે રંગાયેલો. એમ કહ્યું. તેથી એને કર્મ બંધાય છે. પંડિતજી! જુઓ! એમાં છે મોહ કરીને. છે? '**विसयरागरंगेहिं**' અહીં '**रागरंगेहिं**' કર્યું છે. રાગનો રાગ. એનો અર્થ રાગનો મોહ. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિમાં રાગનો રાગ હોતો નથી. રાગ હોય છે પણ એનો રાગરસ હોતો નથી. ઝેરપણે દેખીને એ રાગને છોડવા માગે છે સમકિતી. ગૃહસ્થાશ્રમમાં હો તોપણ. સમજાણું કાંઈ? આનો આવો અર્થ કરી નાખે કે વિષયો છોડે એ ધર્મી થઈ ગયો બહારમાં. પણ વિષય છોડે ક્યાં? છૂટેલા જ પડ્યા છે. બાંધ્યું છે તો એણે રાગની એક્તાને બાંધી છે. એ વિષય છે ખરેખર તો.

સ્વભાવ શુદ્ધ આનંદ પ્રભુ, એની અંતર એક્તા અભેદતા કરવી એ તો શીલ અને સુશીલ સ્વભાવ છે. સમ્યગ્દર્શન એ તો શીલ સ્વભાવ, સુશીલ સ્વભાવ છે. સમજાણું કાંઈ? પોતાનો ધ્રુવ સ્વભાવ અનાકુળ આનંદનું ધામ આત્મા છે. સર્વજ્ઞ તીર્થંકરદેવે એ આત્મા અતીન્દ્રિય એમણે પ્રગટ કર્યો હતો. એવો જ આત્મા ધ્રુવપણે નિત્યાનંદ, અતીન્દ્રિય આનંદનું ધામ છે એનો જેને રસ નથી, એની રુચિ નથી, એનો પ્રેમ નથી, એનો આશ્રય નથી એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પોતે કર્મની ગાંઠ બાંધે છે. જડ બંધાય છે એને કારણે પણ રાગના રંગથી ભાવબંધ પોતે બાંધે છે. એમ. ગાંઠ. ત્યારે કર્મના રજકણો કર્મને કારણે બંધાય જાય છે. આહા..! બહુ વાંધા. જગતને સત્યને સમજવું.. વસ્તુ તો એવી છે પણ ન્યાયથી જુઓ તો એને બેસે એવી છે.

મુમુક્ષુ :- એમ જ હોય ને. વસ્તુ ન બેસે એમ હોય?

ઉત્તર :- ન હોય. વસ્તુ ભગવાન શુદ્ધ ચૈતન્ય જ્ઞાનનો પિંડ. ધ્રુવ. કાલે બપોરે આવ્યું હતું ને? અનાદિ અનંત દરેક પર્યાયમાં વસ્તુ તો ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એવી સુંદર ચાલી આવે છે. અનાદિઅનંત એવો ધ્રુવ સ્વભાવ ભગવાનઆત્મા, એનો જેને અંતરમાં રસ નથી, એવા સ્વભાવનો જેને અંતરમાં પ્રેમ નથી, એને એ આત્મસ્વભાવથી વિરૂદ્ધ એવો વિકલ્પ એટલે રાગ, રાગનો જેને રંગ ચડી ગયો છે. રાગનો અજ્ઞાની રસીલો છે. જ્ઞાની આત્માના આનંદનો રસીલો છે. આહાહા..! એ વિષયની વાસના આવે પણ રસ નથી. એટલો પુરુષાર્થ નથી એટલે છૂટી શકતો નથી એટલે જરી રાગ આવે છે. પણ અંદર નકાર છે. આ નહિ. અરે..! આ છૂટે ક્યારે? સમજાણું કાંઈ? આમાં મજા છે અને એમ ને એમ રાખું રાગને એવી દૃષ્ટિ ધર્મીની હોતી નથી. આહાહા..!

અજ્ઞાનીને ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનો તો વિષય ધ્યેય તો કોઈ દિ' કર્યું નથી. ધર્મી રાગની આસક્તિમાં નથી. આ તો રાગની આસક્તિ એટલે રાગમાં રંગાઈ ગયેલો, એણે બાથ ભીડી છે એમ કહે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ? મિથ્યાત્વ અને સમકિતની વ્યાખ્યા બહુ અલૌકિક છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ જેવું જગતમાં મહાપાપ નથી. અને એ મિથ્યાત્વની વ્યાખ્યા જગતે ટૂંકી અને સાધારણ કરી નાખી. આહા..! કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર માનવા, નવ તત્ત્વ ન માનવા, આને માનવા એ મિથ્યાત્વ. એમ નથી, ભાઈ! મિથ્યાત્વની વ્યાખ્યા ઝીણી છે. આત્મા શુદ્ધ પવિત્ર સ્વભાવની મૂર્તિ આત્મા તો જિન સોહી

આત્મા છે. જિન અને આત્મામાં કાંઈ ફેર નથી. એવી વસ્તુની દષ્ટિનો અભાવ (છે) એને રાગના રસનો રંગ હોય જ. એમ કહે છે. 'નવનીતભાઈ'! આવી વસ્તુ ભારે. આહાહા..!

'**ઉસકો કૃતાર્થ પુરુષ...**' લ્યો! હવે સવળું લે છે. આવા જે અજ્ઞાની અનાદિથી શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાનઆત્માનો રસ અને પ્રેમ છોડીને, એ પુણ્યના વિકલ્પના રસમાં પડ્યો છે એ વિષયના રસમાં તીવ્ર છે, કહે છે. પંડિતજી! ભારે વાત, ભાઈ! આહાહા..! એ ગાંઠ બાંધી છે જેણે પોતે પોતાના ઉલટા પુરુષાર્થથી, એ પોતે સુલટા પુરુષાર્થથી છેદી શકે છે. સમજાણું કાંઈ? કૃતાર્થ એટલે સમકિતી મૂળ લેવું છે. કૃત અર્થ-પ્રયોજન સિદ્ધ કર્યા છે જેણે. સમજાણું કાંઈ? આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્ય આનંદની મૂર્તિ, એનું જેને અનુભવ અને દષ્ટિ થઈ છે, જેને આત્મા અતીન્દ્રિય આનંદ છે એ વ્હાલો જેને લાગ્યો છે, એ જીવને સમકિતી કહીએ કે કૃતાર્થ કહીએ. એમ કહે છે. સમજાણું કાંઈ? જે અનંતકાળમાં પ્રયોજન સિદ્ધ નહોતું થયું એ પ્રયોજન સિદ્ધ કર્યું. કૃત-અર્થ પ્રયોજન. કાર્ય જે દ્રવ્યસ્વભાવ ભગવાનઆત્મા એને સાધ્યો, એને શ્રદ્ધામાં લીધો, એને વર્તમાન જ્ઞાનની દશામાં જ્ઞેયપણે અનુભવ્યો. આહાહા..! એ કૃતાર્થ પુરુષ છે. જે કાર્ય અનંતકાળમાં નહોતું કર્યું એવું કર્યું. સમજાણું કાંઈ? વ્રત, નિયમ ને સંયમ ને એવા અનંતવાર શુભભાવો કર્યા પણ એ કાંઈ કૃતાર્થ નથી. એ તો અકૃતાર્થ છે. એ રાગને કાર્યને કૃતાર્થ માનવા એ જ મિથ્યાત્વભાવ છે. આહાહા..! 'પ્રકાશદાસજી'! ભારે વાતું આવી. આહાહા..!

આચાર્ય શીલપાહુડમાં કેટલું ગોઠવે છે! આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ની શૈલી કોઈ પરમેશ્વરના જેવી શૈલી છે એમની બધી. ઓહોહો..! ભાઈ! તેં તારા આનંદના જ્ઞાયક સ્વભાવને ભૂલી તેં રાગના રંગે કર્મગાંઠ બાંધી, પ્રભુ! તો જ્યાં તેં બાંધી ત્યાં હવે તોડ તું. બાંધે તે તોડે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ધીરાની વાતું છે. આગળ કહેશે કે જાણપણાથી જો મોક્ષ થતો હોય એકલા જાણપણાથી તો શક્તિપુત્ર શંકરને થવો જોઈએ. નવ પૂર્વનું જ્ઞાન હતું. સમજાણું કાંઈ? પણ રાગના રસથી જુદો પડી અને આત્માના જ્ઞાનનો રસ જેને આવ્યો નથી એને કુશીલ્યો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે રમતું, ભાઈ! અંદર ને અંદર રમતું છે બધી. આવું ત્યાં મૂર્તિપૂજકમાં સાંભળવાનું મળે નહિ. મળે? ત્યાં તો પૈસા હોય. ધૂળ હોય. આહાહા..!

કહે છે, ભાઈ! પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરનો આ ધ્વનિ છે. એ ધ્વનિમાંથી આ શાસ્ત્રો રચ્યા છે. આહાહા..! હમણાં અહીં કહેશે પોતે. આ મારું નથી. એ તો અનંતબુદ્ધે કહેલું, તીર્થંકરોએ કરેલું હું કહું છું. સમજાણું કાંઈ? લિંગપાહુડમાં આવી ગયું ને. ૨૭ ગાથા. ૨ ને ૭ =૯. બપોરે ૯ આવ્યું અને આ પણ ૯ આવ્યું. એય..! આ ફેરી એને બોણી બીજી જાતની થાય છે આ. 'નવનીતભાઈ'! 'નવનીતભાઈ', 'પોપટભાઈ' બધા હાજર છે ને? આહાહા..! પ્રભુ! ભારે વાત નાખી, હોં!

'**કૃતાર્થ પુરુષ (-ઉત્તમ પુરુષ)...**' એની વ્યાખ્યા કૃતાર્થની. ઉત્તમ પુરુષ એમ. એ ધર્મી તે ઉત્તમ પુરુષ છે. સમ્યગ્દષ્ટિ તે ઉત્તમ પુરુષ છે. એ સિવાય બીજા ઉત્તમ પુરુષ નથી. '**(-ઉત્તમ પુરુષ) તપ સંયમ શીલકે દ્વારા પ્રાપ્ત હુઆ...**' પુણ્ય એટલે પવિત્રતા. '**જો ગુણ ઉસકે**

**द्वारा छेदते हैं-खोलते हैं.**' ગાંઠ બાંધી તે ખોલી નાખે છે.

મુમુક્ષુ :- પુણ્યને ગુણ કીધો.

ઉત્તર :- ગુણ હશે, શેમાં છે?

મુમુક્ષુ :- સંયમશીલ ગુણ...

ઉત્તર :- એ તો છે પણ આણે નાખ્યું છે એ. છાપવાની ભૂલ છે. એ ગુણ જોઈએ. પવિત્રતા છે મૂળ તો. પછી પવિત્ર અર્થ કર્યો પુણ્ય શબ્દનો. આણે એમ નાખ્યું માળે. એણે વળી પુણ્ય શબ્દ રાખ્યો. આપણે હવે અર્થ મેં તો કર્યો પવિત્રતા. '**सीलयगुणेण**' છે ને?

મુમુક્ષુ :- ગુણ છે ગુણ.

ઉત્તર :- હા, પણ એ તપ આવી ગયું છે અંદર, કહે છે. '**तवसंजमसीलयगुणेण**' એ તપ, શીલ, સંયમના ગુણ વડે છેદે છે એમ લેવું. '**गुणेण**' છે ને? જેમ ઓલા '**विसयरागरंगेहिं**' એમ અહીંયાં '**तवसंजमसीलयगुणेण**' ઈચ્છા નિરોધ આત્માનો આનંદ, અતીન્દ્રિય સુખની દૃષ્ટિ અને અતીન્દ્રિય સુખમાં લીનતા એવો જે શીલ સ્વભાવ અને એવો જે ગુણ, એના દ્વારા એ કર્મની ગાંઠ ખોલી નાખે છે. પાછા આ તપ શબ્દનો અર્થ કોઈ એમ લઈ લે કે અપવાસ-બપવાસ એ અહીં વાત નથી. અહીંયાં સ્વભાવ આનંદમૂર્તિ પ્રભુ, એનું ભાન છે, એમાં આનંદની ઉગ્રતા કરે છે એ દ્વારા કર્મની ગાંઠ ગળે અને બળે છે. ભારે વ્યાખ્યા આવી. વીતરાગનો માર્ગ સર્વજ્ઞનો... આવે છે ને? સર્વજ્ઞનો માર્ગ.. શું આવે છે? સર્વજ્ઞનો ધર્મ સુશરણ.

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ જાણી.

'શ્રીમદ્'માં આવે છે. વાંચ્યું છે કે નહિ? ખબર નહિ હોય, યાદ ન હોય કાંઈ. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી...' કવિ છે ને એટલે (આમ કહે છે)...

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ જાણી.
એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.
અનાથ એકાંત સનાથ થાશે. એના વિના કોઈ બાહ્ય ન સ્હાશે

કહો, 'મલૂકચંદભાઈ'! છે? આ પક્ષઘાત થયો તો કોઈએ બાંય ન જાલી. ઊભા હતા બધા. વળી રહી ગયું આયુષ્ય હતું. નહિતર એક હુમલો આવે તો પાછો બીજો જાય. અરે..રે..! જુઓને 'શાંતિભાઈ' વયા ગયા, એની બાની પહેલા. સ્થિતિ પૂરી થાય એમાં શું ત્યાં એક સમયનો ફેર. આહાહા..! અહીં એક સમયનો ફેર. રાગના રસમાં પડ્યો એને આનંદના રસમાં લાવવો એક સમયમાં લવાય છે. રાગનું મૃત્યું અને આનંદનું જીવન. સમજાણું કાંઈ? 'ચેતનજી'! એ કહ્યું છે, આચાર્યનો હેતુ તો રાગનો મોહ છે અને અહીં રાગનો અભાવ છે. એટલે કે ગુણનો ભાવ છે. એમ.

મુમુક્ષુ :- ભેદજ્ઞાન જ કહ્યું છે.

ઉત્તર :- હા કહે છે ને. એનો અર્થ જ એ કર્યો છે. પોતે જ કર્યો ને એટલો શબ્દ પાઠમાં. પછી તો અર્થ વિશેષ કરશે.

આ તો પાઠ જ એટલો છે ને, જુઓને! '**आदेहि कम्मगंठी जा बद्धा**' જેણે બાંધી. વિષય, રાગના રસે કરીને '**तं छिन्दन्ति कयत्था**' જેણે આત્માર્થ સાધ્યો તે તેને છેદે. '**तवसंजमसीलयगुणेण**' કુશીલથી બાંધેલા કર્મ સુશીલે ખપે છે. લ્યો! ઓલા ધર્મધ્યાનમાં નથી આવતું? ધર્મધ્યાનમાં આવે છે નહિ? ભાઈ! મિથ્યાત્વથી બાંધેલા કર્મ સમકિતથી ખપે છે. અવ્રતથી બાંધેલા કર્મ વ્રતથી ખપે. એ વ્રતથી એમાં આવ્યું. કષાયે બાંધેલા કર્મ અકષાયથી ખપે છે. ધર્મધ્યાનનો કાઉસગ્ગ આવે છે. ધર્મધ્યાનનો કાઉસગ્ગ આવે છે. સાંભળ્યો છે કે નહિ પડિકમણા વખતે?

મુમુક્ષુ :- ઘણાં કાયોત્સર્ગમાં..

ઉત્તર :- ઘણા કાયોત્સર્ગ પાછો એની સાથે સાંભળ્યો છે. એમાં આવે છે. ફલાણાએ બાંધ્યા કર્મ આનાથી ખપે, આનાથી બાંધ્યા કર્મ આનાથી ખપે. એમ આવે છે. ધર્મધ્યાન કાયોત્સર્ગમાં આવે છે. એમ અહીં ઈ સિદ્ધ કર્યું છે.

અજ્ઞાનના રાગરસે બાંધેલા કર્મો જ્ઞાનના આનંદરસે તેને ખોલીને છોડી નાખે છે. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ તીર્થંકરદેવ, એનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. લોકો પાસે ધર્મને બીજી રીતે પીરસ્યો છે. એ ત્યાં 'વીંછિયા'માં કહ્યું હતું. બહુ માણસ હતું ને. બાપુ! ધર્મને નામે ધર્મ પીરસાણો નથી. બીજું પીરસાણું છે. સમજાણું કાંઈ? મેસુબના નામ લીધા અને કૂચકાના રોટલા આપ્યા. એમ ધર્મને નામે પુણ્ય ને દયા, દાન અને વ્રતની ક્રિયા પુણ્યની પીરસીને ધર્મ મનાવ્યો છે.

મુમુક્ષુ :- એ તો બંધન છે.

ઉત્તર :- એ બંધનના કારણ એણે અબંધના પરિણામ તરીકે સિદ્ધ કર્યા છે એ લોકોએ. આહાહા..!

કહે છે, '**ભાવાર્થ :- જો કોઈ આપ ગાઠ ઘુલાકર બાંધે...**' ઘુલાઈ એટલે સરખાયની બાંધે. ગાંઠ એવી બાંધે ને આમ માથે એનો રેણ ન દેખાય. આ ઠેકાણે રેણ લીધું એ ન દેખાય. સોની બાંધે ને સોનું? '**ઉસકો ખોલનેકા વિધાન ભી આપ હી જાને, જૈસે સુનાર આદિ કારીગર આભૂષણાદિકકી સંધિકે ટાંકા ઐસા જાલે...**' ટાંકો એવો મારે '**કિ વહ સંધિ અદષ્ટ હો જાય,...**' બે સોનાના કાંઠા ભેગા થયા છે એમ ન દેખાય. એવી સંધિ મારે. સોનાના છેડા હોય ને? એક સોનાનો આ બાજુ અને એક બીજી બાજુ, બે ભેગા થયેલા હોય (એને) એવી સંધિ મારે કે સંધિ ન દેખાય. સમજાણું કાંઈ? એ પોતાને ખબર હોય કે મેં આ ઠેકાણે સંધિ મારી છે. જુઓ! આ દૃષ્ટાંત. સમજાણું કાંઈ? '**આભૂષણાદિકકી સંધિકે ટાંકા ઐસા જાલે કિ વહ સંધિ અદષ્ટ હો જાય,...**' સાંધ જ અદૃશ્ય થઈ જાય. '**તબ ઉસ સંધિકો ટાંકેકા જાલનેવાલા હી પહિચાનકર ખોલે,...**' એને ખબર હોય કે મેં આ ઠેકાણે (સંધિ કરી છે). એનું લક્ષણ એને ખ્યાલમાં હોય. એ તો દૃષ્ટાંત થયો.

'**વૈસે હી આત્માને અપનેહી રાગાદિક ભાવોંસે કર્મોંકી ગાંઠ બાંધી હૈ...**' લ્યો! આત્માએ આત્માના શુદ્ધ આનંદ સ્વભાવ સિવાય રાગના રસને કારણે તેણે પોતે જ કર્મ

બાંધ્યા છે. તે રાગના રસની સંધિથી બાંધ્યા એને આત્માના રસની સંધિથી છેદી નાખે. એમ કહે છે. આહાહા..! આમ અપૂર્વની વાતું છે આ. સમજાણું કાંઈ? જેણે આત્માના આનંદના ધ્રુવનો વિષય બનાવ્યો નથી અને જેણે એક અંશ વર્તમાન દશા અને રાગના રસે જેણે આત્મા બાંધ્યો છે મિથ્યાત્વથી, એ જ દ્રવ્યદૃષ્ટિ કરીને ખોલી નાખ, એમ કહે છે. આહાહા..! પર્યાયદૃષ્ટિએ બાંધેલો ભાવ એ વસ્તુદૃષ્ટિથી તેને ખોલીને છેદી નાખે છે. આહાહા..! કામ આકરું, ભાઈ! છે તો એના ઘરનું પણ અભ્યાસ નહિ એટલે આ તો ગ્રીક-લેટિન જેવું લાગે. આ શું કહે છે ધર્મ આવો? વ્રત પાળવાનું કહે, જાત્રા કરવાનું કહે, ચોવિહાર કરવાનું કહે, કંદમૂળ ન ખાવાનું કહે, પાંચ પરબી પાળવી બ્રહ્મચર્ય એમ કહે, છપરબી લીલોતરી ન ખાવી એમ કહે. એ તો સમજાય પણ ખરું. હોં! એ બધું આવતું હતું. આહાહા..! ભાઈ! એ તો બધી વિકલ્પની વાતું છે. એ રાગનો જેને રસ છે એ મિથ્યાત્વ છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

**'આત્માને અપનેહી રાગાદિક ભાવોંસે...'** વળી રાગ તો આત્માનો નહોતો એમ કહેતા, રાગ તો કર્મને કારણે થયેલા કર્મના છે. અહીં તો કહે છે, તેં પોતે કર્યા હતા રાગ તેથી **'અપનેહી રાગાદિક ભાવોંસે કર્મોંકી ગાંઠ બાંધી હૈ ઉસકો આપહી ભેદવિજ્ઞાન કરકે રાગાદિકકે...'** દેખો! રાગ અને આત્મા. એમ. ભેદજ્ઞાન કરી વિકલ્પ-રાગ અને આત્મા. જે બે ભેદ છે. એમાં બેની વચ્ચે ભેદ છે. આવે છે ને ઓલામાં એ 'મોક્ષ અધિકાર'માં. સૂક્ષ્મ સંધિ છે. એમાં નાખ્યું છે. એને પકડીને વચ્ચે છીણી માર વચ્ચે. રાગની ઉત્પત્તિ બહિર્લક્ષે થાય છે, સ્વભાવ અંતર્લક્ષી પડ્યો છે. એની સંધી જોઈ ભેદજ્ઞાન કરીને **'આપહી ભેદવિજ્ઞાન કરકે...'** આપહી બાંધ્યા. રાગની એકત્વબુદ્ધિએ આપે જ બાંધ્યા અભેદથી. આપ જ રાગથી ભિન્ન કરીને આપ જ ખોલો. એમ કહે છે. બરાબર છે પંડિતજી? કર્મના જોરથી બાંધ્યા છે? 'ગોમ્મટસાર'માં આવે છે. ઘણામાં એ વાત આવે છે.આહાહા..!

**'આત્માને અપનેહી રાગાદિકભાવોંસે કર્મોંકી ગાંઠ બાંધી હૈ ઉસકો આપહી ભેદવિજ્ઞાન કરકે રાગાદિકકે...'** પાછી ભેદજ્ઞાનની વ્યાખ્યા કરી. **'રાગાદિકકે ઔર આપકે જો ભેદ હૈં...'** ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો રાગ અને આત્મા બે જુદી ચીજ છે. આહાહા..! પ્રશસ્ત રાગ છે કે નહિ? એમ. પણ પ્રશસ્ત પણ રાગ છે ને? પ્રશસ્ત પણ દુશ્મન છે ઈ. એને પ્રશસ્ત કેમ કીધો? તીવ્ર રાગની અપેક્ષાએ એને પ્રશસ્ત કીધો. બાકી છે તો એ ઝેર અને વેર. વેરી-આત્માના સ્વભાવનો વિરોધી છે. એ વ્યવહાર કારણ થાય, નિશ્ચય કાર્ય થાય એમ કેમ બને? વિરોધી ભાવ કારણ અને અવિરોધી કાર્ય. સમજાણું કાંઈ? ભારે આકરું લોકોને.

અહીં તો કહે છે કે જેનાથી ભેદ કરવો છે એનાથી આત્માને લાભ થાય એ શી રીતે બને? સમજાણું કાંઈ? જેનાથી તો ભેદ કરવો છે. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો, પંચમહાવ્રતનો વિકલ્પ રાગ હો, એ રાગથી તો જુદું પાડવું છે, પડવું છે. છે. હવે એને રાગને કારણે અંદરમાં ભેદજ્ઞાન થાય અને આત્માનો નિશ્ચય થાય, એ તો ભ્રમણા છે. આહાહા..! **'જો ભેદ હૈં ઉસ સંધિકો...'** રાગ અને પોતાનો ભેદ છે. એમ કહે છે અહીં, હોં! એટલે બે

એક નથી. એક તેં માન્યું છે. રાગનો વિકલ્પ અને નિર્વિકલ્પ ચૈતન્યઘન બેને એકપણે માન્યા છે. એકપણે નથી. એકપણે હોય તો જુદા પડે નહિ. માટે ભેદ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ સરસ ગાથા. આહાહા..!

'**રાગાદિકકે ઔર આપકે જો ભેદ હૈ ઉસ સંધિકો પહિચાનકર...**' વિકલ્પ ઊઠે છે ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો હો. અરે..! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હો રાગ, પણ એ રાગ અને પોતાને ભેદ ઓળખીને '**સંધિકો પહિચાનકર...**' ભેદની સંધિ એટલે રાગ-વિકલ્પ અને આત્મા બે છે. બે છે તે બેમાં ભેદ છે. બેમાં એકપણું નથી. બેમાં એકપણું કેમ હોય? તો તો બે રહેતા નથી. સમજાણું કાંઈ? '**રાગાદિકકે ઔર આપકે જો ભેદ હૈ ઉસ સંધિકો પહિચાનકર...**' એ શું કહે છે? બે છે તેને બેપણે જાણીને. રાગ છે આ બહિર્લક્ષી ઊઠે છે. એ અંતર છે. બેમાં ભેદ છે. બેની એક્તા થઈ જ નથી. બે જુદા છે તેને જુદાપણે જાણી '**પહિચાનકર તપ સંયમ શીલરૂપ-ભાવરૂપ શસ્ત્રોંકે દ્વારા...**' જુઓ! ઓલા ગુણનો અર્થ અહીંયાં પછી ભાવ કરી નાખ્યો.

'**તપ સંયમ શીલરૂપ-ભાવરૂપ...**' ત્યાં એથી થયેલ પુણ્ય એમ ન લીધું. '**તપ સંયમ શીલરૂપ-ભાવરૂપ શસ્ત્રોંકે દ્વારા...**' આહાહા..! ઠીક! આત્માના સ્વભાવ સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન, સંયમ, સ્વભાવ એવા ભાવશસ્ત્રો દ્વારા '**કર્મબંધકો કાટતા હૈ,...**' આનાથી કર્મ કપાય. આ અપવાસ-બપવાસ કર્યા અને પાંચ અપવાસ કર્યા, કર્મ કપાય. બાપુ! વખત ચાલ્યો જાશે, ભાઈ! છેતરપિંડીમાં જાશે. આહાહા..! કેટલાક બાવા આવે છે ને? લાવ સોનું. પીત્તળનું સોનું કરી દે. પીત્તળનું સોનું કરી દે. થોડુઘણું આપે પહેલા. પછી જાજું લે ખોટું આપે અને સાચું લઈને ભાગી જાય. પણ અહીં આવ્યો શું કરવા ઈ? લોઢાના સોના કરતો હોય તો એ આવ્યો શું કરવા અહીં? ઘરે કરે નહિ એને? પણ દુનિયા છેતરપિંડી કરનારા પાસે જાય ને એટલે છેતરાય જાય. સોંઘો માલ (લેવો છે). પચ્ચીસ તોલા પીતળ લાવો તમને સોનું કરી દે. કરી દે શું ઓલું ઘરમાં સોનું રાખ્યું હોય થોડુઘણું હોં! એ આપે એને. એને એમ થાય કે ઓહો..! સાચો લાગે છે આ તો. એમ કરતાં કરતાં ઓલો વધારે આપે તો ઉપાડીને ભાગી જાય. બને છે ને? બાવા ઘણા એવા હોય છે, ઠગ.

મુમુક્ષુ :- હમણાં હમણાં તો બહુ બનાવ બને છે.

ઉત્તર :- બહુ એવું બને છે.

'**ઐસા જાનકર જો કૃતાર્થ પુરુષ હૈં વે અપને પ્રયોજનકે કરનેવાલે હૈં,...**' વ્યાખ્યા કરી. કૃતાર્થની વ્યાખ્યા. '**અપને પ્રયોજનકે કરનેવાલે હૈં...**' પોતાનો પુરુષાર્થ શુદ્ધ આનંદઘન પ્રભુ અથવા જ્ઞાયકભાવ સ્વભાવ, એ તરફનો પુરુષાર્થ તે પ્રયોજન પુરુષાર્થ છે. આહાહા..! રાગના પુરુષાર્થને વીર્યનું કાર્ય જ કહ્યું નથી. આત્માના વીર્યનું વ્યવહારરત્નત્રય એ કાર્ય કહ્યું નથી. આહાહા..! એ તો નપુંસક છે, કહે છે. વ્યવહારરત્નત્રય શુભ ઉપયોગનું કાર્ય નપુંસકનું છે. આત્માના વીર્યનું નહિ. આહાહા..! ભારે લાગે હોં, પંડિતજી! લોકો તોફાન-તોફાન કરે. ઝઘડા કરે. અરે..! નહિ, એમ નહિ. આમ છે. ભલે ભગવાન હો તારે ઘરે. આહાહા..!

અજ્ઞાનને નામે અનાદિથી લુંટાણો છે. ખોટમાં છે, ખાધમાં છે અને માને છે કે અમે પૈસાવાળા છીએ.

'**અપને પ્રયોજનકે કરનેવાલે હૈં, વે ઈસ શીલગુણકો અંગીકાર કરકે...**' શીલ ગુણકો આવ્યું ત્યાં. પોતાના આત્માના સ્વભાવને સ્વભાવરૂપ શુદ્ધ, એના ગુણ કરી '**આત્માકો કર્મસે ભિન્ન કરતે હૈં, યહ પુરુષાર્થ પુરુષોંકા કાર્ય હૈ.**' લ્યો! એ પુરુષાર્થ પુરુષનું કાર્ય છે. પુરુષ એટલે આત્મા.

आगे जो शीलके द्वारा आत्मा शोभा पाता है उसको दृष्टांत द्वारा दिखाते हैं :–

## ગાથા-૨૮

**उदधी व रदणभरिदो तवविणयंसीलदाणरयणाणं।**
**सोहेंतो य ससीलो णिव्वाणमणुत्तरं पत्तो।।२८।।**

उदधिरिव रत्नभृतः तपोविनयशीलदानरत्नानाम्।
शोभते च सशीलः निर्वाणनुत्तरं प्राप्तः।।२८।।

**તપ-દાન-શીલ-સુવિનય-રત્નસમૂહ સહ, જલધિ સમો,**
**સોહંત જીવ સશીલ પામે શ્રેષ્ઠ શિવપદને અહો. ૨૮.**

**अर्थ :–** जैसे समुद्र रत्नोंसे भरा है तो भी जलसहित शोभा पाता है, वैसे ही यह आत्मा तप विनय शील दान इन रत्नोंमें शीलसहित शोभा पाता है, क्योंकि जो शीलसहित हुआ उसने अनुत्तर अर्थात् जिससे आगे और नहीं है ऐसे निर्वाणपदको प्राप्त किया।

**भावार्थ :–** जैसे समुद्रमें रत्न बहुत हैं तो भी जलहीसे 'समुद्र' नामको प्राप्त करता है, वैसे ही आत्मा अन्य गुणसहित हो तो भी शीलसे ही निर्वाणपदको प्राप्त करता है, ऐसे जानना।।२८।।

## ગાથા-૨૮ ઉપર પ્રવચન

**'આગે જો શીલકે દ્વારા આત્મા શોભા પાતા હૈ ઉસકો દૃષ્ટાંત દ્વારા દિખાતે હૈં :-'**

**उदधी व रदणभरिदो तवविणयंसीलदाणरयणाणं।**
**सोहेंतो य ससीलो णिव्वाणमणुत्तरं पत्तो।।२८।।**

એમાં શીલ તો નાખ્યું છે જરીક. છતાં પાછું ઓલું જુદું પાડ્યું.

'**અર્થ :- જૈસે સમુદ્ર રત્નોંસે ભરા હૈ...**' સ્વયંભૂરમણસમુદ્ર અંદર નીચે રત્ન ભર્યા છે. વેળુને ઠેકાણે રતન છે. '**તો ભી જલસહિત શોભા પાતા હૈ,...**' એકલા પથરાથી શોભે નહિ.

જળ ભર્યું હોય તો દરિયો શોભે. પાણી ભર્યું હોય તો શોભે. '**વૈસે હી યહ આત્મા તપ વિનય શીલ દાન ઈન રત્નોમેં શીલસહિત શોભા પાતા હૈ,...**' બધા સ્વભાવ સન્મુખની દૃષ્ટિ અને સ્થિરતા હોય તો શોભે. એ જળ છે. આહાહા..! તપ, વિનય આદિ ગમે તે ક્રિયા હો પણ એ રતનમાં શીલ, સ્વભાવ સન્મુખની દૃષ્ટિ અને રમણતા એ શીલ, એ હોય તો તે શોભે છે.

'**ક્યોંકિ જો શીલસહિત હુઆ ઉસને અનુત્તર...**' કહીએ. જે આત્માના રાગરહિત સ્વભાવસન્મુખ થઈને શીલ પ્રગટ કર્યું, સ્વભાવ પ્રગટ કર્યો, સમ્યગ્દર્શન કર્યું, અનંતાનુબંધીનો અભાવ પ્રગટ કર્યો એ જીવ આગળ વધીને '**અનુત્તર અર્થાત્ જિસસે આગે ઔર નહીં હૈ ઐસે નિર્વાણપદકો પ્રાપ્ત કિયા.**' મોક્ષને એ પામે. આવો શીલ છે. શીલ સ્વભાવ, ચૈતન્યનો નિર્દોષ વિકારરહિત વીતરાગી સ્વભાવ, એને પ્રગટ કરવો એનું નામ શીલ કહેવામાં આવે છે. ભારે ભાઈ!

'**ભાવાર્થ :- જૈસે સમુદ્રમેં રત્ન બહુત હૈં તો ભી જલહીસે સમુદ્ર નામકો પ્રાપ્ત કરતા હૈ,...**' કહો, સમજાણું? કહે છે કે બહારની પ્રવૃત્તિની ક્રિયાના ઘણા પ્રકાર હોય ભલે. પણ સ્વભાવ સન્મુખનું શીલ હોય તો તે વ્યવહારને વ્યવહાર કહેવામાં આવે. નહિતર કાંઈ શોભા વ્યવહારની છે નહિ. '**જલહીસે સમુદ્ર નામકો પ્રાપ્ત કરતા હૈ, વૈસે હી આત્મા અન્ય ગુણસહિત હો તો ભી શીલસે હી નિર્વાણપદકો પ્રાપ્ત કરતા હૈ,...**' આત્માનો શુદ્ધ આનંદસ્વભાવ જ્ઞાન ચૈતન્ય નૂર, એનો સ્વભાવ શુદ્ધ, એનાથી તે નિર્વાણને પામે છે. શુભરાગથી નિર્વાણ નહિ પણ બંધન છે. અને શુદ્ધ સ્વભાવથી આત્માના પવિત્ર સ્વભાવના આશ્રયથી (મુક્તિ છે). રાગમાં તો જોડાણ થઈ ગયું કર્મના નિમિત્તનું. વ્યભિચારી ભાવ થઈ ગયો. અને રાગરહિત સ્વભાવભાવે અવ્યભિચારી શીલ થયું. એ શીલ થયું. ભારે વ્યાખ્યા! આહાહા..!

કેટલાક કહે, પણ આ બધું જ્યાં હોય ત્યાં નિશ્ચય.. નિશ્ચય.. એમ કહે છે. પણ ભાઈ! નિશ્ચય એટલે સાચું છે, ભાઈ! વ્યવહાર તો એક આરોપિત કથનવાળા કથનો આવે, એમાં ભરમાઈ જાઈશ તો મુંઝાઈ જાઈશ. આત્મા હાથ નહિ આવે. આહાહા..! કહો, સમજાણું? રાગમાં આત્મા નથી. આત્મા તો રાગરહિત સ્વભાવમાં છે. એ સ્વભાવની દૃષ્ટિવંત શીલથી નિર્વાણને પ્રાપ્ત કરે. '**ઐસા જાનના.**' લ્યો! એમ જાણવું. છે ને? '**णिव्वाणमणुत्तरं पत्तो सोहेंतो य ससीलो**' એમ. શીલ તો ઓલામાં પણ નાખ્યું હતું પાંચમામાં. તપ, વિનય, શીલ, દાન. પણ એ બધામાં પણ શીલ મુખ્ય. સમજાણું કાંઈ? ત્યારે એને તપાદિ કહેવાય ને. નહિતર શેના તપાદિ હતા?

કહે છે, પૂર્ણ બ્રહ્મ પ્રભુ આત્મા, એવો ચૈતન્ય રત્નાકર એનો સ્વભાવ જેણે પ્રગટ કર્યો છે, એ સ્વભાવવાળો નિર્વાણને પામે છે. એ સ્વભાવ વિના ગમે તેટલી વ્રત, તપ આદિની ક્રિયા હોય રાગની, એનાથી ધર્મ થતો નથી અને મુક્તિ પામતા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

आगे जो शीलवान पुरुष हैं वे ही मोक्षको प्राप्त करते हैं यह प्रसिद्ध करके दिखाते हैं :-

## ગાથા-૨૯

सुणहाण गद्दहाण य गोवसुमहिलाण दीसदे मोक्खो।
जे सोधंति चउत्थं पिच्छिज्जंता जणेहि सव्वेहिं।।२९।।

शुनां गर्दभानां च गोपशुमहिलानां दृश्यते मोक्षः।
ये शोधयंति चतुर्थं दृश्यतां जनैः सर्वैः।।२९।।

દેખાય છે શું મોક્ષ સ્ત્રી-પશુ-ગાય-ગદર્ભ-શ્વાનનો,
જે તુર્યને સાધે, લહે છે મોક્ષ;-દેખો સૌ જનો. ૨૯.

अर्थ :- आचार्य कहते हैं कि-यह सब लोग देखो-श्वान, गर्दभ इनमें और गौ आदि पशु तथा स्त्री इनमें किसीको मोक्ष होना दिखता है क्या? वह तो दिखता नहीं है। मोक्ष तो चौथा पुरुषार्थ है, इसलिये जो चतुर्थ पुरुषार्थको शोधते हैं उन्हींके मोक्षका होना देखा जाता है।

भावार्थ :- धर्म अर्थ काम मोक्ष ये चार पुरुषके ही प्रयोजन कहे हैं यह प्रसिद्ध है, इसीसे इनका नाम पुरुषार्थ है ऐसा प्रसिद्ध है। इनमें चौथा पुरुषार्थ मोक्ष है, उसको पुरुष ही शोधते हैं और पुरुष ही उसको हेरते हैं-उसकी सिद्धि करते हैं, अन्य श्वान गर्दभ बैल पशु स्त्री इनके मोक्षका शोधना प्रसिद्ध नहीं है, जो हो तो मोक्षका पुरुषार्थ ऐसा नाम क्यों हो? यहाँ आशय ऐसा है कि मोक्ष शीलसे होता है, जो श्वान गर्दभ आदिक हैं वे तो अज्ञानी हैं, कुशील हैं, उनका स्वभाव-प्रकृति ही ऐसी है कि पलटकर मोक्ष होने योग्य तथा उसके शोधने योग्य नहीं है, इसलिये पुरुषको मोक्षका साधन शीलको जानकर अंगीकार करना, सम्यग्दर्शनादिक है वह तो शील ही के परिवार पहिले कहे ही हैं इस प्रकार जानना चाहिये।।२९।।

## ગાથા-૨૯ ઉપર પ્રવચન

**'આગે જો શીલવાન પુરુષ હૈં વે હી મોક્ષકો પ્રાપ્ત કરતે હૈં...'** શીલવાનની વ્યાખ્યા લોકો એટલી જ કરે કે આ બ્રહ્મચર્ય પાળે, સ્ત્રી છોડી દીધી અને બાળબ્રહ્મચારી થયા શીલવાન. એ વ્યાખ્યા નથી.

મુમુક્ષુ :- એ સંકુચિત વ્યાખ્યા છે.

ઉત્તર :- એ પણ સંકુચિત વ્યાખ્યા છે, યથાર્થ નહિ. શરીરનું બ્રહ્મચર્ય આદિ એ તો એક વિકલ્પ છે, એ તો શુભરાગ છે. 'પ્રકાશદાસજી'! ભારે આવું આકરું કામ. એવી વાત છે.

પ્રભુ! આનંદસ્વભાવ જેનો અને જ્ઞાનસ્વભાવ જેનો, એ સ્વભાવ છોડીને કોઈ વિકલ્પ સાથે વ્યભિચાર એકત્વ કરે એ કુશીલ અને વ્યભિચાર છે. અને એ આત્મા પોતાના શુદ્ધ જ્ઞાન

અને આનંદ સ્વભાવમાં સન્મુખ થઈને દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતા કરે એ સુશીલ છે, એ બ્રહ્મચર્ય છે. એને સુશીલ કહેવામાં આવે છે. સમકિતી સુશીલ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? હજી આગળ આવશે ને? નથી આવ્યું, નહિ? આગળ આવશે. ૩૨માં. ૩૨ ગાથામાં. ભગવાને કહ્યું છે.

નારકી જીવ પણ શીલવાન છે તો મરીને નીકળીને તીર્થંકર થાય, લ્યો! શીલવાન છે નારકીજીવ. આમ તો નપુંસક છે. શરીરમાં. અંદરમાં આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ જેનો એણે અંતરથી પત્તો મેળવ્યો છે અને એના શીલમાં રહે છે ઈ. આત્માનો શીલ શુદ્ધ સ્વભાવમાં રહેલાં છે. ખરેખર નારકી રાગ અને એના નરકના ક્ષેત્રમાં નિશ્ચયથી રહ્યા જ નથી. એય..! કહો, સમજાય છે કે નહિ? 'પ્રેમચંદભાઈ'ના દીકરા? માસ્તર છો ને? 'સિહોર' પાસે?

મુમુક્ષુ :- દેવગણા.

ઉત્તર :- 'દેવગણા'. આ બધું સમજવા જેવું, હોં! એ તમારા ભણતર-ફણતર નહિ. આહાહા..!

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવના આ કહેણ આવ્યા છે. સારા ઘરની કન્યાનું કહેણ આવે તો આખું ઘર ખુશ થાય ને? કે કરોડપતિનું કહેણ છે. લ્યો! કાંઈક લાવશે જો કન્યા આવશે તો દસ લાખ. કારણ કે એને કોઈ દીકરો નથી, કોઈ ફલાણું નથી. એમ કરીને ખુશી થાય.

મુમુક્ષુ :- નજર પૈસા ઉપર.

ઉત્તર :- ત્યાં નજર જાય એની. ગલગલિયા થાય એને. કહેણ તો પાકા છે, હવે આપણે કોને પસંદ કરવા? કન્યા ભલે સાધારણ હોય પણ પાંચ કરોડની માલદારની કન્યા છે અને એને દીકરો નથી પાછળ. કદાચિત અત્યારે દસ-વીસ લાખ આપે અને પાછળથી આનો વારસો મળી જશે આપણને. કહેણ આવે ત્યાં ખુશી થાય. આ ભગવાનના કહેણ આવ્યા છે. આહાહા..! ભાઈ! તારે ઘરે આત્મા છે ને? એ આનંદની મૂર્તિ છે. એની સાથે સગપણ કર એની સાથે. તો તારા લગન સિદ્ધપદને પ્રાપ્તિ થશે. એમાં ખુશી થા એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે અહીંયાં જરી પુરુષને મોક્ષ હોય છે, સ્ત્રીને મોક્ષ હોતો નથી એ સિદ્ધ કરે છે. **'આગે જો શીલવાન પુરુષ હૈં વે હી મોક્ષકો પ્રાપ્ત કરતે હૈં યહ પ્રસિદ્ધ કરકે દિખાતે હૈં :-'**

**सुणहाण गद्दहाण य गोवसुमहिलाण दीसदे मोक्खो।**
**जे सोधंति चउत्थं पिच्छिज्जंता जणेहि सव्वेहिं।।२९।।**

**'અર્થ :- આચાર્ય...'** 'કુંદકુંદાચાર્ય' મહારાજ.. આહાહા..! જોખો બધા જીવને. **'सव्वेहिं' 'યહ સબ લોગ દેખો...'** સર્વજન દેખો. એમ કહે છે. બધા જનને દેખો તમે. આ કૂતરાને કોઈ દિ' મોક્ષ હોય? શ્વાનને. ગધેડાને હોય? **'ઈનમેં ઔર ગૌ...'** ગાય. એને મોક્ષ હોય? પશુને હોય? **'સ્ત્રી ઈનમેં કિસીકો મોક્ષ હોના દિખતા હૈ ક્યા?'** એમ કહે છે લ્યો! જે સ્ત્રીનું શરીર છે એને પણ મોક્ષ ન હોય, એમ કહે છે. લ્યો! ઓલામાં તો કહે છે કે સ્ત્રી મોક્ષ

પધાર્યા. મલ્લિનાથ સ્ત્રી હતા, ચંદનબાળા સ્ત્રી, મરુદેવી સ્ત્રી મોક્ષ પધાર્યા. લ્યો!

મુમુક્ષુ :- ભગવાનની માતા તો મોક્ષ જાય ને.

ઉત્તર :- ભગવાનની માતા ક્યાં હતી.

મુમુક્ષુ :- કોઈ નામ ન લે.

ઉત્તર :- નામ લે એમાં શુભરાગ છે. આહાહા..!

કહે છે કે એલા..! ક્યાંય તમે આમાં મોક્ષ જોખ્યો? એમ ભાષા કરે છે જુઓ તો ખરા! ગધેડામાં, પશુમાં, શ્વાનમાં, ગાયમાં અને સ્ત્રીમાં '**ઇનમેં કિસીકો મોક્ષ હોના દિખતા હૈ ક્યા?**' સનાતન વીતરાગ માર્ગનું વર્ણન છે આ. સમજાણું કાંઈ? શ્વેતાંબર પછી નીકળ્યા. ભગવાન પછી છસ્સો વર્ષે. સ્થાનકવાસી તો હમણાં નીકળ્યા પાંચસો વર્ષ થયા. વીતરાગ માર્ગમાં એમ કહે છે, પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર, એલા..! ક્યાંય સ્ત્રીને મોક્ષ દીઠો? સ્ત્રીને મોક્ષ હોય નહિ. એય..! તો શું અત્યાર સુધી સાંભળ્યું હતું આ બધું? ચંદનબાળા, મરુદેવી હાથીને હોદે મોક્ષ પામ્યા. નથી આવતું? હાથીને હોદે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો વળી તીર્થંકર હતા. એને મોક્ષ. ભગવાનની વાણી નહિ, ભાઈ! એ તો પોતાની સ્વચ્છંદની વાણી છે. ભગવાનની વાણી તો આ છે. આહાહા..! ક્યાંથી લાવે? વાડામાં એવા બંધાયેલા હોય ને. એને સૂઝ ન પડે બીજી. આચાર્ય પોકાર કરે છે. જેમ ગધેડા અને કૂતરાને મુક્તિ નહિ, એમ સ્ત્રીને મુક્તિ ન હોય. સાધુપણું ન હોય સ્ત્રીને. જેને સ્ત્રીનો દેહ હોય એને સાધુપદ આવે નહિ ત્રણકાળમાં. અને એ સ્ત્રીને સાધુ માને, સાધ્વી માને, મિથ્યાદૃષ્ટિ પોતે છે અને માનનારા પણ મિથ્યાદૃષ્ટિ છે. જૈનની શ્રદ્ધા એને નથી. આહાહા..! ક્યાં ગયા 'જયંતિભાઈ' નથી આવ્યા? 'જયંતિલાલ હરિચંદ' ક્યાં છે? નથી આવ્યા 'જયંતિભાઈ'? કેમ?

મુમુક્ષુ :- તબિયત ઠીક નથી.

ઉત્તર :- તબિયત ઠીક નહિ હોય. કહો, સમજાણું કાંઈ?

આ ભારે વાડાની રીત આકરી પડે. નવા માણસોને. માર્ગ તો આ છે, ભગવાન! પક્ષનો માર્ગ નથી, પંથનો માર્ગ છે. આહાહા..! પુરુષ હોય દેહે એની મુક્તિ થાય. પુરુષને લઈને નહિ. એ પુરુષ પુરુષાર્થ મોક્ષનો કરે એને મોક્ષ થાય. સ્ત્રીને મુક્તિ ન થાય. સ્ત્રી પુરુષાર્થ મોક્ષનો પુરુષાર્થ શોધી શકતી જ નથી. કરી શકતી જ નથી એમ કહે છે. અહીં એવી વાતું લડાવી દીધી. મરુદેવીને મોક્ષ થઈ ગયો. હાથીને હોદે બેઠા થઈ ગયો. એટલે એક કાંકરે કેટલા પંખી માર્યા. સ્ત્રીની મુક્તિ, હાથીના હોદે મુક્તિ, લુગડાસહિત મુક્તિ. ભાઈ! વીતરાગના માર્ગથી વિરૂદ્ધ છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એના માર્ગથી વિરૂદ્ધ છે. સમજાણું કાંઈ? 'મોહનભાઈ' નથી આવતા? 'મોહન વાલજી'.

જુઓ! આ 'કુંદકુંદાચાર્ય મહારાજ' તીર્થંકરના કેડાયત. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી' આવે છે ને? મંગલં કુંદકુંદાર્યો. શ્વેતાંબરમાં સ્થૂલીભદ્રાર્યો કહે છે. આખી વાત (ફેરવી નાખી). આહાહા..! શું થાય? વાડા બાંધીને એવા પક્ષ બાંધ્યા પાકા કે એને એમાંથી–

મિથ્યાત્વમાંથી છૂટવું અઘરું પડે. એય..! 'પ્રકાશદાસજી'! એ બહુ ફર્યા છે આ તો હોં! બહુ ફર્યા છે. વાતું કરે. આ સમાજમાં, ફલાણામાં, તેરાપંથીમાં, સ્થાનકવાસીમાં. એક દેરાવાસીમાં નથી ગયા લાગતા.

મુમુક્ષુ :- જવું બાકી છે હવે?

ઉત્તર :- હવે નહિ. ગયા નથી એમ વાત છે. હવે નહિ.

મુમુક્ષુ :- છ મહિના...

ઉત્તર :- હતા. ઠીક. પણ થોડું. આહાહા..!

અહીં તો ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, ભાઈ! '**ઈનમેં કિસીકો મોક્ષ હોના દિખતા હૈ ક્યા? વહ તો દિખતા નહીં હૈ. મોક્ષ તો ચૌથા પુરુષાર્થ હૈ,...**' ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એમ ચાર. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસો, કામ એટલે વિષય, મોક્ષ. એ ચારમાં પ્રધાન તો મોક્ષ છે. એ પુરુષાર્થી જીવને પુરુષાર્થવાળાને મોક્ષ થાય છે. '**મોક્ષ તો ચૌથા પુરુષાર્થ હૈ, ઈસલિયે જો ચતુર્થ પુરુષાર્થકો શોધતે હૈં...**' જે અંદરનો મોક્ષનો અંદર પુરુષાર્થ શોધે છે, હેળે છે, ગોતે છે '**ઉન્હીંકે મોક્ષ હોના દેખા જાતા હૈ.**' એને મોક્ષ થવું દેખાય છે. આ ગધેડા અને સ્ત્રીને મોક્ષ થયો એવું દેખાતું નથી. કારણ કે એ મોક્ષ શોધી શકતો જ નથી. આહાહા..! આમ તો ગધેડા, કૂતરાને પાંચમું ગુણસ્થાન હોય છે એવાને કહે છે, ભાઈ! એવી સ્ત્રી ભેગી નાખી એનું કારણ છે. આહાહા..! ગધેડા, કૂતરા આદિ હોય પાંચમું ગુણસ્થાન પામી શકે. બહારથી અઢી દ્વીપ બહાર ઘણાં પશુઓ છે. આત્મજ્ઞાન, આત્મદર્શન ઉપરાંત શાંતિની વિશેષ ઉગ્રતા. સ્ત્રી પણ પાંચમું ગુણસ્થાન પામી શકે, જો જૈનદર્શનના સાચા પંથમાં હોય તો. ખોટા પંથમાં તો એ સમકિત પણ પામી શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! શું હશે? 'ગુલાબચંદભાઈ'! આ તમારી ભત્રીજી છે ને? 'પોપટભાઈ'ની ભત્રીજી છે. લ્યો, તમારા ભાઈની દીકરી છે, એના ભાઈની દીકરી છે. અરે..! શું કરવું? પસ્તાય છે. લોકો એકદમ ખોટા ઉત્સાહમાં આવી જઈ લુગડા ફેરવે અને સાધુ થઈ જાય. પછી અંદરમાં જોવે ત્યાં ડખાડખી હોય. ઠેકાણું ન હોય, શ્રદ્ધાના ઠેકાણા ન હોય. અહીંની કાંઈક બહાર વાત આવી છે. આહાહા..! કાર્યકર્તા હતા ને? .. હતા ને ધર્મના. એમના મામા 'ધર્મસિંહભાઈ' સંઘના અગ્રેસર હતા. આહાહા..!

આચાર્ય મહારાજ એમ કહે છે, તને ખબર પડતી નથી. કૂતરાને અને સ્ત્રીને મોક્ષ દેખાય છે તને? સે અંતરનો સ્વભાવનો પુરુષાર્થ શોધવાની યોગ્યતા પુરુષને જ હોય છે. એમ કહેવું છે, હોં! મોક્ષ બીજાને હોતો નથી. વિષેશ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૧૯૨, ગાથા-૨૯ થી ૩૧, રવિવાર મહા વદ ૧૧, તા.૨૧-૨-૭૧

‘**ગર્દભ ઈનમેં ઔર ગૌ આદિ પશુ તથા સ્ત્રી ઈનમેં કિસીકો મોક્ષ હોના દિખતા હૈ ક્યા?**’ એને મોક્ષ થતો નથી. સ્ત્રીને મોક્ષ થતો નથી. અહીં દેહની વાત છે, હોં! સ્ત્રીનો દેહ લેવો અહીંયાં. ‘**વહ તો દિખતા નહીં હૈ.**’ કૂતરાને, ગાયને, પશુને, સ્ત્રીને મોક્ષ હોતો નથી. એને મોક્ષ હોતો નથી. એ તો પ્રસિદ્ધ છે એમ કહે છે અહીં. સર્વજન દેખો. ‘**મોક્ષ તો ચૌથા પુરુષાર્થ હૈ,...**’ ... આવશે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. મોક્ષ તો ચોથો મહાપુરુષાર્થ છે. ‘**ઈસલિયે જો ચતુર્થ પુરુષાર્થકો શોધતે હૈં...**’ અંતરમાં કેવળજ્ઞાન અને પૂર્ણ પ્રાપ્તિને અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર સહિત શોધે છે એને મોક્ષ થાય છે. ‘**ઉન્હીંકે મોક્ષકા હોના દેખા જાતા હૈ.**’ સ્ત્રી આદિને મોક્ષ હોતો નથી. શ્વેતાંબર કહે છે ને? એનો અહીં નિષેધ છે. એ કાલે આવ્યું હતું.

‘**ભાવાર્થ :- ધર્મ અર્થ કામ મોક્ષ યે ચાર પુરુષકે હી પ્રયોજન કહે હૈં...**’ પુરુષના પ્રયોજન ચાર. પુણ્ય, એક લક્ષ્મી અને વિષય અને મોક્ષ-ચાર. ‘**યહ પ્રસિદ્ધ હૈ, ઈસીસે ઈનકા નામ પુરુષાર્થ હૈ ઐસા પ્રસિદ્ધ હૈ. ઈનમેં ચૌથા પુરુષાર્થ મોક્ષ હૈ, ઉસકો પુરુષ હી શોધતે હૈં...**’ પુરુષ શબ્દે આ શરીર લેવું અહીંયાં. પુરુષનો ભેદવાળો અહીં નહિ. એ તો સ્ત્રીવેદનો ઉદય હોય અંદર. સમજાણું કાંઈ? ‘**પુરુષ હી શોધતે હૈં...**’ સંપ્રદાયવાળાને જરી અર્થમાં સરખો ન લાગે. પુરુષાર્થ છે ને? પુરુષાર્થ શબ્દ વીર્ય એ પુરુષાર્થ છે. ચોથો પુરુષ ક્યાંથી કાઢ્યો? પુરુષાર્થમાં પુરુષ, પુરુષ એ આ શરીર છે જેનું એવો જે પુરુષ એ આત્મામાં શોધીને મોક્ષને પ્રાપ્ત કરે છે. જેનું શરીર સ્ત્રીનું, કૂતરાનું કે ગધેડાનું હોય એ અંતર પુરુષાર્થ કરીને મોક્ષ શોધી શકતો નથી. એમ સિદ્ધ કરવું છે અહીં.

‘**પુરુષ હી શોધતે હૈં ઔર પુરુષ હી ઉસકો હેરતે હૈં-...**’ અંતરમાં ચારિત્રસહિત છે ને? તો ચારિત્ર તો પુરુષદેહ હોય એને હોય. પંડિતજી! આહાહા..! ‘**પુરુષ હી ઉસકો હેરતે હૈં-ઉસકી સિદ્ધિ કરતે હૈં,...**’ પુરુષશરીર. એ જીવ અંતરમાં હેરિ-શોધીને મુક્તિની સિદ્ધિ કરે.

મુમુક્ષુ :- હેરિ એટલે શું?

ઉત્તર :- શોધે. ‘**ઉસકો હેરતે હૈં-ઉસકી સિદ્ધિ કરતે હૈં,...**’ પુરુષ હેરિ-ગોતી, અંદર શોધી, અંતર પૂર્ણ સ્વરૂપને શોધીને મુક્તિ કરે.

‘**અન્ય શ્વાન ગર્દભ બૈલ પશુ સ્ત્રી ઈનકે મોક્ષકા શોધના...**’ જુઓ! આવ્યું. હેરિ એટલે શોધવું. ‘**શોધના પ્રસિદ્ધ નહીં હૈ,...**’ એ પ્રસિદ્ધ નથી. અહીં તો શીલનો અધિકાર છે ને? એટલે ચારિત્રનું શીલસહિત હોય. ચારિત્ર તો પુરુષને હોય છે. એમ. સમજાણું કાંઈ? સ્ત્રીને ચારિત્ર હોતું નથી. સમજાણું કાંઈ? ‘**મોક્ષકા પુરુષાર્થ ઐસા નામ ક્યોં હો? યહાં આશય ઐસા હૈ કિ મોક્ષ શીલસે હોતા હૈ,...**’ મોક્ષ છે એ આત્માના વીતરાગી સમ્યગ્દર્શનસહિત ચારિત્રથી હોય છે. ‘**જો શ્વાન ગર્દભ આદિક હૈં વે તો અજ્ઞાની હૈં, કુશીલી હૈં,...**’ મિથ્યાદૃષ્ટિ

છે એની વાત છે. '**ઉનકા સ્વભાવ-પ્રકૃતિ હી ઐસી હૈ...**' એની તો સ્વભાવની પ્રકૃતિ જ એવી છે. '**કિ પલટકર મોક્ષ હોને યોગ્ય તથા ઉસકે શોધને યોગ્ય નહીં હૈ,...**' મોક્ષ થવા યોગ્ય અને એને શોધવા યોગ્ય નથી. અંતરમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એવો પુરુષાર્થ એને હોતો નથી. '**ઇસલિયે પુરુષકો મોક્ષકા સાધન શીલકો જાનકર...**'

મુમુક્ષુ :- અજ્ઞાનીને કુશીલ જ ગણ્યા છે.

ઉત્તર :- એ તો ઓલાની સાથે... અજ્ઞાની તો કુશીલ જ છે ને. પણ કૂતરાને પાંચમું ગુણસ્થાન થઈ શકે છે. પણ અહીં ચારિત્ર નથી એટલું સિદ્ધ કરવું છે. તિર્યંચને પાંચમું ગુણસ્થાન થઈ શકે છે પણ ચારિત્રનો જે પુરુષાર્થ છે એ તો પુરુષને જ હોઈ શકે, બીજાને હોતો નથી. એટલું સાબિત કરવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બીજી અપેક્ષાએ તો કુશીલ વિરૂદ્ધ કીધું.

ઉત્તર :- એ અપેક્ષાએ કુશીલ નથી. અહીં તો સીધા તદ્દન કુશીલ્યાની વાત લઈને વાત મૂકી છે. પાંચમા ગુણસ્થાનવાળો કુશીલ્યો નથી. મિથ્યાદૃષ્ટિ જ કુશીલ્યો છે. જેને આત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્ય સાથે રાગના વિકલ્પની એક્તા છે એ જ કુશીલ્યો છે. સમજાણું કાંઈ? હવે અહીંયાં એના અર્થમાં સાધારણ અર્થ કરી નાખ્યો. ગર્દભ અને કુશીલ. અજ્ઞાની હોય એ કુશીલ્યા છે એમ કરીને ત્યાં નિષેધ કર્યો.

'**પુરુષકો મોક્ષકા સાધન શીલકો જાનકર અંગીકાર કરના,...**' અહીંયાં પુરુષદેહની વાત છે. એટલે જરી આમાં ચર્ચા કરવા માગે તો થઈ શકે થોડી. સામાવાળા કહે, પણ આમાં પુરુષપણું વળી દેહનું ક્યાં નાખ્યું? પણ અહીં જરૂર છે. અહીંયાં એ મોક્ષનું કારણ એવું જે શીલ, મોક્ષનું કારણ એવું જે શીલ એ તો પુરુષદેહવાળો હોય એને જ હોઈ શકે. સ્ત્રીદેહવાળાને એ હોઈ શકતું નથી. સ્ત્રીનો દેહ હોઈ એને તો મુનિપણું હોઈ શકતું નથી. બહુ તો સાચા પંથમાં હોય તો પંચમ ગુણસ્થાન હોઈ શકે. છઠ્ઠું હોઈ શકે નહિ. તો કેવળ તો હોઈ શકે નહિ. જુઓ! કહે છે.

'**સમ્યગ્દર્શનાદિક હૈ વહ તો શીલ હી કે પરિવાર પહિલે કહે હી હૈં...**' આત્માનો અનુભવ, એમાં પ્રતીતિ અને સ્વરૂપમાં રમણતા એ બધો શીલનો પરિવાર છે. શીલની સમૃદ્ધિ, શીલની ઋદ્ધિ છે. આહાહા..! ભગવાનઆત્મા પોતાનો નિર્મળ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, પુણ્ય અને પાપના રાગ વિનાનો સ્વભાવ, એ સ્વભાવની દૃષ્ટિ, અનુભવ અને સ્થિરતા એને અહીંયાં શીલ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ ચાહે તો પંચમહાવ્રત પાળતો હોય, અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, શરીરથી બ્રહ્મચર્ય જાવજીવનું પાળતો હોય તોપણ તેને કુશીલ્યો કહેવાય છે. કેમકે જે આત્માનો બ્રહ્મ આનંદ સ્વભાવ શીલ એનું જેને સેવન નથી, એને તો એ રાગનું સેવન છે. શુભરાગ હોય એનું સેવન છે એ પણ કુશીલ છે એમ કહે છે.

'**સમ્યગ્દર્શનાદિક હૈ વહ તો શીલ હી કે પરિવાર પહિલે કહે હી હૈં...**' તો શીલમાં ચારિત્ર આવ્યું એમાં. અને ચારિત્ર તો પુરુષને જ હોય છે. સ્ત્રીને કે ગાય, ભેંસ આદિને ચારિત્ર હોતું નથી. હોવું જોઈએ ને એમ હોય? .. એટલે? એની દૃષ્ટિમાં તો આવવું જોઈએ ને કે પુરુષનો

દેહ હોય એને જ મોક્ષનો પુરુષાર્થ હોઈ શકે છે. એવું એની શ્રદ્ધામાં તો આવવું જોઈએ ને? સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! લ્યો, આવું છે. આ તો શીલપાહુડની રચના વર્તમાન પંચમકાળ માટે કરી છે ને. તો પંચમકાળના પ્રાણીઓ વિરૂદ્ધ માની લે કે સ્ત્રીનો દેહ હોય ને સાધુ થઈ જાય, સાધુ થાય એટલે મોક્ષ (થઈ જાય)..

મુમુક્ષુ :- .. થાય તો ભલે થાય.

ઉત્તર :- ન જ થાય. થાય ક્યાંથી? સાધુ થાય નહિ પછી મોક્ષ ક્યાંથી થાય? એમ અહીં કહેવું છે. ચારિત્ર જ જ્યાં થાય નહિ સ્ત્રીનો દેહ હોય તો. તો એને વળી મુક્તિ કેમ થાય? એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપણે એવા ઝઘડામાં શું કરવા પડવું.

ઉત્તર :- ઝઘડાની ક્યાં વાત છે? વસ્તુની સ્થિતિ છે એ. '..ભાઈ'! આવા ઝઘડામાં શું કરવા પડવું? એમ કહે છે, જુઓ.

મુમુક્ષુ :- યશોવિજયજી એમ કહે છે. ઓલા કાળે ક્યાં થાય છે?

ઉત્તર :- આ કાળે ચારિત્ર થાય છે કે નહિ? ચારિત્ર એ મોક્ષનું કારણ છે. ચારિત્ર થાય છે કે નહિ? અને ચારિત્ર મોક્ષનું કારણ છે. ચારિત્ર સ્ત્રીને હોતું નથી એમ સિદ્ધ કરવું છે. માટે એનો મોક્ષ છે નહિ, એવું છે.

---

**आगे कहते हैं कि शीलके बिना ज्ञान ही से मोक्ष नहीं है, इसका उदाहरण कहते हैं :–**

## ગાથા-૩૦

**जइ विसयलोलएहिं णाणीहि हविज्ज साहिदो मोक्खो।**
**तो सो सच्चइपुत्तो दसपुव्वीओ वि किं गदो णरयं।।३०।।**

**यदि विषयलोलैः ज्ञानिभिः भवेत् साधितः मोक्षः।**
**तर्हि सः सात्यकिपुत्रः दशपूर्विकः कि गतः नरकं।।३०।।**

**જો મોક્ષ સાધિત હોત વિષયવિલુબ્ધ જ્ઞાનધરો વડે,**
**દશપૂર્વધર પણ સાત્યકિસુત કેમ પામત નરકને? ૩૦.**

**अर्थ :– जो विषयोंमें लोल अर्थात् लोलुप–आसक्त और ज्ञानसहित ऐसे ज्ञानियोंने मोक्ष साधा हो तो दश पूर्वको जाननेवाला रुद्र नरकको क्यों गया ?**

**भावार्थ :– शुष्क कोरे ज्ञान ही से मोक्ष किसीने साधा कहें तो दश पूर्वका पाठी रुद्र नरक क्यों गया ? इसलिये शीलके बिना केवल ज्ञान ही से मोक्ष नहीं है रुद्र कुशील सेवन करनेवाला हुआ, मुनिपदसे भ्रष्ट होकर कुशील सेवन किया इसलिये नरकमें गया, यह कथा पुराणोंमें प्रसिद्ध है।।३०।।**

## ગાથા-૩૦ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ શીલકે બિના જ્ઞાન હી સે મોક્ષ નહીં હૈ, ઈસકા ઉદાહરણ કહતે હૈં :-**' જુઓ! હવે એમાં સિદ્ધાંત સમ્યગ્દર્શનનો આપે છે. આ તો કાલે અર્થ .. ભાવાર્થ થોડો (લીધો).

મુમુક્ષુ :- ભાવાર્થ નહોતો ચાલ્યો.

ઉત્તર :- નહોતો ચાલ્યો.

**जइ विसयलोलएहिं णाणीहि हविज्ज साहिदो मोक्खो।**

**तो सो सच्चइपुत्तो दसपुव्वीओ वि किं गदो णरयं।।३०।।**

'**અર્થ :- જો વિષયોંમેં લોલ અર્થાત્ લોલુપ-આસક્ત...**' આસક્તિનો અર્થદષ્ટિ. આસક્તિ સમકિતીને હોય એ આસક્તિ અહીં નહિ. રાગનો રંગ જેને છે. રાગનો જેને રસ ચડ્યો છે. એ વિષયનો લોલુપી છે એમ સિદ્ધ કરવું છે. જ્ઞાનીને રાગ હોય છે પણ રાગનો રાગ હોતો નથી. એમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. એટલે સમ્યગ્દષ્ટિ સુશીલ છે. અને બહારથી પંચમહાવ્રત પાળનારો અંદરમાં રાગની એક્તા કરનારો એને કુશીલ્યો કહ્યો છે. કુશીલ છે એ. જેવો એનો પવિત્ર સ્વભાવ ભગવાનઆત્માનો છે જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા એવા સ્વભાવની એક્તા એ સુશીલ છે. એ સ્વભાવની સાથે નાનામાં નાના રાગના કણની એક્તા એ કુશીલ છે. સમજાણું કાંઈ?

'**જો વિષયોંમેં લોલ અર્થાત્ લોલુપ-આસક્ત ઔર જ્ઞાનસહિત...**' જાણપણું હોય, નવ પૂર્વનો ક્ષયોપશમ હોય પણ એ ક્ષયોપશમ જ્ઞાનની એક્તાવાળું નથી, રાગની એક્તાવાળું (છે) માટે એ જ્ઞાનથી મોક્ષ હોતો નથી. સમજાણું કાંઈ? '**વિષયોંમેં લોલ અર્થાત્ લોલુપ-આસક્ત ઔર જ્ઞાનસહિત ઐસે જ્ઞાનિયોંને મોક્ષ સાધા હો તો દશ પૂર્વકો જાનનેવાલા રુદ્ર નરકકો ક્યોં ગયા?**' દસ પૂર્વનું જ્ઞાન. ભલે થોડું ઊણું હોય, દસ પૂર્વમાં. છતાં જ્ઞાનનો એટલો તો વિકાસ. દસ પૂર્વની અંદરનો જેટલો. પણ શીલ નહિ, એ રાગની સાથે એક્તાવાળું જ્ઞાન હતું. પરવિષય જે વસ્તુ છે રાગ, જેની સાથે એક્તાવાળું જ્ઞાન, માટે તે જ્ઞાન જ્ઞાન કહેવામાં આવતું નથી. સમજાણું કાંઈ? ભારે માર્ગ વીતરાગનો.

'**જ્ઞાનિયોંને મોક્ષ સાધા હો...**' એટલે શું? એકલું જાણપણું આવ્યું તો જાણપણું જ્ઞેયને બતાવે છે એટલું. અંતરમાં સ્વભાવ સન્મુખનો આશ્રય થઈને સ્વવિષય બનાવ્યો નથી એ જ્ઞાન અજ્ઞાન છે. રાગને વિષય બનાવેલું જ્ઞાન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં કાંઈ દેખાણું નહિ.

ઉત્તર :- એ લખ્યું છે ને શું આ લખ્યું? અર્થ. આવશે ઓલામાં. મિથ્યાત્વ કષાય. ૩૧ ગાથામાં આવશે. '**મિથ્યાત્વ કષાયકા મિટના હી શીલ હૈ.**' સમજાણું કાંઈ? વસ્તુ અહીં નરકમાં શીલ સિદ્ધ કરવું છે અહીં તો. એ પછી આવશે ૩૨માં. નરકગતિમાં સમકિતી

શીલવાન છે. અને મહાવ્રતધારી સાધુ રાગની એક્તાવાળો કુશીલ્યો છે. એય..! 'પ્રકાશદાસજી'! ભારે વાતું. માર્ગ તો એવો છે એમ છે. કોઈ માટે કાંઈ બીજો થઈ જાય?

કહે છે, દસ પૂર્વનો જાણવાવાળો હોય. ક્ષયોપશમ તે દરિયો. પણ જ્યાં સ્વરૂપના અનુભવની દૃષ્ટિ નથી અને રાગની એક્તાના અનુભવની દૃષ્ટિ છે તો એ વિના પણ એની મુક્તિ થતી નથી. આહાહા..! 'ચંદુભાઈ'! ઈ અહીં લેવું છે, હોં! પરલક્ષીજ્ઞાન દસ પૂર્વનું થઈ ગયું પણ છતાં રાગનો વિકલ્પ સૂક્ષ્મ છે એની સાથે એક્તાનું કુશીલપણું એણે છોડ્યું નથી. તેથી એવા જ્ઞાનીનો પણ મોક્ષ થતો નથી. એટલે એને સમકિત થતું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? જેમ કષાયની મંદતા ઉગ્ર હો તોપણ તેની એક્તાબુદ્ધિવાળાને સમ્યગ્દર્શન નથી એટલે કુશીલ્યો છે, એમ જ્ઞાનની દસ પૂર્વની ઋદ્ધિ પ્રગટી હોય પણ જેને અંતર રાગની એક્તા છે અથવા એ પરલક્ષી જ્ઞાન એ મારું જ્ઞાન છે એવી એક્તાબુદ્ધિ છે. આહાહા..! સમજાણું કાંઈ? પરલક્ષીજ્ઞાન એ કુશીલ છે. આહાહા..! ચૈતન્યભગવાન શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ, એની અંતરમાં દૃષ્ટિ થઈને જે જ્ઞાન થાય તે જ્ઞાનને સુશીલજ્ઞાન અને મોક્ષનું કારણ કહે છે. જાણપણું ઘણું માટે મોક્ષના માર્ગે છે એમ નથી, એમ સિદ્ધ કરવું છે અહીં. સમજાણું કાંઈ?

જેમ કષાયની મંદતા ઘણી હોય તો એ મોક્ષને માર્ગે છે એમ નથી. એમ અહીંયાં જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય પણ અંતરમાં ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો રસ પ્રભુ એની સન્મુખતા થઈ નથી, સ્વભાવની વિમુખતા થઈને એવા દસ પૂર્વના જ્ઞાનની ભૂમિકામાં રાગની એક્તા પડી છે માટે તે મુક્તિનું કારણ નથી. એ કુશીલજ્ઞાન છે. આહાહા..! ભારે વાત, ભાઈ! 'કુંદકુંદાચાર્ય'ની શૈલી તો ઠેઠને અડે એવી છે. આહાહા..! જેમ એકલી શુષ્કક્રિયાવાળો મુક્તિનો અધિકારી નથી, એમ એકલો શુષ્કજ્ઞાની પણ મોક્ષનો અધિકારી નથી. એમ સિદ્ધ કરવું છે. અહો..! અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ એવા આનંદનો સ્વભાવ જેને સન્મુખ થઈને પ્રગટ્યો નથી, એને આ નવ પૂર્વનું જ્ઞાન પણ કુશીલ અને અજ્ઞાન કહેવામાં આવે છે. કહો, પંડિતજી! ભારે વાત, ભાઈ!

'**કોરે જ્ઞાન હી સે મોક્ષ કિસીને સાધા કહેં તો દશ પૂર્વકા પાઠી રુદ્ર નરક ક્યોં ગયા**?' લ્યો ઠીક! કોરું જ્ઞાન એટલે? જેમાં સમ્યગ્દર્શન ભળ્યું નથી, જેમાં સ્વદ્રવ્યનો આશ્રય લીધો નથી. આહાહા..! '**કોરે જ્ઞાન હી સે મોક્ષ કિસીને સાધા કહેં...**' આ હોય છે ને બહારની ચર્ચા, વાર્તા મોટી હોંશિયાર જાણે... ઓહોહો..! એ જાણે જ્ઞાન છે અને એ મોક્ષનો માર્ગ છે. એમ નથી. સમજાય છે કાંઈ? એવો જ્ઞાનનો ઉઘાડ તો અનંતવાર થયો છે. નવમી ગ્રૈવેયકે ગયો, નવ પૂર્વનું જ્ઞાન અનંતવાર થયું પણ એ તો કુશીલજ્ઞાન છે. જે જ્ઞાન સ્વને સ્પર્શ્યું નથી, ચૈતન્ય ભગવાન આનંદકંદ પ્રભુ એનું જેણે જ્ઞાનનો વિષય બનાવીને સ્પર્શ્યું નથી એ જ્ઞાન કુશીલ છે. એવા જ્ઞાનથી જો મુક્તિ થાય તો તો આ રુદ્ર નરકમાં કેમ ગયો? '**દસ પૂર્વકા પાઠી રુદ્ર નર્ક ક્યોં ગયા**?' દૃષ્ટિમાં મિથ્યાત્વ હતું. આહાહા..! વિષય એટલે રાગમાં જેનો રસ હતો, મોહરસ પડ્યો હતો રાગમાં. એ ઉઘાડનું જ્ઞાન એને કાંઈક તારવા સમર્થ થયું નહિ.

અંદરમાં સૂક્ષ્મ પણ રાગની મીઠાશ જેને છે. એમ કહે છે મૂળ તો. જ્ઞાનીને રાગ હોય છે પણ એની મીઠાશ નથી. નિરૂપાયે અંદર જોડાઈ જાય છે. સમજાણું કાંઈ? આખું ચાલતું નથી, સ્થિરતા થતી નથી. એથી એવો ભાવ આવી જાય છે. એમાં એક્તાબુદ્ધિ નથી. અંતર નકાર... નકાર... નકાર... સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ! આવા માર્ગ! 'પ્રવિણભાઈ'!

**'કોરે જ્ઞાન હી સે મોક્ષ કિસીને સાધા...'** કોરું જ્ઞાન એટલે? જેણે આત્માના આનંદનો સ્પર્શ કર્યો નથી, સમ્યગ્દર્શન નથી, સ્વનો આશ્રય કર્યો નથી. સમજાણું કાંઈ? એને આવા જ્ઞાનના ઉઘાડમાં તો અભિમાન થઈ જાય. અમે પણ જાણીએ છીએ. એ કુશીલપણું છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ની શૈલી ઠેઠને તોડી નાખે એવી. ઊંધાઈની જરી પણ અવળાઈ હોય તો કહે તારું જ્ઞાન બધું ઊંધું. અંતર દ્રવ્યનો સ્પર્શ કર્યો નથી, દ્રવ્ય તરફ જે જુક્યો નથી, ભલે અલ્પજ્ઞાન હોય પણ દ્રવ્ય તરફનું જુકાવનું જ્ઞાન નથી તો તે જ્ઞાનને અમે જ્ઞાન જ કહેતા નથી. પરદ્રવ્યથી ભિન્ન આવ્યું ને એમાં? આતમરુચિ ભલા હૈ.. પછી?

મુમુક્ષુ :- આપરૂપ કો જાણપણું..

ઉત્તર :- 'આપરૂપકો જાણપણું...' ભાઈ! 'છ ઢાળા'માં આવે છે.

મુમુક્ષુ :- પરદ્રવ્યસે ભિન્ન આત્મરુચિ સમ્યક્ત્વ ભલા હૈ...

ઉત્તર :- એ કહેવું છે. આપરૂપકો જાણપણું જ્ઞાન તે જાણપણું ભલું છે. આહાહા..! .... ભાઈ! માર્ગ કોઈ જુદો છે. એ માર્ગ જેને સાંભળવા પણ મળતો નથી અને ઊંધે રસ્તે ચડી ગયા એને પાછું (ફરવું કઠણ છે). ભાઈએ કહ્યું નહિ કાલે?

મન મૃગલાને પાછા વાળજો રે લાલ..
સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લાલ..
ઝાંઝવાના પાણીમાં ઝાંવા નાખે...

ઝાંઝવાના પાણીમાં. રમેશે ત્યાં... કાગળિયો હમણા લઈ ગયો. ક્યાં ગયો? એ લઈ ગયો ભાઈ હમણા 'અતુલ'. ક્યાંક એના હાથમાં આવ્યું તો કહે હું લઈ જાઉં. ફઈબાને લખવું હશે. છે? નહિ. એ દેશી આપણને આવડે નહિ પણ એણે.. ઓહોહો..! છેલ્લું બોલ્યો હતો. છોકરો છે ને? એ આપણો ભજનવાળો, ભાઈ! ભજનમંડળી નથી? ઘાટકોપર. કમલ-કમલ.

સરોવર કાંઠે મૃગલા તરસ્યા રે લોલ....
દોડે આખી ઝાંઝવાના જળની કાજ
અરે રે સાચા વારી એને ના મળે રે લોલ.

વારી (એટલે) પાણી.

સાચા પાણી રે એને નહિ મળે રે લોલ.
એમ મનના તે મૃગલાને પાછા વાળજો રે લોલ.
મૃગલા મનના મૃગલાને પાછા વાળજો રે લોલ.
દોરી આતમ સરોવર વાટ...

ચૈતન્ય સરોવર આનંદના જ્ઞાનથી ભરેલો ભગવાન, ત્યાં જોડી દેને ભાઈ! એ મનના

મૃગલામાં આ ઉઘાડ થયો અને ત્યાં જોડ્યું છે એ કાંઈ જ્ઞાન નથી એમ કહે છે. અહીં વાંચીને, સાંભળીને બરાબર ગોઠવી દે છે એ. એવો છે હોંશિયાર. આ જ્યારે બોલ્યો પરમ દિ' બપોરે દેરાસરમાં. પરમ દિ' નહિ, પરમ દિ' તો આવ્યો અહીંયાં, ઓલે દિ'. પણ એ તો ગડગડાટ કરે. કંઠની એવી દેશી કોઈ છે.. આપણને તો આવડે નહિ વિશેષ કાંઈ. પણ એ તો છેલ્લો શબ્દ કરીને પાછો આનીકોરના પહેલાની સાથે એવો મેળવે છે આમ કાંઈ. એમ કીધું ને? જુઓને! 'એમ મૃગલા મનના તે મૃગલાને પાછા વાળજો રે લોલ.' આમ બહાર છે એને અંદર લાવને ભાઈ! 'જોડી દો આતમ સરોવર . એને મળશે..' એની સાથે પાછું ગોઠવે છે. 'એને મળશે આતમસુખ અમૂલા રે લોલ.' આ બધું બહેનોએ લખી લેવું. પછી બોલવું સૌએ શીખવું. છે સારું, હોં!

મુમુક્ષુ :- 'આત્મધર્મ'માં છાપી દેવું.

ઉત્તર :- હા.

મિથ્યાત્વ મૂળ અંતરે પડ્યા રે લોલ.
ડાળખા તોડે વૃક્ષ ન સુકાય,
મિથ્યાત્વ મૂળ અંતરે પડ્યા રે લોલ,
ડાળખા તોડે વૃક્ષ ન સુકાય.
તમે લેજો સમ્યક્ કુહાડી હાથમાં રે લોલ. છે ને?
તે માર્ગ જુદા જગતથી સંતના રે લોલ.
એ માર્ગ જુદા જગતથી સંતના રે લોલ.
જગત સાથ મીંઢવણી ન થાય. જગતની સાથે મીંઢવણી ન થાય.

---

**आगे कहते हैं कि यदि इरकमें भी शील हो जाय और विषयोंसे विरक्त हो जाय तो वहाँसे निकलकर तीर्थंकर पदको प्राप्त होता है :–**

## ગાથા-૩૨

**जाए विसयविरत्तो सो गमयदि णरयवेयणा पउरा।**
**ता लेहदि अरुहपय भणियं जिणवड्ढमाणेण।।३२।।**

**यः विषयविरक्तः सः गमयति नरकवेदनाः प्रचुराः।**
**तत् लभते अर्हत्पदं भणितं जिनवर्द्धमानेन।।३२।।**

**વિષયે વિરક્ત કરે સુસહ અતિ-ઉગ્ર નારકવેદના,**
**ને પામતા અર્હંતપદ;-વીરે કહ્યું જિનમાર્ગમાં. ૩૨.**

**अर्थ :–** विषयोंसे विरक्त है सो जीव नरककी बहुत वेदनाको भी गँवाता है–वहाँ भी अति

दु:खी नहीं होता और वहाँसे निकलकर तीर्थंकर होता है ऐसा जिन वर्द्धमान भगवानने कहा है।

**भावार्थ :–** जिनसिद्धांतमें ऐसे कहा है कि–तीसरी पृथ्वीसे निकलकर तीर्थंकर होता है वह यह भी शील ही का माहात्म्य है। वहाँ सम्यक्त्वसहित होकर विषयोंसे विरक्त हुआ भली भावना भावे तब नरक–वेदना भी अल्प हो जाती है और वहाँसे निकलकर अरहंतपद प्राप्त करके मोक्ष पाता है, ऐसा विषयोंसे विरक्तभाव वह शीलका ही माहात्म्य जानो। सिद्धांतमें इस प्रकारका कहा है कि सम्यग्दृष्टिके ज्ञान और वैराग्यकी शक्ति नियमसे होती है, वह वैराग्यशक्ति है वही शीलका एकदेश है इसप्रकार जानना।।३२।।

**પ્રવચન નં. ૧૯૩, ગાથા-૩૨-૩૩, સોમવાર, મહા વદ ૧૨, તા.૨૨-૨-૭૧**

૩૨મી. '**નરકમેં ભી શીલ હો જાય ઔર વિષયોંસે વિરક્ત હો જાય તો વહાંસે નિકલકર તીર્થંકર પદકો પ્રાપ્ત હોતા હૈ :–**' નરકમાં પણ શીલ છે એમ કહે છે.

મુમુક્ષુ :- તીર્થંકર હોય એને ને?

ઉત્તર :- અરે..! બધા જીવને. તીર્થંકર હોય એને હોય. આ તો એમ માહાત્મ્ય બતાવે છે. નરકમાં પણ આત્માનો અનુભવ અને આત્માની અંતર વિષય દૃષ્ટિ કરી છે એને અહીંયાં શીલ કહેવામાં આવે છે. અનંતાનુબંધીનો અભાવ છે ને? સ્વરૂપની દૃષ્ટિ છે પૂર્ણ આનંદ શુદ્ધ અને અનંતાનુબંધીના અભાવનું આચરણ છે. કેટલાક કહે છે ને ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ન હોય. પંડિતજી! અહીં તો કહે છે છે. ચોથા ગુણસ્થાનમાં શીલ છે. જુઓ!

**जाए विसयविरत्तो सो गमयदि णरयवेयणा पउरा।**

**ता लेहदि अरुहपय भणियं जिणवड्ढमाणेण।।३२।।**

'**અર્થ :- વિષયોંસે વિરક્ત હૈ...**' એનો અર્થ શું? વિષય એટલે રાગાદિ પરવસ્તુ, એનાથી દૃષ્ટિ જેણે ફેરવી છે એ વિષયથી વિરક્ત છે. વિષયની આસક્તિ હોય છતાં પણ વિષયથી વિરક્ત જ છે સમકિતી. કેમકે સમ્યગ્દર્શનમાં પૂર્ણ આત્મા શુદ્ધ આનંદ એવી જે દૃષ્ટિ થઈ છે એમાં અનંતાનુબંધીના ક્રોધ, માન-દ્વેષ, માયા, લોભ-રાગ એનો અભાવ થયો છે. એટલું સમ્યગ્દર્શનસહિત નરકમાં પણ એ જાતનું શીલ હોય છે. છે એમાં? સમજાણું કાંઈ? '**વિષયોંસે વિરક્ત હૈ...**' વ્યાખ્યા આ છે વિષયથી વિરક્તનો અર્થ.

મુમુક્ષુ :- નરકમાં કાંઈક ખાવા-પીવાનું, ઉંઘવાનું, બેસવાનું..

ઉત્તર :- એ વિકલ્પ છે ને જે રાગ, એનાથી વિરક્ત છે તે વિષયથી વિરક્ત છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? સ્વવિષયની દૃષ્ટિ જ્યાં થઈ એટલે પરવિકલ્પથી માંડીને આખી દુનિયા, એનાથી ધર્મીની દૃષ્ટિ વિરક્ત છે. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? '**विसयविरत्तो**' પહેલો આ શબ્દ આવી ગયો છે. મુનિને માટે '**विसयविरत्तो**' આવ્યું હતું.

૨૧૬ પાને છે. અહીંયાં નારકી જીવનું આવે છે. શબ્દ તો એના એ છે. ૨૧૬ પાને છે, જુઓ! '**विसयविरत्तो**' ૭૯ ગાથા છે.

**विसयविरत्तो समणो छद्दसवरकारणाइं भाऊण।**
**तित्थयरणामकम्मं बंधइ अइरेण कालेण।।**

જુઓ! ત્યાં એમ કહ્યું. વિષયથી વિરક્ત છે સાધુ. એ સોળ પ્રકારની ભાવનાનો વિકલ્પ હોય છે એનાથી એને તીર્થંકરગોત્ર બંધાઈ જાય છે. જુઓ! એ વિષયથી તો વિરક્ત છે. આહા..! સમજાણું કાંઈ? સમકિતી... આપણે આવ્યું હતું, નહિ? 'સમયસાર'માં. નિશ્ચયમાં લીન છે અને વ્યવહારથી મુક્ત છે. ભારે ભાઈ! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એટલે આખો ચૈતન્યનો મહા પહાડ જેણે ઉપાડ્યો શ્રદ્ધા-જ્ઞાનમાં. અને જેને પર તરફની પુંઠ થઈ ગઈ છે. સ્વ તરફની સન્મુખતામાં વિકલ્પથી માંડીને આખી દુનિયા પ્રત્યેની ઉપેક્ષા ને વિરક્તપણું દૃષ્ટિમાં અને વર્તમાન દશામાં વર્તે છે. ભારે! સમજાણું કાંઈ? લોકોને સમ્યગ્દર્શનની કિંમત નથી. બાહ્ય ત્યાગ કરે એની કિંમત છે, અજ્ઞાનમાં.

કહે છે કે, નરકની અંદર પણ નારકી જીવ, નારકીનો જીવ. ત્રીજી નરક સુધીની અહીં વાત છે. તીર્થંકરગોત્ર થાય છે ને બહાર નીકળે એટલે. આગળમાં તીર્થંકરગોત્ર ન થવાય. પહેલી, બીજી, ત્રીજી, નરકમાં ગયેલો જીવ, પણ જો એ સમ્યગ્દર્શન છે, આત્મા અખંડ આનંદ અભેદ શુદ્ધ એવી દૃષ્ટિ થઈ છે અનુભવમાં અને એને તીવ્ર જે અનંતાનુબંધીનો રાગ અને દ્વેષ એનાથી વિરક્ત છે. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો સમ્યગ્દૃષ્ટિને આખી દુનિયાનો ત્યાગ છે દૃષ્ટિમાં, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વિષયોંસે વિરક્ત હૈ સો જીવ નરકકી બહુત વેદનાકો ભી ગંવાતા હૈ-**' પહેલી, બીજી, ત્રીજી નરક સુધી કોઈ ગયો હોય સમકિત લઈને. પહેલી જાય. પણ પછી જઈને સમકિત પામે ત્યાં. કહે છે કે નરકની તીવ્ર વેદના એને ગુમાવે છે. એટલે કે એને અનંતાનુબંધીનો રાગદ્વેષ નથી. આહાહા..! તીવ્ર વેદના એને થતી નથી. આહાહા..! ખરેખર તો એ મંદ વેદના છે એનાથી વિરક્ત છે. અરે..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્યાં જ્ઞાનમાં જ્ઞેય થયો આત્મા, શ્રદ્ધામાં શ્રદ્ધવાયોગ્ય થઈ ગયો. શ્રદ્ધાને આત્માનો આશ્રય મળ્યો. એ પરનો જે આશ્રય હતો એ છૂટી ગયો. દયા, દાન, વ્રત કે શુભભાવનો જે આશ્રય હતો એ છૂટી ગયો. ત્યારે આત્મા અખંડ અભેદનો આશ્રય થયો ત્યારે તેને સમ્યગ્દર્શનમાં પર તરફની ઉદાસીનતા છે. રાગ અને સર્વ.. થી ખસીને ઉદ આસન છે. એનું આસન લગાવ્યું છે વસ્તુમાં. આહાહા..! સમજાય છે કાંઈ?

'**વિષયોંસે વિરક્ત...**' શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે. ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિએ. પણ એ વિષયથી વિરક્ત છે. ભારે ભાઈ! અહીંયાં સમ્યગ્દૃષ્ટિ હતા અને વિષયથી વિરક્ત નહોતા. એ કયા? આસક્તિના રાગથી વિરક્ત નહોતા. પણ અહીંયાં સમ્યક્ થયું ત્યારથી પૂર્ણાનંદ અનંતગુણનો પિંડ પ્રભુ, અનંત.. અનંત.. અનંત ગુણનો સ્વભાવ શુદ્ધનો

પિંડ, એનો જ્યાં અનુભવ થઈને પ્રતીત થઈ, તો એના સિવાયનો કોઈપણ વિકલ્પ હો, આખી દુનિયા ચૌદ બ્રહ્માંડ, એ બધાથી ધર્મીનો સમકિતીનો જીવ વિરક્ત છે. સમજાય છે કાંઈ? આ ચીજ શું છે એનું લોકોને માહાત્મ્ય નથી. અને બહારથી કહે કે આ છોડ્યું, મૂક્યું, બાયડી છોડી, છોકરા છોડ્યા. એ તો છૂટેલા જ પડ્યા હતા. છોડ્યું છે એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા..!

અંતરમાં ભગવાનઆત્મા જેના ગુણની સંખ્યાનો પાર નથી અને એક એક ગુણના અનંતા સામર્થ્યનો પાર નથી. શું કહ્યું સમજાણું? જેની શક્તિ નામ ગુણ આત્માનો, એની સંખ્યાનો પાર નથી. એવી અનંત શક્તિઓ છે અને એક એક શક્તિનું અપરિમિત બેહદ શક્તિ સામર્થ્ય છે. એવા અનંત સામર્થ્યવાળી શક્તિનો એકરસરૂપ દ્રવ્ય, એની જ્યાં દૃષ્ટિ થઈ, કહે છે કે એને પોતા સિવાય આખી દુનિયા જે છે એનાથી તો સમકિતી વિરક્ત છે. સમજાણું કાંઈ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે ભાઈ! નહિ ઓલું? શ્વેતાંબરની ચર્ચા. એમ કે આ વસ્ત્ર છોડ્યા નથી, તો એમ કે આસક્તિ છૂટી નથી એની એ પ્રકારની. જો આમ તમે કહો કે પરનો ત્યાગ. તો પરનો ત્યાગ સમ્યગ્દૃષ્ટિમાં બધો ત્યાગ થઈ ગયો છે. પણ આસક્તિનો ત્યાગ નથી ત્યાં સુધી એને સાધુપણું નથી એમ સિદ્ધ કરે છે ને. પાંચમાં અધ્યાયમાં સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એણે તો કહ્યું હોય. પણ આણે તો ખુલાસો કરીને કહ્યું છે. મોક્ષમાર્ગ છે. ત્યાં છે પાંચમું. હમણાં યાદ આવી ગયું.

શું કહ્યું? કે મુનિને જો વસ્ત્ર-પાત્ર છૂટે નહિ, તો વસ્ત્ર-પાત્ર પ્રત્યેનો રાગ છૂટ્યો નથી તો એ મુનિ નથી. ત્યારે કહે, એણે તો છોડ્યું છે. શું છોડ્યું છે? પરની મમતા. એમ સામાની દલીલ છે. પર મારા છે એ મમતા તો સમ્યગ્દર્શનમાં જ છૂટી ગઈ છે. રાગ, વસ્ત્ર, સ્ત્રી મારા છે એ તો દૃષ્ટિ સમ્યક્ થઈ ત્યારથી છૂટી ગઈ. એવી મમતા તો સમકિતીને હોય નહિ. પણ જેને આસક્તિની જે મમતા છે એ જ્યાં સુધી ન છૂટે ત્યાં સુધી એને મુનિપણાની પ્રાપ્તિ ન થાય. સમજાણું કાંઈ?

અહીં કહે છે એ આસક્તિના ત્યાગની અહીં વાત નથી. આસક્તિનો આશ્રય અને દૃષ્ટિ છૂટી ગઈ છે. સમજાણું કાંઈ? એક જ પરમાત્મા પોતાનો નિર્મળ પૂર્ણ સ્વભાવ, એનો જ જ્યાં આશ્રય લઈને પરિણમન સમ્યક્‌નું થયું (તો) કહે છે કે, એ જીવ નરકમાં હોય તોપણ એને નરકની તીવ્ર વેદનાનું વેદન નથી. કારણ કે ત્યાં ગુમાવ્યું છે તીવ્ર વેદન. જે ઓલા રાગ અને દ્વેષ તીવ્ર અનંતાનુબંધીના હતા એ તો મિથ્યાત્વની સાથે ગયા છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**વિષયોંસે વિરક્ત હૈ સો જીવ નરકકી બહુત વેદનાકો ભી ગંવાતા હૈ-**' શ્રેણિક રાજા. પહેલી નરકમાં ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ છે એમ કહેવું એ પણ વ્યવહારના વચન છે. એ તો પોતાના જ્ઞાન, આનંદ આદિ દશામાં એ આત્મા છે. રાગમાં અને ક્ષેત્રમાં એમાં છે

નહિ. ભારે કામ ભાઈ! આહાહા..! પણ નિમિત્તપણું ત્યાં છે એ બતાવવા એવી શૈલી હોય છે. ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિએ શ્રેણિકરાજા નરકમાં છે. આહાહા..! એ બધા કથનો સંયોગોમાં, ક્યાં સંયોગ કેટલો છે એ બતાવવા છે. બાકી સમ્યગ્દષ્ટિ તો પરક્ષેત્ર, પરકાળ, પરભાવ, વિકલ્પ આખી દુનિયાથી અંતરદષ્ટિમાં વિરક્ત છે. એમાં પરમાં છે જ નહિ. આહાહા..! પંડિતજી! ભારે વાત, ભાઈ! અજ્ઞાની કોઈપણ વિકલ્પથી અને રાગથી નિવર્ત્યો જ નથી. આખી દુનિયાની પ્રવૃત્તિમાં એ પડ્યો છે. જેને રાગનો રસ અને પ્રેમ છે એ આખી દુનિયાની પ્રવૃત્તિમાં પડ્યો છે. એણે આત્માને છોડી દીધો છે.

મુમુક્ષુ :- જંગલમાં હોય તોપણ?

ઉત્તર :- જંગલમાં નાગો થઈને બેઠો હોય. અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય અને નગ્નમુનિ દિગંબર દ્રવ્યલિંગી હોય જૈનનો, તોપણ આખી દુનિયાને વળગ્યો છે એ. કાંઈ જરીએ ત્યાગ નથી અને વિરક્ત નથી. આરે ભાઈ બહુ.

મુમુક્ષુ :- .. એક્તા.

ઉત્તર :- એક્તા છે ને આ. આમ છે નહિ ને આમ છે.

કહે છે, '**વિષયોંસે વિરક્ત હૈ...**' એ નરકનો જીવ. નારકી વિષયથી વિરક્ત છે. એનો અર્થ શો? એ ભગવાન વર્ધમાન પ્રભુ કહે છે. જુઓ! છે શબ્દ? તેથી તો આ 'કુંદકુંદાચાર્ય'ને શબ્દ ભગવાનનો નાખવો પડ્યો. '**जिणवड्ढमाणेण भणियं**' મહાવીર પરમાત્મા તીર્થંકરદેવે એમ કહ્યું છે કે નરકમાં રહેલો પણ જે આત્મદર્શન છે, આત્મજ્ઞાન છે, આત્મ અનુભવ છે, સમકિત છે તો એ નરકની તીવ્ર વેદનાથી એણે વેદના ગુમાવી છે. અને ત્યાંથી નીકળીને તીર્થંકર થવાના છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જીવ નરકકી બહુત વેદનાકો....**' શબ્દ પડ્યો છે ને? '**पउरा गमयदि णरयवेयणा**' પ્રચુર વેદના ગુમાવે છે. થોડી છે છતાં એનાથી તો દૃષ્ટિથી તો વિરક્ત છે. પણ અસ્તિપણું થોડું ધરાવે છે. સમજાણું કાંઈ? '**વેદનાકો ભી ગંવાતા હૈ-વહાં ભી અતિ દુઃખી નહીં હોતા...**' આહાહા..! સમ્યગ્દર્શન એટલે શું! દુનિયાને કાંઈ એની (કિંમત નથી). બહારમાં આ દેવ-ગુરુ-શાસ્ત્રને માનો, છકાય જીવને માનો, નવ તત્ત્વને માનો, થઈ ગયું સમકિત. હવે લઈ લ્યો વ્રત અને તપ. એ ચારિત્ર.

મુમુક્ષુ :- એવો જ ઉપદેશ છે?

ઉત્તર :- હા, એવો જ ઉપદેશ છે અત્યારે. અત્યારે ચાલે છે ને. આહાહા..! ભાઈ! વર્ધમાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ મહાવીરનો એ ઉપદેશ નહિ.

મહાવીર પરમાત્મા તો એમ કહે છે કે જેને આત્માના સ્વભાવનું અનંત... અનંત... અનંત... બેહદ સ્વભાવ અને બેહદ શક્તિઓનું એકરૂપ એવો પરમાત્મા જેને શ્રદ્ધા-જ્ઞાનમાં લાધ્યો, શ્રદ્ધા-જ્ઞાનમાં જેને આવો પરમાત્મા લાધ્યો, એ પરમાત્માના ભેટાથી, આખી દુનિયાથી જેની એક્તા છૂટી ગઈ છે. 'વજુભાઈ'! આહાહા..! અરે..! વસ્તુના સ્વરૂપની મૂળ

ચીજ ન સમજે અને એને ધર્મ થઈ જાય? એમ ને એમ અનંતકાળથી છેતરાણો છે.

કહે છે કે, **'વહાં ભી અતિ દુઃખી નહીં હોતા ઔર વહાંસે નિકલકર તીર્થંકર હોતા હૈ...'** દેખો! કારણ કે નરકમાં પણ તીવ્ર વેદના તરફનો ભાવ છૂટી ગયો છે અને આત્માના આનંદનું વેદન પ્રગટ્યું છે. આહાહા..! સમ્યગ્દષ્ટિને નરકમાં પણ અનંતગુણનો પિંડ એનો દરેકનો અંશ પ્રગટ વ્યક્ત વેદનમાં આવી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? શક્તિરૂપે તો છે જ ને. એ તો અભવિને પણ છે અને મિથ્યાદષ્ટિને છે. આહાહા..! પણ ઈ વસ્તુ જે છે એની દૃષ્ટિને અંતર્મુખ થતાં એ જેટલા ગુણોની સંખ્યા છે એનો પ્રગટ અંશ વેદનમાં આવી જાય છે.

તેથી 'શ્રીમદ્‌' કહ્યું ને? 'સર્વ ગુણાંશ તે સમકિત.' પણ એની વ્યાખ્યા સમજે નહિ. 'સર્વ ગુણાંશ તે સમકિત.' આહાહા..! તો સર્વ ગુણાંશમાં ચારિત્રગુણ એમાં ન આવ્યો ભાઈ? એય..! સમ્યગ્દર્શનનો અંશ આવ્યો–શ્રદ્ધામાં. અંશ છે ને? પર્યાય તો અંશ છે ને? ત્રિકાળ તો શ્રદ્ધા શક્તિ ગુણ છે. ચારિત્ર ત્રિકાળ છે એનો અંશ આવ્યો, આનંદ છે ત્રિકાળ એનો અંશ આવ્યો, સ્વચ્છતાનો અંશ આવ્યો, પ્રભુતાનો અંશ આવ્યો. એને આખી રાગની પામરતા અને આખી દુનિયાથી ધર્મી–સમ્યગ્દષ્ટિ જીવ–ચોથે ગુણસ્થાને... નરકમાં ચોથું ગુણસ્થાન છે ને? ત્યાં તો પાંચમું–છઠ્ઠું હોય નહિ, છતાં એ કહે છે કે નરકના વિષયથી વિરક્ત, તીવ્ર દુઃખથી છૂટ્યો છે ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. સમજાણું કાંઈ? એ શીલનું માહાત્મ્ય છે. આ શીલ હોં! બ્રહ્મચર્ય પાળે નવ વાડે એ નહિ. એ તો પરની વિકલ્પની જાત છે. એ નહિ. આહાહા..!

**'વહાંસે નિકલકર તીર્થંકર હોતા હૈ ઐસા જિન વર્ધમાનને કહા હૈ.'** છે? 'કુંદકુંદાચાર્ય'ને પણ અંદર આધાર દેવો પડ્યો. આહાહા..! પ્રભુ! તમારા વચન પણ પ્રમાણ છે અમારે તો. ના, ન ચાલે, એમ કહે છે હોં! એ ત્રિલોકનાથ તીર્થંકર વર્ધમાનસ્વામી અંતિમ પ્રભુ એમ ફરમાવે છે કે જેને પરથી, રાગથી, પુણ્યથી, વિકલ્પથી, શરીરથી, પરથી વિરક્તતા થઈ ગઈ અને સ્વભાવમાં રક્તતા થઈ, સ્વભાવમાં રક્તતા અને પરથી વિરક્તતા, એવો નરકમાં (રહેલાં) સમકિતીજીવને પણ વિષયથી વિરક્ત કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! વીતરાગનો માર્ગ, સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો માર્ગ લોકોએ વીંખી નાખ્યો. કંઈને કંઈ માર્ગને રૂપ આપ્યા. બાપા! એના મારગડા જુદા હોય. ભાઈ! જુઓને! ગાથા કેવી મૂકી છે! આહાહા..! પેલા કહે છે કે, સમકિતમાં તો શ્રદ્ધા હોય. બીજું એમાં આવું ન હોય શીલ અને આ ત્રણ સ્વરૂપાચરણ ને... ભાઈ! એ શીલ કહો કે સ્વરૂપાચરણ કહો. નીચે આપશે દાખલો. ઓલો નિર્જરાનો અધિકાર આવે છે ને? જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ સમકિતીને હોય છે. ભાઈ! નિર્જરામાં. એ વાત અહીં મેળવે છે. ચોથે પણ એ હોય છે. એમ.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– હા. ભલે .. પણ છે ને. વસ્તુ છે ને. મુનિને સર્વદેશ છે .. ઓહોહો..! અલૌકિક દશા!

કહે છે કે સમ્યગ્દર્શન આત્માનું ભાન થયું, આત્માની પીછાણ થઈ, આત્માના ભગવાન

સ્વભાવનો ભેટો થયો એને શીલ હોય છે. જ્ઞાન હોય છે અને શીલ હોય છે. પુણ્ય અને પાપથી વિરક્ત છે એને ત્યાં વૈરાગ્ય ગણવામાં આવે છે. આહાહા..! આવે છે ને પુણ્ય-પાપમાં? પુણ્ય-પાપના વિકલ્પથી ધર્મી વિરક્ત છે, વૈરાગી છે. ત્યાં વૈરાગી કીધો. એ તો બધું ઈનું ઈ છે. સમજાણું કાંઈ? આ તો અંતર્મુખના માર્ગની વાતું પ્રભુ! આહાહા..! 'નેમિચંદજી'! બહારના ઝઘડા-તોફાન અરે પ્રભુ! આવું સાચું હોય તો કહે નહિ, એ તો શ્રદ્ધામાત્ર છે અને તે પણ સમકિતી ત્યારે કહેવાય કે બાહ્ય વિષયોનો ત્યાગ કરે તો સમકિતી કહેવાય. વળી એમ કહે. ૭૨ ગાથા કર્તાકર્મની આવે છે ને. પણ એ તો અભિપ્રાયથી વિરક્ત છે એમ કહેવું છે ત્યાં. જેમ અહીં કહેવું છે એવું જ ત્યાં કહેવું છે. તેનો અર્થ એ કરે છે 'રતનચંદજી'. ૭૨ ગાથા છે ને એમાં. વિષયથી ન નિવર્તે તે જ્ઞાની નથી. પણ એનો અર્થ શો? (વિષયથી નિવૃત્ત) થયો છે. વિષય એટલે પરવસ્તુના રાગને ધ્યેય બનાવ્યું હતું તેને ફેરવી નાખ્યું છે. એ વિષયથી વિરક્ત કહેવામાં આવે છે. આહાહા..! શબ્દના અર્થમાં ફેર, ભાવમાં ફેર એટલે બધું આખું ફરી જાય. ચક્ર ફરી જાય છે. સમજાણું કાંઈ?

'**યહ જિન વર્ધમાન ભગવાનને કહા હૈ.**' ભગવાનને એથી જુદી ભાષા છે ને? ભગવાને કહ્યું છે. આમ પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞ પ્રભુ, એમણે ત્રણકાળ ત્રણલોક જોયા છે એણે આ કહ્યું છે. કોઈ 'કુંદકુંદાચાર્ય' કહે છે કે અમે કર્યું છે એમ નહિ આ તો વર્ધમાન ભગવાન કહે છે. આહાહા..!

'**ભાવાર્થ :- જિનસિદ્ધાંતમેં ઐસા કહા હૈ કિ-તીસરી પૃથ્વીસે નિકલકર તીર્થંકર હોતા હૈ...**' ત્રીજી નરકમાંથી નીકળી તીર્થંકર થાય. સમજાણું? ચોથી પછી ન થાય. ચોથીમાં નીકળેલા કેવળ પામે. તીર્થંકર ન થાય. પાંચમીના નીકળ્યા સાધુ થાય, કેવળ ન પામે. છઠ્ઠીના નીકળ્યા શ્રાવક થાય પણ સાધુ ન થાય. એવી બધી એની મર્યાદાઓ છે. સમજાણું કાંઈ? સાતમીનો નીકળ્યો માણસ ન થાય. તિર્યંચ થાય. આહાહા..! એવા જેટલા જેટલા પાપનો તીવ્ર વેગ લઈને ગયો છે એના પ્રમાણમાં નીકળવાની ગતિમાં પણ ફેર છે. આહાહા..!

'**જિનસિદ્ધાંતમેં ઐસા કહા હૈ કિ-તિસરી પૃથ્વીસે નિકલકર તીર્થંકર હોતા હૈ...**' નરકમાંથી નીકળી તીર્થંકર થાય. આ પહેલી નરકમાંથી નીકળીને થશે. શ્રેણીક રાજા આવતી ચોવીસીમાં પહેલા ત્રિલોકનાથ તીર્થંકર (થવાના). જેના માતાના ઉદરમાં આવ્યા પહેલા છ મહિના તો ઈન્દ્રો એની માની સેવા કરશે. ગામ સાફ કરશે બધું. મોટા મહાપુરુષ આવે ત્યારે ગામ સાફ કરે છે ને જેમ? એમ આખી ઈન્દ્રો આવીને, હોં! આહાહા..! એ નરકમાં છે અત્યારે શ્રેણીકરાજા. ત્યાંથી નીકળી તીર્થંકર થવાના આવતી ચોવીસીના પહેલા. કહે છે કે ત્રીજી નરક સુધી પણ નીકળીને તીર્થંકર થાય.

'**વહ યહ શીલ હી કા માહાત્મ્ય હૈ.**' એમ કહે છે, જુઓને! એ શીલનું માહાત્મ્ય છે. સ્વરૂપ સ્વભાવનું શીલપણું પ્રગટ્યું છે. વિભાવનું કુશીલપણું જેની દૃષ્ટિમાંથી ટળી ગયું છે. સમજાણું કાંઈ? પંડિતજી! ભારે વ્યાખ્યા, ભાઈ! પુણ્યનો વિકલ્પ છે, દયા, દાન, વ્રતનો એ પણ વિભાવ અને એ કુશીલપણું છે. આહાહા..! ધર્મી જીવને એ કુશીલપણાથી દૃષ્ટિ છૂટી

ગઈ છે. આસક્તિ હોય એ તો પરચીજ રૂપે છે. સમજાણું કાંઈ? એ શીલનું માહાત્મ્ય છે. નરકમાંથી નીકળી પણ તીર્થંકર થાય અને સમકિતી વિના તીર્થંકર થાય નહિ. આહાહા..! અહીં પંચમહાવ્રત પાળતો હોય, નગ્ન મુનિ હોય તોપણ તે દૃષ્ટિ મિથ્યાત્વ છે, રાગથી લાભ માને છે, દૃષ્ટિમાં રાગ જ એનો વિષય છે. ચૈતન્ય વિષય નથી. તો કહે છે કે એ અહીં પડ્યો મિથ્યાદૃષ્ટિ નિગોદ પંથે જાય છે. નરકમાં પડ્યો સમકિતી તીર્થંકરપદે જઈને સિદ્ધપદમાં જાશે. આહાહા..! પંડિતજી! અરે..! આવી વાતું પણ દુનિયાથી બહુ ઊંધી, હોં! દુનિયાના ગજ ટૂંકા, ઊંધા અને ટૂંકા બધા. એનાથી માપ કરે એ માપ ન ચાલે, ભાઈ! પરમેશ્વરે કહ્યું એ ગજે માપે તો માપ આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માપ જોઈએ ને.

'**વહાં સમ્યક્ત્વસહિત હોકર વિષયોંસે વિરક્ત હુઆ ભલી ભાવના ભાવે...**' દેખો! ધર્મી જીવ તો આત્મા સમકિતસહિત છે અને વિષય એટલે રાગથી તો વિરક્ત છે. '**ભલી ભાવના ભાવે...**' એ રાગની ભાવના ભાવતો નથી એમ કહે છે. આહાહા..! શુદ્ધ ચૈતન્ય પુણ્ય-પાપના વિકલ્પરહિત એવી જે દૃષ્ટિ થઈ છે તો એ સ્વભાવની ભાવના કરે છે. એ રાગની ભાવના કરતો નથી. રાગ છે અને રાગ હો, રાગ છે એ ઠીક છે અને રાગ હો એવી ભાવના સમકિતીને હોતી નથી. સમજાણું કાંઈ? બીજો અર્થ લઈએ તો વ્યવહાર છે એ હો અને વ્યવહાર મારો વધો એવી ભાવના હોતી નથી. આહાહા..! એની ભાવના તો આત્મા આનંદ અને શુદ્ધ છે એની શુદ્ધતા વધો. એવી ભાવના-અંદર એકાગ્રતા હોય છે. ઓહોહો..! ભાવના ફેરે ભાવ ફેર. અજ્ઞાની રાગની ભાવના (કરે છે). કારણ કે ચીજ તો જોઈ નથી. વસ્તુ શું છે એ તો જ્ઞાનમાં આવી નથી. એટલે રાગ જ્ઞાનમાં આવ્યો છે. શુભ, દયા, દાન, વ્રતાદિ. એની એને ભાવના છે કે આ હો અને આ વધો.

મુમુક્ષુ :- શુભભાવ વધો.

ઉત્તર :- વધો. આહાહા..! એ તો મિથ્યાદૃષ્ટિની ભાવના છે.

સમ્યગ્દૃષ્ટિ એટલે વસ્તુ જેવી છે એવી શુદ્ધ ચૈતન્ય, એવી દૃષ્ટિ થતાં એની ભાવના શુદ્ધતાને વધારવાની છે. એથી '**ભલી ભાવના ભાવે...**' છે. જોયું! એ રાગની ભાવના નથી ભાવતો. આહાહા..! નરકમાં હોં! અહીંયાં તો કહે છે. ધ્રુવ શુદ્ધ પરમ આનંદ પ્રભુ, એની જ્યાં અંદર દૃષ્ટિ થઈ એટલે એ જ મારું સ્વરૂપ છે એટલે એને વધારવાની શુદ્ધતાની ભાવના હોય છે. રાગ તો ઘટી જાય છે. સહેજે. અહીં (એકાગ્રતા) વધતાં રાગ ઘટી જાય છે. એને વધારવો અને રાખવો એ ભાવના સમકિતીની હોતી નથી. આહાહા..! જેને પર જાણ્યા એને કેમ મારા માને? અને જેને પર જાણ્યા એને વધો અને વૃદ્ધિ થાવ એમ કેમ માને? સમજાણું કાંઈ?

'**સમ્યક્ત્વસહિત હોકર વિષયોંસે વિરક્ત હુઆ ભલી...**' નરકમાં વિષયથી વિરક્ત થયો. હવે શું વ્યાખ્યા કરશે એમાં વિષયની? આ વિષયના પાંચ ઇન્દ્રિયના ભોગ છોડ્યા છે

અને વિરક્તિ થઈ છે એને? ત્યાં ક્યાં ભોગ છુટવા અને વિરક્તિ (છે)? આવા શબ્દના અર્થ જ ઊંધા કરે છે કેટલાક. અહીંયાં તો પરવિષયની રુચિ છૂટી ગઈ છે. ચાહે તો શુભરાગ તીર્થંકરગોત્રનો હો, એની રુચિ છૂટી છે અને એ ઠીક છે એને વધો એ ભાવ હોતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભલી ભાવના ભાવે તબ નરકવેદના ભી અલ્પ હો જાતી હૈ...**' સ્વભાવ સન્મુખની જ જ્યાં ભાવના છે એટલે નરકમાં પણ વેદના અલ્પ રહી જાય છે. અહીં જ્ઞાન કરાવવું છે ને? ખરેખર એ વેદના એની ચીજમાં નથી. વેદનામાં એ નથી. એ તો આત્મામાં છે. પણ એને વેદના થોડી છે એમ જ્ઞાન કરાવીને એની અપૂર્ણતા બતાવવી છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ આવો. '**ભલી ભાવના ભાવે તબ નરકવેદના ભી અલ્પ હો જાતી હૈ ઔર વહાંસે નિકલકર અરહંતપદ પ્રાપ્ત કરકે મોક્ષ પાતા હૈ,...**' આહાહા..! શ્રેણિક રાજા નરકમાં છે. શુદ્ધ ભાવના એની છે. વિકલ્પમાત્રથી દૃષ્ટિમાંથી સ્થિરતાના અંશે એટલી અસ્થિરતા પણ ચાલી ગઈ છે. તેથી ત્યાંથી નીકળી ત્રણલોકના નાથ થશે. ચારિત્ર નહોતું. અહીં પણ નહોતું અને ત્યાં પણ નથી. જેને ચારિત્ર કહીએ એ નહોતું પણ આ શીલ કહીએ એ હતું. આહાહા..!

મુમુક્ષુ :- એવો જીવ તીર્થંકર થશે.

ઉત્તર :- તીર્થંકર થશે. આહાહા..! એમ વર્ધમાન ભગવાન કહે છે, જુઓને! આહાહા..! સમજાણું કાંઈ?

'**વેદના ભી અલ્પ હો જાતી હૈ ઔર વહાંસે નિકલકર અરહંતપદ પ્રાપ્ત કરકે મોક્ષ પાતા હૈ,...**' અરિહંત શબ્દે અહીંયાં તીર્થંકર છે. સમજાણું કાંઈ? '**ઐસા વિષયોંસે વિરક્તભાવ વહ શીલકા હી માહાત્મ્ય જાનો.**' દેખો! એ રાગનો ભાવ જે પુણ્યનો છે એનાથી દૃષ્ટિ ફરી ગઈ છે, એમાં એકત્વ રહ્યું નથી એ જ શીલ અને શીલનું માહાત્મ્ય છે. સમજાણું કાંઈ? કહો, 'વીરચંદભાઈ'! આવું ગોષ્ઠીમાં તો સંભળાય નહિ. ૩૨ વર્ષે આવ્યા હોય દેશમાં. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ!

મુમુક્ષુ :- ...વર્ણન થઈ શકે એવું છે જ નહિ.

ઉત્તર :- આ તો વસ્તુ અલૌકિક છે. 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ.' સમવસરણના મધ્યમાં શ્રી સીમંધર ભગવાન. આહાહા..!

કહે છે કે અરે..! એકવાર સમકિત અને શીલનું માહાત્મ્ય તો સાંભળ. આહાહા..! એ નરકમાં પણ આવા આત્માનું સમકિત છે, આત્માનો આશ્રય લઈને થયું છે. એ આશ્રય કહેશે. પાંચ આચારમાં આશ્રય આત્માનો છે. તો તે પાંચ આચાર કહેવાય. જેને વિકલ્પમાં પરનો આશ્રય છે એ ખરેખર આચાર છે નહિ. એ આવશે હમણાં. ૩૪મી ગાથામાં છે. ૩૪માં છે. '**सम्मत्तणाणदंसणतववीरियपंचयारमप्पाणं।**' આત્માનો જેને આશ્રય છે. એમ કહીને શુદ્ધ આચાર બતાવવો છે. અને પાંચ આચાર જે વિકલ્પવાળા છે એમાં આત્માનો આશ્રય નથી.

પંડિતજી! ત્યાં પરનું લક્ષ છે એમાં તો. જેમાં આત્માનો આશ્રય નથી એ આચાર આચાર જ કહેવાતો નથી એમ કહે છે. ભાઈ! સમજાણું કાંઈ? જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એ પાંચ પર્યાયમાં આત્માનો આશ્રય હોય તો આચાર છે. એ પાંચમાં જો પરનો આશ્રય આવ્યો તો એ આચાર સ્વનો આચાર નથી. આહાહા..! ભારે વર્ણન! શીલપાહુડ. લ્યો.

મુમુક્ષુ :- સ્વભાવને બતાવે છે.

ઉત્તર :- સ્વભાવને બતાવે છે. દેવાનુપ્રિયા! વાત તો એવી છે. માર્ગ તો આ છે.

'**સિદ્ધાંતમેં ઈસ પ્રકારકા કહા હૈ કિ સમ્યગ્દૃષ્ટિકે જ્ઞાન ઔર વૈરાગ્યકી શક્તિ નિયમસે હોતી હૈ,...**' એ નિર્જરા અધિકારમાં કહ્યું ને? અસ્તિનું જ્યાં જ્ઞાન થયું ત્યાં રાગની નાસ્તિ હોય જ છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન આનંદનો નાથ, એવી અસ્તિ મહાસત્તા, એની જ્યાં પ્રતીત ભાન થઈને થઈ ત્યારે રાગાદિની એમાં નાસ્તિ હોય જ. એમ કહે છે. અંશે અસ્થિરતા રહી એ પ્રશ્ન નથી. એમાં રાગાદિની નાસ્તિ જ છે. આહાહા..! અસ્તિપણે જ્ઞાન થયું અને નાસ્તિપણે વૈરાગ્ય થયો. એટલો રાગનો અભાવ થયો. સમજાણું કાંઈ? અરે..! આવી અસ્તિ ને નાસ્તિ. માર્ગ તો એવો છે, ભાઈ! એ કોઈનો કલ્પીને માને એવો માર્ગ નથી. આ તો પરમાત્મા વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આમ વાણીમાં આવે છે. એ જ વાણી આ છે. સમજાણું કાંઈ?

પંચમહાવ્રતના વિકલ્પ, કહે છે કે એ રાગથી તો સમકિતી વિરક્ત છે. એ રાગ મારા માનતો નથી. એને ઠેકાણે પંચમહાવ્રતના વિકલ્પ રાગ એનાથી ધર્મ થાય એ ચારિત્ર. ગજબ કર્યું છે. આત્માને હણવાને ગજબ કર્યું છે. આત્મા ... 'જાદવજીભાઈ'! 'કલકત્તા'માં છરા વાગે છે ને મારે છે એમ કો'ક કહેતું હતું. ભાઈનો કાગળ છે. 'જયંતિભાઈ'નો. પ્રવીણભાઈ કહેતા હતા. માળા વધી ગયું છે. આહાહા..! એના અજ્ઞાનમાં અરાજકતા એટલી વધી ગઈ છે. ભાઈ કહેતા હતા. બહારની જેમ અરાજકતા કોઈ ધણી નથી એમ ધર્મની અરાજકતા એટલીબધી છે કે આત્મા ધણી માથે નથી. આહાહા..! એને પરબારી ક્રિયાઓ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ જેમાં આત્મા ધણી નથી, આત્મા જેનો રાજા નથી એ તો રાગ, દોષ છે. આહાહા..! એમાં ધર્મ માન્યો છે અને મનાવ્યો છે એ ધર્મની અરાજક્તા થઈ ગઈ છે.

પાઠ જ એવો છે ને. '**સમ્યગ્દૃષ્ટિકે જ્ઞાન ઔર વૈરાગ્યકી શક્તિ નિયમસે હોતી હૈ,...**' ત્યાં વૈરાગ્યશક્તિ એ સ્વરૂપઆચરણ નહિ? એય..! છે ને અંશે સ્વરૂપમાં. પ્રતીત આ છે ત્યાં આ બાજુથી ખસ્યો છે ને એટલો. આખા રાગના બધા ભાગથી ખસી ગયો છે. આહાહા..! આખી દુનિયાથી ખસી ગયો છે. આખું અસ્તિત્વ આવું મહાપ્રભુનું અસ્તિત્વ જેમાં એક પર્યાયની ત્રણકાળ જાણે એવી અનંતી પર્યાયનું અસ્તિત્વ જ્યાં જ્ઞાનમાં છે, એવા મહાઅસ્તિત્વનો જ્યાં સ્વીકાર નિર્વિકલ્પપણે થયો ત્યાં બધા રાગાદિનું અંદર નાસ્તિપણે પરિણમન છે. એ એનું શીલ છે. સમજાણું કાંઈ?

'**સમ્યગ્દૃષ્ટિકે જ્ઞાન ઔર વૈરાગ્યકી શક્તિ નિયમસે હોતી હૈ,...**' એમ કહ્યું છે અહીં. નિશ્ચયથી હોય છે. આહાહા..! છે ને કળશ છે ને, ગાથા છે. '**વહ વૈરાગ્યશક્તિ...**' ગાથામાં

આવ્યું ને ત્યાં પુણ્ય-પાપના અધિકારમાં. પુણ્ય-પાપના વિકલ્પથી વૈરાગ્ય, એને વૈરાગ્ય કહેવો. આવે છે ને. '**विरागसंपत्तो**' બધું કહ્યું છે 'સમયસાર'માં. ઓહોહો..! દરિયો ભર્યો છે 'સમયસાર'માં. પણ ધીરજ જોઈએ એને સમજવાને માટે. ધીરજ જોઈએ, ધીરજ જોઈએ. ભાઈ! આ કાંઈ ઉપરટપકે ઉતાવળે ચાલ્યો જાય અને સમજી જાય (એવો માર્ગ નથી). આહાહા..! ધીરજનો અર્થ અનંતાનુબંધીનો અભાવ. દરિયાના પાણી એક સળીને અડાડીને ખાલી કરવા કેટલી ધીરજ જોઈએ? આખો દરિયો એ પાણી હાથથી નહિ. સળીથી બોળીને આમ એક બિંદુ આ બાજુ લેવું. એ દરિયો ખાલી કરવો. ઉતાવળીયો થાય તો કરી શકે જ નહિ કાંઈ. આવો ભગવાનઆત્મા અનંત અનંતગુણનો દરિયો જેને અસ્તિમાં લેવો છે અને રાગથી જેને ખાલી માનવો છે. સમજાણું કાંઈ?

લ્યો, આમાં તો કહે છે કે ગુરુને આશ્રયે ધર્મ ન થાય એમ કહે છે. કારણ કે એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યનો આશ્રય લેવા જશે એટલે રાગ થયા વિના રહેશે નહિ. ધર્મી તો એ પરદ્રવ્યને આશ્રયે થતો રાગ એનાથી વિરક્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે એવી શ્રદ્ધાના જ્યાં ઠેકાણા નથી એને સમ્યક્ કેમ થાય? અને એને અનુભવ કેમ થાય? આહાહા..! શું થાય? સમજાણું કાંઈ?

'**સમ્યગ્દષ્ટિકે જ્ઞાન ઔર વૈરાગ્યકી શક્તિ નિયમસે હોતી હૈ, વહ વૈરાગ્યશક્તિ હૈ વહી શીલકા એકદેશ હૈ...**' ખુલાસો કેટલો સરસ કર્યો છે. સમ્યગ્દર્શનમાં વૈરાગ્ય હોય છે. વૈરાગ્યનો અર્થ? સમજાણું? પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પડ્યો છે. એ વૈરાગ્ય. એ શીલ છે. સમજાણું કાંઈ? '**ઐસે જાનના.**' લ્યો! એ છે, 'સમયસાર'માં છે. ઓલું પુણ્ય-પાપના અધિકારમાં નથી? '**विरागसंपत्तो**' એ વૈરાગ્ય કહ્યો છે અહીંયાં. કેટલામી ગાથા? પુણ્ય-પાપને? પહેલા હશે શરૂઆતમાં, નહિ? વૈરાગ્ય પ્રાપ્ત મુકાય છે, ઈ. '**रत्तो बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो**' ૧૫૦. એ '**विरागसंपत्तो**'ની વ્યાખ્યા આ છે. સમજાણું? '**રાગી જીવ કર્મ બાંધે છે અને વૈરાગ્યને પામેલો...**' જુઓ! અહીં વિરક્ત શબ્દ વાપર્યો છે, ભાઈ! '**તે સામાન્યપણે રાગીપણાના નિમિત્તપણાને લીધે શુભ અને અશુભ બન્ને કર્મને અવિશેષપણે બંધના કારણ તરીકે સિદ્ધ કરે છે. અને તેથી બન્ને કર્મને નિષેધે છે.**' વિરક્ત છે. અધર્મી, અજ્ઞાની રાગમાં રત છે. અને સ્વભાવથી વિરક્ત છે. ધર્મી સ્વભાવમાં રક્ત છે અને રાગથી વિરક્ત છે. સમ્યગ્દર્શનથી માંડીને હોં! ચોથેથી. '**विरागसंपत्तो**' એમ લીધું. એ '**विरागसंपत्तो**' કહેવાય. આ બાયડી, છોકરા છોડ્યા હડધૂત કરીને ભાગ્યા, લૂગડા ફેરવ્યા થઈ ગયા વૈરાગી (એ નહિ). એય..! સમજાણું કાંઈ?

आगे इस कथनका संकोच करते हैं :–

## ગાથા-૩૩

**एवं बहुप्पयारं जिणेहि पच्चक्खणाणदरसीहिं।**
**सीलेण य मोक्खपयं अक्खातीदं य लोयणाणेहिं।।३३।।**

एवं बहुप्रकारं जिनैः प्रत्यक्षज्ञानदर्शिभिः।
शीलेन च मोक्षपदं अक्षातीतं च लोकज्ञानैः।।३३।।

**અત્યક્ષ-શિવપદપ્રાપ્તિ આમ ઘણા પ્રકારે શીલથી,**
**પ્રત્યક્ષદર્શનજ્ઞાનધર લોકજ્ઞ જિનદેવે કહી. ૩૩.**

**अर्थ :–** एवं अर्थात् पूर्वोक्त प्रकार तथा अन्य प्रकार (–बहुत प्रकार) जिनके प्रत्यक्ष ज्ञान–दर्शन पाये जाते हैं और जिनके लोक–अलोकका ज्ञान है ऐसे जिनदेवने कहा है कि शीलसे अक्षातीत–जिसमें इन्द्रियरहित अतीन्द्रिय ज्ञान सुख है ऐसा मोक्षपद होता है।

**भावार्थ :–** सर्वज्ञदेवने इस प्रकार कहा है कि शीलसे अतीन्द्रिय ज्ञान सुखरूप मोक्षपद प्राप्त होता है वह भव्यजीव इस शीलको अंगीकार करो, ऐसा उपदेशका आशय सूचित होता है; बहुत कहाँ तक कहें इतना ही बहुत प्रकारसे कहा जानो।।३३।।

---

## ગાથા-૩૩ ઉપર પ્રવચન

'**આગે ઈસ કથનકા સંકોચ કરતે હૈં :–**' ૩૩ ગાથા.

**एवं बहुप्पयारं जिणेहि पच्चक्खणाणदरसीहिं।**
**सीलेण य मोक्खपयं अक्खातीदं य लोयणाणेहिं।।३३।।**

જુઓને જોર કેટલું આપે છે!

'**અર્થ :– એવં અર્થાત્ પૂર્વોક્ત પ્રકાર તથા અન્ય પ્રકાર...**' આ પૂર્વે કહ્યું એ અને વિશેષ કહેવું છે એ બધું. જિનદેવે કહ્યું છે. વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને કહ્યું છે. શીલથી મોક્ષપદ છે. લ્યો! શીલથી મોક્ષ છે. આ પૂર્વે કહ્યું એ શીલ, હોં! આમ બ્રહ્મચર્ય શરીરથી પાળે એ શીલ નહિ. જાવજીવ બાળબ્રહ્મચારી હોય તો એ શીલ નહિ. આહાહા..! એ તો વિકલ્પ છે, રાગ છે. ઓલામાં આવ્યું ને કે અનુભૂતિ તે જ્ઞાન છે. બાર અંગનું જ્ઞાન તે વિકલ્પ છે. આહાહા..! ક્યાં નાખ્યું! આ શરીરનું બ્રહ્મચર્ય પાળવું જાવજીવનું એ તો વિકલ્પ

છે. આત્માના અંતરમાં દૃષ્ટિ કરીને શીલપણું એટલે શુદ્ધતા પ્રગટ કરવી એનું નામ શીલ અને બ્રહ્મચર્ય છે. સમજાણું કાંઈ?

**'એવં અર્થાત્ પૂર્વોક્ત પ્રકાર તથા અન્ય પ્રકાર (– બહુત પ્રકાર)...'** શીલ કરી મોક્ષપદ છે. કેવું છે મોક્ષપદ? '**અક્ષાતીતં**' ઇન્દ્રિયથી અતીત છે. અહીં ઇન્દ્રિયથી અતીત થયેલી દૃષ્ટિને શીલ પ્રગટ્યું છે એના ફળમાં ઇન્દ્રિયથી અતીત એવા મોક્ષપદને પામે છે. એમ કહે છે. રાગ અને ઇન્દ્રિયો ખંડ ખંડ ને જડ અને એના બધા નિમિત્તો. બધાને ઇન્દ્રિય કીધા છે ને? ભગવાનની વાણીને પણ ઇન્દ્રિય કીધી છે. આહાહા..! ગજબ વાત છે. ભગવાનની વાણી ઇન્દ્રિય છે આત્માને માટે. કેમ? કે ઇન્દ્રિયનો વિષય છે માટે એને ઇન્દ્રિય કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલે જે ખંડ ઇન્દ્રિય, જડ ઇન્દ્રિય અને એનો વિષય, એની રુચિને છોડી અને જેણે આત્માનો વિષય બનાવ્યો છે એવો જે શીલભાવ, સમ્યગ્દર્શનમાં રાગરહિતની એટલી સ્થિરતાનો ભાવ તે અતીન્દ્રિય પદ છે. શીલ. એનું ફળ અતીન્દ્રિય પદ મોક્ષ છે. એનું ફળ અતીન્દ્રિય મોક્ષપદ છે. સમજાણું કાંઈ? આ વાતું એવી મોંઘી લાગે. આહાહા..!

'નહી રે રાચું રે આતમસારમાં..' એ આવે છે કથા. રાજાનો કુંવર જ્યાં દીક્ષિત થાય છે. આમ પદ્મણી જેવી સ્ત્રીઓ, નીચે નીલમણીના.. આ શું કહેવાય? લાદીઓ. નીલમણીની લાદીઓ અને પદ્મણી જેવી સ્ત્રીઓ. માતાને કહે છે મા! મને ક્યાંય ચેન પડતું નથી બહારમાં. મારું ચેન પડવાનું સ્થાન મેં જોઈ લીધું. મારા ઠરવાના સ્થાન મેં જોયા. માતા! મને ક્યાંય ચેન પડતું નથી. બીજે ક્યાંય મારી વૃત્તિ થંભતી નથી. માતા! રજા આપ, રજા આપ. અમે વનમાં ચાલ્યા જઈએ. આહાહા..! ભર્યા ઘરને છોડી.. એ ભર્યા ખોટા હતા. ભર્યું ઘર તો ભગવાનઆત્મા છે. એ ઘરમાં અમે ઠરવા માગીએ (છીએ), માતા! આહાહા..! રોવે. મા રોવું હોય તો રો માં! ફરીને અમે અવતાર નહિ કરીએ, બા! અમારે ફરીને અવતાર નહિ કરીએ. બીજી મા રોવે એવો અવતાર હવે અમારે નહિ હોય. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ વૈરાગ્ય એટલે આ બહારનો નહિ, ભાનસહિતની વાત છે. આહાહા..! મારી ક્ષણ લાખેણી જાય, માતા! મારા સ્વરૂપના સાધનનો કાળ માતા જાય છે, હોં! મને ખોટી ન કર. મા કહે છે, બેટા! જા એ રસ્તે. અમને પણ એ રસ્તો હો, બાપા! આહાહા..! માતા રજા આપીને આમ કહે છે. ભાઈ! જા બાપા! તારા સ્વભાવને પંથે જા, ભાઈ! અમને એ પંથ હજો. એમ કહીને રજા આપે છે, હોં! 'નવનીતભાઈ'! આહાહા..!

અહીં કહે છે કે ધર્મીને સમકિતમાં શીલ પ્રગટ્યું છે એટલો તો વૈરાગ્ય એને શરૂ થઈ ગયો છે. સમજાણું કાંઈ? એ શીલથી તો મોક્ષપદ પામશે. એનાથી પરપદ પામશે નહિ. તીર્થંકરપદ પામશે એની ના પાડી અહીં તો. અહીં તો મોક્ષપદ પામશે. આહાહા..! 'નેમિચંદજી'! આહાહા..! આવો માર્ગ માણસને સાંભળવા મળતો નથી અને લોકોને બેસતો નથી. વિરોધ કરે, અરે..! ભગવાન! કોનો વિરોધ કરે છે ભાઈ? શાનો વિરોધ છે? ભાઈ! તને નુકસાન છે આવા કાળમાં. આ તો સત્યસ્વરૂપ આવું છે. વસ્તુની જાત આવી છે. વસ્તુની પ્રસિદ્ધિ થાય

છે આ. આ કોઈ માર્ગ અમારો છે અને પક્ષનો છે એમ પ્રસિદ્ધિ નથી થતી. 'પ્રકાશદાસજી'! 'પ્રકાશદાસજી' કહે છે ઘણીવાર કે વસ્તુનો પરિચય અપાય છે. વાત સાચી છે. આ તો કોઈ પક્ષનો પરિચય નથી. વસ્તુનો પરિચય અપાય છે, બાપા! વસ્તુ આવી છે, પ્રભુ! આહાહા..!

કેવું છે મોક્ષપદ? '**अक्षातीतं**' એ ઉપરથી જરી આવ્યું. ઇન્દ્રિયથી અતીત. ઇન્દ્રિયથી અતીતનું જ્યાં ભાન થયું એ ઇન્દ્રિયથી અતીતપદને જ પામશે એ. ઇન્દ્રિય આદિ સ્વર્ગાદિના પદને પામશે નહિ. '**ઇન્દ્રિયરહિત અતીન્દ્રિય જ્ઞાન સુખ હૈ ઐસા મોક્ષપદ હોતા હૈ.**' ઇન્દ્રિયથી રહિત અતીન્દ્રિય જ્ઞાન આત્માનું કેવળજ્ઞાન. અતીન્દ્રિય સુખ છે એને મોક્ષ કહીએ. મોક્ષ કહીએ એટલે વૈકુઠમાં ભગવાન છે અને એની પાસે જાવું પછી ભગવાનની ભક્તિ કરવી અને દરરોજ લાડવા મળે ત્યાં થાળીમાં. આહાહા..!

મુમુક્ષુ :- ત્યાંથી તો આવે છે.

ઉત્તર :- આવે છે ને. અમારા સાધુને આહાર-પાણી આપશો તો વૈકુંઠમાં તમને આહાર-લાડવા મળશે જાવ. હજી લાડવા રાખવા છે ને ત્યાં પણ. આહાહા..! અરે..! ધર્મની વ્યાખ્યા આખી ફેરવી નાખી.

કહે છે, વળી કહેનાર જિનદેવ કેવા છે? આવું જે કહેનારા પરમાત્મા વીતરાગ વર્ધમાન ભગવાન કેવા છે? આ તો સમ્મુચય છે આખું. '**पच्चक्खणाणदरसीहिं**' અને '**लोयणाणेहिं**' લોકના જેને જ્ઞાન છે અને પ્રત્યક્ષ જેને જ્ઞાન થયા છે કેવળી પ્રભુ પરમાત્માને, એ આવું સ્વરૂપ વર્ણવે છે. આહાહા..! '**જિનકે પ્રત્યક્ષ જ્ઞાન-દર્શન પાયે જાતે હૈં...**' ત્રણકાળ ત્રણલોક જેને પ્રત્યક્ષ છે. '**ઔર જિનકે લોક-અલોકકા જ્ઞાન હૈ...**' છેલ્લો શબ્દ છે ને? '**लोयणाणेहिं**' ઓલામાં આવી ગયું છે, હોં! પણ એમ કે લોકના જાણનાર, એ લોકના જાણનાર આમ કહે છે. જગતમાં ચીજ જે જગતમાં છે એને જાણનારા ભગવાન આમ કહે છે કે સ્વરૂપની દૃષ્ટિ અને રાગથી અંશે જે ઠર્યો એ શીલ છે અને એ શીલ નરકમાં હોય તોપણ ત્યાંથી નીકળીને તીર્થંકર થાય. એવા શીલના સમ્યક્ના માહાત્મ્ય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૯૪, ગાથા-૩૩ થી ૩૭, મંગળવાર, મહા વદ ૧૩, તા.૨૩-૨-૭૧

૩૩મી ગાથાનો ભાવાર્થ. ૩૩મી ગાથા છે ને.

'**ભાવાર્થ :- સર્વજ્ઞદેવને ઇસ પ્રકાર કહા હૈ...**' સર્વજ્ઞ પરમેશ્વર, તીર્થંકર ભગવાન સર્વજ્ઞોએ એવું કહ્યું છે '**કિ શીલસે અતીન્દ્રિય જ્ઞાન સુખરૂપ મોક્ષપદ પ્રાપ્ત હોતા હૈ...**' શીલ એટલે આત્મા શુદ્ધ પવિત્ર એની દૃષ્ટિ અને જ્ઞાનની એકાગ્રતા એવું જે શીલ. પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપ જે આત્માનું એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકાગ્રતા. એ શીલ. એ શીલ કરી-એ શીલ વડે '**અતીન્દ્રિય જ્ઞાન સુખરૂપ મોક્ષપદ પ્રાપ્ત હોતા હૈ...**' એ શીલ દ્વારા અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખ એવું જે મોક્ષપદ એ પામે છે. કેમકે આત્મા અતીન્દ્રિય આનંદ

અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ, એના ઉપર એકાગ્ર થતાં અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિયનો આનંદ, એવો જે શીલસ્વભાવ પ્રગટ થાય. એ વડે કરીને પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન અને પૂર્ણ સુખરૂપ મોક્ષપદને પામે છે. કહો, સમજાય છે કાંઈ?

'**વહ ભવ્યજીવ...**' ભવ્ય જીવો! '**ઈસ શીલકો અંગીકાર કરો, ઐસા ઉપદેશકા આશય સૂચિત હોતા હૈ;...**' એવા શીલને આદરો. અર્થાત્ ભગવાન પૂર્ણ શુદ્ધ ધ્રુવ સ્વરૂપ ચૈતન્ય અતીન્દ્રિય, એને અંગીકાર કરો. સમજાણું કાંઈ? '**શીલકો અંગીકાર કરો, ઐસા ઉપદેશકા આશય સૂચિત હોતા હૈ;...**' પાઠ છે ને એવો તો. '**બહુત કહાં તક કહેં ઈતના હી બહુત પ્રકારસે કહા જાનો.**' જે કાંઈ કહેવું છે એટલું બધું એમાં ઘણું કહેવાણું, કહે છે. આત્મા દ્રવ્ય વસ્તુ શુદ્ધ સ્વભાવનો સાગર, પવિત્રતાની પૂર્ણ સ્થિતિવાળું તત્ત્વ, એનો આશ્રય કરીને. આશ્રય પછી લેશે. ૩૪મી ગાથામાં. પણ અહીં સમ્મુચય કહ્યું છે કે એનો જે સ્વભાવ, એને અંતરમાં શક્તિરૂપે છે એને શ્રદ્ધા-જ્ઞાનમાં પ્રગટ વ્યક્તરૂપ કરવું એવો જે શીલસ્વભાવ, એ અતીન્દ્રિય જ્ઞાન અને સુખનું રૂપ જેનું છે એવા મોક્ષને પામે છે. કહો, વ્યવહારના વિકલ્પથી પામતા નથી એમ નિષેધ નથી કર્યો પણ આ અસ્તિથી પામે એમ કરીને એનો નિષેધ કર્યો છે. સમજાણું કાંઈ?

---

**आगे कहते हैं कि इस शीलसे निर्वाण होता है, उसका बहुत प्रकारसे वर्णन है वह कैसे?–**

## ગાથા-૩૪

**सम्मत्तणाणदंसणतववीरियपंचयारमप्पाणं।**
**जलणो वि पवणसहिदो डहंति पोरायणं कम्मं।।३४।।**

सम्यक्त्वज्ञानदर्शनतपोवीर्यपंचाचाराः आत्मनाम्।
ज्वलनोऽपि पवनसहितः दहंति पुरातनं कर्म।।३४।।

**સમ્યક્ત્વ-દર્શન-જ્ઞાન-તપ-વીર્યાચરણ આત્મા વિષે,**
**પવને સહિત પાવક સમાન, દહે પુરાતન કર્મને. ૩૪.**

**अर्थ :– सम्यक्त्व–ज्ञान–दर्शन–तप–वीर्य ये पंच आचार हैं वे आत्माका आश्रय पाकर पुरातन कर्मोंको वैसे ही दग्ध करते हैं जैसे कि पवन सहित अग्नि पुराने सूखे ईंधनको दग्ध कर देती है।**

**भावार्थ :– यहाँ सम्यक्त्व आदि पंच आचार तो अग्निस्थानीय हैं और आत्माके त्रैकालिक शुद्ध स्वभावको शील कहते हैं, यह आत्माका स्वभाव पवनस्थानीय है, वह पंच आचाररूप अग्नि और शीलरूपी पवनकी सहायता पाकर पुरातन कर्मबंधको दग्ध करके आत्माको शुद्ध करता है, इस प्रकार शील ही प्रधान है। पाँच आचारोंमें चारित्र कहा है और यहाँ सम्यक्त्व कहनेमें चारित्र ही जानना, विरोध न जानना।।३४।।**

---

## ગાથા-૩૪ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ ઈસ શીલસે નિર્વાણ હોતા હૈ, ઉસકા બહુત પ્રકારસે વર્ણન હૈ વહ કૈસે?'** ઘણા પ્રકારે એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ. **'ઉસકા બહુત પ્રકારસે વર્ણન હૈં વહ કૈસે?'** તે કેમ છે? તેનું કહેવું આમ છે. લ્યો, આ શીલ.

**सम्मत्तणाणदंसणतववीरियपंचयारमप्पाणं।**
**जलणो वि पवणसहिदो डहंति पोरायणं कम्मं।।३४।।**

એક તો સમકિતદર્શન-સમ્યક્ત્વ. આ સમકિત નિશ્ચય સમકિત એટલે આત્મા અખંડ સુખરૂપ એવો પૂર્ણ સ્વભાવ, એમાં સુખબુદ્ધિથી ઉત્પન્ન થતી સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિ એને અહીંયાં સમકિત કહે છે. પુણ્ય-પાપના વિકલ્પો કે પરમાં સુખબુદ્ધિનું ઉઠી જવું, પરમાં હિતબુદ્ધિનું, સુખબુદ્ધિનું ઉઠી જવું અને સ્વભાવમાં સુખબુદ્ધિનું ઠરવું એનું નામ અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. કેમ છે? શ્વાસ એમ કેમ નીકળે છે? .. થઈ જાય છે અંદરથી. .. ત્યાં કાંઈ એમ નહોતું થાતું. ત્યાં તો હરખ આવે.

મુમુક્ષુ :- પ્રિય ચીજ હતી.

ઉત્તર :- પ્રિય ચીજ. આ તો કહે છે, ભગવાન! આ દયા, દાન, વ્રતના પરિણામ છે એને પ્રિય કરવા એ મિથ્યાત્વભાવ છે.

ભગવાનઆત્માનું સમ્યગ્દર્શન, એમ કીધું ને પાધરું-સીધું? ચૈતન્ય અનંતશાંતિ આદિ શક્તિઓનો ભંડાર એકરૂપ વસ્તુ, એના તરફની દૃષ્ટિ અને સંયોગ, રાગ, એક સમયની પર્યાયની દૃષ્ટિનો અભાવ. સમજાણું કાંઈ? અને વસ્તુના ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા, નિર્વિકલ્પ પરિણતિ એવું જે સમ્યક્ એને અહીં શીલ કહેવામાં આવે છે. એ શીલ. સમ્યગ્જ્ઞાન-એ પણ આત્માનું જે જ્ઞાનસ્વરૂપ છે એનું જ્ઞાન. જ્ઞાનનું જ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન નહિ, પરનું જ્ઞાન નહિ. ભાઈ નથી આવ્યા?

મુમુક્ષુ :- 'ભાવનગર' ગયા છે.

ઉત્તર :- 'ભાવનગર' ગયા છે. સમજાણું કાંઈ?

આત્માનું જ્ઞાન. બીજું જ્ઞાન જાણપણું હોય, ન હોય એની સાથે કાંઈ સંબંધ નથી. નવ તત્ત્વના નામ પણ ન આવડતા હોય.

મુમુક્ષુ :- આપ એમ કહેશો તો અમને એમ થઈ જશે કે નામ શીખવાની શું જરૂર?

ઉત્તર :- શીખવાની જરૂરનું કોણ કહે છે? શીખવું .. આવે નહિ? પણ નામ શીખ્યો માટે દૃષ્ટિ થઈ જાય અને નામ ન આવડે માટે દૃષ્ટિ ન થાય (એમ નથી) પંડિતજી! એમ છે?

મુમુક્ષુ :- એની સન્મુખતાથી..

ઉત્તર :- હા. આત્મા પોતે જ્ઞાન આનંદસ્વરૂપ છે. પરમેશ્વર પોતે જ પરમેશ્વર છે. એવા પરમેશ્વરની સામું જોઈને પ્રતીત કરવી, અનુભવ એનું નામ જ્ઞાન છે. એ જ્ઞાનને અહીંયાં શીલ

કહે છે. સમજાણું કાંઈ? શીલ એનો સ્વભાવ છે, સ્વભાવ છે. ઓહોહો..! ત્રિકાળ સ્વભાવ છે એને સ્પર્શીને પ્રગટ કર્યો ભાવ એ શીલ છે. ધીરાની વાતું છે, ભાઈ! આ તો. આગળ ૩૫માં લેશે. ધીરા. આ કાંઈ ઉપરથી આમ મળી જાય બહારથી એવી ચીજ નથી.

અંતરમાં ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યકંદ, જેની શક્તિનું સત્ત્વ એટલું મોટું છે કે જેમાંથી અનંત અનંત કેવળજ્ઞાનની પર્યાયનો પ્રવાહ નીકળે તોપણ એ શક્તિ ખૂટે નહિ. એવો એ શક્તિનો પાતાળ કૂવો છે મોટો. એના ઉપર નજર જવી. આમ બાહ્ય નજર છે પર્યાય ઉપર, રાગ ઉપર, નિમિત્ત ઉપર. ત્યાંથી દૃષ્ટિ ઉઠાવી અને અહીંયાં દ્રવ્ય સ્વભાવમાં દૃષ્ટિ મુક્તાં જે જ્ઞાન થાય તેને અહીં જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! શાસ્ત્ર ભણ્યો હોય ગમે તેટલા. 'નેમિચંદજી'! માર્ગ આવો, હોં! બહારના વ્યવહારવાળાને ઝઘડા ઊઠે, હોં! ભાઈ! વ્યવહાર તો પરવસ્તુ છે. પરવસ્તુમાંથી સ્વવસ્તુનું પ્રગટપણું કેમ થાય? વિકલ્પ અને શુભઉપયોગ તો વ્યવહાર છે. એમાંથી તો વિભાવપણું ઉત્પન્ન થયું છે અને વિભાવ થાય. એનાથી ત્રિકાળ સ્વભાવ અને વિભાવની એક્તા જ જે સ્વરૂપમાં નથી એવા પૃથક્ સ્વભાવને, વિભાવથી પૃથક્ સ્વભાવ પોતાનો, એના સ્વભાવનો આશ્રય લેતાં જે જ્ઞાન થાય તેને જ્ઞાન-આત્માનું શીલ એને કહેવામાં આવે છે.

'**णाणदंसण**' સમકિત લીધું છતાં દર્શન લીધું છે ત્યાં. ચારિત્ર નથી લીધું પણ એમાં સમાડી દીધું. સમકિતમાં ચારિત્ર સમાડી દીધું. '**સમ્યક્ત્વ કહનેમેં ચારિત્ર હી જાનના,...**' એમ નીચે અર્થ છે. '**दंसण**' તપ. ઈચ્છા નિરોધરૂપી આનંદની દશા એને તપ કહે છે. આહાહા..! ભારે. ઈચ્છાનું અનુત્પન્ન થવું અને આત્માના આનંદની તપતી દશા પ્રતપતિ પ્રગટ થવી એને અહીંયાં તપ, એને અહીંયાં શીલ કહેવામાં આવે છે. વીર્ય-પુરુષાર્થ. એ પણ સ્વભાવમાંથી જે સ્વભાવ પૂર્ણ પુરુષાર્થનો પિંડ છે એમાંથી નીકળેલી વીર્યદશા એને અહીંયાં વીર્ય અથવા એને આત્માનો પુરુષાર્થરૂપી શીલસ્વભાવ કહેવામાં આવે છે.

કહે છે કે એ '**આત્માકા આશ્રય પાકર...**' '**मप्पाणं**' છે ને? '**मप्पाणं**' એ આત્મા અખંડાનંદ પ્રભુ એનો આશ્રય પામીને એ શીલપણું પામે છે. એમાં પરનો આશ્રય હોઈ શકે નહિ. આહાહા..! ભારે કામ એનું. દિશા બદલવાની વાતું છે આ તો. આહાહા..! દિશા ન બદલે ત્યાં સુધી દશા પલટે નહિ. કહે છે કે જ્યાં ભગવાન પોતે છે ત્યાં વીર્યનું વલણ થઈને જે જાગૃત પુરુષાર્થની જાગૃતિ થાય એ વીર્યને શીલ કહે છે અને એ શીલને આધાર આત્માનો છે. છે? એ '**આત્માકા આશ્રય પાકર...**' એમ કહીને '**मप्पाणं**' શબ્દ પડ્યો છે ને? એમ કહીને એમ કહે છે કે પંચ આચાર જે વિકલ્પરૂપ વ્યવહાર છે એને આત્માનો આશ્રય નથી. સમજાણું કાંઈ?

જ્ઞાન આચાર આવે છે ને? 'પ્રવચનસાર'માં બધું ઘણું આવે છે. ત્યાં તો એમ કહે છે કે તારી કૃપાથી જ્યાં સુધી ન પામું.. ત્યાં એમ આવે છે, ચરણાનુયોગમાં. એય..! 'વજુભાઈ'! શું કહેવું આ? એ તો વ્યવહારના કથનોની શૈલી-પદ્ધતિ છે. સમજાણું? કે તારી કૃપાથી જ્યાં

સુધી પૂર્ણ ન પામું ત્યાં સુધી તને અંગીકાર કરું, જાણું છું કે તું મારું સ્વરૂપ નથી. પાછું એમ તો લીધું ભેગું? લીધું છે ને? આહાહા..! વિનયથી ભણવું, જ્ઞાનાચાર આઠ, દર્શનાચાર આઠ, વ્યવહાર. ચારિત્રઆચાર. ભાઈ! વિકલ્પ છે. એ વિકલ્પ છે. જાણું છું મારી જાત નહિ, મારું સ્વરૂપ નહિ. પણ જ્યાં સુધી હું પૂર્ણતાને ન પામું ત્યાં સુધી તને અંગીકાર કરું છું. અંગીકાર એટલે કે એને હોય છે. સમજાણું? પણ એનાથી પૂર્ણ પદની પ્રાપ્તિ મુક્તિ નથી.

**'આશ્રય પાકર પુરાતન કર્મોંકો વૈસે હી દગ્ધ કરતે હૈં...'** જે જ્ઞાન, જે દર્શન, જે ચારિત્ર, જે વીર્ય જે તપ. એની દશાને આત્મા દશાવાન એનો આશ્રય હોય તો તે શીલપણાને પામી મુક્તિનું કારણ થાય છે. સમજાણું કાંઈ? 'કલ્યાણજીભાઈ'! આવો માર્ગ છે. ભારે ભાઈ! વળી પાછા મંદિરો (કરવા), પંચકલ્યાણક (ઉજવવા)... એય..! 'ડાલચંદજી'! કેવું કર્યું 'અમદાવાદ'વાળાએ. એ તમારા વખાણ કાલે આવ્યા હતા. જૈન સંદેશમાં. 'અમદાવાદ'માં, 'મુંબઈ'માં એવા પંચકલ્યાણક કર્યા અને કેવા થયા! ભાઈ 'કૈલાસચંદજી'એ. એમ કે આ બહુ સારું કર્યું. પ્રતિમા, પ્રતિમા અને મંદિર દેખીને એવું પંચકલ્યાણક... એને એમ કે 'કાનજીસ્વામી'એ જે અત્યારે કર્યું એવું કોઈ કરી શક્યા નથી એમ કરીને...

મુમુક્ષુ :- 'કાનજીસ્વામી' કહે કે હું તો કરી શકતો નથી.

ઉત્તર :- અહીં કર્યું નથી. પણ એણે એવી વાત મૂકી હતી, જૈનસંદેશમાં. અમદાવાદનું મંદિર પણ બહુ સુંદર, પ્રતિમા, મંદિર. પંચકલ્યાણક વખતે પણ બહુ શાંતિ રહી. કોઈ વિરોધ નહિ. એ તો બહાર એવું થવાનું હોય એટલે થાય. કોણ કરે અને કોણ રોકે. આહાહા..! કહે છે કે આવું હોય પણ છતાં એ આત્માનું કાર્ય નથી. એ કાળે પરમાણુની પર્યાયનો પરિણમનના સ્વકાળે એ રીતે પરિણતિ ઉભી થઈ છે. આ આત્માનું કાર્ય નથી. આ એના પ્રત્યેનો પ્રેમનો શુભરાગ એ પણ આત્માનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- .. બાકી કર્યું તો છે.

ઉત્તર :- કોણે કર્યું? બધાએ ભેગા થઈને કર્યું હતું. 'કલ્યાણજીભાઈ'એ, 'શાંતિભાઈ'એ. કેમ 'મલૂકચંદભાઈ'! એના છોકરાએ મદદ કરી હતી. બાપુ! કોણ કરે? ભાઈ! સ્વતંત્ર રજકણો પદાર્થ છે. તેના તે સ્વકાળે એની પર્યાય થાય એને કાળે એ રચાય, એને બીજો કેમ રચે? સમજાણું કાંઈ? ભારે આકરું કામ. પોતાની ઉપસ્થિતિમાં એ થાય પણ એ થાય તે પણ અસ્તિવાળું તત્ત્વ છે કે નહિ? અને અસ્તિવાળું તત્ત્વ પોતાના પરિણમનના અસ્તિત્વથી થાય છે. આ ઉપસ્થિત છે માટે આને કારણે આ છે એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે આત્માને કારણે તો પાંચ આચાર આવે એ એના ખરા. એમ કહે છે. સમજાણું કાંઈ? એને આશ્રયે રાગ પણ ન થાય તો બહારના આચરણ તો ક્યાંથી થાય? આહાહા..! 'પ્રકાશદાસજી'! પ્રતિમા માને નહિ એટલે સ્થાનકવાસી પ્રતિમા માને એને ઠીક લાગે. વળી આ પ્રતિમા માને અને વળી આવી વાતું કરે ને વળી પ્રતિમા મોટા ઊભા કરે. વર્ષો વરસ મોટા મંદિરો અને પંચકલ્યાણક. કોણ કરે ભગવાન! 'ફતેપુર' ત્રણ છે. એ કાળે..

આહાહા..! પરમાણુનો એ સ્વકાળ જે પરમાણુનો તે જ ક્ષેત્રે તે જ પ્રસંગે થવાનો. એને બીજો કોણ કરે? એ આત્માનું આચરણ નહિ. એ તો નહિ પણ એના પ્રત્યેનો શુભભાવ થાય એ પણ આત્માનું સ્વરૂપ આચરણ નહિ. આહાહા..! હોય ખરું. સમજાણું કાંઈ?

અહીં તો '**मप्पाणं**' શબ્દ ઉપર વજન છે આખું. એ બધાને આત્માનો આધાર જોઈએ. પંડિતજી! છે શબ્દ? '**जलणो वि पवणसहिदो**' '**જૈસે કિ પવન સહિત અગ્નિ પુરાને સુખે ઇંધનકો દગ્ધ કર દેતી હૈ.**' આપણે કહે છે કે જ્યાં લા ત્યાં વા. એમ નથી કહેતા? એવું કહે છે. સાંભળ્યું છે કે નહિ? એમ કે અગ્નિ થાય અને તાકડે પવન નીકળે. બધાને સરખું કરી દે. અમારે 'પાલેજ'માં ઘણી વખતે એવું થાતું. ઘીના ડબા પડ્યા હોય, ઘાસલેટના ડબા હોય અને સળગ્યા હોય આમ હળ.. હળ.. હળ.. ભડકા બહાર ઊભા ઊભા જોઈએ. 'રાણપુર'વાળાનું સળગ્યું હતું એકવાર. 'રાણપુર'વાળા નહિ ઓલા? વિશાશ્રીમાળી નહોતા? કેવા કહેવાય? ત્યાં મકાન છે આપણું મંદિર છે. એ એની હતી જગ્યા. એ મકાન એના હતા પહેલા. 'વાડીભાઈ'એ એની પાસેથી લીધેલું. એના પહેલા વિશાશ્રીમાળીના હતા. લ્યો! એ વળી પ્રશ્ન મૂકે છે. એના પહેલા વિશાશ્રીમાળીના હતા. એ કેવા હતા એ નામ ભૂલી ગયા. અમારે ત્યાં હતા. 'રાણપર'ની દુકાન બળી ગઈ મોટી. 'રાણપુર'માં સળગી. એ વિશાશ્રીમાળીની હતી. અમે જોયેલાને. કાચા મકાન હતા. આ તો ઘણાં વર્ષ પહેલાની (વાત), (સંવત) ૧૯૭૦ની. કેવા નામ કહેતા કાંઈક. ઓલો છોકરો 'દેવચંદ'નહિ? ભાણેજ એનો હતો. 'ઘંટીયો'. એ ઘંટિયાના મામા મોસાળ હતા. એના મકાન સળગ્યા હતા 'પાલેજ'. હળ...હળ.. બે ત્રણ દુકાનો. શું કરો? ઊભા ઊભા જોવે. પાણી ત્યાં ક્યાંથી લાવવા? છાંટે ક્યાંથી? થવા કાળે થાય એને રોકે નહિ અને એ ઓલવાય નહિ. એમ મંદિર આદિ થવા કાળે થાય એના રોક્યા રોકાય નહિ અને કર્યા થાય નહિ. '**જૈસે કિ પવન સહિત અગ્નિ પુરાને સુખે ઇંધનકો દગ્ધ કર દેતી હૈ.**' એમ.. શું?

'**ભાવાર્થ :- યહાં સમ્યક્ત્વ આદિ પંચ આચાર તો અગ્નિસ્થાનીય હૈં ઔર આત્માકે ત્રૈકાલિક શુદ્ધ સ્વભાવકો શીલ કહતે હૈં, યહ આત્માકા સ્વભાવ પવનસ્થાનીય હૈ,...**' શીલ ત્યાં લીધું. ત્રિકાળી શુદ્ધ સ્વભાવ શીલ છે અને એ પંચઆચારમાં આ વર્તમાન શુદ્ધતા ભળે છે એ પણ શીલસ્વભાવ છે. વિકલ્પ નહિ. '**આત્માકે ત્રૈકાલિક શુદ્ધ સ્વભાવકો શીલ કહતે હૈં, યહ આત્માકા સ્વભાવ પવનસ્થાનીય હૈ, વહ પંચ આચારરૂપ અગ્નિ ઔર શીલરૂપી પવનકી સહાયતા પાકર...**' એમ શબ્દ જોઈએ થોડો. એ પંચ આચાર એટલે ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ એનો આશ્રય પામીને જે દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ થયા એવા જે પંચ આચારને આત્મરૂપ પવનની સહાયતા પ્રાપ્ત કરી, એમ જોઈએ. '**मप्पाणं**' શબ્દ છે ખરો ને. સમજાણું કાંઈ? પંચ આચારને તો અગ્નિસ્થાનિય કહ્યું. માથે ન કહ્યું? વળી પંચ આચારરૂપ પવનની સહાયતા પ્રાપ્ત કરીને, ક્યાંથી આવ્યું પાછું? ત્યાંથી ક્યાંથી આવ્યું? એ પંચાચારને આત્મરૂપ '**પવનકી સહાયતા પાકર...**' એમ જોઈએ. સમજાણું કાંઈ? શબ્દમાં ફેર પડી ગયો.

આહાહા..! ઢિંગ ધણીનો આશ્રય હોય કહે છે પાંચ આચારને. આહાહા..! દ્રવ્યસ્વભાવ વસ્તુ ધ્રુવસ્વભાવ, એનું જેને જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યનો આશ્રય હોય એ કર્મને બાળે, એ નિર્જરા કરે કર્મની. સમજાણું કાંઈ?

'**આત્માકો શુદ્ધ કરતા હૈ,...**' '**બંધકો દગ્ધ કરકે...**' રાગ, દ્વેષ, બંધ અને કર્મ જડ. '**ઈસ પ્રકાર શીલ હી પ્રધાન હૈ.**' ભગવાનઆત્માના પવિત્ર સ્વભાવનું પ્રગટપણું પવિત્રભાવ એ શીલ જ પ્રધાન છે. '**પાંચ આચારોંમેં ચારિત્ર કહા હૈ...**' અહીં નથી કહ્યું, કહે છે. શાસ્ત્રમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ને વીર્યમાં ચારિત્ર કહ્યું છે. અહીંયાં નથી કહ્યું. '**ઔર યહાં સમ્યક્ત્વ કહનેમેં ચારિત્ર હી જાનના, વિરોધ ન જાનના.**'

મુમુક્ષુ :- બેય લઈ લેવા.

ઉત્તર :- બેય આવ્યા. દર્શન જુદું પાડ્યું છે ને? '**सम्मत्तणाणदंसणतववीरिय**' નાખ્યું છે ને? દર્શન નાખ્યું પાછું. સમજાણું કાંઈ? ચારિત્ર ભલે ન કહ્યું હોય પણ સમકિતની સાથે ચારિત્ર (આવી જાય છે). પણ ક્યુ ચારિત્ર? સ્વરૂપનો આશ્રય પામીને સ્થિરતા અને શાંતિ પ્રગટ કરે તે. પંચમહાવ્રતના વિકલ્પ આદિ એ ચારિત્ર નહિ. અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ એ ચારિત્ર નહિ, એ શીલ નહિ. કુશીલ છે. આહાહા..! '**વિરોધ ન જાનના.**'

---

**आगे कहते हैं कि ऐसे अष्ट कर्मोंको जिनने दग्ध किये वे सिद्ध हुए हैं :–**

## ગાથા-૩૫

**णिदड्ढअट्ठकम्मा विसयविरत्ता जिदिंदिया धीरा।**
**तवविणयसीलसहिदा सिद्धा सिद्धिं गदिं पत्ता।।३५।।**

**निर्दग्धाष्टकर्माणः विषयविरक्ता जितेंद्रिया धीराः।**
**तपोविनयशीलसहिताः सिद्धाः सिद्धिं गतिं प्राप्ताः।।३५।।**

**વિજિતેન્દ્રિ વિષયવિરક્ત થઈ, ધરીને વિનય-તપ-શીલને,**
**ધીરા રહી વસુ કર્મ, શિવગત પ્રાપ્ત સિદ્ધપ્રભુ બને. ૩૫.**

**अर्थ :– जिन पुरुषोंने इन्द्रियोंको जीत लिया है इसीसे विषयोंसे विरक्त हो गये हैं, और धीर हैं, परिषहादि उपसर्ग आने पर चलायमान नहीं होते हैं, तप विनय शीलसहित हैं वे अष्ट कर्मोंको दूर करके सिद्धगति जो मोक्ष उसको प्राप्त हो गये हैं, वे सिद्ध कहलाते हैं।**

**भावार्थ :– यहाँ भी जितेन्द्रिय और विषयविरक्तता ये विशेषण शील ही की प्रधानता दिखाते हैं।।३५।।**

## ગાથા-૩૫ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ ઐસે અષ્ટ કર્મોંકો જિનને દગ્ધ કિયે વે સિદ્ધ હુએ હૈં :-'**

**णिदड्ढअट्ठकम्मा विसयविरत्ता जिदिंदिया धीरा।**
**तवविणयसीलसहिदा सिद्धा सिद्धिं गदिं पत्ता।।३५।।**

ધી-આમા હશે ક્યાંક છે, એમાં અર્થમાં. ધી-બુદ્ધિ-રી. ધ્યેય પ્રત્યે પ્રેરે બુદ્ધિને તેને ધીર કહેવામાં આવે છે. ધી એટલે બુદ્ધિ-જ્ઞાન. ર - પ્રેરે. ધ્યેય પ્રત્યે પ્રેરે. બુદ્ધિને દ્રવ્ય પ્રત્યે પ્રેરે. સમજાણું કાંઈ? આમાં તો અર્થ નથી. બીજામાં આવી ગયો છે પહેલા. આમાં તો નથી. સંસ્કૃત નથી. પહેલામાં આવી ગયું છે. વીરા અને ધીરા બેયનો અર્થ સંસ્કૃતમાં આવી ગયો છે. ધીરા. ધી-ધી-ધી. બુદ્ધિ, જ્ઞાન. એ જ્ઞાનને ધ્યેય પ્રત્યે, દ્રવ્ય પ્રત્યે પ્રેરે એવા જીવને ધીર કહેવામાં આવે છે. બાકી બધા અધીરા છે એમ કહે છે. આહાહા..! આ બધી ડોક્ટર-બોક્ટરની બુદ્ધિઓ બધી અધીર છે એમ કહે છે. આ વકીલ નહિ રામજીભાઈ? આહાહા..!

કહે છે, ધીરા. અરે..! તારી જ્ઞાનની વર્તમાન દશા, એને દ્રવ્ય તરફ વાળે તો એને બુદ્ધિવાળો ધીર કહેવામાં આવે છે. એમ કહે છે. આંખ ભલે બંધ હોય બહારની પણ અંતરના નેત્ર જ્ઞાનના જેણે અંતરમાં વાળ્યા એને અહીંયાં બુદ્ધિવંત, શાણો અને ધીર કહીએ છીએ. આહાહા..! સમજાણું કાંઈ? કેટલી ધીરજ...! અનાદિની પર્યાયબુદ્ધિ, અંશ ઉપર લક્ષ, રાગ ઉપર લક્ષ. એને આમ દિશામાં વાળવું એને બુદ્ધિ કહે છે. સમજાણું કાંઈ? ભલે પછી ઉઘાડ થોડો હોય તોપણ એ બુદ્ધિવંત છે.

**'અર્થ :- જિન પુરુષોંને ઈન્દ્રિયોંકો જીત લિયા હૈ...'** ઈન્દ્રિયોને જીતી છે. એટલે કે જેને રાગની રુચિ ગઈ છે. ખંડ ઈન્દ્રિય, જડ અને બાહ્ય બધાનો જેને પ્રેમ અને રુચિ ગઈ છે. **'વિષયોંસે વિરક્ત હો ગયે હૈં,...'** એ પરવિષય જે રાગ, પુણ્યનો વિકલ્પ, એનાથી પણ જે વિરક્ત થયો છે. એનું નામ વિષયથી વિરક્ત છે. સમજાણું કાંઈ? પરવિષય એવો રાગ એનાથી જેણે વિરક્ત, રાગમાં રક્તપણું હતું એ રાગથી વિરક્ત થયો, એ વિષયથી વિરક્ત થયો. સમજાણું કાંઈ? બહારથી વિષય છોડ્યા હોય છતાં રાગનો વિષય રાખ્યો હોય તો એ રાગમાં-વિષયમાં લીન છે. આહાહા..! ક્યાંય પણ એને સુખબુદ્ધિ લાગતી હોય રાગમાં, તો એ વિષયમાં લીન છે. વિષયમાં લીન છે. આ વિષયથી છૂટી ગયો છે. રાગની લીનતા છૂટી છે એ રાગથી વિરક્ત છે અને સ્વભાવમાં રક્ત છે. સમજાણું કાંઈ?

**'વિષયોંસે વિરક્ત હો ગયે હૈં, ઔર ધીર હૈં,પરિષહાદિ ઉપસર્ગ આને પર ચલાયમાન નહીં હોતે હૈં,...'** જે સ્વભાવનું ધ્યેય પકડ્યું છે એથી પ્રતિકુળતાનો યોગ હોય તો એને જ્ઞેય તરીકે જાણે છે. એમાં ડગતો નથી. સમજાણું કાંઈ? **'પરિષહાદિ ઉપસર્ગ...'** દુનિયા આમ બહારમાં ભાળે ને જાણે, એમ નથી. અંતરમાં ધ્યેયને પકડેલો પડ્યો છે એ ભાવ પ્રતિકુળ-અનુકૂળતાને ગણતો જ નથી. એ તો પ્રતિકુળ-અનુકૂળ રાગે કલ્પ્યું હતું. રાગની રુચિએ કલ્પ્યું હતું. રાગની રુચિ ગઈ અને સ્વભાવના ધ્યેયમાં પડ્યો એને બહારના અનુકૂળતા-

પ્રતિકુળતામાં જ્ઞાતા-દૃષ્ટાપણું રહે છે. એનું નામ ધીર કહેવામાં આવે છે. '**ચલાયમાન નહીં હોતે હૈં,...**' ધ્યેયથી ખસે નહિ એટલે જ્ઞાતા-દૃષ્ટામાં રહે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

વળી '**તપ, વિનય શીલસહિત હૈ...**' લ્યો! ઇચ્છાની ઉત્પત્તિનો અભાવ, વિનય, સ્વરૂપ તરફનું બહુમાન એવું જે શીલ એનાથી સહિત છે. ગાણા તો ભગવાનના છે અહીં તો. આહાહા..! મહિમાવંત એનો સ્વભાવ છે ને? એ ભગવાન પોતે છે. પરિપૂર્ણ પ્રભુ પોતે છે. એના ધ્યેયને પકડીને જે દશા થઈ એને અહીંયાં શીલ કહેવામાં આવે છે. '**શીલસહિત હૈં વે અષ્ટ કર્મોંકો દૂર કરકે...**' ભાષા તો શું થાય? આઠ કર્મ જડ છે. એને દૂર કરી શકાય છે? પણ એને આઠ કર્મનો સંબંધ રહેતો નથી. સ્વભાવના ધ્યેય તરફના જોરના વલણમાં એને રાગની ઉત્પત્તિ થતી નથી એટલે રાગના નિમિત્તો કર્મ પણ ત્યાં રહેતા નથી. એને અહીંયાં આઠ કર્મનો નાશ કર્યો એમ કહેવામાં આવ્યું છે.

એક કોર કહ્યું કે રાગનો નાશ કરવાનું કર્તાપણું આત્મામાં છે નહિ. અહીં કહે, આઠ કર્મને નાશ કરે. હવે આમાં મેળ શી રીતે કરવો?

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્ય પોતે કહે છે. બેય સાચા છે.

ઉત્તર :- બેય સાચા પણ કઈ અપેક્ષાથી? એકમાં રાગનો નાશકર્તા જીવને કહેવો એ નામમાત્ર છે. રાગનો નાશકર્તા આત્મા છે જ નહિ. આત્મા તો જાણનાર-દેખનાર છે. રાગની ઉત્પત્તિ થાય એને જાણે, નાશ થાય એને જાણે. નાશ કરે નહિ. અહીં કહે કે આઠ કર્મનો નાશ કરે. પોતે ને પોતે 'કુંદકુંદાચાર્ય' કહે છે. એય..!

મુમુક્ષુ :- જેમ ઠીક પડે..

ઉત્તર:- એમ હોય? ઠીક પડે એમ હોય? એમાં હોય એમ હોય. એમાં હોય એનું કથન હોય. ન હોય એનું હોય? ફુદડીવાદ છે આ તે? .. નો અર્થ ત્યાં કર્મનો અસદ્ભુત વ્યવહારનયે નાશ થાય છે, અશુદ્ધનયે રાગનો નાશ થાય છે. ઓલા .. નાશ થાય છે. શુદ્ધ નયે તો સ્વભાવનો આશ્રય છે ત્યાં એની ઉત્પત્તિ થતી નથી. એને નાશ થાય એમ કહેવામાં આવે છે. આહાહા..! પંડિતજી! પછી કહે ચર્ચા કરો. કે લ્યો. ભાઈ! ચર્ચાની રીત સમજ્યા વિના ચર્ચા કોની સાથે કરવી? જુઓ! શાસ્ત્રમાં કહ્યું છે કે કર્મને લઈને રખડે અને કર્મનો નાશ કરે. એ કઈ અપેક્ષાથી છે? પૂર્વાપર વિરોધ થયો તો તો. એકકોર રાગનો નાશકર્તા ના પાડવી અને એકકોર આઠ કર્મોનો નાશકર્તા કહેવો. કઈ નયનું કથન છે એ જાણવું જોઈએ ને.

મુમુક્ષુ :- અનેકાંત છે ને આમ પણ થાય, આમ પણ થાય.

ઉત્તર :- અનેકાંત છે. આત્માને ઝેરથી લાભ થાય અને અમૃતથી લાભ થાય એવું અનેકાંત હશે? વ્યવહારથી નિશ્ચય થાય, નિશ્ચયથી નિશ્ચય થાય એવું અનેકાંત હોય? વ્યવહારથી થાય નહિ અને નિશ્ચયથી થાય એનું નામ અનેકાંત છે. એય..! આહાહા..! જુઓને!

'**દૂર કરકે...**' જેણે. દૂર શું? દૂર થઈ જાય છે એને કારણે. કર્મને કારણે હોં! આત્માને કારણે નહિ. '**સિદ્ધગતિ જો મોક્ષ ઉસકો પ્રાપ્ત હો ગયે હૈં,...**' ઓહો..! પૂર્ણ આનંદ અને

પૂર્ણ જ્ઞાન-દર્શન અને વીર્યની પ્રાપ્તિ થઈ ગઈ. એ મોક્ષપદને પ્રાપ્ત થયા. **'वे सिद्ध कहलाते हैं.'** લ્યો! **'सिद्धा सिद्धिं गदिं पत्ता'** એમ છે ને? એને સિદ્ધ કહીએ અને એ સિદ્ધગતિને પ્રાપ્ત કહેવામાં આવે છે. સિદ્ધા સિદ્ધિં મમ દિસંત્તુ. નથી આવતું લોગ્ગસમાં? આ 'લાલભાઈ'ને બેસે અને 'લાલભાઈ'ના કુટુંબ ભાઈઓને ન બેસે એ કેમ હશે? આ શું છે? વળી ઈ વિકલ્પ આવ્યો. કો'ક કહેતું હતું, હોં! ઘરમાં 'લાલભાઈ' જેવા પાક્યા અને એના ભાઈને બેસે નહિ, એમ કો'ક કહેતું હતું. એમ. કો'ક કહેતું હતું હોં બે દિ' પહેલા.

મુમુક્ષુ :- યોગ્યતા..

ઉત્તર :- યોગ્યતા. એનો બાપ અને એના સગા ભાઈઓ છે. સગા ભાઈ છે ને? ઓલા ડોશી હતા ને એક ફેરી ગયા નહોતા આપણે? એના ઘરે ડોશી હતા. ગયા હતા, બેઠા હતા. બસ યોગ્યતાની વાત છે. આહાહા..! અરે..! ભગવાન! તારા સ્વભાવમાં... એને ઓલા બહારના સંપ્રદાયની પદ્ધતિથી સારું લાગ્યું હોય ને. આ શું કહે છે એ અંદર પકડાવું કઠણ છે.

કહે છે, આવા જીવ મુક્તિને પામે એમ કહે છે. જેનો આત્મસ્વભાવ ખીલી નીકળ્યો છે. એ ખીલેલા પૂર્ણ સ્થિરતાને પામે છે એમ કહે છે. રાગને કારણે કે નિમિત્તને કારણે (પામે) એ હોતું નથી.

**'ભાવાર્થ :- यहां भी जितेन्द्रिय और विषयविरक्तता ये विशेषण शील ही की प्रधानता दिखाते हैं.'** લ્યો! અહીં જિતેન્દ્રિયપણું કહ્યું ને? અને વિષયથી વિરક્ત એટલે પરથી છૂટો, રાગથી ભિન્ન. **'ये विशेषण शील ही की प्रधानता दिखाते है.'** શીલની મુખ્યતા બતાવે છે.

---

**आगे कहते हैं कि जो लावण्य और शील युक्त हैं वे मुनि प्रशंसाके योग्य होते हैं :-**

## ગાથા-૩૬

**लावण्णसीलकुसलो जम्ममहीरुहो जस्स सवणस्स।**
**सो सीलो स महप्पा भमिज्ज गुणवित्थरं भविए।।३६।।**

**लावण्यशीलकुशलः जन्ममहीरुहः यस्य श्रमणस्य।**
**सः शीलः स महात्मा भ्रमेत् गुणविस्तारः भव्ये।।३६।।**

**જે શ્રમણ કેરું જન્મતરુ લાવણ્ય-શીલસમૃદ્ધ છે,**
**તે શીલધર છે, છે મહાત્મા, લોકમાં ગુણ વિસ્તરે. ૩૬.**

**अर्थ :- जिस मुनिका जन्मरूप वृक्ष लावण्य अर्थात् अन्यको प्रिय लगता है ऐसा सर्व अंग सुन्दर तथा मन वचन कायकी चेष्टा सुन्दर और शील अर्थात् अंतरंग मिथ्यात्व विषय रहित परोपकारी स्वभाव, इन दोनोंमें प्रवीण निपुण हो वह मुनि शीलवान् है महात्मा है उसके गुणोंका**

**विस्तार लोकमें भ्रमता है, फैलता है।**

**भावार्थ :– ऐसे मुनिके गुण लोकमें विस्तारको प्राप्त होते हैं, सर्व लोकके प्रसंसा योग्य होते हैं, यहाँ भी शील ही की महिमा जानना और वृक्षका स्वरुप कहा, जैसे वृक्षके शाखा, पत्र, पुष्प, फल सुन्दर हों और छायादि करके राग–द्वेषरहित सब लोकका समान उपकार करे उस वृक्षकी महिमा सब लोग करते हैं; ऐसे ही मुनि भी ऐसा हो तो सबके द्वारा महिमा करने योग्य होता है।।३६।।**

## ગાથા-૩૬ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો લાવણ્ય ઔર શીલયુક્ત હૈ વે મુનિ પ્રશંસાકે યોગ્ય હોતે હૈં :–'**

**लावण्णसीलकुसलो जम्ममहीरुहो जस्स सवणस्स।**
**सो सीलो स महप्पा भमिज्ज गुणवित्थरं भविए।।३६।।**

**'અર્થ :– જિસ મુનિકા જન્મરૂપ વૃક્ષ લાવણ્ય અર્થાત્ અન્યકો પ્રિય લગતા હૈ...'** કહે છે કે એનત જન્મ જ જગતને પ્રિય લાગે. શરીર પ્રિય લાગે એવો જેનો અવતાર હોય છે. **'लावण्णसीलकुसलो जम्ममहीरुहो'** છે ને? જન્મરૂપી પૃથ્વીમાં ઉગેલું વૃક્ષ. એટલે એ આત્મા લાવણ્યથી, જેનું શરીર જ પહેલેથી લોકોને પ્રિય લાગે એવું શરીર હોય, લાવણ્યતા હોય, એમ કહે છે. આહાહા..! **'મુનિકા જન્મરૂપ વૃક્ષ લાવણ્ય અર્થાત્ અન્યકો પ્રિય લગતા હૈ ઐસા સર્વ અંગ સુંદર...'** જુઓ! પહેલા ના પાડી હતી એક ફેરી. કે .. આવા હોય, શરીર આવા હોય પણ આત્માના શીલ વિના એ શોભે નહિ. એમ આવ્યું હતું ગાથામાં. આવ્યું હતું કે નહિ? **'वट्टेसु' 'वट्टेसु'** ૨૫ ગાથા.

**वट्टेसु य खंडेसु य भद्देसु य विलासेसु अंगेसु।**
**अंगेसु य पप्पेसु य सव्वेसु य उत्तमं सीलं।।२५।।**

**'પ્રાણીકે દેહમેં કઈ અંગ તો વૃત્ત અર્થાત્ ગોલ સુઘટ પ્રશંસા યોગ્ય હોતે હૈં,...'** બરાબર સુંદર શરીર, નાક જોવે એવું, કાન જોવે એવા, કુંડળ જેવા બધા અંગો સુંદરતા અને લાવણ્યતાવાળા. **'કઈ અંગ ખંડ અર્થાત્ અર્ધગોલ સદશ પ્રશંસા યોગ્ય હોતે હૈં,...'** અર્ધગોલ શરીર પ્રશંસા કરવા યોગ્ય છે. **'કઈ અંગ ભદ્ર અર્થાત્ સરલ સીધે પ્રશંસા યોગ્ય હોતે હૈં...'** નાક આદિ. **'ઔર કઈ અંગ વિશાલ અર્થાત્ વિસ્તીર્ય ચૌડે...'** છાતિ આદિ. **'ઈસપ્રકાર સબહી અંગ યથાસ્થાન શોભા પાતે હુએ ભી અંગોમેં યહ શીલ નામકા અંગ હી ઉત્તમ હૈ,...'** કહો, સમજાણું કાંઈ? એમાં આત્માના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ શીલની શોભા છે. એ કાંઈ શરીરને લઈને નહિ. અહીં જરી આચાર્યે વ્યવહાર નાખ્યો છે. જેની શરીરની સુંદરતા અને એમાં આત્માની સુંદરતા. બે હોય તો જગતમાં એને એનું માહાત્મ્ય પ્રસરે. એમ કહ્યું. માહાત્મ્ય છે ને.

**'અર્થ :– જિસ મુનિકા જન્મરૂપ વૃક્ષ લાવણ્ય અર્થાત્ અન્યકો પ્રિય લગતા હૈ ઐસા**

**સર્વ અંગ સુંદર તથા મન વચન કાયકી ચેષ્ટા સુંદર...**' એમ પાછું. કંઠમાં કાંઈક તોતડું હોય, શરીર કાંઈક જરી સુંદર હોવા છતાં ક્યાંક વાકું હોય. કહે છે કે કાયની ચેષ્ટા સુંદર '**ઔર શીલ અર્થાત્ અંતરંગ મિથ્યાત્વ વિષય રહિત...**' લ્યો! અંતરંગ તો રાગની એક્તારૂપી મિથ્યાત્વ, એનાથી રહિત. કહો, સમજાણું કાંઈ? '**અતરંગ મિથ્યાત્વ વિષય રહિત...**' જોયું! મિથ્યાત્વ વિષયથી રહિત એમ છે ને? મિથ્યાત્વ વિષયથી રહિત. એ તો મિથ્યાત્વ વિષય, મિથ્યાત્વ પોતે વિષય છે પર. અથવા મિથ્યાત્વ પોતે વિષય છે. અથવા પર તરફનો વિષય તે જ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાયકભાવ તેનો વિષય છોડીને એકલો પરવિષયભાવ કરવો એ જ મિથ્યાત્વભાવ છે, એમ કહે છે. શીલપાહુડ છે આ અષ્ટપાહુડમાં. વળી શબ્દ આ નાખ્યો છે થોડો. પરોપકારી સ્વભાવ. પાઠમાંથી નીકળે છે? પાઠમાં નથી. લાવણ્ય શીલકુશળ. .. '**जम्ममहीरुहो**'

મુમુક્ષુ :- બહારના પુણ્યમાંથી...

ઉત્તર :- એમાંથી કાઢ્યું. લાવણ્ય સાથે નાખ્યું છે. લાવણ્યતાની સાથે આવી લાવણ્યતા. એમ. પરોપકારી સ્વભાવ હોય. પરનું હિત થવાનો જેનો ભાવ વિકલ્પ આદિ. એમ.

**નપરોપકારી સ્વભાવ, ઇન દોનોંમેં પ્રવીણ નિપુણ હો વહ મુનિ શીલવાન હૈ...**' '**सो सीलो**' એમ છે ને? '**जस्स सवणस्स सील**' '**स महप्पा**' એ '**મહાત્મા હૈ ઉસકે ગુણોંકા વિસ્તાર લોકમેં ભ્રમતા હૈ, ફૈલતા હૈ.**' '**भमिज्ज**' એવા જીવનો. '**भमिज्ज**'નો અર્થ થાય? ભવ્યે. '**ભ્રમતા હૈ, ફૈલતા હૈ.**' વિસ્તાર થાય. આવા ભવ્ય જીવનો.. શબ્દાર્થ સંસ્કૃત નથી એટલે પછી ટીકા '**भमिज्ज गुणवित्थरं भविए**' એમ. '**ઉસકે ગુણોંકા વિસ્તાર લોકમેં ભ્રમતા હૈ,...**' એટલે દુનિયા જેને પ્રશંસે છે. દુનિયામાં આબરૂ જેની વિશેષ છે. અંતર મિથ્યાત્વના વિષય રહિત છે. બહારમાં આવી લાવણ્યતા અને પરોપકારનો સ્વભાવ છે. એમ બે. સમજાણું કાંઈ? '**ઉસકે ગુણોંકા વિસ્તાર લોકમેં ભ્રમતા હૈ, ફૈલતા હૈ.**'

'**ભાવાર્થ :- ઐસે મુનિકે ગુણ લોકમેં વિસ્તારકો પ્રાપ્ત હોતે હૈં, સર્વ લોકકે પ્રશંસા યોગ્ય હોતે હૈં, યહાં ભી શીલ હી કી મહિમા જાનના...**' મૂળ તો શીલની મહિમા છે, કહે છે. પરોપકારનો ભાવ પણ એ જાતનો વ્યવહાર વિકલ્પ શીલ છે ને? એમ. વ્યવહારશીલ. અને અંતરનો નિશ્ચયશીલ. એ પણ શીલની જ મહિમા કહી છે. એમ. શું કીધું સમજાણું? એક તો આત્મામાં સ્વવિષય બનાવીને મિથ્યાત્વના વિષયનો જેણે ત્યાગ કર્યો છે. અને લાવણ્યતા નામ શરીરની સુંદરતા અને પરોપકારી સ્વભાવ. એવી લાવણ્યતા. એમ. સમજાણું કાંઈ? એના ગુણો જગતમાં વિસ્તરે છે, ફેલાય છે.

'**વૃક્ષકા સ્વરૂપ કહા, જૈસે વૃક્ષકે શાખા, પત્ર, પુષ્પ, ફુલ સુંદર હો...**' કહ્યું છે ને? '**जम्ममहीरुहो** ' માથે આવ્યું હતું ને? જન્મરૂપી વૃક્ષ. '**વૃક્ષકા સ્વરૂપ કહા, જૈસે વૃક્ષકે શાખા, પત્ર, પુષ્પ, ફુલ સુંદર હોં ઔર છાયાદિ કરકે રાગ-દ્વેષરહિત...**' છાયામાં કાંઈ રાગદ્વેષ છે એને છાયામાં? '**સબ લોકકા સમાન ઉપકાર કરે...**' વૃક્ષ-વૃક્ષની વાત છે અત્યારે પહેલી. '**છાયાદિ કરકે રાગ-દ્વેષરહિત...**' છાયા આપે એમાં કાંઈ પર ઉપર પ્રેમ છે? સમજાય છે?

**'સબ લોકકા સમાન ઉપકાર કરે...'** ઝાડ-ઝાડ-વૃક્ષ.

**'ઉસ વૃક્ષકી મહિમા સબ લોગ કરતે હૈં;...'** લ્યો! જુઓ! એક મોટું ઝાડ છે 'ભરૂચ'માં. એક માઈલમાં છે મોટું, ડાળ નાની. વટવૃક્ષ મોટું છે. કાંઈ કહે છે એને 'કબીરવડ'. 'ભરૂચ'માં છે એક મોટું. મોટું ઝાડ છે. છાયો... છાયો... છાયો... છાયો... અહીંયા પણ એક ઝાડ છે 'કલકત્તા' બહાર વનમાં, બાગમાં છે એક ઝાડ મોટું. બગીચામાં છે, ખબર છે. બધું જોયું છે. નીકળ્યા હતા. એ લોકો કહેતા હતા. આ કબીરવડમાં તો જોડે નીકળ્યા હતા તે દિ'. એ તો નાની ઉંમરની વાત છે. (સંવત) ૧૯૬૫-૬૬ની વાત છે. એક મોહનલાલજી સાધુ આવ્યા હતા. 'બરવાળા'ના. એ ક્યાં ઉતર્યા હતા એ જોવા નીકળ્યા હતા. ત્યાં તો અહીં હશે, અહીં હશે એમ જોતા જોતા નીકળ્યા. અહીં છે મોટું ઝાડ. એક સાધુ નીકળ્યા. 'ભરૂચ'ની ધર્મશાળા સ્ટેશનની સામે નીકળ્યા. તે દિ' પછી આમ મેળામાંથી નાટક જોવા ગયા હતા. એ વાત છે. બહુ વૈરાગી નાટક, હોં! એ વખતે નાટક બહુ વૈરાગી હતા. ડાહ્યાભાઈ નહિ? ડાહ્યાભાઈ ધોળશા. હું અને ફાવાભાઈ બે હતા. ફાવાભાઈ અમારે નહિ? બે હતા. ૬૫-૬૬ની વાત હશે. ત્યાં 'ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ, હું સાધુડાને સંગે રાણા ઘેલી થઈ.' અત્યારના તમારા નાટકે-ફિલ્મે તો મારી નાખ્યા છે જગતને. એક બાઈ આમ જોવે ને એક... અર..ર..! આ તે નૈતિક જીવનના ઠેકાણા ન મળે એવા નાટકો. અને ગાણા ગાય તો છોકરા બહાર નીકળે એ રાગમાં ગાય પાછા દેશીના. પહેલાના તો વૈરાગ્યના. ઓહો..! બધું ઘણું ફરી ગયું, હોં! નૈતિક જીવન નાટકો, નૈતિક જીવન આદિ બધા ફરી ગયા. માળે હોં! ધર્મમાં જેમ અરાજકતા આવી ગઈ, એમ બહારમાં પણ આવી ગઈ. ધર્મનું આવું સ્વરૂપ નહોતું ત્યારે. નૈતિકતા હતી. બહાર આવ્યું નહોતું એ વખતે આવું.

મુમુક્ષુ :- એ વખતે ધર્મની અરાજકતા બહુ મોટી હતી

ઉત્તર :- હા, એ જ કહું છું. અત્યારે ઓછી થઈ ગઈ. અત્યારે તો આવું ક્યાં હતું? આહાહા..! આવી વાતું, આવું જ્ઞાન, આવી લાઈન ક્યાં હતી?

કહે છે, એ ઝાડ જેમ **'રાગ-દ્વેષરહિત સબ લોકકા સમાન ઉપકાર કરે ઉસ વૃક્ષકી મહિમા સબ લોગ કરતે હૈં; ઐસે હી મુનિ ભી ઐસા હો તો સબકે દ્વારા મહિમા કરને યોગ્ય હોતા હૈ.'** મિથ્યાત્વના વિષયથી વિરક્ત હોય તો એમ કહે છે. શરત એ છે. મુનિ થાય અને મિથ્યાત્વભાવ છે, રાગથી ધર્મ માને, વ્યવહારથી ધર્મ માને, દેહની ક્રિયા હું કરી શકું એમ માને, દૃષ્ટિ પર ઉપર છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? **'તો સબકે દ્વારા મહિમા કરને યોગ્ય હોતા હૈ.'** લ્યો! બધાને મહિમા કરવા લાયક છે.

आगे कहते हैं कि जो ऐसा हो वह जिनमार्गमें रत्नत्रयकी प्राप्तिरूप बोधिको प्राप्त होता है :-

## ગાથા-૩૭

णाणं झाणं जोगो दंसणसुद्धीय [१]वीरियायत्तं।
सम्मत्तदंसणेण य लहंति जिणसासणे बोहि।।३७।।

ज्ञानं ध्यानं योगः दर्शनशुद्धिश्च वीर्यायत्ताः।
सम्यक्त्वदर्शनेन च लभन्ते जिनशासने बोधि।।३७।।

દગશુદ્ધિ, જ્ઞાન, સમાધિ, ધ્યાન સ્વશક્તિ-આશ્રિત હોય છે,
સમ્યક્ત્વથી જીવો લહે છે બોધિને જિનશાસને. ૩૭.

अर्थ :- ज्ञान, ध्यान, योग, दर्शनकी शुद्धता ये तो वीर्यके आधीन हैं और सम्यग्दर्शनसे जिनशासनमें बोधिको प्राप्त करते हैं, रत्नत्रयकी प्राप्ति होती है।

भावार्थ :- ज्ञान अर्थात् पदार्थोंको विशेषरूपसे जानना, ध्यान अर्थात् 'स्वरूपमें एकाग्रचित होना, योग अर्थात् समाधि लगाना, सम्यग्दर्शनको निरतिचार शुद्ध करना ये तो अपने वीर्य (शक्ति) के आधीन है, जितना बने उतना हो परन्तु सम्यग्दर्शनसे बोधि अर्थात् रत्नत्रयकी प्राप्ति होती है, इसके होने पर विशेष ध्यानादिक भी यथाशक्ति होते ही हैं और इससे शक्ति भी बढ़ती है। ऐसे कहनेमें भी शील ही का माहात्म्य जानना, रत्नत्रय है वही आत्माका स्वभाव है, उसको शील भी कहते हैं'।।३७।।

## ગાથા-૩૭ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો ઐસા હો વહ જિનમાર્ગમેં રત્નત્રયકી પ્રાપ્તિરૂપ બોધિકો પ્રાપ્ત હોતા હૈ :-'** લ્યો! ત્રણની પ્રાપ્તિ તેને અહીંયાં બોધિ કહે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણની પ્રાપ્તિને અહીં બોધિ કહે છે. બોહિલાભં આવે છે ને?

णाणं झाणं जोगो दंसणसुद्धीय [१]वीरियायत्तं।
सम्मत्तदंसणेण य लहंति जिणसासणे बोहि।।३७।।

જૈનશાસનમાં આ પ્રાપ્ત થાય. વીતરાગ માર્ગમાં. બીજે ઠેકાણે એ વાત હોતી નથી. એમ સિદ્ધ કરે છે.

**'અર્થ :- જ્ઞાન, ધ્યાન, યોગ, દર્શનકી શુદ્ધતા યે તો વીર્યકે આધીન હૈં...'** એમ.

१. - मुद्रित संस्कृत प्रतिमें 'वीरियावत्तं' ऐसा पाठ है जिसकी छाया 'वीर्यत्व' है।

જુઓ! એ પુરુષાર્થને આધીન છે. જ્ઞાન પણ આત્માના પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે, ધ્યાન પણ આત્માના પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. એની મેળાએ પ્રાપ્ત થતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? યોગ-સ્વરૂપનું જોડાણ. રાગની એક્તા તૂટીને સ્વરૂપનું જોડાણ પણ પુરુષાર્થથી થાય છે. સમજાણું કાંઈ? '**वीरियायत्तं**' શબ્દ છે ને? '**वीरियायत्तं**' કોઈ કોઈ ઠેકાણે કર્યું છે. વીર્યપણું. '**वीरियायत्तं**' આયતન છે ને? ઓલું વીરિયાવત્તં. એટલે વિર્યતં-વીર્યપણું '**दंसणसुद्धीय वीरियायत्तं।**' એમ. પણ અહીં વીર્યપણું એમ લઈ લીધું પછી બધું વીર્યને આધીન છે.

'**જ્ઞાન, ધ્યાન, યોગ,...**' આત્માનું જ્ઞાન, હોં! એ પુરુષાર્થથી પમાય છે. વીર્યને આધીન છે. લ્યો! સહજ સાધ્ય છે એમ કહ્યું ને વીર્ય? 'કળશટીકા'માં. સમકિત સહજ સાધ્ય છે, યત્નસાધ્ય નથી એમ કહ્યું હતું ને. અહીં તો કહે છે, વીર્યાધીન છે. સમજાણું કાંઈ? વગર પુરુષાર્થે મળે, દુર્ધર પુરુષાર્થે પ્રાપ્ત થાય એવી ચીજ, વગર પુરુષાર્થે મળે એવી ચીજ એ છે નહિ. આહાહા..! '**સમ્યગ્દર્શનસે જિનશાસનમેં બોધિકો પ્રાપ્ત કરતે હૈં,...**' લ્યો! ઓલામાં '**णाणं झाणं जोगो दंसणसुद्धीय**' લીધી હતી. છતાં પાછું '**सम्मत्तदंसणेण**' એમ. સમ્યગ્દર્શન જો હોય તો આ બધા વડે તે બોધીને પામે. સમ્યગ્દર્શન મુખ્ય છે. તો એ જ્ઞાન અને ચારિત્રને પામે. સમ્યગ્દર્શન ન હોય ત્યાં જ્ઞાન અને ચારિત્ર હોતા નથી.

'**સમ્યગ્દર્શનસે જિનશાસનમેં બોધિકો પ્રાપ્ત કરતે હૈં,...**' એ પણ જૈનશાસનને વિષે એમ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે માર્ગ કહ્યો એ માર્ગમાં આવે તો આ પામે. બીજે એ વીતરાગ સિવાય માર્ગ હોતો નથી. '**રત્નત્રયકી પ્રાપ્તિ હોતી હૈ.**' લ્યો! રત્નત્રય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. જૈનશાસનમાં એને બોધિ કહે છે. બોધિમાં ત્રણેની પ્રાપ્તિને બોધિ કહેવામાં આવે છે. પણ જૈનશાસનમાં એ પુરુષાર્થથી ત્રણે પમાય એમ કહે છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન એ તો પુરુષાર્થ વિના ક્યું કાર્ય થાય છે? રાગમાં પણ ઊંધો પુરુષાર્થ છે ને? એને વીર્ય ગણ્યું નથી. વીર્ય તો એને ગણ્યું કે જે સ્વરૂપની રચના કરે એને વીર્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વીર્યગુણ આવ્યો છે ને શક્તિમાં? ૪૭ શક્તિ. એમાં વીર્યગુણની વ્યાખ્યા એ છે. પોતાનું સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર નિર્મળતાને રચે તો એ વીર્ય કહેવાય. રાગને રચે એને વીર્ય કહેતા નથી. લ્યો, એ વાત નાખી થોડી, હોં! પુરુષાર્થને આધીન બધું છે. ભાવાર્થ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

## પ્રવચન નં. ૧૯૫, ગાથા-૩૭-૩૮, બુધવાર, મહા વદ ૧૪, તા.૨૪-૨-૭૧

૩૭વીં ગાથા. ભાવાર્થ. ક્યા કહતે હૈં ઉસમેં? દેખો! '**જ્ઞાન અર્થાત્ પદાર્થોંકો વિશેષરૂપસે જાનના,...**' અપના આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ, આનંદસ્વરૂપ હૈ. ઉસકા જ્ઞાન કરના ઉસકા નામ યહાં જ્ઞાન કહનેમેં આતા હૈ. શીલકી વ્યાખ્યા ચલતી હૈ ન? શીલ... શીલ. શીલ

નામ અપના જો ત્રિકાલી જ્ઞાનસ્વભાવ, ઉસમેં એકાગ્ર હોકર અપને જ્ઞાનકી સ્વાવલંબી પર્યાય પ્રગટ હો, ઉસકો જ્ઞાન કહતે હૈં ઔર ઉસકો આત્માકા શીલ કહતે હૈં. શાસ્ત્રકા જ્ઞાન ભી યથાર્થ જ્ઞાન નહીં. મોક્ષકે માર્ગકી બાત ચલતી હૈ. પંડિતજી! ઐસા મોક્ષમાર્ગ (હૈ). ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદકા રૂપ-સ્વરૂપ ઉસકા હૈ. ઉસમેં અંતર્મુખ હોકર, ચૈતન્યકે સન્મુખ હોકર જો જ્ઞાનકી વર્તમાન દશા શુદ્ધ પ્રગટ હો, ઉસકા નામ આત્માકા જ્ઞાન અથવા આત્માકા શીલ સ્વભાવ કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

'**ધ્યાન અર્થાત્ સ્વરૂપમેં એકાગ્રચિત્ત હોના,...**' સ્વરૂપ જો શુદ્ધ હૈ, પવિત્ર વીતરાગસ્વરૂપ આત્માકા હૈ. સ્વરૂપ હી ઉસકા વીતરાગસ્વરૂપ હૈ. જિન સો હી આત્મા. ઉસ આત્મામેં એકાગ્રતા, ઉસકા નામ ધ્યાન હૈ. સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય પરમ અતીન્દ્રિય આનંદસ્વરૂપ, ઉસકો ધ્યેય બનાકર ઉસમેં એકાગ્રતા હોના ઉસકા નામ આત્મધ્યાન કહનેમેં આતા હૈ ઔર વહી મોક્ષકા માર્ગ હૈ. ઔર વહી ધ્યાન.. આત્મા શુદ્ધ ચૈતન્ય પરમપવિત્ર, ઉસકે ધ્યાનમેં જો પવિત્રતા પ્રગટ હો વહી આત્માકા શીલ સ્વભાવ કહનેમેં આતા હૈ. સમજમેં આતા હૈ? ઐસી વસ્તુ હૈ. હિન્દીમેં ભી જો હો વહ આયે ન. બાકી ન આવે. ઐસી ચીજ હૈ, ભૈયા! વીતરાગમાર્ગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માને જો સ્વરૂપ આત્માકા દેખા ઔર ઉસ સ્વરૂપમેં લીન હોકર કેવલજ્ઞાન પાયા, વહ કેવલજ્ઞાન પાનેકી રીત બતાતે હૈં. મોક્ષ હોનેકી.

તેરા સ્વભાવ, તુમ જો વિકલ્પકા-રાગકા, પરકા ધ્યાન કરતે હો, અરિહંત, સિદ્ધકા ધ્યાન કરના, વહ ભી વિકલ્પ હૈ. ક્યોંકિ વહ તો પરદ્રવ્ય હૈ. પરદ્રવ્ય પર લક્ષ્ય જાનેસે, પરદ્રવ્યકી ઓર ઝુકનેસે તો વિકલ્પ, પુણ્ય-શુભભાવ હોતા હૈ. યથાર્થ ધ્યાન નહીં હોતા. યથાર્થ ધ્યાન, ભગવાનઆત્મા સિદ્ધસ્વરૂપી શુદ્ધ ચૈતન્યઘન, ઉસમેં એકાગ્રતા હોના ઉસકા નામ વાસ્તવિક ધ્યાન ઔર આત્માકા શીલ સ્વભાવ ઉસકો કહનેમેં આતા હૈ. કિ જો શીલસે આત્માકી મુક્તિ હો. સમજમેં આતા હૈ? ધ્યાન એકાગ્રચિત્ત.

'**યોગ અર્થાત્ સમાધિ લગાના,...**' કૌન-સી સમાધિ? પ્રકાશદાસજી! સ્વભાવ સમાધિ. ... આત્મા.. જો વિકલ્પ-રાગ ઉઠતા હૈ,.. સૂક્ષ્મ સ્વભાવ વીતરાગમાર્ગ હૈ, ભૈયા! પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવકા પંથ વીતરાગમાર્ગસે ઉત્પન્ન હોતા હૈ-વીતરાગભાવસે ઉત્પન્ન હોતા હૈ. આહા..! કહતે હૈં કિ '**યોગ અર્થાત્ સમાધિ લગાના,...**' અર્થાત્ જો વિકલ્પમેં એકાગ્રતા હૈ, વહ સ્વભાવમેં એકાગ્રતા હોની. સમજમેં આતા હૈ? પાઠ હૈ ન? '**णाणं झाणं जोगो**' ૩૭વીં ગાથા હૈ. '**णाणं झाणं जोगो**' ઉસકા અર્થ ચલતા હૈ. જ્ઞાન ભી આત્માકા, ધ્યાન ભી આત્માકા, યોગ યાની જુડાન આત્મામેં જુડાન ઉસકા. રાગરહિત અપની શાંતિસે અપને આત્મામેં જુડાન કરના ઉસકા નામ સમાધિ ઔર યોગ કહનેમેં આતા હૈ. સમજમેં આતા હૈ?

'**સમ્યગ્દર્શનકો નિરતિચાર શુદ્ધ કરના...**' હૈ ન? '**दंसणसुद्धीय**' '**सम्मत्तदंसणेण य लहंति**' દર્શનશુદ્ધિ, ઐસા કહા હૈ ન? દર્શનશુદ્ધિકા અર્થ-અપના આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ અભેદ, ઉસકી દૃષ્ટિ શુદ્ધ કરના ઔર ઉસ દૃષ્ટિમેં આત્મા પૂર્ણકો લેના, ઉસકા નામ દર્શનશુદ્ધિ

(હૈ). ઔર નિરતિચાર. અતિચાર ઉસમેં દોષ નહીં ઐસા સમ્યગ્દર્શન. આત્મા આનંદસ્વરૂપ હૈ, ઉસકા ભાન, અનુભવ હોકર ઉસમેં પ્રતીતિ કરના ઉસકા નામ દર્શનશુદ્ધિ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ થે, ૨૦૦૦ વર્ષ પહલે, સંવત ૪૯. ભરતક્ષેત્રમેં ઉપસ્થિતિ થી. ભગવાનકે પાસ ગયે થે. સાક્ષાત્ સીમંધર પરમાત્મા મહાવિદેહમેં વિરાજતે હૈં, વહાં ગયે થે, આઠ દિન રહે થે. ઉસકે બાદ યહ બનાયા હૈ. યહાં આકર ફિર શાસ્ત્ર બનાયા. ભગવાન ઐસા કહતે હૈં, ઐસા સંદેશ જગતકો દેતે હૈં. આહા..! સમજમેં આયા?

કહતે હૈં, '**સમ્યગ્દર્શનકો નિરતિચાર શુદ્ધ કરના યે તો અપને વીર્ય (શક્તિ)કે આધીન હૈ,...**' દેખો! કોઈ કર્મ હટે, કર્મ ટલે, કોઈ ગુરુકી કૃપા હો જાયે ઔર મિલે, ઐસા નહીં હૈ. નેમિચંદજી! સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન અપના નિજ શુદ્ધ સ્વરૂપ. ઉસકા શ્રદ્ધા-જ્ઞાન આદિ પુરુષાર્થસે હોતા હૈ. પુરુષાર્થ-વીર્ય આધીન હૈ. કોઈ કર્મ હટ જાયે ઔર પ્રગટ હો, ઐસા હૈ નહીં. અપના વીર્ય નામ પુરુષાર્થ, અપના વિકલ્પ ઔર પર ઓર જો અનાદિકા પુરુષાર્થ હૈ, ઉસ પુરુષાર્થકો પર ઓરસે હટાકર, અપના પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્ય પદાર્થમેં પુરુષાર્થ લગાના, ઉસસે સમ્યગ્દર્શન, જ્ઞાન, ધ્યાન સબ હોતા હૈ. પુરુષાર્થ બિના હોતા નહીં. બાહરકા પૈસા તો પુરુષાર્થ બિના મિલે. પુણ્યકા પરમાણુ પડા હો, પુણ્ય, પુણ્ય શાતાવેદનીય આદિ તો પાંચ-પચીસ લાખ બાહર મિલ જાયે. વહ પુરુષાર્થ બિના મિલતા હૈ, વહ તો પૂર્વપુણ્યકે કારણ મિલતા હૈ. ધર્મ ઐસા નહીં હૈ.

ધર્મ તો અપના શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, (ઉસકી) પહલે પીછાન કરની ચાહિયે. મૈં કૌન હૂં? કૈસા હૂં? અનંત ગુણ સંપન્ન પવિત્રકા ધામ આત્મા હૈ. રાગાદિ હૈ વહ તો વિકલ્પ પર્યાયમેં હૈ. વહ અપને સ્વભાવમેં નહીં. સ્વ-ભાવ. અપના નિત્ય ભાવ. વહ તો જ્ઞાન, આનંદ ઔર શાંતિ આદિ આત્માકા નિત્ય અવિનાશી હૈ. ઉસમેં અપને પુરુષાર્થસે એકાગ્ર હોના, વહ આત્માકે વીર્ય આધીન હૈ. કોઈ કર્મ હટે ઔર કોઈ દે-દે, ગુરુકી કૃપા હો જાયે ઔર મિલ જાયે, ઐસા નહીં હૈ, ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હૈ હી નહીં કહીં. યહાં તો એક હી બાત હૈ. એ.. નવરંગભાઈ! ભગવાન આત્માકી કૃપા હો જાયે. અપને આત્માકી કૃપા.

મુમુક્ષુ :- વહ તો અપની પર્યાય હૈ.

ઉત્તર :- બાત પૂરી. પોપટભાઈ! ભગવાન! તેરા માર્ગ તો ઐસા હૈ. સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ અનાદિસે ઐસા કહતે આયે હૈં, કુંદકુંદાચાર્ય ભગવાનકે પાસ ગયે થે. વહાંસે યહ લાયે. અનુભવી મુનિ થે, દિગંબર સંત થે. ધ્યાની, જ્ઞાની થે. લેકિન થોડી વિશુદ્ધતા (લેકર) ભગવાનકે પાસ ગયે ઔર નિર્મલતા બહુત લાયે. ઔર કહતે હૈં, ભાઈ! તેરા શીલ ઉસકો કહતે હૈં, શરીરસે બ્રહ્મચર્ય પાલના વહ શીલ નહીં હૈ. વહ તો એક વિકલ્પ શુભરાગ હૈ. ઐસા જો વિકલ્પસે બ્રહ્મચર્ય શરીરસે પાલના, ઐસા તો અભવિને ભી અનંત

બૈર કિયા હૈ. સમજમેં આયા? પંચ મહાવ્રતકા પરિણામ જો હૈ વહ તો વિકલ્પ, રાગ, આસ્રવ હૈ. વહ આત્માકા શીલ નહીં. કઠિન બાત, ભાઈ!

અપૂર્વ આત્માકા પુરુષાર્થ. સ્વભાવ શુદ્ધ ચૈતન્યકી ઓર ઝુકે તો દર્શન, જ્ઞાન, ધ્યાન, સમાધિ ઉત્પન્ન હોતી હૈ. સમજમેં આયા? બહુત સૂક્ષ્મ, ભાઈ! લોગોંકો યહ સત્ય બાત ઐસી લગે... રુખી હૈ, યહ તો રુખી બાત હૈ-વીતરાગી બાત હૈ. આહાહા..! સમજમેં આયા?

પાઠમેં આયા ન? '**वीरियायत्तं**' યે તો આત્માકે પુરુષાર્થ આધીન બાત હૈ. કર્મ આધીન નહીં. ધર્મ પાના કર્મ આધીન નહીં. એક ગોકુલભાઈ થે, વહ કહતે થે, પૈસા મિલતા હૈ ઐસે હમેં ધર્મ મિલ જાયેગા. ઐસા કહતે થે. ચલ બસે. ચુડાવાલે. ગોકુલભાઈ શીવલાલ. વ્યાપાર થા ન? લોખંડકી પાટકા. સરકારકે સાથ તકરાર હુયી. આગબોટ થી. આગબોટ કહતે હૈં? ક્યા કહતે હૈં? સ્ટીમર થોડા સમય પડી રહી, સરકારકે સાથ તકરારકે કારણ. ઉસમેં ભાવ બઢ ગયે પચાસ ગુના. ઐસા કુછ થા. માલૂમ નહીં. પચાસ હજારકે બીસ લાખ (હો ગયે). ફિર તો પૈસા પૈસાકો ખિંચતા હૈ. પચાસ-સાંઠ લાખ બહુત હો ગયે થે. અભી ચલ બસે, ચુડાવાલે. પચાસ-સાંઠ લાખ. વહ કહતે થે, મૈં કહાં પૈસે ઢુંઢને ગયા થા? પૈસા કહાં ખોજના પડા? પૈસા આ ગયા, વૈસે ધર્મ આ જાયેગા. ઉસકી સ્ત્રી ઉસકો કહતી થી, તુમ ધર્મ કરો. મહારાજ કહતે હૈં, ધર્મ કરો. ધર્મ ક્યા? યહ પૈસા કૈસે મિલ ગયા? ઐસે કર્મસે ધર્મ હો જાયેગા. સચ્ચી બાત હૈ? કર્મમેં ધર્મ કહાં હૈ, ધર્મ તો આત્મામેં હૈ. ભગવાનઆત્મા... એય..! છોટાભાઈ! ઉસકે ગાંવકે સેઠ થે. આહાહા..! શરીરકા કૈસે રહના, બાહર પૈસા મિલના, સ્ત્રી-કુટુંબ આદિ મિલના, વહ પૂર્વપુણ્યસે નહીં મિલતા? મિલતા હૈ. ઐસે ધર્મ ભી કોઈ પુણ્ય જડ કર્મમેં પડા હોગા, મિલ જાયેગા. જૂઠ બાત હૈ. યહાં આત્મામેં શુદ્ધતા પડી હૈ ઉસ ઓર ઝુકાવ પુરુષાર્થ કરે તો શુદ્ધતા પ્રગટ હોગી. ધર્મ પુરુષાર્થ બિના હોતા નહીં. પુરુષાર્થ નિજ સ્વભાવકા. સમજમેં આયા? અનંત કાલકા અનજાના પંથ, મુક્તિકા પંથ અનાદિસે અનજાના હૈ. બાહ્ય ક્રિયાકાંડ ઐસા કરો, વૈસા કરો, મહાવ્રત, દયા, અહિંસા ઔર ફલાના.. વહ સબ તો વિકલ્પ હૈ, રાગ હૈ, પુણ્યબંધકા કારણ હૈ. ધર્મ નહીં. સમજમેં આયા?

કહતે હૈં, '**અપને વીર્ય (શક્તિકે) આધીન હૈ,...**' મૂલ પાઠ ઉતના થા. અબ થોડા અર્થ ઢીલા કરકે કહતે હૈં. '**જિતના બને ઉતના હો...**' ઉતના ડાલા. યાની ક્યા કહતે હૈં? ક્યા કહતે હૈં? હમારી ગુજરાતી ભાષા બીચમેં થોડી આ જાતી હૈ. આત્મામેં શુદ્ધ આનંદ ઔર જ્ઞાન પડા હૈ, ઉસ ઓરકા વીર્ય યથાશક્તિ-અપના વર્તમાન પુરુષાર્થ જિતના હો, ઉતના ઝુકાના. ચૌથેમેં થોડા પુરુષાર્થ હૈ, પાંચવેમેં વિશેષ હૈ, સચ્ચે સંત મુનિ કહતે હૈં, આત્મધ્યાની, જ્ઞાની, આનંદમેં રહનેવાલે, ઉસકો તો બહુત પુરુષાર્થ સ્વસન્મુખકા હોતા હૈ. સ્વસન્મુખકા પુરુષાર્થ તો બહુત હોતા હૈ ઉનકો. સમજમેં આયા?

'**પરંતુ સમ્યગ્દર્શનસે બોધિ અર્થાત્ રત્નત્રયકી પ્રાપ્તિ હોતી હૈ,...**' યહાં અંતિમ શબ્દ હૈ ન? સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન નહીં હો તો કોઈ ચીજ હૈ નહીં. ઉસકા વ્રત ભી નહીં, તપ ભી નહીં, સંયમ ભી નહીં, સબ મિથ્યા હૈ. સમ્યગ્દર્શન પહલે હોના ચાહિયે. સમ્યગ્દર્શનકી

સ્થિતિ-આત્મા અખંડ આનંદ સ્વરૂપકા અનુભવ હોકર ઉસમેં પ્રતીતિ હોના, ઉસકા નામ સમ્યગ્દર્શન-સચ્ચા સમ્યગ્દર્શન કહનેમેં આતા હૈ. વહ સમ્યગ્દર્શન નહીં હો ઔર અકેલી ક્રિયાકાંડ હો તો ઉસસે આત્માકો કુછ લાભ હોતા નહીં. સમજમેં આયા? બાહ્ય આચરણ સુધારો, વ્યવહાર સુધારો, પંચ મહાવ્રત કરો, અણુવ્રત લે લો, યાત્રા નિકાલો, પૂજા-ભક્તિ કરો. ઉસમેં તો શુભરાગ હૈ, પુણ્ય હૈ. પાપસે બચનેકો વહ ચીજ આતી હૈ. લેકિન વહ ધર્મ નહીં. સમ્યગ્દર્શન ધર્મ પહલે હોના ચાહિયે. આહાહા..!

પુણ્ય-પાપસે, પુણ્ય-પાપકે રાગસે રહિત, શરીરસે તો રહિત આત્મા હૈ હી, વહ તો અજીવ હૈ. કર્મસે રહિત હૈ, ક્યોંકિ વહ ભી અજીવ હૈ. લેકિન પુણ્ય-પાપકા વિકલ્પ જો શુભ-અશુભ હોતા હૈ વહ આસ્રવતત્ત્વ હૈ. આસ્રવતત્ત્વસે રહિત આત્મા હૈ. આહાહા..! ઐસા ભગવાનઆત્મા અપના સમ્યગ્દર્શન, જ્ઞાન, સમાધિ સબ અપને પુરુષાર્થસે પ્રાપ્ત કરતા હૈ. પુરુષાર્થ બિના હોતા નહીં. ક્રમબદ્ધમેં હોગા સો હોગા. ક્રમબદ્ધમેં નહીં આતા હૈ? ક્રમબદ્ધકા નિર્ણય કરનેવાલા કૌન હૈ? ક્રમબદ્ધકા નિર્ણય કરનેવાલા અપને સ્વસન્મુખ પુરુષાર્થ કરતા હૈ તો ક્રમબદ્ધકા નિર્ણય હોતા હૈ. સમજમેં આયા? કહતે હૈં ન કિ હોનેવાલા હોગા, હોનેવાલા હોગા. હોનેવાલા હોગા, ઉસકા નિર્ણય કિસને કિયા? ઉસકા નિર્ણય સ્વસન્મુખ હુએ બિના હોનેવાલેકા જાનનેવાલા પ્રગટ નહીં હોતા. સમજમેં આયા? આહા..!

યહાં યહ કહતે હૈં. વીર્યપના હૈ, ઐસા કહના હૈ ન. છાયામેં ઐસા લિખા હૈ. સમ્યગ્દર્શનમેં ભી પુરુષાર્થપના હૈ. સમ્યગ્જ્ઞાન આત્મામેં પુરુષાર્થપના હૈ, સમાધિમેં ભી પુરુષાર્થપના હૈ. પુરુષાર્થ બિના કોઈ ચીજ અપને સ્વભાવકી પ્રગટ હોતી નહીં. પુરુષાર્થ .. હૈ? પુરુષાર્થ અપના સ્વભાવ પ્રભુ ચૈતન્યસાગર, અતીન્દ્રિય આનંદકા સમુદ્ર ભગવાન આત્મા હૈ. અતીન્દ્રિય આનંદમેં ડુબકી મારના, અંતર એકાકાર હોના વહી પુરુષાર્થ હૈ. સમજમેં આયા? બડી કઠિન બાતેં, ભાઈ! નેમિચંદજી! ઐસી બાત હૈ.

'**સમ્યગ્દર્શનસે બોધિ અર્થાત્ રત્નત્રયકી પ્રાપ્તિ હોતી હૈ,...**' ક્યા કહતે હૈં? દર્શનશુદ્ધિ. '**बोहि**' ઐસા હૈ ન? ચૌથા પદ. સમ્યગ્દર્શન હો તો સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તીનોંકી એકતારૂપી બોધિ પ્રાપ્ત હોતી હૈ. સમ્યગ્દર્શન ન હો તો જ્ઞાન ઔર ચારિત્રકી પ્રાપ્તિ હોતી નહીં. તો ઉસકો બોધિ નહીં કહતે હૈં. સમજમેં આયા? આહા..! દેખો! શીલકા વજન! ભગવાનઆત્મા.. દેખો! યહાં સમ્યગ્દર્શનકી મહિમા કહતે હૈં. દેખો! સમજમેં આયા? સમ્યગ્દર્શન બિના,.. '**સમ્યગ્દર્શનસે બોધિ અર્થાત્ રત્નત્રયકી પ્રાપ્તિ હોતી હૈ,...**' વસ્તુ અપના નિજ શુદ્ધ સ્વરૂપ પવિત્ર પુરાણપુરુષ અનાદિ સ્વરૂપ, ઉસમેં નિર્વિકલ્પ રાગકા આશ્રય છોડકર, સ્વરૂપકા આશ્રય કરકે, રાગકે અવલંબન બિના જો નિર્વિકલ્પ સમકિતદર્શન હોતા હૈ, વહ સમ્યગ્દર્શન હો તો ફિર જ્ઞાન ઔર ચારિત્ર હોતા હૈ. સમ્યગ્દર્શન હો તો બોધિકી પ્રાપ્તિ હોતી હૈ. બોધિ યાની તીનોંકી એકતા. બહુત સૂક્ષ્મ. સમજમેં આયા? હૈ? '**સમ્યગ્દર્શનસે બોધિ અર્થાત્ રત્નત્રયકી પ્રાપ્તિ હોતી હૈ,...**' હૈ ન ઉસમેં? હિન્દી હૈ, હિન્દી. જયચંદ્ર પંડિત જયપુરમેં હુએ ન, ઉસને લિખા હૈ. જયચંદ્ર પંડિત.

**'ઈસકે હોને પર વિશેષ ધ્યાનાદિક ભી યથાશક્તિ હોતે હી હૈં,...'** ક્યા કહતે હૈં? આત્મા વસ્તુ સ્વરૂપ શુદ્ધ ચિદ્દ્ઘન વિજ્ઞાનઘન આત્મા હૈ. ઉસમેં રાગ, પુણ્ય-પાપકા વિકલ્પ હૈ નહીં. ઐસી ચીજમેં પુરુષાર્થસે એકાકાર હો ઔર સમ્યગ્દર્શન હો તો સમ્યગ્જ્ઞાન, ચારિત્ર હોતા હૈ. ઈસસે વિશેષ ધ્યાનાદિ ભી હો. સમ્યગ્દર્શન હો તો અંદર એકાગ્રતા ધ્યાનાદિ હોતે હૈં. સમ્યગ્દર્શન બિના ધ્યાન કૈસા? લોગ કહતે હૈં, ધ્યાન લગાઓ. કિસકા ધ્યાન? અભી વસ્તુ ક્યા હૈ, દૃષ્ટિ હુયી નહીં, અનુભવ હુઆ નહીં તો ધ્યાનમેં કિસકો ધ્યેય બનાના? ચીજ દૃષ્ટિમેં આયે બિના ધ્યેય કિસકો બનાના? આહાહા..! સમજમેં આયા?

વીતરાગમાર્ગ સૂક્ષ્મ હૈ. ઐસા કહીં હૈ નહીં. સર્વજ્ઞ વીતરાગકે સિવા ઐસા માર્ગ કહીં નહીં હૈ. કોઈ અન્યમતમેં હૈ નહીં. સૂક્ષ્મ બાત હૈ, ભાઈ! સુનને ભી મિલે નહીં, વહ વિચારમેં કબ લે અંતરમેં રુચિ કબ કરે? ઔર અનુભવ કબ કરે? સત્ય સુનને મિલે નહીં. બાહરમેં ઐસા કરો, ઐસા કરો. વર વિનાની જાન. વર વિનાની સમજતે હો? દુલ્હા. દુલ્હા કહતે હૈં ન? દુલ્હેકી બરાત. દુલ્હા નહીં હૈ, બરાત જોડ દી. ઐસે આત્મા ક્યા, સમ્યગ્દર્શન ક્યા, વહ કુછ નહીં, બાકી સબ કિયા. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, યાત્રા.. ઓહોહો..! દુલ્હે બિનાકી બરાત હૈ.

મુમુક્ષુ :- વાપસ આયે.

ઉત્તર :- જાયે હી નહીં. દુલ્હા હી નહીં હૈ. હમારેમેં વર કહતે હૈં. દુલ્હા. આહા..!

ભગવાનઆત્મા જિસકે શ્રદ્ધા-જ્ઞાનમેં નહીં હૈ, અનુભવ આત્માકા નહીં હૈ, વહાં ક્યા હૈ? તેરી સબ ક્રિયા પૂજા, ભક્તિ, દાન, વ્રત, તપ બિના અંકકે શૂન્ય હૈ. અંક બિનાકે શૂન્ય.

વહ કહતે હૈં, દેખો! **'ઈસકે હોને પર વિશેષ ધ્યાનાદિક ભી યથાશક્તિ હોતે હી હૈં...'** દેખા! અપના નિજ સ્વભાવ ચૈતન્યપદાર્થકા સમ્યગ્દર્શન, ઉસ ઓરકી પ્રતીતિ અનુભવ હોકર હુયી, તો યથાશક્તિ ધ્યાન ભી હોતા હૈ. યથાશક્તિ શાંતિ ભી હોતી હૈ, યથાશક્તિ સ્વરૂપમેં જુડાન ભી-યોગ ભી હોતા હૈ. **'ઔર ઈસસે શક્તિ ભી બઢતી હૈ.'** લો. યથાશક્તિ ભી હો ઔર ઈસસે શક્તિ ભી બઢતી હૈ. સમ્યગ્દર્શનસે આત્માકી શક્તિ બઢતી હૈ. કોઈ પુણ્ય-પાપકી ક્રિયા, દયા, દાન, વ્રતકે વિકલ્પસે શક્તિ બઢતી હૈ ઐસા હૈ નહીં. ઐસા કહતે હૈં. આહાહા..! પ્રકાશદાસજી! બડી કઠિન બાતેં. ઐસા માર્ગ.

તીન બાત કી. કૌન-સી તીન? સમ્યગ્દર્શનસે બોધિ પ્રાપ્ત હોતી હૈ. એક (બાત). અપના નિજ સ્વભાવકા અનુભવમેં પ્રતીત હુયી હો તો ઉસ સમ્યગ્દર્શન દ્વારા સમ્યગ્જ્ઞાન ઔર ચારિત્રકી બોધિકી પ્રાપ્તિ હોતી હૈ. એક દૂસરી બાત. સમ્યગ્દર્શન હો તો વિશેષ ધ્યાનાદિક ભી યથાશક્તિ હોતે હૈં. સ્વરૂપ શુદ્ધ ભગવાનઆત્મા અનુભવમેં આયા હો તો ધ્યાન, યોગાદિક યથાશક્તિ હોતે હૈં. દો. તીસરી બાત. ઈસસે શક્તિ ભી બઢતી હૈ. તીન હુઆ. સ્વરૂપકા અનુભવ હો તો ઉસસે શક્તિ ભી નિર્મલ દશા બઢતી હૈ. સમજમેં આયા? તીનોં બોલ લિયે.

વસ્તુ ભગવાનઆત્મા શરીર, વાણી, મનસે પર, રાગસે પર, વિકલ્પસે પર ઔર અપના નિજ આનંદાદિ સ્વભાવસે અભેદ. ઐસા આત્માકા સ્વસન્મુખ હોકર અનુભવ સમ્યગ્દર્શન

હુઆ ન હો તો કોઈ ક્રિયા ઉસકી સચ્ચી હૈ નહીં. પરંતુ સમ્યગ્દર્શન હો તો જ્ઞાન ઔર ચારિત્રકી પ્રાપ્તિ હોતી હૈ. સમ્યગ્દર્શન હો તો ઉસસે યથાશક્તિ ધ્યાનાદિ ભી હોતા હૈ. સમ્યગ્દર્શન હો તો યથાશક્તિ ધ્યાનાદિ, સમાધિ આદિ બઢતી હૈ. સમજમેં આયા?

**'ઐસે કહનેમેં ભી શીલ હી કા માહાત્મ્ય જાનના,...'** ભગવાન કુંદકુંદાચાર્યને શીલકા માહાત્મ્ય કહા. સમજમેં આયા? સમ્યગ્દર્શન શીલ, ધ્યાન શીલ, અંદર યોગ-જુડાન કરના વહ શીલ ઔર જ્ઞાન એવં ચારિત્ર સમ્યગ્દર્શનમેં પ્રાપ્ત હોતે હૈં, વહ ભી શીલ. ધ્યાનાદિક શક્તિ અપને વિશેષ હોતી હૈ વહ ભી શીલ ઔર શક્તિ બઢતી હૈ વહ ભી શીલ. લોગોંકો બાહરમેં સંપ્રદાયમેં ચઢા દિયે હૈં. પ્રવૃત્તિ માર્ગ, અકેલી પ્રવૃત્તિ. પુણ્યકી ક્રિયા ઔર ઉસમેં ધર્મ મના દિયા. આહાહા..! ઉસે તો ઐસા લગે કિ યહ ક્યા હૈ? યહ અમૃતકે સાગરકા નમુના હૈ. અમૃતકે સાગરકા ઉછાલ. આહાહા..! જબતક ચૈતન્ય ભગવાન અપની શક્તિમેંસે ઉછાલા નહીં આતા હૈ, તબતક સબ મિથ્યા-મિથ્યા હૈ. ઐસા કહતે હૈં. આહાહા..! માર્ગ તો ઐસા ચલતા હૈ. બહુભાગ તો ઐસા ચલતા હૈ. આહા..! ઐસા હૈ, ભાઈ! અપૂર્વ માર્ગ તો ઉસકો કહતે હૈં. કભી સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કિયા નહીં. ઐસા કહતે હૈં. અબ તક જિતના પુરુષાર્થ કિયા વહ સબ પુણ્ય-પાપકે વિકલ્પકા રાગકા પુરુષાર્થ કિયા. લેકિન અપના નિજ સ્વરૂપ નિર્વિકલ્પ શુદ્ધ આનંદઘન, ઉસ ઓરકા કભી અપૂર્વ પુરુષાર્થ કિયા નહીં. પૂર્વમેં નહીં કિયા ઐસા નહીં કિયા. પૂર્વમેં જો કિયા વહી કિયા. આહાહા..! ઉસમેં આતા હૈ ન? એક બાર જો વંદે કોઈ, નરક પશુ ન હોઈ. ઠીક! સમ્મેદશીખરકા દર્શન કરે, એક બાર વંદે જો કોઈ.. ફિર ક્યા? તાહી નરક પશુ ગતિ ન હોઈ. ઉસમેં ક્યા હુઆ? એકાદ ભવ નહીં હો. લેકિન સમેદશીખરકે દર્શનસે કોઈ સમ્યગ્દર્શન હોતા હૈ? સમજમેં આયા? આત્મા સમ્મેદશીખર અનંત ગુણકા પિંડ પ્રભુ હૈ. અનંત ગુણકા સામ્રાજ્યકા રાજા આત્મા હૈ. ઉસ પર આરૂઢ હો વહ સમેદશીખરકી યાત્રા હૈ. સમજમેં આયા? બડી સૂક્ષ્મ બાત, ભાઈ!

**'ઐસા કહનેમેં ભી શીલ હી કા માહાત્મ્ય જાનના, રત્નત્રય હૈ વહી આત્માકા સ્વભાવ હૈ,...'** દેખો! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, યે તીનોં આત્માકે સ્વભાવકે આશ્રયસે પ્રગટ હોતે હૈં. તીનોં આત્માકા સ્વભાવ હૈ. વ્યવહારરત્નત્રય રાગ હૈ, વહ આત્માકા સ્વભાવ નહીં. દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા વિકલ્પ, પંચ મહાવ્રતકા રાગ ઔર વિકલ્પસે શાસ્ત્રકા પઢના, વહ તો વિકલ્પ-રાગ હૈ, વહ આત્માકા સ્વભાવ નહીં. ઈસલિયે ઉસકો શીલ કહતે નહીં. આહાહા..! બડી બાત, ભાઈ! ઈસલિયે યહ મહંગી લગતી હૈ ન. મહંગી.. મહંગી, યે ક્યા? યહ એક હી માર્ગ સત્ય? દૂસરા કોઈ માર્ગ નહીં હૈ? યહ એક માર્ગ હી સત્ય હૈ, દૂસરા કોઈ માર્ગ સત્ય હૈ હી નહીં.

**'વહી આત્માકા સ્વભાવ હૈ, ઉસકો શીલ ભી કહતે હૈં.'** લો. યહ તો આત્માકા સ્વભાવ હૈ. પુણ્ય-પાપકા વિકલ્પ વહ આત્માકા સ્વભાવ નહીં, વહ તો વિભાવ હૈ. મહાવ્રતકા પરિણામ ભી વિભાવ હૈ. સમજમેં આયા? આહાહા..! ક્યા હૈ, પ્રકાશદાસજી! મહાવ્રત પાલો, અણુવ્રતકા આંદોલન કરો. આહાહા..! ઐસે માર્ગકા સુનના ભી મહાપુણ્યસે હોતા હૈ.

ભાગ્યસે, યહ ચીજ ક્યા હૈ, વહ સુનના ભી મહાભાગ્યસે હોતા હૈ. ઔર ઉસકી હાં કહની વહ તો બહુત પુરુષાર્થસે હોતા હૈ. સમજમેં આયા? આહા..! જિંદગી ચલી જાતી હૈ, મૃત્યુકે સમીપ દેહ જા રહા હૈ. આહાહા..! ઔર યદિ યહ કામ નહીં કિયા તો કુછ નહીં કિયા, ભગવાન! ઐસા કહતે હૈં. આહાહા..!

ઐસા અંતર નિર્ણય નિર્વિકલ્પ અનુભવમેં આના ચાહિયે કિ મૈં તો શુદ્ધ ચૈતન્ય આનંદકંદ હૂં. મેરેમેં વ્રતકી ક્રિયાકા પરિણામ ઔર અવ્રતકા પરિણામ કુછ હૈ નહીં. સમજમેં આયા? કલ્યાણજીભાઈ! બડા કઠિન. શ્વેતાંબરમેં તો ઐસા સુનને પર ઐસા લગે... ઉસમેં તો યહ બાત હૈ નહીં. અનાદિ સનાતન દિગંબર માર્ગ, સનાતન અનાદિ પરમાત્માકા માર્ગ, ઉસમેં યહ બાત હૈ. દૂસરેમેં યહ બાત હૈ નહીં. લોગોંકો ઐસા લગે. માર્ગ પ્રભુ સ્વઆશ્રય બિના માર્ગ કહાંસે પ્રગટ હોગા? પરાશ્રયસે તો રાગ ઉત્પન્ન હોગા. ચાહે તો તીન લોકકે નાથ સમવસરણમેં વિરાજતે હોં. ઐસે લક્ષ જાતા હૈ તો રાગ ઉત્પન્ન હોતા હૈ. સ્વઆશ્રયમેંસે અરાગ શ્રદ્ધા-જ્ઞાન ઉત્પન્ન હોતે હૈં. સમજમેં આયા? પહલે ઐસા સમજમેં તો લે કિ ઐસી ચીજ હૈ. ઐસા સમજમેં પક્કા કરના ચાહિયે. સમજમેં આયા? માર્ગ દૂસરા હૈ નહીં. ઐસા માર્ગ પહલે ઉસકે જ્ઞાનમેં પક્કા કરના ચાહિયે. તો કભી રાસ્તા નિકલેગા. ઊલટા રાસ્તા પકડનેસે કભી રાસ્તા મિલેગા નહીં.

---

**आगे कहते हैं कि यह प्राप्ति जिनवचनसे होती है :–**

## ગાથા-૩૮

**जिणवयणगहिदसारा विसयविरत्ता तावोधणा धीरा।**
**सीलसलिलेण ण्हादा ते सिद्धालयसुहं जंति।।३८।।**

**जिनवचनगृहीतसारा विषयविरक्ताः तपोधना धीराः।**
**शीलसलिलेन स्नाताः ते सिद्धालयसुखं यांति।।३८।।**

**જિનવચનનો ગ્રહી સાર, વિષયવિરક્ત ધીર તપોધનો,**
**કરી સ્નાન શીલસલિલથી, સુખ સિદ્ધિનું પામે અહો. ૩૮.**

**अर्थ :– जिनने जिनवचनोंसे सारको ग्रहण कर लिया है और विषयोंसे विरक्त हो गये हैं, जिनके तप ही धन है तथा धीर हैं ऐसे होकर मुनि शीलरूप जलसे स्नानकर शुद्ध हुए वे सिद्धालय जो सिद्धोंके रहनेका स्थान उसके सुखोंको प्राप्त होते हैं।**

**भावार्थ :– जो जिनवचनके द्वारा वस्तुके यथार्थ स्वरूपको जानकर उसका सार जो अपने शुद्ध स्वरूपकी प्राप्ति उसका ग्रहण करते हैं वे इन्द्रियोंके विषयोंसे विरक्त होकर तप अंगीकार करते हैं–मुनि होते हैं, धीर वीर बनकर परिषह उपसर्ग आने पर भी चलायमान नहीं होते हैं तब शील जो**

**स्वरूपकी प्राप्तिकी पूर्णतारूप चौरासी लाख उत्तरगुणकी पूर्णता वही हुआ निर्मल जल उससे स्नान करके सब कर्ममलको धोकर सिद्ध हुए, वह मोक्षमंदिरमें रहकर वहाँ परमानन्द अविनाशी अतीन्द्रिय अव्याबाध सुखको भोगते हैं, यह शीलका माहात्म्य है। ऐसा शील जिनवचनसे प्राप्त होता है, जिनागमका निरन्तर अभ्यास करना उत्तम है।।३८।।**

## ગાથા-૩૮ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ યહ પ્રાપ્તિ જિનવચનસે હોતી હૈ :-**' દેખો! સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ ત્રિલોકનાથ, ઉનકી વાણીસે યહ માર્ગ પ્રાપ્ત હોતા હૈ. ક્યોંકિ વહ વાણી આત્મામેં નિમિત્ત (હોતી) હૈ. વીતરાગકી વાણી, દૂસરે અજ્ઞાનીકી વાણી નહીં. દેખો! યહ શીલકા અધિકાર. '**જિનવચનસે હોતી હૈ.**' વીતરાગકી વાણીમેં વીતરાગતા આતી હૈ, ઐસા કહતે હૈં. આહાહા..! વીતરાગકી વાણી ઐસા કહતી હૈ કિ તેરે સ્વસન્મુખ હોઓ. હમારે સન્મુખસે તેરી દૃષ્ટિ છોડ દે. આહાહા..! યહ જિનવચન કહે. હમારી ભક્તિ ભી તેરા વિકલ્પ ભાગ હૈ, રાગકા ભાગ હૈ, ઐસા કહતે હૈં. તેરી ભક્તિ અરાગી પરિણામ હૈ. તેરા શુદ્ધ સ્વભાવકા ભજન અંદર એકાગ્રતા હોના, વહ તેરી સચ્ચી ભક્તિ હૈ. સમજમેં આયા?

**जिणवयणगहिदसारा विसयविरत्ता तावोधणा धीरा।**
**सीलसलिलेण ण्हादा ते सिद्धालयसुहं जंति।।३८।।**

યહ આત્મા મુક્તિકો પાતા હૈ, ઐસા કહતે હૈં. કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત કરૂણાસે જગતકો કહતે હૈં. સમજમેં આયા? છદ્મસ્થ હૈ તો કરુણાકા વિકલ્પ હૈ. કહતે હૈં, ભગવાન! તેરા સ્વરૂપ તો સચ્ચિદાનંદ પ્રભુ હૈ, પ્રભુ! ઐસા જિનવચન કહતા હૈ, જિનવચનકે સિવા ઐસી વાણી દૂસરી કભી હોતી નહીં. આહાહા..! હમારી ભક્તિ કરો, તુમ્હારા કલ્યાણ હો જાયેગા. હમકો હાથ દો તો તુમ્હારા કલ્યાણ હો જાયેગા. તીર્થંકર નામકર્મ બંધેગા. ધૂલ ભી બંધતા નહીં, .. બંધતા હૈ.

વહ બાત હમારે (સંવત) ૧૯૭૯મેં ચલી થી. ૧૯૭૯ સાલકી બાત હૈ. કિતને સાલ હુએ? ૪૮ વર્ષ. એક જન બિમાર થે, સેવા કરે. દોનોં મિથ્યાદૃષ્ટિ. .... કહાં તીર્થંકર ગોત્ર થા? તેતર ગોત્ર હોગા, કહા. ભગવાન હો વહ બહુત જીવોંકો તિરનેમેં નિમિત્ત (હોતે હૈં). તેતર બહુતોંકો મારનેમેં નિમિત્ત. તેતર નહીં હોતા હૈ? તેતર હોતા હૈ ન, તેતર પક્ષી. કીડેકો ચુનતે હૈ, છોટે-છોટે કીડેકો. તીતર-તીતર. તીન લોકકે નાથ તીર્થંકર સમકિતી હો ઉન્હેં વહ વિકલ્પ આયે. સમ્યગ્દૃષ્ટિકે બિના તીર્થંકર ગોત્રકા ભાવ કભી આતા નહીં. દર્શનશુદ્ધિ. પ્રથમ તો શુદ્ધ દર્શન હોના ચાહિયે. પીછે ઉસકો વિકલ્પ આતા હૈ તો તીર્થંકરગોત્ર બંધતા હૈ. જિસકી શ્રદ્ધા મિથ્યાત્વ હૈ ઉસકો તીર્થંકર ગોત્ર બંધતા નહીં. ક્યોંકિ ઐસા વિકલ્પ હોતા નહીં. સમજમેં આયા?

**અર્થ :-** '**જિનને જિનવચનોંસે સારકો ગ્રહણ કર લિયા હૈ...**' દેખો! આચાર્ય અબ આખીરકી ગાથા કહતે હૈં. વીતરાગકે વચનમેંસે તો સાર જિસને ગ્રહણ કિયા હૈ. ક્યા? વીતરાગતા. ઐસા વીતરાગતા સાર કહા હૈ. જિનવચનમેં વીતરાગતા ભરી હૈ. તૂ પરકી અપેક્ષા છોડ, રાગકી અપેક્ષા છોડ ઔર ત્રિકાલી સ્વભાવકી અપેક્ષામેં ઝુકાવ કર. તુજે સમ્યગ્દર્શન, જ્ઞાન હોગા. સમજમેં આયા? એક બાત યહ લી. '**જિનને જિનવચનોંસે સારકો ગ્રહણ કર લિયા હૈ...**' બાદમેં દૂસરી બાત. અર્થાત્ પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગતા કહના હૈ, સ્વસન્મુખ હોનેકા કહના હૈ, પરસે વિમુખ હોનેકા કહના હૈ, ઐસા જિનવચનકા સાર હૈ. સમજમેં આયા? ઐસા સાર ગ્રહણ કિયા હૈ.

'**ઔર વિષયોંસે વિરક્ત હો ગયે હૈં,...**' યહ આસક્તિસે વિરક્ત, યહાં ઐસા કહના હૈ. સમજમેં આયા? યહાં તો પહલે સમ્યગ્દર્શન હુઆ-જિનવચનકા સાર, સ્વભાવસન્મુખ હોકર સમ્યગ્દર્શન (હુઆ), વહ જિનવચનકા સાર હૈ. ઔર બાદમેં વિષયસે વિરક્ત હો ગયે હૈં. જો વિષયમેં આસક્તિ-અસ્થિરતાકી થી ઉસસે ભિન્ન હો જાતા હૈ. આત્મામેં નિર્વિકાર સ્થિર હોતા હૈ-ચારિત્ર. '**વિષયોંસે વિરક્ત હો ગયે હૈં, જિનકે તપ હી ધન હૈ...**' આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદકા સમ્યગ્દર્શન ઔર ઉસમેં આસક્તિકા-વિષયકી આસક્તિકા અભાવ ઔર જિસમેં ઈચ્છા નિરોધ હોકર અમૃતસાગરકા-ભગવાન અમૃતકા અંદરમેં ઓપ ચઢતા હૈ ઉસકા નામ તપ કહતે હૈં. તપ્યન્તે ઈતિ તપઃ. આત્માકા આનંદ ઉજ્જ્વલપને શોભિત હો ઉસકા નામ તપ કહનેમેં આતા હૈ. તીન બાત લી. જિનવચનકા સાર ગ્રહણ કિયા. સ્વસન્મુખ હોના ઐસા ભાન કિયા. બાદમેં આસક્તિકા-વિષયકી આસક્તિકા ત્યાગ કિયા. ઔર ફિર તપ લિયા. ઉગ્ર તપ. પૂર્વકર્મકો નાશ કરનેકો સ્વરૂપકી લીનતામેં ઉગ્રતા, સ્વરૂપમેં લીનતાકી ઉગ્રતા, ઉસકા નામ તપ હૈ. અકેલે ઉપવાસ આદિ કરના વહ સબ તો અનંત બૈર કિયા. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો'. વહ છહ ઢાલામેં આતા હૈ. સુના હૈ? છહ ઢાલા હૈ ન? ઉસમેં આતા હૈ. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' દૌલતરામજીમેં આતા હૈ. સમજમેં આયા? કહતે હૈં કિ મુનિવ્રત ભી અનંત (બાર) લિયા, વહ તો વિકલ્પ હૈ. આહા..! નૌંવી ગ્રૈવેયક ગયા. અંતિમ ગ્રૈવયક. લેકિન વહાંસે ગિરા. દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો. સમ્યગ્દર્શન બિના સ્વર્ગમેં ચલા ગયા. વહાંસે નીચે પટકા, પશુ ઔર નિગોદ. સમજમેં આયા?

'**જિનકે તપ હી ધન હૈ...**' લો, યે લક્ષ્મીવાલે. પોપટભાઈ! યહ ધન. વહ ધૂલ ધન નહીં. ધૂલ ધન કહાં ઉસકે બાપકા હૈ. ઉસકા કહાં હૈ? વહ તો જડ કા હૈ.

મુમુક્ષુ :- ઉસમેં ભી દો પ્રકાર?

ઉત્તર :- એક જડધન ઔર એક ચૈતન્યકી લક્ષ્મીકા ધન. આહા..! જિસ ધનકો લેકર આત્મા ધન્ય હો, ઉસકો ધન કહતે હૈં. યે ધૂલ તેરી પાંચ-પચાસ લાખ, ક્રોડ-દો ક્રોડ ધૂલ નહીં, ઉસમેં કહાં ધન્ય હૈ, વહ તો દુર્ગતિકા નિમિત્ત હૈ. લક્ષ્મી પાપકા નિમિત્ત હૈ. કલ્યાણજીભાઈ! પૈસે હો તો રથયાત્રા નિકાલ સકે, ગજરથ નિકાલ સકે. ધૂલ ભી નહીં હૈ, સુન ન. તેરા ગજરથ આદિ સબ હો, વિકલ્પ-રાગ હૈ. લક્ષ્મીસે રાગ હુઆ હૈ? તૂને રાગ

કિયા હૈ તો પુણ્યબંધ હોતા હૈ. ક્રિયાસે કુછ હોતા નહીં. આહાહા..! બડા કઠિન કામ, ભાઈ!

આત્માકા જ્ઞાન અથવા સમકિત ઔર ચારિત્રકા રથ અંદર ચલાના, ઉસે વિદ્યારથારૂઢ કહા. નિર્જરા અધિકારમેં આતા હૈ. યહાં તો દર્શન ઔર ચારિત્ર દો. સમ્યક્ સ્વરૂપકા અનુભવ-દર્શન ઔર બાદમેં સ્વરૂપકી સ્થિરતા. વિષયસે વિરક્તતા ઔર તપકે ભાવ સહિત. '**જિનકે તપ હી ધન હૈ...**' આહાહા..! અંદરમેં અમૃતસાગર ઉછલતા હૈ. ઐસા કહતે હૈં. ઉપવાસ કિયા વહ તો બાહ્ય નિમિત્ત તપ હૈ. અંતર અભ્યંતર તપ યહ હૈ. રાગ ઔર ઇચ્છાસે રહિત હોકર સ્વરૂપમેં અતીન્દ્રિય આનંદકા ઓપ ચઢતા હૈ, જૈસે સુવર્ણમેં ગેરુ લગાકર.. ગેરુ હોતા હૈ ન ગેરુ? સુવર્ણ ઉપર. ગેરુ નહીં હોતા હૈ? લાલ. કરતે હૈં ન? તો શોભતા હૈ. સુવર્ણ ઓપિત હોતા હૈ. તેજ કરતા હૈ, સુવર્ણ તેજ કરતા હૈ. ઐસે ભગવાનઆત્મા ઇચ્છાકા નાશ કરકે અનિચ્છક આનંદકી ઉત્પત્તિ કરતા હૈ, ઉસમેં આત્માકા તેજ પ્રગટ હોતા હૈ. ઇસકા નામ તપ કહનેમેં આતા હૈ. યહ ઉસકા ધન હૈ. તપકા તેજ વહ મુનિકા ધન હૈ. તપોધન. સમજમેં આયા? તપોધના હૈ ન. પાઠમેં હૈ. તપોધના. તપરૂપી ધન. વહ કૌન-સા તપ હૈ? હૈ ન, તપોધન હૈ. ક્યા ઉપવાસ કરના, યે કરના? વહ તપોધન નહીં. અંતર અતીન્દ્રિય આનંદકા શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રકે અતિરિક્ત અંદર વિશેષ સ્થિરતા હોની, વહ આત્માકી લક્ષ્મી-તપોધન-લક્ષ્મી હૈ. વહ લક્ષ્મીકા ચક્રવર્તી હૈ. આહાહા..! સમજમેં આયા?

'**તથા ધીર હૈં...**' ધીર... ધીર. જિસકી ધી-બુદ્ધિ, ર-ધ્યેય પ્રતિ પ્રેરિત હૈ. ત્રિકાલ જ્ઞાયકભાવ ધ્રુવ પ્રતિ ધી કો પ્રેરી હૈ, ઉસકા નામ ધીર કહતે હૈં. ફિરસે, ધીર. ધી-ધી-બુદ્ધિ. જ્ઞાનકી બુદ્ધિ, વર્તમાન બુદ્ધિ. ર-પ્રેરિત. ધ્યેય ત્રિકાલ ધ્રુવ જ્ઞાયકભાવ, અક્રિય સામાન્ય, ઉસકી ઓર ધ્રુવ ઓર બુદ્ધિકો પ્રેરી હૈ, ઉસકા નામ ધી કહતે હૈં ઔર ઉસકા નામ ધીર કહતે હૈં. વહ ધીર હૈ. અંતરમેં જુડાન કરે વહ ધીર હૈ. આહાહા...! સમજમેં આયા? કિતની ધીરતા! સ્વસ્વભાવ પરિપૂર્ણ પ્રભુ પડા હૈ, ઉસ ઓરકી એકાગ્રતા હોની, વહ બુદ્ધિકા કાર્ય હૈ. બુદ્ધિકા યહ કાર્ય હૈ. બુદ્ધિકા દુનિયાકા શાણપણ કરના, ઐસા કરના વહ બુદ્ધિ નહીં, વહ સબ તો કુબુદ્ધિ હૈ. સમજમેં આયા? ધીર.

'**ઐસે હોકર...**' ઐસે હોતે હુએ '**મુનિ શીલરૂપ જલસે સ્નાનકર...**' ઐસા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ઔર તપ, ધન ઔર ધીર, ઐસે '**શીલરૂપ જલસે સ્નાનકર શુદ્ધ હુએ...**' સબ મૈલ નિકલ ગયા. શુદ્ધ ચૈતન્યમૂર્તિ નિર્મલાનંદ ભગવાન પ્રગટ હુઆ. '**વે સિદ્ધાલય જો સિદ્ધોંકે રહનેકા સ્થાન ઉસકે સુખોંકો પ્રાપ્ત હોતે હૈં.**' લો. '**सिद्धालयसुहं जंति**'. મુક્તિકે સુખકો વહ આત્મા પ્રાપ્ત હોતા હૈ. સિદ્ધાલય તો સ્વયં અપના સ્વરૂપ હી હૈ, હાં! પૂર્ણ સિદ્ધકા આલય-સ્થાન તો દ્રવ્ય સ્વયં આત્મા હૈ. ઐસે પૂર્ણ સુખકો, સિદ્ધાલયકે સુખકો પ્રાપ્ત કરતા હૈ. અપને અતીન્દ્રિય આનંદકે પરિપૂર્ણ સુખકો પ્રાપ્ત કરતા હૈ, ઉસકા નામ મુક્તિ કહતે હૈં. બાતેં યાદ રહની મુશ્કિલ હૈ. એક ઘંટેમેં કિતની બાતેં આયે. સંસારકી બાતેં કિતની યાદ રખતા હૈ. જહાં જિસકી રુચિ.. ધમાકા કરતા હો દુકાન પર બૈઠા હો તો. ઇસકા ઐસા હોતા હૈ, ઉસકા વૈસા હોતા, ઇસકા ઐસા હોતા હૈ. ધૂલમેં ભી નહીં હોતા હૈ, પાપકી

ગઠરી બાંધે. યહ વસ્તુ, જિસને ચૈતન્યકે વ્યાપારકી દુકાન લગાયી હૈ. આહાહા..! જિસમેં માત્ર કમાઈકા હી ધંધા હૈ, આમદનીકા હી ધંધા હૈ, નુકસાનીકા ધંધા હૈ નહીં. નુકસાનીકા ધંધા સમજે? ખોટ કહતે હૈં? નુકસાન. નુકસાનીકા ધંધા આત્માકે સ્વભાવ સન્મુખમેં હૈ હી નહીં. લાભકા હી ધંધા હૈ. લાભ સવાયા, નહીં કહતે? બનિયે કહતે હૈં ન.

'**સિદ્ધોંકે રહનેકા સ્થાન ઉસકે સુખોંકો પ્રાપ્ત હોતે હૈં.**' લો. શીલકી વ્યાખ્યા કરકે ફિર કહતે હૈં, ઐસા શીલ યાની આત્માકા સ્વભાવ, વહ તો નિત્ય શીલ હૈ, લેકિન અબ ઉસકા પ્રગટ કિયા હુઆ શીલ, શુદ્ધતામેંસે શુદ્ધતા પ્રગટ કી, શુદ્ધતામેંસે શુદ્ધતા પ્રગટ હુયી વહ શીલ. ઔર ઉસ શીલસે સિદ્ધાલયકે સુખકો પ્રાપ્ત કરતે હૈં. દેખો, ભાવાર્થમેં હૈ, જિનવચનકા સાર.

**ભાવાર્થ :-** '**જો જિનવચનકે દ્વારા વસ્તુકે યથાર્થ સ્વરૂપકો જાનકર ઉસકા સાર જો અપને શુદ્ધ સ્વરૂપકી પ્રાપ્તિ ઉસકા ગ્રહણ કરતે હૈં...**' દેખો! ભગવાનકે વચનમેં યહ કહા હૈ. જિનવચન-વીતરાગી વચન પરમાત્માકે, સંતોંકે, કુંદકુંદાચાર્ય આદિ સંતોં ભી વીતરાગકે હી વચન કહતે હૈં. સ્વયં વીતરાગ મુનિ હૈ, વીતરાગી. તીન કષાયકા અભાવ. ઓહો..! મુનિકો તો એક દિનમેં હજારોં બાર આનંદકા અપ્રમત્તકા ધ્યાન આ જાતા હૈ. અપ્રમત્ત ધ્યાન. પ્રમત્ત-અપ્રમત્ત, અપ્રમત્ત-પ્રમત્ત હજારોં બાર એક દિનમેં (હોતે હૈં). સચ્ચે મુનિકી બાત હૈ, હાં! સમજમેં આયા? સચ્ચે મુનિ હૈં જૈનશાસનકે, ઉનકી તો પૌન સેકંડકી અંદર નિદ્રા આતી હૈ. એક સેકંડ ભી નિંદ નહીં આતી હૈ. ઈતની સ્વરૂપકી ઓરકી સાવધાનીકા પુરુષાર્થ હૈ. સમજમેં આયા?

કહતે હૈં, '**જિનવચનકે દ્વારા વસ્તુકે યથાર્થ સ્વરૂપકો જાનકર...**' પહલે તો યથાર્થ જાનકર '**ઉસકા સાર જો અપને શુદ્ધ સ્વરૂપકી પ્રાપ્તિ ઉસકા ગ્રહણ કરતે હૈં...**' ભગવાનને તો વહ બતાયા હૈ કિ તેરા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, ઉસ ઓર ઝુકાવ કર ઔર ઉસકો ગ્રહણ કર. શુદ્ધ સ્વભાવકો ગ્રહણ કરો. પુણ્ય-પાપકે વિકલ્પકા ગ્રહણ છોડ દે. આહા..!

સ્વદ્રવ્યકી ગ્રાહકતા ત્વરાસે કરો. આતા હૈ ન? યહ પુસ્તક આયા હૈ કિ નહીં? યે પુસ્તક. ઉસમેં હૈ, શ્રીમદ્કે વાક્ય હૈ ઉસમેં. વહ તો શ્રીમદ્કા ભક્ત હૈ ન પહલેસે. દેખો! સ્વદ્રવ્ય ઔર અન્યદ્રવ્ય ભિન્ન-ભિન્ન દેખો. શ્રીમદ્કે વાક્ય હૈં. સ્વદ્રવ્યકે રક્ષક ત્વરાસે હોઓ. સ્વદ્રવ્ય અખંડ આનંદમૂર્તિકા રક્ષણહાર ત્વરાસે હોઓ. સ્વદ્રવ્યકે રક્ષક ત્વરાસે હોઓ. દેખો! સ્વદ્રવ્યમેં વ્યાપક ત્વરાસે હોઓ. અપને શુદ્ધ સ્વરૂપકી ઓર ત્વરા નામ શીઘ્રપને પુરુષાર્થ કરકે આત્માકો ગ્રહણ કરો. હમારી ઓરકા (લક્ષ) છોડ દો. ઐસા કહતે હૈં. સ્વદ્રવ્ય હૈ ન, ઉનકે પુસ્તકમેં હૈ, શ્રીમદ્કે પુસ્તકમેં હૈ. પઢા નહીં હૈ? આઠ બોલ. નહીં પઢા હૈ? બડેમેં આતે હૈં. બડેમેં સે યહ નિકાલા હૈ. લેકિન ઉસમેં પૂરા સાર હૈ.

'**અપને શુદ્ધ સ્વરૂપકી પ્રાપ્તિ...**' ભાષા ઐસી હૈ. કિ ભગવાનકે (સ્વરૂપકી)? જિનવચનકા સાર અપને શુદ્ધ સ્વરૂપકી પ્રાપ્તિ. દેખો! '**ઉસકા ગ્રહણ કરતે હૈં...**' પહલા બોલ લિયા. '**जिणवयणगहिदसारा**'. વહ બોલ પહલે લિયા. બાદમેં '**ઈન્દ્રિયોંકે વિષયોંસે વિરક્ત**

હોકર...' યે તો મુનિ હૈં ન. સમ્યગ્દર્શન સ્વસન્મુખ હોકર ગ્રહણ કિયા, ફિર વિષયકી આસક્તિ હૈ ઉસે છોડ દેતે હૈં. બાદમેં, સમ્યગ્દર્શન હોનેકે બાદ વિષયકી આસક્તિ છૂટતી હૈ. '**તપ અંગીકાર કરતે હૈં...**' ઇચ્છા નિરોધરૂપી આનંદકો અંગીકાર કરતે હૈં તબ '**મુનિ હોતે હૈં,...**' તબ વહ સચ્ચે મુનિ હોતે હૈં. વીતરાગકા સચ્ચા મુનિ જંગલમેં બસતા હૈ. વનવાસી મુનિ. જિનકો કપડેકા એક ધાગા ભી હોતા નહીં. ઔર આત્માકે આનંદમેં મસ્ત હો ઔર ઉનકી પ્રરૂપણામેં વીતરાગતા આતી હૈ. ઉનકી પ્રરૂપણા કથન વીતરાગ. વીતરાગ આત્માકા સ્વભાવ, ઉસકો ગ્રહણ કરો. વીતરાગ આત્માકા સ્વભાવ, ઉસકા જ્ઞાન કરો. વીતરાગ આત્માકા સ્વભાવ, ઉસમેં લીન હોઓ. ઐસા ઉપદેશ કરનેવાલા વીતરાગી મુનિ હોતા હૈ. રાગસે લાભ મનાવે વહ મુનિ હૈ હી નહીં. જિનવચનકા સાર ઉસને જાના નહીં. બાદમેં ધીર-વીરકી બાત વિશેષ આયેગી... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૯૬, ગાથા-૩૮ થી ૪૦, શુક્રવાર, ફાગણ સુદ ૧, તા.૨૬-૨-૭૧

શીલપાહુડ. ૩૮મી ગાથાનો ભાવાર્થ. થોડો ચાલ્યો હતો.

'**ભાવાર્થ :- જો જિનવચનકે દ્વારા વસ્તુકે યથાર્થ સ્વરૂપકો જાનકર...**' સર્વજ્ઞ ભગવાન વીતરાગ પરમેશ્વરે, જે દિવ્યધ્વનિ થઈ એમાં જે વસ્તુનું સ્વરૂપ આવ્યું એને જાણી '**ઉસકા સાર જો અપને શુદ્ધ સ્વરૂપકી પ્રાપ્તિ ઉસકા ગ્રહણ કરતે હૈં...**' સાર તો આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ નિર્મળ આનંદ એવો જે સ્વભાવ એવા આત્માને ગ્રહણ કરવું એ જિનવચનનો સાર છે. '**વે ઇન્દ્રિયોંકે વિષયોંસે વિરક્ત હોકર...**' સ્વરૂપ આત્માનું પરિપૂર્ણ આનંદ અને જ્ઞાન એને ગ્રહણ કરીને એટલે કે એના સન્મુખ થઈને એનો અનુભવ કરીને આત્માને ગ્રહણ કરવો. એ જિનવચનનો સાર છે. પછી વિષયથી વિરક્ત થવું. પાંચ ઇન્દ્રિયના વિષયમાં જે આસક્તિ હોય, આત્માનું ભાન થયા છતાં એને-આસક્તિને ટાળવી.

'**તપ અંગીકાર કરતે હૈં-મુનિ હોતે હૈં,...**' છેલ્લી ગાથાઓ છે ને? ક્રમથી લઈને પૂરું કરે છે. '**મુનિ હોતે હૈં, ધીર વીર બનકર પરિષહ ઉપસર્ગ આને પર ભી ચલાયમાન નહીં હોતે હૈં...**' આત્માના આનંદના અનુભવમાં એટલો એ સ્થિર હોય છે કે જેને પ્રતિકુળ પરિષહ કે ઉપસર્ગ આવે (તોપણ) ધીર ચલે નહિ. ધીર સ્વરૂપમાં ધીરો છે. અંતરમાં ધ્યેયને પકડ્યું છે. વીર-પુરુષાર્થની જેને અંતર જ્યોતિની જાગૃતિ છે. આવું મુનિપણું લઈને '**તબ શીલ જો સ્વરૂપકી પ્રાપ્તિકી પૂર્ણતારૂપ ચૌરાસી લાખ ઉત્તરગુણકી પૂર્ણતા...**' આ ચોર્યાસી લાખ જે ગુણ છે-ઉત્તરગુણ એની પૂર્ણતા, પૂર્ણ શુદ્ધ સ્વભાવ પ્રગટ થાય, એમ કહે છે.

'**નિર્મલ જલ ઉસસે સ્નાન કરકે...**' પૂર્ણ પવિત્રતાની પ્રાપ્તિમાં નિર્મળ જળ દ્વારા જેમ સ્નાન કરે અને મળ જાય, એમ '**સબ કર્મમલકો ધોકર...**' છેલ્લી વાત છે ને? આત્માના સ્વરૂપને પહેલો તો અનુભવ કરીને ગ્રહણ કરવું, વિષય આસક્તિ છોડવી, મુનિ થઈને ઉપસર્ગ-પરિષહ આવે તો ચગવું નહિ, સ્વરૂપની પૂર્ણતાની પ્રાપ્તિ કરવી એ પૂર્ણતાની પ્રાપ્તિ

દ્વારા કર્મમળને ધોઈ નાખવા. '**ધોકર સિદ્ધ હુએ,...**' એ સિદ્ધ થાય છે, લ્યો! '**વહ મોક્ષમંદિરમેં રહકર...**' મોક્ષ નામ આત્માના આનંદમાં પૂર્ણતામાં રહ્યા થકા '**પરમાનંદ અવિનાશી અતીન્દ્રિય અવ્યાબાધ સુખકો ભોગતે હૈં,...**' તે પોતાના સ્વરૂપમાં પૂર્ણ આનંદ જે પ્રગટ્યો, અવિનાશી અતીન્દ્રિય અવ્યાબાધ એવા સુખને ભોગવે એને સિદ્ધપદ કહેવામાં આવે. '**યહ શીલકા માહાત્મ્ય હૈ.**' શીલ એટલે આત્માના સ્વભાવને અહીં શીલ કહે છે. આત્માનો સ્વભાવ તો શુભ-અશુભભાવથી ભિન્ન પવિત્ર છે. એની પવિત્રતાની પૂર્ણ પ્રાપ્તિ થવી એને શીલનું પૂર્ણ સ્વરૂપ કહે છે. એ શીલનું માહાત્મ્ય છે.

'**ઐસા શીલ જિનવચનસે પ્રાપ્ત હોતા હૈ,...**' એવો વાસ્તવિક આત્માનો સ્વભાવ, વીતરાગના વચનથી પ્રાપ્ત થાય. એટલે કે નિમિત્તપણે વીતરાગના વચન હોય એમાં હોય. વીતરાગ સિવાય બીજે એ વાત ક્યાંય હોતી નથી. સર્વજ્ઞ પરમાત્મા છે. પૂર્ણ સ્વરૂપ જોયું છે, પૂર્ણ અનુભવ્યું છે, ત્રણકાળ ત્રણલોક જાણ્યા છે. એની વાણીમાં જે આત્માનું સ્વરૂપ આવ્યું, એવું જાણી અનુભવ કરે તો સિદ્ધપદને પામે. માટે '**જિનાગમકા નિરંતર અભ્યાસ કરના ઉત્તમ હૈ.**' લ્યો! પોતાના લક્ષે જિનાગમનો નિરંતર અભ્યાસ હોવો જોઈએ. જાણે કે એમાંથી તત્ત્વની પ્રાપ્તિની સમજણ થાય.

---

**आगे अंतसमयमें संल्लेखना कही है, उसमें दर्शन ज्ञान चारित्र तप इन चार आऱाधनाका उपदेश है ये भी शील ही से प्रगट होते हैं, उसको प्रगट करके कहते हैं :–**

## ગાથા-૩૯

**सव्वगुणखीणकम्मा सुहदुक्खविवज्जिदा मणविसुद्धा।**
**पप्फोडियकम्मरया हवंति आऱाहणापयडा।।३९।।**

**सर्वगुणक्षीणकर्माणः सुखदुःखविवर्जिताः मनोविशुद्धाः।**
**प्रस्फोटितकर्मरजसः भवंति आऱाधनाप्रकटाः।।३९।।**

**આરાધનાપરિણત સરવ ગુણથી કરે કૃશ કર્મને,**
**સુખદુઃખરહિત મનશુદ્ધ તે ક્ષેપે કરમરૂપ ધૂલને. ૩૯.**

**अर्थ :– सर्वगुण जो मूलगुण उत्तरगुणोंसे जिसमें कर्म क्षीण हो गये हैं, सुख–दुःखसे रहित हैं, जिसमें मन विशुद्ध है और जिसमें कर्मरूप रजको ऊड़ा दी है ऐसी आराधना प्रगट होती है।**

**भावार्थ :– पहिले तो सम्यग्दर्शन सहित मूलगुण उत्तरगुणोंके द्वारा कर्मोंकी निर्जरा होने से कर्मकी स्थिति अनुभाग क्षीण होता है, पीछे विषयोंके द्वारा कुछ सुख–दुःख होता था उससे रहित होता है, पीछे ध्यानमें स्थित होकर श्रेर्णी चढ़े तब उपयोग विशुद्ध हो, कषायोंका उदय**

अव्यक्त हो तब दुःख–सुखकी वेदना मिटे, पीछे मन विशुद्ध होकर क्षयोपशम ज्ञानके द्वारा कुछ ज्ञेयसे ज्ञेयान्तर होनेका विकल्प होता है वह मिटकर एकत्ववितर्क अविचार नामका शुक्लध्यान बारहवें गुणस्थानके अन्तमें होता है यह मनका विकल्प मिटकर विशुद्ध होना है।

पीछे घातिकर्मका नाश होकर अनन्त चतुष्टय प्रकट होते हैं वह कर्मरजका उड़ना है, इस प्रकार आराधनाकी संपूर्णता प्रकट होना है। जो चरमशरीरी हैं उनके तो इस प्रकार आराधना प्रगट होकर मुक्तिकी प्राप्ति होती है अन्यके आराधनाका एकदेश होता है अंतमें उसका आराधन करके स्वर्ग प्राप्त होता है, वहाँ सागरो पर्यन्त सुख भोग वहाँसे चयकर मनुष्य हो आराधनाको संपूर्ण करके मोक्ष प्राप्त होता है, इस प्रकार जानना, यह जिनवचनका और शीलका माहात्म्य है॥३९॥

## ગાથા-૩૯ ઉપર પ્રવચન

'**આગે અંતસમયમેં સંલ્લેખના કહી હૈ,...**' હવે છેલ્લી ગાથા છે ને. સંલ્લેખના આરાધના-આરાધના. પોતે પણ મુનિ છે. છેલ્લી ગાથામાં આરાધનાનું સ્વરૂપ વર્ણવે છે. '**અંતસમયમેં સંલ્લેખના કહી હૈ, ઉસમેં દર્શન જ્ઞાન ચારિત્ર તપ ઇન ચાર આરાધનાકા ઉપદેશ હૈ. યે ભી શીલ હી સે પ્રગટ હોતે હૈં,...**' એ પણ આત્માના સ્વભાવથી જ આરાધના પ્રગટ થાય. સમજાણું કાંઈ? વ્યવહારના પુણ્ય-પાપના વિકલ્પથી પ્રગટ થતું નથી એમ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! સ્વભાવ આત્માનો પરિપૂર્ણ શુદ્ધ છે એની પ્રગટતા તે શીલ છે. અને એ શીલ આ રીતે પ્રગટ થાય. આરાધના પ્રગટ થતાં એ શીલ જ પ્રગટ થાય છે, એમ કહે છે. આહાહા..!

**सव्वगुणखीणकम्मा सुहदुक्खविवज्जिदा मणविसुद्धा।**
**पप्फोडियकम्मरया हवंति आराहणापयडा॥३९॥**

'**અર્થ :- સર્વગુણ જો મૂલગુણ ઉત્તરગુણોંસે જિસમેં કર્મ ક્ષીણ હો ગયે હૈં,...**' જેને આત્માની શાંતિનું આરાધન, સ્વરૂપનું શાંતસ્વરૂપ અવિકારી સ્વભાવ છે એનું જેણે.. ૩૯ ગાથા ચાલે છે ને? '**સર્વગુણ જો મૂલગુણ ઉત્તરગુણોંસે...**' આત્માની શાંતિ અને વીતરાગતાના ભાવ દ્વારા '**જિસમેં કર્મ ક્ષીણ હો ગયે હૈં, સુખ-દુઃખસે રહિત હૈં,...**' કલ્પનામાં આ સુખ-દુઃખ જે છે એ ભાવથી તો રહિત છે. આત્મામાં આનંદ છે. એથી પરમાં સુખ-દુઃખની કલ્પનાથી મુનિ, ધર્માત્મા રહિત છે. એને આરાધના પ્રગટે છે. મૃત્યુ સમયે આરાધન કરવું એટલે? અંતર આનંદસ્વરૂપ પ્રત્યેનો આદર કરી અને આનંદની ઉજ્જ્વળતા પ્રગટ કરવી. એ અંતર્મુખમાં ધ્યાન દ્વારા થાય છે. એ આરાધનાથી કર્મનો નાશ થઈ સુખ-દુઃખથી વિરક્તિ થઈ '**મન વિશુદ્ધ હૈ...**' મન વિશુદ્ધ થઈ. વિશુદ્ધ શબ્દે અહીં નિર્મળ. વિશુદ્ધ

શબ્દે શુભભાવ નહિ. '**કર્મરૂપ રજકો ઉડા દી હૈ...**' આઠ કર્મની રજ જેણે ઉડાડી દીધી છે. '**ઐસી આરાધના પ્રગટ હોતી હૈ.**' ઓહોહો..! એવી આરાધના પ્રગટ થતાં, શીલનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ થતાં એને મુક્તિ થાય છે.

'**ભાવાર્થ :- પહિલે તો સમ્યગ્દર્શન સહિત મૂલગુણ ઉત્તરગુણોંકે દ્વારા કર્મોંકી નિર્જરા હોને સે...**' પહેલાંમાં પહેલું તો સમ્યગ્દર્શન જોઈએ. આત્માના આનંદસ્વભાવની અંતર દૃષ્ટિમાં અનુભવ અને અનુભવમાં પ્રતીતિ, એને પ્રથમમાં પ્રથમ ધર્મની શરૂઆતનું સમ્યગ્દર્શન કહે છે. '**સમ્યગ્દર્શન સહિત મૂલગુણ ઉત્તરગુણોંકે દ્વારા કર્મોંકી નિર્જરા હોને...**' ત્યારે આત્માના શુદ્ધ સ્વભાવને આશ્રયે કર્મની નિર્જરા નામ કર્મનું ગળવું થાય છે. સમજાણું કાંઈ?

'**પીછે વિષયોંકે દ્વારા કુછ સુખ-દુઃખ હોતા થા...**' શું કહે છે? સમકિતદર્શનમાં પુણ્ય-પાપરહિત સ્વરૂપ ચૈતન્યકંદ પ્રભુ એનું ભાન થયું. પણ હજી આસક્તિ વિષયની રહી ગઈ છે. સમકિતીને પણ. રુચિ નથી, સુખબુદ્ધિ નથી છતાં નબળાઈ આસક્તિની રહી ગઈ છે. તેથી એને સુખ-દુઃખ હોય. આસક્તિનું હોં! કલ્પના. સુખ-દુઃખ એટલે? પરમાં સુખ છે અને પરમાં દુઃખ છે એમ નહિ. જરી અણગમો અને જરી રતિ આદિનો ભાવ, આસક્તિનો ધર્મીને પણ, સમ્યગ્દર્શનમાં આનંદ હું છું એવું ભાન હોવા છતાં રતિ-અરતિનો ભાવ જરી મુનિ નથી ત્યાં સુધી એને હોય. '**ઉસસે રહિત હોતા હૈ,...**' એનાથી રહિત થાય તો સાધુ થાય. સમજાણું કાંઈ? ભારે વાતું. આ આત્મા.. આત્મા.. કહે એક જણો. આત્મા સિવાય શું ચીજ છે પણ આ? જગતમાં ચીજ માહાત્મ્યવાળી તો તે આત્મા છે. એ આત્મા તો અનંત આનંદ અને અનંત શાંતિનો ભંડાર છે. એનું આરાધન કરવું એ ધર્મ છે. ભગવાનનું આરાધન કરવું એ પણ એક વિકલ્પ છે. આ ત્રણલોકના નાથ તીર્થંકરદેવ, એની ભક્તિ અને આરાધન એ પણ શુભભાવ છે. સાચી આરાધના નથી. એવી વાત છે.

પોતાની સન્મુખ થઈ '**પીછે ધ્યાનમેં સ્થિત હોકર શ્રેણી ચઢે...**' પહેલાં અનુભવમાં સમ્યગ્દર્શન થાય, પછી વિષયની આસક્તિ છોડે તો સુખ-દુઃખની કલ્પનાનો નાશ થાય, પછી '**ધ્યાનમેં સ્થિત હોકર શ્રેણી ચઢે...**' આઠમું ગુણસ્થાન કહે છે. સ્વરૂપનું ધ્યાન કરીને ધ્યેય બનાવીને સ્થિર કરે, વિષય આત્માને બનાવે. જ્ઞાનની વર્તમાન દશામાં વિષય ધ્યેય ધ્યાનમાં આત્માને બનાવે. સમજાણું કાંઈ? ઊંચી વાત છે ભાઈ પહેલી.

'**તબ ઉપયોગ વિશુદ્ધ હો,...**' ઉપયોગ શુદ્ધ વિશેષ હોય. આઠમા ગુણસ્થાને. '**કષાયોંકા ઉદય અવ્યક્ત હો...**' કષાયનો ઉદય રહે પણ અવ્યક્ત. પ્રગટ રહે નહિ. પ્રગટ નહિ અવ્યક્ત રહે થોડો. આઠમે-નવમે-દસમે. '**તબ દુઃખ-સુખકી વેદના મિટે...**' કલ્પનાનું સુખ-દુઃખની કલ્પનાનું વેદન જાય. આત્માના ધ્યાનની શ્રેણી ચડતાં આનંદની ધારા વિશેષ વહે. એનું નામ શ્રેણી. આનંદની ધારાના ઝરણા વિશેષ આવે ત્યારે આનંદનું વેદન રહે, સુખ-દુઃખનું વેદન ટળે. જરી આસક્તિનું હોય ઈ. '**પીછે મન વિશુદ્ધ હોકર ક્ષયોપશમ જ્ઞાનકે દ્વારા કુછ...**' વળી પછી જ્ઞાન ઓછું છે એથી '**જ્ઞેયસે જ્ઞેયાંતર હોનેકા વિકલ્પ હોતા**

હૈ...' એક જ્ઞેયને જાણતા પછી બીજો જાણવાનો અંદર ભેદ પડી જાય છે.

**'વહ મિટકર એકત્વવિતર્ક...'** એ પણ મટી જાય. સ્વજ્ઞેયમાં એટલો બધો લીન થઈ જાય કે બીજા એક જ્ઞેયને જાણતાં, બીજા જ્ઞેયને જાણવા તરફ ભેદ પડતો, વિકલ્પ પડતો એ પણ છૂટી જાય. હવે તો પૂરું કરવું છે ને. **'એકત્વવિતર્ક અવિચાર નામકા શુક્લધ્યાન બારહવેં ગુણસ્થાનકે અંતમેં હોતા હૈ.'** લ્યો! બારમા ગુણસ્થાનમાં ધ્યાનની દશા હોય આ. **'મનકા વિકલ્પ મિટકર વિશુદ્ધ હોના હૈ.'** મનનો વિકલ્પ મટીને શુદ્ધ થાય.

**'પીછે ઘાતિકર્મકા નાશ હોકર અનંત ચતુષ્ટય પ્રકટ હોતે હૈં...'** જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય એ ચારનો નાશ થઈ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતબળ પ્રગટ થાય. **'યહ કર્મરજકા ઉડના હૈ,...'** એ કર્મરજનું ટળવું છે. **'ઈસ પ્રકાર આરાધનાકી સંપૂર્ણતા પ્રકટ હોના હૈ.'** લ્યો! એ આરાધનાની સંપૂર્ણતા. પ્રથમ સમ્યગ્દર્શનથી માંડીને પૂર્ણ શુદ્ધતાનું પ્રગટ થવું એ આરાધના. તે શીલ.

**'જો ચરમશરીરી હૈં ઉનકે તો ઈસ પ્રકાર આરાધના પ્રગટ હોકર મુક્તિકી પ્રાપ્તિ હોતી હૈ.'** એ શરીર છૂટીને એ જ ભવમાં મુક્તિ પામે. વળી **'અન્યકે આરાધનાકા એકદેશ હોતા હૈ...'** એટલી બધી આરાધના ન હોય તો એકદેશે પણ આરાધના મુનિ આદિને હોય તો એકાદ દેવનો ભવ કરી મનુષ્ય થઈને મોક્ષ જાય. **'અંતમેં ઉસકા આરાધન કરકે સ્વર્ગ પ્રાપ્ત હોતા હૈ,...'** પૂર્ણ આરાધના થઈ જાય તો મુક્તિ થાય. અપૂર્ણ આરાધના રહેતા જરી વિકલ્પ રહી જાય (તો) સ્વર્ગમાં જાય. **'વહાં સાગરો પર્યંત સુખ ભોગ...'** લ્યો! સાગરોપમ. અસંખ્ય અબજો વર્ષ પર્યંત સ્વર્ગના સુખને ભોગવી. સુખ એટલે છે તો રાગ. પણ બહારની અનુકૂળતા ઘણી એટલે એને જરી સુખ કહેવામાં આવે. સુખ-દુઃખ ક્યાંય ધૂળમાંય નથી. ત્યાં પણ દુઃખ છે. દેવતાઓ પણ સુખની કલ્પનાના અંગારે બળી રહ્યા છે. પોતાનું શાંત આનંદસ્વરૂપ, એ સિવાય એ વિષયોના ભોગમાં વિકલ્પ એ તો અંગારા છે. પણ બહારની મનુષ્યની સાધારણની અપેક્ષાએ એને સગવડતા ઘણી હોય એટલે સુખ ભોગવે એમ કહેવામાં આવે છે.

**'વહાં સે ચયકર મનુષ્ય હો આરાધનાકો સંપૂર્ણ કરકે મોક્ષ પ્રાપ્ત હોતા હૈ,...'** ત્યાંથી નીકળી, મનુષ્ય થાય અપૂર્ણ રહ્યો તો એ ત્યાં ભવમાં પૂર્ણ કરે. તો મોક્ષ પ્રાપ્ત થાય. **'ઈસ પ્રકાર જાનના, યહ જિનવચનકા ઔર શીલકા માહાત્મ્ય છે.'** એ વીતરાગના વચનમાં આ માર્ગ હોય છે, બીજે હોતો નથી. સમજાણું કાંઈ?

आगे, ग्रंथको पूर्ण करते हैं वहाँ ऐसे कहते हैं कि ज्ञानसे सर्व सिद्धि है वह सर्वजन प्रसिद्ध है, वह ज्ञान तो ऐसा हो उसको कहते हैं :-

## ગાથા-૪૦

अरहंते सुहभत्ती सम्मत्तं दंसणेण सुविसुद्धं।
सीलंविसयविरागो णाणं पुण केरिसं भणियं।।४०।।

अर्हति शुभभक्तिः सम्यक्त्वं दर्शनेन सुविशुद्धं।
शीलं विषयविरागः ज्ञानं पुनः कीदृशं भणितं।।४०।।

અર્હંતમાં શુભ ભક્તિ શ્રદ્ધાશુદ્ધિયુત સમ્યક્ત્વ છે,
ને શીલ વિષયવિરાગતા છે; જ્ઞાન બીજું ક્યું હવે? ૪૦.

अर्थ :- अरहंतमें शुभ भक्तिका होना सम्यक्त्व है, वह कैसा है? सम्यग्दर्शनसे विशुद्ध है तत्त्वार्थोंका निश्चय-व्यवहारस्वरूप श्रद्धान और बाह्य जिनमुद्रा नग्न दिगम्बररूपका धारण तथा उसका श्रद्धान ऐसा दर्शनसे विशुद्ध अतीचार रहित निर्मल है ऐसा तो अरहंत भक्तिरूप सम्यक्त्व है, विषयोंसे विरक्त होना शील है और ज्ञान भी यही है तथा इससे भिन्न ज्ञान कैसा कहा है? सम्यक्त्व शील बिना तो ज्ञान मिथ्याज्ञानरूप अज्ञान है।

भावार्थ :- यह सब मतोमें प्रसिद्ध है कि ज्ञानसे सर्वसिद्धि है और ज्ञान शास्त्रोंसे होता है। आचार्य कहते हैं कि-हम तो ज्ञान उसको कहते हैं जो सम्यक्त्व और शीलसहित हो, ऐसा जिनमार्गमें कहा है, इससे भिन्न ज्ञान कैसा है? इससे भिन्न ज्ञानको तो हम ज्ञान नहीं कहते हैं, इनके बिना तो वह अज्ञान ही है और सम्यक्त्व व शील हो वह जिनागमसे होते हैं। वहाँ जिसके द्वारा सम्यक्त्व शील हुए और उसकी भक्ति न हो तो सम्यक्त्व कैसे कहा जावे, जिसके वचन द्वारा यह प्राप्त किया जाता है उसकी भक्ति हो तब जाने कि इसके श्रद्धा हुई और जब सम्यक्त्व हो तब विषयोंसे विरक्त होय ही हो, यदि विरक्त न हो तो संसार और मोक्षका स्वरूप क्या जाना? इस प्रकार सम्यक्त्व शील होने पर ज्ञान सम्यग्ज्ञान नाम पाता है। इसप्रकार इस सम्यक्त्व शीलके संबंधसे ज्ञानकी तथा शास्त्रकी महिमा है। ऐसे यह जिनागम है सो संसारमें निवृत्ति करके मोक्ष प्राप्त करानेवाला है, वह जयवंत हो। यह सम्यक्त्वसहित ज्ञानकी महिमा है वही अंतमंगल जानना।।४०।।

इस प्रकार श्री कुन्दकुन्द आचार्यकृत शीलपाहुड ग्रंथ समाप्त हुआ।

इसका संक्षेप तो कहते आये कि-शील नाम स्वभावका है। आत्माका स्वभाव शुद्ध ज्ञान दर्शनमयी चेतनास्वरूप है वह अनादि कर्मके संयोगे विभावरूप परिणमता है। इसके विशेष मिथ्यात्व, कषाय आदि अनेक हैं इनको राग-द्वेष-मोह भी कहते हैं, इनके भेद संक्षेपसे चौरासी

लाख किये हैं, विस्तारसे असंख्यात अनन्त होते हैं इनको कुशील कहते हैं। इनके अभावरूप संक्षेपसे चौरासी लाख उत्तरगुण हैं, इन्हें शील कहते हैं, यह तो सामान्य परद्रव्यके संबंधकी अपेक्षा शील–कुशीलका अर्थ है और प्रसिद्ध व्यवहारकी अपेक्षा स्त्रीके संगकी अपेक्षा कुशीलके अठारह हजार भेद कहे हैं, इनका अभाव शीलके अठारह हजार भेद हैं, इनको जिनागमसे जानकर पालना। लोकमें भी शीलकी महिमा प्रसिद्ध है, जो पालते हैं स्वर्ग–मोक्षके सुख पाते हैं, उनको हमारा नमस्कार है वे हमारे भी शीलकी प्राप्ति करो, यह प्रार्थना।

❊ छप्पय ❊

आन वस्तुके संग राचि जिनभाव भंग करि;
वरतै ताहि कुशीलभाव भाखे कुरंग धरि।
ताहि तजैं मुनिराय पाय निज शुद्धरूप जल;
धोय कर्मरज होय सिद्धि पावै सुख अविचल।।
यह निश्चय शील सुब्रह्ममय व्यवहारै तियतज नमै।
जो पालै सबविधि तिनि नमूं पाऊं जिन भव न जनम मैं।।

❊ दोहा ❊

नमूं पंचपद ब्रह्ममय मंगलरूप अनूप।
उत्तम शरण सदा लहूं फिरि न परूं भवकूप।।२।।

इति श्री कुन्दकुन्दाचार्यस्वामिप्रणीत शीलप्राभततृतकी जयपुर निवासी
पं.जयचन्द्रजी छाबड़ाकृत देशभाषामय वचनिकाका
हिन्दी भाषानुवाद समाप्त।।८।।

---

## ગાથા-૪૦ ઉપર પ્રવચન

**'आगे, ग्रंथको पूर्ण करते हैं वहां ऐसे कहते हैं कि ज्ञानसे सर्व सिद्धि है...'** લ્યો! જ્ઞાનથી સર્વ સિદ્ધિ. **'यह सर्वजन प्रसिद्ध है, वह ज्ञान तो ऐसा हो उसको कहते हैं :–'** હવે જુઓ! છેલ્લી ગાથા છે ને.

**अरहंते सुहभत्ती सम्मत्तं दंसणेण सुविसुद्धं।**
**सीलंविसयविरागो णाणं पुण केरिसं भणियं।।४०।।**

સર્વજ્ઞ પરમાત્મા અરિહંતને વિષે ભલી ભક્તિ. **'सुहभत्ती'** છે ને? કલ્પનાની નહિ. અંદર બરાબર .. ઈષ્ટતા પ્રભુ પ્રત્યે. વ્યવહાર છે ને. એવી ભક્તિ આવ્યા વિના રહે નહિ. એને વ્યવહાર સમકિત કહે છે. અરિહંત દેવ એ દેવ છે. એના વચન પ્રત્યે પ્રતીતિ કરીને ભક્તિ કરવી એ વ્યવહાર સમકિત કહેવામાં આવે છે.

'**વહ કૈસા હૈ? સમ્યગ્દર્શનસે વિશુદ્ધ હૈ તત્ત્વાર્થોંકા નિશ્ચય વ્યવહારસ્વરૂપ...**' પછી '**दंसणेण सुविसुद्धं**' છે ને? એ નિશ્ચય સમકિત કહ્યું ત્યાં. '**अरहंते सुहभत्ती सम्मत्तं दंसणेण सुविसुद्धं**' અંતર સમ્યગ્દર્શનથી સ્વસ્વરૂપના અનુભવની પ્રતીત. ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ એવા આનંદના ભાનસહિતના જ્ઞાનમાં પ્રતીત, એ નિશ્ચય સમકિત છે. નિશ્ચય હોય તો અરિહંતની ભક્તિનો વ્યવહાર સમકિત કહેવામાં આવે. બેય હોય છે એમ સિદ્ધ કરવું છે અહીં.

'**સમ્યગ્દર્શનસે વિશુદ્ધ હૈ તત્ત્વાર્થોંકા નિશ્ચય-વ્યવહારસ્વરૂપ શ્રદ્ધાન...**' બેય એમ. નિશ્ચય પણ આત્માનો સમ્યગ્દર્શન સ્વભાવ અને વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ રાગ. બેય જેમાં બરાબર હોય, વિરોધ હોય નહિ. નિશ્ચય સમકિત હોય એને અરિહંતના દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ હોય, કુગુરુ-કુશાસ્ત્રનો વિકલ્પ હોય એમ નહિ. એ માટે એને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અરિહંત સર્વજ્ઞ પરમાત્માએ માર્ગ કહ્યો. એથી એની ભક્તિનો રાગ અને રાગરહિત સ્વરૂપની પ્રતીતનો અનુભવ, એ બે થઈને નિશ્ચય અને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**બાહ્ય જિનમુદ્રા નગ્ન દિગંબરરૂપકા ધારણ...**' લ્યો! પહેલેથી શરૂ કર્યું છે ને? દર્શન એટલે. જિનમુદ્રા નગ્ન દિગંબરરૂપ હોય. મુનિની દશા અનાદિની, વીતરાગમાર્ગમાં પરમેશ્વરના પંથમાં તદ્દન માતાએ જન્મ્યો એવી નગ્ન દશા હોય. સમજાણું કાંઈ? '**નગ્ન દિગંબરરૂપકા ધારણ તથા ઉસકા શ્રદ્ધાન ઐસા દર્શનસે વિશુદ્ધ...**' લ્યો! એવી શ્રદ્ધા. મુનિ તો નગ્ન હોય અંતર ત્રણ કષાયનો નાશ હોય એવા મુનિને દર્શન કહેવામાં આવે છે. એવા દર્શનની શ્રદ્ધા. સમજાણું કાંઈ? '**ઉસકા શ્રદ્ધાન ઐસા દર્શનસે વિશુદ્ધ...**' આવ્યું હતું ને? પહેલા ઘણું આવી ગયું.

મુમુક્ષુ :- દર્શનપાહુડમાં.

ઉત્તર :- પાહુડમાં આવી ગયું છે.

જૈનદર્શનમાં અનાદિ વીતરાગ માર્ગમાં દિગંબર દશા હતી. વીતરાગ માર્ગમાં એ માર્ગ અનાદિનો ચાલ્યો આવે છે. આ વચ્ચે ભ્રમણા ઊભી કરી અને આ વસ્ત્ર-પાત્રસહિત મુનિ મનાવે છે, માને છે એ બધા વીતરાગમાર્ગથી વિરૂદ્ધ-વિરૂદ્ધ છે. સમજાણું કાંઈ? પક્ષ નહિ હોય આ? વસ્તુનું સ્વરૂપ આવું છે. એય..! 'પ્રકાશદાસજી'! વસ્તુકા પરિચય ઐસા હૈ. '**दंसणेण सुविसुद्धं**' છે ને? એટલે દર્શન ઓલું નાખ્યું. નિશ્ચય સમ્યગ્દર્શન નાખ્યું અને દંસણ એટલે મુનિ. મુનિનો માર્ગ જે નગ્નદશા, અંતરમાં (ત્રણ કષાયનો અભાવ) એ જૈનદર્શન છે. એવા જૈનદર્શનની શ્રદ્ધા. સમજાણું કાંઈ? બીજા વસ્ત્ર-પાત્ર સહિત મુનિ માને એ જૈનદર્શન જ નથી. એ વીતરાગ માર્ગ જ નથી. કલ્પિત માર્ગ ઊભો કરેલો છે. આવું છે. સમજાણું કાંઈ?

શું કહ્યું? '**બાહ્ય જિનમુદ્રા નગ્ન દિગંબરસ્વરૂપ ધારણ તથા ઉસકા શ્રદ્ધાન...**' એમ પાછું. '**ઐસા દર્શનસે વિશુદ્ધ...**' છે. એવા દર્શનથી વિશુદ્ધ. એમ. '**दंसणेण सुविसुद्धं**' બીજું પદ. એમાંથી અર્થ કાઢ્યો. પહેલા આવી ગયું છે. બોધપાહુડમાં આવી ગયું છે, દર્શનપાહુડમાં

આવી ગયું છે. જૈનદર્શન એને કહીએ, એમ કહે છે. જેને અંદર સ્વરૂપનો અનુભવ અને આનંદ જાગૃત થયો હોય, એ ઉપરાંત જેની શાંતિ અને સ્થિરતા વધી ગઈ હોય અને બાહ્યમાં જેની નગ્ન દિગંબર દશા હોય એને જૈનદર્શન કહેવામાં આવે છે. એનાથી વિરૂદ્ધ તે જૈનદર્શન નથી, અન્યદર્શન છે. 'પોપટભાઈ'! ભારે.

'**બાહ્ય જિનમુદ્રા નગ્ન દિગંબરસ્વરૂપકા ધારણ તથા ઉસકા શ્રદ્ધાન ઐસા દર્શનસે વિશુદ્ધ...**' એમ ભાષા છે ને? '**અતિચાર રહિત નિર્મલ હૈ ઐસા તો અરહંત ભક્તિરૂપ સમ્યક્ત્વ હૈ,...**' જુઓ! અરિહંતની ભક્તિનું આ વ્યવહાર સમકિત આવું તો. સમજાણું કાંઈ? જેને વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી એને નિશ્ચય સમકિત હોઈ શકે નહિ. કહો, 'બાલચંદજી'! શું છે આ? મીંડા મુકાવ્યા. જેની નગ્ન દિગંબર દશા અને જેની અંતરમાં ત્રણ કષાયના અભાવની વીતરાગતા, એને જૈનદર્શન અને એને મુનિપણું કહેવામાં આવે છે. એની શ્રદ્ધા નિરતિચાર તે અરિહંતની ભક્તિ છે. વ્યવહાર સમકિતની વાત છે ને. સમજાણું કાંઈ? ભારે ગડબડ કરી નાખીને.

મુમુક્ષુ :- એનો રાગ ન આવે તો કરવું શું?

ઉત્તર :- પણ આવે. ન કરવું શું? ન આવે તો ઠરી જાય અંદર. એય..! 'માવજીભાઈ'! તો ઠરી જાય અંદર વીતરાગતામાં શાંત... શાંત.

મુમુક્ષુ :- બેય ન આવે તો શું કરવું?

ઉત્તર :- બેય ન આવે તો? પાણી ગાળીને પીવું. એવું આવે તો પછી. આહાહા..!

અહીં તો આચાર્ય આ શીલમાં છેલ્લી ગાથામાં એમ કહેવા માગે છે કે ખરેખર શીલ શું? કે આત્માનો જે સ્વભાવ છે શુદ્ધ તે શીલ છે પણ એમાંથી પ્રગટ થતાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન એ પણ શીલ છે. અને એ શીલમાં સમ્યગ્દર્શન એને કહીએ-વ્યવહાર, વ્યવહાર સમ્યગ્દર્શન એ વ્યવહારશીલ છે. નિશ્ચય સ્વભાવનો આશ્રય થઈને નિશ્ચય સમકિત (થાય) એ નિશ્ચયશીલ છે. વ્યવહારશીલમાં પણ દિગંબર મુદ્રા જેની હોય અનાદિઅનંત જૈનમાર્ગમાં હતી, નગ્નપણું હતું. અને એકલું નગ્નપણું નહિ. અંતરમાં ત્રણ કષાયનો નાશ થઈને વીતરાગતાની મુદ્રા પ્રગટ થયેલી. એવી અંતર જિનમુદ્રા અને બહાર જિનમુદ્રા. એવાની શ્રદ્ધા કરવી એ જૈનદર્શન વ્યવહારે કહેવાય. એની શ્રદ્ધા તેને વ્યવહાર સમકિત કહેવાય. એણે અરિહંતની ભક્તિ કરી. આવું ન માને અને બીજી રીતે કરે તો અરિહંતની ભક્તિ કરતો નથી. એય..! એમ કહે છે, જુઓ! લૂગડા સહિત હોય એ સાધુ માને, સાધ્વી માને એ અરિહંતની ભક્તિ નથી. અરિહંતની અશાતના કરે છે. અરિહંતનો વિરોધ કરનારો છે, એમ કહે છે. 'પ્રવિણભાઈ'! ભારે!

'**શ્રદ્ધાન ઐસા દર્શનસે વિશુદ્ધ અતિચાર રહિત...**' એમ. '**સુવિસુદ્ધં**' છે ને બીજું પદ? '**ઐસા તો અરહંત ભક્તિરૂપ સમ્યક્ત્વ હૈ,...**' લ્યો! એવું તો અરિહંતની ભક્તિનું સમકિત શુભરાગ, વિકલ્પ આ રીતે હોય તો કહેવાય. અને એ સિવાય બીજા કુશીલરૂપ વસ્ત્રપાત્ર સહિત એને મુનિ માને, એને મુનિપણું છે એમ માને, કહે, એ બધા અરિહંતની

વ્યવહારભક્તિથી પણ વિરોધીઓ છે. સમજાણું કાંઈ? નિશ્ચયભક્તિ તેને હોય નહિ.

'**વિષયોંસે વિરક્ત હોના શીલ હૈ...**' આવું સમ્યક્ નિશ્ચય સ્વને આશ્રયે અને વ્યવહાર અરિહંતની ભક્તિ એટલે આવા દર્શનની પ્રતીતિ. અહીંયાં તો મુનિપણાની દશાને જ જૈનદર્શન કહ્યું છે. કારણ કે વીતરાગતા પ્રગટી છે માટે જૈનદર્શન અને વીતરાગતા પ્રગટી માટે બાહ્ય ભેખમાં પણ નગ્નદશા પરિગ્રહથી રહિત છે માટે એ પણ વ્યવહારે જૈનદર્શનનો ભેખ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એકલું નગ્નપણું લે એ કાંઈ જિનમુદ્રા નથી. અંતરમાં જિનમુદ્રા વીતરાગતા પ્રગટી હોય સમ્યગ્દર્શન, રાગનો પણ કર્તા નહિ, દેહની ક્રિયાનો કર્તા નહિ અને એને સ્વરૂપની સ્થિરતા વિશેષ ઉગ્ર વધી ગઈ હોય એથી એને વસ્ત્ર-પાત્ર લેવાની વૃત્તિ પણ હોય નહિ. એવી નગ્નદશાને વ્યવહાર કહે છે અને અંતર દશા રાગ વિનાની દશાને નિશ્ચય કહે છે. નાખ્યું ત્યાં જુઓને મેળ કરીને. '**अरहंते सुहभत्ती सम्मत्तं दंसणेण सुविसुद्धं**' એમ. આવા દર્શનથી સુવિશુદ્ધ હોય. સમજાણું કાંઈ?

અનાદિનો વીતરાગમાર્ગ તો નગ્ન દિગંબર હતો. પછી ભગવાન પછી ઘણા વર્ષે દુકાળ પડ્યો અને એમાંથી આ શ્વેતાંબર પંથ નીકળ્યો. એ જૈન માર્ગ નથી એમ અહીં કહેવું છે. એની શ્રદ્ધા (છે) એને અરિહંતની ભક્તિ પણ છે નહિ. એમ કહે છે. સ્થાનકવાસી તો શ્વેતાંબરમાંથી નીકળ્યા છે હમણાં. એ તો પાંચસો વર્ષ થયા. એમાંથી નીકળ્યા છે. એની શ્રદ્ધા પણ અરિહંતની ભક્તિ નથી. વ્યવહાર, હોં! નિશ્ચય તો આત્માની ભક્તિ હોય તો વ્યવહારભક્તિ કહેવાય. આહાહા..! ભારે પણ. એય..! શું છે આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ? હિન્દી છે. છેલ્લી ગાથા ૪૦. એમાં લખાણ આટલું નથી. એકાદો શબ્દ.. સમજાણું કાંઈ?

એક તો અરિહંત વિશે ભલી ભક્તિ એમ લખ્યું છે ને? તે સમકિત. '**વહ કૈસા હૈ? સમ્યગ્દર્શનસે વિશુદ્ધ હૈ...**' એમ. તત્ત્વાર્થની શ્રદ્ધા નિશ્ચય પણ સાચી છે અને વ્યવહાર પણ સાચી શ્રદ્ધા છે. હવે વ્યવહારની શ્રદ્ધાની નિર્મળતા બતાવે છે. '**બાહ્ય જિનમુદ્રા નગ્ન દિગંબરરૂપ ધારણ...**' આહાહા..! એક વસ્ત્રનો પણ તાંતણો નહિ. શાસ્ત્ર તો એમ 'કુંદકુંદાચાર્ય' કહે. એક વસ્ત્રનો ધાગો રાખીને મુનિ માને, મનાવે અને માનતાને રૂડું જાણે એ ત્રણે નિગોદગામી છે. ત્રણે નિગોદને પંથે પડ્યા છે. આરે..! ગજબ! ચીભડાની ચોરીને ફાંસીની સજા નથી ને આ? નથી. મહાતત્ત્વનો મોટો ચોર છે. અનંત અરિહંતો, અનંત કેવળીઓ, અનંત સંતોએ જે માર્ગ કહ્યો એનાથી વિરૂદ્ધ છે. માટે તે જિનમુદ્રા અથવા જૈનદર્શન જ નથી. જૈનદર્શન (તો) દિગંબર મુનિ હોય, અઠ્યાવીસ મૂળગુણ હોય, એ પણ વ્યવહાર. અંતરના આનંદના મૂળગુણ હોય, આનંદ, જ્ઞાન, દર્શન આદિ, એવા સહિતને જિનમુદ્રા કહેવામાં આવે છે. પણ એ પર છે ને? એટલે એની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત.

એમ કહેવું છે. શું કીધું? સામાં મુનિ છે, વીતરાગી ભલે હો અને નગ્ન (હોય) પણ એની શ્રદ્ધા એ તો વ્યવહાર શ્રદ્ધા થઈ. પરદ્રવ્યની શ્રદ્ધા છે ને એ તો? સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ!

'**વિષયોંસે વિરક્ત હોના શીલ હૈ ઔર જ્ઞાન ભી યહી હૈ...**' ખુલાસો કરશે, હોં! ભાવાર્થમાં. વળી જ્ઞાન બીજું ક્યુ? કહે છે. જ્ઞાન તો આત્મા આનંદસ્વરૂપનો અનુભવ કરે અને સ્વસંવેદન થાય તેને જ્ઞાન કહીએ. જ્ઞાન વળી બીજા ક્યા જ્ઞાન હતા? શાસ્ત્રના ભણતર ને બધા, કહે છે એ જ્ઞાન નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**ઔર જ્ઞાન ભી યહી હૈ તથા ઈસસે ભિન્ન જ્ઞાન કૈસા કહા હૈ?**' છે ને? '**णाणं पुण केरिसं भणियं**' જેનો પરવિષય બદલ્યો નથી અને સ્વવિષય આત્મા થયો નથી એને જ્ઞાન કહીએ કેમ? એમ કહે છે. સ્વવિષય સમજાય છે? રાગ વિકલ્પ શરીર આદિ દેવ-ગુરુ-શાસ્ત્ર એ બધા પર છે. એ પરનો વિષય જેનો છે એ તો અનાદિનો છે. એ પરવિષય બદલીને સ્વવિષય થયો નથી. એય..! 'નવનીતભાઈ'! ભારે માર્ગ. એને જ્ઞાન કેમ કહીએ? દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન. સમજાય છે? અનેક પ્રકારની કળા બહારનું જ્ઞાન, કથાનું જ્ઞાન, .. બહારનું એ જ્ઞાન કેમ કહીએ? કહે છે. જે જ્ઞાને વિષય બદલ્યો નથી એને જ્ઞાન કેમ કહીએ? એમ કહે છે. સમજાણું કાંઈ? 'ચેતનજી'!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જાત્યાંતર છે. આ શુદ્ધનયનો પક્ષ. આહાહા..! ભારે ગજબ વાત કરે છે. પાઠ છે, હોં! '**सीलंविसयविरागो णाणं पुण केरिसं भणियं**' જેમાં આત્મા ધ્યેય બનીને આત્માનું જ્ઞાન થયું નથી. અને પરથી વિરક્ત નથી, વિકલ્પથી વિરક્ત નથી. એને જ્ઞાન કેમ કહીએ? એમ કહે છે. એય..! 'પ્રકાશદાસજી'! બહુ આવા સાચા વિદ્વાન છે અને ફલાણા છે, આ બધા પાણી ફરે છે આમાં. નહિ? આહાહા..! ભારે માર્ગ, ભાઈ!

'**ઈસસે ભિન્ન જ્ઞાન કૈસા કહા હૈ? સમ્યક્ત્વ શીલ બિના તો જ્ઞાન મિથ્યાજ્ઞાનરૂપ અજ્ઞાન હૈ.**' દેખો! કહે છે કે સ્વદ્રવ્યસ્વરૂપ ભગવાનઆત્મા એને અભેદપણાનું ભાન નથી, જ્ઞાન થયું નથી એવા સમકિતના શીલ વિના એ જ્ઞાન બધું મિથ્યાજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :-...**' જુઓ! એ ખુલાસો કરશે, હોં! પંડિતજી પોતે ખુલાસો કરશે. '**યહ સબ મતોંમેં પ્રસિદ્ધ હૈ કિ જ્ઞાનસે સર્વસિદ્ધિ હૈ...**' 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહીં..' આવે છે એનામાં? વાત તો બધા કરે છે. પણ વાસ્તવિક આત્મા, વાસ્તવિક જ્ઞાન આત્માનું શું એ વાતની ખબર નથી. સમજાણું કાંઈ? આત્મા તો બધા ઘણા કરે છે, ભાઈ આત્માનું જ્ઞાન જોઈએ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ..મતવાળા કહે લ્યો. પણ એ આત્મા એમ નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો આત્મા, જિનવચનમાં આવેલો આત્મા અને એ આત્મામાં અંતરનું એકાગ્ર થવું એને જ્ઞાન

કહેવામાં આવે છે. જ્ઞાનનું જ્ઞાન તેને જ્ઞાન કહે છે. આત્માનું જ્ઞાન તેને જ્ઞાન કહે છે. થોડી-થોડી ભાષા સમજાય. હિન્દી છે ને.

'**જ્ઞાનસે સર્વસિદ્ધિ હૈ ઔર જ્ઞાન શાસ્ત્રોંસે હોતા હૈ.**' જ્ઞાન હોય એ શાસ્ત્રનું નિમિત્ત છે ને એમાં? '**આચાર્ય કહતે હૈં કિ-હમ તો જ્ઞાન ઉસકો કહતે હૈં જો સમ્યક્ત્વ ઔર શીલસહિત હો,...**' આહાહા..! આચાર્ય કહે છે, અમે તો એને જ્ઞાન કહીએ કે સમકિત અને શીલસહિત હોય. સ્વરૂપનો અનુભવ અને અનંતાનુબંધીના અભાવરૂપી શીલભાવ. એવો હોય એને અમે જ્ઞાન કહીએ છીએ. સમજાણું કાંઈ? મોટા વિદ્વાન મોટા નામ ધરાવે, હજારો શાસ્ત્રો બનાવે, પાંચ-પાંચ લાખ શ્લોકો બનાવે. એ જ્ઞાન નથી, એ તો અજ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? લાખો માણસમાં જેની છાપ પડતી હોય વાણીની, સભા ભરાય મોટી, એ જ્ઞાન નથી. આહાહા..! 'સ્વરૂપચંદભાઈ'! આ તો સ્વરૂપનું જ્ઞાન તેને જ્ઞાન કહીએ, એમ કહે છે. આહાહા..! ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહ્યો આત્મા એ એનું સ્વરૂપ. બીજાએ આત્મા કહ્યો એ જાણ્યા વિના કલ્પનાથી કર્યો છે. સમજાણું કાંઈ? એવો જે આત્મા એનું જે જ્ઞાન. સમ્યક્ શીલસહિત હોય તો જ્ઞાન કહીએ. સમકિત એટલે આત્મા અંતર ભર્યો હોય, જે જ્ઞાનમાં સ્વરૂપનું જ્ઞાન હોય, જે જ્ઞાનમાં શીલપણું આવ્યું હોય. દ્રવ્યનો આશ્રય લે તો એને શીલપણું આવે. પર તરફના આશ્રયમાં શીલપણું આવે નહિ. પર તરફના આશ્રયમાં શુભભાવ અને કુશીલપણું છે એ તો. ઓહોહો..! સમજાણું કાંઈ?

આ તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એના તરફનું જ્ઞાન એ શુભવિકલ્પનું જ્ઞાન છે. એ આત્માનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? એ શીલ નહિ. શીલ તો જેમાં આત્મા આનંદસ્વરૂપ છે એવી દશા ભળે એને સમકિત સહિતના શીલને એને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! ભારે કામ, ભાઈ! આકરું પડે એટલે માણસ પછી બીજે રસ્તે ચાલે. અનાદિથી ચાલે છે બીજે રસ્તે. એમાં શું છે? આહાહા..! સમજાણું?

'**જિનમાર્ગમેં કહા હૈ,...**' '**જિનમાર્ગમેં કહા હૈ,...**' દેખો ભાષા. શું કહે છે? વીતરાગના આગમમાં એમ કહ્યું છે કે ચૈતન્યસ્વરૂપ ભગવાન અનંતગુણનો પિંડ પ્રભુ, એનો આશ્રય કરીને એને આશ્રયે જે સમ્યક્ અને શીલ થાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. જિનાગમમાં આમ કહ્યું છે. આહાહા..! જુઓને એક વાત. જિનાગમમાં શાસ્ત્રનું ભણતર, દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન, એને જ્ઞાન જિનાગમમાં (કહ્યું છે). કેમ કે જિનાગમ તો વીતરાગપણાને બતાવે છે. શું કહ્યું? શું કહે છે આ? જિનાગમ વીતરાગભાવને બતાવે છે. તો જ્યાં વીતરાગી આત્મા સ્વભાવ છે નિર્વિકલ્પ અકષાય, એવા સ્વભાવની સન્મુખનું સમ્યગ્દર્શન અને શીલ પ્રગટ્યું નથી એને જ્ઞાન કહેતા નથી. આહાહા..! છેલ્લો સરવાળો નાખ્યો શીલનો. આહાહા..!

જિનાગમમાં આ કહ્યું છે એટલે? વીતરાગ પરમેશ્વરની વાણીમાં એમ આવ્યું છે કે અમારી શ્રદ્ધા, વાણીની શ્રદ્ધા એને અમે જ્ઞાન કહેતા નથી. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગના

જિનાગમમાં તો જિન એવો જે આત્માનો વીતરાગી સ્વભાવ એનું અંતર્મુખ થઈને સમ્યક્ ને જ્ઞાન થાય તેને જિનાગમમાં સમકિત સહિત શીલ અને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! વાત તે પણ ગજબ કરી છે ને! કેવી ટૂંકામાં નાખી દીધી છે!

**'ઐસા જિનમાર્ગમેં કહા હૈ, ઈસસે ભિન્ન જ્ઞાન કૈસા હૈ?'** શું કહે છે? સમજાય છે કાંઈ? ભગવાન અનંત આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એના અંતર સ્વસંવેદન, સ્વનું વેદન થઈને જ્ઞાન થયું નથી તેને અમે જ્ઞાન કેમ કહીએ? આહાહા..! જુઓ! એ વીતરાગની કળા અને વીતરાગની રમતું. સમજાણું કાંઈ? **'ઈસસે ભિન્ન જ્ઞાન કૈસા હૈ? ઈસસે ભિન્ન જ્ઞાનકો તો હમ જ્ઞાન નહીં કહતે હૈં, ઈનકે બિના તો વહ અજ્ઞાન હી હૈ...'** આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનું જ્ઞાન, અરિહંત સિદ્ધોનું જ્ઞાન, પરમાત્મા સાક્ષાત્ તીર્થંકર બિરાજે છે સમવસરણમાં, એની શ્રદ્ધાનું જ્ઞાન એ પણ જ્ઞાન કહેતા નથી અમે. એય..! 'સ્વરૂપચંદભાઈ'! આવું છે આ. ભારે પરમાત્મા. પોતે જ વીતરાગમૂર્તિ આત્મા છે. અને એ વીતરાગમૂર્તિનો આશ્રય લઈને જે શ્રદ્ધાસહિત-સમકિતસહિત સ્વનું જ્ઞાન થયું તેને અમે જ્ઞાન કહીએ છીએ. આહાહા..!

જેમ પેલા કષાયની મંદતાની ક્રિયા, પાંચમહાવ્રતની ફલાણું કરી કરીને અમારે ચારિત્ર છે (એમ માને છે) એ તદ્દન મિથ્યાદૃષ્ટિ છે. એ વસ્તુ નથી. એમ અહીં કહે છે કે જ્ઞાન પણ શાસ્ત્રના, દેવ-ગુરુની શ્રદ્ધાના, અરિહંતની શ્રદ્ધા એવી કે માથુ કાપી નાખે તો માને નહિ બીજાને. પણ એ જ્ઞાન નહિ. જ્ઞાન તો જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા પોતે સ્વરૂપ એનું અંતર્મુખ થઈને જ્ઞાન આવે તેને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? માર્ગ આકરો, ભાઈ! વસ્તુ તો જેમ છે એમ છે. એને આકરી કહેવી એ પણ જરી... એ તો છે એમ છે. સમજાણું કાંઈ? અનંતકાળનો અભ્યાસ નહિ, શ્રવણમાં આ માર્ગ મળે નહિ. બીજે રસ્તે ચડી ગયા અને માર્ગમાં છીએ એમ માને. ભગવાન ભૂલમાં છો, હોં! અને જે અનાદિની ભૂલ એની એ ભૂલ છે.

અહીં તો પરમેશ્વર એમ કહે છે, અમારા સંપ્રદાયમાં જન્મ લીધો-જૈનમાં અને જૈન અરિહંત સર્વજ્ઞ દિગંબર મુનિ આવા હોય એને મુનિ કહીએ, કેવળી આવા હોય અને સિદ્ધ આવા હોય, એવી જે શ્રદ્ધા પર તરફની એના શ્રદ્ધાના જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. આકરું પડે આ શ્રીમદ્માં. ઓલા કહે, શ્રીમદ્ની શ્રદ્ધા કરો. અહીં કહે કે ત્રણલોકનો નાથ હું પરદ્રવ્ય છું. એય..! 'સ્વરૂપચંદભાઈ'! આહાહા..! એ તો વીતરાગમાર્ગમાં વાત હોય. સાક્ષાત્ હું બિરાજતો હોઉં પણ જો મારી શ્રદ્ધા અને એનું જ્ઞાન, તું ભળ્યા વિના જ્ઞાન અમે કહેતા નથી. આહાહા..! ગજબ વાત છે! પરમેશ્વર એની વીતરાગતા, એની નિઃસ્પૃહતા, એની વસ્તુની સ્થિતિનું જ્ઞાન કરવામાં સંકોચ નથી જરીએ કે આ મારો વાડો નહિ રહે તો. એય..! 'નવરંગભાઈ'! આહાહા..!

બાપુ! તારો આત્મા... આહાહા..! એ જ્ઞાનજળથી આનંદથી ભર્યો છે ને પ્રભુ. એમાંથી જે ઝરણું આવે સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, સ્વસંવેદન, એને ભગવાને જ્ઞાન કહ્યું છે.

આહાહા..! પુસ્તક છે ત્યાં? છોટાભાઈ! નથી? ઠીક. પણ આ ... બહુ સરસ વાત છે આ. આખો જે શીલનો ન્યાય કહેવો હતો એ બધો અહીં સમાય જાય છે. આહાહા..!

આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ પરની અપેક્ષા અને પરની દિશા અને દશા વિનાનો, એવો જે આત્માનો અંતર સ્વભાવ... આહાહા..! એના સન્મુખ થઈને જે અંતરમાંથી જ્ઞાનનો પ્રવાહ આવે એને જ્ઞાન કહીએ. ભલે થોડું ભણ્યો હોય અને થોડુંક આવડતું હોય. પંડિતજી! ભારે વાત, ભાઈ!

'**હમ જ્ઞાન નહીં કહતે હૈં, ઈનકે બિના તો વહ અજ્ઞાન હી હૈ ઔર સમ્યક્ત્વ વ શીલ હો વહ જિનાગમસે હોતે હૈં.**' સ્વભાવના આશ્રયનું સમકિત અને એમાં શીલ એટલે અનંતાનુબંધીનો અભાવ એવું સમકિતરૂપી શીલ જિનાગમથી થાય. વીતરાગની વાણીમાં એ આવે છે. એવી વાણી બીજે હોઈ શકતી નથી. આહાહા..! નિમિત્તરૂપની વાત છે, હોં! નહિતર તો જિનાગમની શ્રદ્ધા એ પણ પરની છે. પણ એ સ્વની શ્રદ્ધા કરાવે છે એમ જિનાગમમાં છે. એય..! 'વજુભાઈ'! '**જિનાગમસે હોતે હૈં. વહાં જિસકે દ્વારા સમ્યક્ત્વ શીલ હુએ ઔર ઉસકી ભક્તિ ન હો તો સમ્યક્ત્વ કૈસે કહા જાવે,...**' એમ કહે છે. જે જિનાગમમાં, વીતરાગવાણીમાં આવું સ્વરૂપ કહ્યું છે અને એ વીતરાગની વાણીની ભક્તિ અને બહુમાન ન હોય તો સમકિત કેમ કહીએ? તો નિશ્ચય સમકિત પણ એને છે નહિ. સમજાણું કાંઈ? એમ સિદ્ધ કરે છે. પાઠ છે ને ઓલો '**अरहंते सुहभत्ती**' પાઠ છે ને? એ સિદ્ધ કરે છે.

'શ્રીમદ્'માં આવે છે, જ્ઞાનીની ભક્તિ વિના જ્ઞાન થાય નહિ. એનો અર્થ કે જ્ઞાન થાય છે પોતાથી. પણ એને જ્ઞાનીની ભક્તિનો બહુમાનનો રાગ આવ્યા વિના રહેતો નથી. એટલી વાત છે. આવું છે, 'ચંદ્રકાંતભાઈ'! એવો માર્ગ છે. ત્યાં ઓલા રૂપિયા-બુપિયાના ઢગલા થાય એવો આ માર્ગ નથી. ત્યાં તો ઓલા પુણ્યના રજકણ હોય ને, ઢગલા થાય બહારથી. ધૂળના. કીધું શાસ્ત્રમાં એક ઠેકાણે કે જે લક્ષ્મી બધી ભેગી કરી ને, ઢગલો કરજે મરતા. અને માગજે એ તારે માટે આ બધું કર્યું હવે મને કાંઈક શરણ આપ. એય..! 'જાદવજીભાઈ'! શ્વેતાંબરમાં આવે છે બીજા ગ્રંથમાં. લક્ષ્મીનો ઢગલો કરી, અરે..! મેં જિંદગી તારા માટે ગાળી, હોં! હવે મારા દેહના અંત આવ્યા. તો કાંઈક હવે શરણ જ (આપજે). જડ તો બોલે નહિ. તારી લક્ષ્મી અંદર છે એના શરણ લે. એ તો જડ બોલે નહિ. એનો અર્થ થયો કે તું મારી ઉપર બેસવાનું રહેવા દે. અંદરમાં જા. અમે અબોલા છીએ. સમજાણું કાંઈ? આહાહા..!

'**વહાં જિસકે દ્વારા સમ્યક્ત્વ શીલ હુએ ઔર ઉસકી ભક્તિ ન હો તો સમ્યક્ત્વ કૈસે કહા જાવે, જિસકે વચન દ્વારા યહ પ્રાપ્ત કિયા જાતા હૈ ઉસકી ભક્તિ હો...**' સમજાય છે? પણ વચનમાં આ વીતરાગતા આવી હોય છે. આહાહા..! વાહ પ્રભુ વાહ! જેના વચનમાં વીતરાગતા સ્વનો આશ્રય લેવાની વાત કરે એની ભક્તિ થયા વિના રહે નહિ. એટલી વાત છે. '**તબ જાને કિ ઈસકે શ્રદ્ધા હુઈ...**' જ્યારે આવી શ્રદ્ધા હોય નિશ્ચયની અને એની સાથે જિનવચનની શ્રદ્ધા હોય. '**જિસકે વચન દ્વારા યહ પ્રાપ્ત કિયા જાતા હૈ ઉસકી ભક્તિ હો તબ**

**જાને કિ ઈસકે શ્રદ્ધા હુઈ ઔર જબ સમ્યક્ત્વ હો તબ વિષયોંસે વિરક્ત હોય હી હો,...'** કારણ કે રાગમાં પ્રેમ છૂટી ગયો, રાગમાં સુખબુદ્ધિ છૂટી ગઈ છે એટલે એને આગળ વધીને વિષયની આસક્તિ પણ છૂટી જાય. સુખ મારામાં છે વિષયમાં નથી. એવો જેને સ્વઆશ્રયથી ભાન થયું એને પરાશ્રયનો રાગ થોડો રહ્યો એ છૂટી જશે, એને છોડીને સ્થિર થશે.

'**યદિ વિરક્ત ન હો તો સંસાર ઔર મોક્ષકા સ્વરૂપ ક્યા જાના?**' જો પરના વિકલ્પથી છૂટીને સ્વ તરફ ન આવે અને અંતરમાં ઠરે નહિ તો એ સંસાર મોક્ષનું સ્વરૂપ ક્યાં જાણ્યું છે? સમજાણું કાંઈ? '**ઈસ પ્રકાર સમ્યક્ત્વ શીલ હોને પર જ્ઞાન સમ્યગ્જ્ઞાન નામ પાતા હૈ**' લ્યો! એવું સમકિત શીલ થાય (ત્યારે) જ્ઞાન સમ્યક્ નામ પામે. '**ઈસપ્રકાર ઈસ સમ્યક્ત્વ શીલકે સંબંધસે જ્ઞાનકી તથા શાસ્ત્રકી મહિમા હૈ.**' એ જ્ઞાનની અને શાસ્ત્રની મોટાઈ. બેય. '**ઐસે યહ જિનાગમ હૈ સૌ સંસારમેં નિવૃત્તિ કરકે મોક્ષ પ્રાપ્ત કરનેવાલા હૈ, વહ જયવંત હો. યહ સમ્યક્ત્વસહિત જ્ઞાનકી મહિમા હૈ વહી અંતમંગલ જાનના.**' લ્યો! છેલ્લો થોડો ભાગ છે. એ કાલે 'નિયમસાર' શરૂ થાશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**બહારમાં હોંશુ ન કરીશ ભાઈ ! એ બધું તો ક્ષણભંગુર છે ને અનંતવાર મળ્યું છે. બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને અનંતગુણનો પિંડ આત્મા એ મારું સર્વસ્વ છે એમ માન. ભગવાન પૂર્ણાનંદનો નાથ. ચૈતન્યની ઝળહળ જ્યોત છે. તેનું પરિણમન થાય છે તે જીવનું જીવન છે. પુણ્ય-પાપ ને તેના ફળમાં સર્વસ્વ માને છે તે અસાધ્ય-બેશુદ્ધ થઈ ગયો છે. માટે હવે બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માન.**

**('પરમાગમસાર' બોલ નં.૪૦૮)**

# પાઠકોંની નોંધ માટે

# પાઠકોંની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે